॥ શ્રીરંગઃ પ્રસન્નોઽસ્તુ ॥



# 'શરણાગતનો તારણહાર'


• સંપાદકો •

ડૉ. ધીરુભાઈ જોષી, ડૉ સુભાષ દવે

• સંયોજક •

ડૉ. ઇન્દુભાઈ દવે : શ્રી જિતુભાઈ ઠક્કર



• પ્રકાશક •

**શ્રીરંગ ચેરિટેબલ ટ્રસ્ટ**

C/o. મેડીકેર કોમ્પ્લેક્સ, ટાઉન હોલ પાસે,
એલિસબ્રિજ, અમદાવાદ-૬.

• પ્રકાશન-૯૫૫ •



**શ્રીરંગ ચેરિટેબલ ટ્રસ્ટ**

C/o. મેડીકેર કોમ્પ્લેક્સ, ટાઉન હોલ પાસે,
એલિસબ્રિજ, અમદાવાદ-૬.

**શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ ।**

**પરસ્પરદેવો ભવ**

• સંપાદકો •

ડૉ. ધીરુભાઈ જોષી – મેનેજિંગ ટ્રસ્ટી, અવધૂત નિવાસ ટ્રસ્ટ, નારેશ્વર

ડૉ. સુભાષ દવે – સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, નારેશ્વર

• સંયોજક •

ડૉ. ઇન્દુભાઈ દવે – શ્રી જિતુભાઈ ઠક્કર

શ્રીરંગ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ

• સહયોગ •

ડૉ. દેવદત્ત જોષી, વડોદરા

શ્રી વિઠ્ઠલભાઈ પાઠક, નારેશ્વર

શ્રી નવનીતભાઈ પાઠક, ગાંધીનગર

શ્રી અનિલભાઈ શ્રોફ, મુંબઈ

શ્રીમતી ઉમાબેન દેશપાંડે, વડોદરા

શ્રી નવીનભાઈ પાઠક, નારેશ્વર

શ્રી રંગપ્રસાદભાઈ પાઠક, રાજપીપળા

શ્રી દિનેશભાઈ પાઠક, રાજપીપળા

શ્રીમતી શ્રુતિબેન ત્રિવેદી

શ્રી કુલીનભાઈ ઉપાધ્યાય, અમદાવાદ

મુદ્રણ : મુકેશ પુરોહિત, સૂર્યા ઓફસેટ, આંબલી ગામ, અમદાવાદ-૫૮

આવરણ : અરવિંદ પટેલ, એરિક ગ્રાફિક્સ, અમદાવાદ

પ્રત : ૧૫૦૦

© શ્રીરંગ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ

આવૃત્તિ : પ્રથમ, શ્રીરંગ જયંતી, વિ. સં. ૨૦૫૮, નારેશ્વર

# શરણાગતનો તારણહાર

## દર્પણ


| | વિભાગ | પૃષ્ઠક્રમાંક |
|---|---|---|
| ૧. | નિવેદન | ૫ |
| ૨. | સંપાદકીય | ૯ |
| ૩. | અર્પણવાક્ | ૧૩ |
| ૪. | 'નારેશ્વરનું મુખપત્ર' | ૧૫ |
| ૫. | પ્રશસ્તિવાક્ | ૧૯ |
| ૬. | માનવાક્ | ૨૭ |
| ૭. | વત્સલવાક્ | ૩૫ |
| ૮. | શરણાગતવાક્ | ૪૯ |



**શ્રીરંગ ચેરિટેબલ ટ્રસ્ટ**

C/o. મેડીકેર કોમ્પ્લેક્સ,

ટાઉન હોલ પાસે, એલિસબ્રિજ,

અમદાવાદ-૬.



નિવેદન :
ડૉ. ઇન્દુભાઈ દવે



॥ ૐ શ્રી રંગઃ અવધૂતાય નમઃ ॥

પ. પૂ. શ્રી રંગ અવધૂત ભગવાનની અસીમ કૃપાથી 'શ્રી રંગ. ચેરિટેબલ ટ્રસ્ટ'ની રચના થયે આજે સાત વર્ષ પૂરાં થાય છે. આ વર્ષો દરમિયાનમાં ટ્રસ્ટ દ્વારા નીચે પ્રમાણેની પ્રવૃત્તિઓ સૌના સહકારથી થઈ શકી છે.

રક્તદાન કેમ્પ, રોગનિદાન કેમ્પ, દુષ્કાળ રાહત સેવા, દર્દી સહાય સેવા, નર્મદા પરિક્રમા (મિની) નારેશ્વર-ગરુડેશ્વર-નારેશ્વર અને સરદારબાગ (અમદાવાદ) જેવાં સ્થળોએ જુદા જુદા સમયે ચોવીસ કલાક માટેની અખંડ ધૂન, જન્મસ્થાન ગોધરાથી કર્મભૂમિ નારેશ્વર ધામની પદયાત્રા, ભાગવત વિદ્યાપીઠ સોલા મુકામે દ્વિદિન આધ્યાત્મિક જ્ઞાનશિબિર, નારેશ્વરમાં યુવાસંસ્કાર શિબિર જેવી લોકસંગ્રહાત્મક પ્રવૃત્તિઓનું સફળ આયોજન થઈ શક્યું છે.

આ ટ્રસ્ટ દ્વારા આધ્યાત્મિક ઉપાસનાને લક્ષમાં રાખી નામસ્મરણ પ્રવૃત્તિને વેગ મળે એ હેતુથી ઉષઃ પ્રાર્થના, ધૂન સંકીર્તન વગેરેની ઑડિયો કેસેટ્સ તૈયાર કરી તેનો પ્રસાર કરવામાં આવી રહ્યો છે.

પૂજ્યશ્રી રંગાવધૂત મહારાજશ્રીવિરચિત દુર્લભ સાહિત્યને પ્રકાશિત કરવાનું ધ્યેય પણ ટ્રસ્ટે રાખ્યું છે. તે અનુસાર 'અવધૂતી મસ્તી' (પૂજ્યશ્રીનાં ભજનો પરનું વિવેચન)ના ત્રણ ભાગ ટ્રસ્ટ દ્વારા પુનઃ પ્રકાશિત કરવામાં આવેલ છે. એ જ રીતે પૂજ્યશ્રીનાં દિવ્યરૂપની વિવિધતાને પ્રગટ કરતી 'નિત્યદર્શન'ની એક પુસ્તિકા પણ પ્રસિદ્ધ કરેલ છે.

લિંચ નિવાસી પૂ. પ્રેમ અવધૂતજીની પ્રેરણા અને આશિષથી 'સદ્ગુરુ શ્રીરંગ અવધૂત સંશોધન પ્રકલ્પ'ની પ્રવૃત્તિ ટ્રસ્ટે હાથ લીધી છે. શ્રી અવધૂત પરિવારના વિદ્વાનોના સહકારથી તેના ઉપક્રમે



'શરણાગતનો તારણહાર' આજે પ્રસિદ્ધ કરતાં આનંદ થાય છે. આ ગ્રંથની કલ્પના, આયોજન, સંપાદન-સંશોધન જેવી મહત્ત્વની જવાબદારી શ્રી અવધૂતનિવાસ ટ્રસ્ટ, નારેશ્વરના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. ધીરુભાઈ જોષી અને શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, નારેશ્વરના સભ્યશ્રી ડૉ. સુભાષ દવેએ સદ્‌ગુરુ-ઉપાસનાના ભાવથી ઉપાડી લીધી, તે બદલ બંને મહાનુભાવોનો હૃદયપૂર્વક આભાર માનું છું. શ્રી નવનીતભાઈ પાઠકની આ ગ્રંથરચનાના આરંભથી પ્રકાશનપર્યન્તની અપ્રગટ સેવાઓનો સાભાર નિર્દેશ કર્યા વિના ન જ ચાલે.

ડૉ. દેવદત્ત જોષી, શ્રી વિઠ્ઠલભાઈ પાઠક, શ્રી અનિલભાઈ શ્રોફ, ડૉ. ઉમાબેન દેશપાંડે, શ્રી નવીનભાઈ પાઠક, શ્રી રંગપ્રસાદ પાઠક, શ્રી દિનેશભાઈ પાઠક, શ્રીમતી શ્રુતિબેન ત્રિવેદી, પ્રો. કુલીનભાઈ ઉપાધ્યાય, પ્રો. શ્રી શાહપુરકર, શ્રી શ્યામ ઉપાધ્યાય વગેરેનો સહયોગ પણ પ્રશસ્ય રહ્યો.

સર્વશ્રી જિતુભાઈ ઠક્કર, પ્રદ્યુમ્નભાઈ પટેલ, વિષ્ણુભાઈ પારેખ, નીતિનભાઈ પટેલ, અંબાલાલભાઈ પટેલ વગેરેના ઉષ્માભર્યા સહકાર અને હૂંફ વિના આવી પ્રવૃત્તિઓ સફળતા કદાચ ન જ જોઈ શકે.

સૂર્યા ઑફસેટના માલિક શ્રી જીતેન્દ્ર પુરોહિત અને શ્રી મુદ્રેશ પુરોહિત અને તેમનું કર્મચારી મંડળ કૌટુંબિક સ્નેહભાવથી અમારાં પ્રકાશનો સમયસર હાથમાં મૂકે છે. એઓ સૌનો તો 'શ્રીરંગ ચેરિટેબલ ટ્રસ્ટ' વતી જેટલો આભાર માનું એટલો ઓછો જ ગણાય.

ઈન્દુભાઈ દવે

ॐ

જય દુઃખહારક રંગ દયાળ, તુંજ એક ભક્તન પ્રતિપાળ,
સાક્ષાત્ દત્તાત્રેય અવતાર, પ્રગટ્યો જગકારણ નિર્ધાર.

'રંગ અડતાલિસી' - ગોવિંદ ઉપાધ્યાય (પોર)



સંપાદકો :
ડૉ. ધીરુભાઈ જોષી
ડૉ. સુભાષ દવે



# ૐ શ્રીરङ्ग : प्रसन्नोऽस्तु

**સંપાદકીય :**

'શરણાગતનો તારણહાર'ની રચનાકથા કંઈક રહસ્યરંગી હોવાથી રસપ્રદ છે !

'શ્રીરંગ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ' દ્વારા પૂજ્યશ્રી રંગ અવધૂત બાપજીનું એક અધિકૃત જીવનચરિત્ર તૈયાર કરાવવાની પ્રેરણા અવધૂત પરિવારની પદયાત્રાઓના દુર્લભ સંયોજક સુપ્રસિદ્ધ ડૉક્ટર સર્જન ઈન્દુભાઈ દવેની. 'નારેશ્વરનો નાથ' શીર્ષકથી સ્વ.મુ. આદરણીય અમૃતલાલ મોદીજીએ અનેકોના દુરાગ્રહને વશ થઈને ચરિત્ર ગ્રંથ રચ્યો છે. સ્વ. ગોવિંદભાઈ ઉપાધ્યાય (બાળ)એ 'શ્રીરંગલીલામૃત'ની પદ્યરચના કરી છે. મુ.શ્રી જયંતીલાલ આચાર્યજીએ 'દિવ્યજીવન સંઘ' માટે અને ડૉ. ધીરુભાઈ જોષીએ પણ 'ગુજરાતી શિષ્ટ વાચન પરીક્ષા' માટે સંક્ષિપ્ત ચરિત્રો આપ્યાં છે. શ્રી બાલચંદ્ર ત્રિપાઠી ('પૂ. બાલ અવધૂત') અને શ્રી અશ્વિનભાઈ ઢેબર (પૂ. નર્મદાનંદજી) દ્વારા પણ, ચરિત્રલેખન થયાં છે. ઉપરાંત છૂટાછવાયાં ચરિત્રાલેખન કરતા પ્રસંગોનાં નિરૂપણો પણ છે જ. આ ઉપલબ્ધ ચરિત્રવાચન–સામગ્રીની તથ્યપરક ચકાસણી અને પૂરક નવી વીગતોની ઉપલબ્ધિ હોય તો જ આ બધા પ્રયત્નોનો અનુગામી ચરિત્રગ્રંથ 'અધિકૃત' ભૂમિકાનો બની શકે, એમ સમજાયું. તેથી, અવધૂતનિવાસ ટ્રસ્ટ, નારેશ્વરના પ્રમુખ શ્રી જયંતીલાલ આચાર્ય અને મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. ધીરુભાઈ જોષીના માર્ગદર્શન હેઠળ વિચારવિમર્શ કરવામાં આવ્યો. અવધૂત પરિવારના વિચારકો પાસેથી પૂજ્યશ્રીના જીવનચરિત્ર માટે પ્રશ્નાવલિઓ મંગાવવામાં આવી. તા. ૨૫-૬-૨૦૦૦ના રોજ 'હોટલ યુવરાજ', વડોદરામાં સેમિનાર યોજીને આ પ્રશ્નાવલિઓની વીગતપૂર્ણ છણાવટ થઈ. પૂ. પ્રેમ અવધૂતજીની ઉપસ્થિતિમાં લિંચ (ઉત્તર ગુજરાત) મુકામે સર્વસારી બૃહત્પ્રશ્નાવલિ તૈયાર થઈ, અને 'શ્રીરંગ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ'ના ઉપક્રમે 'સદ્‌ગુરુ શ્રીરંગ અવધૂત સંશોધન પ્રકલ્પ' (સંયોજક : ડૉ. ઈન્દુભાઈ



દવે અને શ્રી જિતુભાઈ ઠક્કર, માર્ગદર્શક : ડૉ. ધીરુભાઈ જોષી અને ડૉ. સુભાષ દવે) રૂપે પ્રવૃત્તિ હાથ ધરાઈ. ડૉ. ઉમાબેન દેશપાંડે, ડૉ. દેવદત્ત જોષી, શ્રી નવનીતભાઈ પાઠક, શ્રી વિઠ્ઠલભાઈ પાઠક, શ્રી નવીનભાઈ પાઠક, શ્રી રંગપ્રસાદ પાઠક, શ્રી દિનેશભાઈ પાઠક અને શ્રીમતી શ્રુતિબહેન ત્રિવેદીનું સંપાદનમંડળ રચાયું. પ્રતિમાસ અવારનવાર જુદાં જુદાં સ્થળોએ આ પ્રવૃત્તિની રૂપરેખાઓ તૈયાર કરવા માટે મળાતાં આખરે 'પૂ. શ્રી રંગ અવધૂત : વિભૂતિ અને વાઙ્મય' એવા સૂચિત ગ્રંથ માટે સૂચિત કાચી સર્વાશ્લેષી રૂપરેખા ઘડાઈ. તેમાં, એક પરિશિષ્ટરૂપે અવધૂત પરિવારના વૃદ્ધ-વડીલ ભક્તવિશેષો પૂજ્યશ્રીના સહવાસમાં આવેલા હોય, સ્થાનની સેવાઓમાં કોઈ નોંધપાત્ર યોગદાન હોય)ની મુલાકાતો લઈ પ્રસ્તુત કરવાનું સૂઝ્યું. એ માટે તૈયાર કરેલી મુદ્રિત પ્રશ્નાવલિ જૈફ ભક્તવિશેષોના હાથમાં પહોંચાડતાં પ્રોત્સાહક સહકાર મળ્યો. આ મુલાકાતોની લિખિત સામગ્રી એક અધિકૃત જીવનચરિત્રની ગરજ સારતી લાગી, આથી એક મિટિંગમાં સર્વાનુમતિથી નિર્ણય લેવાયો કે આ મુલાકાતો સૂચિત ગ્રંથના પરિશિષ્ટ રૂપે નહિ પણ એક સ્વતંત્ર ગ્રંથરૂપે પ્રકાશિત કરવી ! શીર્ષક ડૉ. ધીરુભાઈએ સૂચવ્યું : 'શરણાગતનો તારણહાર.' સૂચન સૌએ વધાવી લીધું. ડૉ. ઈન્દુભાઈ દવેએ 'શ્રીરંગ ચેરિટેબલ ટ્રસ્ટ, અમદાવાદ, દ્વારા ગ્રંથ પ્રકાશિત કરવાની જવાબદારી ઉપાડી લીધી.

વિદ્યમાન જૈફ ભક્તવિશેષોની મુલાકાત–સામગ્રીની સાથે સાથે અવિદ્યમાન જૈફ ભક્તવિશેષોની મુદ્રિત લિખિત અનુભવવાતો 'રેવાનો યોગી', 'શ્રીરંગ દર્શન', 'શ્રદ્ધાંજલિ', 'નારેશ્વરનો નાદ'માં વાંચેલી તે સાંભરી આવ્યું. એથી એ ગ્રંથો અને સામયિકોની ફાઈલોમાંથી પુનઃ પસાર થઈ, મહત્ત્વના લેખોને ટૂંકાવીને અહીં સંપાદિત કરી પુનઃ મુદ્રિત કરવાનું ઉચિત ગણ્યું છે. 'પૂ.શ્રી રંગ અવધૂત : વિભૂતિ અને વાઙ્મય'એ પ્રકલ્પિત ગ્રંથની પણ તૈયારીઓ થઈ રહી છે. એ ગ્રંથની રૂપરેખામાં સૂચિત અધિકરણો સંપાદનમંડળનાં સર્વ ભાઈ–બહનોએ સમયસર તૈયાર કરી આપ્યાં છે. હવે એ અધિકરણોને ગ્રંથાકારે ગોઠવવાની કામગીરી હાથ ધરાશે. અને ત્વરિત અનુકૂળતાએ તે ગ્રંથનું પણ પ્રકાશન થશે.

જૈફ ભક્તવિશેષોએ મહામૂલી જીવનમૂડી સર્વભક્તોને સુલભ કરાવવામાં સહયોગ આપ્યો, એથી પૂજ્યશ્રીના લોકસંગ્રહ–કાર્યને જ વેગ મળ્યો છે, એવી લાગણી થાય છે. અહીં સમાવિષ્ટ નથી એવા



પણ જૈફ ભક્તવિશેષો હોય જ. તેઓને તેમ જ તેઓનાં સ્વજન–સ્નેહીજનોને જાહેર વિનંતી છે કે આવા જૈફ ભક્તો વિશેની લિખિત સંસ્મરણનોંધો ડૉ. ધીરુભાઈ જોષી, નારેશ્વરના સરનામે મોકલી આપે.

ભગવાન દત્તાત્રેયનું દૈવત સદ્‌ગુરુ સ્વામીમહારાજમાં પૂજ્ય અવધૂતજી હાજરાહજૂર અનુભવતા. પોતે નિરીચ્છ અને નિઃસંગી અવધૂતી મસ્તીમાં નિમજ્જિત રહેતા. સત્યમ્, શિવમ્ અને સુન્દરમ્‌ની ત્રિમૂર્તિ–સ્વરૂપ પૂજ્યશ્રી, તેથી, અવધૂત પરિવાર માટે સ્વયં દત્તાવતાર રહ્યા છે; દત્ત–દૈવત સ્વરૂપે પૂજ્યશ્રીની પાદુકાજીનાં પૂજન–અર્ચન–આરાધના તેમજ તેઓશ્રીએ રચેલા વાઙ્‌મયનાં અનુષ્ઠાનો, કથાસમાહો વગેરે દેશ–વિદેશમાં રચવાનો અર્ધસદી પહેલાંથી પ્રઘાત રહ્યો છે.

'શરણાગતનો તારણહાર' પૂજ્યશ્રીની શ્રદ્ધેય વિભૂતિમત્તાને વિશ્વસનીયતા બક્ષે છે. દ્વારકાધીશ પૂ. જગદ્‌ગુરુ શંકરાચાર્ય, પૂ.શ્રી મોટા, પૂ. રણછોડદાસજી, પૂ. કેવલાનંદ (ખંડવાવાળા) મહારાજશ્રી, પૂ. મુક્તાનંદબાબા, પૂ. સત્યમિત્રાનંદજી, પૂ. મહામંડળેશ્વર રામસ્વરૂપજી, સ્વામી કૃષ્ણાનંદજી, પૂ. વિશ્વનાથ અવધૂતજી, રેવ. ફાધર સૂર્યા કાર્લો જેવી સમકાલીન વંદ્ય સંત વિભૂતિઓની પ્રણામાંજલિઓ અને મેઘધનુષ્યની રંગલીલા જેવા બહુરંગી ભક્તસમુદાયના બનેલા પૂજ્યશ્રીના અવધૂતપરિવારની હૃદય સરવાણીઓ અકળ અવધૂતની આભાને અહીં શબ્દરૂપ આપે છે. નિત્ય નૂતન અવધૂતજીની અધિકૃત ઓળખ તો સંતહૃદય અને ભક્તહૃદયમાં તેઓશ્રીની ઊઠેલી છબી જ હોય, એવી પ્રતીતિ આ ગ્રંથ આપશે જ.

સમાજજીવનનાં વિવિધ અને વિભિન્ન વર્ણો, જ્ઞાતિઓ અને વ્યવસાયને આવરી લેતો પૂજ્યશ્રીનો ભક્તસમુદાય પોતાને 'અવધૂત-પરિવાર'ની સંજ્ઞાથી ઓળખાવવામાં ધન્યતા અનુભવે છે. અનેક રંગી સામાજિક જીવનમાં 'પરસ્પરદેવો ભવ'ના આદેશને ઝીલતાં ઝીલતાં સમરસત્વનો એક રંગ જ આનંદવો, એ પૂજ્યશ્રીની જીવનરીતિ હતી. નિઃશ્રેયસવ્રતી લોકસંગ્રહાર્થી અવધૂતજીનો ચેતનાપ્રવાહ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જે કોઈ ઝીલે છે, તેને ચિત્તશુદ્ધિની સંસ્કારદીક્ષા મળ્યાનો સ્વયં અનુભવ થતો જ રહે છે, એવી અનુભૂતિ આ ગ્રંથ કરાવશે જ. ભાવિપેઢીઓને આ વત્સલમૂર્તિનો સંસ્પર્શ આ પુસ્તક દ્વારા થતો રહે, એવી સદાશાથી આ નજરાણું, તેઓના હાથમાં પહોંચે એવી આશા રાખીએ.

ધીરુભાઈ જોશી
સુભાષ દવે



અર્પણવાક્

પૂ. બાલ અવધૂત


# શરણાગતનો તારણહાર



## અર્પણવાક્

સંસારસમુદ્રને
અમૃતના અગાધ અનંત સાગરમાં ફેરવી નાખી,
એમાં ડૂબી રહેલાને
તે સ્વ–સ્વરૂપ અમરત્વમાં લીન કરવાની,
અહેતુક કૃપા કરનાર
હે દેવ ! તારા સર્વથી અતીત સ્વરૂપનો ક્યાંથી જોટો હોય ?
તું તો સર્વત્ર વ્યાપ્ત
એકમેવાદ્વિતીય સત્ છું.
તને સરખામણીઓથી વાક્યપુષ્પાંજલિ આપવી,
કે ફાવે તેવા મંગલ દ્રવ્યોથી પૂજન કરવું,
તે તો તને અલ્પતાઓથી વિભૂષિત કરવા જેવું છે;
તને અખંડને
અમારા સહિત મંગલદ્રવ્યોથી જુદો ગણી,
પાછા એ ખંડથી તને વિભૂષિત કરવાનો
અમારો મૂર્ખ પ્રયત્ન છે ! માટે
તારા મૂકભાવે આચરણમાં મૂકાતા
આદર્શો દ્વારા જ પહોંચી શકાતા,
એવા તારામાં
સર્વ રીતે લીન થઈ ગયા સિવાય તને કોઈ અંજલિ જ યોગ્ય નથી.

– ભાલચંદ્ર ત્રિપાઠી
('અંતર્દર્શન'માંથી સાભાર)



નારેશ્વરનું મુખપત્ર



## દ્વારકાપીઠાધીશ જગદ્‌ગુરુ શંકરાચાર્યનો
## પૂ. શ્રી અવધૂતજી સાથે વાર્તાલાપ

(પ્રવાસી અવધૂત : તૃતીય પુષ્પ (આ. ૧) પૃ. ૧૮૯)

સ્થળ : નારેશ્વરસ્થાન

**પૂ. જગદ્‌ગુરુ :** સંસ્થાકા કોઈ મુખપત્ર નહીં હૈ ?


**પૂ. અવધૂતજી :** હૈ તો ! બિના મુખપત્ર ઈસ જમાને મેં કૈસે ચલ સકતા હૈ ?

**પૂ. જગદ્‌ગુરુ :** હમારે વહાઁ ભેજા જાતા હૈ ક્યા ?

**પૂ. અવધૂતજી :** આપકે વહાઁ તો ક્યા, સબકે વહાઁ ભેજા જાતા હૈ । ઔર હમારે સંપ્રદાય અનુસાર કિસી કે પાસસે ભી ઉસકા લવાજમ/ચન્દા નહીં લિયા જાતા હૈ । સબકો ઐસે હી બિનામૂલ્ય ભેજા જાતા હૈ ।

**પૂ. જગદ્‌ગુરુ :** ઉસકા નામ ક્યા હૈ ?

**પૂ. અવધૂતજી :** યહ જો ચારોં ઓરસે હવા ચલ રહી હૈ વહી હમારા મુખપત્ર હૈ । ઔર ઈસકા સંપાદક (Editor) સ્વયં ભગવાન હૈ। અવધૂતને ઈસમેં આજ તક ન તો એક શબ્દ લિખા હૈ, ન ભવિષ્યમેં લિખેગા હી ।



प्रशस्तिवाङ्

ॐ

## પ્રશસ્તિવાક્


| | |
|---|---|
| પૂજ્ય શ્રી મોટા | ૧૯ |
| પૂજ્ય શ્રી રણછોડદાસજી મહારાજ | ૨૦ |
| પૂજ્ય મુક્તાનંદબાબા | ૨૦ |
| પૂજ્ય શ્રી કેવલાનંદ (ખંડવાવાલા) મહારાજ | ૨૧ |
| પૂજ્ય મહામંડળેશ્વર શ્રીરામ સ્વરૂપાનંદજી | ૨૧ |
| પૂજ્ય શ્રી સત્યમિત્રાનંદજી | ૨૨ |
| પૂજ્ય શ્રી કૃષ્ણાનંદસ્વામી | ૨૨ |
| પૂ. વિશ્વનાથ અવધૂતજી | ૨૩ |
| રેવ. ફાધર સૂર્યા કાલો | ૨૩ |
| પૂજ્ય શ્રી મુકુન્દ લાલજી | ૨૪ |

ૐ

ધન નારેશ્વર રેવાતીર, ધન જ્યાં વાસ કરે મુનિ ધીર,
ધન ધન પંખી ધન તે વન, ધન જ્યાં વાસ કરે મુનિ ધીર.

'રંગ અડતાળિસી' - ગોવિંદ ઉપાધ્યાય (પોર)



**પૂજ્યશ્રી મોટા :** ('શ્રીરંગદર્શન' ફેબ્રુ. ૭૦ પૃ. ૫૦–૫૨)

આધ્યાત્મિક દૃષ્ટિએ ગુજરાતમાં એ (પૂ. બાપજી) એક મહાન પુરુષ થઈ ગયા. ચેતનામાં નિષ્ઠા પામેલા મહાત્માઓ જતા નથી રહેતા, શરીર ન હોય તો પણ દર્શન આપે.

ગુજરાતમાં એમને નામથી તો ઘણા જાણતા હતા; પણ અંદરના રામથી બહુ ઓછા જાણતા. એમનામાં જે દૈવત હતું એનો લાભ આપણા ગુજરાતે લીધો નહિ.

ગુજરાતમાં ડાકોર વગેરે તીર્થો તો છે એની ના નહિ, પણ નારેશ્વર તો જીવતું જાગતું તીર્થ છે. સંતોના વસવાથી તીર્થનું નિર્માણ થાય છે. નારેશ્વર એ મહાન પુરુષના ભારેમાં ભારે તપથી નિર્માણ થયેલું તીર્થ છે.

મનબુદ્ધિચિત્ત અહીં એક થઈ જાય ત્યારે ગુરુને આવતાં કંઈ વાર લાગતી નથી. મારો પોતાનો આ અનુભવ છે. ગુરુ તો દયાળુ હોય છે, કરુણાનિધાન હોય છે.

મહારાજશ્રીનો શાસ્ત્રોનો અભ્યાસ ઊંડો.

અમારા કૉલેજના દિવસો યાદ આવે છે. એ વખતે પણ એમની પ્રતિભા ખૂબ જ ખીલેલી. એમને સંસ્કૃતમાં ભાષણ કરતાં મેં બે વખત સાંભળેલા. અમારા સંસ્કૃતના પ્રાધ્યાપક કરતાં પણ એમની પ્રતિભા વધુ તેજસ્વી. એ શીઘ્રકવિ હતા; વાતવાતમાં અનુષ્ટુપ વગેરે શ્લોકો સંસ્કૃતમાં રચી શકતા. નડિયાદમાં હું તેમને મળ્યો ત્યારે એક સાધુની સાથે તેમને સંસ્કૃતમાં વાર્તાલાપ કરતા ઘણા સમય પછી સાંભળવા મળ્યા હતા.

એ શરીરે મહારાષ્ટ્રીય હતા પણ ગુજરાતી ભાષા ઉપર તેમનો ભારે કાબૂ હતો. ઓગણીસ હજાર દોહરાનો મહાન ગ્રંથ એમણે ગુજરાતી ભાષામાં કાવ્યમાં જ રચ્યો છે ને ?! એમની શક્તિ વિષે કંઈક કહેવું એ મારા જેવાની શક્તિ બહારનું છે.

આપણા બધાંની નજરે હાલતા ચાલતા બોલતા હવે એ શરીરથી નથી રહ્યા; પણ બુદ્ધિથી સમજવું જોઈએ કે રંગ અવધૂત પણ



ભાવમંદિરમાં ભગવાનની મૂર્તિની રીતે ભાવનાશીલ ભક્તની આગળ પ્રત્યક્ષ જ છે.

પણ ભક્તિ પ્રગટે ક્યારે ? આપણામાંથી રાગદ્વેષાદિ દ્વન્દ્વો જાય ને સંપૂર્ણ શરણાગતિ થાય ત્યારે જ.

એ ખૂબ જ વિનોદી હતા. મહાત્મા ગાંધી પણ વિનોદી હતા, એ આજે યાદ આવે છે. અવધૂત જ્યાં જતા ત્યાં એવા ભળી જતા કે દૂધમાં સાકર.

તત્ત્વજ્ઞાન, અભેદની દૃષ્ટિએ આપણે બધા મનુષ્યો ગાંડા જ ગણાઈએ ! આપણે આપણી સામે ઝળકી ગયેલા આ હીરાને પારખી શક્યા નહિ, એની સાચી કિંમત ન કરી શક્યા.

એ જીવતું ચેતનાતત્ત્વ, જેની ચરણરજ મારા માથા પર.

આપણો સૌનો ધર્મ છે કે આપણે એ મહાપુરુષને લાયક બનીએ અને એમનું ઋણ ચૂકવવા હંમેશાં પ્રયત્નશીલ રહીએ.

**પૂજ્યશ્રી રણછોડદાસજી મહારાજ (ચિત્રકૂટ) 'શ્રદ્ધાંજલિ'માંથી**

**શ્રી રામ**

શ્રી રંગ અવધૂતજી ભગવત્ અંશાવતાર વિભૂતિ થે । ઉનકા પ્રત્યેક ક્ષણ જીવોં કે કલ્યાણ હેતુ વ્યતીત હોતા થા । યહ મેરી અનુભૂતિ હૈ । ઉનકે કલ્યાણ સ્વરૂપકા દર્શન જિનકો મિલા હૈ વહ ભાગ્યસાલી કો ધન્ય હૈ ।

વહ અપને સાહિત્ય સે ચિરાયુ હૈ । **કેવલ હમારી સદ્ભાવના હી ઉનકી સમાધિ કા નિર્માણ – જો લોગો કો પ્રેરણા દેને વાલી હોગી.**

**પૂ. મુક્તાનંદબાબા (ગણેશપુરી વજ્રેશ્વરી) 'શ્રદ્ધાંજલિ' પૃ. ૧૦૩**

સતત યાદ રાખો કે શ્રી અવધૂતજીનો પરમ સંદેશ 'પરસ્પર-દેવો ભવ'નો છે.

મહાન સંતોમાંના એક અગ્રગણ્ય પ્રાતઃ સ્મરણીય શ્રીરંગ અવધૂત હતા, હજી પણ છે અને આગળ પણ રહેશે.

રંગ અવધૂતજી વિશ્વમય હતા, સૂર્યચંદ્રમય હતા. એક દેહમાં દેખાવા છતાં સર્વજીવમય, સ્થાવર–જંગમમય અવધૂતજીને ગમે ત્યાં, ગમે તે રીતે પૂજો, પ્રેમ કરો. તેઓ અજર અમર સર્વવ્યાપક છે.

પરમ શ્રદ્ધેય, પરમ પૂજનીય રંગ અવધૂતજીને મારા વારંવાર પ્રણામ.



## પૂ.શ્રી કેવલાનંદ (ખંડવાવાળા) મહારાજ

(પૂ. શ્રી કેવલાનંદ અને પૂ.શ્રી પ્રેમઅવધૂત વચ્ચેના વાર્તાલાપમાંથી, શ્રી નવનીતભાઈ પાઠક, ગાંધીનગર દ્વારા સંપાદિત)

''તમો રંગ અવધૂત માટે શું લખવાના અને કેટલું લખવાના ? એનું કહ્યું તો કરવું નથી – લખવાથી શું વળે ? રંગ અવધૂતને તમે નહોતા જાણતા ? મને શું પૂછો છો ?

હું કહું છું કે તેઓ તો સ્વયં પરમાત્મા હતા ! તેમને કોણે જાણ્યા ? કોઈએ તેમની ઓળખ મેળવી નહીં અને સ્વાર્થની વાતોમાં રમ્યા કર્યા. બધાએ તેમને સામાન્ય સંત જ માન્યા અને તેમની ગરિમા પહેચાની નહીં–હીરો ઓળખ્યો નહીં અને અથડાતા રહ્યા. જગત તો સુધરવાનું નથી. રંગ અવધૂતના પ્રયત્નો હતા. આ જગતને તું (પ્રેમ અવધૂત) કે હું સુધારી શકીશું નહીં, છતાં થાય તેટલું કરવાનું. હું કહું છું અવધૂત કહે તે કરો પણ તે કરતા નથી – ખાલી ભજન કરવું છે, રાગડા તાણવા છે, તો ક્યાંથી ઈશ્વરની પ્રાપ્તિ થાય ?

રંગ અવધૂતે એક વખત મને કહ્યું – 'તું ઈચ્છે તો નારેશ્વર સ્થાન, ગુફા, દંડ, પાદુકા બધું આપી દઉં, તું અહીં રહે' ત્યારે મેં કહ્યું – તમારી કક્ષા ક્યાંથી મેળવું ? કોણ આપશે એ કક્ષા ?

એક વખત શોભાયાત્રામાં ઘોડાગાડી(બગી)માં રંગ અવધૂત સાથે બેઠેલો. એવું અદ્દભૂત લાગે–હું બાળક અને એ મહાન, હું વામન અને એ વિરાટ !!

## ૧૦૦૮ મહામંડળેશ્વર શ્રી રામસ્વરૂપાનંદજી, હરદ્વાર.

('નારેશ્વરનો નાદ' મે–૮૦ પૃ. ૧૯ માંથી.)

પૂ. શ્રીના સાન્નિધ્યમાં જે પ્રેરણા મળી તે ચિરંજીવ છે. ધર્મજમાં પ્રથમ પૂર્વનાં પુણ્ય ઉદય પામ્યાં. શી એમની સાધુ પ્રત્યેની લાગણી ! એમની સન્નિધિમાં જે રહસ્ય મળ્યું તે મારા અને તમારા અંતઃકરણમાં પ્રત્યક્ષ રહો.

મેં ત્યારે પૂછેલું કે 'ગંગાને પાવન કરવા ક્યારે આવવાના ?' એમણે કહ્યું, 'રામસ્વરૂપજી ! ગંગા માતાના સાન્નિધ્યમાં આવવા માટે માતા હજુ બાધક છે' ભેદ ન સમજાયો !

જયપુરથી હરદ્વાર આવ્યા ત્યારે આશ્રમમાં એક ભાઈ સાથે આવ્યા. એ ભાઈએ કહ્યું : એક સંત મળવા માગે છે, પૂ.શ્રી ઘોડાગાડીમાં બહાર હતા. મેં કહ્યું : 'ભલે આવે'. એ ભાઈ પાછળ ફર્યા ત્યારે એમના ખભે લટકતા ખેસ પર 'શ્રીદત્ત' વાંચ્યું ! અને મને થયું કે



એ સંત શ્રીરંગ અવધૂત મહારાજશ્રી હોવા જોઈએ ! હું એ ભાઈ સાથે જ બહાર નીકળ્યો; ત્યાં પોતે મહારાજશ્રી ઘોડાગાડીવાળાને અંદર લઈને આવતા જોયા ! હું સ્વાગત કરતાં ગદ્‌ગદ થઈ ગયો એમણે, પછી, પૂછ્યું : ધર્મજની વાત યાદ છે ?

પણ એનો ભેદ ન સમજાયો સંતની વાણીમાં શો સંકેત હોય છે, એ સંત જ સમજી શકે !

મને એમણે વ્યાઘ્રચર્મ આપ્યું છે. એ એમની પવિત્ર યાદ છે. અવધૂતની લીલા ચિરંજીવ અમૃતકુંભ સમી છે.

### પૂ. સત્યમિત્રાનંદગિરી સ્વામી મહારાજશ્રી (હરદ્વાર)

'નારેશ્વરનો નાદ' માર્ચ–૮૪માંથી પૃ. ૭


નારેશ્વર કી પવિત્ર ભૂમિ પૂજ્ય બ્રહ્મલીન અવધૂત મહારાજજી કી તપશ્ચર્યા સે પાવન હોને કે કારણ વૈચારિક પવિત્રતા સે પરિપૂર્ણ હૈ. મેરે એક વર્ષ મૌન–અનુષ્ઠાન કે કાલ મેં અધિકશક્તિ, આત્મજ્ઞાન, આત્મતેજ પ્રાપ્ત હો સકે ઈસ લિયે મૈં શ્રી અવધૂત મહારાજ કી તપશ્ચર્યાસ્થલી મેં આયા હું.

ભગવાન દત્તાત્રેય કે અવતાર પૂજ્ય રંગ અવધૂત મહારાજ કે પાવન ચરણોંમેં મેરી શ્રદ્ધાંજલિ અર્પિત કરતા હું.

### પૂ. સ્વામી કૃષ્ણાનંદજી (ભાદરણ) ('શ્રીરંગદર્શન' ઑક્ટો. ૭૦)

## RANGA IN RHYME

**Real friend, ace philosopher and an unfailing guide,**
**Anchored away from the touch of worldly tide.**
**Non–believers too, their praise for him can't hide,**
**Glorious sage is he, with views wise and wide.**
**Amidst the worldly and the like of us,**
**Very many of whom are simply bundles of fuss,**
**Avadhut lovingly tells us not to gather pus**
**During this earthly sojourn like a neglected sore does**
**"Humane ye ever be" is his advice to all,**
**"Oneness of being feel" is his roaring call.**
**One pointedly desist evil and escape the terrible, fall.**
**Thus exports he who has crossed the wall.**



## પૂ. વિશ્વનાથ અવધૂતજી (રાષ્ટ્રીય સંત)

રામનગર : સુરત

પાવનમયી નર્મદાથી અંકિત નારેશ્વરથી ભૂમંડળ સમસ્ત ગુજરાતમાં ભક્તોના હૃદયમાં પ્રાણ પૂરી રહ્યું છે. માનવસેવાનું કેન્દ્ર બની ગયું છે. જ્ઞાનની જ્વાળા પણ ત્યાંથી ઉદ્‌ગમ થઈ રહી છે. જેણે નારેશ્વરમાં જઈ નર્મદાજીમાં સ્નાન કે દર્શન કર્યું છે, તેનું જીવન ધન્ય છે.

ગરીબો પ્રત્યે પરમ પૂજ્ય બાપજીનું હૃદય પ્રેમસભર હતું તેથી ગરીબોને સર્વસ્વ આપવા તૈયાર રહેતા હતા. કોઈ પણ ધર્મના મહાનુભાવ હોય તો પણ તેમની કૃપા થતી જ હતી. પ્રાણીમાત્રનાં કષ્ટ દૂર કરવા એઓશ્રી તત્પર રહેતા હતા. ભક્તોનાં કષ્ટો ક્યારેક પોતે સ્વીકારી શરીરને દુઃખી બનાવતા હતા.

'શ્રી દત્તબાવની'ની રચના પ્રાણીમાત્રનાં કષ્ટો દૂર કરવા માટે જ કરી હતી. દત્તબાવનીએ લોકોને મૃત્યુના મુખમાંથી ઉગાર્યા હતા. દત્તબાવનીની ધૂનથી કાળ પણ કંપી જતો અને જ્યાં દત્તબાવની થતી હોય ત્યાંથી ભાગી જતો.

સચ્ચિદાનંદમગ્ન બની તેમણે મહાસિદ્ધાવસ્થા દ્વારા જગત કલ્યાણ કર્યું છે.

('શ્રીરંગલીલામૃત' માટે શુભાશીર્વાદ)

**રેવ : ફાધર સૂર્યા કાર્લો :** ('શ્રીરંગદર્શન' ડિસે. ૭૦ પૃ. ૧૨ ટૂંકાવીને)

૪૦ વર્ષથી ગુજરાતની પવિત્ર ધરતીમાં વિચરું છું, અને પરમાત્માની ખાસ મહેરથી અપરોક્ષમાંથી પરોક્ષ પ્રભુ ઈશુસમ પૂજ્ય બાપજીના સાન્નિધ્યમાં રંગાઈ ગયો. આંકલાવના ભાવિક સેવકભાઈ પૂનમભાઈ પટેલ મારફતે પૂજ્યશ્રી સાથે હું પત્રવ્યવહારમાં આવ્યો. સામસામા નમસ્કાર ઝીલવા માંડ્યા; 'રંગ'ની પ્રેરણાઓ થવા માંડી. અંગત રીતે મિશનરી કાર્યોમાં હું ખૂબ વ્યસ્ત હોવા છતાં તેઓશ્રીનો પ્રેમ–પ્રસાદ મળ્યો હોઈ હું હલકો ફૂલ થઈ ગયો છું.

પૂજ્યશ્રી માટે, હું અમેરિકા ગયો ત્યારે, કેટલીક ચીજો ભેટ ધરવા, યુરોપથી લાવ્યો હતો. પૂજ્યશ્રીએ તે અંગીકાર કરી મારો ભાવ સ્વીકારી મને આશીર્વાદ આપેલા.

તેઓશ્રી પૂર્ણબ્રહ્મ જ હતા. એટલે તેમને કાંઈ જરૂર નહિ, પણ મને પ્રેરણા કરવા શક્તિ આપવા દરેક ચીજ સ્વીકારે ખરા.



જોષીકૂવા, પૂનમભાઈને ત્યાં અવારનવાર સંતો મહંતો આવતા ત્યારે મારે જવાનું થતું ખરું. પૂ. જગદ્‌ગુરુ શંકરાચાર્ય દ્વારકાપીઠાધીશ, પૂ. શ્રીમોટા, પૂ. કેવલાનંદજી, પૂ. કૃપાલ્વાનંદજી, પૂ. યોગીજી મહારાજ સૌનો પ્રેમયોગ મને પ્રાપ્ત થયો છે; તેમ છતાં પૂજ્ય અવધૂતજીનો મારી ઉપર જે પ્રેમ હતો તે તો વર્ણન થાય નહિ. પ્રેમ કહું કે વહાલ ?


જોષીકૂવાથી પૂનમભાઈ સાથે હું નારેશ્વર ગયો હતો. આંકલાવ ગામમાં સરપંચ થયો એ નિમિત્તે મેં નારેશ્વરમાં કરાવેલો પ્રસાદ આરોગેલો.

પૂજ્ય મોદીજી પાયલોટ સંત તરીકે મને પૂજ્ય બાપજી પાસે લઈ ગયા. મારી પાસે લીલું નાળિયેર ભેટ ધરવા હાથમાં હતું. પૂજ્યશ્રીએ મને જાળીવાળા ગોળ કેબીનમાં હૃદય સાથે ચાંપી લીધો; તેમની સાથે સમાસન પર અતિપ્રેમથી બેસાડેલ. અહીં મને ઈશુના ઉપદેશનું પ્રત્યક્ષ દર્શન થયું. મને અભિમંત્રિત એક શુદ્ધ ખાદીનો ઝભ્ભો આપ્યો. તેમની હાજરીમાં ઝભ્ભો પહેરી લીધો.

ચિખોદરા, કુંજરાવ અને પોર મુકામો પર પૂજ્યશ્રીનાં દર્શનો કરેલાં.

**પૂ. ગોસાંઈજી મુકુંદલાલજી (વૃન્દાવન) 'મનનિકા'માંથી**

"શ્રીરંગ અવધૂતમાં મને તો રાધાકૃષ્ણનું દર્શન થાય છે. રંગ એટલે આનંદ. જ્યાં આનંદ છે ત્યાં રાધા છે. જ્યાં રાધા છે ત્યાં આનંદ છે, આહ્‌લાદ છે. મેં બે વર્ષ પહેલાં દર્શન કર્યાં હતાં. શ્રી રંગ અવધૂતના નામથી હું બેહોશ થઈ જાઉં છું. એ જ્ઞાની હતા, ત્યાગી હતા, સિદ્ધ મહાપુરુષ હતા. જેમને એમનો કૃપાપ્રસાદ મળ્યો છે, તે ધન્ય છે."




માનવાક્

ॐ

## માનવાક્


| | | |
|---|---|---|
| કાકાસાહેબ કાલેલકર | (ભારતીય સંસ્કૃતિના ચિંતક) | ૨૭ |
| વિનોબાજી | (ભૂદાનયજ્ઞના પ્રણેતા) | ૨૮ |
| બાબુભાઈ જશભાઈ પટેલ | (ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી) | ૨૯ |
| કલાગુરુ રવિશંકર રાવળ | (કલામર્મજ્ઞ) | ૩૦ |
| પ્રેમજીભાઈ ઠક્કર | (ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મંત્રી) | ૩૦ |
| રમણલાલ સોની | (સર્જક-ચિંતક) | ૩૦ |
| ઝવેરચંદ મેઘાણી | (રાષ્ટ્રીય શાયર, કવિ) | ૩૧ |
| 'સુન્દરમ્' | (સર્જક-સાધક) | ૩૧ |
| 'અનામી' | (ગાંધીયુગીન કવિ) | ૩૨ |



**કાકાસાહેબ કાલેલકર** (ગાંધીનગર - શિબિર પ્રસંગે)
**શ્રી રંગદર્શન ડિસેમ્બર-૭૦**

'મને અહીં આવી ઘણો સંતોષ થયો. મારે અને રંગ અવધૂતને સંબંધ ઘણો જૂનો. તમો બધા મને એમનો વિદ્યાગુરુ ભલે માનો; શિક્ષક અને વિદ્યાર્થી એમાં વિદ્યાર્થી ભલે મને ગમે તે કહે, માને; પણ હું તો મિત્રભાવે જ રહેતો આવ્યો છું. હું મને પોતાને રંગ અવધૂતના વિદ્યાગુરુ કહેવા તૈયાર નથી...... હું આવ્યો છું એક સહસાધક તરીકે. જે વાત મેં 'હિમાલયના પ્રવાસ'માં નથી લખી અને આજ સુધી ક્યાંય કહી નથી તે તમને જણાવું છું. હું જ્યારે માતાના પેટમાં હતો ત્યારે એક સાધુ આવ્યો. આવતામાં જ તેણે કહેલું કે નવું બાળક દીકરો હશે અને દત્તાત્રેયનો ભક્ત થવાનો છે. એને દક્ષિણા આપવા માંડી તો તે કહે કે ના, ના; દક્ષિણા લેવા નથી આવ્યો..... કૃષ્ણાના કિનારે નરસોબાની વાડીના સ્થાનમાં, ગિરનાર દત્તાત્રેય સ્થાનમાં હું જઈ આવ્યો. ત્યાં એક જાતનો સાક્ષાત્કાર થયો. હિમાલયમાં જઈ ધર્મસાધના કરી છે. અહીં પણ આજે દત્તાત્રેયના જ હું દર્શન કરું છું. પાંડુરંગ વળામે વિદ્યાપીઠમાં આવ્યા. તેમની પણ દત્તભક્તિ છે, એવું જાણ્યું અને એ રીતે આ સહસાધક છે એ જાણ્યું. અમારું એવું આકર્ષણ તમારા બધાના ધ્યાનમાં કેવી રીતે આવે ?! હું દત્તભક્તિ કરતાં કરતાં પોતાના લોકોની વચ્ચે આજ આવ્યો છું.

શ્રી રંગ અવધૂતે 'પરસ્પરદેવો ભવ'નું સૂત્ર આપ્યું છે - આ યુગનો સંદેશો છે. ઝઘડો કરવો નકામો છે. ન્યાતના અભિમાનથી કોઈ સ્વર્ગે ગયો નથી; તો મોક્ષ તો ક્યાંથી મળે ? અભેદભક્તિની આ ખૂબી છે.

પાંડુરંગે પોતાના નામમાંથી રંગ શબ્દ રાખ્યો છે, અને રંગ ખીલવ્યો છે. રંગ અવધૂત દેશનો અને સમાજનો સેવક હતો. દેશસેવા ચાલુ રાખવા હું હિમાલયથી પાછો આવ્યો અને રંગ અવધૂત સાથે સહસાધક તરીકે મેં એમનો સંબંધ ચાલુ રાખ્યો, વધાર્યો હતો.



પૂ. વિનોબાજી (નારેશ્વરનો નાદ-મે ૮૩)માંથી ટૂંકાવીને

સ્થળ : સરખેજ પાસેનું એક જીન,

પૂ. વિનોબાજીનું વિશ્રામ સ્થળ

દિવસ : ૧૯મી ડિસેમ્બર ૧૯૫૮

પૂજ્યશ્રી અવધૂતજીએ સમગ્રામ સૂતરની નવ આંટીઓ સાથે પૂજ્ય વિનોબાજીનું સન્માન કર્યું :

સન્માન આંટીઓનો સ્વીકાર કરી જગાએ બેસી વિનોબાજીએ પૂછ્યું :

**વિનોબાજી :** હાલમાં શું ચાલે છે ?


**અવધૂતજી :** મારા નાના ભાઈ ગુજરી ગયા ત્યારથી પૂજ્ય માતુશ્રી સાથે રહે છે, એટલે તેમની સેવાને સ્વધર્મ માની, એ સેવા સંભાળી કોઈ પણ જાતની જાહેરાતબાજી વગર સહજ ભાવે કંઈ આવી મળે તે કરું છું. આજના ભૂદાન વિશે જ બોલવાનું હોય તો હું રહું છું તે અવધૂત નિવાસના ટ્રસ્ટના પ્રમુખે જ ભૂદાનમાં સો એકર જમીન આપી છે અને સ્થાનના અન્ય ભક્તોએ મળી લગભગ હજારેક વીઘા આપી હશે.

**વિનોબાજી :** સેવામાં શું કરો છો ? રસોઈ ?

**અવધૂતજી :** એમના માટે કાવડથી નર્મદાજીનું પાણી લાવતો. પણ હવે ચારપાંચ વરસથી આંખે ઈજા થવાથી એ સૌભાગ્યથી વંચિત બનવું પડે છે અને રસોઈ તો એ જાતે જ બનાવે છે. જીવન સ્વાવલંબી રાખ્યું છે. મારે તો સર્વ સામાન્ય દેખરેખ પૂરતી વિચારપૂછ જ કરવાની હોય છે. આવનાર-જનાર પોતાની સગી મા કરતાંય વધારે સદ્‌ભાવથી તેમની તરફ જુએ છે, છતાં મારી હાજરીની અત્યંત આવશ્યકતા રહે છે.

**વિનોબાજી :** છેલ્લે ક્યારે મળેલા ?

**અવધૂતજી :** '૨૧, '૨૨ની સાલ હશે. આપ સેવાગ્રામ ગયા પછી મળવાનો સુયોગ આજે જ આવે છે, પણ



*દૂરસ્થોઽપિ સમીપસ્થો યો યસ્ય હૃદિ વર્તતે ।*
*યો યસ્ય હૃદયે નાસ્તિ સમીપસ્થોઽપિ દૂરગઃ ॥*

**વિનોબાજી :** કંઈ નિયમિત સ્વાધ્યાય-પ્રવચન જેવું રાખ્યું છે ?

**અવધૂતજી :** 'અવધૂતસ્ત્વનિયમઃ' જીવનમાં કંઈ જ નિયમબદ્ધ નથી રહી શક્યું. કોકવાર વાંચું છું, પ્રવચન જેવું નહિ પણ સદ્ભાવે પૂછનારને યથામતિ સમજાવવાનું પણ બને છે.

**વિનોબાજી :** વાતચીતમાં ખાસ શાના પર ઝોક હોય છે ?

**અવધૂતજી :** ખાસ તો 'પરસ્પરદેવો ભવ' એ સ્વયંસ્ફૂર્ત સૂત્ર પર ભાર મૂકી બોલવાનું થાય છે.

પરસ્પર હાસ્યમુદ્રા સાથે હાથ હલાવી બે વિભૂતિઓએ વિદાય લીધી.

**શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ** (ગાંધીનગર, સચિવાલય)
'શ્રી રંગદર્શન' - (નવેમ્બર-૭૦માંથી)

પૂ. શ્રી રંગ અવધૂતના બહુ નિકટ પરિચયમાં હું નથી; એકવાર હું મળ્યો છું. ત્યારે આ છાપ પડી છે : તેઓશ્રીની પાસે એક દૃષ્ટિ છે. તેઓશ્રી ખૂબ જ ઉદારતાપૂર્વક મતમતાંતરને પચાવી શકે છે. ભિન્ન ભિન્ન મતાંતર હોય તોય પચાવી શકે છે. તેઓશ્રી પાસે સ્પષ્ટ જીવનદર્શન હતું. આખુંય વલણ સમન્વયકારી હતું. આથી 'પરસ્પરદેવો ભવ'નો એમનો આદેશ ઘણું કહી જાય છે. બીજાને ઈશ્વરનો અંશ સમજતાં તેને સમજવાની વૃત્તિ જાગે છે અને દૃષ્ટિ જાગતાં તેના પ્રત્યે આદર જાગી અદ્વૈત સધાય છે. આ આશીર્વાદનો અનુભવ દરેક મુશ્કેલીવેળા, આપત્તિવેળા મુશ્કેલી હળવી કરવામાં થયો. દુષ્કાળ, રેલ, ધરતીકંપ, કોમી રમખાણ દરેકમાં ગુજરાતે કેવી ધીરજથી એ મુશ્કેલીઓ પાર પાડી ! જાણે કે એમના તે દિવસે અપાયેલા આશિષથી કેમ ન હોય ?

ઈશ્વર પોતે વ્યક્તિઓ દ્વારા અભિવ્યક્ત થાય છે અને એ અર્થમાં પૂજ્યશ્રી અવધૂત અવતારી પુરુષ હતા.



### શ્રી રવિશંકર મ. રાવળ (અમદાવાદ)
('કુમાર' ડિસેમ્બર-૬૮માંથી)

નર્મદાતીરે નારેશ્વર આશ્રમમાં અમે પહોંચ્યા ત્યારે પ્રતીતિ થઈ કે સંતજનોનાં પગલાંથી ભૂમિ કેટલી નિર્ભય અને દીપ્તિસભર બની રહે છે...

પૂ. અવધૂત મહારાજની માતૃભક્તિ આ કળીયુગી પ્રજા માટે તેમને આપણા શ્રેષ્ઠતમ પુરુષ કરાવવા પૂરતી ગણાય.

.....ત્યારે મને ભાન આવ્યું કે એમણે મને ચિરપરિચિત આત્મીય ગણી લીધો હતો. અદૃશ્ય રીતે મારા મનોભાવોમાં શાંતિ અને શ્રદ્ધાનું વાતાવરણ છવાઈ રહ્યું.

ગુજરાતમાં હજારો સંસારતપ્ત મનુષ્યોને એમના સમાગમથી અનેરું સાંત્વન અને શ્રદ્ધા પ્રાપ્ત થયાનું મેં પ્રત્યક્ષ નિહાળ્યું છે. મારું જીવન પણ એ રીતે અહોભાવ અનુભવે છે.

### શ્રી પ્રેમજીભાઈ ઠક્કર (ગાંધીનગર શિબિર પ્રસંગે)
('શ્રી રંગદર્શન' ડિસેમ્બર-૭૦માંથી)

વડોદરામાં એક પ્રસંગે જે સાધુએ ભાષણમાં મારો બોલેલો સંસ્કૃત શ્લોક સાંભળી મને પાછળથી ધન્યવાદ આપ્યા એ શ્રીરંગ અવધૂતજી હતા, એવું મેં પાછળથી જાણ્યું ! નારેશ્વર પ્રત્યે મને આકર્ષણ રહ્યું છે.

અવધૂતોની ઘણી લીલાઓ ન સમજાય તેવી હોય છે. એમની એક દૃષ્ટિ - attitude હોય છે. આથી જ અવધૂતની ભાષા કઈ એ કહી શકાય નહિ. અહીં અવધૂત પ્રદર્શનમાં શ્રીરંગ અવધૂતનો રીંછ સાથેનો પ્રસંગ મૂક્યો છે એ મને માન્ય છે. શ્રીરંગ અવધૂતનું જીવનસંગીત બ્રહ્માંડ સાથે એકરાગે ચાલે. એ ઉચ્ચ આત્માનું આંતરિક લયબદ્ધ જીવન જીવવાની કોઈ શાળા હોતી નથી.

### શ્રી રમણલાલ સોની : (મોડાસા)

''પૂજ્યશ્રી રંગ અવધૂત મહારાજ ! નામ સ્મરતાં જ ચિત્તમાં અદ્‌ભુત ભાવાવેશનો સંચાર થાય છે.×× આશ્રમનું પાંદડે પાંદડું, કણેકણ જાણે રંગ અવધૂતની તપસ્યાનું સાક્ષી !×× હું અહીં આવ્યો હતો ખાલીખમ, પણ હવે ભરાઈને જાઉં છું.''

## શ્રી ઝવેરચંદ મેઘાણી : (બોટાદ)

"રંગ અવધૂત લગન લાગી તે રેવા તટે બેસી ગયા છે. ત્યાં તેમણે નવું દહેરું નથી ચણાવ્યું કે કોઈ કંડકાળો કરી સેનેટોરિયમ ચાલુ નથી કર્યું. પણ બે નવી બાબતો કરી છે. એક તો ગુરુ દત્તાત્રેયના ભાવમાં એમનું હૃદય ગુજરાતી ભાષામાં મીઠી કવિતા રચી રહ્યું છે ને બીજું એમણે લોકમેળો ચાલુ કર્યો છે. મેળો ચાલુ કરવો અને તેને કવિતાએ મઢી દેવો એ કોઈક ઉચ્ચ સત્ત્વશીલતાના ધણીનું કામ છે."

શરણાગતનો તારણહાર



## કવિશ્રી સુન્દરમ્


('નારેશ્વરનો નાદ'- જૂન-૮૦ છેલ્લા પૂઠા પરથી ઉદ્‌ધૃત)

નારેશ્વરની યાત્રા અણધારી બની આવી. આ જગ્યાએ આવવાનું રહી ગયેલું. સ્નાન કર્યા પછી આશ્રમમાં જવાનું છે એવી સૂચના હતી એટલે પ્રથમ નર્મદામૈયામાં જઈ આવ્યાં. પછી આશ્રમમાં ગયાં અને રંગઅવધૂત પહેલીવાર અહીં આવ્યા ત્યારથી શું શું બન્યું તે જાણવા મળ્યું. તે જે જે જગ્યાએ બેસતા તે જોવા મળી.

મૂળે તો રંગઅવધૂત ગાંધીજીના આશ્રમમાં હતા, વિદ્યાપીઠ સાથે સંબંધમાં હતા. પણ તેમને અધ્યાત્મની પ્રેરણા થઈ અને પોતાનો અનોખો પંથ તૈયાર કર્યો. તેમનામાં આત્માનુભવ અને આત્મતેજ પ્રગટ થવા માંડ્યું. તેમણે ઘણું ઘણું લખ્યું છે, પણ તે મૌનમાં બેસી લોકોને મળતા - કલાકો સુધી દર્શન કરનારની હાર તેમની સંમુખ થઈ પસાર થતી. પરમ મૌનમાંથી ઘણું મેળવતી.

છેલ્લી જગા અમે એમના અવશેષ પર રચાયેલા મંદિરની જોઈ. તેમાં પ્રતિમા મૂકેલી છે. અમે ત્યાં ઊભા રહ્યાં; પૂજારીએ પ્રસાદ આપ્યો તે લીધો. પછી થયું અહીં બેસી થોડું ધ્યાન કરીએ અને **આશ્રમમાં - શ્રી અરવિન્દના- જે સ્થિતિમાં સહજ પહોંચી જવાય છે તેવું અહીં પણ થયું. અહીં એક શાંતિ, બ્રહ્માનુભવની શક્તિ કામ કરતી હતી, ઊંડે ઊંડે આત્મામાં લઈ જતી હતી.**

આટલું કામ થઈ શકતું હોય તો ઘણું છે, પણ એથી પણ થોડું વધુ જોયું. અમે રસોડા તરફ ગયા. ત્યાં પાંચ બહેનો પાપડ વણતી હતી. કંઈ કેટલાયે - મણઅધમણના પાપડ તૈયાર થતા હતા અને



'યાત્રીઓને ભોજન સાથે પીરસાઈ જતા હતા. આમ વ્યવહારમાં પણ સમર્પણભાવ ઊતરતો હતો, છલકાતો હતો. **અહીં આવીને માણસ ખાલી હાથે પાછો નથી જતો.**

**પ્રા. રણજિત પટેલ** (કવિ 'અનામી') : (વડોદરા)

પોતાના આધ્યાત્મિક અનુભવના અહંભાવને અભિવ્યક્ત કરતી પંક્તિ નરસિંહે લખી છે :

મને જનમ ધર્યાનું પુણ્ય/કે લ્હાવો દર્શનનો.'

એણે તો પ્રભુદર્શનનાં લ્હાવાની વાત કરી છે પણ એ પરમ તત્ત્વના આંશિક સત્ત્વનું જે કેટલીક વિભૂતિઓમાં પ્રગટીકરણ થયું છે ને જેમના દર્શનનો પરમ પુનિત લ્હાવો સાંપડ્યાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું છે તેમાં હું પૂ. બાપજીની બેધડક ગણના કરું છું.

'અવધૂતી મસ્તી' શતાબ્દીપૂર્તિના સંદર્ભે કહું કે અહીં ગ્રંથસ્થ ભજનોમાંથી આત્મક્રીડ, આત્માનંદી, બાહ્યભ્યંતર એકરૂપતાવાળા જ્ઞાની-કવિ-ચિંતક લેખે પૂજ્યશ્રીની પારદર્શક છબી સુપેરે ઉપસે છે.



વત્સલવાક્

ૐ

## વત્સલવાક્

(પ્રથમ પેઢીના ભક્તો પ્રત્યેનાં પૂજ્ય બાપજીના અંતરંગ વાક્ય અંશો)


| | |
|---|---|
| સ્વ. દાસકાકાને | ૩૫ |
| બહેન મૂળીને | ૩૬ |
| રતનલાલ મહાત્માને ભજન પ્રસાદી | ૩૮ |
| અંબાલાલ વ્યાસને | ૩૯ |
| અમૃતલાલ મોદી વિશે | ૪૦ |
| ચુનીલાલને પત્ર | ૪૦ |
| નંદલાલભાઈને પત્ર | ૪૧ |



## હરગોવિંદદાસ સોની (દાસકાકા) : (રતનપુર)

'*શરણાગત વત્સલ*' પૂજ્યશ્રી રંગ અવધૂતજીની અદના પણ અદકેરા ભક્તને અંજલિ.

ૐ

દાસકાકાને ચાલ્યે ગયે ઘણો વખત થઈ ગયો; પણ એ યાદ ન આવતા હોય એવો દિવસ ભાગ્યે જ આથમતો હશે ! એમના વગર અહીં બધું અંધારું છે. એમનો સૌની સાથે પાણી જેવો મિલનસાર શિશુભોળો સ્વભાવ, વૃદ્ધ હોવા છતાં જુવાનીઆને પણ શરમાવે એવો અદમ્ય ઉત્સાહ, અવધૂતી અકિંચન બાદશાહીને શોભે એવી કરકસર અને ઝીણવટ, આત્મૌપમ્ય સમદષ્ટિ, નિરપેક્ષ નિરહંકાર મૂક સેવાભાવ વગેરે વગેરે ગુણોની તો હવે સંભારી સંભારીને વાતો કરવાની જ રહી. અવધૂતની શરૂઆતની અકલ્પ્ય ઉન્મત્ત વૃત્તિને તો એ જ જીરવી શકે. એમનું જીવન કોઈ કર્મયોગીના જેવું આદરણીય હતું. એમનું મૃત્યુ ભલભલા ભક્તને પણ ઈર્ષ્યા ઉપજાવે એવું હતું. શહેરના ઘોંઘાટથી દૂર, કીર્તિ કે મોટાઈની લેશ પણ લાલસા રાખ્યા વગર પ્રવાહપતિત કર્તવ્યકર્મને નિષ્કામવૃત્તિથી બજાવતા, શ્વાસે શ્વાસે સેવાવૃત્તિ જીવતા, કોઈ આદર્શ ગૃહસ્થીની માફક તેઓ જીવ્યા અને ગયા તે પણ મરીને અમર થવા માટે !!...

ભાવિ કાર્યકરો એમનો આદર્શ નજર આગળ સતત જીવતો રાખી એમણે સેવેલાં સ્વપ્નાંને મૂર્ત સ્વરૂપ આપવા માટે દરેક પ્રયત્ન કરી છૂટે એવી મારી મનીષા છે.

અવધૂત નિવાસ
ગુરુદ્વાદશી ૧૯૯૭

રંગ અવધૂત



ૐ

## મૂળીબેન (નારેશ્વર)

### (૧) (સ્વ. મૂળીફોઈ પરના પત્રનો અંશ)

રણાપુર, ગુરુવાર, બપોરે

બેન મૂળી,

એકાદશીએ વ્યાસમાં મુકામ હતો. ત્યાંથી કિનારે કિનારે શૂલપાણેશ્વરની ઝાડીમાં ઊતરી પડવાનો વિચાર હતો. XX પણ રાત્રે ઓચિંતો ગુરુમહારાજનો આદેશ થયો કે બીજું ત્રીજું પડતું મૂકી સીધો રણાપુર જા. એટલે કાલે ઠેઠ વ્યાસથી ચાલીને રણાપુર આવ્યો. આવતાં જ તારા વૈધવ્યની અભદ્ર કહાણી સાંભળી. ખોટું થયું ; પરંતુ એનો શોક કરવો નકામો છે. બન્યું ન બન્યું થતું નથી. અવધૂતને તો કેટલાએ દિવસથી *"કિમપિ કિમપિ શંકે મંગલેભ્યો યદન્યત્"* એવો ભણકારો થતો હતો અને એનો ઈશારો એણે તને કેટલીયે વાર કરી પણ દીધો હતો. શક્ય છે કે એનો ચોક્કસ અર્થ તારા સમજવામાં ન પણ આવ્યો હોય, છતાં મને વિશ્વાસ છે કે આ દુઃખદ ઘૂંટડો તું ધીરજથી ગળી જશે. ભવિષ્યનો વિચાર કરવો નકામો છે. પણ હાલ તુરત તો તારી ફરજ માબાપની વૃત્તિ સંતોષી એ જે કહે તેમ વર્તવાની છે. અવધૂત તો કાલે દૂર ઊપડી જાય છે, પરંતુ પ્રેમીઓની પાસેથી એ તલમાત્ર દૂર નથી એવું દરેકનું અંતઃકરણ સાક્ષી પૂરશે <u>XXX</u>.



(૨) મૂળીફોઈ પરનો પૂજ્યશ્રીનો પત્ર

બહેન મૂળી,

તારો પત્ર વાંચ્યો છે. મારે તને લખવું જોઈએ ખાસ, પણ શું લખું ? અવધૂત નિરામય છે, નિષ્પાપ છે, નિર્વિકાર છે.

સાચે જ એનાં દર્શનથી 'જનમમરણ મિટ જાય રે', પણ લોકો એ અવધૂતને નથી જોતા !!

બહેન, ગુરુગમ્ય છે, એ સ્વસંવેદ્ય અગમ્ય !

એ અવધૂતી આનંદ શતાંશ પણ તને પ્રાપ્ત થાય **XX** એ વિના બીજું કાંઈ જ નથી ઈચ્છતો અવધૂત.

એક વખત તેં મને લખેલું કે મારે માટે એક મહાભારત રચો.

'*ગુરુલીલામૃત*' એ સાત્ત્વિક વિનંતીનું જ ફળ છે.

એમાંનો શિષ્ય નિરંજન તે તું જ છે, એ ભાવનાથી વાંચ અને જો કે એમાં કેવી વીજળી ભરેલી છે.

'*અવધૂતી આનંદ*' તારી પાસે જ છે. એ એકલું જ તરી જવા માટે બસ નથી શું ?

'*આત્મચિંતન*' સ્નાન કરી રોજ સ્વાધ્યાય તરીકે વાંચવું-વિચારવું.

**XX**

અવધૂતનું જ શ્રવણ, અવધૂતનું જ મનન, અવધૂતનું જ ચિંતન, અવધૂતનું જ સ્નાન, અવધૂતનું જ ધ્યાન, અવધૂતનું જ કીર્તન – કરી સર્વથા અવધૂત થા સ્વયં, એ જ આશિષ.

– રંગ અવધૂત




ૐ

## સ્વ. રતનલાલ ત્રિપાઠીને ઉદ્દેશીને –

(અવધૂતી આનંદ- પૃ. ૨૧૮ / ભજનક્રમાંક ૨૪૮,

મુખસે હરિ હરિ બોલ, પાપીડા પ્રાણી,
મુખસે હરિ હરિ બોલ. ધ્રુવ
ધન જોબન કછુ કામ ન આવે (૨)
રામ રતન તું તોલ - પાપીડા૦ – (૧)
બાહિર દૃષ્ટિ બંધ કરી તું (૨)
અંતર દૃષ્ટિ ખોલ – પાપીડા૦ – (૨)
વિષય વિષમ રસ હોળ જમીપે (૨)
રામ અમીરસ ઘોળ – પાપીડા૦ – (૩)
રંગ કહે સૂણ સૂણ રતનજી (૨)
એ વિણ જીવન ફોકલ – પાપીડા૦ – (૪)



ૐ

## (પૂજ્યશ્રીના મિત્રશ્રી અંબાલાલ વ્યાસને પત્ર)

દત્તકુટીર, નારેશ્વર વૈ.વદ ૦))

ભાઈ અંબાલાલ,

તમારો પત્ર મળ્યો. **XXX**

મારો ધીરે ધીરે એવો નિશ્ચય થતો જાય છે કે મારે અનિકેત રહેવું એ જ સારું છે. **XX**

દુનિયાથી હારીને જંગલમાં આવી ગમાર થઈ બેઠો છું, છતાં લોકો મને છોડતા નથી. ભાઈ ચંદ્રશેખર ગોધરે મળેલા. મારે અત્યારે બધું છોડી વિદ્યાપીઠમાં જોડાવું જોઈએ. જો હું તેમ ન કરું તો એ એક જાતનો દેશદ્રોહ છે. અમારી હિન્દુસ્તાનના સાધુઓની **Philosophy rotten** છે. જો અમારે હાથે કાંઈ સારું થયું હોય કે થતું હોય તો તે **inspite of your philosophy's**. અત્યારે હિન્દમાં એકેય સાક્ષાત્કારી પુરુષ નથી, કેમ કે બાપુને કોઈ મળ્યું નથી .... વગેરે વગેરે સંભાષણથી એમણે મારા પાષાણ- હૃદયને ઉકાળવાનો પ્રયત્ન કર્યો. પણ મેં એમને કહી દીધું કે મારું હૃદય મરી ગયું છે; એ આવાં ભાષણોથી પાછું ઊકળી ઊઠે એમ નથી. નારાજ થઈને તે પાછા ગયા. સાંભળ્યું છે કે પંચમહાલની સેવા ન કરવા માટે ને મારા કહેવાતા જ્ઞાનનો પંચમહાલની જ્ઞાનપિપાસુ પ્રજાને લાભ ન આપવા માટે પંચમહાલનાં વર્તમાનપત્રોમાં ત્યાંના દેશભક્તો મારી ખબર લઈ નાખવાના છે પણ મારે તો

લોકલાજ સબ છોડ પરાઈ;
તારમંજિરા ખૂબ બજાઈ;
નંગી હોકર જગફિર આઈ !

એવી સ્થિતિ છે. હું તો નિર્લજ્જ નફ્ફટ થઈ બેઠો છું. જીવતો છતાં મરેલો છું. હું તો બટકું રોટલા માટે ભગવાનને બારણે કૂતરો થઈ બેઠો છું. **XX** ભગવાનનું નામ ભસવામાં જ શરીરનો અંત થાય એથી બીજું કંઈ જ માંગતો નથી.

તમે પણ પંચમહાલના દેશભક્તોમાંના એક છો ને મારા જેવા જંગલી કૂતરા જોડે સંબંધ રાખતા શરમાતા નથી; તેથી જ તમને આ બધું લખી મોકલું છું.

**C/o** કલ્યાણજી ઈચ્છાભાઈ દેસાઈ, પાંડુરંગના પ્રણામ
ઓફિસ ખડકી, ભરૂચ.



## પૂજ્યશ્રીના મિત્ર અમૃતલાલ મોદીને ઉદ્દેશીને

"મારા કરતાં દસ વર્ષનું વધુ આયુષ્ય મોદીને મળે એવી હું ભગવાનને પ્રાર્થના કરું છું XX એના જેવો એક તો લાવો !"

(પૂ. પ્રેમ અવધૂતજી સાથેની વાતોમાંથી)

## જૂના ભક્ત શ્રી ચુનીલાલને પત્ર

નારેશ્વર, બુધવાર બપોર તા. ૧૮-૯-'૩૬

શ્રી ભાઈ ચુનીલાલ, અ.સૌ. પાર્વતી બહેન વ.

XX મારું નાવ તમારા લોકોના ભજનના સુકાનને આધારે છે. XX હું ઈચ્છું છું કે જે પાંચદસ પ્રેમીજનો મંડળીમાં છે તેઓ મારા દોષો તરફ દુર્લક્ષ કરી મારી સાથે દિવ્ય કૌટુંબિક ભાવનાથી વર્તે. હું સાંસારિક શબ્દ નથી વાપરતો; કારણ કે એમાં સ્વાર્થ અને સામા પાસેથી પ્રતિસ્વાર્થની અપેક્ષા રહેલી છે, પણ અવધૂત પાસે સામાને સહાય કરે એવું પોતાનું કશું રહ્યું નથી. એનું શરીર સુદ્ધાં પ્રભુને ચરણે અર્પાઈ ગયું છે. એનાથી હવે પોતાનું કે પારકું કંઈ જ થઈ શકે તેમ નથી. ઊલટું તમે ખાવા આપશો તો જ એ ખાશે, તમે વસ્ત્ર આપશો તો જ લાજ ઢાંકશે, તમે ચાકરી કરશો તો જ જીવશે; કારણ કે તમે એ પ્રભુનાં જ છાયાચિત્રો છો, એટલે એને ચરણે અર્પાયેલો અવધૂત તમારો જ છે. એને ખોળામાં બેસાડવો કે લાત મારી દૂર કાઢવો એ તમારા પર નિર્ભર છે. એને તો બંને સરખાં જ છે. બંનેમાં તમારા-પ્રભુના-અંગસ્પર્શનો આસ્વાદ છે. સંભારે તે સર્વને જયગુરુદેવ દત્ત.

એજ.

અવધૂતના શુભ આશીર્વાદ.



## શ્રી નંદલાલ પાઠક પર પૂજ્યશ્રીનો પત્ર

('નારેશ્વરનો નાદ' એપ્રિલ-૮૩ પૃ. ૯-૧૦.)

નારેશ્વર તા. ૧૭-૨-૪૧

શ્રી નંદલાલ જોગ


જય ગુરુદેવ

દત્તજયંતીએ સ્થાનમાં આવનાર દરેક માણસ કે પશુ, એક કૂતરું પણ દત્તસ્વરૂપ છે એમ સમજી (અથવા છેવટે મારા શબ્દમાં વિશ્વાસ રાખી એમ માની) કોઈ પણ જાતની ખુશામતના આશય વગર તેની યથાશક્તિ, જાતે અગવડ વેઠી, બધી સેવા ઉઠાવી લેવી એ મંડળના માણસની એક ધાર્મિક ફરજ છે, એટલું જ જો દરેક જણ સમજી લે તો કોઈને કંઈ કહેવાપણુ ન રહે.

જે માણસ પોતાનો દોષ જોવામાં બાજ જેવી તેજ દૃષ્ટિ રાખે અને બીજાનો દોષ જોવામાં કીડીની દૃષ્ટિ કેળવે તેને પડવાની ભીતિ નથી.

એકબીજાને હલકા પાડવામાં જ બુદ્ધિ ને સમયનો ઉપયોગ કરે તે બધા જ હલકા પડવાના.

રંગ અવધૂત



શરણાગતવાક્

નોંધ : અવધૂત પરિવારના વૃદ્ધવડીલો પાસેથી પૂજ્યશ્રીના અલૌકિક સંભારણાંનું ભાવિપેઢીને નજરાણું મળી રહે, એ હેતુથી ભક્તોને પ્રશ્નાવલિ આપવામાં આવી હતી. પ્રશ્નાવલિ તેના લિખિત પ્રત્યુત્તરોનું સંપાદન સંશોધન કરીને ગ્રંથમાં પ્રસ્તુત કરીએ છીએ (શરણાગતવત્ વિભાગ – સંપાદકો)

# અનુક્રમણિકા

## શરણાગત ભક્તો


| | નામ | | |
|---|---|---|---|
| ૧. | અતિલક્ષ્મીબેન શેઠ | (વડોદરા) | ૪૯ |
| ૨. | અનિલ શ્રોફ | (મુંબઈ) | ૫૧ |
| ૩. | અમરસિંહ સોલંકી | (અમદાવાદ) | ૫૮ |
| ૪. | અમૃતલાલ મોદી | (નારેશ્વર/નડિયાદ) | ૫૯ |
| ૫. | અરુણોદય જાની | (વડોદરા) | ૬૧ |
| ૬. | પૂ. 'અવધૂત બાલ' | (દિવાબેટ) | ૬૫ |
| ૭. | અંબાલાલ વ્યાસ | (ભુવનેશ્વર/કાલોલ) | ૬૭ |
| ૮. | ઈન્દુબેન જોષી | (વડોદરા) | ૬૯ |
| ૯. | ઈન્દુબેન પાઠક | (નારેશ્વર/રાજપીપળા) | ૭૦ |
| ૧૦. | ઈશ્વરભાઈ પટેલ | (અમદાવાદ) | ૭૨ |
| ૧૧. | ઈશ્વરલાલ શેઠ | (અમદાવાદ/સૂરત) | ૭૮ |
| ૧૨. | ઉમંગભાઈ પાઠક | (તિલકવાડા) | ૮૪ |
| ૧૩. | કનૈયાલાલ વાણી | (અમદાવાદ) | ૮૭ |
| ૧૪. | કમુબેન પટેલ | (વડોદરા) | ૮૮ |
| ૧૫. | કરસનદાસ માણેક | (મુંબઈ) | ૯૦ |
| ૧૬. | કલાબેન શર્મા | (નારેશ્વર) | ૯૦ |
| ૧૭. | કાયમખાન | (સાપર/દિવાબેટ) | ૯૧ |
| ૧૮. | કાન્તિલાલ વ્યાસ | | ૯૩ |
| ૧૯. | કાલિપ્રસાદ દેસાઈ | (મુંબઈ) | ૯૫ |
| ૨૦. | કુસુમબેન પટેલ | (અમદાવાદ/વડોદરા) | ૯૬ |
| ૨૧. | કૃષ્ણશંકર શાસ્ત્રી (દાદાજી) | (સોલા-શ્રીમદ્ભાગવત વિદ્યાપીઠ) | ૯૭ |
| ૨૨. | ગુણવંતરાય પાઠક | (પાદરા) | ૯૯ |
| ૨૩. | ગોરધનભાઈ પટેલ | (નારેશ્વર/મિઢોળ) | ૯૯ |
| ૨૪. | ગોવિંદભાઈ ઉપાધ્યાય | (પોર) | ૧૦૪ |
| ૨૫. | ચંદનબેન પાઠક | (વડોદરા) | ૧૦૫ |
| ૨૬. | ચંદ્રકાન્ત પુરાણી | (રાજપીપળા) | ૧૦૮ |

| | | | |
|---|---|---|---|
| ૨૭. | ચંદ્રશંકર પાઠક | (તિલકવાડા) | ૧૦૯ |
| ૨૮. | છોટુભાઈ શાહ | (મુંબઈ) | ૧૧૨ |
| ૨૯. | જગદીશચંદ્ર ભટ્ટ | (વડોદરા) | ૧૧૫ |
| ૩૦. | જગન્નાથ ત્રિપાઠી | (સરખેજ) | ૧૧૭ |
| ૩૧. | જયસુખલાલ હીંડિયા | (ભરૂચ) | ૧૧૮ |
| ૩૨. | જયંતીલાલ આચાર્ય | (વડોદરા) | ૧૧૮ |
| ૩૩. | જહાંગીર ભાઈસોરવાલા | (વડોદરા) | ૧૨૨ |
| ૩૪. | ઠાકોરભાઈ પારેખ | (મુંબઈ) | ૧૨૩ |
| ૩૫. | ડાહ્યાભાઈ મિસ્ત્રી | (બીલીમોરા) | ૧૨૪ |
| ૩૬. | ત્ર્યંબકેશ્વર જોશી | (સૂરત) | ૧૨૫ |
| ૩૭. | ત્રિકમલાલ વાણી | (અમદાવાદ) | ૧૨૭ |
| ૩૮. | દત્તાત્રેય નંદુરબારકર | (અમદાવાદ) | ૧૨૮ |
| ૩૯. | દ્વારકાનાથ ગંજખાને | (વડોદરા) | ૧૩૧ |
| ૪૦. | દોસ્ત મોહમ્મદ ખાન સાહેબ | (ધરમપુર) | ૧૩૨ |
| ૪૧. | ધીરજલાલ વૈદ્ય | (મુંબઈ) | ૧૩૪ |
| ૪૨. | નરહરિદાદા ત્રિપાઠી | (નારેશ્વર/સરખેજ) | ૧૩૫ |
| ૪૩. | નરહરિભાઈ પાઠક | (વરણામા) | ૧૩૯ |
| ૪૪. | નરહરિભાઈ વૈદ્ય | (રાજપીપળા) | ૧૪૪ |
| ૪૪. | પૂ. નર્મદાનંદજી | (ઉછાલી) | ૧૪૪ |
| ૪૬. | નરેન્દ્રભાઈ ઝવેરી | (ભરૂચ) | ૧૪૮ |
| ૪૭. | નલિનભાઈ ભટ્ટ | (વડોદરા/ગણદેવી) | ૧૪૯ |
| ૪૮. | નંદલાલ પાઠક | (દીવેર/રાજપીપળા) | ૧૫૨ |
| ૪૯. | નંદસુખલાલ શ્રોફ | (મુંબઈ) | ૧૫૫ |
| ૫૦. | ડૉ. નાથાલાલ કંસારા | (વિસનગર) | ૧૫૬ |
| ૫૧. | ડૉ. નારાયણભાઈ કંસારા | (અમદાવાદ) | ૧૬૦ |
| ૫૨. | નારાયણભાઈ પટેલ | (નારેશ્વર) | ૧૬૧ |
| ૫૩. | પૂ. પિનાકિન ગુરુજી | (વડોદરા) | ૧૬૪ |
| ૫૪. | પ્રાગજીભાઈ મિસ્ત્રી | (રાજપીપળા) | ૧૬૬ |
| ૫૫. | પૂ. પ્રેમ અવધૂતજી | (લિંચ) | ૧૬૮ |
| ૫૬. | પૂ. બાલ અવધૂતજી | (માતર) | ૧૮૧ |

| | | | |
|---|---|---|---|
| ૫૭. | પૂ. બાલાજી તાંબે | (કાલો) | ૧૮૨ |
| ૫૮. | બાલુભાઈ જોષી | (વડોદરા/મિઢોળ) | ૧૮૫ |
| ૫૯. | બી. એન. દેવ | (અમદાવાદ) | ૧૮૯ |
| ૬૦. | ભવાનીશંકર પટેલ | (માંગરોલ) | ૧૯૧ |
| ૬૧. | ભવાનીશંકર શાસ્ત્રીજી | (સોખડા/વડોદરા) | ૧૯૧ |
| ૬૨. | ભાલચંદ્ર ભિવરે | (વડોદરા) | ૧૯૩ |
| ૬૩. | મણિબેન પાઠક | (વજેરિયા/વડોદરા) | ૧૯૪ |
| ૬૪. | મણિભાઈ ત્રિપાઠી | (સરખેજ) | ૧૯૬ |
| ૬૫. | મણિશંકર પંડિતજી | (વડોદરા) | ૧૯૯ |
| ૬૬. | મનહરભાઈ પાઠક | (વડોદરા) | ૧૯૯ |
| ૬૭. | મહંતશ્રી નારાયણદાસ રામગલોલાવાળા | (વડોદરા) | ૨૦૬ |
| ૬૮. | પૂ. માધવતીર્થ સ્વામીમહારાજ | (લાંભવેલ/આણંદ) | ૨૦૭ |
| ૬૯. | મોતીસિંહ રાજકવિ | (સારોદ) | ૨૦૮ |
| ૭૦. | યોગિનીબેન અલમોલા | (નારેશ્વર) | ૨૦૯ |
| ૭૧. | યોગિનીબેન દેસાઈ | (મુંબઈ) | ૨૧૨ |
| ૭૨. | યોગેશભાઈ શાહીવાલા | (અમદાવાદ) | ૨૧૫ |
| ૭૩. | ડૉ. રણજિતભાઈ ભટ્ટ | (સુરત) | ૨૧૮ |
| ૭૪. | રતનલાલ ત્રિપાઠી (મહાત્મા) | (સરખેજ) | ૨૨૧ |
| ૭૫. | રતિલાલ ત્રિવેદી | (કાલોલ) | ૨૨૩ |
| ૭૬. | ડૉ. રતિલાલ પંડ્યા | (ડભાણ) | ૨૨૪ |
| ૭૭. | રસિકલાલ પાઠક | (દિવેર) | ૨૨૬ |
| ૭૮. | રસિકલાલ વ્યાસ | (ભરૂચ) | ૨૨૯ |
| ૭૯. | રામજીભાઈ દેસાઈ | (પાદરા) | ૨૩૦ |
| ૮૦. | રામજીભાઈ નાયક | (નવસારી) | ૨૩૨ |
| ૮૧. | પૂ. લાલજી મહારાજ | (માલસર) | ૨૩૩ |
| ૮૨. | વાસુદેવ અનગરે | | ૨૩૪ |




| | | | |
|---|---|---|---|
| ૮૩. | વાસુદેવ કોનકર | (વડોદરા) | ૨૩૫ |
| ૮૪. | વિઠ્ઠલભાઈ પાઠક (કીર્તનકેસરી) | (નારેશ્વર) | ૨૩૭ |
| ૮૫. | વિદ્યાબેન પાઠક | (વડોદરા) | ૨૪૪ |
| ૮૬. | વિશ્વકર્મા ભાઈકાકા | (વિદ્યાનગર) | ૨૪૮ |
| ૮૭. | વિશ્વનાથ દેસાઈ | (લીલોડ) | ૨૪૮ |
| ૮૮. | પૂ. સપ્રે ગુરુજી | (વડોદરા) | ૨૫૦ |
| ૮૯. | પૂ. સ્વર્ગે દાદા | (નાસિક) | ૨૫૫ |
| ૯૦. | સાકોરીનાં બહેનો | (સાકોરી) | ૨૫૭ |
| ૯૧. | સુન્દરલાલ શાહ | (વડોદરા) | ૨૫૭ |
| ૯૨. | સુમનલાલ પુરોહિત (ભજનભાસ્કર) | (નારેશ્વર) | ૨૫૯ |
| ૯૩. | સુવાસિની મહેતા | (વડોદરા) | ૨૬૨ |
| ૯૪. | શંકરભાઈ પટેલ | (ભાદરણ) | ૨૬૮ |
| ૯૫. | શાન્તાબેન શુક્લ | (અજમેર) | ૨૬૯ |
| ૯૬. | શાન્તિકુમાર ભટ્ટ (યોગાચાર્ય) | (વડોદરા) | ૨૭૨ |
| ૯૭. | શાન્તિલાલ ઠાકર | (નડિયાદ) | ૨૭૫ |
| ૯૮. | શિવપ્રસાદ જોષી | (રાજપીપળા) | ૨૭૬ |
| ૯૯. | શિવાભાઈ પટેલ | (વડોદરા) | ૨૭૭ |
| ૧૦૦. | શિવુભાઈ દવે | (વડોદરા) | ૨૮૧ |
| ૧૦૧. | શિવાભાઈ વૈદ્ય | (નડિયાદ) | ૨૮૬ |
| ૧૦૨. | હર્ષવદન મજમુદાર | (વડોદરા) | ૨૮૯ |
| ૧૦૩. | હરિપ્રસાદ (ધીરુભાઈ) જોષી | (નારેશ્વર/વડોદરા) | ૨૯૦ |
| ૧૦૪. | હંસાબેન પાઠક | (રાજપીપળા) | ૨૯૩ |
| ૧૦૫. | હિંમતલાલ ઠક્કર | (બાજવા) | ૨૯૫ |
| ૧૦૬. | હિંમતલાલ દવે | (વડોદરા) | ૨૯૮ |

# પ્રશ્નાવલિ





૧. પૂ. રંગઅવધૂત બાપજી વિશે તમે પ્રથમ વાર ક્યારે, કોની પાસેથી, શું સાંભળ્યું ?

૨. પ્રથમ દર્શન ક્યાં, ક્યારે, કોની પ્રેરણાથી કર્યાં ?

૩. પ્રથમ દર્શનનો પ્રભાવ કેવો પડ્યો ? આપના પરિચયમાં આવેલા કે આપ જે ઈષ્ટદેવના કે સંપ્રદાયભક્તિમાં શ્રદ્ધા રાખતા હો તેના આધારે કયા શ્રદ્ધેય પુરુષો સાથે પૂ. બાપજીની તમારાથી મનોમન સરખામણી થઈ હતી?

૪. નારેશ્વર-સ્થાનમાં જઈને પૂજ્ય બાપજીનાં દર્શન પ્રથમ વાર ક્યારે કર્યાં ? ત્યારે નારેશ્વરસ્થાન આપને કેવું લાગ્યું ? ટૂંકમાં વર્ણન કરો. આજ સુધીમાં નારેશ્વર કેટલી વાર જવાનું થયું છે ? ત્યાંના ઉત્સવ/ઉત્સવો નિમિત્તે સામેલ થઈ અનુભવ લીધો હોય તો તેનું વર્ણન ટૂંકમાં કરો.

૫. પૂ. બાપજી સાથે સીધા સંપર્કમાં ક્યારેય આવવાનું થયું છે ? એ સંપર્ક કેવો વિકસ્યો તેની શ્રદ્ધેય વિગતો આપો.

૬. પૂ. બાપજી દ્વારા આપને સંસારજીવન વિશેનું પ્રત્યક્ષ માર્ગદર્શન શું મળ્યું? આધ્યાત્મિક બોધ શો મળ્યો ? આપે પૂજ્યશ્રી સાથે સીધા પ્રશ્નો પૂછીને વાર્તાલાપ કર્યો હોય તો તેને આધારે સ્થળ/વર્ષ વગેરેની વિગતો સાથે ટૂંકમાં નોંધ/નોંધો કરાવો.

૭. પૂ. બાપજી વિશેની આપની શ્રદ્ધા કેવા પ્રકારની છે ? પૂ. ભગવાન છે, પૂ. મોટી કોટીના દત્તાવતારી સંતપુરુષ છે, પૂ. બાપજી અજર-અમર, સર્વજ્ઞ છે અને આજે પ્રત્યક્ષ દોરવણી આપી રહ્યા છે – આમાંથી કયા પ્રકારની શ્રદ્ધા આપ ધરાવો છો ? સાધાર પ્રતીતિજનક ઉત્તરની અપેક્ષા છે.

૮. પૂજ્યશ્રીની અલૌકિક લીલાનો તમારા જીવનનો એક અંગત સચોટ અનુભવ કહો.

૯. પૂજ્યશ્રીની અંગત સેવામાં આપ રહ્યા હો. તેઓશ્રીની સાથે પ્રવાસ કર્યો હોય તો તેની વિગતો અને અનુભવ કહો.

૧૦. પૂજ્યશ્રી પાસેથી કૃપાપ્રસાદીરૂપે મંત્રદીક્ષા/સ્મૃતિચિહ્ન/લિખિત પત્ર/આશીર્વાદ –જે કંઈ પ્રાપ્ત થયું હોય તો તેની વિગતો ટૂંકમાં દર્શાવો.

૧૧. પૂજ્યશ્રીને ભજન/સ્તોત્ર/ધૂન ગવડાવતાં આપે જોયા - સાંભળ્યા છે ? વિગતે જણાવો.



## અતિલક્ષ્મી એન. શેઠ, વડોદરા

(૧) પહેલીવાર શ્રી વિષ્ણુભાઈ શાસ્ત્રીને ત્યાં વડોદરામાં દર્શન કર્યાં. સરોજબેન શ્રોફ સાથે ગયેલાં. નવાગામ રંગજયંતી પહેલાં, એ અરસામાં.

(૨) પૂ. બાપજીએ સરોજબેનને પૂછ્યું કે આ બેન કોણ છે ? પરિચય પછી બાપજીએ નારેશ્વર આવવાનું આમંત્રણ આપ્યું. એ પછી પુણાકુંભારિયા દર્શને ગયાં. એ પછી નારેશ્વર ગયાં. ત્યાં બાપજીએ નવાગામ આવવા કહ્યું. ચિમનભાઈને પગમાં અકસ્માતને કારણે દુઃખાવો હતો તે નવાગામ ગયા પછી મટી ગયો.

(૩) વૈષ્ણવ સંપ્રદાયનાં હોવા છતાં પ્રભાવ એવો પડ્યો કે એ ભગવાન જ લાગ્યા.

(૪) નારેશ્વર સુંદર લાગ્યું. પવિત્ર લાગ્યું. એ પછી બુધ-ગુરુ કાયમ નારેશ્વર જવાનું થયું. એવું વરસો સુધી જવાનું બન્યું. મહિનો-બે મહિના સહકુટુંબ રહેતાં. પૂ. બાપજીની સેવામાં ચિમનભાઈ રહે અને માજીની કુટિરે કપડાં ધોવાં, વાસણ માંજવા, બાપજી માટે નર્મદાએથી પાણી લાવવાનું કામ હું કરતી. બાપજીએ પોતાને માટે શું લાવી છે એમ પૂછતાં ગુંદરપાક કહ્યું પણ બાપજી તો લે નહિ અને પોતાની રૂમ પરથી એકવાર તો ૩૧ વસ્તુઓ લઈ ગયા. પાલક, મેથી, ટામેટાં વગેરેનો રસ કાઢી આપે. આ બધું માસ્તરકાકા લઈ જતા, રૂમ પરથી.

(૫) દત્તજયંતી-રંગજયંતીના ઉત્સવમાં ભાગ લેતાં. સેવા કરતાં. માતૃશૈલ રચનામાં પણ પત્થર લાવવા-લઈ જવાનું કામ સકુટુંબ કરેલું.

(૬) પૂ. બાપજી સાથે સીધા જ સંપર્કમાં આવવાનું થયેલું. બાપજીની ગેરહાજરીમાં ગુફાનું બધું જ કામ કરતાં. પૂ. બાપજીએ ઘેર આવવાનું વચન આપેલું તે બાજવાડામાં પોતાની મેળે થઈને આવેલા. ભાદરણવાળા શંકરભાઈ પટેલે કહ્યું કે બાપજી તમારે ત્યાં આવે છે તમે ઘેર જઈ તૈયારી કરો. એ પછી હરદ્વારમાં



દેહવિલય વખતે પણ સાથે ૧૫ દિવસ રહેલાં એટલો સંપર્ક વધ્યો. બાપજીએ તથા કમુબેન હરદ્વાર આવી સાથે રહેવાનું કહેલું.

(૭) આ બધું બાપજીની કૃપાથી જ થયું. નર્સરી, બંગલો વગેરે બન્યું. સુખી થયા. શ્રી ગુરુલીલામૃતનો અરધો પણ અધ્યાય રોજ કરવાનું કહ્યું.

હરદ્વારમાં બાપજીએ કહ્યું કે કંઈ કહેવું હોય, પૂછવું હોય તો કહો પણ કમુબેન કે અતિલક્ષ્મીબેનથી બોલાયું જ નહિ છેલ્લે હરદ્વાર ગયા તે વખતે.

(૮) પૂ. ભગવાન છે. બાપજીએ કહેલું કે હું તમારા ઘરમાં જ છું. એક ફૂલનો હાર આપેલો તે નાની ડબીમાં રાખ્યો છે. બાપજીએ કહ્યું કે યાદ કરશો એટલે આવીશ. ચાંદીની દીવી પણ બાપજીએ આપી. બાપજીએ એમની બેબીને સાડી-ચણિયો-ચોળી વગેરે આપ્યું-સરલાબેનને. વીણાબેનને થાળી અને ફ્રોક આપેલાં. થાળી જાળવી છે. ફ્રોક તો ફાટી ગયું.

બાજવાડામાં ભજન ચાલતું હતું. બાપજી ત્યાં પ્રગટ થયા. એમના દીકરા દિલીપભાઈની આંખમાંથી આંસુ પડતાં હતાં. બાપજીને કહ્યું મારી બેન સરલા બહુ દુઃખી છે. બાપજીએ કહ્યું તારી બેનને કંઈ નહિ થાય. એ રાત્રે જ સરલાબેનને ત્યાં ચોર આવેલા પણ કંઈ લઈ જઈ શકેલા નહિ. આવા તો અનેક અનુભવો છે. સ્વપ્નમાં બાપજીએ વીણાબેનને કોટનની ટોપી બનાવી લાવવા કહ્યું. ત્રણ દિવસના નકોરડા ઉપવાસ સાથેના શ્રી ગુરુલીલામૃતના પારાયણના ત્રીજા દિવસે આ સ્વપ્ન આવેલું. આ પછી બાજવાડામાં બાપજી આવી વીણાબેનને દર્શન દઈ અલોપ થઈ ગયેલા. ટોપી લઈ બાપજી પાસે ગયા પછી આ દર્શન થયેલાં.

દિલીપભાઈ કહ્યું માનતા ન હતા. દત્તબાવની કરી કોલેજમાં પરીક્ષા આપવા જવાનું અતિલક્ષ્મીબેને કહ્યું. જેમાં પાસ થવાની આશા ન હતી તેમાં Highest માર્ક્સ આવ્યા. બે દત્તબાવની કરી પરીક્ષા આપવા ગયેલા. આગલે દિવસે પેપર સારું નહતું ગયું એટલે દત્તબાવની કરવા અતિલક્ષ્મીબેને કહ્યું. એકને બદલે બે પાઠ કર્યા.



દિલીપભાઈ આજે દર ગુરુવારે પણ પાઠ કરે છે.

દિલીપભાઈની તબિયત સારી ન હતી. એટલે પરીક્ષા જ નહોતી આપવાના. અતિલક્ષ્મીબેને દત્તબાવનીનો પાઠ કરવા કહ્યું. એ પહેલી જ વાર પાઠ કરવાનો પ્રસંગ. ગમી જવાથી બીજી વાર પાઠ કર્યો. જે મેડમે પેપર તપાસ્યું તેમણે એમને સંદર્ભો પૂછ્યા. કેમ કે આ સંદર્ભો જે ટાંકેલા તે મેડમ માટે નવા જ હતા એટલે બાપજીએ જ લખાવેલું.

(૯) હરદ્વાર advance party તરીકે જઈ વ્યવસ્થા કરેલી. ચિમનભાઈ અતિલક્ષ્મીબેનને હરદ્વારમાં રહેવાનું સૂચન બાપજીએ કરેલું જ્યાં બાપજીની ભિક્ષા વગેરેની સેવા કરી હતી.

કનખલમાં ડૉ. રતિકાકાને બાપજીએ કહ્યું કે ગંગાજીમાં અતિલક્ષ્મીબેન-ચિમનકાકા, કમુબેનને સંકલ્પ કરાવો.

કનખલથી હરદ્વાર તે જ દિવસે બાપજી સાથે ગયાં, હરકી પેડી પર ગયાં જ્યાં બાપજીએ રોટલીદાનની પ્રેરણા આપી, દાન કરાવ્યું રોટલી વગેરેનું.

(૧૦) બાપજીએ મંત્ર આપ્યો નારેશ્વરમાં, શરૂઆતના પરિચયમાં, જે મંત્રની ચાર માળા કરવાનું કહેલું. હરતાં ફરતાં પણ બોલવો, જે પ્રમાણે આજે ક્રમ ચાલે છે. મંત્ર કોઈને કહેવાનું યોગ્ય નથી લાગતું. ચિમનકાકાને, વીણાબેનને પણ મંત્ર આપેલો.

બે પત્ર આફ્રિકાથી બાપજીએ લખાવેલા, જેમાંનો એક પત્ર જાળવાયો છે.

બાપજીએ પોતે આપેલાં પોતાનાં વસ્ત્રો-બે નેપકીન, ડબ્બો આપેલા જેમાંનો ડબ્બો જાળવ્યો છે. નેપકીન બાપજીની પૂજામાં રાખેલા તે ફાટી જતાં નર્મદામાં પધરાવી દીધા.

(૧૧) હરદ્વારમાં બાપજી સાથે પ્રભાતિયાં સવારે અને સાયંપ્રાર્થના બાપજી સાથે જ ગાતાં. બાપજી પોતે પણ આ બધું ગાતા બધાંની સાથે.

## શ્રી અનિલ નંદસુખલાલ શ્રોફ (મુંબઈ)

પૂ. શ્રી રંગ અવધૂત ગુરુ મહારાજ વિશે મેં પ્રથમ ડૉ. રણજીતરાય ભટ્ટ પાસેથી સાંભળ્યું કે એમને ઘરે પધારનાર સંત એક મહાન સંત છે. —દત્તભક્ત છે.



પ્રથમવાર દર્શન પૂજ્યશ્રીના ૧૯૪૪/૪૫માં સુરતમાં પધરામણી દરમ્યાન ડૉ. ભટ્ટને ઘરે જ થયા. મારે સેવામાં રહેવાનું હતું અને ત્રણ દિવસ પ્રસાદ વહેંચવાનું કાર્ય સોંપાયું હતું. મારી ઉંમર ત્યારે ૧૧-૧૨ વર્ષની હશે. બાર વાગ્યા સુધી પ્રસાદ હું વહેંચતો રહ્યો. પછી પૂ.બાપજી પાસે કોઈ ન હતું. છતાં હું દાદર પરની જગ્યાએ જ પ્રસાદની થાળી લઈ ઊભો રહેલલો. મુ. સુમનકાકા અને મુ. જમીયતરામકાકા મહાપ્રસાદ લેવા માટે નીચે ગયા હતા. પૂ.બાપજીએ મને બોલાવ્યો અને પૂછ્યું : 'હવે કોને પ્રસાદ આપશે ? અહીંયા તો કોઈ પણ નથી !' મેં જવાબ આપ્યો : 'બાપજી, મને કેવી રીતે ખબર પડે ? પૂ.બાપજીએ કહ્યું : 'એમ ! એ બરાબર છે. તેં પ્રસાદ લીધો ?' મેં જવાબ આપ્યો : 'મારાથી જાતે કેવી રીતે લેવાય ?' પૂ.બાપજી બોલ્યા : 'બરાબર, લાવ હું તને પ્રસાદ આપું.' એમ કહીને મુઠ્ઠીભરીને મને પ્રસાદ આપ્યો. મેં ગજવામાં મૂકવા માંડ્યો ત્યારે પૂ.બાપજી બોલ્યા : 'નહિ, નહિ ! અહીં જ ખાઈ લે. ઘેર લઈ જવા માટે તને બીજો આપું છું.' પછી પૂછ્યું કે શું ભણે છે ? ભણવામાં ધ્યાન લાગે છે ? કયો નંબર મળે છે ?' મેં કહ્યું. નિશાળમાં શિક્ષક ભણાવે તે તરત યાદ રહી જાય છે, પરંતુ ઘરે વાંચતી વખતે મન ભટક્યા કરે છે. એટલે પૂ.બાપજીએ એક કાગળ પેન્સિલ મારી પાસે મંગાવીને સરસ્વતીમંત્ર લખી આપ્યો. સાંજે ફરી દર્શન કરવા ગયો ત્યારે એ કાગળમાં લખેલો મંત્ર મારી પાસે વંચાવ્યો. મને મંત્ર મોઢે થઈ ગયેલો જોઈને પૂજ્ય બાપજી પ્રસન્ન થયેલા. પછી મુ. સુમનકાકા પાસે બીજો કાગળ મંગાવી સરસ્વતીસ્તોત્ર લખી આપ્યું ને તે પ્રસાદી લેખે આપ્યું.

એ જ દિવસે મારાં સ્વ. માતુશ્રીએ પૂજ્ય બાપજીનાં ચરણોમાં ચાંદીની નાની પાદુકા પધરાવી હતી. પૂ.બાપજીએ રાત્રે પોતાની પાસે મૂકીને બીજે દિવસે સવારે પ્રસાદીરૂપે આપી જે અમારા ઘરમાં પૂજનમાં છે. વળી આ સાથે શ્રીલક્ષ્મીદેવીનો મંત્ર લખીને પૂ.બાને આપ્યો ને મારી પાસે તે બોલાવવાની આજ્ઞા આપી. ત્યારથી રોજ 'દત્તબાવની'ના પાઠ, ભગવતી સરસ્વતી અને શ્રીલક્ષ્મીદેવીના મંત્રજાપ શરૂ થયા અને અમારાં બધાં દુઃખો દૂર થઈ ગયાં.

મારા પર પૂજ્યશ્રીનો બહુ ઊંડો પ્રભાવ પડ્યો. આંખોમાં દિવ્યતાનાં દર્શન થયાં. એમની સામે આંખ મેળવી જોઈ રહેતાં બીક



લાગતી. છતાં આપણી સાથે આપણા કોઈ વડીલ હોય એમ વાત કરતા.

ખાસ કરીને પહેલાં જે સંત-મહાત્માઓના-સાધુઓનાં દર્શન કર્યાં હતાં તે બધા પૈસા સ્વીકારતા હતા. આ એક જ સંત એવા જોયા કે પૈસાને સ્પર્શ ન કરતા. બીજું આપણા મનની વાત તરત જાણી જતા અને વગર પૂછે આપણા મનનાં બધા પ્રશ્નોના જવાબ બીજા સાથે વાત કરતાં કરતાં આપી દેતા અને પછી આપણી સામું જોઈને પૂછે-કેમ અનિલ સમજ પડી ?

ઈશ્વર વિશે મનમાં ઘોળાતા એક પ્રશ્નનો માર્મિક જવાબ પૂછ્યા વિના મને સંબોધીને આપેલો તે આ રહ્યો :

**What is God ? It is nothing- It is some kind of spirit which cannot be seen, felt, define or describe but the existence of which cannot be denied.** આ વાત મને ઉદ્દેશીને કહી હતી–**Afterwards it starts taking some form - some shape which you can. worship and then you can find it. you start seeing it - you can start feeling his/her presence in every living & nonliving objects-** જડ અને ચેતન **every human being, every bird and animal - in every thing that you see - feel or experience.**

હું શ્રી ચંદ્રકાન્ત પ્રાણશંકર શુક્લ પાસે સંસ્કૃત શીખતો હતો. પૂ. બાપજીને મળવા ચંદ્રકાન્તભાઈ આવ્યા ત્યારે મેં ફરિયાદ કરી કે 'બાપજી ચંદ્રકાન્ત ભાઈ બધા બ્રાહ્મણોને ત્યાં સત્યનારાયણની કથા કરાવવા જાય છે. પણ મારે ઘરે આવવાની ના પાડે છે ? અમે પણ રોજ સ્નાન કરીએ છીએ. ભગવાનની સેવાપૂજા અમારે ઘરે છે. ઠાકોરજી બિરાજમાન છે એવું કેમ ? બાપજીએ કહ્યું કે આવવા દે ચંદ્રકાન્તને એની વાત છે આજે. સાંજે ચંદ્રકાન્તભાઈ આવ્યા. બાપજીએ સવારની વાત યાદ રાખીને એમને પૂછ્યું કે અલ્યા ચંદ્રકાન્ત તું અનિલને ઘેર કથા કરાવવા કેમ જતો નથી ? એમણે જવાબ આપ્યો, 'પ્રભુ, વૈદિક પદ્ધતિથી કરાવું છું એટલે બ્રાહ્મણ યજમાન હોય તો જ કરાવું છું. એવો મારો નિયમ છે. એટલે બાપજી બોલ્યા : અલ્યા હું કહું તો પણ નહિ કરાવે ? ચંદ્રાકાન્તભાઈ ગળગળા થઈ ગયા. ચરણોમાં માથું નાખી બોલ્યા : 'એવું થાય બાપજી ? આપ આજ્ઞા



કરો એટલે બસ — તો જા હું તને કહું છું કે હવેથી અનિલને ત્યાં તારે કથા કરાવવા કે બધા પ્રસંગોએ જવાનું અને યજમાન તરીકે સ્વીકારવાનો. બીજે જ અઠવાડિયે મારે ત્યાં કથા થઈ. બાપજીના ફોટાની અને અભિમંત્રિત કરેલી આપેલી પાદુકાના સાન્નિધ્યમાં. પછી જ્યારે જ્યારે નારેશ્વર જતો ત્યારે પૂછતાં કે કેમ ચંદ્રકાન્તભાઈ હવે તારે ઘરે પૂજા કરાવવા આવે છે કે નહિ ? — બીજી કોઈ ફરિયાદ ? મેં કહ્યું કે ના બાપજી ! બધુ સારું છે. આપની દયાથી. આપે જ આપેલા સરસ્વતીના મંત્રથી પરીક્ષામાં સારા માર્કે પાસ થાઉં છું. નંબર ૧ કે ૨ રહે છે અને આગળ ભણવાની ઈચ્છા છે. પરિસ્થિતિ અનુકૂળ નથી પણ આપના આશીર્વાદથી મુશ્કેલી હજુ પડી નથી. આવી વાતો ઉંમર વર્ષ ૧૯-૨૦ સુધી બાપજી સાથે થતી. પરિણામે મનમાં લાગતું કે આ કોઈ સાધારણ વ્યક્તિ તો નથી જ. ભલે સંસારત્યાગ કર્યો ન હોય પણ **SUPERHUMAN SOUL** જરૂર છે એમ લાગ્યા કરતું. તે વખતે મોદીકાકાનું 'નારેશ્વરનો નાથ' કે એવા બીજા કોઈ પુસ્તકો ન હતાં અને પૂ.શ્રી પ્રેમ અવધૂતજી જેવા મહાન આત્માઓ જ પૂજ્યશ્રીને ઓળખી ગયા હોય તો અમારા જેવાને જણાવ્યું નહિ કે આ પરબ્રહ્મનું મૂર્ત સ્વરૂપ જ છે. વળી, જયંતિકાકા, મોદીકાકા, શંકરકાકા, ધીરુભાઈ જોષી કોઈ કરતાં કોઈએ અમારા જેવાને અણસારો પણ ન કર્યો કે આ સાક્ષાત્ ભગવાન જ છે. અને અમે ભોટ જેવા નાની નાની વસ્તુ માંગી ! બધું જ મેળવ્યું પણ જે મુખ્ય ચીજ મેળવવી જોઈએ તે મેળવી નહિ. આધ્યાત્મિક ઉન્નતિ, પ્રભુને પ્રાપ્ત કરવાનો માર્ગ - 'પરસ્પરદેવો ભવ' અને 'શ્વાસે શ્વાસે શ્રીદત્તનામ સ્મરાત્મન્' જેવાં સૂત્રોને અપનાવી આત્માનો ઉત્કર્ષ સાધવાનું એ બધું જાણે રહી ગયું છે. આજે મોડું મોડું સમજાય છે એ પણ પૂજ્યશ્રીની કૃપાથી જ.

નારેશ્વર જઈને બાપજીનાં દર્શન મેં ૧૯૪૫માં ડૉ. ભટ્ટ સાથે જ કરેલાં. તે વખતનું નારેશ્વર એટલે એક ઋષિમુનિનો આશ્રમ. આજના જેવી ધમાલ, ખાવા-પીવાનું સાધન-ચ્હા પણ કશું જ નહિ મળે. નર્મદામાં સ્નાન કરી, નર્મદાનું પાણી ભરી લાવીએ ત્યારે પીવાનું પાણી મળે. લાઈટ નહિ. ફાનસથી જ કામ ચલાવવાનું. આટલી રહેવાની રૂમો પણ નહિ. મને માત્ર ડૉ. ભટ્ટને લીધે મોદીકાકાની રૂમમાં રહેવાનું લભ્ય હતું. મોદીકાકા ચ્હા પણ મંગાવતા. નરસિંહ



પાસે. જમવાનું સાધન સાથે લઈ જતાં અને જાતે રાંધીને ખાતા. ડૉ. ભટ્ટ સાથે હોય એટલે થેપલાં વગેરે લઈને જતા - અથાણું વગેરે. ત્યાં જ રહેવા દેતા. વરસમાં પહેલાં એક-બે વાર જતાં પછી દર છ મહિને - પછી વરસમાં ચાર-પાંચ વાર જવાનું થતું. છેલ્લે છેલ્લે વરસમાં ૧૦/૧૧ વાર પણ થઈ જાય. પૂજ્યશ્રી બ્રહ્મલીન થયા પછી દર બે મહિને એક વાર જતો અને ટ્રસ્ટમાંથી રાજીનામુ આપ્યા પછી ? ત્રણ મહિને એક વાર જવાનું થાય ખરું. ઉત્સવોમાં વધુ સામેલ થતો નહિ, કારણ કે ભીડમાં મને ગભરામણ થઈ જાય. પૂજ્યશ્રીના દર્શનથી સંતોષ પણ થાય નહિ અને આપણે નકામા ભારરૂપ થઈએ છીએ એવી લાગણી અનુભવતો. પરંતુ ઉત્સવો બહારગામ હોય ત્યારે જવાનો પ્રયત્ન કરતો. ગણદેવી, વલસાડ, બિલિમોરા, ઝઘડીયા, વડોદરા, લિંચ, નવસારી અનેક ઠેકાણે ઉત્સવોમાં ભાગ લીધો હતો.લિ

આધ્યાત્મિક બોધ ઘણી ઘણી વાર ઘણી રીતે આપ્યો :

૧. ગ્રહોમાં માનવું નહિ અને કોઈ.જોશીને જન્માક્ષર-હાથ વગરે દેખાડવા નહિ. ભગવાન સાથે સીધો સંબંધ બાંધીએ એટલે ગ્રહો તમારી સેવામાં અનુકૂળ થઈને રહે. ૧૯૬૨ના એપ્રિલ/મે મહિનામાં કુ.ચંદ્રિકા મુનિમ સાથે મારાં વેવિશાળ મારાં માતુશ્રીએ ગોઠવેલાં; લગ્નતિથિ નક્કી કરવા માટે જ્યોતિષરાજ પાસે મારાં માતુશ્રી ગયેલાં, ત્યારે જન્માક્ષર જોતાં તેઓશ્રીએ માતુશ્રી સમક્ષ મંગળદોષ કન્યાની કુંડળીમાં હોઈને અમંગળની આગાહી કરી ને મારાં માતુશ્રીને નિર્ણય ફેરવવા મજબૂર કરેલાં ! એક વાર મનથી એ કન્યાને પત્ની તરીકે સ્વીકારવાનું મારા મને નક્કી કરેલું એટલે એક પ્રકારની અપરાધભાવના થઈ કે એક જ્યોતિષાચાર્યની સલાહને કારણે કોઈ કન્યાને છેહ કેમ દેવાય ? આ સ્થિતિમાં પૂજ્ય બાપજીએ મનોવિશ્લેષણ કરવાની શક્તિ ને સ્વયં માર્ગ ઢૂંઢવાની પ્રેરણા આપી હતી. પૂજ્ય બાપજીના શબ્દો આજે પણ ગુંજે છે. **You are not the creator or destroyer of anything destiny.** જો તમારાં બંનેના હૃદય મક્કમ હોય, જરા પણ ડર ન હોય તો 'મંગળ કે નો મંગ', તારો વાળ વાંકો નહિ થાય; હું એની ખાત્રી આપું છું; હૃદયના કોઈ ખૂણે અમંગળનો ડર હશે કોઈનેય તો તેમ થાય જ !' ચંદ્રિકાએ મને સ્વૈચ્છિક રીતે વેવિશાળ-વચનબંધનમાંથી



મુક્તિ આપી ને મારાં લગ્ન તે જ વર્ષમાં ડીસેમ્બરમાં જન્માક્ષર મેળવ્યા વિના જ ડૉ. નલિની (એમ.બી.બી.એસ.ડી.જી.ઓ.) સાથે થયાં; હસ્તમેળાપ ટાણે જ પૂજ્ય બાપજીનો આશીર્વાદનો તાર મળેલો ને અમને સૌને અલૌકિક આનંદનો અનુભવ કરાવેલો. ચંદ્રિકા અન્યત્ર લગ્ન કરે જ એવી મારી હૃદયની પ્રાર્થના પૂજ્ય બાપજીને કરતો રહેતો ને એનાં પણ પૂજ્યશ્રીની કૃપાથી લગ્ન થઈ ગયાં ને તે આજે સુખી છે.

૨. પ્રાણીમાત્ર પર પ્રેમ રાખવો. કોઈના જીવને દુઃખ થાય એવું કરવું નહિ - બોલવું નહિ અને વર્તવું નહિ.

૩. પ્રભુની સંપત્તિનો દુર્વ્યય જરા પણ કરવો નહિ.

૪. રોજ સવાર-સાંજ પ્રભુને યાદ કરવા અને આભાર માનવો - સુખમાં છકી નહિ જવું અને દુઃખમાં ભાંગી નહિ પડવું. ભગવાન પાસે માગવાનું એટલું જ કે સુખ સાથે દુઃખ ભલે આપજે પણ દુઃખને સહન કરવા શક્તિ જરૂર આપજે.

૫. જીવનમાં થોડા નિયમો જરૂર રાખવા—

દા.ત. ગુરુવારે અપવાસ-ફરાળ કર્યા વગર. રોજ દત્તબાવાનીનો પાઠ, આંખ મીંચીને. કોઈ આપણી પાસે હાથ લંબાવે તેને રૂપિયો હોય તો પાંચ પૈસા પણ આપવાં. બે રોટલી હોય તો અડધી પણ એને આપવી.

એક સત્કર્મ રોજ કરવું અને એની નોંધ રાખવી. જે દિવસે ન થાય તેને બીજે દિવસે બે સત્કર્મ કરવાં. આંધળાને રસ્તે પાડે એ પણ સત્કર્મ ગણાય.

મનમાં અહમ્ નહિ રાખવું. ધન-સત્તા-રૂપ ગુણ - શિક્ષણ - માન મર્તબા વગેરે કશાનું પણ નહિ. જે દિવસે અહંકાર આવ્યો તે જ દિવસથી પડતી શરૂ થઈ જશે.

માબાપની સેવા વગેરે વગેરે.

૬. આવા અનેક ઉપદેશ પ્રસંગોપાત આપ્યા હતા જે કોઈ દિવસ ભૂલાશે નહિ અને પાછા REPEAT કરતા જેથી હું ભૂલી નહિ જાઉં.

૭. બાપજી વિશેની શ્રદ્ધા : આજથી પાંચ વર્ષ પહેલાં, એક મહાન સંત Superhuman Soul તપશ્ચર્યાથી સાધારણ માનવીમાંથી અવતારી પુરુષ થઈ ગયા એવું માનતો -



છેલ્લાં પાંચ વર્ષથી ભગવાન – મારા આરાધ્ય દેવ – મારા ઈષ્ટદેવને સ્થાને જ બિરાજમાન છે અને દેહના અંત સુધી એમાં ફેરફાર થશે નહિ. આવી દૃઢ શ્રદ્ધા માટે નીચેનો સત્ય પ્રસંગ સૌને પ્રેરણા આપશે જ, એવા વિશ્વાસથી રજૂ કરું છું.

એકવાર સંજોગોવશાત્ મારી કંપની લાયસન્સના ધંધામાં એક આંતરરાષ્ટ્રીય દાણચોરની જાળમાં ફસાયેલી. રૂપિયા આઠ લાખમાં મારું લાયસન્સ એ દાણચોરને વેચેલું ! એ લાયસન્સનો દુરુપયોગ કરીને એણે કરોડો રૂપિયાનો પ્રતિબંધિત વિદેશી માલ ગોદીમાં ઊતાર્યો ! કસ્ટમ અધિકારીઓએ દરોડા પાડ્યા ! મારું લાયસન્સ એટલે મને સપડાવ્યો ! બેન્કમાં મારાં ખાતાં સીલ્ડ થયાં ! ગુનો ભયંકર હતો તેથી જેલના સળિયા પાછળ જવાનો વારો મારો છે, એવી મારા વકીલે ચેતવણી આપી ! દાણચોરને તો હું ઓળખું પણ નહિ કારણ બધો સોદો તો માત્ર દલાલો દ્વારા થયેલો ! મારાં પત્નીએ સ્થાવર-જંગમ્ મિલકત વેચીને પણ પૈસા ભરી દેવાની તત્પરતા બતાવી ! ગભરાયેલા મનથી એ દાણચોરની સાથે મુલાકાત ગોઠવી ! લાયસન્સ પાછું માંગ્યું ! એણે હૈયાધારણ આપી ને તે પોતે મને બચાવી લેશે, છોડાવી દેશે, એમ જણાવ્યું ! પણ મેં આગળ વધવાની જ ના કહી ત્યારે એણે મારી પાસે રૂા. ૩૦/-લાખની માંગણી મૂકી ! અને તે જ સાંજ સુધીમાં ચૂકવી દેવાનો આગ્રહ રાખ્યો ! હું તો દિગ્મૂઢ જ થઈ રહ્યો !

રાત્રે પૂજ્ય બાપજીને આર્તહૃદયે પ્રાર્થના કરતો રહ્યો ! ઊંઘ હરામ હતી ! મળસ્કે હૃદયમાં અવાજ ઊઠ્યો : 'હું બેઠો છું ને ! તારો વાળ વાંકો કોઈ કરી શકશે નહિ.' હું ઝબકીને જાગૃત થયો. પૂજ્ય બાપજીનો જ અવાજ હતો, એવું અનુભવ્યું ને મારામાં હિંમત આવી ગઈ !

ઓફિસમાં પહોંચ્યો ત્યારે પેલા ભાઈ જાતે મને મળવા આવ્યા. સાથે સી.આઈ.ડી. અને સી.બી.આઈ.ના માણસો સાદા કપડાંમાં પણ હતા. વાતાવરણ તંગ બનેલું હતું ! મારી સામેની ખુરશીમાં પેલા ભાઈ બેઠેલા. ચ્હા-પાણી પીધા પછી કહે કે, 'મારી રકમ નથી પહોંચી ! આપણે હવે છૂટા ! મારી રીતે હું માલ મેળવી લઈશ ! તારું જે થવાનું હશે તે થશે !'



હું ચૂપ રહ્યો. દસેક મિનિટ આમ વીતી. પછી મને પૂછ્યું : 'તારી રૂમમાં આ કોઈ મહારાજનો ફોટો છે, તે કોણ છે ?'

મારી રૂમમાં ચાર ફૂટ ઊંચો પંચાવતાર–શ્રીદત્તભગવાન, શ્રીપાદશ્રીવલ્લભપ્રભુ, શ્રીમન્નૃસિંહસરસ્વતીસ્વામિમહારાજ, શ્રીમદ્‌વાસુદેવાનંદસરસ્વતીસ્વામિમહારાજ અને શ્રીરંગ અવધૂત બાપજી–નો ફોટો છે. મેં ઓળખાણ કરાવી અને એ માણસ બોલી ઊઠ્યો : 'આપકા ગુરુ બહોત તેજસ્વી હૈ. હમ આયે હૈ તબસે મુઝે બોલ રહે હૈ કે અનિલ કો છોડ દો, નહિ તો મૈં તેરે કો બરબાદ કર દૂંગા.' અને પછી ઉમેર્યું – 'ઠીક હૈ. મુઝે કુછ કરના નહિ હૈ. મેરે આઠ લાખ વાપસ કરદે. આપકા લાયસન્સ આપકો પહોંચ જાયેગા.'

મેં આઠ લાખ ગણી આપ્યા ને મારું લાયસન્સ મને પાછું મળી ગયું ! બેંક અધિકારીઓ, કસ્ટમ અધિકારીઓ સૌ છક્ક થઈ ગયા ! ગુરુમહારાજના ફોટાનાં દર્શન માટે સૌ આવ્યા ને એ પછી કાંદિવલી મંદિરે પણ દર્શન માટે આવતા રહે છે. કળીયુગમાં બુદ્ધિબળનો ભલે મહિમા ચગે, ગુરુકૃપાનો ચમત્કાર તો કેવળ અનુભવગમ્ય જ રહેવાનો.

લીલાઓના આવા અનુભવ લગભગ ૨૦૦ થી ૩૦૦ છે. પૂજ્યશ્રીના શ્રીમુખે મેં ઘણાં ઘણાં ભજનો ધૂન સાંભળ્યાં છે. જેમકે

*ગાયતી રેવા...(ક્યાં સાંભળ્યું તે યાદ નથી)*

*રે મન મસ્ત સદા દિલ રહના...(બિલિમોરા)*

*દત્તપ્રભાતિ - (વડોદરા દત્તજયંતિ પર*


*આતમ જ્ઞાન લીયો મૂળહિસે-*

કોસંબાવાળા પંડિતજીને સંભળાવેલું ત્યારે હું હાજર હતો. આવું કેટલું કેટલું લખું અને શું શું લખું ?

**શ્રી અમરસિંહ સોલંકી** (અમદાવાદ)

'નારેશ્વરનો નાદ' ડિસેમ્બર ૧૯૮૬માંથી ટૂંકાવીને

૧૯૪૨ ડિસેમ્બરમાં સરકારી નોકરીમાં શિક્ષણખાતામાં જોડાયો સુરતમાં. બે વરસ પછી શરદી, ખાંસી, હાંફ, શ્વાસની તકલીફ થઈ. દાક્તરી નિદાન થયું કે દમ છે ! બીજા વિશ્વયુદ્ધના તે દિવસો. સોમલના



ઈંજેક્શન જર્મનીથી મેળવવામાં મુશ્કેલી ! ગમે તેમ કરી મેળવ્યાં, ત્યારે એ દવા પછી મને પ્રારબ્ધયોગે બીજી તકલીફ ઊભી થઈ ! ઓચિંતી મારી ચામડીનો રંગ ધોળો થઈ ગયો ! અનેક દવાઓ કરી, પણ સારું થયું નહિ. હું હતાશ, વ્યગ્ર બની ગયો. આ ફેરફારની સભાનતાને કારણે મારી ઊંઘ ઊડી ગઈ ! ભૂખ ભાગી ગઈ !

મારા સગા શાર્દૂલસિંહજી વાંસદાના મહારાજા સાહેબના સંબંધી; નારેશ્વરના પૂજ્ય બાપજી સાથે પરિચિત અને ભક્તિભાવ ધરાવે. એમને ત્યાં વિદ્યાભ્યાસ કરતા ભૂપતસિંહ મારે ત્યાં મેટ્રિકની પરીક્ષા આપવા આવ્યા. મારી વ્યગ્રતા જોઈને આ તરુણ ભાઈએ મને 'દત્તબાવની'ના પાઠ કરવાનું સૂચન કર્યું; 'દત્તબાવની' પણ આપી. પાઠ શરૂ કર્યા અને ચમત્કારિક અસર થઈ. મારી ચામડીનો શ્વેત રંગ થઈ ગયો હતો, એની સભાનતા ઓછી થવા લાગી ! ભૂખ અને ઊંઘ પાછી આવી ! 'દત્તબાવની'ના પાઠથી મારું જીવનપરિવર્તન થયું.

આ ઘટનાથી હું ગુરુભક્તિના માર્ગે ગયો. ઈ. સ. ૧૯૪૮ સુધી, છતાં મને પૂજ્યશ્રીનાં દર્શનનો યોગ મળ્યો નહોતો ! દિલમાં અવર્ણનીય તલસાટ હતો, ક્યારે પૂ. બાપજીનાં દર્શને પાવન થવાશે ?

રાજપીપળા જી.બી.ટી.સી.માં હું અધ્યાપક હતો, ત્યારે નારેશ્વર જવાની સુવિધા હોવાથી વખતોવખત નારેશ્વર જઈ પૂજ્ય બાપજીનાં દર્શને પાવન થતો.

ભવસાગરમાં જીવનનૌકા માટે જોઈએ છે શ્રદ્ધા, નિરંહકાર અને સચ્ચાઈ. આપણી જીવનનૌકાના સુકાની છે પ. પૂ. શ્રી બાપજી, એમના સિદ્ધાંતો-ઉપદેશ અનુસાર આચરણ કરતાં ભવસાગર એ સુકાનીની મદદથી સરળતાથી તરી જવાય છે.

## શ્રી અમૃતલાલ નાથાભાઈ મોદી

(પહેલાંની એક લિખિત મુલાકાતના આધારે)

અસહકારની લડત વખતે હું અને અંબાલાલ વ્યાસ એક જ ઓરડીમાં (સ્વરાજ આશ્રમ) રહેતા હતા. લગભગ ૧૧ વાગ્યાના સુમારે તે વખતના શ્રી વ્યાસના મિત્ર શ્રી વળામે એટલે આપણા પૂ. બાપજી સાથે પ્રથમ પરિચય થયો. એ પ્રથમ દૃષ્ટિપાતે જ મારો એઓશ્રી પ્રત્યે કંઈ એવો અકથ્ય મનોભાવ જાગ્યો અને એવી મનમાં સ્નેહની ગાંઠ પડી ગઈ કે આ જ ૩૫ વર્ષ (સં. ૨૦૧૩) થયાં પણ અમારો સંબંધ એવો ને એવો તો શું પણ એ મૈત્રીનો સંબંધ મટીને હવે મેં એઓશ્રીને



મારા અંતઃકરણમાં ગુરુસ્થાને સ્થાપ્યા છે. **व्यतिषजति पदार्थानान्तरः** કોઽપિ હેતુઃ ।

એઓશ્રીનો સાધનકાળ ક્યાં ને ક્યારે શરૂ થયો ને ક્યાં ને ક્યારે પૂર્ણ થયો એ જાણવાનું આપણી પાસે કોઈ સાધન નથી. મારી અલ્પ સમજ મુજબ એઓ પોતે પૂર્વ જન્મના જ કોઈ યોગી હશે અને એમાં જે કંઈ અધૂરાપણું પોતાને લાગ્યું હશે તે પરિપૂર્ણ કરવા અર્થે ને આ સ્વાર્થ-પ્રચુર દુનિયામાં નિઃસ્વાર્થતા શી વસ્તુ છે તેનું દૃષ્ટાંત રજૂ કરવા અર્થે જ એ પ્રભુની વિભૂતિએ જન્મ ધારણ કર્યો.


દરેક સંત મહાત્મા પોતપોતાની પરિસ્થિતિ અનુસાર ભગવદિચ્છાનુસાર આદર્શ વ્યવહાર કરતા હોય છે એટલે એક સંતની બીજા સંત સાથે સરખામણી કરી કોઈને પણ આપણી વ્હેંતિયા બુદ્ધિથી ઉચ્ચનીચ પદ દેવું એમાં આપણી ક્ષુદ્રતાનું પામર પ્રદર્શન કરવાનું હોય છે. સાક્ષાત્કારી પ્રભુ સ્વરૂપ સત્પુરુષમાં શું શું ભર્યું પડ્યું છે એ આપણું છીછરું મન કેમ માપી શકવાનું કે ગણી શકવાનું?

એક શબ્દમાં એમને ઓળખાવવા હોય તો એમને સાચા વિદ્વત્સંન્યાસી કહીયે. ભગવાન દત્તાત્રેય સંબંધમાં શાસ્ત્રોમાં જે કંઈ કહેવાયું છે તે અક્ષરશઃ એઓશ્રીના જીવનમાં ડગલે ને પગલે જોવાઅનુભવવા મળ્યું છે.

સર્વત્ર એક જ પરમ તત્ત્વનું દર્શન, પરિણામે વાદવિવાદની ઝઘડાખોર શબ્દજાળથી સદાય પર એવી ભૂમિકામાં વિહાર અને તેથી સદાય પરમત સહિષ્ણુ, બોલવા કરતાં કરવું, પરાર્થે સારું ય જીવન હોમી દઈ, ચંદનની પેઠે બળીને સમગ્ર વાતાવરણ સુગંધિત કરી મુકવું, પોતાની પ્રતિકૂળતાનો તલપુર વિચાર ન કરતાં સામાની અનુકૂળતાનો વધારેમાં વધારે વિચાર કરી વિષમમાં વિષમ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ નિજાનંદમાં મસ્ત રહેવું, કોઈને ય સહેજપણ બોજારૂપ ન બનવું વગેરે વગેરે એઓશ્રીના જીવનમાંથી જાણવા મળે છે.

આજના અતિ સુધારક વિચારોને સમસ્ત સમાજના સર્વાંગીણ વિકાસની દૃષ્ટિથી એઓશ્રી જે રીતે જીવી બતાવે છે તે રીતે જો કહેવાતા સેવાદંભી સમાજસુધારકો, સ્વેચ્છાએ દેશોદ્ધારક તરીકે ઓળખાવનારાઓ બધા જ આગેવાનો જીવનનો વ્યવહાર અપનાવે તો કશા જ ઉપદેશ કે વ્યાખ્યાનો કે એવા કોઈ વ્યવહાર શુદ્ધિ વગેરેના પ્રચારની જરૂર જ ન રહે.

એમના સુઘડતા, સ્વચ્છતા માટેનો આગ્રહ, મિતાહારપણું,



માતૃભક્તિ, વ્યવહારકુશળતા, ગુરુનિષ્ઠા સૂર્યશી નિયમિતતા વગેરે સદ્‌ગુણો આંખે ઊડીને વળગે તેવા છે.

પૂજ્યશ્રીએ ડગલે ને પગલે સહાય કરી છે. ઘણી વખતે અદૃશ્ય રહીને પણ જીવનસંગ્રામમાં મારી પડખે ઊભા રહીને મને પ્રેરણાબળ આપ્યા કર્યું છે.

મારો મોટો દીકરો (જયંતી) ગંગાજીમાં ડૂબી ગએલો તેને પોતે નારેશ્વર હોવા છતાં એનું એવું અજબ રક્ષણ કર્યું કે પાણીનું એક પણ ટીપું એના પેટમાં ન ગયું અને છતાં લગભગ એકથી દોઢ વાંસ પૂર પાણીને તળીએથી કોઈ એક માણસે મારા દીકરાને બહાર કાઢ્યો.

બનેલું એવું કે મારા બા વગેરે યાત્રાએ નીકળેલાં તેમના સંઘમાં પાછળથી આ નડિયાદના ભાઈ જોડાયા હતા. બાબુ (જયંતી) ડૂબી ગયો છે એ ખબર પડતાં તેમણે દશ-પંદર ફૂટ ઊંચેથી એ અજાણ્યા પાણીમાં ભૂસકો માર્યો. નીચે કશાકનો સ્પર્શ થતાં એમણે માથાની ઢીંક મારી ને બાબુ એ ઢીંક સાથે જ ઉપર આવ્યો. ઉપર આવતામાં એણે કહ્યું કે કોઈ બેન પણ ડૂબ્યાં છે. જાણી પેલા ભાઈએ ફરી ડૂબકી મારી, ફરી કશુંક અથડાતાં માથાની ઢીંક મારી તે બેન ઉપર આવ્યાં અને જોયું તો તે તેમનાં ધર્મપત્ની જ હતાં. એ થોડાં સ્થૂલકાય હતાં ને પાણીમાં અકસ્માત પડી જતાં મારા નાના બાબુનો હાથ પકડવા ગયાં ને બાબુ પણ ડૂબવા લાગ્યો હતો.

આ બાબતની મને તો બહુ મોડી ખબર પડી પરંતુ બનાવ બન્યો તે દિવસે અને તે પહેલાં પૂ.શ્રીને કંઈક દૈવી સ્ફુરણ થયેલું ને પછી ઉપર જણાવી તેવી યોજના આપોઆપ ગોઠવાઈ ગએલી જાણવામાં આવી.

પૂ.શ્રીએ એક વખત મોટો જમણો શંખ આપ્યો હતો જે મારી પૂજામાં હતો. દત્તાત્રેય કવચનો પાઠ કરવા કહેલું જે પણ કરતો. એમના બ્રહ્મલીન થયા પછી પણ દોરવણી આપતા રહેતા અને પ્રસંગે પ્રસંગે સચોટ અનુગ્રહો પણ થતા રહ્યા—

## ડૉ. અરુણોદય ન. જાની (વડોદરા)

(૧)

૧૯૪૭ થી ૧૯૫૧ના ગાળામાં હું વિસનગર કૉલેજમાં સંસ્કૃત-વિષયનો અધ્યાપક હતો. ત્યારે પ્રો. ડૉ. ગોકાક ત્યાંના પ્રિન્સિપાલ



હતા. તેઓ શિક્ષિતો અને લોકોનો સંપર્ક રચવાની ભાવના રાખતા. તેને કાર્યાન્વિત કરવા માટે કૉલેજના વ્યાખ્યાતાઓનાં જાહેર વ્યાખ્યાનો યોજવાનો ઉપક્રમ થયેલો. ગામના ટાઉન હોલમાં યોજાતા કાર્યક્રમોમાં 'શ્રીમદ્ ભગવદ્ગીતા' પર હું વ્યાખ્યાનો આપતો. શ્રોતાવૃંદમાં ત્યાંના એક પ્રતિષ્ઠિત ડૉક્ટર રતિલાલ હરિલાલ કંસારા (આંખોના રોગના નિષ્ણાત) હતા. એકવાર એમણે એમને ત્યાં મને નિમંત્ર્યો ને હું ગયો. આમ તો એમના નિવાસ પાસેથી જ પસાર થવાનું મારે બન્યા કરે. ત્યારે હું એમને ત્યાં સાંજ વેળાએ થતાં ભજનકીર્તન વગેરેથી આકર્ષાઉં, પણ અજાણ્યાને ત્યાં કેમ જવાય એવા સંકોચથી જવાનું ટાળતો. હવે ગયા પછી તો દત્તોપાસનાનું વાતાવરણ એમના કુટુંબમાં જોઈ પ્રભાવિત થયો. તેમણે 'શ્રીગુરુલીલામૃત' ગ્રંથના ૧૦૮ પારાયણો કરેલાં, પૂજ્યશ્રીની રૌપ્ય પાદુકાજી મંત્ર અને યંત્રથી મંડિતની પ્રસાદી વગેરેનાં દર્શન કરી હું ભાવવિભોર થયેલો. 'દત્તબાવની'નું સ્તોત્ર મેં અહીં પ્રથમવાર સાંભળ્યું. તેમાં આવતાં શબ્દો-પાત્રો-પ્રસંગો વિશે ત્યારે મેં પૃચ્છાઓ પણ કરેલી ! ડૉ. રતિલાલ કંસારાએ ત્યારે મૌન જ રાખીને મારી પાત્રતા કેળવવા મને છૂટો મૂક્યો હશે, એવું આજે મને સમજાય છે ! પૂજ્યશ્રી એક વિરલ સંત પુરુષ અને સંસ્કૃતના ઉત્તમ પંડિત હશે, એવું આ વાતાવરણ પરથી મનમાં વસેલું.

(૨)

૧૯૫૧થી હું વડોદરા યુનિવર્સિટીમાં જોડાયો. પીએચ.ડી.નો અભ્યાસ ચાલુ કરેલો. એનું કામ એકાંતમાં થઈ શકે એથી હું ૧૯૫૩-'૫૪માં નર્મદા કાંઠે આવેલ ભાલોદમાં મારા વિદ્યાર્થીને ત્યાં અવારનવાર રહેતો. નારેશ્વર વિશે વિસનગર-નિવાસ દરમ્યાન જિજ્ઞાસા થયેલી જ; તેથી હું ત્યાં પહોંચ્યો, નજીક હોવાથી. મુ. મોદીકાકા સાથે પરિચય કર્યો. તેમના સૌજન્યથી હું પૂજ્ય અવધૂતજી સુધી પહોંચ્યો. એ મારો પ્રથમ પરિચય. ડૉ. રતિલાલ કંસારા પણ જોગાનુજોગ ત્યાં જ હતા એટલે પૂ. બાપજીના બે અંતરંગ ભક્તોએ મને પૂ. અવધૂતજી પાસે પહોંચાડ્યો, એમ હું માનું છું.

(૩)

નારેશ્વરસ્થાનમાં જ પૂજ્યશ્રીના આમ ૧૯૫૩-'૫૪ના વર્ષમાં પ્રથમ દર્શન કરેલાં. નારેશ્વરનું સ્થાન એક તપોભૂમિસમુ લાગેલું. પ્રથમ દર્શનનો પ્રભાવ તો પડ્યો જ. એક વિરલ સંત પુરુષની વિરક્તિથી



આકર્ષાઈ ગયેલો. કોઈ પણ સાથે સરખામણી કરવાનો વિચાર થયેલો જ નહિ. એ પછી નારેશ્વર આજ સુધીમાં તો અનેકવાર જવાનું થયા જ કરે છે. ઉત્સવો, અનુષ્ઠાનો વગેરેમાં પણ સ્થાનના સંચાલકોના મારા પ્રત્યેના આદરભાવને કારણે સામેલ થવાનું પણ અનેકવાર બન્યું છે. હવે વયને કારણે હું એવો સામેલ થઈ શકતો નથી. ઉત્સવોમાં, રંગજયંતિઅનુષ્ઠાનોમાં, 'દત્તપુરાણ'ના સમૂહપારાયણ, 'શ્રીગુરુલીલામૃત'ના સમૂહ પારાયણમાં મેં ભાગ લીધેલો છે. 'દત્તયાગ' 'દ્વિસાહસ્રી સ્વાહાકાર' જેવા યજ્ઞપ્રયોગોમાં પણ હું ઉપસ્થિત થયેલો છું. એકંદરે ભક્તિભીનું વાતાવરણ મને સ્પર્શ્યું છે. કર્મકાંડ અને ઉપાસનાનો સમન્વય કરવાની પૂજ્યશ્રીની સાધનાશીખનું જતન અવધૂતપરિવાર યથાશક્તિ-મતિ કરતાં રહે જ છે. એનો હરખ મેં અનુભવ્યો છે, પ્રસંગે-પ્રસંગે વ્યક્ત પણ કર્યો છે.

(૪)

એકવાર નારેશ્વરમાં જ પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં હું બેઠેલો હતો, ત્યારે કલકત્તામાં રવીન્દ્ર સરોવર ઉદ્‌ઘાટનના પ્રસંગે થયેલા તોફાનોની વાત પૂજ્યશ્રી કરતા હતા. લાઈટો વગેરેની તોડફોડ કરીને, અંધારાનો ગેરલાભ લેનારાઓએ અબળાઓ પર આતંકો ગુજારેલા. આ આપત્તિમાંથી ઉગારવા માટે ત્યાંની આર.એસ.એસ.ના સ્વયંસેવકોએ જે કામગીરી કરેલી અને એક સાંસ્કૃતિક નિસ્બત દર્શાવેલી તેની પૂજ્યશ્રી પ્રશંસા કરતા હતા. આ વાર્તાલાપથી પૂજ્યશ્રી ભારતીય સંસ્કૃતિના એક પ્રહરીનો મિજાજ ધરાવે છે, એવી છાપ પડી હતી, જે ઉત્તરોત્તર દૃઢીભૂત થયેલી . .

(૫-૬)

પૂજ્યશ્રી સાથે અંતરંગતા બંધાય એવો પ્રસંગ ઇ.સ. ૧૯૬૪માં આવ્યો. પૂજ્ય બાપજીના અનન્ય ભક્ત અને મારા વિદ્યાગુરુ પૂ. મણિશંકર પંડિતજીએ અવધૂત વિદ્વન્મંડળ સ્થાપવાનો મનોરથ રચેલો. પૂજ્યશ્રીની આશિષ મેળવી નારેશ્વરસ્થાનમાં જ, તેમના સાન્નિધ્યમાં, આ મનોરથ સાકાર થયેલો. અવધૂત મહામંડળના નેજા હેઠળ અવધૂત વિદ્વન્મંડળ અને અવધૂત બાલિકા મંડળની રચના કરવામાં આવી. આ સંસ્થાઓના ઉપક્રમે વડોદરાના 'રામગલોલા મંદિર' (લહેરીપુરા, વડોદરા)માં અનેક વ્યાખ્યાનો અને ગરબા-ઉત્સવો થયેલા. આ સંસ્થાનું ઉદ્‌ઘાટન નારેશ્વરમાં જ થયું ત્યારે પૂજ્યશ્રીના સીધા સંપર્કમાં આવવાનું



થયું. વિદ્યાર્થીકાળમાં પૂજ્યશ્રીએ લખેલ 'સદ્બોધશતકમ્'ની ટીકા-ગ્રંથનું સંપાદન કરવાનો મને અનુગ્રહ પ્રાપ્ત થયો. ૧૯૬૮માં વડોદરા સન્માન થયું. ૧૯૬૮માં ડી.લીટની ઉપાધિ મેળવી, ત્યારે પૂજ્ય બાપજીએ પધારીને કુંજ સોસાયટી, વડોદરામાં શ્રીમતી કમુબેનને ત્યાં શ્રી અવધૂત તરફથી વસ્ત્ર પ્રસાદી'નો ઉપહાર આપ્યો, એ પ્રસંગે મારા જીવનનું શ્રેષ્ઠ સંભારણું છે. આ પ્રસંગ મને સ્પર્શદૃષ્ટિ-દીક્ષા મળ્યાં છે એવી અનુભૂતિ થયેલી છે. પૂજ્યશ્રીની સેવામાં રહેતા તે કાળના શ્રીગામા ઊર્ફે શ્રી ભાલચંદ્ર ત્રિપાઠી (અને છેલ્લા બે દાયકાથી પૂ. બાલ અવધૂત તરીકે પ્રતિષ્ઠિત)એ 'શ્રીગુરુલીલામૃત'નું કથાશ્રવણ તેમને કરાવું એવું સૂચન કરેલું. એ સૂચન સાકાર થયું. ગણેશ શિશોદ્રામાં (નવસારી પાસે) શ્રી મણિભાઈ પટેલને ત્યાં. આ કથા કરતાં પૂર્વે મારી સ્વયંસ્ફુરણાથી હું પૂજ્યશ્રી મોટાના હરિ ૐ આશ્રમ, નડિયાદમાં સાત દિવસ માટે મૌનમંદિરમાં 'શ્રીગુરુલીલામૃત'ના અભ્યાસ માટે રહ્યો હતો. એ કથા પછી તો આજ દિન સુધીમાં ૨૬ જેટલી કથાસપ્તાહોદ્વારા સદ્ગુરુભક્તિનો મને લાભ મળ્યા કર્યો છે.

૧૯૬૫માં પૂજ્ય બાપજી ડભોઈ મારા સહકાર્યકર અને મિત્ર પ્રો. શિવુભાઈને ત્યાં પધારેલા ત્યારે ખૂબ આત્મીયભાવે વાર્તાલાપ થયેલો. વડોદરા પાછા ફરવા માટે બસ સ્ટેશન પહોંચ્યા; ત્યાં ખૂબ ગીર્દી. બસમાંથી કોઈ અજાણ્યા ભાઈએ મને બૂમ મારી કહેલું કે તમે પ્રો. જાની! તમારી ચાર જગ્યાનું રીઝર્વેશન અહીં છે, આવી જાવો, અમે ચાર જણ હતા. મનોમન પૂજ્યશ્રીનાં દર્શન-અનુગ્રહની આ એંધાણી અનુભવી. સૌ પ્રસન્ન થયેલા.

વિદ્યોપાસનાની સાથે સાથે આત્મોન્નતિની ખેવના ઉત્કટ રૂપ લેતી થઈ, એ પરોક્ષ રીતે મને મળેલો અધ્યાત્મબોધ છે, એમ હું હૃદયપૂર્વક સમજું છું. સાધના વિશે પૂછવા જેવી શંકાઓ ત્યારે નથી પૂછી શક્યો, એનો વસવસો ક્યારેક ક્યારેક સતાવે છે. પણ તેઓશ્રીનું મૂક માર્ગદર્શન મળતું જ રહે છે. પૂજ્યશ્રીનું નૈકટ્ય સંપ્રાપ્ત કરાવવામાં શ્રી શિવુભાઈ દવે પણ નિમિત્ત છે, એવું જણાવતાં મને આનંદ થાય છે.

(૮)

પૂજ્યશ્રી સાક્ષાત્કારી સંત છે. શ્રોત્રીય અને બ્રહ્મનિષ્ઠ દત્તાત્રેય-અવતારી સદ્ગુરુ છે. એકવાર નારેશ્વર સ્થાનમાં જ 'શ્રીમદ્ભાગવત' પરનો સેમિનાર હતો. સેમિનારની બેઠક પૂરી કરી હું મેડા પરથી



નીચે ઊતરતો હતો ત્યારે લીમડા નીચે પૂજ્યશ્રીના પ્રત્યક્ષ દર્શન મને થયાં છે. આ પ્રસંગ પૂજ્યશ્રીની દેહસમાધિકાળ પછીનો છે, એથી મારે માટે જીવન-ઉજાગરતાની ઘટના છે.

(૯)

પૂજ્યશ્રી પાસેથી મળેલ વસ્ત્રપ્રસાદી, પાત્રપ્રસાદીનાં સ્મૃતિચિહ્નો મારી પાસે છે. પૂજ્યશ્રીએ સ્વહસ્તે મને ૧૯૬૮માં સન્માન સમારંભમાં વસ્ત્ર ઓઢાડેલું ત્યારે જે સ્પર્શ અને દૃષ્ટિનો રોમાંચ અનુભવ્યો છે, તે સ્વયં દીક્ષા-આશિષ હતાં તે પછી સંસારજીવનમાં, વ્યવસાયજીવનમાં અને ઉપાસના-પ્રક્રિયામાં ઉત્તરોત્તર પ્રગતિ હું અનુભવી રહ્યો છું.

(૧૦)

પૂજ્યશ્રીના સ્વમુખે ભજન-સ્તોત્ર ગવાતાં મેં માણ્યાં છે. વડોદરા ૧૯૬૧ની સાલમાં, નારેશ્વર રંગજયંતી પ્રસંગે, તેમજ ૧૯૬૫માં ડભોઈ શિવુભાઈને ત્યાં.

## પૂ. અવધૂત બાળ (દીવાબેટ)

પૂર્વાશ્રમમાં 'Rural Development and Social Reforms'ની પ્રવૃત્તિમાં સક્રિય હતો. સ્વામી વિવેકાનંદનો પ્રભાવ ખૂબ જ. એટલે સ્વયં સ્ફુરિત સંકલ્પ ઊઠેલો, પગપાળા ભારતનો પ્રવાસ કરવાનો. આખું ભારત પગપાળા ઘૂમ્યો. તે દરમિયાન વળી અંતઃકરણમાં બીજો સંકલ્પ ઊઠ્યો કે રેવા કાંઠે સ્થિર થઈશ. પ્રવાસ દરમિયાન પૂ. વિનોબાજીનો ખંભાતમાં મેળાપ થયો. વળી ત્યાં શ્રી ધીરુભાઈ ગાંધીને ત્યાં જવાનું થયું; ત્યાં એક અજાણ્યા તરીકે પૂજ્યશ્રીની છબી જોઈ અને મને આકર્ષણ થયું; રેવાકાંઠે જઈશ ત્યારે નારેશ્વરના આ મહારાજનાં દર્શન કરીશું એવો ભાવ જાગેલો. પ્રવાસ દરમિયાન ચોરંદા આવવાનું થયું ત્યાં શ્રી અંબાલાલ ગાંધી નામની વ્યક્તિને મળવાનું થયું. નારેશ્વરના સંત વિશે પૂછ્યું ત્યારે પ્રશ્ન કર્યો કે તમારે એમને મળીને શું કામ છે ? ત્યાંથી કોરલ જવાનું થયું. પૂ. પુનિત મહારાજના વાનપ્રસ્થાશ્રમમાં પંદરેક દિવસ આગ્રહને કારણે કાઢ્યા ! મક્કમ નિશ્ચય હતો, એટલે આખરે હું નારેશ્વર આવી જ ગયો ! મારું સદ્‌ભાગ્ય ગણું છું, પણ મનમાં તો પ્રશ્નો જ હતા.

પૂજ્યશ્રી ગુફા પાસે બોરસલ્લીના ઝાડ નીચે બિરાજમાન હતા.



ત્યારે મારો પોષાક હતો ખાખી ચડ્ડી અને ખમીસમાં આમાં મને જોતાં જ પૂજ્યશ્રી બોલ્યા : તમે પ્રવાસી છો. હું ચરણમાં પડ્યો ને નમસ્કાર કર્યા. મને કહે પ્રસાદ લઈ લ્યો ને આરામ કરો, પછી મળીશું ! એક ઓટલા પર બેસીને નર્મદાદર્શન હું કર્યા કરતો હતો.

બપોરે બે વાગે પૂજ્યશ્રી ગુફામાંથી બહાર આવ્યા અને મને બોલાવી કહે : હું ચાર વાગે બહાર આવું છું, પણ આજે તમારે માટે બે વાગે બહાર આવી ગયો છું. મારા મનમાં તો વિચારચક્રમણ ચાલતું હતું અને મારાથી બોલાઈ ગયું : સંત અને દ્વન્દ્વ એક જ આસનમાં બેસી શકે ખરાં ? પૂજ્યશ્રીએ જવાબ આપ્યો : સંત શાંત હોય અને દ્વન્દ્વ એટલે દુનિયા ! હું તો ચૂપ થઈ ગયો. કહે મોટા માણસોનું એવું જ હોય ! ભગવાન વ્યાસજી જુઓ; પૂજ્ય ગાંધી બાપુને જુઓ ! દુનિયાએ આ બે વિભૂતિઓને ક્યાં સાંભળી છે ? દુનિયા દ્વન્દ્વમાં જ રમનારી ! મારા મનના વિચારોને કળી જનારા પૂ. બાપજીથી હું પ્રભાવિત થયો અને એમનો મનોમન આશ્રય લઈ લીધો. પછી તો જાણે મારી સંભાળ ન લેતા હોય તેમ પછીના આઠ વર્ષ સુધી હું જ્યાં જ્યાં ફરતો રહું ત્યાં તેઓશ્રીનો મુકામ આવે જ.

ધરમપુર બાજુ સેલવાસ–લવાછિયા પાસે હું **Social Service** નિમિત્તે ગયેલો, એકવાર. જુગતરામ દવે, દિલખુશભાઈ દિવાન વગેરે સાથે હું કામ કરું. પણ અહીં પૂજ્યશ્રીએ એવી અંતઃકરણમાં પ્રેરણા કરી કે મેં આ બધો સંગ અને કાર્યો છોડી દીધાં. એકદમ પલટો મારામાં જ મને અનુભવાવા લાગ્યો ! પૂજ્યશ્રીએ મારી સામે વેધક દષ્ટિ કરી; માથાથી પગ સુધી એક ઝળઝળાટી મને થઈ. એ વર્ષ ૧૯૬૮નું હતું. પૂજ્ય બાપજી આફ્રિકાથી પાછા આવ્યા બાદનો આ પ્રસંગ છે. બોરસલ્લીનું એક ફૂલ પૂજ્યશ્રીના હાથમાં મેં મૂક્યું. તેઓશ્રી ઊભા થયા ! ને બોલ્યા : વારસો તો વારસદારને આપવો જોઈએ. ત્રણવાર આવું બોલેલા! એ મારી પૂજ્યશ્રી સાથેની, સદેહ સાથેની છેલ્લી મુલાકાત બની રહી. પૂજ્યશ્રી સાથે ત્યાર પછી મિલન તો થયા જ કરે છે. પણ એ સૂક્ષ્મ મિલન છે. સૌને એની પ્રતીતિ કેવી રીતે કરાવવાની ?!

૧૯૬૯માં પૂજ્યશ્રીની પુણ્યતિથિ પ્રસંગે હું નારેશ્વર આવ્યો; ત્યાંથી આ દિવાબેટ સ્થાનમાં આવ્યો છું. પૂજ્યશ્રીએ મને ખોળામાં બેસાડ્યો છે. એવી મારી પ્રતીતિ છે. યૌગિક પદ્ધતિની સાધનામાં મને

પૂજ્યશ્રીનું માર્ગદર્શન મળ્યા કરે છે. મારું જે કંઈ છે, તે પૂજ્યશ્રીનું છે.

સાધનાની તાલાવેલી મને ખેડાવાસથી જાગેલી. જે કંઈ સારું થાય છે, તે પૂજ્ય બાપજીનું છે, જે કંઈ ખોટું થાય છે, તે મારી મર્યાદા છે, એમ હું સ્વીકારું છું. ૧૯૬૯માં જ્યારે આ દિવાબેટમાં હું આવ્યો ને ઓટલે ઔદુંબરની છાયામાં બેઠેલો હતો ત્યારે અંતરમાં અવાજ ઊઠ્યો કે નારેશ્વર પાસે તારા માટે મંચ તૈયાર છે.



નારેશ્વરના ઓવારે પૂજ્યશ્રીની કૃપાથી એકવાર વૈધિકશાંતિનો અનુભવ થયો છે.

પૂજ્યશ્રી પાસે મેં જીવન માંગ્યું છે; મોક્ષ નહિ. એક્ઝિસ્ટન્સ્ એ જ દત્ત છે, શ્વાસોચ્છ્વાસ સ્વયં દત્ત છે. પૂજ્યશ્રી વિશે પ્રશ્નો થાય. તેઓશ્રીનું જીવન કોયડો છે, એવું લાગ્યું ત્યારે જવાબ મળ્યો કે 'પ્રશ્ન પણ તું છે અને જવાબ પણ તું છે !' આવું પૂજ્ય બાપજીનું સ્વરૂપ છે. દત્તોપાસના એ જીવનનું solution છે. પૂજ્યશ્રી રચિત 'શ્રીગુરુલીલામૃત' અમોલ ગ્રંથ છે એમાં અનુભૂતિની ઘૂંટણ છે. એ ગ્રંથનું વાચન-સેવન જ્ઞાન આપે; એનું પૂજન-શ્રવણ પુણ્ય આપે છે.

પૂજ્યશ્રીનું આધ્યાત્મિક સાહિત્ય ગહન છે. અનુભવનો અર્ક છે. પરિવારના બુદ્ધિશાળી વર્ગે એક મિશનરી સ્પિરિટથી એ સાહિત્યનો પ્રસાર કરવો જોઈએ. આપણે આમાં જેટલું જીવન સમર્પિત કરીએ તેટલું ઓછું જ પડશે.

### શ્રી અંબાલાલ વ્યાસ

(ગોધરા/ભૂવનેશ્વર ઓરિસ્સા) ('શ્રદ્ધાંજલિ' પૃ. ૮૫)

પૂજ્યશ્રીના ઘનિષ્ઠ સંપર્કમાં આવવાનું સદ્‌ભાગ્ય મને મળેલું. એમના વિદ્યાર્થીજીવનમાં આઠ વર્ષ સુધી હું એમનો સહાધ્યાયી. ગોધરાની તેલંગ હાઈસ્કૂલમાંથી અમે બંનેએ સાથે મેટ્રિકની પરીક્ષા પાસ કરેલી. ને તે પછી ગુજરાત કૉલેજ, અમદાવાદમાં પણ પ્રીવિયસમાં અમે સાથે. તે પછી તેઓ વડોદરાની કૉલેજમાં દાખલ થયેલા.

હાઈસ્કૂલમાં હંમેશાં પહેલી બેન્ચ ઉપર જ અમે બેસતા. સાંજના સાથે જ નાની સરખી પરભા નદીને કાંઠે ફરવા જતા ને પાછા વળતાં રામમંદિરને ઓટલે અર્ધોએક કલાક બેસી અલકમલકની વાતો કરતા; હાઈસ્કૂલમાં મેધાવી છાત્ર તરીકે એમની ગણના થતી.

રંગભગતનો તારણહાર



બાળપણથી જ એમની સાદાઈ, સ્પષ્ટવાદિતા અને વિનોદી સ્વભાવ માટે એ મશહૂર હતા. એમની કાવ્યશક્તિનો પરિચય એમણે નદી ઉપર ગદ્યમાં નિબંધ લખવાને બદલે એક સુંદર કાવ્ય લખીને છાત્રાવસ્થામાં જ કરાવ્યો હતો.

વાગ્વર્ધિની સભાઓમાં વાક્પટુતાથી શ્રોતાઓને મુગ્ધ કરી દેતા ને પ્રતિપક્ષીને દલીલોથી ને વાગ્બાણોથી અવાક્ કરી દેતા ! વક્તૃત્વ નાટેનાં પહેલાં ઇનામો એ જ દર વખતે જીતી લેતા.

ભગવદ્ગીતાના ૧૬મા અધ્યાયમાં આવેલા દૈવી સંપદ્નાં લક્ષણોમાંથી અભય, સત્ત્વશુદ્ધિ, દમ, સ્વાધ્યાય, તપ અને તેજસ્વિતા એમણે વિદ્યાર્થીજીવન પૂરું કરતાં પહેલાં જ સિદ્ધ કરી લીધાં હતાં. સ્વામી રામતીર્થ, વિવેકાનંદ અને રામકૃષ્ણ પરમહંસનાં જીવન તથા લખાણોની એમના જીવન પર ઘેરી અસર. કામિની કાંચનનો ત્યાગ કરવાની વૃત્તિ ને ભાવના એમણે પરમહંસના જીવનમાંથી લીધેલી ને તેને પોતાના જીવનમાં પૂર્ણમાત્રાએ સિદ્ધ કરી બતાવી.

રાજકારણમાં તિલકયુગ પૂરો થયો ને ગાંધીયુગનો આરંભ થઈ ગયેલો. શ્રી રંગ અવધૂત એક પ્રકારે તિલકપંથી હતા; પરંતુ ગાંધીયુગના રંગે રંગાઈને સરકારી કૉલેજનો ત્યાગ કરી પોતાની દેશદાઝનો પરિચય કરાવ્યો હતો, રાષ્ટ્રીય શિક્ષણના પ્રસારમાં સારો એવો ભાગ લીધો હતો.

કેટલાય દેશનેતાઓનાં વિચાર-વાણી-વર્તનમાં એકવાક્યતા ન દેખી ને રાજકારણમાં દંભનું સામ્રાજ્ય વધતું જોઈને એમણે રાજકારણમાંથી નિવૃત્તિ લઈ લીધી ને એ રીતે એમનો અધ્યાત્મમાર્ગ મોકળો થયો.

બાળપણથી જ સાદાઈ વરેલી હતી, ને ભોગવૃત્તિનો અભાવ હતો, એટલે ઉગ્ર તપશ્ચર્યાથી ને જ્ઞાનાગ્નિથી રહીસહી વાસનાઓને નિર્મૂળ કરી દીધી, અને અધ્યાત્મમાર્ગમાં અદ્ભુત સિદ્ધિ મેળવી.

એમની તિતિક્ષા ને કઠોર તપશ્ચર્યાનો મને જાતઅનુભવ છે. એમની અવધૂતી ખીચડીનો પ્રસાદ મેં આરોગ્યો છે. નારેશ્વરતીર્થની ૪૦ વર્ષની પ્રગતિ મેં નજરે નિહાળી છે. નારેશ્વર તીર્થે સ્વચ્છતા, શુદ્ધિ, પવિત્રતા ને નિયમપાલનનો જે ઉચ્ચ આદર્શ હિન્દુસમાજ આગળ ખડો કર્યો છે તેને બધાં નાનાં મોટાં તીર્થક્ષેત્રોએ અપનાવી લેવા જેવો છે.



## શ્રી ઈન્દુબેન જોશી (વડોદરા)

મારા કાકા પ્રો. સી. એચ. સુર પૂ.શ્રીના અનન્ય ભક્ત હતા. તેમને ત્યાં પૂ.શ્રી પધારેલા ત્યારે મને સૌ પ્રથમ દર્શન વડોદરામાં થયાં હતાં. વડોદરામાં પૂ.શ્રી ઘણા જાણીતા હતા. હું તે વખતે હાઈસ્કૂલમાં ભણતી હતી.

પછી પોર(વરણામાં)માં દર્શન થયાં હતાં. પ્રથમ દર્શને પ્રભાવિત થઈ પણ કોઈ સાથે સરખાવવા જેટલો અનુભવ ન હતો.

નારેશ્વર ક્યારે ગઈ તે યાદ નથી પણ ઉત્સવમાં ગઈ હતી તેટલું યાદ છે. અનેક માણસો વચ્ચે ઉત્સવમાં પૂ.શ્રીનું દર્શન ખરેખર અદ્ભુત હતું. તે વખતે નારેશ્વરમાં ખાસ કોઈ સુવિધા નહતી. બધું જ જાતે કરવું પડતું ને મંડપોમાં રહેવાનું થતું.

પછી તો દરેક ઉત્સવોમાં જવાનું થતું. ખાસ કરીને રંગમંદિર થયા પછી અન્નકૂટની સામગ્રી બનાવવા હું જતી અને વિવિધ સામગ્રી તૈયાર કરતી. મુ. મોદીકાકા એ માટે બધી સુવિધાઓ આપતા. મોદીકાકાના ગયા પછી મુ. ગોરધનકાકા વગેરે પણ સુવિધાઓ આપતા.

ઘણીવાર નારેશ્વર ચાલતાં જતાં. વિદ્યાનગરથી પૂ.શ્રીની પાદુકાજી, મૂર્તિ અને પૂ. સ્વામી મહારાજની મૂર્તિ અમો પાલખીમાં પધરાવી નારેશ્વર ચાલતાં લઈ ગયાં હતાં.

લગ્ન પછી સૌ પ્રથમ દર્શને ગઈ ત્યારે મેં બાપજીને ભૂતયોની વિશે પૂછ્યું હતું. પૂ.શ્રીએ કહ્યું કે ભૂત યોની છે અને એનું પણ મોટું સામ્રાજ્ય છે.

પૂ.શ્રી વિદ્યાનગર પધારેલા ત્યારે અમોએ પૂ.શ્રી સમક્ષ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યો હતો. જેમાં શ્રી ગુરુલીલામૃતમાં આવતી સરસ્વતી પ્રાર્થનાથી આરંભ કરેલો જેથી આ વિચાર માટે પૂ.શ્રીએ ખાસ આનંદ વ્યક્ત કર્યો હતો. અમે રજુ કરેલા રાગમાં જ ઘણે ઠેકાણે એ ગવાય છે.

બીજું તે સમયે (૧૯૬૮ ઈ.સ.) પ્રચલિત ટિપ્પણીનૃત્યના રાગમાં ભજન-ગરબો ગાયેલો. જે જોઈ પૂ.શ્રીએ કહેલું આ લોકોને નર્મદાથી તારાજ થયેલા ગામોમાં ફૂબો કરવા મોકલવા જોઈએ !

અંગત સેવા કરવાનો કોઈ અનુભવ નથી. પ્રવાસ પણ સાથે કર્યો નથી.



પૂ.શ્રી ઉચ્ચ કોટિના સંતની છાપ સદાય રહે છે. હાલ પણ તેઓ માર્ગદર્શન આપતા રહે છે. એમની મોટી હુંફ છે.

એક વખત અમો કપડવંજ બેસતાવર્ષે ગયાં હતાં. (૧૯૬૮ ઈ.સ.) ત્યારે આકસ્મિક રીતે તેમને પહેરાવેલો સુખડનો હાર મને મળ્યો, જે સાચવ્યો છે.

શ્રીપાદનો જન્મ એમની કૃપાને જ આભારી છે જે મુ. ગોવિન્દભાઈએ રંગલીલામૃતમાં વર્ણવ્યો છે.

એક વખતે તેઓ બ્રહ્મલીન થયાના બેએક વર્ષ પછી નારેશ્વર બધા કુટુંબ સાથે ગઈ હતી. મળસ્કે ઘંટ વાગી ગયો અને હું મોડી પડીશ એ ધાકે જલદી જલદી સ્નાન કરી મંદિરે ગઈ તો ત્યાં કોઈ નહીં. પૂ.શ્રી. સફેદ ચાદર ઓઢીને ફરતા જોયા અને મને થયું કે હું ક્યાં છું ! તરત જ રૂમ પર આવીને જોઉં તો રાતના બે વાગ્યા હતા !

એમને ઉત્સવમાં ગાતા સાંભળ્યા છે. પ્રસંગ વગેરે યાદ નથી.


એમની કૃપાથી રાજપીપલામાં બેનો સમક્ષ શ્રીગુરુલીલામૃતની કથા એક વાર કરી હતી. આજે ક્યારેક લેખો, કાવ્યો રચી ગુણગાન ગાઉં છું. એમની કૃપાથી સુખી છીએ.

### શ્રીમતી ઈન્દુબહેન વિઠ્ઠલભાઈ પાઠક (નારેશ્વર)

સને ૧૯૪૦માં પૂજ્ય બાપજી વ્યાસેશ્વર (શુકદેવ સામે વ્યાસ)માં પધાર્યા ત્યારે બાપજી વિષે એક મહાન સંત છે એમ સાંભળ્યું અને બધા કુટુંબ સાથે દસ વર્ષની ઉંમરે પ્રથમ દર્શન થયેલાં.

નારેશ્વર સ્થાનમાં સને ૧૯૪૫માં દર્શન કર્યાં અને ખૂબ જ શાંતિનો અનુભવ થયો. બીજીવાર રાજપીપલામાં ડૉ. નરહરિલાલ વૈદ્યને ત્યાં પૂજ્યશ્રી પધારેલા ત્યારે મારાં લગ્ન પછી પહેલી વાર સજોડે દર્શન થયાં. ત્યાર પછી તો ઘણી વાર નારેશ્વર જવાનું થતું. અને હવે તો ગુરુકૃપાથી સને ૧૯૮૭થી છેલ્લાં ચૌદ વર્ષથી અમે બંને નારેશ્વરમાં રહીને સેવા–સ્મરણ–ભજન કરીએ છીએ તે તો પૂર્વજોના પુણ્યને લીધે જ અને બાપજીની કૃપાને લીધે.

સને ૧૯૬૮ના નવેમ્બરમાં પૂજ્યશ્રી હરિદ્વાર જવાના હતા. તેના આગળના દિવસે (દશેરાના દિવસે) સાંજે શાન્તિ- નિકુંજના ઓટલા ઉપર પૂજ્યશ્રીના–સાન્નિધ્યમાં બેસવાનો લાભ મળ્યો હતો. ત્યાં અકોટીનાં શ્રી ડાહીબેન પૂ.શ્રીને પોતાને ત્યાં શ્રીડોંગરે મહારાજની



ભાગવત કથાપ્રસંગે પધારવા આમંત્રણ આપવા માટે આવેલાં. તેમને પૂ.શ્રીએ કહ્યું કે ''તમે કથા કરાવો. હું ત્યાં હાજર જ છું એમ માનજો.'' પછી મારા તરફ ભાળીને બાપજી બોલ્યા ''કેમ બહેન! હું ભાગવતમાં છું કે નહીં?'' અને મેં કહ્યું કે ''હા બાપજી, આપ તો ભાગવતમાં છો જ.'' તે વખતે મારે દરરોજ ભાગવતનું વાંચન ચાલતું હતું અને તે વાંચતાં મને હંમેશાં બાપજીનું સ્મરણ થયા કરતું એટલે મારા ભાગવતના વાંચનની પ્રવૃત્તિ પણ બાપજી જાણે છે એવી પ્રતીતિ કરાવી મહોર મારી.

ત્યાર પછી આગળ મારી સાથે જે વાર્તાલાપ થયો તે તો જાણે મને આશ્વાસન રૂપે જ હતો, કારણ કે તે જ દશેરાના દિવસે જ્યારે અમે નારેશ્વરમાં હતાં ત્યારે મારા પિતાજીનું સવારે અવસાન થયેલું જેનાથી અમે તો અજ્ઞાત જ હતાં. પણ બાપજી આગળ બોલ્યા કે ''માણસ જૂનાં વસ્ત્રો છોડીને જેમ નવાં ધારણ કરે છે તેવું જ મરણનું છે. જૂનું શરીર છોડીને માણસ નવું શરીર મેળવે એટલે એક ઓરડામાંથી બીજા ઓરડામાં જવા જેવું છે.'' આમ મારા પિતાજીના અવસાનના દિવસે જ બાપજીએ આગળથી જ મને આશ્વાસન આપ્યું હતું.

મને દર સોમવારે સ્વપ્નમાં સાપ દેખાય અને તે મારી પાછળ દોડે, નાસભાગ કરાવે. સ્વપ્નમાં એક નદીના કિનારે પુરાતન શિવલિંગનાં દર્શન કરવા જતાં ત્યાં એક યુવાન સાધુએ બધાંને (મારા કુટુંબીજનોને) પ્રસાદ આપ્યો, પણ મને ન આપ્યો. કારણ પૂછતાં જણાવ્યું કે ''તારું બહુ પાપ છે. તું બિલ્કેશ્વર મહાદેવનાં દર્શન કર.'' સાધુની સૂચના પ્રમાણે બિલ્કેશ્વર મહાદેવની ખૂબ તપાસ કરી. પણ ક્યાંય પત્તો લાગ્યો નહીં. એટલે મારા પતિ વિઠ્ઠલભાઈએ આ હકીકત પૂ. બાપજીને નિવેદિત કરતાં તેઓશ્રીએ કહ્યું કે ''સ્વપ્નમાં સર્પનું દર્શન તો આધ્યાત્મિક ઉન્નતિનું સૂચક છે. તેનાથી ગભરાવાની જરૂર નથી. દરરોજ મહાદેવનાં દર્શન કરવાં. સવારે સમય ન મળે તો સાંજે કરવાં. રોજ શિવકવચનો એક પાઠ કરવો. સોમવારે બે પાઠ કરવા. બિલ્કેશ્વર મહાદેવનાં દર્શન કરવાની પેલા સાધુની સૂચના પ્રમાણે ખૂબ તપાસ કરતાં પણ એવા કોઈ મહાદેવનો પત્તો મળતો નથી એ વાત પૂ. બાપજીને કહેતાં પહેલાં તો મૌન સેવ્યું, પણ ફરીથી ઊલટાવીને પૂછતાં કહ્યું કે ''હા! માંડવીમાં બિલ્કેશ્વર મહાદેવ છે. ત્યાં દર્શન કરવાં હોય તો જવું.'' અને અમે માંડવી ગયાં ત્યાં જે સ્વપ્નમાં નદી–કિનારે



પુરાતન–શિવમંદિર જોયેલું તેવી જ ષટ્કોણ જળાધારી. પાર્વતીજીની મૂર્તિ પણ પુરાતન સ્વપ્નમાં જોયેલી તેવી જ. તાપી નદીના કિનારે દર્શન કર્યાં. પણ પેલા સાધુનો કોયડો રહી ગયો. તે એવી રીતે ઊકલ્યો કે માંડવીમાં અવધૂતભક્ત શ્રી બાબુભાઈ શુકલનો ભેટો થયો. તેમને સ્વપ્નની હકીકત કહી એટલે તેમણે કહ્યું કે ''વર્ષો પહેલાં પૂ. બાપજી આ શિવાલયમાં એક માસ રહેલા'' તે સમયનો તેમનો ફોટો પણ અમને બતાવ્યો તો આશ્ચર્ય સાથે આનંદ એ થયો કે જે યુવાન સાધુએ સ્વપ્નમાં પ્રસાદ આપવાનો ઈન્કાર કરેલો તેવું જ સ્વરૂપ આબેહૂબ પેલા બાપજીના ફોટામાં જોવા મળ્યું. એટલે ખાત્રી જ થઈ ગઈ કે તે યુવાન સાધુ બાપજી જ હતા. અને જ્યારે આ બધી હકીકત પૂ. બાપજીને રૂબરૂ નારેશ્વર જઈને જણાવી ત્યારે પૂ. બાપજી એટલું જ બોલ્યા, કે ત્યાં જઈને દર્શન તો કરી આવ્યાને! આમ આખા પ્રસંગ ઉપર પૂ. બાપજીએ મહોર મારી. ત્યારથી દરરોજ શિવકવચનો પાઠ અને મહાદેવનાં દર્શનનો નિયમ ચાલુ છે.

મારી તબિયત સને ૧૯૮૬માં ખૂબ બગડી. હોજરી બગડી, ખોરાક લઈ શકાય નહીં, દવાઓ ખૂબ કરી. વૈદ્યે હાથ ધોઈ નાખ્યા. બેચાર દિવસના જ મહેમાન છે એમ જણાવ્યું. ઘરના બધાં ગભરાયાં' પણ અહીં પણ પૂ. બાપજી વહારે ધાયા. એકાએક મને પૂ. બાપજીના પરમ ભક્ત સુરતના ડૉ. શ્રી રમેશભાઈ ઉપાધ્યાયનું સ્મરણ થયું જેઓ M.B.B.S. થયેલા, પણ બાપજીએ એમને હોમીયોપથીની ડિગ્રી લેવા માટે લંડન મોકલેલા અને ગુરુકૃપાથી તેમને વ્યવસાયમાં ત્યાર પછી ખૂબ સફળતા અને પ્રસિદ્ધિ પ્રાપ્ત થયેલી. અવધૂત પરિવારના નાતે મારે રમેશભાઈ સાથે ગાઢ સંબંધ હતો. અમે સુરત પહોંચ્યાં. રમેશભાઈએ કેસ જોતાં જ એમણે કહ્યું કે તમે ''ખૂબ જ મોડા પડ્યા છો.'' છતાં આત્મીયતાથી બોલ્યા કે ''બાપજીનું નામ લઈને હું દવા શરૂ કરું છું'' અને એમણે ખોરાક, અન્ન બધું જ બંધ કરાવી માત્ર નાળિયેરના પાણી ઉપર જ પાંચ દિવસના ઉપવાસ કરાવ્યા. છઠ્ઠા દિવસથી કાચી કચુંબર, ફળો વગેરેની રજા આપી. આમ કુલ ચોત્રીસ દિવસના ઉપવાસ સાથે દવા પણ આપી. પાંત્રીસમા દિવસે થોડું મીઠું આપી પારણાં કરાવ્યાં અને હું બચી ગઈ ત્યારે બોલ્યા કે તમને ખરેખર પૂ. બાપજી એ જ બચાવ્યા છે. બાકી શરૂમાં તો મને સફળતાની ખાતરી ન હતી !

## શ્રી ઈશ્વરભાઈ ચતુરભાઈ પટેલ (અમદાવાદ)



ઈ.સ. ૧૯૫૨માં ૧૫ વર્ષની ઉંમરે ગામ બેડવા, તાલુકો આણંદ, જિ. ખેડામાં શિવશંકરભાઈ ગણપતરામ જોષી, જેઓ એક યોગભ્રષ્ટ આત્મા હતા, તેમના ભાઈશ્રી ગૌરીશંકર અને હું સ્કૂલમાં સાથે ભણતા. એક દિવસ તેમના ઘેર ગયો ત્યારે શ્રી શિવશંકરભાઈ ઘરની બહાર આવ્યા તથા ઓટલા પર મારા બંને હાથ પકડી બોલ્યા, ''મારું કહ્યું નહીં માનો તો તમને મારીશ.'' તેમનું કહેવું શું છે તે અંગે પૂછતાં તેઓએ જણાવ્યું, ''તમારે ગુરુ કરવા હોય તો શ્રી રંગ અવધૂત મહારાજને કરજો.''

પૂ.શ્રીનાં પ્રથમ દર્શન ધર્મજ કરેલાં ઈ.સ. ૧૯૬૧માં. તે વખતે અમદાવાદમાં નવા વાડજના રૂમ-પાર્ટનર શ્રી મનહરભાઈ પટેલ ભાદરણવાળા સાથે હતા. ગામમાં પૂ. કૃષ્ણશંકર શાસ્ત્રીજીની કથા હતી. પૂ.શ્રી રંગ અવધૂત મહારાજની શોભાયાત્રા હતી. પૂ.શ્રી ઘોડાની બગીમાં બિરાજમાન હતા. આંખે કાળા ચશ્મા (ગોગલ્સ) પહેરલાં હતા. આગળ ભક્તવૃંદ 'દિગંબરા-દિગંબરા શ્રી પાદવલ્લભ દિગંબરા'ની ધૂન ગવડાવતું ચાલતું હતું. પાછળ સ્ત્રીભક્તો ધૂન બોલતાં હતાં. રસ્તો સાંકડો હતો અને પૂ. શ્રીની બગી નજીક આવી એટલે 'બાપજી આવે છે,' બધાં જગ્યા કરો એમ સ્વયંસેવકો કહેતા હતા. આથી હું બીજા ભક્તો સાથે ઓટલા પર ચઢી ગયો. પૂ. શ્રીએ તે વખતે કાળા ચશ્મા પહેરેલા હોવાથી હું મનોમન બોલ્યો કે ચશ્મા પહેરેલા છે તો દર્શન કેવી રીતે કરવાં?

પૂ. શ્રીએ વાત જાણે સાંભળી હોય તેમ તેઓએ ચશ્મા કાઢ્યા અને તેમની અમી નજર મારા પર ફેરવી. જાણે કહેતાં ન હોય કે તને જનમોજનમથી ઓળખું છું. આથી મનમાં અચરજ તો થયું જ હતું કે આપણે મનમાં સંકલ્પ કર્યો અને પૂ. શ્રી તરત જ તેને જાણી ગયા. આમ પૂ. શ્રી દરેકનાં અંતઃકરણના સાક્ષી તથા સિદ્ધપુરુષ છે એમ ખબર પડી.

નારેશ્વરમાં પ્રથમ દર્શન ૧૯૬૩માં કર્યાં. પ્રથમ ગયો ત્યારે પૂ.શ્રી ડુમસ પધાર્યા હતા. આથી એક મહિના પછી ફરી નારેશ્વર ગયો ત્યારે મુ. મોદીકાકા નારેશ્વરમાં વ્યવસ્થા સંભાળતા. હું ખાદી ગ્રામોદ્યોગમાં નોકરી કરતો હોવાથી તથા ખાદી પહેરતો હોવાથી (મુ. મોદીકાકા



પણ ખાદી પહેરતા તથા પૂ. શ્રીને પણ ખાદી પ્રિય હતી) મોદીકાકાની નિકટતા સાંપડી. તેઓએ સૂચવ્યું હતું કે પૂ. શ્રીને બિનજરૂરી વાર્તાલાપ કે પ્રશ્નો દ્વારા હેરાન કરવા નહીં. તેઓને દરેક આવનાર ભક્તનાં અંતઃકરણની ખબર પડે છે.

પૂ. શ્રી છાપાને કળિયુગનું ભાગવત કહેતા. ''કળિયુગનું ભાગવત લાવો'' એમ પૂ. શ્રી કહે એટલે સેવકો છાપાનાં મોટાં મથાળાં વાંચતા. કોકકોકવાર પોતે પણ છાપાનાં મથાળાં જોઈ જતા.

આજ સુધી ૪૦-૫૦ વાર નારેશ્વર જવાનું થયું છે. દત્તજયંતિ ઉત્સવ પ્રસંગે નર્મદામાંથી કાવડમાં પાણી ભરી લાવતા પૂ. શ્રીને જોવાનું ભાગ્ય પ્રાપ્ત થયું છે. ભક્તો ઘડા અને જે વાસણ મળે તે તે નદીમાંથી ભરીને લાવતાં હતાં. હાલની ઑફિસની બાજુમાં હોજ છે ત્યાં ભક્તો પાણી ઠાલવતાં. ઉત્સવ પ્રસંગે અપાર માનવમેદની ઊભરાય, ત્યારે મનમાં થાય કે પૂ. શ્રી ખૂબ જ ઊંચી કક્ષાના સંત છે.

પૂ. શ્રીના પ્રત્યક્ષ સંપર્કમાં ૧૯૬૩ની સાલમાં આવવાનું થયું. તાવની બીમારીમાંથી બચવા નારેશ્વર ગયો હતો. ડૉક્ટરે દવા લખી આપી હતી, પરંતુ લેવાની શરૂ કરી ન હતી. પૂ. શ્રી શાંતિનિકુંજના ઓટલે બિરાજમાન હતા. સેવામાં ભાદરણવાળા શંકરકાકા (ખુશાલભાઈ) હતા. પૂ. શ્રીએ પૂછ્યું, ''દવા લીધી? ડૉક્ટરને બતાવ્યું?'' મેં જવાબ આપ્યો કે ''ડૉક્ટરને બતાવ્યું છે તથા દવા પણ લઈ આવ્યો છું, પરંતુ લેવાની શરૂઆત કરી નથી'' : પૂ. શ્રી : ''કેટલી રજા લઈને આવ્યા છો ?''

''એક અઠવાડિયાની રજા લીધી છે.''

''ચાલો સારું થયું. હવે દવા લેવી નહીં પડે'' - પૂ. શ્રી બોલ્યા.

તે સમયે દીવાબેટમાં ચોતરાનું કામ ચાલતું હતું. ખેતીની સિઝન હોવાથી મજૂરો મળતાં ન હતાં. ઈશ પ્રેરણાથી પૂ. શ્રી દીવાબેટમાં નજીકના ભવિષ્યમાં નિવાસ માટે જવાના હતા. આથી હું તથા ભાદરણવાળા શંકરભાઈ બંને દીવાબેટમાં ચોતરાનાં ચણતર માટે સેવામાં રજૂ થયા.

દીવાબેટ એટલે મૂળ નારેશ્વરનું મંદિર તથા શિવલિંગ ત્યાં બિરાજમાન હતું. નારોપંતને સ્વપ્ન દૃષ્ટાંત થવાથી નર્મદાનાં મહાપૂરમાં તે જગ્યા બેટ સ્વરૂપમાં ફેરવાઈ ગઈ અને શિવલિંગ તથા જળાધારી રેતીમાં દટાઈ ગયાં હતાં. બીજા દિવસથી અમારા બંનેની દીવાબેટની



સેવા શરૂ થઈ ગઈ. ચોતરાના સ્થળથી નદીકિનારો લગભગ અડધો માઈલ દૂર હતો.

હું નદીકિનારાથી ડોલ વતી પાણી લઈ આવતો. શંકરકાકા સિમેન્ટ–રેતીનું મિશ્રણ બનાવતા તથા કડિયો તે મિશ્રણથી ચણતર કરતો હતો. રેતીના ભાઠામાં ચાલીને અડધો માઈલ દૂરથી પાણી ચણતર માટે લાવવાનું હતું. માલ બની જાય એટલે છંટો કડિયાને આપવાની રહેતી. સિમેન્ટ–રેતીનું કામ કરેલું ન હોવાથી હાથે ટાંકીઓ પડી જતી. સાંજે પૂ. શ્રીનાં દર્શન કરતી વખતે બરોબર હાથ જોડાતા નહીં.

પૂ. શ્રી પૂછતા, "હાથે શું થયું છે?"

"સિમેન્ટ રેતીનું કામ કરેલું નહીં આથી હાથે સહેજ તકલીફ છે."

પૂ. શ્રી : "દેવનાં કામમાં હાથ વપરાયા છે ને? મટી જશે."

સવારે ઊઠીને જોઈએ તો હાથ પૂર્વવત્ નીરોગી જણાતો. ફરી બીજા દિવસે કામ કરતાં હાથે ટાંકીઓ પડતી. પરંતુ રાત્રે ઊંઘ આવી જતી તથા સવારે હાથમાં કોઈ ઈજાનાં ચિહ્નો જણાતાં નહીં. આમ આખું અઠવાડિયું ચાલ્યું.

૧૯૬૫ની સાલમાં સખત કમરનો દુઃખાવો થયો. ડૉક્ટરના કહેવા પ્રમાણે ઑપરેશન એ જ સાચો ઉપાય હતો. દર્દમાં રાહત થાય તે માટે ડૉક્ટરે દવા લખી આપી હતી જે લઈને હું નારેશ્વર પૂ. શ્રીનાં દર્શને પહોંચી ગયો.

પૂ. શ્રી : "શું થયું છે ?"

"બાપજી કમરનો દુઃખાવો છે. મણકાનું દર્દ છે. ડૉક્ટરના કહેવા પ્રમાણે ઑપરેશન કરાવવું પડશે. આ દવા લઈ આવ્યો છું પરંતુ હજુ લીધી નથી."

પૂ. શ્રી : "શહેરમાં તો લોકો પાસે પૈસા હોય. ગામડામાં ગરીબ લોકો શું કરે? ક્યાંથી મોંઘી દવા લાવે ? તેઓ તો નર્મદા મૈયામાં ડૂબકી લગાવે અને નર્મદા માતા તેમનું દુઃખ દૂર કરે."

હું તેનો અર્થ સમજ્યો. કમરનો દુઃખાવો હતો છતાં નર્મદાકિનારે ગયો અને છ–સાત ડૂબકી લગાવી. તે સાથે જ કમરનો દુઃખાવો ગાયબ થઈ ગયો. દવાઓ બધી નર્મદા માતાને સ્વાધીન કરી.

૧૯૬૭નું વર્ષ હતું. હું તથા શંકરકાકા (ભાદરણવાળા) મારી સાથે હતા. અમે બંનેએ શ્રી ગુરુલીલામૃતનું પારાયણ કરવા નક્કી કર્યું. પૂ. શ્રી : "શું તમે પારાયણ કરશો ?"



''હા બાપજી. અમે નક્કી કર્યું છે. આપની આજ્ઞા લેવા આવ્યા છીએ.''

''કરો ત્યારે'' પૂ. શ્રી જાણે કહેતા હોય કે આશ્રમસેવા–ગુરુસેવા કરીએ એટલે તે ધર્મગ્રંથના પારાયણનું ફળ મળે. ફક્ત ગ્રંથનું શાબ્દિક વાચન જરૂરી નથી.''

અમારો ઉત્સાહ જોઈ પૂ. શ્રીએ મંજૂરી આપી તથા મુ. શંકરકાકાની ઉંમર તથા સ્થાનની સેવા કરતા હોઈ પારાયણના આકરા નિયમોમાં પૂ. શ્રીએ છૂટછાટ આપી. હું તેમના કરતાં યુવાન હોવાથી મારે બધા જ નિયમો પાળવાના. દીપ પ્રગટાવવો, ગ્રંથનું પૂજન, એકી બેઠકે વાચન પૂરું કરવું, એકપણ અક્ષર છોડવો નહીં ઇત્યાદિ નિયમો પૂ. શ્રીએ સમજાવ્યા.

પારાયણ પૂરું થાય એટલે પૂ. શ્રીનાં દર્શન કરવા જતા. પૂ. શ્રી : ''કેમ સમજાય છે?''

''બાપજી યોગ વિશેના અધ્યાયોમાં કશી ચાંચ ડૂબતી નથી.''

''દેવને સમજાવવું હશે ત્યારે સમજાવશે. ત્યાં સુધી એક પણ લીટી છોડવી નહીં. નવલકથાની જેમ વાંચી જવી.''

આમ ઘણાં વર્ષો સુધી પારાયણો કર્યા પછી શ્રી ભાગવત વિદ્યાપીઠ સોલામાં વિવિધ વિદ્વાનોના ''શ્રી રંગ વિચારધારા'' અંગે પ્રવચનો ગોઠવવામાં આવ્યા ત્યારે જ્ઞાન અંગેની જિજ્ઞાસા પણ પૂરી થઈ ગઈ.

રાત્રે ભજન પછી શ્રી ગાયકવાડ પૂ. શ્રીના શરીરે તેલની માલિશ કરતા. હું તથા શંકરકાકા સાથે રહેતા. પૂ. શ્રી : ''તમને શારીરિક દુ:ખ પડે એટલે તમે લોકો ઓ બાપા રે.... એમ બૂમ પાડો. અમે વળી કયા બાપાને બૂમ પાડીએ ? શારીરિક દુ:ખ બધાને થાય. એટલે અમે બૂમ પાડવાને બદલે ૐ ૐ ૐ એમ બોલીને દુ:ખને ભૂલવા પ્રયત્ન કરીએ.''

પૂ. શ્રી પ્રત્યે ઇષ્ટદેવ તથા દત્તાવતારી સંત તરીકે શ્રદ્ધા છે. મારા જીવનમાં ઘણા પ્રસંગે સમાધિ લીધા પછી પણ માર્ગદર્શન આપ્યું છે.

ખેડા જિલ્લામાં આણંદ તાલુકાના બેડવા ગામનો પ્રસંગ છે. કાળી ચૌદશનો દિવસ હતો. ખેતરમાં દીવો કરવા જવાનું હતું. એક હાથમાં પરોણો તથા બીજા હાથમાં દીવાની સામગ્રી લઈ ખેતર તરફ જતો હતો. રસ્તામાં સાંકડી નેળ હતી. ત્યાં ૬-૭ દારૂડિયાઓ બેઠેલા હતા.



તેમના હાથમાં ધારિયાં તથા લાકડીઓ હતી. તેમની સાથે બોલાચાલી થતાં તેઓ મને મારવા ફરી વળ્યા. બાજુના ખેતરમાં નાના ભાઈના મિત્રો હતા. તેઓએ હકીકત જાણી ઘેર પિતાશ્રી ચતુરભાઈને સમાચાર આપ્યા કે ઈશ્વરભાઈને દારૂડિયાઓએ લગભગ પતાવી દીધો હશે. કારણકે દારૂડિયાઓ પાસે ધારિયાં તથા લાકડી જેવાં શસ્ત્રો હતાં તથા નેળમાં ઊભા હોવાથી ત્યાંથી ક્યાંય નાસી જવાય તેમ ન હતું.

જ્યારે ઝપાઝપી થઈ રહી હતી ત્યારે એક પોતડી પહેરેલી વ્યક્તિ ત્યાં આવી તથા દારૂડિયાઓને ઊંચા અવાજે  કહેવા લાગી, ''આ છોકરાએ તમારું શું બગાડ્યું છે? છાનાંમાનાં બેસી જાવ એક બાજુ'' મને સંબોધીને કહ્યું, ''તું ખેતરમાં જઈને દીવો કરી આવ. ઘેર તારી સહુ રાહ જુએ છે.''

હું ખેતરમાં દીવો કરી આવ્યો. પાછાં વળતાં ફરી નેળ આવી. પરંતુ ત્યાં દારૂડિયાઓ નીચી નજર કરી પૂતળાં જેવા સૂનમૂન બેઠા હતા. તેઓએ ઊંચી નજર પણ ન કરી. ઘેર આવતાં સામે પિતાજી તથા ગામના ઘણા માણસો ફાનસ લઈને લાકડીઓ વગેરે લઈ આવતા મળ્યા. તેઓએ મને સહીસલામત જોઈને મનમાં હાશ અનુભવી. ગામના મુખીએ મને પોલીસમાં ફરિયાદ કરવા જણાવ્યું, પરંતુ મને કોઈએ માર્યો નહોતો આથી મેં ફરિયાદ કરવા ના કહી. પોતડીવાળી વ્યક્તિ વિશે વિચાર કરતાં પૂ. શ્રી રંગ અવધૂત મહારાજે તે સ્વરૂપમાં આવીને મારું રક્ષણ કર્યું એવા વિચાર સાથે હાલમાં પણ તે પ્રસંગ યાદ આવતાં આંખમાં ઝળઝળિયાં આવે છે. તે સમયે પૂ. શ્રી સમાધિસ્થ થઈ ગયા હોવા છતાં ભક્તના સંકટ સમયે દોડી આવ્યા.

ઠાસરા તાલુકાના અજુપુરા ગામે ગુરુપૂર્ણિમા ઊજવાઈ. પૂ. શ્રીની પાવન હાજરી પણ ત્યાં હતી. પૂ. શ્રીએ કહ્યું કે બધા ભક્તોને જલદી જમાડી દો તથા તેમને ડાકોરવાળા રસ્તે જવાનું કહો. આજે બે વાગે મૂશળધાર વરસાદ આવવાનો છે. આ વખતે આકાશમાં એકપણ વાદળ દેખાતું ન હતું.

બધા ભક્તોએ પાદુકાપૂજન પછી મહાપ્રસાદ લીધો અને ભક્તો બધા ડાકોરવાળા રસ્તે પોતપોતાને ઘેર જવા રવાના થયા. બરોબર બે વાગે પુષ્કળ વરસાદ પડ્યો. આખા ગામમાં કેડ સમું પાણી હતું. અજુપુરામાં પૂ. શ્રી, સુમનકાકા, કોસંબાવાળા શ્રી દીનાનાથ પંડિત અને હું એવા બેચાર ભક્તો જ રોકાયા. પ્રવાસમાં પણ પૂ.શ્રીની દિન-



ચર્યા કેવી હોય છે તે જોવા મળી.

મેં મોદીકાકાને વિનંતી કરી કે મારે પાદુકાજી લેવી છે. મોદીકાકાએ કહ્યું કે એક સોનીભક્ત ચાંદીની પાદુકાઓ લઈ આવે છે. બીજા દિવસે મારે વહેલી સવારમાં જવાનું હતું. રાત્રે પૂ. શ્રી પ્રાર્થનાખંડ પાછળ બેસતા. મોદીકાકાની સૂચનાથી હું પાદુકાજી લઈ અભિમંત્રિત કરાવવા પૂ. શ્રી પાસે લઈ ગયો.

પૂ. શ્રી : ''શું લાવ્યા ?''

''પાદુકાજી લાવ્યો છું.''

પૂ. શ્રી : ''લાવો-લાવો સવારે જવું છે ને ?''

પૂ. શ્રીએ પાદુકાજી અભિમંત્રિત કરી આપી.

પૂ. શ્રી : ''શું કરશો આનું ?''

પૂ. શ્રી : ''સેવા કરીશ.''

''થાય તો કરજો, નહીં તો અગરબત્તી અવશ્ય કરજો. એમને એમ મૂકી ન રાખશો.''

ઈ.સ. ૧૯૮૫માં અનામત આંદોલન વખતે આ પાદુકાજીનું સોલામાં જાહેર પૂજન થયું. કારણ કે શહેરમાંથી એક ભક્તને ત્યાંથી પાદુકાજી લાવવાનાં હતાં તે કરફ્યુને લીધે ન લાવી શકાયાં. આમ ઘણાં વર્ષોથી પૂજાયેલ પાદુકાજીમાં પૂ. શ્રીનો પ્રત્યક્ષ વાસ છે એમ પૂ. શ્રીએ મહોર મારી.

પૂ. શ્રીને ભજનો, સ્તોત્રો કે ધૂન ગવડાવતાં સાંભળ્યાં નથી, પરંતુ ભજનોની એકાદ લીટી કે શ્રી ગુરુલીલામૃતનો દોહરો ગાતાં સાંભળ્યા છે.

## શ્રી ઈશ્વરલાલ શેઠ (રિટાયર્ડ જજ) અમદાવાદ-સૂરત

('નારેશ્વરનો નાદ' વર્ષ ૮૧ની ફાઈલમાંથી ટૂંકાવીને)

માતા-પિતાના સંસ્કાર અને જયેન્દ્રપુરી સંન્યાસ આશ્રમના સ્વામીશ્રી અતુલાનંદજીના સત્સંગલાભથી સદ્‌ગુરુ કરવાની હૃદયમાં અભિલાષા જાગેલી. ૧૯૪૩નું વર્ષ. એક સ્નેહી તરફથી સૂચન થયું, નારેશ્વર શ્રીરંગ અવધૂતજીનાં દર્શને જવા માટેનું ! આ સ્થળ ક્યાં આવ્યું ? આ સંતશ્રી કોણ વગેરે બાબતોથી હું તદ્દન અજાણ હતો ! થોડા દિવસો પસાર થયા ને મારા વકીલ મિત્ર ઠાકોરલાલને ત્યાં અંકલેશ્વરના શ્રી ચિમનલાલ ભૂખણદાસ નામના એક સજ્જને



નારેશ્વરની વાત કરી ને મને સ્થાન તથા સંતનો પ્રાથમિક પરિચય આપોઆપ મળી ગયો. આ સજ્જને મને 'દત્તસ્તોત્રરત્નાકરસમુચ્ચય' અને 'દત્તબાવની' એવી બે પુસ્તિકાઓ પણ આપી, અને નિત્ય પાઠ કરવા ભલામણ કરી. મેં તે પ્રમાણે કરવા માંડ્યું. મારો ત્રણ વર્ષનો બાબો બિપન પણ મારી સાથે 'દત્તબાવની' બોલતો થયેલો.

ભાલોદના મારા સ્નેહી હરિલાલભાઈ પંડ્યા સાથે હું પ્રથમવાર નારેશ્વર પહોંચ્યો. મારી સાથે મારી ભાણેજ અનસૂયા પણ આવી હતી. પૂજ્યશ્રીનાં બપોરે અઢી વાગે દર્શન થશે, એવું જાણી બોધિ લીમડા નીચે જ અમે બેસી ગયાં. નર્મદાજીનાં સ્નાન કરીને, પવિત્ર વસ્ત્રો ધારણ કરીને અમે બેઠાં હતાં.

મેં લીમડાને જોયો : ડાળીઓ છત્રી આકારે વળી આશ્રમની ભૂમિને ચુંબન કરી રહી હતી. લીમડાના થડ સાથે ઈંટમાટીથી બનાવેલ બેઠક હતી. સંતના દૈવી આંદોલનોનો આવિર્ભાવ લીમડાએ ધારણ કરેલી નમ્રતામાં અનુભવાતો હતો. લીમડાને ફરતી જમીન ગૌ-છાણ-માટીથી લીંપેલી હતી. ત્યાં અલૌકિક શાંતિનો અનુભવ થતો હતો. દોઢેક કલાક પ્રતીક્ષા કરવાની છે એવું હતું. પણ પૂજ્યશ્રી અમારી ઉત્કટતાને પામી ગયા હશે જ એટલે દશેક મિનિટમાં જ તેઓશ્રી પધાર્યા. લંગોટધારી દાઢીવાળા કમળ જેવી આંખોવાળા એ સંતને મેં જોયા ને શાંતિનો અનુભવ થવા લાગેલો. અમે ઊભા થઈને હાથ જોડી રહ્યા. પૂજ્યશ્રીએ લીમડાની બેઠકે આસન જમાવ્યું ને અમે દંડવત્ પ્રણામ કરી ભૂમિ પર બેઠા.

સ્નેહીશ્રી હરિલાલભાઈ પંડ્યાએ અમારો પરિચય કરાવ્યો. મારા બાબા બિપન પાસે'દત્તબાવની' ગવડાવી. પૂ. બાપજીએ આશિષવાણી ઉચ્ચારેલી : પૂર્વના સંસ્કાર છે, બહુ શુદ્ધ ઉચ્ચારે દત્તબાવની બોલ્યો, બાબા અહીં રહી જા.' બાબાએ જવાબ આપેલો : 'હમણા નહિ !' પૂ. બાપજીએ ત્યારે કહ્યું : 'સારું મોટો થઈ ભણી અહીં આવજે.'

મારી ભાણી ઈન્ટર સાયન્સમાં ભણતી હતી. પેટના દુઃખાવાને લીધે પરીક્ષા આપી શકેલ નહિ. એને ડૉકટર થવાની ઇચ્છા. આ બધી વાત મેં પૂજ્યશ્રીને નિવેદિત કરી. પૂજ્યશ્રીએ તેની તરફ જોઈને કહ્યું, 'ચા પીતી હોય તો પીવાનું બંધ કરજે; દૂધમાં ખારેક નાખી ઉકાળીને પીજે અને એકવીસ દિવસ કુમારપાઠાના રસમાં ઘઉંનો લોટ નાખી તેનો શીરો કરી દરરોજ સવારે વહેલો ખાજે. મટી જશે.'' આ ઇલાજ



કર્યો ને તે દર્દમુક્ત થઈ ગઈ, ડૉકટર પણ થઈ ને લેડી ડૉકટર તરીકે નોકરી કરે છે.

મારાં માતુશ્રીએ મને વ્યાવસાયિક ઉત્કર્ષની મારી ઇચ્છા સંબંધે પૂછવા સૂચન કર્યું; પણ મારું મન તો સાક્ષાત્કાર માટેના માર્ગદર્શન માટે ગુરુની શોધમાં હતું; એટલે એટલું જ બોલી શક્યો : 'બાપજી, આશીર્વાદ.' મારા તરફ,ત્યારે પૂજ્યશ્રીએ જે કૃપાકટાક્ષ કરી ૐ ધ્વનિ ઉચ્ચારેલો તેથી અંતરમાં આનંદ અને શાંતિ છવાઈ ગયેલાં. ત્યારે મને મૂક આદેશ સંભળાયેલો : તું ગૃહસ્થ હોવાથી તારે જગતના સંસારમાં ડુબાડનાર કામ, ક્રોધ, લોભનાં બળોને પ્રથમ જીતવાં તેમ જ પ્રયત્નશીલ બની, પુરુષાર્થ કરી જીવનવિકાસની સાધનાથી સમભાવમાં સ્થિત થવાનું છે.'

સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી જવા માટે આજ્ઞા માગી, ત્યારે પૂછ્યું : કેવી રીતે જશો ? મિત્ર સાથે નાવડીમાં ભાલોદ થઈને જવાની વ્યવસ્થા છે, એવું જણાવ્યું ત્યારે આજ્ઞા આપી : 'સાંજ થતાં પહેલાં નીકળી જજો.' સંવત ૨૦૦૦ (ઈ.સ. ૧૯૪૪) માગશર વદ પાંચમ, રવિવારનો આ દિવસ મારે માટે નવો જન્મદિન બન્યો હતો.

બે અક્ષર ગુરુ એ નક્કી છે અમૃતાર્ણવ એમ;
ક્ષણેક ડૂબકી મારતાં, રહે ત્રિતાપ જ કેમ ? (ગુરુલીલામૃત ૩/૧૪૨)

પ્રથમ દર્શન પછી દશ મહિનામાં મારી નિમણૂક 'ઋણરાહત બોર્ડ'ના ચેરમેન તરીકે માતર-મહેમદાવાદમાં થઈ. મારાં માતુશ્રીની મનોકામના, મારી પણ ઊંડે ઊંડે રહેલ ઇચ્છા પૂજ્યશ્રીએ પૂર્ણ કરી. અશક્ય અને મુશ્કેલ લાગેલો પ્રમોશનનો સંજોગ પૂજ્યશ્રીએ કેવળ કૃપાથી સિદ્ધ કર્યો છે, એવી દૃઢ શ્રદ્ધા અમારું આખું કુટુંબ ધરાવે છે.માતરમાં જ્યાં હું રહેતો હતો, ત્યાં એક વણિક બાબુભાઈનો સંપર્ક થયો. તેમનું ચિત્ત ભ્રમિત રહેતું. સાંજ વેળાએ પોતાની ખડકીમાં આંટા-ફેરા કર્યા કરે ને બબડાટ કર્યા કરે : 'બદમાશ, લુચ્ચા મારું બધું લઈ લીધું.' 'બાબુભાઈ ગાંડા' કહીને લોકો તેમને ઓળખે. મારા બીજા સ્નેહીજન શ્રી મણિભાઈ શેઠ દ્વારા મેં બાબુભાઈને મારી પાસે બોલાવ્યા. 'શ્રીમદ્ભગવદ્ગીતા' વિશે વાત કરી, સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો વિશે પૂછ્યું તો કડકડાટ બધા શ્લોકો બોલી ગયા ! તેથી મને આનંદ થયો. મારી સાથે સ્વેચ્છાથી તેઓ નારેશ્વર આવ્યા. ત્યારે દત્તજયંતીનું પર્વ હતું. પૂ. બાપજીની આજ્ઞા મેળવી પૂજ્યશ્રીની પાસે બાબુભાઈને



લઈ ગયો, પરિસ્થિતિની જાણ કરી. પૂજ્યશ્રીએ તેમની ચિત્તભ્રમિત દશાના નિવારણ માટે વિષ્ણુસહસ્રનામનો દરરોજ એક વખત અને એકાદશીને બે વખત પાઠ કરવાનું જણાવેલું. ઉપરાંત ગાયનું ઘી બે વખત લમણે ઘસવાનું સૂચન કરેલું. બાબુભાઈએ ઘેર પહોંચી આજ્ઞાનુસાર પાઠ અને માલિસ શરૂ કર્યાં ને તેમનો ચિત્તભ્રમ નેસ્તનાબૂદ થઈ ગયો.

સને ૧૯૪૭માં જાન્યુઆરી માસમાં ભાલોદથી નાવડી દ્વારા નારેશ્વર હું ગયેલો. પ્રતિકૂળ પવનને કારણે નારેશ્વર કિનારે રાત્રે આઠ કલાકે અમે પહોંચેલા. બાંધેલો ઓવારો ત્યારે નહીં; અંધારું ખૂબ; ઠંડી જોરમાં. કિનારેથી આશ્રમ પહોંચતાંય રસ્તો ભૂલેલા. ધ્યાનકુટીર પહોંચી, ફાનસ ત્યાં રાખી પૂજ્યશ્રી પાસે દર્શન માટે ખડાં થયાં એટલે પ્રશ્ન પૂછ્યો : 'ઈશ્વરલાલ ! આટલા મોડા કેમ આવ્યા ?' મારા ચિ. બિધને એક ગીત ગાયું :

*"સેવાનો ટોપલો શિર પર ધારી કરતો હું લોકની સેવા.*
*વહેલો ઊઠી મેલા ઘેલો દેવદર્શને જાઉં તો પડતો પથ્થરનો માર રે,*
*જન્મે અભાગિયો હું ભંગિયો. બાપુ ગાંધી હમારા સાચા સુકાની,*
*હરિજનનો કીધો ઉદ્ધાધાર રે, જન્મે અભાગિયો હું ભંગિયો."*

ત્યારે પૂજ્યશ્રીએ પ્રેમથી બિધનને કહેવા માંડ્યું : 'બાબા, તારા ગાંધીને હું ઓળખું છું.' પછી, સેવામાં ખડેપગે રહેતા જગજીવનભાઈ માસ્તરને બોલાવી કહે કે કાગળ પેન્સિલ લઈને મોદીને અહીં આવવાનું કહો. મુ. મોદીજી કાગળપેન્સિલ લઈને આવ્યા ને પૂજ્યશ્રીએ નીચેનું ગીત લખાવ્યું :

*દૂર હટો દૂર હટો અય ટોપીવાલે હિન્દુસ્તાન હમારા હૈ !*
*આયે થે વેપાર કરને માલિક હોકે બૈઠે હો.*
*દૂર હટો દૂર હટો અય ટોપીવાલે હિન્દુસ્તાન હમારા હૈ.*
*ચોર હોકે શાહુ બનકે હમકો હી ધમકાતે હો*
*દૂર હટો દૂર હટો અય ટોપીવાલે હિન્દુસ્તાન હમારા હૈ.*
*ગાંધી હૈ સરદાર હમારે શસ્ત્ર અહિંસા હૈ કાતિલ*
*દૂર હટો દૂર હટો અય ટોપીવાલે હિન્દુસ્તાન હમારા હૈ.*

ચિ. બિધનને આ ગીત પૂ. બાપજીએ મુ. મોદીજી પાસે અપાવ્યું. અને બિધનને કહ્યું કે, 'બાબા, હવે આવે ત્યારે આ કાવ્ય તૈયાર કરીને આવજે.' મારે મન આ પ્રસંગ માર્મિક સંકેતનો છે. આ સમયે ભારતને સ્વરાજ્ય આપવું કે નહિ તેની વાટાઘાટ બ્રિટિશ સરકારના પ્રતિનિધિઓ



અને ભારતના નેતાઓ સાથે ચાલતી હતી. પરંતુ ભારતને સ્વરાજ્ય મળશે કે કેમ ? તે ૧૯૪૭માં તો પ્રશ્ન જ હતો. અને આ કાવ્ય લખાવ્યું છે ! ઇંગ્લેન્ડથી બ્રિટિશ સરકારના પ્રતિનિધિ તરીકે સ્ટ્રેફોર્ડ ક્રિપ્સ ભારત આવી ચર્ચા કરી રહ્યા હતા કે ભારતને સ્વતંત્ર બનાવવું કે નહિ ? અને જો સ્વતંત્રતા આપવામાં આવે તો કેવી રીતે આપવી ? ભારતના ભાગલા કર્યા સિવાય ભારતને સ્વતંત્રતા આપવાની શક્યતા બ્રિટિશ રાજ્યકર્તા નકારતા હતા. ગાંધીજી ભાગલા માટે તૈયાર ન હતા. એટલે ૧૯૪૭માં સ્વરાજ્ય મળશે કે કેમ એ કહેવું મુશ્કેલ હતું ત્યારે નારેશ્વરના નાથનાં વાક્બાણ તે રાત્રે છૂટ્યાં અને છ મહિનામાં ભારતને સ્વતંત્રતા આપવાનો નિર્ણય ભાગલા પાડવાની શરતે લેવાયો ! આઝાદી મળ્યા પછી પૂજ્યશ્રીનો મુકામ ઓલપાડ એકવાર હતો. ત્યાં મહાદેવના મંદિરમાં પૂજ્યશ્રીનાં દર્શન માટે ભક્તમંડળી ભેગી મળી હતી, ત્યાં એક ભાઈએ પૂજ્યશ્રીને કહ્યું કે બાપજી ! આપે એક કાવ્ય લખાવેલ છે તેને છ મહિના થયા હશે અને તે વખતે ભારતને સ્વરાજ્ય મળવાની શક્યતા હતી નહિ, છતાં તે કાવ્ય પછી છ મહિનામાં ભારતને સ્વતંત્રતા મળી. તે કાવ્ય અમને આપી કૃપા કરવા પ્રાર્થના છે. પૂ.શ્રીએ કહ્યું કે તે છોકરાને (મારા ચિ. બિધનને) શોધીને છોકરા પાસેથી મેળવી લેજો. આવી કાલાતીત જ્ઞાનશક્તિ પૂજ્યશ્રીની અનુભવીને એ વિભૂતિને સાષ્ટાંગ દંડવત્ કરું છું. તેઓને સર્વત્ર વર્તમાન હોય છે. તેમને સ્પષ્ટ દર્શન હોવાથી આગાહી કે સંકેત એક યા બીજી રીતે સૂચવી જાય છે. મહર્ષિ અરવિંદની ભારતની આઝાદી વિશેની આગાહીનો પ્રસંગ પણ અહીં આપણને સાંભરે જ.

સને ૧૯૫૬થી ૧૯૫૯માં હું વડોદરા સિવિલ જજ તરીકે હતો. ત્યારે વર્ષમાં બે-ત્રણ વાર પૂજ્યશ્રીનાં દર્શને જવાનું થયા કરતું. મારા પુત્ર બિધને એમ.એસ. યુનિ. વડોદરાની બી.એસસી.ની પરીક્ષા, ફીઝીક્સ અને મેથ્સ સાથે ફર્સ્ટક્લાસ ફર્સ્ટ મેળવી ઉત્તીર્ણ કરી. એન્જિનિયરિંગમાં ભણાવવાની મારી ઇચ્છા એટલે મેરિટથી પ્રવેશ પણ મળી ગયો. પછી અમે નારેશ્વર પૂજ્યશ્રીનાં દર્શને ગયાં. એનું પરિણામ પૂજ્યશ્રીને જણાવ્યું ત્યારે પૂજ્યશ્રી સસ્મિત બોલ્યા : બિધન, એક્ઝામિનેશન ઇઝ ધ આર્ટ ઑફ ચીટિંગ એક્ઝામીનર્સ ! હવે એમ.એસસી. થવાનો ? હું તો ચૂપ રહ્યો ! કારણ મેં જ બિધનને એન્જિનિયરિંગ ડીગ્રી કોર્સ માટે પ્રોત્સાહિત કરેલો ! વળી પ્રવેશ પણ



એને મળી ચૂક્યો હતો ! અમે વડોદરા પરત આવ્યા ત્યારે બિધનના પ્રો. ડૉ. પંડ્યાએ મને જોયો ને બોલાવ્યો. અમે બંને એમના નિવાસમાં બેઠા. બિધનના હવે પછીના આગળ અભ્યાસની યોજના વિશે મને પૂછ્યું ત્યારે મેં જણાવ્યું કે એન્જિનિયરીંગમાં એડમિશન મેળવી લીધું છે ! ડૉ. પંડ્યા સાહેબને મારું આ વલણ ન ગમ્યું. એમાં મારી વાણિયાબુદ્ધિ એમણે જોઈ. સલાહ આપી કે બિધનની બુદ્ધિશક્તિ સંશોધન માટેની છે, એથી એને એમ.એસસી. જ કરાવો. બિધનને મેં મુક્ત મને વિચાર કરવા જણાવ્યું. ડૉ. પંડ્યાસાહેબે એનો પ્રવેશ નોટિસબોર્ડ પર જાહેર કરી દીધો. બિધને એમ.એસસી. કર્યું. પી.એચ.ડી. કર્યું અને પરદેશ જઈ સંશોધનક્ષેત્રે પ્રસિદ્ધિ પણ મેળવી ! પૂજ્યશ્રીનો સંકેત કેવો આગોતરો હતો, તેની પ્રતીતિ મોડી મોડી અમને થઈ. પીએચડીના અભ્યાસ માટે અમેરિકા જતાં પહેલાં પૂજ્યશ્રીના આશિષ લેવા માટે ગયો, ત્યારે પૂજ્યશ્રીની વાણી હતી : 'સુખેથી જઈ આવ.' આ શબ્દોનું રહસ્ય સમજાયું ત્યારે સદ્‌ગુરુની શિષ્યવત્સલતા અનુભવીને ભાવવિભોર થઈ જવાય છે.

સને ૧૯૬૨માં હું જામજોધપુર (જિ. જામનગર)માં હતો. પૂજ્યશ્રીની જયંતી દ્વારકામાં ઉજવાયેલી, ત્યારે હું સહકુટુંબ દર્શને ત્યાં જઈ શક્યો હતો. પૂજ્યશ્રીનાં સવારે દર્શન કરીને મારાં પત્નીએ સહજભાવે જામજોધપુર પધારવા વિનંતી કરી. 'બારસે આવીશ' એમ કહી આમંત્રણ સ્વીકાર્યું, તેથી અમે તો રાજી-રાજી થઈ ગયાં. તૈયારીઓ કરી લીધી.

બારસને દિવસે કાટકોલા સ્ટેશને પૂજ્યશ્રીને આવકારવા હું સ્ટેશને હાજર રહ્યો. પૂજ્યશ્રીનું આગમન થતાં, તૈયાર રાખેલ ખુરશીમાં બેસાડ્યા. અને બીજી ટ્રેનમાં જવા માટે રાહ જોતા હતા. ત્યાં સામેના પ્લેટફોર્મ પર બીજી એક ટ્રેઈન આવી રહી હતી. તેના એક ડબ્બાના બારણા બહાર એક માણસ ઊભો ઊભો આવતો હતો, તે એકાએક ગાડીમાંથી બહાર ફેંકાઈ જતો અમે જોયો ! પૂજ્યશ્રીએ એ દૃશ્ય જોઈ ઉદ્‌ગાર કાઢેલા : 'કાંઈ નહિ.' અને પેલો માણસ ટ્રેઈન અને પ્લેટફોર્મની ખાલી જગ્યામાં ન પડતાં પ્લેટફોર્મ પર પડ્યો ને મિનિટમાં ઊભો થઈ કપડાં ખંખેરી ચાલવ માંડ્યો ! અવધૂતજીનો વિશ્વપ્રેમ, એમનું અંતર્યામીત્વ આ પ્રસંગના ઉદ્‌ગારમાંથી સૂચિત થયા વિના રહેતું નથી.



જામજોધપુરના નિવાસ પર અમે આવી પહોંચ્યા. માનવમહેરામણ દર્શન માટે ઉભરાવા માંડેલો. એક ભાઈ મારી પાસે આવ્યા ને મને કહેવા લાગ્યા કે આપે મહારાજશ્રીને જામજોધપુર બોલાવી મારા પર બહુ મોટો ઉપકાર કર્યો છે ! મેં પૂછ્યું તમે કોણ છો ? ક્યાંના છો ? એ ભાઈએ પોતાની હકીકત કહી કે હું જામજોધપુરમાં જ રહું છું, દરજીનો ધંધો કરું છું. ત્રણ-ત્રણવાર હું નારેશ્વર અવધૂતજીનાં દર્શન માટે ગયો છું, પણ રૂબરૂ દર્શન થઈ શક્યાં નથી ! આર્થિક સ્થિતિ સામાન્ય છે એટલે વારંવાર મારાથી એ માટેનો પ્રયત્ન થઈ શકે નહિ. ત્યાં આપને ત્યાં આસોપાલવનાં તોરણ જોયાં ને આપના પટાવાળાને પૂછ્યું કે સાહેબને ત્યાં કથા છે કે શું ? એણે કોઈ સંત દ્વારકાથી આવે છે એવું જણાવ્યું. મેં પેપરમાં શ્રીરંગ અવધૂતજી દ્વારકા પધારેલ છે, એવું વાંચેલું ! એટલે મને થયું કે એ જ આવતા હોવા જોઈએ ને મારી ભાવના સાર્થક થઈ ! ભક્તના હૃદયની ઉત્કટ ભાવના હોય તો ભગવાન કેવો સામેથી મળવા આવે છે, તેનો આ પ્રસંગ સમજાયો ને અમારી શ્રદ્ધા પુલકિત થઈ ઊઠી ! હૃદયમાંથી પંક્તિનું સ્મરણ થયું. 'સંત મહંતનું જીવન એ છે દુ:ખીઆનો વિસામો રે.'

બીજે દિવસે દર્શનાર્થીઓની ભીડ જામી. એક શિક્ષિત ઓફિસરે મને પૂછ્યું કે પૂજ્યશ્રીને પ્રશ્ન પૂછી શકાય ? મેં પૂજ્યશ્રીને કાને વાત ધરી. પૂજ્યશ્રીએ સૂચન કર્યું કે રાજકારણ સિવાયનો પ્રશ્ન ભલે પૂછે ! એટલે પેલા ભાઈએ પૂજ્યશ્રીને પ્રશ્ન પૂછ્યો : બાપજી ચીને આપણા દેશ પર આક્રમણ કર્યું છે તો તે વિષે શું ? પૂજ્યશ્રીએ ટૂંકો ઉત્તર આપ્યો : 'કાંઈ થવાનું નથી !' નવેમ્બર, ૨૦, ૧૯૬૨ના રોજ જાણવા મળ્યું કે ચીન આગળ વધી શક્યું નથી ! બધું સ્થગિત થઈ વાતાવરણ શાંતિમય બન્યું છે. ભવિષ્યદર્શનકથનની યૌગિક શક્તિનો આ પ્રસંગ પૂજ્યશ્રીની અલૌકિક વિભૂતિમત્તાની આપણને પ્રતીતિ કરાવે છે.

## શ્રી ઉમંગભાઈ પાઠક (તિલકવાડા)

પરમ પૂજ્ય બાપજીની કૃપા મારા કુટુંબ પર ક્યારે થઈ તે તો તે જ જાણે; પરંતુ જન્મોની પુણ્યાઈ ફળી અને બાપજી પરમ તત્ત્વ - પરમાત્મા છે એવો અનુભવ થયો. પૂ. બાપજીનાં દર્શન થયાં સૌ પ્રથમ વડોદરા રામગલોલાના મંદિરમાં; પરંતુ ત્યારે ઉંમર (થોડી) નાની અને સમજણ પણ ઓછી એટલે પરમ વિભૂતિને ઓળખી શકાઈ નહીં.



જેમ જેમ સમજણ આવતી ગઈ તેમ તેમ મન અને બુદ્ધિ આ મહાન સંત તરફ ખેંચાવા લાગ્યાં.

પૂ. બાપજીની મારા કુટુંબ પ્રત્યે કૃપા અને આશીર્વાદ તો હતો જ અને તેમાં મારાં માતુશ્રી જડાવબાને ''લોહીવા'' જેવી બીમારી થયેલી તેથી અનેક વૈદ્યો-ડોકટરોની દવા લીધી પરંતુ તેમાંથી એક દવાની આડઅસરથી મારાં બાને આખા શરીરે ગરમી વ્યાપી ગઈ. હાથે અને પગે રક્તપિત્ત જેવી મહાવ્યાધિ થઈ. અખંડ ભીના કપડાં, પાણીનો સતત છંટકાવ અને શરીરમાં અગ્નિ પ્રગટ થયો હોય તેવી અસહ્ય ગરમી વ્યાપી જવાથી વ્યાકુળતા રહેતી. જ્યાં જ્યાં સમાચાર મળે ત્યાં શરીરને વ્યાધિમુક્ત કરવા ધક્કા ખાધા પણ ક્યાંય આરામ ન થયો. દિનપ્રતિદિન પરિતાપ વધતો ગયો અને ઘરમાં પણ તેમના દુઃખથી સર્વ દુઃખનો અનુભવ કરતાં.

મારા મોસાળના જન્મજાત સંસ્કારોથી ભક્તિભાવ તો મારી બામાં પ્રથમથી જ હતો. શ્રાવણમાસ-અધિકમાસ કે ચતુર્માસ-પૂર્ણિમા કે કોઈપણ વ્રત એવું નહોતું કે જે મારાં માતુશ્રી નહોતાં કરતાં. શ્રીમદ્‌ભાગવતની સ્તુતિઓ- પ્રેમાનંદનાં સર્વ આખ્યાનો અને અન્ય ઘણું બધું તેમને કંઠસ્થ હતું. છતાં પૂર્વસંચિત કર્મની ફળશ્રુતિથી આવું દુઃખ તેમને દુઃખી કરતું હતું. અમે બધાં કુટુંબીજનો પણ આ બાબતે અસહાય હતાં. પરંતુ પરમકૃપાળુ પરમાત્માની કૃપા મારા કુટુંબ પર ઉતરી ! પૂ.બાપજી વજીરીઆ પધારેલા ત્યારે મારી ઉંમર તો ખુબ ઓછી. બાળપણ જ હતું પરંતુ મારા પિતાનું પૂ.બાપજી પ્રત્યે આકર્ષણ થયું. મનોમન તેમણે પૂ.બાપજીને હૃદયમાં ગુરુપદે સ્થાપ્યા. મારા આખા કુટુંબમાં મારા પિતાશ્રીના કાકાના દીકરા ''વિશ્વનાથ મોટા'' તો પૂ.બાપજીને એક મહાશક્તિ તરીકે માનતા. તેમના દીકરા શ્રી અમૃતલાલ (મનુભાઈ) પણ પૂ.બાપજીને પોતાનું સર્વસ્વ માનતા. તેમના મોસાળ ''ભદામ'' ગામે પણ પૂ.બાપજીની ભક્તિ અને ભાવનાથી પધરામણી થયેલી. આમ પૂ. બાપજી મારા કુટુંબમાં ગુરુસ્વરૂપે છવાઈ ગયેલા.

મારા પિતાજી વારંવાર નારેશ્વર તો જતા જ પરંતુ મારા ફૂવા.પૂ. નાથાલાલ શાસ્ત્રી (કરનાળી)નાં સૂચન અને પ્રેરણાથી પૂ. બાપજીને કરનાળી ખાતે તેડવા માટે પણ કરનાળીથી નાવડી કરી નારેશ્વરથી કરનાળી તેડી લાવી કૃપાપ્રસાદ મેળવેલો. મારા પિતાશ્રીએ અનન્ય



ભક્તિપૂર્વક ''ગુરુલીલામૃત''નાં અનેક પારાયણ-ચિંતન-મનન કર્યાં હતાં. ક્વચિત તેમાંથી કોક કોક પ્રસંગમાં પૂ. બાપજીએ પોતાનું વિભૂતિ દર્શન કરાવેલું તેની ચર્ચા પણ કરતા. પરિણામે મારાં કુટુંબમાં શ્રદ્ધા અને પૂ. બાપજી પ્રત્યે વિશ્વાસ અપાર. હું તેમની સાથે પૂ.શ્રીનાં દર્શને વારંવાર જતો; પરંતુ તેમાં ભક્તિ નહીં પણ કુતૂહલ અને આનંદ હતાં.

આમ એક સમયે મારાં માતાપિતા બંને પૂ. બાપજીનાં દર્શને નારેશ્વર ગયાં. દર્શન કર્યાં. દુઃખનું નિવેદન તો કરવાનું નહોતું. કારણ મારા પિતાશ્રી જાણતા જ હતા કે સર્વજ્ઞને સૂચન કે વિનંતિ શી ? પૂ. બાપજીએ જ મારી બાને પૂછ્યું : 'આમ શાથી થયું ?' માતુશ્રીએ આંખમાંથી વહેતી અશ્રુધારાના પ્રવાહને રોકી રડતાં રડતાં વિગત કહી. રોગનું કારણ અને દુઃખ ગુરુમહારાજ પાસે ટૂંકમાં નિવેદીત કર્યાં.

પૂ. બાપજીએ કહ્યું ચિંતા ન કરો. ભગવાન બધું સારું કરશે.પણ તમે રોજ ''વાકેરી'' નામની ઔષધિનાં મૂળ ઘસીને સવાર સાંજ દૂધ સાથે લો. બધુ શાંત થઈ જશે. અને ઔદુંબરની યથાશક્તિ નિયમિત પ્રદક્ષિણા કરો. મારા પિતાશ્રીએ પૂ. બાપજીને પૂછ્યું કે, પ્રભુ પ્રદક્ષિણા તો બરાબર છે, થશે જ. પરંતુ આ ''વાકેરી'' ક્યાં મળે અને તેને કોણ ઓળખે ? ત્યારે પૂ. બાપજીએ હસતાં હસતાં મુંબઈની કોઈ એક ફાર્મસીનું નામ કહ્યું (જે મને યાદ નથી.) પરંતુ ત્યાં લખો મોકલી આપશે—એમ ત્યાંથી આ કૃપાપ્રસાદ મેળવી પરત વજીરીઆ (મારું ગામ) આવ્યા. અને વાકેરીનાં મૂળ માટે મુંબઈ લખ્યું ત્યાંથી પ્રત્યુત્તર આવ્યો કે વી.પીથી દવા મોકલી છે. છોડાવી લેશો. એમ આ ઔષધ અને પ્રદક્ષિણા ચાલુ થઈ. રોગ મટ્યો. ગરમી ઘટી અને ઘણા વર્ષો પછી. ભક્તિ અને પૂ. બાપજી પ્રત્યે પ્રેમમાં રત રહી સને ૧૯૭૧ના ડિસેમ્બરની ૧ પહેલી તારીખ અને ''દત્તજયંતી''ના દિવસે મારાં માતુશ્રી રંગશરણ થયાં.

મને મારા પિતાશ્રી અને માતુશ્રીની પ્રેરણા અને એમના આશીર્વાદ મળ્યા છે. પિતાશ્રીએ જીવનમાં અનેકવાર લીલામૃતનાં પારાયણ કર્યાં છે. અને તેમાં મારા બનેવી શ્રી નવનીતલાલ પાઠકના (ગાંધીનગર) પિતાશ્રી વિઠ્ઠલલાલનો સથવારો-મિત્રતા અને વેવાઈ તરીકેના સગપણના પ્રભાવે પૂ. બાપજીના સાન્નિધ્યમાં વધુને વધુ રહેવાનું થયું. મારા મામા શ્રી નટવરલાલ શાસ્ત્રી (કથાકાર અને ભક્ત)ની પણ મારા પિતાશ્રીને ઓથ મળી અને તે ભક્તિમાં વૃદ્ધિનું



કારણ બન્યા. મારા પિતાશ્રી પૂ.શ્રીની મૌનપ્રેરણાથી નિયમિત રીતે ''ૐ દ્રાંદત્તાત્રેયાય નમઃ'' એ મંત્રનું લેખન કરતા. એ મંત્રની લેખનઆવૃત્તિ ગંગામાં, તેમજ ભારતની ભિન્ન ભિન્ન નદીઓમાં એ નામ સ્વરૂપની અંજલિ સમર્પિત કરેલી છે.

તેમની પ્રેરણા મારા માતુશ્રીના આશીર્વાદ અને પૂર્વનાં પુણ્યના પ્રભાવે મને પણ પૂ. બાપજી પ્રત્યેનો અહોભાવ જાગ્યો–

હું પૂ. બાપજીને જે રીતે સમજ્યો અને પૂ. બાપજી મને જેવા દેખાયા તેવાં દર્શનની અનુભૂતિ મેં મારાં ગીતોમાં લખી. મને થયેલું દર્શન શ્રીયુત ધીરુભાઈ અને શ્રી વિઠ્ઠલભાઈ પાઠકે ''નાદ''માં વારંવાર આપી ભક્તોની કેડી પર ચાલતા પ્રવાસી તરીકે રજુ કર્યો તે બદલ તેઓનો પણ હું ઋણી છું.

મારી અંતમાં પ. પૂ. ગુરુમહારાજ પ્રત્યે પ્રાર્થના કે અમે-અમારાં તમને કદાચ ભૂલીએ પણ આપની અમીદૃષ્ટિ સતત અમારા પર અંતરિક્ષથી રહેજો-પેઢયો સુધી મારા કુટુંબમાં ગુરુપદ પર સ્થિત રહેશો.

## કનૈયાલાલ વાણી (અમદાવાદ)

('રેવાનો યોગી'માંથી ટૂંકાવીને પૃ. ૮૩ થી ૮૮)

'સાનુકૂલે જગન્નાથે, સાનુકૂલં જગત્ ત્રયમ્' એ ઉક્તિ પ્રમાણે સરખેજ- નિવાસી પ્રાથમિક શાળાના શિક્ષક ચુનીલાલ કરુણાશંકર ત્રિપાઠીએ આંગળી ચીંધીને પૂજ્યશ્રીનાં દર્શનનો યોગ રચ્યો.

દૈવવશાત્ મારાં પત્નીના પગે ટી.બી. જોઈન્ટ થયેલો. બધા ઉપચારો કર્યા પછી નિર્ણય લીધો કે પગ કાપી નાંખવો! શ્રી ચુનીભાઈએ જણાવ્યું કે એક સંતપુરુષ અમારી જામફળની વાડીમાં, ઝૂંપડીમાં પધાર્યા છે, તમે દર્શને આવો. અમો દર્શને ગયાં. મારાં પત્નીના પગ તરફ જોઈ પ્રશ્ન કર્યો કે આ શું થયું છે? ટૂંકમાં બધી હકીકત કહી. પોતે થોડો વખત વિચારમગ્ન થઈ કહ્યું કે પગ કપાવશો નહિ, ઉપચાર કરો, છ માસમાં પગ સારો થશે.

દુઃખમાં સાથ આપે તે ઈશ્વર. ઘેર આવી નિશ્ચય ફેરવ્યો કે પગ કપાવવો નથી, દવા જ કરવી છે! સંતની વાણી કેમ મિથ્યા થાય? અને ખરેખર છ માસમાં પગ મટી ગયો! આ પ્રસંગ લગભગ ૧૯૩૦નો.

ત્યાર' પછી વચગાળે લગભગ અમો પાપીસંસારમાં રચ્યાંપચ્યાં રહ્યાં અને સ્વાર્થી જીવને પ્રભુદર્શન થયાં જ નહિ.



૧૯૪૩માં પૂજ્યશ્રી સરખેજ ગુરુપૂર્ણિમાના ઉત્સવ પ્રસંગે પધાર્યા. દર્શનનો લાભ મળ્યો, ને ઘણા વખતથી લાગેલી દર્શનની પ્યાસ બુઝાઈ!

સરખેજમાં દર્શન પ્રસંગે બધી હકીકત કહી. પરંતુ હજાર હાથવાળાને, આખા જગતની કાળજીવાળાને આ પ્રસંગોની શી યાદ રહે ?

સરખેજથી જતાં જતાં મારે ઘેર પધારવા વિનંતી કરી, સંમતિ આપી. કોઈ પણ વાહન તેઓશ્રીએ મોકલવાની તેઓશ્રીએ ના પડી! છતાં ચુનીભાઈના કહેવાથી ઘોડાગાડી મોકલી! ઈશ્વરની ઇચ્છા વિરુદ્ધ વર્તન થવાથી ઘોડો વીફર્યો. ગાડી જોડવા ના દીધી! પૂજ્યશ્રી પગપાળા થોડે દૂર આવ્યા; પછી એક ડમણિયામાં બેસી સમર્થમહાદેવ ગયા!

નારેશ્વરમાં ઉજવાતી દત્તજયંતી પ્રસંગે નારેશ્વર જતો. દત્તજયંતી નારેશ્વર સમૂહમાં ઉજવાતી બંધ થયા પછી સપ્તાહપારાયણ માટે પૂજ્યશ્રીની આજ્ઞા લઈ લગભગ બાર-તેર વર્ષ સુધી પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં પારાયણ કરતો. તે દરમિયાન ગાણગાપુર જવા માટે પ્રભુ સમક્ષ વિચાર દર્શાવ્યો ને પ્રભુને પણ સાથે પધારવા વિનંતી કરી. હા કહી. અમે વીસ ભાઈઓએ પ્રભુ સાથે પ્રવાસ કર્યો. સાત સ્થાનોની જાત્રા હતી, તેનું વર્ણન 'સપ્તાહમાંથી સપ્તતીર્થી' ચોપડીમાં છે.

પ્રભુની લીલા ઓર છે! મારા આખા કુટુંબ પર તેમની અમીદૃષ્ટિ.

મેં ઘણા અપરાધો કર્યા છે ને કરું છું. છતાં એમની કૃપા આજ ઘડી સુધી એવી ને એવી જ કાયમ છે. તેમની કૃપાથી જ મારો સંસાર ચાલે છે, તે પ્રભુનો ઉપકાર છે.

મારા સદ્‌ભાગ્યે ઘણા અજ્ઞાત સ્થળે તેમની સાથે જવાનો મને લહાવો મળ્યો છે. તેઓશ્રીની દાનપરાયણતા, દયા અને ક્ષમાભાવના અનન્ય.

આવા સદ્‌ગુરુ સાંપડ્યા તેમના ગુણાનુવાદ હું અજ્ઞાની પામર કેવી રીતે વર્ણવી શકું ?

## શ્રીમતી કમુબેન ભોગીલાલ પટેલ (વડોદરા)

પૂજ્ય બાપજીનાં પુનિત દર્શન જીવનમાં ખૂબ ખૂબ મોડાં થયાં, એવું લાગ્યા કરે ! મોટી કોરલ પૂ. પુનિત મહારાજશ્રીનાં દર્શન માટે છેક ૧૯૫૨-૫૩થી જવાનું થતું; પણ નારેશ્વર ન જવાય ! એ ભાગ્ય તો ૧૯૫૯-૧૯૬૨-૬૩માં પ્રગટ્યું ! ગયા ભવનાં પુણ્યકાર્યો જ



આગળ આવ્યાં હશે, જેથી પૂજ્યશ્રીનાં દર્શન થતાં જ સદ્‌ગુરુભાવ જાગ્યો ને કૃપાવર્ષા એવી થઈ કે ત્યારથી જ પૂજ્યશ્રીની વત્સલ હૂંફ આજપર્યંત અમે સમસ્ત પરિવાર અનુભવીએ છીએ.

વર્ષો સુધી દેશ બહાર રહેવાનું થયું. સંતાનોને ભણાવવા માટે વડોદરા મેં રહેવાનું સ્વીકાર્યું ને પછી પૂજ્યશ્રીની કૃપાવર્ષાનો નિરંતર અનુભવ થયા કરે છે. મારા પતિ આફ્રિકાદેશમાં બેરિસ્ટર વકીલ તરીકે વ્યવસાયમાં. ભક્તિભીનું હૃદય અને પૂજ્ય બાપજીને દેવસ્વરૂપે ભજે. સંસારજીવનમાં અને વ્યવસાયજીવનમાં વિટંબણાઓ આવ્યા કરે, ત્યારે પૂજ્ય બાપજીએ રસ્તાઓ સુઝાડી સમરસથી જીવતાં શીખવ્યું છે.

પૂજ્યશ્રીની વચનસિદ્ધિ, અંતર્યામીત્વ શક્તિ, નિર્વ્યાજ વત્સલપ્રીતિનાં સંસ્મરણો તો ઉભરાઈ આવે છે, પણ પોતાની પ્રશંસાનો ડર લાગે છે, એથી મૌન રહેવાનું જ પસંદ કરીશ.

પૂજ્યશ્રી બ્રહ્મલીન થયા તે ઘટનાનો સ્મરણ-દર્શન તો નિત્ય પ્રત્યક્ષ છે. ૧૯૬૮ના જુલાઈ માસમાં પૂજ્યશ્રીએ અમારા ‘અવધૂતનિવાસ’, કુંજ સોસાયટી, અલકાપુરી, વડોદરામાં પધરામણી કરી. બાર દિવસના તેઓશ્રીના નિવાસને કારણે દેવ સાથેનું પ્રાપ્ત થયેલું સાન્નિધ્ય અમારા પરિવારોને જે શાંતિસુખનો અનુભવ કરાવનારું રહ્યું તે વાણીમાં કેવી રીતે વર્ણવું ?! એ દિવસો અમારો ભૂતકાળ ક્યારેય નથી બનવાના. પૂજ્યશ્રીની ઉપસ્થિતિ ઘરમાં નિત્ય છે એવી દૃઢ પ્રતીતિ અમારી સૌની છે. હરિદ્વારા મને અને મારા ભાઈને સાથે યાત્રાએ લઈ જઈને પૂજ્યશ્રીએ કેવો તો અમારો હાથ ઝાલ્યો છે !

પૂજ્યશ્રી સાથે વાતચીત દ્વારા ભક્તિ કરવા માટેનું માર્ગદર્શન મેં માંગ્યું હતું. ‘ભજન ખૂબ કરો’, એવો આદેશ મળ્યો છે. મંત્ર આપ્યો છે. નિત્ય પ્રાર્થના હરિદ્વારમાં સાથે કરવાનો લાભ મળ્યો છે. ‘ગાયતિ રેવા રવ મધુરમ્’ મને શીખવ્યું છે.

વડોદરાથી પૂજ્યશ્રી કપડવંજ જવા વિદાય થયા તે વખતે પૂજ્યશ્રીની આજ્ઞાથી જે મૂર્તિ ઘરમાં દેવમંદિરમાં પધરાવી છે, તે બતાવી મારાં બાળકોને કહેલું કે ‘હું નિત્ય બેઠો છું.’ પૂજ્યશ્રીના તેજોવલયનાં દર્શન થયાં છે. અમે પૂજ્યશ્રીના ચરણોમાં ધારણ કરવા માટે પાદુકાજી બનાવરાવીને સમર્પિત કર્યાં છે. તે નિત્ય સ્વીકારી અમારા હૃદયભાવને પુષ્ટ કર્યો છે. આ ઋણ કેવી રીતે ફેડીશું ?

મારાં બાળકોનો ઉત્કર્ષ પૂજ્યશ્રીની કૃપાપ્રસાદી જ છે.



**શ્રી કરસનદાસ માણેક** (મુંબઈ) ('રેવાનો યોગી'માંથી)

અવધૂતજીને હું ફક્ત એક વાર મળ્યો છું; ખેંચાણ જીવનભર રહ્યું છે.

અવધૂતજીને હું મળ્યો તે પહેલાં એમના પુત્રસદૃશ શિષ્ય ડૉ. હરિપ્રસાદ જોશીને હું વિદ્યાનગરમાં મળ્યો હતો; હું અવધૂતજીનો પરોક્ષ ગુણાનુરાગી; જોશી એમના પ્રત્યક્ષ આત્મીય આપ્તમંડળના. અમારો મેળ અનાયાસે જામી ગયો. અવધૂતજીને મળ્યા વગર પણ એમના જીવન-સંદેશની ઠીકઠીક સમીપ મને જોશીજીએ પહોંચાડી દીધો. આને લઈને, અવધૂતજીને હું મળ્યો ત્યારે ચિરપરિચિત સ્વજનને મળતો હોઉં એવો આનંદ અનુભવ્યો. 'અવધૂત'ની ઊંચાઈએથી નહિ (અતડાઈએથી તો નહિ જ!) પણ માનવતાની સમથળ ધરતી પરથી મારી સાથે દોઢેક કલાક તેમણે વાતો કરી. નિર્મળ માનવતા સિવાય બીજી બધી વસ્તુઓનું જેમણે 'અવધૂતન' કરી નાખ્યું હોય એવા સંપૂર્ણ સાજા માનવ આત્માને મેં મારી સામે આરામ ખુરશી પર બેઠેલા જોયા. પોતાની સાધનાનાં થોડાંક સંસ્મરણો તેમણે મને સંભળાવ્યાં.

'શ્રીકૃષ્ણના જીવનના છેલ્લા દિવસો' પર મેં કલાક–સવાકલાક તેમના સાંનિધ્યમાં કીર્તન કર્યું હતું. 'ફરી જરૂર આવશો', કીર્તન પૂરું થતાંવેંત શાલ–પ્રસાદી સ્વયં ઓઢાડતાં કહેલું.

**શ્રી કલાબેન શર્મા** (નારેશ્વર/સુરત)

સુરતના ડૉ. રણજીતભાઈ ભટ્ટ મારફત પૂજ્યશ્રી વિષે માહિતી મળી અને સને ૧૯૫૫માં એમને ઘેર જ પ્રથમ દર્શન થયાં. ત્યાર પછી ઘણી વાર નારેશ્વર જવાનું થયું કારણ કે નારેશ્વર સ્થાનનું આકર્ષણ જ એવું છે.

પૂજ્ય બાપજીની ૬૦મી રંગજયંતી, ૬૧મી ડાકોર, કણભા, અંબાજી, દ્વારકા, નવાગામ વગેરે સ્થળોએ ઉત્સવોમાં સેવાનો લાભ મળ્યો હતો અને દરેક જગ્યાએ પૂજ્યશ્રીની સમીપ જવાનો લાભ મળે તે હેતુથી સૂકામેવાના હાર અને મુગટ બનાવી પહેરાવેલા. નવાગામમાં કોડીનો હાર અને ટોપી પહેરાવેલાં.

એકવાર નવી ગુફામાંથી બાપજી બહાર નીકળતા હતા ત્યારે હનુમાનજીનું સ્વરૂપ દેખાયું હતું. અને બોરસલ્લી નીચે બિરાજેલા ત્યારે પૂ. બાપજીના હૃદયમાં બે મુખ દેખાયાં ત્યારે પૂછ્યું, ''ત્રીજું મુખ



ક્યારે દેખાશે?'' જવાબ મળ્યો, ''દેખાશે.'' પણ પ્રત્યક્ષ–બાપજી નજર સામે હતા તે જ ત્રીજું મુખ છે એ વાતની સમજ પડી નહીં.

૬૧મી જયંતી પ્રસંગે ડાકોર જતા પહેલાં એક માસ માટે પૂજ્ય માજીની સેવામાં બાપજીની સૂચનાથી રહેવાનો લાભ મળ્યો અને માજીની અંગત સેવા પણ મળી.

પૂ. બાપજી આફ્રિકા ગયા તે અગાઉ ગાંઠ અને એપેન્ડિક્સનું ઑપરેશન કરાવવાનું હોવાથી પૂ.શ્રીને પૂછતાં હા પાડેલી. દત્તજયંતીના દિવસે ઑપરેશન થયું. તે સમયે થિયેટરમાં સફેદ ચાદર ઓઢીને બાપજી હાજર થયા. ત્યાર પછી વલસાડ મુકામે દર્શન કરવા ગયાં ત્યારે બાપજીએ તબિયતના સમાચાર પૂછતાં કહ્યું કે બાપજી આપ ઑપરેશન સમયે હાજર હતા પછી સારું જ થાયને ! ત્યારે બાપજીએ કહ્યું કે તારો ભાવ હતો એટલે મારે હાજર રહેવું જ પડે ને !

ડાકોર જવાના સમયે કંતાનની ગૂંથેલી ટોપી પહેરાવેલી. જે રણછોડરાય રાત્રે હરણ કરી ગયેલા, જે લીલા રંગલીલામૃતમાં વર્ણાવાયેલી છે.

પૂજ્યમાજીની અંગત સેવા મળેલી તેમાં બાપજીએ જાતે જીરાળુ બનાવી લાવવા કહેલું જે બનાવીને આપેલું.

ડાકોરમાં જે કંતાનની ગૂંથેલી ટોપી આપેલી તે પ્રસાદીરૂપે આપેલી તે તથા નાનું મફલર ગૂંથીને આપ્યું હતું તે તથા પોતે ચાંદીનું કોડિયું આપેલું તે બધી વસ્તુઓ પૂજામાં મૂકી છે.

બાપજીએ છ અક્ષરનો મંત્ર આપી તેની દરરોજ છ માળા કરવા કહેલું જે ક્રમ હજુ ચાલુ જ છે. અને એમની કૃપાથી છેલ્લાં કેટલાંક વર્ષોથી નારેશ્વરમાં જ રહીને સેવા અને દર્શનનો લાભ આપે છે એ એમની જ અસીમકૃપાનું પરિણામ છે.

એક વાર રક્ષાબંધનના દિવસે પૂજ્ય બાપજીને રાખડી બાંધવાનો લાભ મળ્યો હતો, જેના શ્રી દ્વારકાનાથ ગંજખાને સાક્ષી છે.

### શ્રી કાયમખાન (દિવાબેટ)

પૂ. બાપજી તો અમારો ઓલિયો, અલ્લાહ અકબર ! જનમોજનમનાં નસીબ પાક્યાં હશે ! એટલે આ જિંદગીમાં પૂ. બાપજી સાથે ભેટો થઈ ગયો.

ઓલિયાની રહમની શી શી વાતો યાદ કરું ?! એનો તો અહેસાનમંદ રહેવાનું જ ઇચ્છું છું.



જાત-પાતની તો એને કેવી ચીડ ! અમે રહ્યા યવન, મુસલમાન. તોય, અરે વાહ ! ઓલિયાએ અમને એના ભગત-દરબારમાં લઈ લીધા !

સાયર મારું ગામ. નારેશ્વરના આ ઓલિયાનું મને ખેંચાણ થાય ! એનાં દર્શને જાઉં, ત્યારે નર્મદામાં બદન ઝબોળીને જાઉં. કપડાં ધોયેલાં પહેરું. માંસ-મટનની ટેવ નહીં. ધુમાડો ફૂંકવાનીય ટેવ નહિ; ગાંજો-ચરસનો ચસકો નહીં. ઓલિયા પાસે જવામાં અંતરને હૂજરે કંઈ હરખ થયા કરે. મળખે (મળસ્કે) ઓલિયાને મુકામે પહોંચી જાઉં. ઝાડૂ મારું, જગ્યાઓ ચોખ્ખી કરું, દેગડાઓ ભરી ભરીને નર્મદાનાં જળ ભરી લાવું, ઝાડ-પાનને સીંચું ! શરૂ-શરૂના એ દિવસો એટલે અવર-જવર ઓછી રહે. ઓલિયાની ટપાલો લીલોડ-કોરલથી લઈ આવું. આવું બધું હોંશથી કરતો. ઓલિયો ખુરશી બતાવે.

એકવાર ભળભાંખારે ઊઠીને ઘરના વાડામાં ગયો ત્યાં અંધારામાં અજાણતા એરુ પર પગ પડ્યો ને મને એ આભડ્યો (કરડ્યો) ! મેં ચીસાચીસ કરી; લોકો ભેગા થઈ ગયા. આંખો ઘેરાયા કરે. ઝેર શરીરમાં ચઢવા માંડેલું. અર્ધભાનમાં હું બોલી ઊઠેલો : ‘મને નારેશ્વર ઓલિયા પાસે લઈ જાવો.’ ઝોળીમાં નાખી મને નારેશ્વર લાવ્યા. પૂ. ઓલિયા બાપજીએ જળ છાંટી, મને ભાનમાં લાવ્યા. પછી પવિત્ર જળ કરીને મને પાયું ને બધું ઝેર ઊતરી ગયું ! મોતના મુખમાંથી પાછો લાવી મને જીવાડનાર મારા ઓલિયા બાપજી મારું હંમેશનું શરણ છે. મારો અલ્લાહ, અકબર છે.

બાવાગોરેની સેવામાં હું હતો ત્યારે મને એમનો આદેશ થયેલો કે નારેશ્વરના ઓલિયાની સેવામાં જા. શરૂઆતમાં તો પરીક્ષા કરવાનું કપટ રાખીને ગયેલો, પણ પ્રથમવારમાં જ પૂ. બાપજીમાં ઓલિયાનાં દર્શન થયેલાં ને મેં મારા અલ્લાહ તરીકે એઓશ્રીને હૈયામાં બેસાડી દીધા.

મારા અંતરના ઉત્કટ ભાવોને પૂ. બાપજીએ પીછાણી લીધા એવી મને ખાત્રી થયા જ કરી છે. સેવા-લાભ મને બહુ મળ્યો છે. ચાર-પાંચ વરસ બાપજી માટેની જુદી જુદી શાકભાજી દરરોજ મારે પહોંચાડવાની સેવા મળેલી, તે સાંભર્યા કરે છે.

એકવાર પૂ. બાપજીને પાલેજથી રેઈલગાડીમાં જવાનું હતું. પૂ. બાપજીને નારેશ્વરથી પાલેજ ગાડામાં લઈ જવાનું મળ્યું. પૂ. બાપજી



ગાડામાં બિરાજમાન થયા. ગાડું મેં હાંકવા માંડ્યું; પાલેજ બે કિલોમીટર છેટું હશે ને ત્યાં મને ગાડું ઊભું રાખવા જણાવ્યું ! પોતે નીચે ઊતર્યા, બળદને છોડી મૂકવાનું કહ્યું જેવા બળદો છોડ્યા; ત્યાં તો એક બળદ ભડક્યો કોઈ કારણસર અને દૂર ભાગી ગયો ! હું તો ગભરાઈ ગયો ! ચિંતા કરતાં મેં પૂછ્યું, 'બાપજી આ શું થયું ! બળદ તો ભાગી ગયો ! બાપજીએ કહ્યું : ચિંતા કેમ કરે છે ? જો હું એને બોલાવું ! બાપજીએ હાથ ઊંચો કર્યો ને મોટેથી બોલ્યા : 'એ અવધૂતિયા ! આવી જા !' અને નવાઈ વચ્ચે બળદ આવી ગયો ને ગાડે જોતરાઈ ગયો !

નારેશ્વરથી વડોદરા વગેરે સ્થળોએ જઈને પૂજ્યશ્રી હરિદ્વાર ગયા. નારેશ્વરથી જતાં અગાઉ આસો સુદ પૂનમે મને બોલાવી કહેલું કે પૂ. ગાંડામહારાજના સ્થાનમાં દર્શન કરીને હું હરિદ્વાર જવાનો છું. હરિદ્વારથી પરત બાપજી કેમ ન આવ્યા તે મને સમજાતું નથી !

બાપજીની હયાતિનો અનુભવ મને થાય છે.

### ડૉ. કાન્તિલાલ મણિલાલ વ્યાસ (નારેશ્વર)

વિ.સં. ૨૦૦૭માં વડોદરા રામગલોલા મંદિરમાં મારા બનેવી શ્રી કાન્તિલાલ બી. પંડ્યા પારાયણમાં ગયેલા. તેમની પાસેથી પૂજ્યશ્રી વિષે જાણવા મળ્યું.

પ્રથમ દર્શન ત્યાર પછી આણંદ સ્ટેશન ઉપર અને પછી અમદાવાદમાં ડૉ. વાણીને ત્યાં ભદ્ર અમદાવાદમાં.

વડોદરાના શ્રેયસ સાધકવાળા શ્રી ઉપેન્દ્ર ભગવાનની સાથે મેં મનોમન પૂ. બાપજીને સરખાવ્યા.

નારેશ્વરમાં પ્રથમ દર્શન સને ૧૯૫૨માં કર્યાં પછી વારંવાર નારેશ્વર દર્શને જતાં. ખાસ કરીને ગુરુપૂર્ણિમા ઉપર. પૂ. માજીની મૂર્તિની સ્થાપના તથા શૈલની સ્થાપના સમયે હાજર હતા.

પોરમાં પૂજ્યશ્રી સાથે સીધો સંપર્ક થયો. ત્યાં દત્તજયંતીનો ઉત્સવ ઢાઢર નદીના કિનારે હતો. પવનને લીધે માંડવો સળગ્યો. પૂજ્યશ્રીએ ફક્ત હાથ ઊંચો કર્યો અને આગ શાંત થઈ ગઈ. ગોવિંદભાઈને લીધે સંબંધ વિકસ્યો.

પોરમાં સાંજે સંતરાં લઈને ગયા અને બાપજી હસ્યા અને બોલ્યા કે એક માણસ પાસે આ લોકોએ સંતરાં મંગાવેલાં. તેણે બીજાને કહ્યું.



તે બોલ્યો કે મારા છોકરા માટે સંતરાં લઈ જતો નથી અને મહારાજ માટે લઈ જાઉં. એ જાણ્યા પછી બાપજીએ ત્યારથી સંતરાં છોડ્યાં તે આજે તમે લાવ્યા. બીજે દિવસે સવારે મારાં પત્ની પ્રેમીલાબેનને બાપજીએ હાર આપ્યો. જે ખોળામાં ઝીલ્યો ત્યાર પછી મારે ત્યાં દીકરો પ્રણવ (ઠાકોરભાઈ)નો જન્મ થયો અને શ્રદ્ધા વધી.

સને ૧૯૬૮માં વિદ્યાનગર મારે ઘેર પધાર્યા. તે દિવસે શુક્રવાર હતો. પછીના સોમવારે મારાં પત્નીને સાકરિયો સોમવાર હતો. બાપજીના ચરણોમાં ચાંલ્લો કર્યો અને કહ્યું કે તમે જ શિવ છો. બાપજીએ પાદુકા આપી અને કહ્યું કે એને ધૂળ ન ચઢે તે જોજો. અને હજી સુધી પાદુકાજીની દરરોજ અવિચ્છિન્ન પૂજા થાય છે.

અમદાવાદમાં ડૉ. વાણીને ત્યાં મારા દીકરા ઠાકોરભાઈ બાપજીને, ઘેર પધારવા આમંત્રણ આપવા ગયા ત્યારે કહ્યું હતું કે તારું માલિકીનું ઘર થશે ત્યારે આવીશ. તે વચન પોતે પાળ્યું. વિદાય લેતી વખતે પૂછ્યું કે કંઈ પૂછવું છે ? જવાબમાં આપની ભક્તિ અને સેવા જીવનમાં રહે એ જ માગ્યું. ગીતાનું અધ્યયન અને ચિંતન કરવા કહ્યું.

નોકરીમાં બદલી વખતે બહુ જ કનડગત થયેલી ત્યારે આશ્વાસનરૂપે પૂજ્યશ્રી બોલ્યા કે જેના માથે સમર્થ છે તેને ચિંતા કરવાની જરૂર નથી. મને મોઢા ઉપર મસા થયેલા. ઈલેક્ટ્રિક Cotarise કરી બાળી દેતા. આમ દોઢ–બે મહિના ચાલ્યું પણ મટ્યું નહીં. બાપજી આવ્યા ત્યારે બાપજીએ ઔદુંબર વિષે પૃચ્છા કરી. ત્યારે કહ્યું કે ઔદુંબર છે પણ નડતર હોવાથી ઇલેક્ટ્રિકવાળાએ કાપ્યો છે. ત્યારે બાપજીએ વિધિ બતાવ્યો. દૂધથી અભિષેક કરવા કહ્યું. એકવીસ પ્રદક્ષિણા અને સંકીર્તનનો પાઠ કરવા સૂચવ્યું. તે પ્રમાણે કરવાથી તુરત મટી ગયું. અમારા આંગણામાં જ ઔદુંબર છે. જેની પૂજા, પ્રદક્ષિણા ઘણા ભક્તો કરે છે. તેમની મનોકામના પૂર્ણ થાય છે.

મારો દીકરો ઠાકોર લાડકો, રખડેલ, ભણે નહીં. સામે બેસાડી આંખ કાઢી ધમકાવ્યો અને પૂછ્યું કે કેમ ભણતો નથી ? સિદ્ધપુરના વૈદિક બ્રાહ્મણને બોલાવ્યા. તેમણે ગણપતિ અથર્વશિર્ષનો પાઠ શીખવ્યો, પછી ઠેકાણું પડ્યું. ભણ્યો પણ ખરો અને મોટી કંપનીમાં મેનેજર છે.



**શ્રી કાલિપ્રસાદ દેસાઈ (મુંબઈ) 'શ્રીરંગદર્શન' (જુલાઈ-૭૦ પૃ.૩૩)**

*આપ સર્વવિદ્ હૃદયનું જાણો સઘળું નાથ,*
*ચિન્તા મારી આપને ! હું તો દીન અનાથ.*
(શ્રીગુરુલીલામૃત અધ્યાય-૧૦૯-૪૫)

૧૯૫૦ના માર્ચમાં પૂજ્યશ્રીનાં પ્રથમ દર્શન થયાં અને માયા લાગી, સંબંધ ગાઢ થયો ને 'શ્રીગુરુલીલામૃત'ની ઉપરની વાણીનો નિરંતર અનુભવ થયા કર્યો.

એમની પાસે બેસી અગમનિગમની તેમ જ આ લોકના વ્યવહારની વાતો સાંભળ્યા જ કરું. એમના સ્વભાવ સાથે એકરૂપ થઈ ગયેલ હાસ્યરસનો પણ આનંદ માણ્યા જ કરીએ.

એક વખત જે જીવ એમની પકડમાં આવ્યો તેનો બેડો પાર.

એક વખત મેં પૂજ્યશ્રીને કહ્યું : મારે રામકૃષ્ણ પરમહંસે જ્યાં ભગવતી કાલીની ઉપાસના કરી તે દક્ષિણેશ્વરના સ્થાનમાં જવું છે.' પૂજ્યશ્રીએ જવાબ આપ્યો : 'કોઈ સ્થળે જવાની જરૂર નથી.' મારા મને ત્યારથી નક્કી કર્યું કે શ્રીરંગઅવધૂત મારા શ્રેય માટે એકમાત્ર સાધન છે.

૧૯૫૨માં મારી નાની દીકરી તરલિકા વિધવા થયેલી. તેને લઈને હું નારેશ્વર ગયો. પૂજ્યશ્રીને ઘટનાની જાણ કરી. પૂજ્યશ્રીએ આકાશ સામે જોયું. પૂજ્યશ્રીને મૌન, એટલે તરલિકાની મૂંઝવણ દૂર ન થઈ! શ્રદ્ધા પણ ઓછી ! મેં એને કહ્યું તારા મનના પ્રશ્નનો ઉત્તર તને માનસિક રીતે મળી જશે! બન્યું એવું અમે પૂજ્યશ્રીનો ફોટો લેવા માટે ફિલ્મ વ્યવસ્થિત કરી; મારી નજર કેમેરાના વ્યૂ ફાઈન્ડરમાં, તરલિકાની નજર કેમેરાની પાછળ જ્યાં ફિલ્મનો નંબર લખેલો હોય ત્યાં. અદ્ભુત એવું બન્યું. કે તરલિકાએ ફિલ્મના નંબરની જગ્યાએ પૂજ્યશ્રીનાં દર્શન કર્યાં ! એનો સંશય ટળ્યો, શ્રદ્ધા પ્રગટી.

૧૯૫૬માં મોટા દીકરાને ટાઈફોઈડ થયો. એક દિવસ તબિયત વધારે બગડી. દુરિત વાતાવરણ થઈ ગયું. દત્તબાવનીનો પાઠ કર્યો. નારેશ્વર પત્ર લખ્યો. પત્ર આવ્યો : 'આ કાગળ મળે તે પહેલાં ધનંજયની તબિયત સુધરવા માંડી હશે.' અને બન્યું હતું તેવું જ.

૧૯૫૬માં જ 'રંગમંગલ'નામે મારા બંગલાનો નિવાસ મુંબઈમાં થયો, તે પૂજ્યશ્રીની વચનની- સિદ્ધિનો જ પરચો છે. ૧૯૬૩ની



ડિસેમ્બર ૨૩ના રોજમાં પધારી અમને કૃપાશિષવંતા કર્યા.

૧૯૫૮ની ૬૦મી રંગજયંતીમાં સમૂહ પારાયણમાં બેસવાનો લાભ મળ્યો. એ વાતાવરણ ચૈતન્યભર્યું હતું.

કોઈ કોઈ વખત રાત્રે કે દિવસે ચોતરફથી ધૂપની સુવાસ ઊઠે છે, ત્યારે દત્તબાવનીનો પાઠ કરીએ છીએ; પૂજ્યશ્રી હોવાનો આનંદ માણીએ છીએ.

**શ્રીમતી કુસુમબેન શં. પટેલ** (અમદાવાદ/વડોદરા)
('રેવાનો યોગી'માંથી ટૂંકાવીને)

નારેશ્વરના સંતનું નામ ૧૯૫૦-૫૧ના અરસામાં સાંભળેલું. એમનાં દર્શન કરવાની મને સુબુદ્ધિ સૂઝેલી નહિ. 'ઈ.સ. ૧૯૫૯ના અરસામાં ઈન્સ્પેકશનમાં સારોદ જવાનું થયું ને ઊંડે ઊંડેથી નારેશ્વર જવાની ઈચ્છા ઉદ્‌ભવી! પૂજ્યશ્રી નારેશ્વરમાં ત્યારે નથી, એવા સમાચાર હતા, છતાં ખેંચાણવશ હું સ્થાનનાં દર્શન તો થશે, એવી ભાવનાથી પહોંચી. આશ્રમના દરવાજે ગાડામાંથી હું ઊતરું છું, ત્યાં જ કો'ક બોલ્યું, 'શ્રી ગુરુદેવ હમણાં જ થોડા વખત પહેલાં બહારગામથી પરત આવી ગયા છે.' મારું મન આનંદથી નાચી ઊઠ્યું.

શ્રી ગુરુદેવનાં દર્શન કર્યાં. ઓટલાના પગથિયે બેઠેલા એ અવધૂત કોઈ મહાન યોગી હોય એવો અંતરઆત્માને ભાસ થયો.

ઈ.સ. ૧૯૬૦માં મારાં બાને લઈને બીજીવાર હું નારેશ્વર ગઈ. વરસતો વરસાદ, કાદવ–કીચ્ચડ ને મોડી સાંજે પહોંચ્યાં, ત્યારે પૂજ્યશ્રીએ પ્રથમ પ્રશ્ન કર્યો : 'જોઈ જોઈને આજ સમય કે મુહૂર્ત લઈને આવ્યાં !?' બીજે દિવસે લીમડા નીચે પૂજ્યશ્રીનાં દર્શન કર્યાં. મારાં બાએ માનસિક બિમારીથી દુ:ખી રહેતા મારા ભાઈ વિશે પ્રશ્ન પૂછ્યો; જવાબ મળ્યો : 'સમય આવે બધું સારું થઈ જશે.' મારાં બા મુંબઈ પરત ફર્યાં ત્યારે મારા ભાઈની તબિયતમાં ધીમે ધીમે ચોક્કસ સુધારો અમે અનુભવ્યો. મેં મારી મૂંઝવણ રજૂ કરી! ત્યારે કહ્યું : 'તમારા મન અને જીવનથી હું જ્ઞાત છું, ધીરજ ધરો ને નાહિંમત ન થશો. નીતિ અને સત્ય હંમેશાં જીતે છે.'

ઈ.સ. ૧૯૬૦ જુલાઈના આખરના દિવસોનો એક પ્રસંગ અજોડ છે. મોટી કોરલથી સાંજે નારેશ્વર ગુરુદેવના દર્શને ગઈ. ગુરુદેવ બોલ્યા : તમારી બદલી થઈ છે, ખરી વાત? મેં તો ઈન્કાર કર્યો ! બીજે દિવસે

સવારે જ્યાં સ્ટેશન પર જાઉં છું ત્યાં બદલીના હુકમના આધારભૂત સમાચાર મળ્યા!



**પૂ. કૃષ્ણશંકર શાસ્ત્રી (દાદાજી) સોલા – ભાગવત વિદ્યાપીઠ**
**('શ્રી રંગ દર્શન' નવે.ડિસે. '૭૨માંથી)**

"પૂ.શ્રી રંગ અવધૂત લાખો અને કરોડોનો અપૂર્વ વિસામો હતા. એમની પાસે વાણીનાં વ્યાખ્યાનો ન હતાં; વાણીદેવી તો એમની રસનામાં વિલાસ કરતાં હતાં. માત્ર એમની કારુણ્યભરી, અમીભરી, ઉત્સાહભરી આંખમાંથી જ કૃપાઘોષ વરસતા હતા."

"શ્રી દત્ત ભગવાનના સાક્ષાત્ અવતાર શ્રીરંગ અવધૂત! કોઈ પણ એવી વ્યક્તિ નહીં હોય કે એક વાર આપની ઝાંખી કરનારને ભક્તિનો, સેવાનો, ભગવાનનો, સદાચારનો, સત્કર્મનો રંગ ન લાગ્યો હોય. ક્યારેય ક્યાંય મંચ પર બિરાજી આવે. પ્રપંચ વિસ્તાર્યો જ નથી.

એક વાર તો ખૂબ દક્ષતાપૂર્વક મને ટકોર કરેલી : શાસ્ત્રી વિદ્યાપીઠનું ખાતમુહૂર્ત કરી લ્યોને ! વિલંબ શા માટે કરો છો ? મને શી ખબર કે આ ટકોર શાને માટે હશે ?

આફ્રિકાથી પાછા પધાર્યા બાદ જ્યારે જ્યારે દર્શને જવાનું થતું ત્યારે ત્યારે કોકવાર અપવાદને બાદ કરતાં પાંચેકવાર એક જ વાક્ય કહ્યું : શાસ્ત્રી દીપક બુઝાવાનો હોય ત્યારે બહુ ઝબૂકે ખરુંને?! મેં ભીની આંખે નિવેદન કર્યું : 'આ ક્યાં ઘૃત–તેલ દીપક છે?! આ તો 'સ્વયંદીપ' છે. એને અજવાળે તો ભગવાનની અમ સૌએ ઝાંખી કરવાની છે'. પ્રસન્ન સ્મિત મુખસરોજ ઉપર છવાઈ જતું.

આપનો સ્થૂલ વિગ્રહ પણ સત્ ચિત્ આનંદમય છે.

અકારણ કૃપાકારુણ્ય મેં અનુભવ્યું છે. મારું આકર્ષણ તેઓશ્રી તરફ ખરું જ, પરંતુ દર્શન–યોગ નહિ! અખંડ નિત્ય વ્યવસાયમાં રહું એટલે કાંઈ સરખાઈ ના આવે !

એકવાર ભાદરણવાળા શંકરભાઈએ મહારાજશ્રી પાસે લઈ જવા કહ્યું. મેં મારી ભાષામાં કહ્યું કે પૂજ્યશ્રી મને કૃપા કરી તેડે તો અવાય! શ્રી શંકરભાઈએ મારો સંદેશો પહોંચાડ્યો! મને પૂજ્યશ્રીએ કહેવડાવ્યું, અલબત્ત વિનોદમાં જ! 'શાસ્ત્રીને કહેજો કે અવધૂત કોઈને તેડતો નથી. આવવું હોય તો તેનાં દ્વાર ખુલ્લાં છે.

સ્થાનમાં મુખોમુખ થવાયું! ત્યારે હસતાં હસતાં પૂજ્યશ્રી બોલ્યા :



'શાસ્ત્રી આવ્યા ?' મેં કહ્યું : 'આપે કૃપા કરી ત્યારે આવ્યો. અન્યથા હું પ્રવાહી જીવ આપની છાયામાં ક્યાંથી?

પ્રાર્થનાખંડના ઉદ્દ્ઘાટનની સેવા મને સોંપી. મારો શ્રીચરણમાં દૃઢ નિરોધ સિદ્ધ કર્યો. કૃપામય અનુગ્રહો થવા જ લાગ્યા, જેની નોંધ અશક્ય છે, તો પણ એક પ્રસંગ આલેખ્યા વિના રહી શકતો નથી?.

શ્રીમદ્ ભાગવત વિદ્યાપીઠની યોજનાનું પ્રથમ નિવેદન બે વિભૂતિઓની સમક્ષ કર્યું હતું - પૂ.શ્રી રણછોડદાસ મહારાજ અને શ્રીરંગ અવધૂત મહારાજ.

પૂજ્યશ્રીની આજ્ઞા અને અનુગ્રહથી જ શ્રી ભાગવત વિદ્યાપીઠનું કાર્ય આરંભ્યું છે. અમદાવાદ પાસે 'સોલા' ગામની દિવ્યગઢ ટેકરી સ્થાન માટે મળે એવો સંભવ છે, એવું મેં કહ્યું ત્યારે જણાવ્યું : "સંભવ નહીં નિશ્ચય છે, ભગવાને તે જ સ્થાન મંજૂર કર્યું છે."

સ્થાન નક્કી થયું એટલે પ્રત્યક્ષ નહીં પણ પત્રથી જ નિવેદન કર્યું કે હવે આપ પધારશો ત્યારે ખાતમુહૂર્ત થશે. તા ૧૩-૩-૬૭નો દિવસ ખાતમુહૂર્તનો હતો! શ્રી અવધૂતજીએ પત્ર પાઠવ્યો : "કાર્ય ભગવાનનું છે, ભગવાન કરશે માટે ચિંતા ન કરશો. માતાજીની પ્રકૃતિ નાજુક છે. માતાજીની આજ્ઞા છે કે રાત્રી આશ્રમમાં જ ગાળવી. ××મારી ઉપસ્થિતિ ત્યાં જ સ્વીકારશો, માતૃવશ હું નિરુપાય છું."

દર્શન લાલસા અને ભાવિના મનોરથથી પ્રેરાઈ મેં એક પંક્તિથી નિવેદન કર્યું : 'આપ સમર્થ નિરુપાય છો; હું સામાન્ય નિરાધાર છું.'

સંતનું હૃદય કોમલ હોય છે. તેઓ મારી વ્યથા ન સહી શક્યા. મોદીજીને મને શોધતાં શોધતાં નડિયાદ અને નડિયાદથી અમદાવાદ મોકલ્યા. રાત્રીના અગિયાર વાગે મોદીજી પધાર્યા કે મોદીજીમાં મારા અવધૂત પધાર્યા. પૂજ્યશ્રીનાં કૃપાસુધા વાક્યો મને મોદીજીએ સંભળાવ્યાં : "યોગીજનોની રાત્રી ૩ વાગ્યા સુધીની. પૂ. માતાજીની આજ્ઞાનું પાલન કરીશ. ૩ વાગે નીકળીશ. મોટરમાં નીકળીશ. રસ્તામાં ઉલટીઓ થશે તો લીંબુનો રસ રાખી મૂકીશ. ખાતમુહૂર્ત પ્રભુનું કાર્ય છે. અવશ્ય આવીશ. નીકળતાં પહેલાં જો માતાજીનો દેહ છૂટી જશે તો હું નિરુપાય છું. પરંતુ દ્વારથી બહાર નીકળ્યા બાદ જો માતાજી દેહ વિસર્જન કરશે તો પ્રથમ શ્રી ભાગવત વિદ્યાપીઠનું ખાતમુહૂર્ત કરીશ. બાદ પરત માતાજીને અંજલિ આપીશ. જોકે માતાજી કૃપાળુ છે એટલે કાળને પણ રોકી મૂકશે. વિઘ્ન નહીં આવે. અવશ્ય આવીશ'.

હે દત્તાવતાર, આપશ્રીના શ્રીચરણે અનેક દંડવત્ પ્રણામ...

**ગુણવંતરાય દામોદરદાસ પાઠક (પાદરા) ('રેવાના યોગી' પૃ. ૯૩)**



'હું બાર માસ સુધી ગુપ્ત રીતે બ્રાહ્મણ પાસે સત્યનારાયણની કથા કરાવતો હતો. મારાં ધર્મપત્ની પણ એ વાત જાણતાં નહિ. પણ અવધૂત મહારાજ પ્રથમ દેવકૃષ્ણાનંદ મહારાજના આશ્રમમાં આવેલા ત્યારે પાદરામાં પધારેલા ત્યારે શ્રીફળ લઈ હું પૂજ્યશ્રીનાં દર્શને ગયો. શ્રીફળ ચરણમાં ધરી બેઠો. બાપજી બોલ્યા : ''સત્યનારાયણની કથાઓથી શું થવાનું છે ?'' એ સાંભળી મને આશ્ચર્ય થયું કે બાપજી મારા મનની વાત જાણી ગયા ! માટે આ કોઈ સાધારણ સંત નથી, સાક્ષાત્ પ્રભુ છે એવું ઓળખાણ થયું ત્યારથી નારેશ્વર જવાનું શરૂ કર્યું.

ત્યારપછી પૂજ્યશ્રીએ અનેક વખત કૃપા કરી.


સંવત ૨૦૧૦ના કારતક સુદી આઠમે પૂજ્યશ્રીનાં પગલાં ઘરમાં પડ્યાં. અમારાં ભાગ્ય ઊઘડ્યાં. મોતીબ્રંએ પ્રભુસ્વરૂપ પૂજ્યશ્રીને વધાવવાનું સદ્ભાગ્ય મળ્યું. અઠવાડિયા અગાઉ આવેલ આવા સ્વાગતનું સ્વપ્ન સાકાર થયું. પૂજ્યશ્રી ઘરમાં પધાર્યા અને ઢાળેલા બાજઠ પર બિરાજ્યા. પૂજ્યશ્રીએ બિરાજતી વખતે શબ્દો ઉચ્ચાર્યા : 'આ અવધૂત બેઠો, એ બેઠો.'

**શ્રી ગોરધનભાઈ વિઠ્ઠલભાઈ પટેલ, મીઢોળ**

**(મુલાકાત : કીર્તનકેસરી વિઠ્ઠલભાઈ પાઠક**

ઇ. સ. ૧૯૩૩માં દીવેર ગામના મંડળના શ્રી નંદલાલભાઈ પાઠક પાસેથી પૂજ્ય બાપજી વિષે એક સિદ્ધ સંત છે એમ જાણવા મળ્યું. તે સમયે ઉંમર ૧૪ વર્ષની હતી. તે જ વર્ષે નારેશ્વરમાં દત્તજયંતીના ઉત્સવમાં ભાગ લીધો, અને અખંડ ધૂન બોલાવવામાં તેમની વરણી તદ્દન નિર્વ્યસની હોવાને લીધે થઈ. આમ પ્રથમ દર્શન ૧૯૩૩માં થયું અને પ્રથમ દર્શને જ પ્રભાવિત થઈ ગયા અને અનન્ય ભાવે ગુરુ મહારાજનું શરણ સ્વીકારી ગુરુ મહારાજની અને સ્થાનની સેવા સ્વીકારી. તે સમયે મીઢોળમાં નૃસિંહ ભગવાનનું મંદિર હતું અને રામચંદ્રજીની ઉપાસના હતી.

તે સમયે નારેશ્વર સ્થાનમાં ગીચ ઝાડી હતી અને ફાફડિયા થોરનું જંગલ હતું. એને સાફ કરવામાં મીઢોળ અને દીવેરના મંડળે ખૂબ જ મહેનત કરી હતી. ત્યાર પછી નારેશ્વર જવાનું વારંવાર થતું. ત્યાં બધા જ ઉત્સવોમાં ખૂબ સક્રિય રહેલા. દત્ત જયંતીના ઉત્સવો ઉપરાંત



ઑફિસના મકાનના બાંધકામમાં, પ્રાર્થના હૉલ, જૂની-નવી ગુફાના બાંધકામમાં અને બધા જ સર્જિકલ કેમ્પોમાં સેવા કરી. ભજનની સાથે ગુરુસ્થાનની સેવા-ગુરુને ગમતું કરવાની એકમાત્ર લગની લાગી.

પૂ. બાપજીની સાથે પૂ. માજી પણ નારેશ્વરમાં જ સ્થિર થયાં ત્યારે સેવા માટે સ્થાનમાં ભક્તોએ ભેગાં મળીને બાર માસના બાર વારા નક્કી કર્યા, જેમાં એક દંપતી એક માસ માટે સેવામાં રહે. ભાઈ પૂ.શ્રીની સેવામાં અને બહેન પૂ. માજીની સેવામાં રહેતાં. આવી સેવા સ્વૈચ્છિક રીતે સ્વખર્ચે નારેશ્વરમાં રહીને કરતાં. તેમાં સૌથી નાની ઉંમરના ગોરધનભાઈ હતા. તેમનો વારો ફાગણ માસમાં આવતો. વર્ષો સુધી પ્રતિ વર્ષ અમે દંપતી સેવામાં રહેતાં.

**માસિક વારાની નામાવલિ**

| | | |
|---|---|---|
| (૧) | શ્રી પ્રભાશંકર જગન્નાથ | મીંઢોળ |
| (૨) | શ્રી ગોરધનભાઈ વિઠ્ઠલભાઈ પટેલ | મીંઢોળ |
| (૩) | શ્રી લલ્લુભાઈ ઝવેરભાઈ પટેલ | મીંઢોળ |
| (૪) | શ્રી નંદલાલ શિવરામ પાઠક | દીવેર |
| (૫) | શ્રી ચતુરભાઈ બેચરભાઈ પટેલ | દીવેર |
| (૬) | શ્રી નાથાભાઈ રામદાસ પટેલ | દીવેર |
| (૭) | શ્રી ચંચળબેન પાઠક | દીવેર |
| (૮) | શ્રી અંબાલાલ સૂરજરામ પંડ્યા | ઉમલ્લા |
| (૯) | શ્રી નાંદના મોટીબા (ઝણોરના ભીમસિંહ બાજીનાં સાસુ) | |
| (૧૦) | શ્રી વલ્લભભાઈ પટેલ | રાજપારડી |
| (૧૧) | શ્રી જમનાબેન | વણાકપોર |

આ જૂની પેઢીને ગુરુમહારાજ અને નારેશ્વર સ્થાન પ્રત્યે એટલી લાગણી હતી કે પોતાનું લાખ રૂપિયાનું કામ બગડતું હોય તો પણ પહેલાં નારેશ્વરના કામને અગ્રીમતા આપતા.

ગોરધનભાઈના કાકાની દીકરીને ત્યાં લગ્ન હતું. તે સમયે તેઓ નારેશ્વરના વારામાં હતા તે છોડીને લગ્નમાં ગયા ન હતા.

પૂજ્યશ્રીને ભજન ખૂબ ગમે. સને ૧૯૩૪થી નારેશ્વરમાં દર ગુરુવારે ભજનની વારી શરૂ થઈ જેમાં ઉમલ્લા, મીંઢોળ, દીવેર, વેલુગામ અને સાયર આ પાંચ ગામોના ભક્તોએ સ્વૈચ્છિક રીતે વારી સ્વીકારેલી. જેમાં બુધવારે સાંજે ઘેરથી ભાથુ બાંધીને આવે, રાત્રે ભજન કરે, ગુરુવારે સવારે છથી સાડાદશ સુધી ધૂન કરે અને પછી પૂજ્યશ્રીનાં દર્શન કરી



વિદાય થાય. આ વારીમાં આવતા ભક્તોને પૂજ્યશ્રીએ એક એવી ઉદાત્ત-આચાર શ્રેણી આપી હતી કે નારેશ્વર આવતાં કે ઘેર જતાં વચ્ચે કોઈ પણ ગામે કોઈ પણ સગાસંબંધીને ત્યાં જવું નહીં. ઘેરથી સીધા નારેશ્વર અને નારેશ્વરથી સીધા ઘરે કે જેથી કોઈને એમ ન થાય કે નારેશ્વર જતાં અમારે ઘેર ધામા નાખે છે. આમ નારેશ્વર વગોવાય નહીં.

ગોરધનભાઈના દીકરા શ્રી ડાહ્યાભાઈએ આંતરજ્ઞાતીય લગ્ન કરેલું. તેથી તેઓ કુટુંબથી વિખૂટા પડી ગયેલા. પછી કુટુંબમાં કંઈ શુભ પ્રસંગ આવેલો ત્યારે પૂજ્યશ્રીને આ ખબર પડી એટલે ગોરધનભાઈને બોલાવીને કહ્યું કે આપણે ડાહ્યાને બોલાવવાનો. આમ પૂજ્યશ્રીની કૃપાથી સમન્વય થયો. એવા બાપજી ક્રાંતિકારી વિચારસરણીના હતા.

ગોરધનભાઈની પૂજ્ય બાપજીમાં એવી અનન્ય નિષ્ઠા છે કે બાપજી સ્વયં ભગવાન જ છે અને એમની ઇચ્છા કે સૂચનાને ભગવાનની આજ્ઞા જ માનો છે.

એક વાર એમનાં પત્ની ઉજમબેનને સંગ્રહણી થઈ ગયેલી. વારંવાર ખૂબ ઝાડા થાય. પરેજી અને દવા પણ ખૂબ કરવા છતાં રોગ લાંબો સમય પહોંચ્યો. તે દરમ્યાન એકવાર નારેશ્વર આવવાનું થયું. પૂજ્ય માજીએ રસોડે પ્રસાદ લેવાનું કહ્યું, પણ એમને તો કડક પરેજી હતી. માત્ર છાશ જ લેતાં. પણ ગુરુમહારાજના પ્રસાદનો અનાદર થાય નહીં એવી શ્રદ્ધાથી તે દિવસે દાળભાત શાક લાડુ અને વાલ પણ જમ્યાં. તે દિવસથી મહિનાઓથી વળગેલો સંગ્રહણીનો રોગ મટી ગયો.

ગોરધનભાઈ પૂજ્યશ્રીની તદ્દન નજીકની સેવામાં રહ્યા નહીં. પણ આગળની તૈયારીમાં ઠેરઠેર ઉત્સવોમાં જતા. સ્વામી મહારાજની શતાબ્દીનો મહોત્સવ ગરુડેશ્વરમાં ઊજવાયો ત્યારે ખૂબ સેવા કરી. શરીરની પરવા કર્યા વિના રાતદિવસ એક કરીને. ગરુડેશ્વર શતાબ્દી મહોત્સવમાંથી પાછા ફરતાં શુકદેવથી નારેશ્વર આવતાં શુકદેવમાં રાતવાસો કર્યો. સવારે નાવડીમાં નીકળવાનું હતું. પણ ચોમાસાને લીધે શુકદેવના મંદિરથી ઓવારાનો રસ્તો ધોવાઈ ગયેલો, જે ગોરધનભાઈએ રાતોરાત અથાગ પરિશ્રમ કરી ખાડા પૂરીને સવારે પૂજ્યશ્રી સહેલાઈથી જઈ શકે એવો બનાવી દીધેલો. બાપજીની અંગત સેવામાં તેઓ જાતની પરવા કરતા નહીં એવા ઘણા પ્રસંગો છે.

નારેશ્વરમાં ભજન કરવા આવતા ત્યારે પૂજ્યશ્રી જાતે ધૂનોના રાગ ગાઈને બતાવતા. ''દત્ત દત્ત વદો ભાઈ એહી જગ તાર હૈ'' એ ધૂનનો રાગ પૂ. બાપજીએ પોતે ગાઈને ગોરધનભાઈને બતાવેલો.



## વિશેષ માહિતી

વિ. સં. ૧૯૮૧માં પૂજ્યશ્રી નારેશ્વરમાં પધાર્યા ત્યારે મીઢોળ ગામના શ્રી પ્રભાશંકર ગોર પૂ. બાપજીના પ્રથમ પરિચયમાં આવ્યા. ત્યાર પછી મીઢોળ ગામના બીજા ભક્તો આકર્ષાયા. ઇ.સ. ૧૯૩૨માં નારેશ્વર સ્થાનની જગ્યા લીધી. ગોરધનભાઈ તે સમયે દીવેરની શાળામાં છઠ્ઠા ધોરણમાં અભ્યાસ કરતા. પૂજ્ય બાપજી પ્રતિવર્ષ બેસતા વર્ષે મુ. દાસકાકાને ત્યાં રણાપુર જતા અને ભાઈબીજે પરત આવતા. એક વખત રણાપુરથી દીવેરનો મુકામ ત્રણ ચાર દિવસ માટે થયો. ત્યાં મીઢોળના ભક્તો દર્શન કરવા આવ્યા. તેમણે પૂજ્યશ્રીને મીઢોળ પધારવા વિનંતી કરી અને મીઢોળનો પ્રથમ મુકામ સ્વામીનારાયણ મંદિરમાં થયો. પરંતુ બાપજીને વસ્તીમાં મુકામ અનુકૂળ ન હતો, તેથી ગામ બહાર મહાદેવનાં મંદિર પાસે એક ઘાસની કુટિર બનાવી. બીજે વર્ષે ત્યાં મુકામ કરાવ્યો અને આખું ગામ રંગાયું. ત્યાર પછી ઉપરોક્ત સમયે આઠેક વર્ષ સુધી બાપજી પ્રત્યેક વર્ષે મીઢોળ પધારતા રહ્યા. ત્યાંથી સુરાસામળ, માંડવા વગેરે ગામોમાં થઈ દત્તજયંતી પહેલાં નારેશ્વર પધારતા.

એક વખત બાપજીના મુકામ દરમ્યાન મીઢોળના શ્રી ઈશ્વરભાઈ છીતાભાઈ ખૂબ બિમાર થઈ ગયા, બચવાની આશા ન હતી. એ તો બાપજીના ભક્ત હતા. તેમની બિમારીની વાત બાપજીના કાને આવી અને અવધૂત બોલ્યા : "અવધૂત હાજર હોય ત્યાં યમરાજની આવવાની તાકાત નથી." અને શ્રી છીતાભાઈ મોતના મુખમાંથી ઊગરી ગયા. મૂળ તો શ્રી છીતાભાઈ સ્વામીનારાયણ સંપ્રદાયના હતા, પણ પૂજ્યશ્રીના સંપર્કથી અને કૃપાથી નારેશ્વરના ભક્ત બની ગયા અને તન-મન-ધનથી ગુરુસ્થાનની સેવા કરતા રહ્યા.

નારેશ્વર સ્થાનમાં આરંભમાં જે કાકડીયા થોરનું જંગલ હતું તે બધું જ મીઢોળ અને દીવેરના મંડળે ખૂબ જ જહેમત ઉઠાવી જાતે સાફ કર્યું.

### મીઢોળનું મંડળ

(૧) શ્રી પ્રભાશંકર જગન્નાથ જોષી
(૨) શ્રી વિઠ્ઠલભાઈ પ્રાગદાસ પટેલ
(૩) શ્રી જોરભાઈ પરાગભાઈ પટેલ
(૪) શ્રી લલ્લુભાઈ ઝવેરભાઈ પટેલ



(૫) શ્રી ગોપાળભાઈ ઈશ્વરભાઈ પટેલ
(૬) શ્રી લાભશંકર જગન્નાથ જોષી
(૭) શ્રી દેસાઈભાઈ જેસંગભાઈ પટેલ (અગ્નિહોત્રી)
(૮) શ્રી ગોરધનભાઈ રાયજીભાઈ
(૯) શ્રી દેસાઈભાઈભાઈ ઝવેરભાઈ

શ્રી પ્રભાશંકરભાઈ પૂજ્યશ્રી સાથે પ્રવાસમાં રહેતા અને બાપજીની ભિક્ષા બનાવતા. તેમના આવસાન પછી એ સેવા પ્રવાસમાં તેમના નાનાભાઈ લાભશંકર કરતા. નારેશ્વરમાં દત્તજયંતીનો મહોત્સવ ઇ.સ. ૧૯૩૨થી શરૂ થયો. પહેલી દત્તજયંતીએ સવામણનો લાડુ થયેલો અને છેલ્લી દત્તજયંતીએ વર્ષ ઉમેરવું એ ૧૨૫ મણ લોટનો લાડુ થયો. લાડુમાં ચોક્ખું જ ઘી વપરાતું અને બધી જ વસ્તુ મરીમસાલા પણ હાથે જ દળી ખાંડીને વપરાતી.

દત્તજયંતીના એક ઉત્સવમાં પાકું રેશનિંગ હતું અને સામેથી રાજપીપળા સ્ટેટની સરહદમાંથી કોઈ પણ વસ્તુ વડોદરાની સરહદમાં લાવવાની મનાઈ હતી. તે સમયે ગોરધનભાઈનાં બા ચંચળબાએ કહ્યું કે આપણા ઘરમાં બે કોઠી ચોખા ભરેલા છે. લઈ જાઓ નારેશ્વર દત્તજયંતીમાં અને ત્રણ કળશી ચોખા ગાડામાં ભરી મીઢોળથી નારેશ્વર લઈ આવ્યા અને ગુરુકૃપા તો એવી થઈ કે તે વરસે એક વરસાદ ડાંગર માટે ખૂટતો હતો જે એવો પડ્યો કે ત્રણ કળશી ડાંગર પાકી ગઈ.

એમના પિતાજી શ્રી વિઠ્ઠલભાઈ પટેલને પિશાચની પીડામાંથી પૂજ્યશ્રીની કૃપાથી મુક્તિ મળેલી જે પ્રસંગ સવિસ્તર રંગલીલામૃતમાં છે. શ્રી વિઠ્ઠલભાઈની નિષ્ઠા પણ અજોડ હતી. તેઓ પણ બાપજી અને સ્થાનની સેવા તનમનધનથી કરતા.

શ્રી ગોરધનભાઈને મૂકસેવક ગણી શકાય. તેઓ કદી બાપજીની સમીપ બેઠા નથી, કશું માગ્યું નથી, માત્ર સેવામાંથી જ આનંદ લૂંટ્યો છે. પૂ. શ્રી જ્યારે છેલ્લી વાર નારેશ્વર છોડતા હતા ત્યારે ગોરધનભાઈને પૂછ્યું : "બોલ શું જોઈએ છે ?" ગોરધનભાઈએ કહ્યું : "સેવા આપો !" અને આજે ૮૩ વર્ષની ઉંમરે પણ એક યુવાનને પણ શરમાવે એવી ઝડપથી હરકોઈ કામ- સેવા પોતે કશા પણ સંકોચ વગર ઉરના ઉલ્લાસથી કરી રહ્યા છે. એમની ગુરુનિષ્ઠાની ફળશ્રુતિ એ કે એમના ઉપર પૂજ્યશ્રીની કૃપા ખૂબ જ છે. જેથી નારેશ્વર આશ્રમના કોઈપણ કાર્યમાં તેમની આગવી કોઠા સૂઝ છે. આથી તેઓ આશ્રમના દરેક



કામમાં પોતાની જાતને જોતરે છે. ગુણો ઊંચકાવની હોય કે હિસાબી કામ હોય, રસોડે શાક સુધારવાનું હોય કે હાર્મોનિયમ રિપેર કરવાનું હોય, મંડપ બાંધવાનો હોય કે ભજન કરવાનું હોય કે રાત્રે ચોકી કરવાની હોય – ગોરધનભાઈ સદાય તત્પર જ.

## શ્રી ગોવિન્દભાઈ ચુનિલાલ ઉપાધ્યાય (પોર)

પૂ.શ્રીનાં પ્રથમ દર્શન મીંઢોળ મુકામે મારા મામા પ્રભાશંકર ગોરને ત્યાં થયાં. હું તે વખતે બહુ નાનો. આમ તો હું વિચારતો હતો કે મહારાજ હશે એટલે બધું ઝાકમઝાળ હશે. લાડુ વગેરે થશે. પણ એવું કંઈ જ જોવા મળ્યું નહિ. તેથી નિરાશ થયો હતો.

પણ પૂ.શ્રીએ મને કહ્યું કે તને તો સો સુધી આવડે છે. હું તો દુનિયાના આંક શીખ્યો નહિ તો બાવા બનવું પડ્યું ! એટલે સ્લેટપેન લઈ તેમને એકડો શીખવવા લાગ્યો. પણ પછી ખબર પડી કે તે તો ખૂબ ભણેલા છે.

આ પ્રસંગથી મને ભણવાની પ્રેરણા મળી.

નારેશ્વર દત્તજયંતીના ઉત્સવોમાં જતો. દર્શન કરતો, પૂ.શ્રી પોર પધારતા ત્યારે અંગતસેવામાં રહેવાનું થતું. અને સંબંધ ખૂબ વિકસ્યો.

પૂ.શ્રીએ નર્મદારસ્તે નારેશ્વર આવતાં મારી સીગારેટ પીવાની આદત છોડાવી. તેમણે કહ્યું : 'આ પીવાથી તો થોડું દૂધેય પેટમાં જાય. આનાથી શું થાય ? ધુમાડો જ પીવાનોને !

પૂ.શ્રીએ પોર ગામમાં સ્કૂલ ન હતી તેથી મને રામાયણની કથા કરવા પ્રેર્યો. મેં રામાયણ જોયેલું પણ નહીં અને પૂ.શ્રીની પ્રેરણાથી એ કથા કરીને ગામમાં સ્કૂલ થઈ.

પૂ. બાપજી સાથે શ્રીગુરુલીલામૃતમાં આવતું જમદગ્નિ આશ્રમમાં સહસ્રાર્જુનનું સ્વાગત વાંચી પ્રશ્ન થયેલો કે આ બધું ગાયના મુખમાંથી નીકળ્યું હશે ? અને પૂ.શ્રીએ એનું રહસ્ય કહેતાં કહેલું કે કામદુધા જેવી ગાય વિશ્વમાં નથી. આપણી પ્રબળ ઇચ્છાશક્તિ એ જ કામદુધા ગાય ! અને એ પછી એના પરચાઓ પણ મને આપ્યા જે મેં રંગલીલામૃતમાં વર્ણવ્યા છે.

મારા જીવનમાં એમના અનેક અનુગ્રહો છે. મુંઝાઉં એટલે પૂ.શ્રીને પત્ર લખું. પોસ્ટ કરવા જતાં પહેલાં તો મારું કામ થઈ જતું. મુંઝવણ દૂર થતી. હું તો એમને ભગવાન જ માનું છું.



એમને સ્તોત્ર, ભજન, ધૂન બધું જ ગાતાં સાંભળ્યા છે. પોરમાં ને નારેશ્વરમાં.

એમનાં સ્મૃતિચિહ્નો મારી મારફત પોરભજન મંડળને મળ્યાં છે જે કુટિરમાં મૂકવામાં આવ્યાં છે. પાટ, ખુરસી, દંડ વગેરેને ભક્તો ભાવથી પૂજે છે.

**ચંદનબેન નરહરિભાઈ પાઠક** વડોદરા, વરણામા

વરણામા મુકામે સમૂહપારાયણવેળા પૂ. મગનભાઈ માસ્તર અને જયંતિલાલ આચાર્ય દ્વારા સાંભળ્યું કે નારેશ્વરના સંત રંગ અવધૂત સમૂહ- પારાયણ વેળા આપણા ગામે ઉપસ્થિત રહેવાના છે.

પ્રથમ દર્શન વરણામામાં સમૂહપારાયણ વેળા શ્રી મગનભાઈ માસ્તર અને શ્રી જયંતિલાલ આચાર્યની પ્રેરણાથી કર્યા.

પ્રથમ દર્શન થતાં જ એમનાથી અંજાઈ જવાયું. પૂ.શ્રીના મુખારવિંદની તેજસ્વિતા અને પૂ.શ્રીનાં પ્રભાવશાળી નેત્રો જોતાં અને સ્નેહનીતરતા શબ્દોથી પૂર્વના પુણ્યબળે સદ્‌ગુરુ સાંપડ્યાનો ભાવ હૃદયમાં જાગી ગયો અને જે ઇષ્ટદેવનું સ્મરણ કરું છું એ ઇષ્ટદેવ અવતાર લઈ સન્મુખ બેઠા છે એવી પ્રતીતિ અંતરને થવા લાગી.

વરણામાના સમૂહ પારાયણ વેળા પૂ. બાપજીના સંપર્ક અને સત્સંગ બાદ તુર્ત જ હું નારેશ્વર ગઈ અને પૂ.શ્રીનાં નારેશ્વર મુકામે પ્રથમ દર્શન કર્યાં. નારેશ્વર સ્થાન કોઈ સિદ્ધ સંતની દિવ્ય શક્તિથી મહેંકતા સામ્રાજ્ય જેવું લાગ્યું, જ્યાં શાંતિ અને સમાધાન મળી રહે એવું જીવનના ત્રિવિધ તાપને ખાળનારું લાગ્યું. નારેશ્વર ગઈ ત્યારે જગજીવન માસ્તરે વાત કરી "પૂ. માજીની સેવામાં એક બ્રાહ્મણ કુટુંબ રાખવાનું છે" અને અનસૂયા સમા મા રુકમામ્બા (માજી)ની સેવામાં ૬ માસ નારેશ્વરમાં રહેવાનું સ્વીકારી લીધું એટલે નારેશ્વર જ અમારું નિવાસ સ્થાન થયેલું જે પૂ. માજી વિદાય થયા ત્યાં સુધી રહ્યું. સ્થાનમાં રહેતા હોય એટલે સ્વાભાવિક સ્થાનમાં ઊજવાતા સર્વે ઉત્સવોની હું સહભાગી થઈ.

પૂ. માજીની સીધી સેવાથી જીવન ધન્ય થવા લાગ્યું. રંગજયંતી અને દત્તજયંતીના ઉત્સવો પૂ. બાપજીના સાનિધ્યમાં ઊજવાતા ત્યારે પૂ.શ્રી પારણું ઝુલાવતા હોય, ભજન ગવડાવતા હોય અને અમે બધા ઝીલતાં હોય એવો દુર્લભ લાભ પણ દત્તજયંતીના ઉજવાતા ઉત્સવે પૂ. બાપજીના સાન્નિધ્યે અમે માણ્યો.



પૂ. બાપજી સાથે સીધો સંપર્ક તેઓ પ્રથમ વાર જ્યારે વરણામા આવ્યા ત્યારે જ થયો અને ત્યાર બાદ નારેશ્વર મુકામે પૂ.શ્રીનાં પુનઃ દર્શન કર્યાં અને પછી તો પૂ. માજીની સેવામાં પ્રારંભે વર્ષના ૬ માસ નારેશ્વરમાં રહેવાનું નક્કી થયું અને પછી તો પૂ. શ્રીના સંપર્કમાં સતત રહેવાનું ભાગ્ય મળ્યું.

ત્યાર પછી પૂ. બાપજી સાથેનો સંપર્ક વધવા લાગ્યો. જીવનની પ્રત્યેક પળે પૂ. શ્રીનું માર્ગદર્શન મળવા લાગ્યું અને એ સંપર્ક એવો વિકસ્યો કે અમે પૂ.શ્રીને વરણામા આવવા નિમંત્રણ પાઠવ્યું. પૂ. બાપજીએ નિમંત્રણ સ્વીકાર્યું અને સને ૧૯૫૧માં પુનઃ વરણામામાં અમારે ઘેર પૂ. બાપજી પધાર્યા અને રાત્રિ-રોકાણ કરી અમારા જીવનને ધન્ય બનાવ્યું. પૂ. સુમનલાલ માસ્તર ઉપસ્થિત હતા, છતાં પૂ.શ્રીએ મારી દીકરી નિર્મલાના હસ્તે બનાવેલી ભિક્ષા આરોગી. પૂ.શ્રી હવે નિર્મળાને ગાંડી કહેતા અને સુમનલાલને કહ્યું : "આજે તો નિર્મળાના હાથની ભિક્ષા લઈશ." વળી ભિક્ષા લેતાં મારી દીકરીને કહ્યું, "નિર્મળા, આ તારું ઘર ક્યાં છે ? હું તો તારે ઘેર આવીશ અને ચાંદીના પાટલે અને સોનાની થાળીમાં જમીશ." આજે નિર્મળાનું આખું કુટુંબ રંગના રંગે રંગાયેલું છે. અને ભૌતિક સંપન્નતાથી ભર્યુંભર્યું એનું કુટુંબ અવધૂતનો જયજયકાર કરી રહ્યું છે. હું પણ આજ પર્યંત અવધૂતની હૂંફની પ્રતીતિ પ્રત્યેક પ્રસંગે અનુભવતી રહી છું. પૂ. માજીની સેવા ઉપરાંત નારેશ્વરમાં પૂ. બાપજી માટે મેં ભિક્ષા બનાવી છે. પૂ. બાપજીએ ભિક્ષા ગ્રહણ કરી એવો અલભ્ય લાભ પણ મેં મેળવ્યો છે.

સંસારમાં અનેક મુશ્કેલીઓ આવી. એક વાર ભાઈનો સુપુત્ર શરદ રહેવા આવ્યો અને બિમાર થયો. બિમારી એટલે મરણતોલ બિમારી. સવાર ઊગશે કે કેમ એ ખબર નહીં. આખી રાત રડી. સ્તોત્ર કરી અભિમંત્રિત પાણીનું આચમન કરાવ્યું. પૂ. બાપજીને મનોમન આવાહન આપ્યું તો સવારનો સૂરજ આનંદનો ઊગ્યો. રમતાં રમતાં શરદે આંખ ખોલી. પૂ. બાપજીની અસીમ શ્રદ્ધાની પ્રતીતિ કરાવી. મુશ્કેલીની એક મહત્ત્વની પળ એવી પણ આવી કે વરણામાથી વડોદરા આવ્યા બાદ વડોદરામાં ક્યાં રહેવું એ પ્રશ્ન ઊભો થયો. પૂ. બાપજીએ અગાઉ કહ્યું હતું. "તમો વરણામા છોડો, તમારી સંપૂર્ણ જવાબદારી મારી છે." મેં પૂ. બાપજીને મકાનની વાત કરી અને જેવી વડોદરા આવી કે સામેથી એક પરિવારના ભક્ત આવ્યા અને ચાવી આપી દીધી.



આધ્યાત્મિક બાબતે એક વેળા પૂ. બાપજીએ સ્વયં કહેલું કે શ્રાદ્ધ પક્ષમાં જો તમારે આંગણે કોઈ સાધુ-સંન્યાસી આવે તો એને અવશ્ય જમાડવા જોઈએ. જો શ્રાદ્ધમાં સાધુ-સંન્યાસી જમે તો ૨૧ પેઢી તરે.

સ્વયં દત્ત અવતારી સંતપુરુષ તરીકે હૃદયમાં અંકિત થયેલી પૂ.શ્રીની છબી છે. પૂ. શ્રીને સ્વયં ભગવાન માનું છું.

જીવનયાત્રા દરમ્યાન અદ્‌ભુત લીલાઓ કરી હરહંમેશ ભક્તોના રાહબર રહેલા છે. અવધૂતની દોરવણીથી જીવનનાવ આજ સુધી હંકાર્યું છે, ક્યારેય મઝધારે ફસાયા નથી. પૂ.શ્રીના શબ્દોની સિદ્ધિ અનેકવાર અનુભવી છે.

ઓપરેશન બાદ શરીર ખૂબ અશક્ત રહેલું. શરીરમાં જબરજસ્ત અશક્તિ. પૂ. બાપજીને પૂછ્યું. પૂ.શ્રીએ કહ્યું કે "કામ કરશો એટલે શક્તિ આપોઆપ આવી જશે." આજેય કામ શરૂ કરું એટલે અદમ્ય ઉત્સાહ, અદ્‌ભુત શક્તિ અને પ્રચંડ જોશનું પૂર ઊભરાય છે. બાકી ૮૦ વર્ષે શક્તિ કેવી ?

ગાયપગલાંનું અમારું રોકાણ એટલે અત્યંત મુશ્કેલીથી ભર્યાભર્યા જીવનનો ચિંતાજનક સમયગાળો, ગાયપગલાંમાં કેટલું રહેવાય ? પૂ. બાપજીને મનોમન પ્રાર્થના કરી અને વાંકલથી સમાચાર આવ્યા, વાંકલ આવી જાવ. ભીતરથી અણસાર મળ્યો જાવ. પછી આજીવિકા માટે ટ્રસ્ટ જીવનનિર્વાહજેટલું આપી શકે તેમ ન હતું. પણ પૂ. બાપજીની ઇચ્છા અને અમારી શ્રદ્ધાને સથવારે ત્યાં રોકાયાં અને વૃદ્ધાવસ્થામાં પણ આર્થિક સહયોગ ન લેવો પડે એવા સંપન્ન બનાવી દીધાં. અને એણે સ્વીકારેલી જવાબદારી પૂર્ણ કરી. પૂ.શ્રીના શબ્દો સાચા પડ્યા અને આજે અમે વિના ચિંતાએ પ્રભુનામ સ્મરી શકીએ છીએ. બાકી તો શું થાત, એ શું ખબર ? પગલે પગલે એની લીલાની અનુભૂતિ અમોએ અનુભવી છે. અમારા પ્રારબ્ધને પણ પૂજ્યશ્રીએ પલટાવી દીધું એ જ સત્ય છે.

પૂ. શ્રીનો નારેશ્વરમાં મુકામ હોય ત્યારે પૂ. માજીના નિવાસ-સ્થાને પૂ.શ્રી પધારે ત્યારે પૂ.શ્રીની સેવાનો લાભ મળ્યો છે. શ્રી કાંતાબેનની અનુપસ્થિતિમાં પૂ. બાપજી માટે ભિક્ષા બનાવવાની સેવાનો દુર્લભ લાભ પણ લીધો છે. બાકી પૂ.શ્રીની અંગત સેવા અને પ્રવાસમાં સેવાનો લાભ મળ્યો નથી. પરંતુ પૂ. માજીની અલભ્ય સેવાના લાભથી જીવનમાં અનહદ સેવાનો લાભ લીધો છે.



કૃપાપ્રસાદી તરીકે મંત્રદીક્ષા કે અન્ય કંઈ પ્રાપ્ત થયેલ નથી. પરંતુ હરહંમેશ કૃપાનો અનુભવ મળ્યો છે. અમારાં કોઈપણ કદમ પૂ. બાપજીને પૂછીને જ પડતાં અને એમાં પૂ.શ્રીના આદેશ પ્રમાણે જ અમે ચાલતાં. એમની મૂક આશિષથી અમે સફળ અને સફળ જ થયાં.

શ્રીરંગ જયંતી, શ્રીદત્ત જયંતી પ્રસંગે નારેશ્વરમાં અનેકવાર પૂ.શ્રીને ગાતા સાંભળ્યાં છે. ખૂબ સુંદર અને ભાવભર્યા અવાજમાં પૂ. બાપજીને સાંભળવા એ અનન્ય લહાવો કહેવાય. પૂજ્યશ્રી ગાતા અને અમે ઝીલતા એવું અનેકવાર બન્યું છે. નારેશ્વરમાં વર્ષો ગાળ્યાં અને અવધૂત પરિવારનું એક અંગ બની રહ્યાં. ખરેખર પૂ. બાપજીની અને પૂ. માજીની ઉપસ્થિતિથી ભર્યુંભાદર્યું એ વખતનું નારેશ્વર એટલે વૈકુંઠ. વૈકુંઠ જોયું નથી પણ વૈકુંઠ અને વૈકુંઠનો વિષ્ણુ નારેશ્વર અને અવધૂતમાં જોયો છે. સાચું કહું તો એમની અસીમ કૃપા વિના આ જીવન નિરર્થક બની ગયું હોત.

**શ્રી ચંદ્રકાન્તભાઈ વિશ્વનાથ પુરાણી** રાજપીપળા

પૂજ્ય બાપજી વિષે પ્રથમવાર રાજપીપળાના શ્રી શિવપ્રસાદભાઈ જોષી દ્વારા જાણવા મળ્યું. વિ. સં. ૧૯૯૭ની માગશર સુદ પૂર્ણિમા - દત્તજયંતીના ઉત્સવમાં શ્રી જોષીજીની સાથે નારેશ્વર પ્રથમવાર આવવાનું થયું અને શ્રી ગુરુલીલામૃતના દ્વિદિન પારાયણમાં બેસવાનો અવસર પ્રાપ્ત થયો.

ઉપરોક્ત પ્રસંગે પૂજ્યશ્રીને ગુફામાંથી બહાર નીકળતા જોયા. અવધૂતી લેબાશમાં ફક્ત લંગોટ અને હાથમાં દંડ સાથે અવધૂતી મસ્તીથી કંઈક લલકારતા - ગાતા બહાર આવ્યા અને એ પ્રથમ દર્શને જ મારું ચિત્ત તેમના પ્રત્યે આકર્ષાયું. આ અગાઉ કેટલાક સંતોના સંપર્કમાં આવવાનું મારે થયું હતું, પરંતુ તેમની સાથેની તુલનામાં ઘણી બધી વિશેષતાઓ પૂ.શ્રીમાં જોવા મળી જેથી મારામાં તેઓશ્રી પ્રત્યે શ્રદ્ધા પ્રગટી.

નારેશ્વર સ્થાનમાં પહેલીવાર આવ્યો ત્યારે જે પ્રભાવ સ્થાન અને પૂજ્યશ્રી વિષે મારા માનસપટ ઉપર પડ્યો તેનો આનંદ ખરેખર અનોખો - અદ્ભુત હતો, કારણ કે તે દિવસે તો માત્ર બાપજી જ હતા. આજના જેવી કોઈ સુવિધા કે ભૌતિક આકર્ષણ તો હતું જ નહીં. ત્યાર પછી તો ઘણીવાર નારેશ્વર જવાનું બન્યું.



પૂજ્યશ્રી સાથે સીધા સંપર્કમાં આવવાનું બન્યું ઇ.સ. ૧૯૫૮માં વૈશાખ સુદ પાંચમ શંકરાચાર્ય જયંતીના દિવસે. તે સમયે ઉમલ્લામાં શ્રી શાંતિલાલ ઠાકરની શ્રી ગુરુલીલામૃત સપ્તાહ હતી. અહીં પૂજ્ય બાપજી પાસે એક કાળી કામળવાળો ફોટો રજૂ કરી તેના ઉપર પૂ.શ્રીના હસ્તાક્ષરની યાચના કરી, નિવેદન કર્યું કે "મારું નવું મકાન તૈયાર થયું છે અને તેમાં આપનું આ સ્વરૂપ પધરાવવું છે." પૂજ્યશ્રીએ એ છબી ઉપર "सुखी भव" એટલા શબ્દો લખી આશીર્વાદ આપ્યા. તે દિવસ મારા જીવનની ધન્ય ઘડી હું ગણું છું.

સને ૧૯૫૮ના મે માસમાં રાજપીપળા પાસે જીતનગરમાં પૂજ્યશ્રીનો મુકામ હતો. ત્યાં જઈને નિવેદન કર્યું કે "મારા દાદાની પરંપરામાં શ્રીમદ્ભાગવતની કથાનો વ્યવસાય મળ્યો છે. તેમાં પ્રગતિ થવા માટે આશીર્વાદની યાચના કરતાં બાપજીએ ગણપતિ અથર્વશીર્ષના પાઠ કરવા સૂચવ્યું. જે અવિરતપણે આજદિન સુધી ચાલુ છે અને પૂજ્ય બાપજીની પચીસમી પુણ્યતિથિના વર્ષમાં સતત આખું. વર્ષ દરરોજ ૨૧ પાઠ કરવાનો નિયમ રાખ્યો હતો. પૂ.શ્રીની કૃપાથી સુખી છીએ.

શ્રી શિવપ્રસાદભાઈ જોષીજી સાથે મારે પૂજ્યશ્રીની જયંતીઓ વગેરે ઉત્સવોમાં જવાનું થતું એટલે તે ઉત્સવોના પ્રસંગોમાં પૂર્વતૈયારી કરવાની મારી જે સૂઝ હતી અને જેના કારણે શિવપ્રસાદભાઈ પણ મને દરેક પ્રસંગે સાથે રાખતા તે બાપજીની નજરમાં આવતાં તેમણે જોષીજીને મને સાથે રાખવા સૂચવેલું અને તેથી ૬૦મી રંગ જયંતી નારેશ્વર, ઉપરાંત, રંગ જયંતીના ઉત્સવોમાં અંબાજી, દ્વારકા, વડોદરા, નવાગામ, નવાપુર તથા ગરુડેશ્વરમાં સ્વામીમહારાજની શતાબ્દીના મહોત્સવમાં પણ ગુરુલીલામૃતપારાયણ કરવાનો લાભ પૂજ્યશ્રીની કૃપાથી મળ્યો હતો.

સંવત ૧૯૯૭માં નારેશ્વરમાં દત્તજયંતીના મહોત્સવમાં દત્તપ્રણતિ અને દત્તભજનમ્ પૂજ્યશ્રીના મધુરકંઠે સાંભળવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયેલું.

**શ્રી ચંદ્રશંકર કુબેરલાલ પાઠક** (શાસ્ત્રી) (તિલકવાડા)

સદ્ગુરુનું મિલન કંઈ જન્મોનાં સત્કાર્યોનું ફળ; પૂર્વજોના આશીર્વાદ અને ગુરુ મહારાજની પૂર્ણ કૃપાથી જ થાય છે.

એ સમયે મારી કુમારઅવસ્થા, પ્રાથમિક શિક્ષણ પૂરું કરી



વ્યાવસાયિક જ્ઞાનપ્રાપ્તિ માટે મારા માતામહને ત્યાં રહેતો હતો. મારું ગામ તો દિવેર, શિનોર તાલુકાનું; પણ મારા માતામહ પૂ. દામોદર દાજી પાસે જ હું રહેતો. તેમને પુત્રસંતાન નહોતું તેથી તેમની શક્તિ-ભક્તિ મારા પર ઉતરી.

એવે ટાણે દિવેરમાં પૂ. બાપજીની પધરામણી થઈ અને મારા પરની કૃપાનું પરોઢિયું થયું. મારા પિતાશ્રીએ તે સમયે જ તૈયાર થયેલ પૂ. બાપજીની અમર કૃતિ "દત્તરક્ષાસ્તોત્ર" મને વાંચવા આપ્યું. કર્મકાંડનો અભ્યાસ તો ચાલુ હતો જ એમાં આ "દત્તરક્ષાસ્તોત્ર" વાંચવા મળ્યું. અહોભાવ થયો ! આ સ્તોત્રના રચનાર કેવી દિવ્ય પ્રતિભા સંપન્ન હશે એમ સહજ જ પૂજ્યભાવ જાગૃત થયેલો અને ત્યાં સ્તોત્રના રચયિતા પૂ. બાપજી પધાર્યા એટલે તેમના ચરણોમાં મનબુદ્ધિ સમર્પિત થઈ ગયાં.

અમારા ગામના શ્રી નાથાભાઈ રામદાસ પટેલને ત્યાં પૂ. બાપજીની હાજરીમાં જ નિત્ય સંકીર્તન થાય. સ્તોત્ર પાઠ વગેરે થાય. તેમાં હું ત્યાં ગયો હતો એટલે સામેલ થયો. ત્યાં બેઠો. બધા ગુરુવંદના બોલે : "બ્રહ્માનંદમ્ પરમસુખદમ્"...સાથે હું પણ બોલ્યો. મારા ઉચ્ચાર અને સ્વરશુદ્ધિ પૂ. બાપજીથી અજાણ્યાં ન રહ્યાં. તેમણે સ્વમુખે પૃચ્છા કરી : 'ક્યાં રહે છે ?' મેં મારી જાતને ધન્ય માની ઉત્તર આપ્યો : "હું મારા દાદાને ત્યાં તિલકવાડા રહું છું. બે દિવસથી આવ્યો છું. બેચાર દિવસ રહીશ પછી તિલકવાડા પરત જઈશ."

તે સમયે (શ્રી નાથાભાઈને ત્યાં ગુરુપૂજન (પાદુકાપૂજન) રાખેલું. બધા વિદ્વાનો મંત્રોચ્ચાર કરે. મને પણ ઇચ્છા થઈ. મેં પૂ. બાપજીને વંદન કર્યાં અને પૂછ્યું : 'બાપજી હું મંત્ર ભણું ?' પૂ. બાપજીએ કહ્યું : 'અરે ! તેમાં પૂછવાનું શું ? ભણ ભણ.' અને પ્રથમવાર હું બાપજી પાસે મંત્ર ભણ્યો– પૂ. બાપજીએ મને ભાવથી પૂછ્યું, "અલ્યા કોની પાસે ભણ્યો ?" મેં કહ્યું : "મારા દાદાજી પાસે જ ભણી રહ્યો છું." પૂ. બાપજીએ કહ્યું, "હાં – રોજ આવજે અને મંત્ર જરૂર ભણજે."

આ પ્રસંગ મારા પર પૂ. બાપજીના પ્રથમ અનુગ્રહનો. ત્યારબાદ શ્રી નાથાભાઈને ત્યાં ફરી ગુરુપૂજન (પાદુકાપૂજન) રાખેલું. આ કદાચ પ્રથમ પાદુકા પૂજન હશે. મને પ્રથમવાર જ પાદુકા પૂજન કરાવવાનો લાભ મળ્યો. પૂ. બાપજી મારા પર પ્રસન્ન હતા. આ પાદુકાપૂજનમાં



યજમાન લગભગ ૧૩ દંપતી હતાં. આ દિવસે અમે પૂ. બાપજીને સવારે ૯-૦૦ વાગે ભીક્ષા લઈ લેવા આગ્રહ કર્યો. તેમણે સુમનકાકાના અને સર્વના આગ્રહથી ફળાહાર કર્યો.

એક વખત પૂ.બાપજી તિલકવાડા પધારેલા. અહીં પણ પાદુકાપૂજન કરાવવાનો મને લાભ મળ્યો. ત્યારે પૂ. બાપજીએ મારા દાદાજીને કહેલું : "છોકરો સારો થશે."

ફરી એવું બન્યું કે પૂ. બાપજી દિવેર આવ્યા. શ્રીયુત શંકરભાઈ નાથાભાઈ પટેલને ત્યાં મુકામ. બધાંએ પૂ. બાપજીને ચંદન કર્યું અને હાર પહેરાવતાં પહેરાવતાં બાપજીના ચશ્માં પડી ગયાં ! તેમાં હારનો દોરો ભરાયો હતો. એટલે સુમનકાકાએ દરેકને હાર ચઢાવવા કે પહેરાવવાની મના કરી પણ આ વિભૂતિ કોનાં મન દુઃખી કરે ?! પૂ. બાપજીએ બધાંને હાર પહેરાવવા દીધાં. ચશ્માં કાઢી નાખ્યાં.

પૂ. બાપજી દિવેર બ્રાહ્મણફળિયામાં આવ્યા. દરેકને ઘેર પધરામણી થઈ. હું તો તિલકવાડા રહું પણ મારા નાના ભાઈ રસિકલાલ ત્યાં જ દિવેરમાં રહે. તેમને પણ પૂ. બાપજી પોતાનું ઘર પાવન કરે એવી ઈચ્છા તો હતી જ. તેમણે બાપજીને વિનંતી કરી. બાપજી આવ્યા પણ...પૂજનની કોઈ સામગ્રી નહીં. ફૂલહાર કાંઈ નહીં. થોડાં છૂટાં ફૂલ અને કંકુ બાપજીના પગે ચઢાવ્યું. પછી મારા નાના ભાઈ રસિકલાલને (જેને છોકરાં સહુ બાપુ કહે છે) વિચાર આવ્યો, પૂ. બાપજીને નૈવેદ્યમાં શું આપું ? ચાલ, થોડી મગફળી છે તે અને ગોળ બાપજીને અર્પણ કરું. પૂ. બાપજીએ તે પ્રેમથી સ્વીકાર્યાં.

શ્રી શંકરભાઈ પટેલને ત્યાં પૂજન વખતે મંત્રો બધાં સાથે ભણવા છતાં હું મારી પદ્ધતિથી જ મંત્ર ભણતો તેથી પૂ. બાપજીએ પ્રસન્ન થઈ કહ્યું કે, આપણે આપણી પદ્ધતિ છોડવી નહીં. મારા પિત્રાઈ મોટાભાઈ શ્રીનંદલાલ ભાઈ પણ પૂ. બાપજીના અનન્ય ભક્ત. તેમને ત્યાં લગ્ન પ્રસંગે ગુરુપૂજન પણ રાખેલું. ત્યાં હું પાછળ બેઠેલો. આગળની હરોળમાં વિદ્વાનો હતા. પૂ.બાપજીની નજર મારા પર પડી. ઈશારો કરી મને આગળ બેસાડવા પૂ.નાથાલાલ શાસ્ત્રીજીને સૂચન કર્યું. હું આગળ બેઠો. બધા બ્રાહ્મણોની સત્કાર પણ મારા માધ્યમથી પૂ. બાપજીએ કરાવ્યો.

એક સમયે ગરુડેશ્વરમાં પૂ. બાપજી પધારેલા. અચાનક આગમન થયેલું. અમોને તિલકવાડા ખબર પડી. અમો ત્યાં ગરુડેશ્વર ગયા.



પૂ. બાપજી પાસે હું ઈશાવાસ્ય ઉપનિષદનાં મંત્રો ભણ્યો. પૂ. બાપજીનું મન રંજિત થયું.

નારેશ્વરમાં નવરાત્રિ દરમિયાન 'ચંડીપાઠ' થતા. અનેક બ્રાહ્મણો ત્યાં આવતા. મને પણ આમંત્રણ હતું; પરંતુ તિલકવાડા સ્થાનિક કાર્યક્રમ અને અન્ય પ્રવૃત્તિમાં રોકાયો હતો તેથી ત્યાં ન જઈ શક્યો. મારા નાનાભાઈ રસિકલાલને બાપજીએ પૂછ્યું પણ ખરું કે, 'અલ્યા ! તારો ભાઈ કેમ ન આવ્યો ?' તેમણે યથોચિત પ્રત્યુત્તર આપ્યો હશે. ફરી હું એક વખત નારેશ્વર ગયો ત્યારે ખુદ બાપજીએ મને કહ્યું, 'તું કેમ નહોતો આવ્યો– આવ્યો હોત તો સારું થાત ! હવે આવજે.' અને પછી સ્થળના સર્વધર્મકાર્યના આચાર્ય પૂ. શિવપ્રસાદ કાકાને બાપજીએ કહ્યું કે દરેક પ્રસંગે તિલકવાડા આમંત્રણ આપવું–

નંદિકેશ્વર પાસે મણિનાગેશ્વરના મંદિરમાં પૂ. બાપજીનો મુકામ. હું ત્યાં ગયેલો અને પૂ. બાપજીને પ.પૂ. સ્વામીમહારાજના હસ્તાક્ષરવાળો "દત્તમાલામંત્ર" બતાવ્યો. પૂ. બાપજીને આનંદ થયો. તેમાં એક શબ્દ અસાધ્ય સાધનાય ને બદલે અસાધ્ય બંધનાય હતો.

પૂ. બાપજીનું અને પૂ. સ્વામીમહારાજનું પણ એવું માનવું હતું કે માલામંત્ર અમુક ઉંમર પછી જ કરવો. યુવાવસ્થામાં તેનું અનુષ્ઠાન સારું નહીં. નિત્ય પાઠ તરીકે વાંચો નહીં.

એક વખત મારો નાનોભાઈ નારેશ્વર ગયો. ત્યાં પૂ. બાપજીએ તેને કહ્યું કે તારા ભાઈને કહેને કે મને ત્યાં તિલકવાડા બોલાવે.

પણ પછી તો પૂ. બાપજી અચાનક જ તિલકવાડા પધાર્યા ! મારા ઘર આગળ મંદિરમાં દર્શન કરી સામે શ્રી દત્તુભાઈને ત્યાં થઈ કુટીરનાં દર્શન કરી વિદાય થયા. મને ખબર જ ન પડી !

હું નારેશ્વર ગયો ત્યારે મને કહ્યું કે હું તારા ગામ આવી ગયો.

પરમ કૃપાળુ મહારાજશ્રીની કૃપાલીલાનો કોઈ પાર નથી.

### શ્રી છોટુભાઈ ડી. શાહ (કનીપુર) (મુંબઈ)
### ('શ્રીરંગદર્શન' માર્ચ-૭૩માંથી ટૂંકાવીને)

પૂજ્યશ્રીનો સર્વ પ્રથમ પરિચય ૧૯૧૯માં થયો. મૉડેલ હાઈસ્કૂલ આદર્શ વિનય મંદિર અમદાવાદમાં હું ચોથા ધોરણ અંગ્રેજીમાં ભણતો હતો. પાંડુરંગ વળામેના નામે ત્યારે પૂજ્યશ્રી અમારા શિક્ષક. પૂજ્યશ્રી સંસ્કૃતના શિક્ષક. મેં તથા કેટલાક મિત્રોએ સંસ્કૃતના વિકલ્પે પર્શિયનના



ક્લાસમાં જવાનું પસંદ કરેલું કારણ કે તેમાં માર્ક્સ વધારે મળતા ! પૂજ્યશ્રીને મોદીજી (જે પૂજ્યશ્રીના મિત્ર અને સાથી શિક્ષક જ હતા) દ્વારા આ વાત પહોંચી એટલે અમને પૂછ્યું કે "તમે મોટા થઈને ગીતા વાંચશો કે કુરાન ? સંસ્કૃત પહેલાં અઘરું પણ પછી સહેલું અને રસમય હોય છે, આપણાં શાસ્ત્રો એ ભાષામાં લખાયેલાં છે." આ જાણીને અમે સંસ્કૃતમાં જોડાયા ! પૂજ્યશ્રીનો પરિચય ઉત્તરોત્તર વધતો ગયો. સ્કૂલના ટાઈમ પછી પૂજ્યશ્રી પાસેથી ગીતાજીના શ્લોકો શીખવા માંડ્યા. પહેલા અધ્યાયનો પહેલો શ્લોક રોજ એક કલાક સમજાવતાં સાત દિવસ થયા ! એમનું કેવું અગાધ જ્ઞાન હશે ? અમે શી રીતે પચાવી શકીએ ?

પૂજ્યશ્રી સ્કૂલના મકાનમાં જ રહેતા. મને પણ સ્કૂલના પ્રિન્સિપાલસાહેબે ત્યાં રહેવાની રજા આપી હતી. પૂજ્યશ્રીની દિનચર્યા જોતા હતા. પૂર્વજન્મની પ્રીતિ હશે જેથી ભણી રહ્યા પછી પણ એમની લગની લાગેલી રહી છે.

ચ્હા-કૉફી-દારૂના બાયકોટના સરઘસમાં તેઓની સાથે જોડાવાનું મને મળ્યું. મારા જન્મદિવસે મિષ્ટાન્ન ખાઉં, પૂજ્યશ્રી પોતાના જન્મદિવસે સેવમમરા ખાતા ! વાતો નીકળી ત્યારે કહે : 'આપણે એવાં શું કાર્ય કર્યાં છે કે ઉત્સવ કરીએ ? આપણો ઉત્સવ બીજા ઊજવે ત્યારે જીવ્યું કહેવાય !' શ્રીરંગ જયંતીના ઉત્સવો આપણે ઊજવીએ છીએ, એ પૂજ્યશ્રીના શબ્દો ખોટા નથી. પૂજ્યશ્રી સ્કૂલમાંથી અમને ઉત્કંઠેશ્વર મહાદેવ પાસે કેદારેશ્વર મહાદેવની દ્વીપમાં લઈ ગયા હતા. શ્રી રતનલાલ મહાત્મા અને શ્રી અમૃતલાલ મોદીજી પણ સાથે હતા. અમને અભયના પાઠ પૂજ્યશ્રી ત્યારે શીખવતા હતા. ઊંચી ટેકરી પર ચઢાવી ૐનો ઉચ્ચાર કરાવ્યો હતો, તે હજી યાદ છે.

સને ૧૯૨૨માં પૂજ્યશ્રીની ચિઠ્ઠીથી લીંબોદ્રા (તા. વિજાપુર) ગામે અંગ્રેજી સ્કૂલમાં માસ્તરની નોકરી મળેલી, ૧૯૨૪માં સિંગાપોર વેપાર માટે ગયો. અહીં પૂ. મોદીજીના એક સંબંધી અમારે ત્યાં નોકરી કરવા આવ્યા ને પૂ. રંગ અવધૂતજીની વાત કરવા લાગ્યા. મને મારા પૂર્વાશ્રમના શિક્ષક પાંડુરંગ યાદ આવ્યા ! વળામે સાહેબ જ પૂ. રંગ અવધૂત હોવા જોઈએ, એવું વિચારી મેં પત્રવ્યવહાર શરૂ કર્યો ને પછી તો દેશમાં આવું ત્યારે નારેશ્વર જવાનો ક્રમ જ થઈ ગયો.

પૂ.શ્રીના નાનાભાઈ નારાયણભાઈનું સ્મરણ વિસરાતું નથી.



તેમની માંદગી અને મૃત્યુ વિશે પૂજ્યશ્રીએ સ્વહસ્તે મને સિંગાપુર પત્ર લખી જાણ કરી હતી.

પૂજ્યશ્રી જ્યારે શ્રી દત્તક્ષેત્રોની યાત્રા માટે મુંબઈ મારે ત્યાં પધાર્યા ત્યારે જે દૃશ્ય જોયું તે અદ્‌ભુત હતું. 'સપ્તાહમાં સપ્તતીર્થ' પુસ્તકમાં એનું વર્ણન કર્યુ છે, એટલે અહીં નથી કરતો ! 'શ્રી દત્તનામસંકીર્તનમ્'ના અર્થો વિસ્તારથી પૂજ્યશ્રીએ મને સમજાવ્યા છે, એ મારું સદ્‌ભાગ્ય છે.

મને કહેલું કે 'મન કોરા કાગળ જેવું રાખવું. આખો વખત વિચાર-પરંપરા ચાલવા દેવી નહિ.' મેં કહ્યું કે 'કોઈ કામ કરવું હોય તો તેનો વિચાર આવે જ ને ?!' પૂજ્યશ્રીએ કહ્યું કે 'કાર્ય કરવા માંડો એટલે તુરત બધું સમજાઈ જશે, લખવા માંડો એટલે માંહ્યલો તમોને લખાવશે. કામ કરવા માંડો એટલે ઉકેલ આપોઆપ આવશે. તમારી દૃષ્ટિએ તમને ઉતાવળો ઉકેલ લાગશે, પણ પ્રભુની દૃષ્ટિએ તે બરાબર હશે. શ્રદ્ધા રાખો અને ફળ મેળવો.'

મારી પત્નીએ એક વખત પૂજ્યશ્રીને પૂછેલું : ''તમોને એકલા એકલા બેસી ઊંઘ નથી આવી જતી ?'' પૂજ્યશ્રીએ કહેલું : ''પ્રભુના રટણમાં એમ થતું નથી.'' બીજો પ્રશ્ન પૂછેલો : ''બધાંને ચમત્કાર દેખાય છે અને મને કેમ દેખાતો નથી ?'' પૂજ્યશ્રીએ કહેલું : ''તમે ખોટા નંબરે ટેલિફોન જોડો છો તો વાત ક્યાંથી થાય ? એનું જ રટણ કરતા રહો તો બધું સમજાશે.''

પૂજ્યશ્રીએ ગુરુમંત્રની દીક્ષા આપી છે. સ્થાનમાં, ચોમાસાના દિવસોમાં વાતાવરણ શાંત હોય ત્યારે આ માટે આવવા જણાવેલું. એવો યોગ કસોટી સાથે આવ્યો ને મને દીક્ષા મળી. પૂજ્યશ્રીની તપસ્યાની જગ્યાવાળા લીમડાના સ્થાને બેસીને મને મંત્રની ખૂબ સમજ આપી, આશીર્વાદ આપ્યા. એ દૃશ્ય નિરંતર તરવરે છે. રોજ મંત્રમાળા ચાલુ છે. મૂંઝવણમાં 'દત્તબાવની' અને 'ગુરુમંત્ર' ખૂબ ઉપયોગી થઈ પડે છે.

પૂજ્યશ્રી અંતર્યામી છે. મારો વિષમકાળ જાણ્યો હશે એટલે મને બે અનુષ્ઠાન કરાવેલાં. એકવાર બાવન પાઠ દત્તબાવનીના છ માસ સુધી, જમ્યા પહેલાં કરવાનું અનુષ્ઠાન સફળ રીતે કરાવેલું, બીજીવાર 'વિષ્ણુસહસ્રનામાવલી'નો એક શ્લોક 'શ્રીગુરુલીલામૃત'ના 'જય લાભ યશઃ પ્રાપ્તિ સ્તોત્રમ્'થી એક સંપુટ સાથે કરાવેલો, જે પૂરો કરતાં



બરોબર પાંચ કલાક થતા. આ અનુષ્ઠાનની ખબર ઘરના સિવાય કોઈને થવા ન દેવાનો આદેશ હતો ! અમારી ગ્રહદશામાં સુધારો થયો હતો, ખાડામાંથી ઉપર આવ્યા.

પૂજ્યશ્રીની વચનસિદ્ધિ જુઓ : મને આશ્વાસન આપ્યું કે "છોટુભાઈ, એ તો વેપાર છે; લાખ જાય ખરા ને બે લાખ મળી પણ જાય !" અને એક વર્ષમાં જ આ રીતે બન્યું !

પૂજ્યશ્રીએ વલસાડ મુકામ દરમિયાન છેલ્લા દિવસોમાં દર્શન માટે છૂટ મૂકેલી (ત્યાં સુધી દર્શનબંધી હતી એટલે હું નહિ ગયેલો) અને મને યાદ કરેલો. પછી જે દિવસે વલસાડથી વડોદરા થઈ નારેશ્વર જવાના હતા તે દિવસે જ હું ગાડીમાં બેઠેલો અને પૂજ્યશ્રી માટે જે સીટ રિઝર્વ કરાવેલી તે જ સીટમાં મને મુંબઈથી જગ્યા મળેલી ! વલસાડ આવ્યું ને સુમનભાઈ માસ્તર પૂજ્યશ્રીની જગ્યા શોધવા ગાડીમાં ચઢ્યા અને એ જ સીટ પર હું સૂતેલો હતો! સુમનભાઈએ કહ્યું કે પૂજ્યશ્રી તમને યાદ કરતા હતા ! અને આ સીટ તો બાપજી માટેની છે ! હું તુર્ત જ પૂજ્ય બાપજીને પગે લાગવા ગયો ને પૂજ્યશ્રી માટે સ્ટેશન માસ્તરે બીજી જગ્યાની તુર્ત જ સગવડ કરી દીધી ! મને દર્શન કરાવવા ગુરુજીની આ કેવી અલૌકિક લીલા છે, હું એ વિચારતો જ રહ્યો !

અમદાવાદ-કાંકડિયા પોળમાં પણ પૂજ્યશ્રી અમારે ત્યાં પધાર્યા.

પૂજ્યશ્રીએ જયપુર-હરદ્વાર પ્રયાણ કર્યું ત્યારે કપડવંજથી અમદાવાદ સુધી સાથે રહેવાનું ભાગ્ય મળ્યું છે. દર્શન માટેની એઓશ્રીની લીલાઓ અનેરી માણી છે.

## શ્રી જગદીશચંદ્ર સી. ભટ્ટ (વડોદરા)

૧-૨

ઈ.સ. ૧૯૩૯-૪૦માં પૂ. બાપજી રાજપીપળા પ્રાગજીભાઈ મિસ્ત્રીના બગીચામાં પધારેલા. મારાં માતા-પિતા મને ત્યાં દર્શન માટે સાથે લઈ ગયેલાં. ત્યારે મારી ઉંમર ૯ વર્ષની હતી. પ્રથમ દર્શને જ મને તો સાક્ષાત્ દેવનાં દર્શન કરતો હોઉં એવો ભાવ પ્રગટેલો. મંદિરમાં મૂર્તિના દર્શન કરીએ અને જે શાંતિનો અનુભવ કરીએ છીએ તેવો જ શાંતિ અને પ્રસન્નતાનો અનુભવ કર્યાનું આજે પણ ચોક્કસ યાદ છે.

૩

સંતોનાં દર્શન-સત્સંગે જવાનું મારું વલણ રહ્યું છે. પૂ. બાપજીનાં



દર્શન માટે નારેશ્વર વારંવાર જવાનું થયું છે. પગે ચાલીને પણ નારેશ્વર ગયો છું. પ્રથમ દર્શન પછી એકાદ માસમાં જ 'દત્તબાવની' મોઢે થઈ ગયેલી. નિત્યપાઠમાં ત્યારથી જ આ સ્તુતિનું સ્થાન છે. મારા પિતાશ્રી ગરુડેશ્વર તાલુકાના એક્સાઈઝ ઇન્સ્પેક્ટર હતા એટલે પૂ. વાસુદેવાનંદસરસ્વતી સ્વામીમહારાજશ્રીની કૃપાથી દત્તભક્તિની પ્રેરણા થયેલી. પૂ. સદ્‌ગુરુનું સાન્નિધ્ય પણ તેમને થયેલું. મારા દાદાશ્રી પૂ. સ્વામીમહારાજશ્રીના કૃપાપાત્ર હતા. પૂ. સ્વામીમહારાજે અભિમંત્રિત કરીને તેમને રૌપ્ય પાદુકાજી અને યંત્રશ્રીનો પ્રસાદ પણ આપેલ છે, જેનું પૂજન-અર્ચન આજે પણ મારા ભાઈ દિનેશચંદ્ર રાજપીપળા મુકામે કરે છે. મારો વડોદરા નિવાસ સ્થાયી થયો ત્યારથી હું પૂજ્યશ્રી મોટાના સંપર્કમાં પણ આવ્યો. પૂજ્યશ્રી મોટા અને પૂજ્ય બાપજી મને એકમેકમાં હળતામળતા એકરૂપ જ હંમેશાં લાગ્યા છે.

૪

૧૯૪૨થી દત્તજયંતીના ઉત્સવોમાં નારેશ્વર જતો. દત્તજયંતીનો ઉત્સવ જ્યારથી વિકેન્દ્રિત થયો ત્યારથી ઉત્સવ પ્રસંગે જવાનું લગભગ બંધ થઈ ગયું. એમ છતાં વર્ષમાં એકાદવાર તો અચૂક પરિવાર સાથે/મિત્રો સાથે હજીય નારેશ્વર જવાનું તો થાય જ. પૂ. બાપજી કાવડમાં નર્મદાજળ ભરી લાવતા. એ સ્વાશ્રયી અવધૂતનાં દર્શન પણ સાંભર્યા કરે છે.

૫

પૂ. બાપજીના પ્રથમ દર્શનથી જ આત્મીય ભાવે ખેંચાણ થઈ ગયેલું. ૧૯૪૨માં એકવાર પૂજ્ય બાપજી અઠવાડિયાનો મુકામ કર્યા બાદ ગરુડેશ્વરથી ઝરિયા-વાડી જવા નીકળ્યા. તેમનું જવું મને એવું વસમું લાગ્યુ હતું કે હું પોક મૂકીને નર્મદાને કાંઠે રડ્યા કરેલો ! ૧૯૪૮માં એકવાર પૂજ્ય બાપજીનો મુકામ ઝઘડિયા હતો. હું મેટ્રિકમાં હતો. દર્શન માટે પાસે ગયો ને પૂછ્યું કે 'પૂ. બાપજી આપના પ્રત્યે પારાવાર પ્રેમ છે છતાં પહેલાં જે ખેંચાણ હતું, તે અત્યારે હું અનુભવતો નથી ! આજે જાણે પરાણે ખેંચીને શરીરને લાવ્યો હોઉં એવું થાય છે. આવું કેમ ?' પૂજ્ય બાપજીએ ટૂંકો જવાબ આપેલો : 'Man is a creature of circumstances.' જવાબ એવો માર્મિક હતો કે મારા હૈયાને જગાડી ગયો. હું વૃત્તિપરસ્ત હતો, એવું માર્મિક સૂચન એમાં મેં અનુભવ્યું છે. આ સંકેત ત્યારે હું ન ઝીલી શકેલો, તેનો આજેય વસવસો છે.



૬

પૂજ્ય બાપજીને હું સમજપૂર્વક અને ભાવપૂર્વક સંસારનો ભાર નિભાવવા માટે પ્રાર્થના કર્યા કરું છું. ૧૯૬૨માં દેહલીથી વડોદરા મેં નોકરી માટે નિવાસ કરવાનું વિચાર્યું ત્યારે પૂજ્યશ્રીની આજ્ઞા મેળવવા ગયો હતો. પૂજ્યશ્રી વિશ્રાન્તિમાં હતા. મોડી સાંજે હું પહોંચ્યો એટલે રૂબરૂ વાતચીત કેવી રીતે થશે તેની ચિંતામાં હતો. અંધારું હતું. પૂજ્યશ્રીની શાંત-વિશ્રાન્ત સ્થિતિમાં ખલેલ ન પહોંચે એથી મનોમન મેં ત્યાં ઊભા રહી પ્રાર્થના કરી અને આત્મનિવેદનરૂપે મારી મનઃસ્થિતિ મનમાં ઘૂંટી. તુર્ત જ વિશ્રાન્તિ સ્થાનમાંથી 'ૐ' ધ્વનિ નીકળ્યો ! અને હું સ્વસ્થ થઈ ગયો. મૌન આશિષ સમજી મેં દેહલી છોડી વડોદરા નોકરી સ્વીકારી. ઉત્તરોત્તર સુખાકારી ભોગવી, આજે હું ભક્તિભાવે નામસ્મરણ કરતો રહી હરુંફરું છું. સંસારચિંતાથી હું એઓશ્રીની કૃપાથી જ છૂટી ગયો છું.


૭

પૂજ્યશ્રી અંતર્યામી છે. ''સ્મર્તુગામી કલિતાર કૃપાળ'' તેઓશ્રી છે. મારા જીવનમાં ખતરનાક અકસ્માતના બે પ્રસંગો આવેલા. એ ભયાનક ઘટનાઓમાં હું પૂજ્ય બાપજીની કૃપાથી જ બચી ગયો છું એવું શ્રદ્ધાપૂર્વક માનું છું. ભજન-ધૂન ગવડાવતા રાજપીપળા, નારેશ્વરમાં બાલ્યાવસ્થામાં સાંભળ્યા છે.

### શ્રી જગન્નાથ ત્રિપાઠી (સરખેજ)

નારેશ્વરનો નાદ - મે, ૮૦માંથી ઉદ્‌ધૃત પૃ. ૨૯

એક દિવસ બાપજી પાસે બપોરના હું કાંઈ વાંચતો હતો તે વખતે બાપજી કહે, 'તારે ભગવાન જોવા છે ?' મેં ના કહી, વાંચવા માંડ્યું. થોડીવાર પછી ફરી એ જ પ્રશ્ન કર્યો ત્યારે પણ મેં એ જ ઉત્તર આપ્યો. ત્રીજીવાર એ જ પ્રશ્ન કર્યો ત્યારે પણ મે ના કહી. ત્યારે કહે : કેમ ના કહે છે ?! તું પસ્તાઈશ' મેં કહ્યું : 'હું તો મારા ભગવાન પાસે જ બેઠો છું.' મેં મારી પાછળ જોયું ત્યારે પાછળના ઓટલા પર એક વિભૂતિ ફકીરવેશે બેઠેલી. મેં કહ્યું : 'આપ કહો કે આ ભગવાન છે તો આપના કહેવાથી પગે લાગું પણ બીજે ક્યાંક આવા વેશધારીને જોતાં ફસાઈ જવાય.' આ સાંભળી બાપજી કહે : 'તું કેવા ભગવાનને પગે લાગે ?' મેં કહ્યું : 'માલા કમંડલુરધઃ કરપદ્મયુગ્મે' એ સ્વરૂપને પગે લાગું.



જે વિભૂતિના બાપજીએ મને દર્શન કરાવ્યાં તે છ ફૂટ ઊંચી, શિર પર ભૂખરી જટા, લીલી રેશમી અલફી ઘૂંટણ નીચે સુધીની, હાથમાં સીસમનો ડંડો, જમણા હાથમાં લોખંડની ચાર બંગડીઓ અને એક તાર બાંધેલું ડબલું. નેત્રો વિશાળ અને સ્થિર દૃષ્ટિવાળાં. આ બધું મારી દૃષ્ટિમાં કેવી રીતે વસી ગયું તે ખ્યાલ ન રહ્યો, પણ મને આ વિભૂતિની સતત યાદ આવ્યા કરે છે.

આબુના પ્રવાસ પછી આઠ વર્ષો બાદ અમે ગાણગાપુર ગયા. ત્યાં ગુરુવારે સેવકરીને માધુકરી આપવાનો પ્રસંગ આવ્યો. દરેક સેવકરીને બાપજી શીંગદાણા આપતા અને અમારે પણ સેવેકરીને ખજૂરની ભિક્ષા આપવાની. મારો વારો આવ્યો ત્યારે બીજા નંબરે આ જ વિભૂતિ આવે છે અને બાપજી ગણગણ્યા ' વો હિ અલ્લાહ પેખ'! હું પણ ભિક્ષા આપીને તરત એ વિભૂતિની પાછળ દોડ્યો. શ્રી સ્વામીમહારાજના મઠ આગળ વિભૂતિ અદૃશ્ય !

આ પ્રસંગ વિશે મેં બાપજીને ત્રણચાર વાર પૂછ્યા કર્યું; ત્યારે એટલું જ બોલ્યા. 'તેં દર્શન કર્યાં ને.?!' મેં હા કહી એટલે બાપજી કહે : 'એટલું ઓછું છે ? એટલાથી સંતોષ માનવો.'

આજે પણ મારી અંતરદૃષ્ટિમાં એ સ્વરૂપ પ્રત્યક્ષ છે.

### શ્રી જયસુખલાલ છોટાલાલ હીડિયા વકીલ

(શ્રીરંગદર્શન-ફેબ્રુ-૭૦ પૃ.૩૮) (ભરૂચ)

'આમજનતા માટે પૂજ્યશ્રી ઘરના વડીલ તરીકે ઘણીવાર ભક્તોને માર્ગ ચીંધતા હતા. ** ભક્તોને કદી રખડતા મૂકી દેતા ન હતા. હજુ પણ આપણને માતા માફક જરૂર સંભાળે છે.'

### શ્રી જયંતીલાલ આચાર્ય (નારેશ્વર, વડોદરા)


૧-૨

મિઢોળમાં, ૧૯૩૪-૩૫માં લગભગ પ્રથમવાર દર્શન કર્યાં. ત્યારે પૂજ્યશ્રી વિશે પ્રથમ દર્શન વખતે કોઈ પાસેથી પૂજ્યશ્રી વિશેની માહિતી મેળવી નહોતી.

૩



પ્રભાવ : હિન્દુધર્મના એક વિદ્વાન સંત તરીકેનો ખ્યાલ આવ્યો.



૪

૧૯૩૯-૪૦માં પ્રથમ નારેશ્વરની મુલાકાત લીધાનું યાદ આવે છે. એક અજોડ ધાર્મિક સ્થળ હોવાની છાપ પડી. દત્તોપાસના મુખ્ય અહીં છે એવી છાપ પડી હતી. ગામ બહારનું કોઈ એકાંત સ્થળ નર્મદાકાંઠાનું આ સ્થળ છે એવું લાગ્યું. નારેશ્વર મહાદેવની દેરી હતી, ત્યાં એક સાધુ રહ્યા હતા. બોરડીઓ વધારે હતી. પૂજ્યશ્રીના નિવાસની એક ઝૂંપડી જોયેલી, પાછળથી દાસકાકાએ ઓરડી બનાવેલી. કુટીર પાસે પૂજ્યશ્રી બેસતા અને આવનારા પ્રશ્નો પૂછે **યાદૃશ્યો યક્ષ : તાદૃશો બલિઃ !** એવું તેમનું દૃષ્ટિબિન્દુ રહ્યું. ભોજનવ્યવસ્થા પોતે જ કરવાની રહેતી. ઘરેથી જ ભાથું લઈ જવાનું રહેતું. કંઈ સેંકડોવાર નારેશ્વર જવાનું ભાગ્ય પ્રાપ્ત થયું છે. ટ્રસ્ટના મંત્રી તરીકે નિયુક્તિ ૧૯૭૮માં થઈ. ત્યારથી તો નારેશ્વરનો સ્થાયી નિવાસ થયો, જે છેલ્લા એકાદ વર્ષથી સ્વાસ્થ્યની સમસ્યાઓથી છોડવાનું થયું છે. ઉત્સવોમાં અવારનવાર પહેલેથી હાજર રહેવાનું થયું છે. પછી તો પૂજ્યશ્રીની કૃપાથી ટ્રસ્ટીઓ સાથે સક્રિયરૂપે સતત જોડાયા કરવાનું થયા કર્યું છે.

૫

પૂજ્યશ્રીનાં પ્રથમ દર્શનથી જ મેં તો સીધો સંપર્ક અનુભવ્યો છે. પૂજ્યશ્રીની વિચારધારામાં જેમ જેમ લગાવ થતો ગયો તેમ તેમ મારી જ સ્વયં સ્ફૂરણાથી મેં નોંધો લેવાની વૃત્તિ રાખી. સત્સંગી સાહિત્યમાં પહેલેથી જ રસ, એટલે પૂજ્યશ્રીનું સમગ્ર સાહિત્ય વારંવાર વાંચવા-વિચારવાનું થયા જ કરે છે. ઉપાસના લેખે 'ગુરુલીલામૃત', 'દ્વિસાહસ્રી', 'ગુરુચરિત્ર' જેવા અધ્યાત્મગ્રંથોનો સ્વાધ્યાય મારી મનગમતી પ્રવૃત્તિ છે. અધ્યાત્મક્ષેત્રના ચરિત્રગ્રંથો, શાસ્ત્રગ્રંથો વાંચવાની-વિચારવાની દૃષ્ટિ ઊઘડતી ગઈ, એમાં પૂજ્યશ્રીની પ્રત્યક્ષ-પરોક્ષ પ્રેરણાઓ રહેલી જ છે એવું હું સમજું છું. સમન્વય, સમરસત્વ અને તે દ્વારા, અદ્વૈતાનુભવની સમજ ખીલ્યા જ કરે છે એ પૂજ્યશ્રીનું કૃપાફળ જ ગણાય.

'શ્રીદત્તલીલાસાર' ('ગુરુલીલામૃત'નો ગદ્યસાર) શ્રી જગજીવનદાસ માસ્તર સાથે તૈયાર કરવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું. પૂજ્યશ્રીના આદેશથી આ ગ્રંથ અમે તૈયાર કરેલો. એની આંતરકથાનું સ્મરણ આજે થઈ આવે છે. મેં તો પૂજ્યશ્રીના આદેશને મારી રીતે પ્રથમ ઝીલેલો. બાળોપયોગી 'શ્રીગુરુલીલામૃત' લખવા માટે પૂજ્યશ્રીની આજ્ઞા છે એમ




સમજી પદ્યમાં એક અધ્યાય લખ્યો. લખતો ત્યારે મારી સાથે કોઈક અદૃશ્ય તત્ત્વ બેઠું જ હોય એવું મેં અનુભવેલું અને જાણે તે જ શક્તિ બધું લખતી હતી. અધ્યાય પૂરો કરી હું પૂજ્યશ્રી પાસે પહોંચું એ પહેલાં વિશિષ્ટ સંકેતો અનુભવ્યા હતા. જ્યારે લખાણ પૂજ્યશ્રીને બતાવ્યું ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું કે 'સમગ્ર ગ્રંથનો આપણે તો ગદ્યસાર કરવાનો છે અને લોકગમ્ય ભાષામાં તેમ થાય, એ રીતે કરવાનું છે.' તેમ પછી શરૂ થયું અને પૂજ્યશ્રી સમગ્ર લખાણને અવલોકી ગયેલા અને અવધૂતશ્રીની કસોટીમાંથી પાસ થઈ જાણે લેખનદીક્ષા મળ્યાનો આનંદ અનુભવેલો.

'રાષ્ટ્રીય ઉત્તમ શિક્ષક એવોર્ડ' મને ૧૯૬૨માં પ્રાપ્ત થયેલો. એ નિમિત્તે આકાશવાણી, વડોદરા પરથી મારે 'આદર્શ શિક્ષક' વિષય પર પ્રવચન આપવાનું હતું. મેં તૈયાર કરેલું પ્રવચન પૂજ્યશ્રીને નિવેદિત કર્યું. પૂજ્યશ્રીએ ખૂબ જ માર્મિક સૂચનો આપી એ પ્રવચનને ઉત્તમરૂપ આપ્યું હતું.

સંસારજીવન વિશે પ્રત્યક્ષ માર્ગદર્શન શું મળ્યું એમ પૂછો છો ? અરે મને શું નથી મળ્યું ?! એક જ પ્રસંગ ટાંકું છું. મારી વય ૩૯ વર્ષની. હું ફિમેલ ટ્રેઈનિંગ કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે નોકરી કરતો હતો. સંતોષથી ગૃહસ્થી જીવન જીવતો હતો ત્યાં વિધિના અટળ નિયમે હું ઘરભંગ થયો ! મારાં એક સ્વજન બહેને નારેશ્વર જઈ પૂજ્યશ્રીને બનેલી કરુણ ઘટનાની જાણ કરી. પૂજ્યશ્રીએ વાણી ઉચ્ચારી : 'ઠીક, મોટો દીકરો પ્રવીણ છે ને ?! એનું લગ્ન થશે એટલે બધા પ્રશ્નો ઊકલી જશે !' આ આર્ષવાણી હતી. જ્યારે આ વાણી ઉચ્ચારાયેલી ત્યારે હું અહીં અંત્યેષ્ટિની ક્રિયાવિધિમાં રોકાયેલો હતો. આ દિવસોમાં જ ચિ. પ્રવીણચંદ્ર માટે લગ્નનું માગું આવ્યું ! મારી વય પણ હજી પ્રૌઢાવસ્થાની નહિ. જે વાતાવરણમાં વ્યવસાયજીવન જીવતો હતો, ત્યાં પણ વિદૂષી સન્નારીઓ મારા પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારી. મારી કરુણતાને વિદારવા ને કદાચ તેઓનાં જીવન સંપન્ન કરવાના હેતુથી મને આ વિધુરતામાંથી મુક્ત કરવાની માંગણીઓ તેઓ તરફથી થયેલી ! પણ પૂજ્યશ્રીની પેલી આર્ષવાણીનો સંકેત તેમની જ કૃપાથી મારાથી ઝિલાયો અને ચિ. પ્રવીણનાં લગ્ન થઈ ગયાં ને હું સદ્ગુરુની આર્ષવાણીના ઓજસમાં તરતો થઈ ગયો.

પૂજ્યશ્રી સાથે સીધો વાર્તાલાપ અવારનવાર થયા કર્યો છે. પ્રશ્નો



પૂછવાની મને ટેવ જ નહિ. એથી અત્રતત્ર વાર્તાલાપો પૂજ્યશ્રી કરે ત્યારે તેની નોંધો લેવાની ટેવ ખરી જ. જે 'રંગદર્શન' અને 'નારેશ્વરનો નાદ'માં અવારનવાર પ્રગટ થયા જ કરે છે. પુસ્તિકાઓ પણ સ્થાન તરફથી બહાર પડેલી છે.

૭

પૂજ્યશ્રી ભગવાન દત્તાત્રેયના અંશાવતાર છે એવી દૃઢ શ્રદ્ધા ધરાવું છું. પૂજ્યશ્રીની સર્વજ્ઞતા અંતર્યામીત્વ વ્યાપનશીલતા જેવી વિભૂતિમત્તાના પ્રતીતિજનક અનુભવ થયા જ કર્યા છે. એક પ્રસંગ ટાંકું: દીવેરમાં પૂજ્યશ્રીનો મુકામ હતો ત્યારે 'ગીતાપ્રવચનો' તેઓશ્રી કરતા. શ્રોતાઓના મનમાં ઊઠેલા પ્રશ્નોનો પૂછ્યા વિના જ પ્રવચનો દરમિયાન નિર્દેશ થયા કરે ને જવાબો મળ્યા કરે, એવી તો પ્રતિદિન પ્રતીતિ થયેલી. અજ્ઞાતભાવિનું દર્શન તેઓ કેવું કરી શકતા, એ તો પ્રશ્ન ઉપરના મારા અંગત જીવનપ્રસંગરૂપે મેં વર્ણવ્યું જ છે. સેંકડો ભક્તોના આ પ્રકારના અનુભવો તેમની અંશાવતારી વિભૂતિપણાનું ઠોસ પ્રમાણ છે. પૂજ્યશ્રી સ્વયં ધન્વંતરી છે. મને બ્રોકોન્યુમોનિયા થયેલો. પૂજ્યશ્રીનો મુકામ રંગજયંતી નિમિત્તે છાણી હતો. તેમાં હું માંદો-માંદો પણ દર્શને ગયેલો. પૂજ્યશ્રીએ મારી હાલત જોઈ પૂછ્યું 'કેમ શરીર આવું થઈ ગયું છે.' મેં માંદગીની વાત કરી. પૂછ્યું : 'દવા કરો છો ?' મેં જે ડૉક્ટરની દવા ચાલતી હતી તે વિશે જણાવ્યું. પૂજ્યશ્રી કહે : 'દવા છોડી દો. સોનાની વીંટી તપાવી પાણીમાં છંકોરી તે પીવાનું રાખો ! દત્તજયંતી માટે નારેશ્વર આવવું નથી ?' મેં દવા છોડી. પૂજ્યશ્રીએ સૂચવેલો એ ઉપાય કર્યો. અઠવાડિયામાં દર્દ ગાયબ. હું દત્તજયંતીમાં જઈ શક્યો.

૮

પૂજ્યશ્રી 'શરણાગતનો તારણહાર' છે. વર્ષો પહેલા અવારનવાર અમે સંઘ કાઢી પગપાળા નારેશ્વર જતા. એકવાર મારી સાથે સોખડાના શ્રી મગનલાલ માસ્તર હતા. અમે નામસ્મરણ કરતાં ચાલતા હતા. અંધારું જામેલું હતું અને રસ્તે કોઈ એવો ખાડો હતો, જે અમારા જોવામાં ન આવ્યો. અમે બંને ખાડામાં પડ્યા. મૂંઝાયા, નિસ્સહાયતામાં સદ્‌ગુરુનું સ્મરણ કરી, અરજ કરી કે 'પ્રભુ તું હવે અમને બહાર કાઢ !' પ્રાર્થના સદ્ય સાંભળી હોય તેમ, એક દિશામાં પ્રકાશકિરણ થયું અને અમને ખાડામાંથી બહાર નીકળવાનો રાહ સૂઝ્યો ! સદ્‌ગુરુનું



સ્મરણ શરણભાવે કરીએ તો પ્રત્યેક અનુભવમાં અલૌકિકતાનો અહેસાસ થાય જ.

૯

નારેશ્વરમાં બહુ શરૂઆતના દિવસોમાં પૂજ્યશ્રી માટે ભિક્ષા બનાવવાનું સદ્‌ભાગ્ય મળ્યું છે. એક જ વારનો આ સેવાલાભ મારા જીવનનું ચિરસ્મરણ છે. એકવાર નજીકના કોઈ એક ગામડામાં પૂજ્યશ્રી સાથે ચાલીને જવાનો યોગ મળ્યો છે. પૂજ્યશ્રીએ ત્યારે પૂછેલું કે 'તમે કંઈક લખો છો ખરાને?' મારી એક રચના 'પુષ્પમાલિકા' ત્યારે પ્રસિદ્ધ થયેલી. એના ઉપલક્ષમાં જ મને અનુગૃહિત કરી મારી આ ક્ષેત્રની માવજત માટેની આશિષ હતી એમ સમજું છું.

૧૦

મંત્રપ્રસાદી મળી છે. દ્વાદશાક્ષરી મંત્ર પૂજ્યશ્રીએ સ્વહસ્તાક્ષરમાં પ્રસાદરૂપે આપ્યો છે. વિધિવિધાન સાથે તે છે. આ મંત્રપ્રસાદીમાં પૂજ્યશ્રીના હસ્તાક્ષર એ મારે માટે સ્મૃતિચિહ્ન છે, આશિષ છે.

૧૧

અનેકવાર ઉત્સવો નિમિત્તે પૂજ્યશ્રીનો પ્રવાત હતો. કોઈક સ્તુતિ, કોઈક ધૂન પોતે જ ગવડાવે. દીવેરમાં તો 'ગીતાપ્રવચનો' વખતે પોતે ધૂનો ગવડાવતા એ કર્ણમંજુલ ધ્વનિઓ હજી ગૂંજે છે.

.

**શ્રી જહાંગીર રૂ. માઈસોરવાલા** (વડોદરા)

'રેવાનો યોગી' માંથી ઉદ્ધૃત

હું મારાં કુટુમ્બીજનો સાથે ૧૬-૧૧-૫૩ના રોજ વડોદરાથી પાદરા ગામે ફરવા ગયો હતો. ત્યાં પૂજ્યશ્રી રંગ અવધૂત મહારાજ પધારેલા હતા, જ્યાં હજારો માણસો એમનાં દર્શન કરવા આવેલાં. પાદરાના એક વૈદ્ય અમને એમના મુકામે દર્શન કરાવવા લઈ ગયા. ઘણા લોકો લાઈનમાં, અમે એક ઓટલા ઉપર એમના મુકામેથી થોડે દૂર બેઠા હતા. તેવામાં એક ભાઈ આવ્યા ને તે કહેવા લાગ્યા: 'જહાંગીરભાઈને બાપજી બોલાવે છે.' મેં કહ્યું 'મને જહાંગીરજી કહેવામાં આવે છે. બાપજીને મારા નામથી કહો કે હું આપને આપના મુકામે નારેશ્વર દર્શન કરવા આવીશ.' તે માણસ ગયો ને પાછો તરત આવી, 'તમને હમણાં જ બોલાવે છે' કહીને મને અને મારા પુત્ર પરવેઝને મહારાજશ્રી પાસે લઈ ગયો. હું પાસે ગયો, નમસ્તે

કર્યા ને એમની ખુરશી પાસે જ બેઠો. આ વખતે જ મેં એમનાં પ્રથમ દર્શન કર્યાં.



ધીમે ધીમે આધ્યાત્મિક વાતો કરી, દ્વૈતવાદ પછી અદ્વૈતવાદ શરૂ કર્યો. મારા તમામ સવાલોના જવાબો સંતોષકારક મળ્યા.

મને એમનું ઓરા-ઓજસ-ઘણું આનંદ આપનારું શાંત ને પ્રેમી લાગતું. ફોર્થ ડાયમેન્શન-ચોથું પરિમાણ-ક્લૅરવોયન્ટ (વિશ્વદષ્ટિ/વિશ્વશ્રુતિ) સંબંધી અમે વાતો કરી. લગભગ પોણા-બે કલાક થયા ! ખૂબ આનંદ મેળવી છેવટે એક સવાલ પૂછ્યો કે 'મહારાજ જ્ઞાન પછી વિક્ષેપ થાય છે. તો તે માટે શું કરવું ?' તેમણે કહ્યું કે 'બેદરકાર બનો'. આ ટૂંકો શબ્દ છે. આ સાંભળી મેં તેનો અમલ કર્યો ને ખરેખર આજે આનંદ છે, આ ઠેકાણે 'બેદરકાર'નો અર્થ 'વૈરાગ્ય' સમજવાનો છે.

એઓશ્રી વિશેના મને થયેલા દૈવી અનુભવોના અનેક દાખલા છે. હું જાહેરમાં આપવા માંગતો નથી.

એ એક રાજયોગી, જ્ઞાની, મહંત જીવાત્મા છે. આવા યોગી મહારાજથી ભારતને બહુ શોભા છે, ગૌરવ છે. વળી એમનામાં માંદાને સાજા કરવાની, ભવિષ્ય કહેવાની, દુઃખ વખતે મદદ કરવાની વગેરે શક્તિ છે.

એમનાં મેં ફક્ત ચાર-પાંચ વખત દર્શન કર્યાં છે, જેમાં આ ભવ્ય વ્યક્તિને, વિભૂતિને હું ક્યાંથી ઓળખી શકું ?

ઈશ્વર એમની કૃપા અમારા પર કાયમ રાખો એવી પ્રાર્થના છે, આમીન.

### શ્રી ઠાકોરભાઈ પારેખ (મુંબઈવાળા)
### (નારેશ્વરનો નાદ-એપ્રિલ-૮૧ને આધારે)

પૂજ્યશ્રી સાથે ૨૧ દિવસની યાત્રા કરી. પ્રવાસમાં પૂજ્યશ્રી માટેની રસોઈ કરવાની સેવાનું સદ્‌ભાગ્ય મારી પત્નીને મળેલું. ત્યારના બે પ્રસંગો નોંધવા જેવા છે :

(૧) પંઢરપુરમાં સકાળ પેપરમાં રાશીવાળાનું તે દિવસનું ફળ વાંચ્યું; તેમાં પૂજ્યશ્રીના ભવિષ્યમાં હતું કે મિત્રની ભેટ થશે અને પૂજ્યશ્રીએ કહેલું કે મને વિઠ્ઠલભગવાનની ભેટ થઈ. પૂજ્યશ્રીના મિત્ર જ કહેવાયને.

(૨) પંઢરપુરમાં કોડીથી ભરેલી મોરપીંછની ટોપી એક ભજનિક પાસે



જોઈ અને પૂ. શ્રીએ નવીનચંદ્રને કહ્યું કે એ ટોપી વેચાતી આપે તો લઈ આવો. નવીનચંદ્રે (મારો પુત્ર) કહ્યું કે હું નવી સરસ લઈ આવીશ. પાછળથી ગામમાંથી કે કોઈ ઠેકાણેથી મળી નહિ એટલે જ્યારે જ્યારે નવીનચંદ્ર નારેશ્વર જાય ત્યારે કહે ટોપી લાવ્યો કે ? આખરે તેમને ભૂલ સમજાઈ કે સંતપુરુષ કહે તે કરી જ નાખવું જોઈએ અને એ પછી પૂજ્યશ્રીએ એ વાત કદીએ છેડી જ નહિ.

દત્તજયંતી પ્રસંગે નારેશ્વરમાં નવીનતા લાવવા માટે પાલખીનો કાર્યક્રમ શરૂ કરાવેલો અને એ માટે પાલખીની ભેટ આપવાનું સદ્‌ભાગ્ય મળ્યું છે.

પૂજ્યશ્રી અન્યને કંઈ કહેવાનું હોય તે મને સંબોધીને અનેક વાર કહેતા. બીડમાં, હોડીમાં, પૂજનમાં મારો જુદાં જુદાં નિમિત્તોએ પૂજ્યશ્રીની સાથે છબીઓ પડાવવાનું બન્યું છે એ મારી જીવનની ધન્યતા છે.

ઘણાં વર્ષો પૂર્વે વિનોદમાં પૂજ્યશ્રીએ કહેલું કે 'મારી પાસે પૈસા હોય તો બધી મિલોના શેર ખરીદી લઉં. ઠાકોરભાઈ, પાંચદસ ટન સોનું લઈ લો. પણ મનમાં શંકા થઈ કે બાવાજી તો બોલે, આપણી પાસે એટલા પૈસા ક્યાં તે લઈએ ? અને ભાવ બેસી જાય ત્યારે શી વલે થાય ?!' પણ થોડા જ રોજમાં ભાવ બંનેના ખૂબ વધી ગયા ! સંતના શબ્દો ખોટા પડતા નથી, પણ કંઈક ઉદ્દેશથી કહે છે, પણ તેમાં શ્રદ્ધા બેસતી નથી તે આપણા કર્મની કઠણાઈ છે. પૂજ્યશ્રીને ભાવ વધ્યાની જ્યારે વાત કરી ત્યારે પૂજ્યશ્રીએ કહેલું કે 'તમારે ટન તમારી શક્તિ મુજબ ગણવાનો હોય. ટન કહ્યું એટલે ટન સમજવાનું ન હોય !'

### શ્રી ડાહ્યાભાઈ મિસ્ત્રી (બિલીમોરા)

('શ્રીરંગદર્શન' ઓક્ટો. ૭૨ ને આધારે)

૧૯૬૮ના માર્ચની ૧લી તારીખે પૂજ્યશ્રી રંગઅવધૂત બાપજીના પરિચયમાં હું આવ્યો, પારનેરા પારડીમાં શ્રી બાલકૃષ્ણભાઈને ત્યાં મુકામ કરીને પોતે બિલીમોરા પધાર્યા હતા. મારા નિવાસસ્થાને એક રાત્રિ અને બે દિવસ ગાળ્યા. આ દરમિયાન અનેક ભક્તો અને દર્શનાર્થીઓએ પૂજ્યશ્રી સાથે વાતો કરી તેના પરથી મને ઊઠેલા



પ્રશ્નોના જવાબો પૂજ્યશ્રીએ મને આપ્યા. પૂજ્યશ્રીના વિચારો પચાવવાની એક દિશા મને મળી.

'ટૉલ્સ્ટોયની વાતો' અને 'ત્યારે કરીશું શું ?' નું વાચન મેં કરેલું તે વિશે પૂજ્યશ્રીને પૂછ્યું ત્યારે તે પુસ્તક પૂર્વાશ્રમમાં તેમણે જ નરહરિ પરીખની સાથે અનુવાદરૂપે તૈયાર કરેલું એ જાણી મને ખૂબ આનંદ થયો. પૂ.ગાંધીજીના વિચારોને આત્મસાત કરી તે પ્રમાણે આચરનાર પૂ. શ્રીરંગઅવધૂત છે એવી પ્રતીતિ થઈ. મન સાથે નિર્ણય થઈ ગયો કે હવે શેષ જીવન અવધૂતના વિચારો પ્રમાણે જીવવું જોઈએ, આત્મસમર્પણની ભાવના જાગી.

બીજે દિવસે અમે સવારે વાડીમાં ફરવા નીકળ્યા. અવધૂતનું વ્યક્તિત્વ વાતાવરણ સર્જે છે. વાડીમાં અવધૂતી વાતાવરણ સર્જાયું હતું. પૂજ્યશ્રી કહે "આ વાડી તો આજથી મારી થઈ ગઈ.' મેં વિનમ્રભાવે હાથ જોડી તે વાત સ્વીકારી. પછી કહે આ વાડી તો હું ક્યાં સાથે લઈને ફરવાનો ? સંભાળવાની તમારે.' મેં કહ્યું: 'બાપજી ! વાડીનું નામ આપો' પોતે કહ્યું : 'અવધૂતવાડી રાખો.' અને ત્યારથી....

વિદાયવેળાએ અમારા માસ્તરે એક ભજન ગાયું : "મારા રંગ હવે ક્યારે આવશો ફરી ?" મેં કહ્યું: "બાપજી ! આનો જવાબ આપો!?" તો કહે, "હું અહીંથી જાઉં ત્યારે મારે જવાબ આપવાનો રહેને ?!"

દર ગુરુવારે પૂજ્યશ્રીનાં દર્શને જવાનો મેં ક્રમ ગોઠવ્યો. છેલ્લે જયપુર મુકામે પણ મળવાનો યોગ પ્રાપ્ત થયો હતો.

છેલ્લા આઠ મહિનાનો જ મારો પૂજ્યશ્રી સાથેનો સંપર્ક આમ તો છે, પણ મને લાગ્યું છે કે પૂ. ગાંધીજીનું અધૂરું રહેલું કાર્ય જાણે એમણે કર્યું છે.

## ત્ર્યંબકેશ્વર શિવપ્રસાદ જોષી (સૂરત)

પૂ. બાપજી સાથેનો સંબંધ મારા પૂજ્ય પિતાજી મારફત થયો. નાનપણથી જ અમો નારેશ્વર જતા કારણ કે પિતાજી ત્યાંના સર્વધર્મકર્મના આચાર્ય હતા.

લગભગ આઠ વર્ષની ઉંમરે ગરુડેશ્વરમાં ઉત્સવ પ્રસંગે હું ગયો હતો. મારી સામે રહેતા મુ. સ્વ. લક્ષ્મીપ્રસાદ મહેતા ડેપ્યુટી



સાહેબ)ના દીકરા રાજુકાકા મારી સાથે હતા. તેમણે મને નરસિંહ મહેતાની ફિલ્મનાં ભજનો ગાવા કહ્યું.

અમારો મુકામ પૂ.શ્રીના મુકામની પાછળ જ હતો. તેથી પૂ.શ્રીએ પૂછ્યું : આ કોણ ગાય છે ? ખબર પડતાં મને બોલાવ્યો. મેં 'ભજો રાધે ગોવિંદ, બોલે રે પંછી રાધે ગોવિંદ'એ ગીત ગાયું અને અંતે 'ભજો રાધે ગોવિંદ'ની ધૂન હાથનો કરતાલનો અભિનય કરી ગાઈ.

આ પછી દત્તજયંતી ઉત્સવમાં મને હાથમાં કરતાલ આપી એ જ ધૂન ગવડાવી. 'નરસી ભગત'નું લાડકું નામ આપ્યું. એ ધૂન ગાયા પછી તેમણે તેમને ઓઢાડેલી ફૂલની ચાદર મને ઓઢાડી દીધી. જેનો ફોટો જ.ન. અધ્વર્યુ લિખિત 'દત્તજયંતીદર્શન'ની નાનકડી પુસ્તિકામાં છે. આ ચાદરના અણુના સ્પર્શથી મારું જીવન ધન્ય થઈ ગયું.

મારી સિનેમા જોવાની લતને લીધે હું એસ.એસ.સીમાં નપાસ થયો. પૂ.શ્રીએ કહ્યું : પાસ થવું હોય તો ફિલ્મ જોતો નહીં. તોય એ પ્રતિજ્ઞા તૂટી ને હું નાપાસ થયો. એ વસવસો મને રહ્યો. જેથી પૂ.શ્રીના બ્રહ્મલીન થયા પછી એક વરસ સુધી ફિલ્મ ન જોવાની પ્રતિજ્ઞા લીધી અને પાળી પણ ખરી.

પૂ.શ્રીની કૃપાથી એસ.એસ.સી થઈ બેન્કની નોકરી કરી હાલ નિવૃત્ત છું. સુખી છું.

પૂ.શ્રીનો મુકામ અછાલિયા સ્વ. અંબાલાલ રાવને ત્યાં હતો. ત્યાં પાદુકાપૂજન વખતે ગણેશપૂજન સમયે પૂ.શ્રીએ 'ગણેશો નસ્ત્રાતા...' શ્લોક લખ્યો ને મને આપ્યો. સાંજ સુધીમાં મોઢે કરવાનું કહ્યું. મોઢે થયો. પૂ.શ્રીએ સાંભળ્યો.

એ જ રીતે, ઝઘડિયામાં સ્વ. મગનલાલ થાનદારને ત્યાં પૂજન વખતે 'શ્રી દત્તઃ કલિતારકો ભુવિ નૃણાં...' શ્લોક લખી મને આપ્યો ને મોઢે કરવા કહ્યું, જે મેં મોઢે કરી પૂ.શ્રીને બોલી બતાવ્યો હતો.

અંગત સેવામાં રહેવાનું બન્યું નથી.

પૂ.શ્રીને દત્તપ્રણતિ ગાતાં ગવડાવતાં સાંભળ્યા છે.

મારા પિતાજી પૂ.શ્રીને દેવાંશાવતાર કહેતા. આજે અમારે ત્યાંના પ્રસંગોમાં અમો એ જ વિશેષણ પૂ.શ્રી માટે વાપરીએ છીએ.

આજે સૂરત અવધૂતપરિવાર દ્વારા પૂ.શ્રીના મીશનને વેગ આપવા બનતો યત્ન કરું છું.



**ડૉ. ત્રિકમલાલ વાણી** – અમદાવાદ ('રેવાનો યોગી'ને આધારે)

પૂજ્યશ્રીના સર્વપ્રથમ દર્શન સરખેજમાં જામફળની વાડીમાં, મારા સ્વજન ભાઈસમા ડૉ. કનૈયાલાલ વાણીની સાથે થયાં.

૧૯૪૨માં મારી દીકરી ચિ. પુષ્પા ૧૭ વર્ષની વયે ગુજરી ગઈ. તેનાં લગ્ન થયે કેવળ સાત મહિના જ થયા હતા. પૂજ્યશ્રીના દર્શન બાદ દીકરીના મરણથી મનની વિહ્‌વળતા હતી, તે ધીમે ધીમે શમવા માંડી.

પૂજ્યશ્રીનું પ્રથમ દર્શન અવિસ્મરણીય છે : 'અંગાચિ તે કાંતિ કોણ વર્ણી દીપ્તિ/કોટિ ચંદ્રજ્યોતિ નેત્રી વસે ॥' એનો સાક્ષાત્ અનુભવ થયેલો.

૧૯૪૩માં શ્રીદત્તજયંતી પ્રસંગે નારેશ્વરમાં પહેલવહેલા અમે ગયા. સ્વર્ગીય સુખ.

નવાપુરની રંગજયંતીનો કાર્યક્રમ પતાવ્યા પછી, પૂજ્યશ્રીને સાથે લઈને નંદરબાર ગયાનો પ્રસંગ યાદ આવે છે. ડૉ. કનૈયાલાલના બગીચામાં પૂજ્યશ્રીનો મંડપમાં ઉતારો; બીજે દિવસે મોટરના ટાયરવાળી બળદગાડીમાં પૂજ્યશ્રીને તળોદા લઈ ગયા. અધવચ્ચે પગપાળા ચાલવાની ઇચ્છા પૂજ્યશ્રીએ દર્શાવી તેથી તેમ કરેલું. રાત્રિ તાપી નદીના બાઠામાં ગાળવાની ઇચ્છા દર્શાવી. તે રાત્રિએ પૂનમ-દેવદીવાળી હતી. પૂજ્યશ્રી રેતીના એક ઢગ પર વ્યાઘ્રાંબર પાથરી આરામથી પોઢી ગયેલા. ઉપર આકાશ, નીચે ધરતી - તે પણ રેતીની, બાજુમાં તાપીનું પવિત્ર નિર્મળ જળ; આકાશમાં પૂનમનો ચંદ્ર અને તે મસ્ત દશામાં શ્રીઅવધૂત નિસર્ગ દેવતાઓ સાથે મગ્ન !

પૂજ્ય બાપજી ઘણી વખત કહેતા કે 'કુબેરનો ભંડાર મને સોંપે તો ૨૪ કલાકમાં જ પરમાર્થિક કામોમાં ખલાસ કરી નાખું.' એવા સ્થિતપ્રજ્ઞ કર્મયોગી 'સર્વભૂતહિતે રતઃ' સંકલ્પવાળા અવધૂત હતા.

ઘણી વખત તેઓશ્રી કહેતા : " 'શ' એટલે શાંતિ અને 'હર' એટલે હરણ કરે તે 'શહર' ! તેથી શહેરમાં અમારા જેવાને ના ફાવે. શાંતિ ન મળે !"

દૈવી સંપત્તિનાં દર્શન ગુરુદેવમાં થતાં. ગુરુદેવ પરબ્રહ્મ પરમાત્મા હતા. બાપજી પાસે એટલું જ માંગું કે "એવો દિ દેખાડ વ્હાલા ! એવો દિ ઉગાડ !!/દેખું તારું રૂપ બધે, એવો દિ' દેખાડ !!"



## શ્રી દત્તાત્રેય પાંડુરંગ નંદુરબારકર

(નિર્ણયનગર, પોસ્ટ-ચાંદલોડિયા, જિ. અમદાવાદ-૩૮૨૪૮૧)

પૂ. શ્રી. રંગ અવધૂત મહારાજ વિશે પ્રથમ વડોદરાના વૈદ્યશ્રી રમેશચંદ્ર કૃષ્ણ પટવર્ધન પાસેથી સાંભળ્યું. તેઓ ગરુડેશ્વર ટ્રસ્ટના ટ્રસ્ટી હતા. તેમણે જણાવ્યું હતું કે નર્મદા કિનારે નારેશ્વરમાં એક સંત બિરાજે છે. તેમનો આધ્યાત્મિક લાભ લો તો ઘણું સારું.

પ્રથમ દર્શન કરવા નારેશ્વર ગયો ત્યારે પૂ. શ્રીનો મુકામ નારેશ્વર બહાર ક્યાંક હતો. આથી બીજીવાર નારેશ્વર ગયો ત્યારે તેમનાં દર્શન થયાં.

એક બ્રહ્મનિષ્ઠ સંત તરીકે તેમની સરખામણી કરનાળીમાં બિરાજમાન તથા વડોદરા અવારનવાર આવતા આત્માનંદ સરસ્વતી અને ગરુડેશ્વરમાં નિવાસ કરી તેને પવિત્ર બનાવનાર પ.પ. વાસુદેવાનંદ સરસ્વતી સાથે થઈ ગઈ !

નારેશ્વરમાં પૂ. બાપજીનાં દર્શન ૧૯૪૦-૪૧માં કર્યાં. નારેશ્વર ત્યારે ઋષિઓ દ્વારા પવિત્ર થયેલ નૈમિષારણ્ય જેવું શાંત-પવિત્ર લાગ્યું. નારેશ્વર જવાનું અનેકવાર થયું છે. ૪૦-૫૦ વખત તો ખરું જ. ઉત્સવોમાં સામેલ થવાનું થયા કર્યું.

૬૦મી રંગ જયંતી વખતે શરીરમાં તાવ હતો. કંઈ સેવા કરવી તેનો વિચાર મનમાં ચાલતો હતો. છેવટે પૂ.શ્રી.ને પહેરાવાતા પુષ્પહાર (ભક્તો દ્વારા)ને કાઢી લઈ તેનો ઢગલો કરવાની સેવા કરી. હાથ દુઃખી જાય એટલા બધા પુષ્પહારનો ઢગલો થયેલો.

૬૧મી રંગ જયંતી ડાકોરમાં ઉજવાઈ. તેમાં સંસ્કૃતમાં પ્રશસ્તિ મંત્રપુષ્પાંજલિ પછી ગાઈ.

૬૦મી રંગ જયંતીએ પૂ.શ્રી દત્તમહારાજ કવીશ્વર શાસ્ત્રીજીના મરાઠી પ્રવચનનું ભાષાંતર કર્યું. તથા કીર્તન કર્યું.

પૂ.શ્રી.ના સીધા સંપર્કમાં આવવાનું જ્યારે મોટી કોરલમાં હાઈસ્કૂલના પ્રિન્સિપાલનો હોદ્દો સ્વીકાર્યો ત્યારે અવારનવાર દર્શને જતો ત્યારે બનેલું. ઈ.સ. ૧૯૪૧-૪૨માં. દર ગુરુવારે તથા શનિ-રવિવારે સાંજે મોટીકોરલથી નારેશ્વર જઈને દર્શનનો લાભ લેતો ત્યારે માંડ બે-ચાર કે કોકવાર પાંચ-દસ ભક્તો સ્થાનમાં જોવા મળતા.

પોતાને થતાં સૂક્ષ્મ દર્શનોની વાત કરીને આગળના આધ્યાત્મિક માર્ગદર્શન માટે વિનંતી કરી ત્યારે પૂ.શ્રી. બોલ્યા, ''અનુભવો સારા



છે. અવારનવાર આવતા રહેશો.'' વિશેષ માર્ગદર્શન માટે આગ્રહ કરતાં પૂ.શ્રી. બોલ્યા, **''સંતો ભક્તોના વકીલ તરીકે વર્તે છે. તેઓ ભક્તોની અરજી ભગવાન આગળ રજૂ કરે છે. આમ છતાં ભગવાન મંજૂરી આપે તો જ સંતો આગળનું વિશેષ માર્ગદર્શન ભક્તોને પૂરું પાડે છે.''** પૂ. બાપજીને વિનંતી કરી કે અમારી અરજી ધ્યાનમાં રાખશો.

મનમાં ચટપટી હતી કે આપણી અરજીનું શું થશે ? મોટી કોરલમાં એક દિવસ પ્રભાતનાં સમયે સ્વપ્નમાં પૂ.શ્રી. દંડ સાથે પધાર્યા. પૂ.શ્રી. કોઈના પણ આસન ઉપર બેસતા નહીં. આથી એક પાટલો ધોઈને પૂ.શ્રી.ને બિરાજવાની પ્રાર્થના કરતાં જ સ્વપ્ન પૂરું થયું. તે દિવસે મનમાં અનોખો આનંદ ઉલ્લાસ જણાતો હતો.

પૂ.શ્રી.નાં દર્શન કરવા જતાં જ પૂ.શ્રી. બોલ્યા, ''તમારા માટે મંત્ર (કાગળ ઉપર) લખીને પાટલા નીચે મૂક્યો છે. તેનું અનુષ્ઠાન કેવી રીતે કરવું તે પણ જણાવ્યું. કોઈ પણ સાંસારિક ઉન્નતિ સિવાય આધ્યાત્મિક પ્રગતિ માટેનો તે મંત્ર હતો.

ગરુડેશ્વરમાં તેનું ૪૨ દિવસનું પુરશ્ચરણ કર્યું, સમાધિ મંદિર નીચેની ઓરડીમાં ૨૬ કે ૨૮માં દિવસે અનુષ્ઠાનનાં પ્રારંભે મૂકેલું શ્રીફળ અદૃશ્ય થયેલું ! બહારથી તાળું મારી ચાવી પાસે જ હતી છતાં આમ બનેલું; અનુષ્ઠાન પૂર્ણ થયા પછી નારેશ્વરમાં પૂ. બાપજીને હકીકતની જાણ કરતાં તેઓ એટલું જ બોલ્યાં, ''ભગવાનને શ્રીફળ ગમ્યું આથી તેમણે સ્વીકાર્યું.'' મતલબ કે અનુષ્ઠાન સાચી રીતે પૂર્ણ થયું.

વાર્તાલાપ દરમ્યાન પૂછેલું : જારણ-મારણ-મોહન ઈત્યાદિ તામસિક મંત્રો ઈશ્વરે જ પ્રગટ કર્યા અને તેના જાપકને તામસિક સાધનાને પરિણામે ખૂબ જ સહન કરવું પડે છે. તો ઈશ્વરે તેને પ્રગટ કર્યા જ કેમ ? પૂ.શ્રી.એ ટૂંકાણમાં કહ્યું કે બજારમાં અનાજ, કઠોળ, તેલ, મસાલા સાથે કેટલાંય ઝેર (સોમલ, વછનાગ ઈત્યાદિ) પણ વેચાતાં મળે છે. વેચાતાં કેમ રાખવામાં આવે છે તે વિશે ચિંતા છોડીને સાધકે પોતાની આધ્યાત્મિક ઉન્નત્તિ માટે બજારમાંથી શું લેવું તેનો જ વિચાર કરવો ઘટે. ઉદાહરણ આપતાં જણાવ્યું કે એક સાધક તામસ સાધના કરતો હતો. સ્મશાનભૂમિમાં અગ્નિકુંડ પ્રગટાવેલો. તામસ દૈવત પ્રગટ થયેલું પરંતુ તેને આપવામાં આવતો ભોગ કે કોઈ પણ વસ્તુની ત્રૂટિ રહી ગયેલી. તામસ દેવતાએ તે સાધકને ઊંચકીને અગ્નિકુંડમાં નાંખી



દીધો અને સાધકનો આમ અંત આવ્યો.

આથી મોક્ષની ઈચ્છા રાખનારે કોઈ પણ કાળે તામસિક સાધના કરવી નહીં. તેનાથી તેનું પતન અવશ્ય છે. તાત્કાલિક લાભ કોકવાર દેખાય છે પરંતુ સાધકનું અંતે પતન થાય છે.

મારી બેબી જ્યોત્સ્ના છ માસની હતી. બીમાર હતી. તે વખતે પ્રત્યક્ષ યમરાજા દૂતો સાથે દેખાયા. બીમાર વ્યક્તિ પાસે યમ ભગવાન દેખાય એટલે મૃત્યુ જ સમજવું. આધ્યાત્મિક સાધનાના બળથી, ન ગભરાતાં મેં યમરાજાને પૂછ્યું, ''શું તમે બેબીને લેવા આવ્યા ?'' યમરાજા બોલ્યાં, ''ના, ના, બેબી સાજી થઈ જશે.''

એક તૂટેલું બારણું ભીંતને અઢેલીને મૂક્યું હતું જે પવનના સુસવાટાથી નીચે પડ્યું અને બીમાર બેબીથી બે-ત્રણ ઈંચ જ દૂર પડ્યું અને બેબી બચી ગઈ. રાજપીપળામાં આ બનાવ બન્યો હતો. નારેશ્વર જઈને પૂ.શ્રી.ને આ બાબત પૂછતાં પૂ.શ્રી. એટલું જ બોલ્યાં, ''ઘાત હતી તે જતી રહી.''

શ્રી નથ્થુ હરી શૈવ એ શ્વસુરના પિતાજી. તેઓ સાયર ગામના જમીનદાર પણ. મારો પુત્ર ભાલચંદ્ર જે હાલ આયુર્વેદ - ડાયરેક્ટર છે તે નાનપણમાં તેમની સાથે ઉછરેલો તથા ભાલચંદ્ર પર તેમનું ખૂબ જ વહાલ. તેમનાં મૃત્યુ પછી તેઓ

પૂ.શ્રી.ની અંગત સેવામાં રહેવાનું પ્રાપ્ત થયું નથી. તેમની સાથે નૌકામાં બેસવાનું ભાગ્ય બે-ત્રણ વાર પ્રાપ્ત થયું છે.

પૂ.શ્રી. પાસેથી મંત્રદીક્ષા પ્રાપ્ત થઈ છે.

પૂ.શ્રી.ને ધૂન-સ્તોત્ર ગવડાવતાં સાંભળ્યા નથી પરંતુ ઘણા ભક્તો સાથે વાર્તાલાપ કરતા સાંભળ્યા છે.

પૂ.શ્રી. બ્રહ્મલીન થયા પછી એક વખત દર્શન સૂક્ષ્મરૂપે થયું :

પૂ.શ્રી. જૂની ગુફામાં બિરાજમાન હતા. દર્શનની ખૂબ જ તાલાવેલી હોવાથી અંદર જઈને દર્શન કર્યાં. પૂ.શ્રી. કાંઈક લખી રહ્યા હતા. દંડવત્ પ્રણામ કરીને ત્યાં જ ઊભો રહ્યો હતો. પૂ.શ્રી.એ લખવાનું ચાલુ જ રાખ્યું. ઘણો બધો સમય વીત્યો. હું કાંઈક બોલવા જતો હતો ત્યાં પૂ.શ્રી.એ ડાબા હાથથી ઈશારો કરી જણાવ્યું કે જરા થોભો અને જમણા હાથથી લખવાનું ચાલુ રાખ્યું. સ્વપ્નમાં ઘણો જ સમય પસાર થયો જણાયો. કલાકો અને દિવસો પસાર થયા અને પછી સ્વપ્ન પૂરું થયું. પૂ.શ્રી. કાંઈક લખાણ કરી રહ્યા હતા. આથી આપણને કાંઈક



લખવા પ્રેરણા કરતા હતા. આમ લખાણ કરવા તેમનું સૂચન હતું. આથી પૂ.શ્રી.નાં બધાં જ પ્રવચનોનું પૂ.શ્રી.નાં જીવનચરિત્ર સાથે મરાઠીમાં ભાષાંતર કર્યું જે ડોંબિવલીના અવધૂતપરિવારે "શ્રી રંગ વિચારધારા" એ નામે પ્રસિદ્ધ કર્યું. (ઈ.સ. ૧૯૮૦) પૂ.શ્રી.ના પત્રોનું પણ મરાઠીમાં ભાષાંતર કર્યું હતું પરંતુ તે કારણવશાત્ પ્રસિદ્ધ થઈ શક્યું નહીં. આ પછી પત્રમંજૂષાનું મરાઠી ભાષાંતર ડૉ. ઉમાબેન દેશપાંડે સાથેનું પ્રસિદ્ધ થયું જે મરાઠી અવધૂત ભક્તો માટે આશીર્વાદરૂપ છે.

### શ્રી દ્વારકાનાથ ગંજખાને (વડોદરા)

મારા સસરાશ્રી ભાલચંદ્ર બિવરે પૂ.શ્રી.ના બાલમિત્ર હતા.

મારું લગ્ન એમની દીકરી સુશીલાબહેન જોડે થયું. લગ્ન થયા પછી નારેશ્વર પૂ.શ્રી.ને પગે લાગવા–નમસ્કાર કરવા ગયા ઈ.સ. ૧૯૪૮માં.

પ્રથમ દર્શને જ મને ખૂબ સમાધાન, શાંતિ, આનંદ થયાં. મનોમન પૂ.શ્રી. ગુરુ છે એ દૃઢતાપૂર્વક નિશ્ચય થયો.

પ્રથમ રંગ જયંતી ઉત્સવ છાણી મુકામે થયો ત્યારથી શ્રી બિવરે સાથે લગભગ દરેક ઉત્સવમાં જવાનું થતું.

મને નાનપણથી અખાડામાં જવાની ટેવ હતી તેથી શરીરમાલિશ કરવાનું આવડતું હતું. આથી પ્રથમ દર્શને વડોદરામાં શરીર માલિશ કરવા પૂ.શ્રી.ને પૂછ્યું. તેઓએ હા પાડી. રજા આપી તેથી દરેક વખતે નારેશ્વર જવાનું થાય ત્યારે માલિશ કરવાનો, સેવાનો લાભ મળતો. બાજવા મુકામે ઉત્સવ થયો ત્યારે પણ સેવાનો–માલિશનો લાભ મળેલો. માલિશ કરતી વખતે જે જે વાર્તાલાપ થાય તેમાંથી જ બધો જ્ઞાનબોધ મળતો હતો.

પૂ.શ્રી. પાસેથી મને મંત્ર - લેખિત મંત્ર બાર અક્ષરનો મળેલ છે. રોજ એક માળા કરતો. ગુરુવારે બે માળા કરતો. તેમજ ચાંદીની પાદુકા પ્રસાદી મળી - (શ્રી બિવરેએ ચાંદીની પાદુકા બનાવી આપી) - નારેશ્વર બોધિવૃક્ષ લીમડા નીચે પ્રસાદી મળી.

મને ફૂલના હાર-કળીના તેમજ ફૂલના મુગટ કરવાનો આવડત છે. હાલમાં ચંદન ઘસીને મણકા બનાવી - એનો ચંદન મણકાહાર, માથાનો મુગટ બનાવુ છું. ૬૦મી રંગ જયંતીથી આજ સુધીની દરેક વરસે જયંતી પ્રસંગે એવો હાર બનાવી અર્પણ કરું છું.



પૂ.શ્રી. પાસેથી દત્તઃ પ્રણતિ સ્તોત્ર-એમના સ્વમુખે સાંભળેલ છે. અવાજ સુમધુર હતો.

એમની પ્રેરણાથી કંઈ મરાઠી-હિન્દી કવિતા-ભાવગીતો લખાયેલ છે, તેની એક અલગ ચોપડી છપાવી છે નારેશ્વર રંગ મંદિરમાં સેવક-પૂજારી મદદગાર તરીકે સેવાનો લાભ મળેલો છે. ૧૯૮૩થી દર વરસે શ્રાવણ માસમાં મોટા પૂજારી (પૂ.નરહરિકાકા)સરખેજ વારી ભરવા જાય ત્યારે શ્રાવણમાં એક મહિનો મંદિરની સેવાનો લાભ મળતો તે વખતે જે કોઈ બહારગામના ભક્ત ખાસ કરીને મરાઠી-મહારાષ્ટ્રીયન-ભક્ત આવે ત્યારે એવા ભક્તોને નારેશ્વર રંગ અવધૂત વિશે સંપૂર્ણ માહિતી આપતો. તેમજ મરાઠી - ગુજરાતીનો ભાષા સમન્વય કરી આપતો.

રંગમંદિરની સ્થાપના-મૂર્તિસ્થાપના થઈ તે વખતે. મહારાષ્ટ્રના સંતો-શ્રી ગુલવણી મહારાજ-કવીશ્વર મહારાજ વગેરેની સેવાનો લાભ મળેલો.

મારાં પત્ની સૌ. સુશીલા પૂ.શ્રી. માજીની સેવામાં પહેલેથી રહેતાં હતાં. ત્યારથી પૂ.માજીની સેવા. વગેરે બધો જ લાભ મળતો હતો. પૂ. માજીની આંખનું ઑપરેશન થયું ત્યારથી રસોઈ વગેરે સેવા કરવાનો લાભ મળતો થયો. મારાં સાસુમા સ્વ. લક્ષ્મીબેન પૂ. માજીની સેવામાં હતાં. એક વખતે સાંજે ઑફિસમાંથી ઘેર જતો હતો ત્યારે એક મોટો અકસ્માત - મારા ઉપરથી ટ્રક પસાર થઈ - મારી સાયકલ તૂટી ગઈ પણ મને કંઈ જ થયું નહીં - જરા પણ દુખાવો થયો નહીં. એ જ અંગત ચમત્કાર - ત્યારથી તો વધુ દૃઢ શ્રદ્ધા થઈ.

મારા પિતા વડોદરાના મોટા અધિકારી - રાવ સાહેબ હતા. તે વખતે પ્રમાણમાં સારી સંપત્તિ હતી, પણ મને સાવકી માતા હતી તેથી મને એમાંથી કંઈ પણ મળેલું નહીં. પૂ.શ્રી.એ કહેલું કે "માંગવું નહીં - કોર્ટ કચેરી કરવી નહીં" ત્યાગનો મહામંત્ર આપેલો - સંતોષ રાખવો તેથી આજ સુધીનું જીવન સર્વ સુખમય-આનંદમાં ગયું છે.

**દોસ્તમોહમ્મદ ખાનસાહેબ : (ધરમપુર)**

('નારેશ્વરનો નાદ' ઑક્ટો. ૮૬, મુખપૃષ્ઠ-૨/૪ને આધારે)

(કરુણાશંકર વૈદ્યની નોંધ)

ધરમપુરના દોસ્તમોહમ્મદ પરનેરા પારડી આવ્યા. શ્રી બાલકૃષ્ણ



ત્રિપાઠીને ત્યાં પૂજ્યશ્રીનો મુકામ. ભજન બાદ ભગવાનને દોસ્ત મોહમ્મદે પ્રાર્થના કરી : 'બાપજી આપ મારે ત્યાં ધરમપુર પધારો.'

દિવસ નક્કી થયો. પૂજ્ય બાપજી ધરમપુર પધાર્યા.

બીજે દિવસે દોસ્તમોહમ્મદ કહે : 'પૂજ્ય બાપજી મારે પૂજન કરવું છે.'

પૂજ્યશ્રી : ભલે ! કરુણાશંકર, દોસ્તમોહમ્મદની પાસે પાદુકાપૂજન કરાવો.' પતિ-પત્ની પૂજનમાં બેઠા. પૂજન સંપન્ન થયું. પૂજ્યશ્રીએ અમીદૃષ્ટિ કરી અને ત્યાં ઔદુમ્બર વૃક્ષદેવતાનું સ્થાપન કર્યું.

દોસ્તમોહમ્મદ પોતાની મિલકત બાપજીને સમર્પિત કરી દીધી ! મકાનનું નામ રાખ્યું : 'રંગપ્રભાત'.

શ્રીરંગ પોતાના આધ્યાત્મિક સદ્‌ગુરુ.

શ્રી પ્રભાતદેવ પોતાના સંગીતવિદ્યાના સદ્‌ગુરુ.

બંને સદ્‌ગુરુ પ્રત્યેનો ઋણસ્વીકાર કહો કે નિત્ય સ્મૃતિ માટેની કેવી પ્રયુક્તિ !

પૂ. બાપજીનાં સાન્નિધ્યમાં ધરમપુરમાં સ્વરચતિ ભજનો સંભળાવેલાં.

પૂ. બાપજી આફ્રિકાના પ્રવાસે જનાર હતા ત્યારે ખાનસાહેબ દોસ્ત મોહમ્મદનાં ભજનોની ૧૧ ભજનોની કેસેટ ભાલચંદ્રભાઈ ત્રિપાઠી (પૂ.બાલઅવધૂતજી) દ્વારા કરાવીને લઈ ગયેલા.

પ્રસંગોપાત ખાનસાહેબ નારેશ્વર પૂજ્યશ્રીનાં દર્શને ગયેલા. ત્યાં તેમણે ભજન ગાયું : 'ગુરુને મંગાઈ ભિક્ષા ચેલા ઝોલી ભરકે લાના' પૂજ્યશ્રીએ ભજનની શરૂઆત સાંભળતાં જ થોભવા આજ્ઞા કરી અને પોતે ગરમ લૉંગકોટ અને ગરમ ટોપી લઈ આવીને ખાનસાહેબને હાથોહાથ સ્વયં પહેરાવ્યાં. આવા કૃપાવંત હતા પૂજ્યશ્રી.

નવાગામ રંગજયંતીપ્રસંગે વિશિષ્ટ સન્માન કરીને 'જાતપાતની તને ન ચીડ'એ ઉક્તિને સત્ય ઠેરવી હતી.

નારેશ્વરધામમાં પૂ.મુક્તાનંદબાબા પધારેલા હતા ત્યારે પૂજ્યશ્રીની આજ્ઞાથી ખાસ નારેશ્વર જઈ શાંતિનિકુંજના ઓટલા પર ભજનમિજલસસેવા આપવાનું તેમને ભાગ્ય પ્રાપ્ત થયું હતું.

આફ્રિકાથી મુંબઈ થઈને વલસાડ શ્રી બાકૃષ્ણભાઈ ત્રિપાઠીને ત્યાં પૂજ્યશ્રીએ મુકામ કર્યો ત્યારે ખાનસાહેબને સંભારી પૂજ્યશ્રીએ તેડ્યા. તા.૨૭-૨-૬૮ના રોજ ધરમપુર ખાનસાહેબને ત્યાં પૂજ્યશ્રીએ પધરામણી



કરેલી. પૂ.બાપજીને મન ખાનસાહેબ બ્રાહ્મણ જ હતા. તેથી મને સૂચના આપેલી કે બ્રાહ્મણ સમજીને જ પૂજા કરાવજે.

હૃદયમાંની છબી શબ્દોમાં આલેખે છે ખાનસાહેબ દોસ્તમોહમ્મદ આમ :

અબજોકી યે દુનિયા મેં, એક હી રંગ હૈ ન્યારા;
દુનિયાકે યે અનેક રંગમેં, એક હી રંગ હૈ પ્યારા ! ધ્રુવ
એક રંગસે અનેક રંગ બનાકર, અજબ યે ખેલપસારા;
સબ રંગોમેં હિલમિલ કર ભી રહે રંગ વો ન્યારા ! ૧
પ્રીત મેં રંગ, રીત મેં રંગ, રંગ હી રંગ હૈ સારા;
હર રંગમેં રંગ હી રંગ હૈ, રંગ પિયારા, રંગ દુલારા ! ૨
રામ કહો, રહેમાન કહો, એક હી રંગ હૈ સારા;
યે રંગ કો જો પહચાને, વો હી રંગ દુલારા ! ૩
પતિત કો રંગ લગા કર રંગ ! રંગમેં રંગ દિયા સારા;
રંગ દિયા અબ તૂ હી જાને, તૂ હી એક સહારા ! ૪
રંગ-રંગમેં મસ્ત રહું મૈં, રંગ ના તૂટે સહારા;
રંગ-સહારા તૂટ ગયા તો, દુનિયા કહેગી બિચારા ! ૫

**શ્રી ધીરજલાલ મ. વૈદ્ય વિલેપાર્લે-મુંબઈ**

પૂજ્ય બાપજીનાં પ્રથમ દર્શન ૩ જૂન ૧૯૫૬ના રોજ વલસાડમાં કર્યાં. શ્રી રામચંદ્ર જોશી, મારા મામાશ્રીના સૂચનથી આ દર્શનપ્રસંગ બન્યો. રસ્તામાં ફૂલ-નાળિયેર વગેરે લેતાં મનમાં ભેદભાવની રેખા સંકળાયેલી ! મારે તો સદ્‌ગુરુ કાનનગઢનિવાસી પૂ. રામદાસ છે, તો શા માટે અવધૂતનાં દર્શને જવું ? એ ભેદભાવનો પડદો ભગવાનની પાદુકા આગળ ફૂલ-નાળિયેર મૂકી વંદન કરતાં ચિરાઈ ગયો !

વંદન કરી બાપજીની બેઠકે એમને નિહાળવા જાઉં છું તો તેઓને હું ન જોઈ શક્યો ! કેવળ પ્રકાશ દેખાયો અને પ્રકાશના વર્તુળમાં રામદાસ સ્વામીનાં દર્શન થયાં ! વિસ્મય અને ભયની લાગણીથી હું ભક્તસમૂહમાં બેઠો. અંદરથી ભેદભાવ માટે પશ્ચાતાપ કર્યો. પૂજ્ય બાપજી અને સદ્‌ગુરુ એક જ છે, એ ભાવનાએ મૂર્ત સ્વરૂપ લીધું, તે પછી જ હું બાપજીને જોઈ શક્યો ! ખરેખર ભગવાનની લીલા અગમ્ય છે.

૧૮-૨-૫૭માં ગણદેવીમાં પૂજ્યશ્રીનો દર્શનલાભ મળ્યો. વેંગણિયા



નદીને કિનારે તૈયાર કરેલી ઝૂંપડીમાં ખૂણામાં ઊભો ઊભો હું નામજપ કરતો હતો. પૂજ્યશ્રીની મૂર્તિ નિહાળી રહ્યો હતો. ગૉગલ્સ પહેરેલાં એટલે પૂજ્યશ્રીની દૃષ્ટિ હું જોઈ શકતો નહોતો; હૃદયમાં વસવસો આ વાતનો હતો, ત્યાં તો અંતર્યામી બાપજીએ ગૉગલ્સ કાઢ્યાં ને ભગવાન બુદ્ધ સમી કરુણાદૃષ્ટિ મારા પર ઢાળી !

આ દરમિયાન કોક ભક્તે પ્રશ્ન પૂછેલો : મનની સ્થિરતા રહે નહીં, માર્ગ સૂઝે નહિ તો શું કરવું ?, પૂજ્યશ્રીએ કહેલું : ''અનન્ય શરણાગતિ સ્વીકારો, મારો પગ પકડો, મારે ચરણે શિર ઢાળો, મારામાં મન લગાડો, પછી જવાબદારી મારી છે. એમ વિચારી 'સર્વ ધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ'ની ગીતાવાણી હૃદયમાં દૃઢ કરી, 'જ્ઞાનેશ્વરી' અને 'શ્રીગુરુલીલામૃત', 'દત્તબાવની' બોલવાવાંચવા અને સમજવા મથો.'' X ''નામસ્મરણ ચાલુ રાખો, સ્મરણ તમારા સ્વરૂપનું ભાન કરાવશે.''

૧-૪-૫૭ના રોજ મુંબઈથી સીધા નારેશ્વર સહકુટુંબ દર્શનલાભ લીધો. મુંબઈ બાપજી પધારે ત્યારે દર્શનની તક લેતાં.

'૬૮માં ગણદેવીમાં પાદુકાપૂજન થયું ત્યારે ત્રણ દિવસ એમના સાન્નિધ્યનો અનેરો આનંદ લૂંટ્યો હતો.

શ્રી અવધૂતજી યોગેશ્વર હતા. તેઓશ્રીની અગાધતા પામર જીવો શી રીતે પામી શકીએ ?! કવિ નાનાલાલના શબ્દોમાં મારો હૃદયભાવ વ્યક્ત કરું :

*'શું શું સંભારું ને, શી શી પૂજું પુણ્યવિભૂતિઓ*
*પુણ્યાત્માનાં ઊંડાણો તો, આભ જેવાં અગાધ છે.''*

**શ્રી નરહરિદાદા** રંગમંદિર, નારેશ્વર/સરખેજ

સરખેજના રતનલાલ મહાત્માના ભાઈ ચુનીલાલ અને પાર્વતીબેનને ત્યાં પૂ. શ્રી પધાર્યા હતા ત્યાં પ્રસાદ લેવા અમે ગયાં હતાં સાથે જગન્નાથભાઈ અને રામપ્રસાદ હતા.

પ્રથમ દર્શન ચુનીલાલના ખેતરમાં કર્યાં. આશરે ૧૯૩૩માં થયાં. શ્રી રતનલાલ મહાત્માની પ્રેરણાથી દર્શન થયાં.

''દૃષ્ટિ લક્ષ્યે સ્થિર કેવી પદ્મે અલિપંક્તિ જેવી''નો અનુભવ થયો. પ્રથમ દર્શને એમના તરફ આકર્ષાયા અને એમણે અમને આકર્ષ્યા. અમારી કુટુંબપરંપરામાં શિવભક્તિ ચાલી આવી છે એટલે પૂજ્યશ્રીમાં



અમને શિવનાં દર્શન થયાં. ભગવાન શિવના ગુણો બાપજીમાં જોવા મળ્યા.

સને ૧૯૩૫માં મને નારેશ્વરમાં  દર્શન થયાં. ફક્ત પૂજ્ય બાપજીની કુટિર અને મહાદેવનું સ્થાન હતાં. ઑફિસવાળી ધર્મશાળાનું બાંધકામ ચાલુ હતું. નારેશ્વર લગભગ દર વર્ષે જવાનું થતું અને છેલ્લાં ૪૦ વર્ષથી સ્થિર નિવાસ કર્યો છે.

દત્તજયંતીના ઉત્સવોમાં દર વર્ષે જવાનું થતું જેમાં ઉત્સાહથી ભગવાનની કુટિરના શણગારથી માંડીને સ્તોત્ર-ભજનો ગવડાવવાની સેવા પૂજ્યશ્રીની સૂચનાથી મળતી. દત્તજયંતીના પૂજન અંગેની બધી જ વ્યવસ્થા અમે–સરખેજનું મંડળ-કરતા. પૂજ્યશ્રીની દત્ત- ભગવાનની પૂજા, ધૂપ વગેરે અમે પ્રત્યક્ષ જોયેલું. સરખેજના રેવાશંકર મહંત પોતાની મોટરમાં અમને નારેશ્વર લાવતા. મહંત નામ પણ તેમને બાપજીએ જ આપેલું. દત્ત-પ્રણતિઃ, દત્ત ભજનમ્ પૂજ્યશ્રી જાતે બોલાવતા અને અધવચથી મને બોલાવવાનું સોંપી દેતા. મારા બુલંદ કંઠ અને કર્મનિષ્ઠાથી બાપજી મારા ઉપર પ્રસન્ન હતા.

સઈજમાં દત્તબાવનીની રચના થઈ તે પ્રસંગે હું હાજર હતો. સઈજમાં સતી અનસૂયાનું કીર્તન કરવાની આજ્ઞા કરી અને પૂજ્યશ્રીની કૃપાથી તે પ્રથમ કીર્તન સરસ થયું. પૂજ્યશ્રીએ મને હ. ભ. પ. (હરિભક્તિપરાયણ)નો ખિતાબ આપ્યા પછી બીજી વાર ધુવારણમાં બાપજીની હાજરીમાં કીર્તન કર્યું. ત્યાર પછી નારેશ્વરમાં પણ બાપજીની હાજરીમાં કીર્તન કર્યાં અને ત્યારે શ્રી જયંતીભાઈ આચાર્યની હાજરીમાં બહુમાન કર્યું. પૂજ્યશ્રી અંતર્યામી હતા. તે પોતે જાણીને આપણને માગદર્શન આપતા.

પૂજ્યશ્રી પોતે ભગવાન હતા, સર્વજ્ઞ હતા એ વાતની પ્રતીતિ અનેકવાર થઈ છે. સરખેજમાં પૂજ્યશ્રી હતા ત્યારે મને શંકા થયેલી કે બાપજી ભગવાન છે પણ આપણા જેવા જ સામાન્ય દેખાય છે. મારી આશંકા નિર્મૂળ કરવા મને ગરુડેશ્વરથી ઝરિયાવાડી, વઝીરિયા, રામપુરા, ભીલોડિયા થુવાવી વગેરે મુકામોમાં એક મહિના સુધી સાથે રાખ્યો અને ભીલોડિયામાં બાજી ભગતને ત્યાં ભરઉનાળે વરસાદ વરસાવ્યો તેનો હું સાક્ષી છું અને ત્યારે મને બાપજી સર્વશક્તિશાળી સ્વયં ભગવાન છે એ વાતની પ્રતીતિ થયેલ.

પૂ. બાપજી કણભા રંગ જયંતીના ઉત્સવમાં અમદાવાદથી જવાના



હતા ત્યાં માંડવીની પોળમાં બાપજીનાં દર્શને ચુનીલાલને ત્યાં અમે ગયેલા અને તે સમયે જમાલપુરમાં કોમી હુલ્લડ ફાટી નીકળ્યું. તે વખતે બાપજીએ મને કહ્યું કે તમે ઘેર જાઓ. મારી માફક ચાર-પાંચ કુટુંબો ત્યાં ઘેરાઈ ગયેલાં. હું તો "आज्ञा गुरुणां हि अविचारणीया" એ ન્યાયે તરત કુટુંબ સાથે ઘેર જવા નીકળ્યો, અને ત્યાં જમાલપુરનો વિસ્તાર કે જે ખરેખર ભયજનક હતો ત્યાંથી અમે પસાર થવા લાગ્યા, અમારી નજર સામે મારામારી અને કાપાકાપી ચાલી રહેલી અમે જોઈ, પણ બાપજીની હૂંફથી અમે તો 'ગુરુદેવદત્ત' કરીને ઝડપથી તે વિસ્તારમાંથી હેમખેમ પસાર થઈ ગયા અને આવી રીતે પૂજ્યશ્રીએ અમને અભય આપી રક્ષણ કર્યું અને "શ્રી દત્ત દત્ત ભયહારક દત્ત દત્ત"નું બિરુદ સાર્થક કર્યું.

અમદાવાદમાં સરસપુર વિસ્તારમાં નિકોલી નાકા પર મ્યુનિસિપાલિટીના ટોલનાકા ઉપર મારી ફરજ હતી. તે સમયે કાલુપુર સ્ટેશન સામે, કરસનદાસની ધર્મશાળામાં પૂજ્યશ્રીનો મુકામ હતો. ત્યાં ગુરુલીલામૃતનાં પ્રૂફ તપાસવા માટે બાપજીને પહોંચાડવાનું કામ મને સોંપેલું. એક દિવસ મારી રાતની ડ્યૂટી હતી અને રાત્રે દસ વાગે હું પ્રૂફ લઈને બાપજી પાસે પહોંચી ગયો. બરાબર તે જ સમયે મારા નાકા ઉપર ચેકિંગ આવ્યું અને હું તો દસથી બાર બાપજી પાસે હતો. પણ જતાં વારમાં જ બાપજીએ કહ્યું અત્યારે શા માટે આવ્યો ? કારણ કે નાકાની નોકરી જવાબદારીવાળી હતી અને ત્યાં ગેરહાજરી તરત માલૂમ પડી જાય તેમ હતી. બીજે દિવસે સવારે જે ઈન્સ્પેક્ટર રાત્રે ચેકિંગમાં આવેલા તે મને મળ્યા અને કહ્યું કે અમે ગઈ રાત્રે તમારું કામ જોયું. તમારું બહુ વ્યવસ્થિત કામ છે એવો અભિપ્રાય આપ્યો ત્યારે મને પ્રતીતિ થઈ કે હું રાત્રે જ્યારે બાપજી પાસે ગયો ત્યારે મારી ગેરહાજરીમાં બાપજીએ મારી લાજ રાખી.


સને ૧૯૫૨માં પૂજ્યશ્રી ખંભાતમાં લગભગ એક માસ અજ્ઞાતવાસમાં રહેલા તે વખતે બાપજીને આંખના (Retina) પડદાની તકલીફ હતી. અમે બંને પતિપત્ની તે વખતે બાપજીની સેવામાં હતાં. આંખની તકલીફના ઉપાયરૂપે કોઈકે દરિયા કિનારે થતી, મોરસની ખારી ભાજીના રસમાં ભાખરીનો લોટ બાંધીને તેની ભાખરી બનાવી દરરોજ ખાવાનું જણાવેલું. આથી અમો તે બનાવી બાપજીને આપતા. જે પ્રયોગથી બાપજીને રાહત થઈ હતી. ભાખરી બિસ્કિટ જેવી થતી



હતી તેથી બાપજીએ તેનું ''આઈ બિસ્કિટ'' નામ આપેલું અને મારી કસોટી-પરીક્ષા કરવા બાપજીએ મને કહ્યું કે નરહરી ! આ ''આઈ બિસ્કિટ''ની તું પેપરમાં જાહેરાત આપ કે ''એક સંત ઉપર કરેલો પ્રયોગ'' અને પછી જો કે પૈસા જ પૈસા તને મળશે. જાહેરાતમાં હું મારી સહી આપીશ. પણ મેં કહ્યું કે બાપજી મારે મારી સેવાનો કંઈ બદલો લેવાનો છે ? મારે પૈસા જોઈતા નથી. મારે તો આપની પ્રસન્નતા એ જ પૈસા છે. આમ મારી વૃત્તિની પરીક્ષા કરી અને બહુ ખુશ થયા.

રામપુરામાં પ્રવાસ દરમ્યાન મેં બાપજી પાસે ગુરુમંત્રની યાચના કરી ત્યારે બાપજીએ પોતે મારે માટે એક નવા જ ''ત્રયોદસાક્ષરી મંત્ર''ની રચના કરી મને લખી આપ્યો અને તેનું વિધાન મને લખાવ્યું. એનું ધ્યાન પણ બાપજીએ રચેલા શ્લોક, ''કાષાય વાસ સમજં''નું આપ્યું. એ મંત્રના જપ અનુષ્ઠાનના મને ઘણા પરચાઓ મળ્યા છે અને હજી તે મંત્ર મારા નિત્ય પાઠમાં છે.

સને ૧૯૫૨માં અમે પૂજ્યશ્રી પાસે નારેશ્વર પાદુકા લેવા આવ્યા અને બાપજીએ સ્વપ્નમાં મને કહ્યું કે પાદુકા પદયાત્રાથી જ લઈ જવી પડશે અને મેં જગન્નાથભાઈને વાત કરી. તેમણે કહ્યું કે આપણે બે જણ પગે ચાલીને લઈ આવીશું. આમ દૃઢનિશ્ચય કર્યો અને મંડળમાં વાત કરતાં ૧૭ જણ તૈયાર થયા અને અમે નારેશ્વર આવ્યા. રાત્રે મુ. મોદીકાકા, પ્રો. વાણી, શ્રી મણિભાઈ ત્રિપાઠી વગેરેએ વાત જાણી. તેમણે મારી ચકાસણી કરતાં કહ્યું કે પાદુકા લઈ જવી એ કંઈ સહેલું નથી. ઘણો ખર્ચ થશે, ત્યારે મેં કહ્યું કે મારું ઘર ગીરે મૂકીને હું ખર્ચ કરીશ પણ પાદુકા તો લઈ જ જઈશ અને બાપજી મારી ભાવના જોઈને પાદુકા આપવા તૈયાર થયા. અમે જ્યારે બાપજી પાસે પાદુકા લેવા ગયા ત્યારે બાપજી બોલ્યા કે ''નરહરિ ! પાદુકા હું તને આપું છું.'' આ વાક્ય બે વાર બોલ્યા ત્યારે મેં કહ્યું કે 'આ મંડળ જે આવ્યું છે તેને આપ પાદુકા આપો' ત્યારે ફરીથી બોલ્યા કે 'હું પાદુકા તને આપું છું. આ મારું આત્મલિંગ તને આપું છું' એમ કહીને આપી અને અમે વાજતેગાજતે લઈ ચાલ્યા. માર્ગમાં જ્યાં જ્યાં ગયા ત્યાં ઠેર ઠેર પાદુકાજીનું ભવ્ય સ્વાગત થયું અને તે પાદુકાજી હાલ સરખેજમાં બિરાજે છે, જેની પૂજાવિધિ વગેરે સર્વ વ્યવસ્થા સરખેજનું મંડળ કરે છે. દર માસે એક એક કુટુંબના વારા પ્રમાણે અવિચ્છિન્ન બાપજીના આદર્શો પ્રમાણેનો વ્યવહાર ચાલે છે. જેમાં બધી વ્યવસ્થાનું આયોજન



કરવાનો લાભ પૂ.શ્રી.ની કૃપાથી મને મળ્યો છે.

પાદુકા સ્થાપના પછી ફરીથી હું જ્યારે નારેશ્વર આવ્યો ત્યારે મને બાપજીએ જે પોતે સૂવા માટે ઊનનું આસન પાથરતા હતા તે, વલ્કલ અને બેસવાનું આસન, ચશ્મા આપ્યાં. પૂ. માજીએ મને ચાંદીની દીવી અને આરતી આપ્યાં.

પૂજ્ય બાપજીએ મને નીચે જણાવેલાં ભજનો ગાઈને બતાવ્યાં છે અને મારી પાસે ગવડાવ્યાં છે :

(૧) રે મન મસ્ત સદા દિલ રહના ! (રાગ-કેદાર)

(૨) મોહે દત્ત દરસકી આશ કોઈ મીલાવો રે !

(૩) ભઈ મતવાલી પિયા કે દીદાર પાયે.

**શ્રી નરહરિભાઈ પુરુષોત્તમ પાઠક** વરણામા / વડોદરા

વડોદરા તાલુકાના વરણામા ગામે પૂ. બાપજીના પ્રથમ આગમન પ્રસંગે મુ. મગનભાઈ માસ્તર અને મુ. જયંતીલાલ આચાર્ય દ્વારા સમૂહ પારાયણઆયોજન નિમિત્તે ઉપસ્થિત પૂ. અવધૂતજી વિશે આ બંને રંગભક્તો દ્વારા પ્રથમ સાંભળ્યું - ''નારેશ્વરની વેરાન ભૂમિને તપોભૂમિ બનાવનાર પૂ. રંગ અવધૂતજીનાં દર્શન એ ગામનાં અહોભાગ્ય છે.''

પ્રથમ દર્શન વરણામામાં જ્યાં ટેકરી ઉપર પૂ. બાપજીનો ઉતારો હતો ત્યાં શ્રી મગનભાઈ માસ્તર અને શ્રી જયંતીલાલ આચાર્યની પ્રેરણાથી કર્યાં.

સૌ પ્રથમ દર્શન કરતાં જ આત્મશાંતિની અનુભૂતિ થઈ, હૃદય આનંદથી ઊછળી ઊઠ્યું. સાત્વિક ચેતનાથી શરીર આખું જાણે રોમાંચ અનુભવવા લાગ્યું ! જન્મ સાર્થક કરાવે એવો સદ્ગુરુ અને કોઈ અવતારી પુરુષનું સાંનિધ્ય આપણને મળી ગયું છે, એવો ભાવ રોમેરોમમાં વ્યાપી ગયો. અને દર્શનની એ પળ પછી ક્યારેય કોઈની સરખામણી મન-બુદ્ધિએ કરી નથી. મસ્તક મૂક્યું પછી આજદિન સુધી પૂ. બાપજીને સમર્પિત રહ્યાં છીએ. હા, પણ એક વાત સ્પષ્ટ કરી લઉં, બ્રાહ્મણ હોવાને નાતે હું પ્રથમ સાંસારિક વિટંબણાઓ આવતાં સોમવાર કરતો, મહાદેવના વ્રતાદિ કરી દર્શન કરતો, ટેક રાખતો પણ જ્યારથી પૂ. બાપજીના શરણે ગયો ત્યારથી ગુરુસ્મરણથી જ વિટંબણાઓ ઉકેલાતી મેં જોઈ છે અને ત્યારથી ગુરુ અને પ્રભુ વચ્ચેનો ભેદ જ દેખાયો નથી. ટૂંકમાં મને શ્રદ્ધા લાગી અવધૂતમાં, સ્થિર થઈ અવધૂતમાં



અને હવે અવધૂત જ પરબ્રહ્મ પરમેશ્વર છે, એવી અતૂટ આસ્થામાં આજે જીવી રહ્યો છું.

મારાં એક બહેન વિશે પૂ. બાપજીને એક નાનકડો પ્રશ્ન પૂછ્યો અને પૂ. બાપજીએ નારેશ્વર આવવા કહ્યું. પૂ. બાપજીની વરણામાંથી વિદાય બાદ તુર્ત જ પારાયણ નીતિનિયમ સહ શરૂ કર્યું અને પારાયણની સમાપ્તિ બાદ તુર્ત જ નારેશ્વર જવા પ્રયાણ કર્યું અને ત્યારે જ નારેશ્વરમાં પૂ. અવધૂતનાં દર્શનનો પ્રથમ લાભ મળ્યો.

નારેશ્વરસ્થાનની વાત કરું તો તપશ્ચર્યાની દિવ્ય શક્તિથી મહેકતું એક નાનકડું સામ્રાજ્ય સમું નારેશ્વર આનંદધામ સમું લાગ્યું. અર્ધ વિકસિત, વેરાન જંગલોના અવશેષ સમું, પરંતુ કુદરતી સૌંદર્યથી ભર્યા ભર્યા રેવાતટ કાંઠાના ભાઠાનો આ પ્રદેશ જાણે દેવભૂમિ સમો દેખાયો અને મનમાં થયું, માટે જ તો બાપજીએ આ જગ્યા પસંદ કરી હશે. આ નર્મદાકાંઠાના શીતલ મંદ પવનોએ, પૂ. બાપજીના સાંનિધ્યે અને દત્તનામસ્મરણથી ગાજતા નારેશ્વરને જોઈ વૈકુંઠ ધામની અનુભૂતિ થઈ અને ત્યારથી નારેશ્વર સાથે ઘરોબો બંધાઈ ગયો. પૂ. માજીની સેવામાં એક બ્રાહ્મણ કુટુંબની જરૂર ઊભી થઈ અને અમે તૈયાર થઈ ગયાં અને સને ૧૯૫૧થી પૂ. માજી જીવિત હતાં ત્યાં સુધી પ્રારંભે ચાર ચાર મહિના અને છેલ્લે છેલ્લે ઓછામાં ઓછા એક વર્ષ સુધી નારેશ્વર સ્થાનમાં જ પૂ. બાપજી અને પૂ. માજીના સાંનિધ્યમાં રહેવાનો અદ્ભુત લાભ મળ્યો. જવા-આવવાની વાત તો બાજુએ પણ નારેશ્વર જ અમારું એક ઘર થઈ ગયું. સ્થાનમાં એક નાનકડી રૂમ અમારો આવાસ થઈ ગયો. ત્યાંના અનેક ઉત્સવોના અમો સહભાગી છીએ. ઉત્સવો દરમ્યાન પૂ. બાપજી સાથે નર્મદા મૈયાનાં પાણી લેવા અનેકવાર અમે ગયાં છીએ. હજારો ભક્તો સાથે ભજનો, ધૂન, સ્તોત્રોનાં ગાન અમે કર્યાં છે. પૂજન-અર્ચનથી એક દિવ્ય શક્તિ સાંનિધ્યે, દિવ્ય ભક્તિનો આનંદ અમે લૂંટ્યો છે. શિસ્ત-સંયમ ભક્તિના પાઠો પૂ. બાપજીના સ્વમુખે અમે અનેક વાર સાંભળ્યા છે. રંગ જયંતી - દત્ત જયંતી ઊજવણીના પ્રસંગો અમે પૂ. બાપજીની ઉપસ્થિતિમાં માણ્યાં છે. વિશાળ ભક્તોની ઉપસ્થિતિમાં સ્થાનના સિદ્ધાંતોને વાચા મળે તેમ શિસ્તબદ્ધ વ્યવસ્થામાં અમો સહભાગી બન્યાં છે. એ દુર્લભ આનંદની સ્મૃતિથી ખરેખર આજે પણ આંખ ભીની થઈ જાય છે.

પૂ. બાપજી સાથેનો પ્રથમ સંપર્ક પ્રથમવાર વરણામા આવ્યા



ત્યારથી થયો અને ત્યાર બાદ એ સંપર્ક એવો તો વિકસ્યો કે નારેશ્વરમાં પૂ.માજીની સેવામાં માજીની વિદાય સુધી મહિનાઓના મહિનાઓ અમે રહ્યાં અને ત્યારથી એક સંતાન તરીકે પૂ. બાપજી અમોને સાચવી રહ્યા છે. નારેશ્વરમાં પ્રસાદ વહેંચવો, સ્થાનમાં આજ સુધી નિયમ મુજબ કાર્યરત રહેવું. પૂ. બાપજીના સ્નાન માટે સવારે નર્મદાથી ઘડો જળ ભરી લાવવું, સોંપેલ ફરજ અદા કરવી એ રીતે રહ્યા તે ઉલ્લેખનીય છે. જીવન પણ એક વહેણ છે અને તેમાં ઉતાર-ચઢાવ પણ આવે, પણ ઉતારના સમયે પણ અવધૂતે અમને સાચવ્યા હોય એવા અનેક પ્રત્યક્ષ દાખલા છે.

પૂ. બાપજી કહેતા, 'એકવાર આ લીમડાના વૃક્ષની છાંય જેણે લીધી છે એનું ઉત્થાન ન થાય તો કંઈ નહીં પતન તો ન જ થાય.' પતનમાં પણ પૂ. બાપજીએ ઉત્થાનનાં દ્વાર ખોલ્યાં છે. અમોને પૂ. બાપજી કહેતા, એક વાર તમો સંપૂર્ણપણે અહીં આવી જાવ, પછી તમારી સંપૂર્ણ જવાબદારી મારી છે અને વિટંબણાવેળાએ પણ એ એમણે સાર્થક કર્યું છે. અમો પૂ. બાપજીનું મંદિર જ્યાં છે એ વાંકળમાં ૨૨ વર્ષ રહ્યાં છીએ. આખું ગામ રંગ અનુરાગી બની આજેય અવધૂતનો જયકાર કરે છે. એના નામની ટેક રાખે અને હજારો ભક્તોની ભીડ ભાંગી છે અને એટલે જ ભક્તવત્સલ તરીકે અવધૂત આજે લાખો ભક્તોના હૃદય પર આરૂઢ થયેલા છે. નાનામોટા અનેક પ્રશ્નોનાં નિરાકરણ અવધૂતે જીવનમાં આપ્યાં છે.

પૂ. બાપજીની વિચારધારામાં ૧૯૫૧થી નારેશ્વરમાં સ્થિત થઈ રહ્યા, જીવ્યા પછી એમના સાંનિધ્યે ઘડેલા નિયમોમાં જ જીવન વ્યતીત થયું છે. છતાં નાના પ્રશ્નો હોય જેમ કે મારો ભાણો શ્યામ નાનપણમાં ખૂબ ડરતો. એક રૂમમાંથી બીજી રૂમમાં જતાં ડર લાગે, એકવાર બાપજીને કહ્યું, બાપજી શ્યામ ખૂબ ડરે છે. બીએ છે, પૂ. બાપજીએ કહ્યું, માસ્તર શ્યામને ગુફામાં લઈ જાવ અને માસ્તર શ્યામને ગુફામાં લઈ ગયા. ગુફાના પ્રવેશ દ્વારે વ્યાઘ્રચર્મ જોઈ, શ્યામ પાછો ફર્યો અને ત્યારે બાપજીએ કહ્યું બીક લાગે ત્યારે મને યાદ કરજે, હું અહીંથી મારો વાઘ મોકલીશ એટલે તારી બીક ભાગી જશે અને ખરેખર ત્યારથી બીક ગઈ.

મારા જમાઈ માટે એસ.એસ.સી. પછી ભણવું કે નોકરી કરવી એની પૂજ્ય બાપજીને વાત કરી, પૂ. બાપજીએ જમાઈને પૂછ્યું



આજીવિકા માટે નોકરી જરૂરી છે કે બીજું કાંઈ છે ? ત્યારે કહ્યું : 'નોકરી કરવાની તો છે જ'. તો પછી બાપજીએ કહ્યું : 'નોકરી સ્વીકારી લો, કાયમી થઈ જશો. અને ભણશો એનાથી પણ નોકરીમાં આગળ જશો, હવે એવો સમય આવશે, ભણેલા હોટલ ખોલશે'.

આધ્યાત્મિક સંબંધની વાત કરું તો એક વાર પૂ. બાપજી એકલા બેઠા હતા અને એમની સાથે હું. એકદમ પૂ. બાપજી બોલ્યા, નરહરિભાઈ, તમે ચણા ખાઈને, લક્ષ્મીનારાયણના પાઠ કરો. રોજ-૧ અને શુક્રવારે-૨ અને કહ્યું, જો મારી પાસે હોય તો હું પાઠ આપું. પછી કહ્યું, તમે જ મેળવી લેજોને અને હું ગયો, બીજે દિવસે પાઠ લઈ પરત ફર્યો અને પૂ. બાપજીને કહ્યું, બાપજી આ તો પૈસા માટે છે અને મારે તો પૈસાની જરૂર નથી. બધું છે અને પૂ. બાપજી ખડખડાટ હસવા લાગ્યા અને સાચું કહું તો પાનખરની એવી ઋતુ જીવનમાં આવી કે પૂ. બાપજીએ જો આ અમોઘશસ્ત્ર ન બતાવ્યું હોત તો ભૂખે મરવાનો વારો આવત.

અમે મહદ્અંશે પૂ. બાપજી સાથે જરૂરિયાત ઊભી થાય એટલે નારેશ્વરમાં જ મૂંઝવણનો ઉકેલ મેળવી લઈએ. અમારાં કદમ કદમ પૂ. અવધૂતનાં માર્ગદર્શનને આધારે જ મંડાતાં રહ્યાં.

પૂ. બાપજી અજર અમર સર્વજ્ઞ છે. એ આજે પ્રત્યક્ષ દોરવણી આપી રહ્યા છે કારણ એ સ્વયં બ્રહ્મ છે અને દત્તનો અવતાર છે.

અને આ વાસ્તવિકતાનાં અનેક પ્રમાણ જીવનમાં મળ્યાં છે. અજર અમર અને સર્વજ્ઞ છે, એનો એક જ દાખલો પ્રતીતિજનક લેખાશે. જીવન ઉતરાવમાં અમો ગાયપગલાં દત્ત મંદિરે રહેવા લાગ્યાં. પૂ. બાપજીએ કહેલું, તમારી જવાબદારી મારી છે, એ વિશ્વાસ જીવનશ્વાસ બની ગયા હતા, પણ પૈસાનો પ્રશ્ન અને પૈસા વગરનો વહેવાર જ ક્યાં ? હતાશામાં ગાયપગલામાં પારાયણ શરૂ કર્યું. રાત્રે સ્વપ્નમાં મંદિરથી દૂર શિવાલયમાં ભવ્ય લાઈટોથી શિવાલય ઝગમગે. મંદિરના પૂજારીને કહ્યું, કોઈ મહાદેવમાં છે, ચાલો જોઈએ, પૂજારીએ કહ્યું, સૂઈ જાવ. આ તો જંગલ છે, જોવા જવાય નહીં, પણ મને થયું, આ સ્થાનનું અન્ન ખાઈએ છીએ અને કોઈ હોય તો આપણે જવું જોઈએ, જોવું જોઈએ અને હું ઊઠ્યો અને આગળ વધ્યો, જ્યાં આગળ જાઉં છું ત્યાં વેદોના સુમધુર કંઠે મંત્રો સંભળાવા લાગ્યા, એક આનંદ વરતાવા લાગ્યો. થોડોક વધુ આગળ ગયો તો જોયું નિધિપતિ



ગણપતિ શિવ ઉપાસના કરતા હતા, ગભરાયો અને થોડોક આગળ ગયો, ગણપતિજી ઊઠ્યા અને પાછળ ફર્યા અને મેં પૂર્ણ સ્વરૂપના ગણપતિચરણે મસ્તક ઢાળી દીધું. અને પછી ગણપતિજી અલોપ થઈ ગયા અને આંખ ઊઘડી ગઈ. પૂ. બાપજીના ગણેશ-આરાધના કરવાના આદેશને હું પામી ગયો અને અથર્વ શીર્ષના પાઠ શરૂ કર્યા. ૨૧૦૦૦ પાઠ ગાયપગલામાં પૂર્ણ કર્યા અને ત્યાંથી અમો વાંકળ સ્થિત થયા અને પૈસાનો એવો ધોધ વહ્યો કે તમામ વ્યવહારો પૂર્ણ કર્યા, પછી પણ આજીવિકા માટે જીવન પૂર્ણ થાય ત્યાં સુધી પૈસા જ પૈસા. આ શું અજર અમર અને સર્વજ્ઞ અવધૂતનું ઓછું પ્રમાણ છે ?

વાંકળમાં પણ નારેશ્વર ઊભું થયું. નારેશ્વરની શિસ્ત અને નારેશ્વરના નિત્યક્રમને વાંકળ રંગમંદિરમાં અપનાવ્યો. આજે આખું વાંકળ રંગના રંગે રંગાઈ ચૂક્યું છે. વાંકળના માધ્યમ દ્વારા પૂ. બાપજીએ અમને સાચવ્યા, આજે વડોદરામાં અવિરત પારાયણો અને દત્તરુદ્રીઓ સાથે ૬ થી ૮ કલાકના સ્મરણ સાથે જીવન વ્યતીત કરી રહ્યા છે.

વરણામા મુકામે પૂ. બાપજી આવ્યા ત્યારે સંધિવાથી શરીર પીડાતું હતું. બેસી શકાય નહીં, સતત દુઃખાવો રહે. દુઃખાવાના કારણે મન ભમ્યા કરે, પૂ.શ્રીનાં દર્શને ગયો. એ પરિસ્થિતિમાં શ્રી ગુરુલીલામૃત ગ્રંથ મેળવ્યો, એની પ્રસ્તાવના વાંચી, જેની મારા મન પર ઘેરી અસર પડી અને મનોમન પારાયણ કરવાનું નક્કી કર્યું. પારાયણના પ્રથમ દિવસે જ વર્ષોનો સંધિવાનો દુખાવો બંધ થઈ ગયો. આજે ૮૩ વર્ષ પૂરાં થયાં. આજ દિન સુધી સંધિવાએ ફરી શરીરને પકડ્યું નથી. પારાયણનો જ આ અલૌકિક પ્રતાપ. પારાયણ પૂરું થયું. શ્રદ્ધા બેવડાઈ ગઈ. ‘‘વાહ ! અવધૂત દિવ્યતા તારી બધે દેખાય છે. નખશિખ જીવનમાં મને તારી લીલા દેખાય છે.’’

પૂજ્યશ્રીની અંગત સેવા પૂ. બાપજી નારેશ્વર સ્થિત હોય ત્યારે બજાવી છે. સ્નાન માટે પૂ. શ્રી માટે નિયમિત સવારે નર્મદા જળ લઈ આવવું. સ્થાનમાં સેવા આપવી, પ્રસાદ-વિતરણ કરવું. બાકી બાપજી પ્રવાસમાં હોય ત્યારે તો અમારે અચૂક નારેશ્વરમાં જ માજી પાસે જ રહેવાનું ગોઠવાયેલું હતું. એટલે પ્રવાસમાં સાથે નથી ગયો.

પૂજ્યશ્રીના આશીર્વાદથી જ જીવન ચલાવ્યું છે. એમના આદેશ પ્રમાણે જ જીવન જીવતા રહ્યાં છીએ. બાકી જીવનમાં એવાં કપરાં ચઢાણ આવ્યાં છે કે અમો ખરેખર છિન્નભિન્ન થઈ ગયા હોત. એમણે



જ તો અમારી જવાબદારી સ્વીકારી અને તે સાચે જ પૂર્ણ કરી છે. કોઈ ચોક્કસ પ્રતીક નથી મળ્યું પરંતુ આશિષથી જ જીવન ચાલ્યું છે.

અનેકવાર નારેશ્વરમાં પૂ.શ્રીને ભજનસ્તોત્ર ગાતાં સાંભળ્યા છે. પૂ. શ્રી સુમધુર કંઠે ગાતા હોય અને અમે ઝીલતા હોઈએ એવું અનેકવાર બન્યું છે. ખાસ 'શ્રી દત્તઃ પ્રણતિ' અને ''આવો આવો દયાળ સ્વામી દત્ત કૃપાળ - હેતે લઈએ, ઓવારણા'' અમોએ સાથે સાથે ઝીલી દત્ત-જયંતીના દિવસે ભાવપૂર્ણ ગાયું છે. પારણું ઝુલાવતાં પણ જોયા છે.

**ડૉ. નરહરિ વૈદ્ય** (રાજપીપળા) 'રેવાનો યોગી'માંથી ટૂંકાવીને

મારી ઉંમર ૩૫-૩૬ વર્ષની. એકાએક મને આંખની તકલીફ થઈ. રેટીનાનું ડીટેચમેન્ટ અને મોતિયો એમ ઉભયવિધ મુશ્કેલી આવી ! દૈવયોગે એ જ સમયમાં શ્રી પ્રાગજીભાઈ મિસ્ત્રીના બગીચે પૂ.શ્રીનો મુકામ થયો. પૂ.શ્રીનાં દર્શન પહેલાં શ્રી ભીમસિંહ ઠાકોરને ત્યાં કરેલાં, નારેશ્વર પણ ગયો હતો. આ સર્વ દર્શનોમાં એઓશ્રીની આંખ ખૂબ તેજસ્વી લાગી હતી.

પૂજ્યશ્રીને આંખની તકલીફ વિશે વાત કરતાં સહજભાવે તેઓશ્રીએ કહ્યુ : 'વાસુદેવનામ સુધા' તેમ જ 'આદિત્યહૃદય'નો પાઠ કરો. આંખના કેટલાક ઉપચારો પણ બતાવ્યા. હું ઝઘડિયા હતો ત્યારે મારે ત્યાં પધાર્યા હતા અને મને આંખના દર્દ માટે બે - ત્રણ દિવસ રહીને 'નેતી'ની ક્રિયા શીખવી. તેઓશ્રીની મારા પરની કરુણા અને મમતા યાદ કરું છુ ને પંક્તિ ઉચ્ચારાઈ જાય છે : 'કથે જ્ઞાન અરુ ક્રિયા શીખાવે, પકડ દસ્ત સલૂના'.

પૂજ્યશ્રીના કહેવાથી એક આંખનું ઓપરેશન કરાવ્યું, જે નિષ્ફળ ગયું, પણ પૂજ્યશ્રીની હૂંફથી બધું ભૂલી કામમાં વ્યસ્ત રહેતો. મુંબઈમાં બીજી આંખનું ઓપરેશન કરાવ્યું. ડૉ. ડગન જેવા વિખ્યાત ડૉક્ટર છતાં, પ્રથમ તો તે પણ સફળ ન રહ્યું ! મારાં પત્નીને સ્વપ્ન આવ્યું કે મને સારું છે; પૂજ્યશ્રીએ અભય વચન આપ્યું અને સાચે જ તે દિવસે મને દૂરનાં ઘરો ઉપર રહેલા રેડિયોના થાંભલા દેખાયા ! ડૉક્ટર ડગન તો ચકિત જ થઈ ગયા !

પૂજ્યશ્રીના સાન્નિધ્યનો લાભ મળ્યો એમાં ઘણું જ્ઞાન મળ્યું; મંત્ર, પાઠ, અનુષ્ઠાન આપનાર નિઃસ્વાર્થપણે તેમ કરે તો જ તે લેનારને ફળે છે, તે સંબંધી ગુરુબંધુ ગાંડા મહારાજ અને સ્વામી મહારાજશ્રીનો



પ્રસંગ સ્વમુખે સંભળાવ્યો હતો તે યાદ છે.

પૂજ્યશ્રીએ નેત્રોપનિષદનો પાઠ કરવાનું મને સૂચન કર્યું હતું. વેદ-ઉપનિષદના આધારે એક 'ચાક્ષુષ્મતિ વિદ્યા'નો પાઠ લખી તેના વિધાન સાથે મારા ઉપર પત્ર દ્વારા મોકલી અનહદ કૃપા કરી. આજે મારો નેત્રરોગ દૂર થયો છે.

એક પ્રસંગે હું સહકુટુંબ નારેશ્વર ગયો હતો. મારી દીકરી કિશોરીએ પૂછ્યું : બાપજી, અમો આપને કંઈક ધરાવીએ છીએ તે તમે તો ખાતા જ નથી; તેટલું ને તેટલું જ રહે છે !' પૂજ્યશ્રીએ તરત જ કહ્યું : 'તું મારે માટે રસરોટલી તૈયાર કરજે, મને ધરાવતાં પહેલાં તેનો તોલ કરજે, તું એકલી ધરાવવા આવજે. ધરાવ્યા પછી તોલ કરજે તો ખબર પડશે. ઘેર જઈ કિશોરીએ નાનાં ત્રાજવાં બનાવ્યાં, રસરોટલી તૈયાર કરી, જોખી જોઈ અને ધરાવવા ગઈ. આવીને જોખ્યું તો ખરેખર ઓછું થયું ! આ એક સત્ય ઘટના છે. અનેક અનુભવો છે, વિસ્તારભયે અહીં વિરમું છું.

**પૂ. નર્મદાનંદજી** (ઉછાલી) ('રંગને મેં જોયા જ્યારે જ્યારે')

સને ૧૯૫૭ની સાલ હતી, મે મહિનો હતો, તારીખ ૩૧ હતી, વાર ગુરુવાર હતો. પુણ્યસલિલા માતા નર્મદાજીને ખોળે શોભતા નારેશ્વર તીર્થે હું પહોંચ્યો. સમર્થ સદ્‌ગુરુ રંગ અવધૂતજીનાં દર્શન થતાં જ મારું શીશ એઓશ્રીના ચરણારવિંદમાં ઢળી પડ્યું. X X પ્રથમ દર્શને જ હું પ્રભાવિત તો થયો જ, પણ અનેક વરસોની જાણે ઓળખ અને આત્મીયતા હોય એવું જ મને લાગ્યું. એઓશ્રી સમક્ષ મારા અંતરના આગળા ઊઘડી ગયા. જ્યોતિષવિદ્યા સંબંધી પણ વાત થઈ : "ડાળ-પાંદડાં પકડવા મૂકીને મૂળને જ પકડો.... પરમાત્મા સાથે સંબંધ જોડવો.... ગુરુ મળ્યા પછી ગ્રહોનો સંબંધ છૂટી જાય છે...." વગેરે ગુરુશ્રીનાં વચનો સાંભળવા મળ્યાં. X X મને પૂછ્યું, "સમર્થ રામદાસની કુંડળી તેં જોઈ છે ? તું જોજે. એઓશ્રી સમર્થ શી રીતે થયા ? ગુરુ, તપ અને ઈશ્વરનો અનુગ્રહ બહુ કામ કરે છે."

X X X

સાધના-ઉપાસનાના પ્રથમ સોપાનરૂપે શ્રીગુરુએ મને 'શ્રીગુરુલીલામૃત' ગ્રંથના નિત્ય બે અધ્યાયનો સ્વાધ્યાય કરવાની આજ્ઞા કરી હતી.

X X X



જીવનનો માર્ગ મળતાં પહેલાં મારે ભારે મંથન, મૂંઝવણ, અકળામણ, ઘર્ષણ અને સંઘર્ષનો સમય વીતાવવો પડ્યો હતો. જ્યોતિષવિદ્યા તરફ વળ્યો હતો; મિત્રોની સોબતથી પરલોકવિદ્યા તરફ પણ ઢળ્યો હતો ! પ્રેતાત્મા મારફતે પ્રશ્નોના ઉત્તર મેળવવાની પણ મને લત લાગી હતી ! X X વલસાડ નગર નજીક અતુલ નામે કું.માં સદ્‌ગુરુ અવધૂતજીની પધરામણી. જાણ થતાં જ હું મુંબઈથી અતુલ કંપનીમાં આવ્યો. સંસ્થાની શાળામાં પૂજ્યશ્રીનાં દર્શન થયાં. અનુકૂળતા જોઈને મેં પ્રેતાત્મા તથા તે મારફતે મેળવાતા માર્ગદર્શનની વાત રજૂ કરી. ત્યારે બોલ્યા : ''આત્મજ્ઞાન વિનાની સર્વ વાતો નાહકના ફાંફા છે. પરમાત્માનું શરણું સ્વીકારી, યોગ્ય સાધના-ઉપાસના કર્યા વિના એમ શાંતિ-સમાધાન હાથ ન લાગે. સદ્‌ગ્રંથનો સ્વાધ્યાય, સત્સંગ, મનન અને સદાચાર-સંયમથી સાધકનું જીવન ઉન્નત બને, પ્રેતાત્માના શરણે જવાથી કાંઈ ના વળે.'' X X ''એના કરતાં તો જ્ઞાનેશ્વરી ગીતા જેવા ગ્રંથનો નિત્ય સ્વાધ્યાય હિતાવહ રહેશે.''

X X X

'શ્રીગુરુલીલામૃત' ગ્રંથના બે અધ્યાયનો સ્વાધ્યાય કરવાની આજ્ઞા મેં શિરોધાર્ય કરી. જ્ઞાનેશ્વરીગીતાના શ્લોકોનો સ્વાધ્યાય કરવાની મને સદ્‌ગુરુની આજ્ઞા થઈ, એથી મારી શંકાઓનું સમાધાન થતું ગયું.

૧૯૫૮ની સાલ. એક સવારે નારેશ્વરના બોધિવૃક્ષ સમા લીમડાની શીતળ છાયામાં સદ્‌ગુરુ વિરાજમાન. 'ઈશ્વર છે કે નહીં' એ વિષયક વાતચીત નીકળી. ગુરુશ્રીએ આવા ભાવાર્થનું સમજાવ્યું કે મુંબઈ જેવા મોટા શહેરમાં સ્ટેશન પર વધુ પ્લેટફોર્મ હોય જ. જુદી જુદી ગાડીઓ જુદા જુદા પ્લેટફોર્મ પર આવે અને જાય. કોઈ અજાણ્યા મુસાફરને અમુક જ ગાડી પકડવી હોય અને ત્યારે સ્ટેશનના મજૂર જ સામે મળે તો એ મુસાફર આ મજૂરને પણ ગાડી તથા પ્લેટફોર્મ નંબર પૂછે જ. X X મજૂરનું કહેવું માનીને જોઈતી ગાડી પકડવા માટે તે પ્લેટફોર્મ પર મુસાફર જાય જ. પરંતુ સ્ટેશનના મજૂરનું કહેવું માનનાર મુસાફર કે અન્ય વ્યક્તિ પોતાની જીવનગાડી માટે અનુભવી સંતો કે શાસ્ત્રોનું માનવા તૈયાર થતા નથી ! X X ''ઈશ્વર છે કે નહિ' એની ચર્ચામાં સમય વ્યય કરનાર સાધકે ચર્ચાઓ છોડીને, સાધનામાં લાગી જ રહેવું જોઈએ. એક ડગલું ભર્યું કે બીજું ડગલું એ જ બતાવશે.''

૧૯૬૨માં ચંપાબેનના સદ્‌ભાગ્યે પૂજ્ય ગુરુજીની મુંબઈમાં



પધરામણી થયેલી, ત્યારે અવધૂતભક્તોએ મોટા યજ્ઞનું આયોજન કરેલું. એક વોલેન્ટિયર તરીકે ત્યારે પૂજ્યશ્રીની નજીક રહેવાનો સારો અવસર મને સાંપડ્યો હતો. ત્યારે હજી હું મુંબઈવાસી હતો, સાધુજીવન સ્વીકાર્યું નહોતું.

મને પોતાને ઉપનયન (જનોઈ) સંસ્કારની યથાર્થતા વિશે જરાય સમજ નહતી. એટલે મારી બત્રીસની વય લગી મેં જનોઈ ધારણ કરેલી જ નહિ ! બન્યું એવું કે પ્રસૂતા સ્ત્રી પ્રસૂતિમાં જ મૃત્યુ પામેલી, તેનું જ ઘર અમને ભાડે મળ્યું. X X ઘરમાં કંઈને કંઈ ઉપદ્રવ ચાલુ રહે ! (મારા) બે ભાઈઓને રાત્રિવેળાએ કંઈક નજરે પણ પડેલું ! ત્યારે હું સ્વભાવે બળિયો, ઝનૂની ને હિંમતવાન ! માતુશ્રી મને રાવણ-કુંભકર્ણ કહે ! આ રાવણ-કુંભકર્ણ પર પણ તવાઈ ઊતરી ! મધરાતે હું ભરઊંઘમાં હોઉં ત્યારે મારી છાતી પર જાણે કોઈ બેસી ગયું હોય અને ગળું જોરમાં દબાવે ! X X ઊંઘમાં થતા ત્રાસની વાત મેં અનુભવીઓને કહી ! X X ગાયત્રી મંત્રનું મનન કરવાની સલાહ મળી ! સ્વામી સમર્થ અક્કલકોટના દાદરસ્થાનના મંદિરે જવા માંડ્યું. ચિત્ર લીધું, ઘરમાં ટાંગ્યું ! મને-કમને ભક્તિ-ઉપાસનાના શ્રીગણેશ મંડાયા! હવે ગળું દબાવાનો અનુભવ થાય ને હું ગાયત્રીજપ મનોમન શરૂ કરું ને ભાર તરત હટી જાય ! X X શ્રદ્ધા બેઠી કે આસુરી શક્તિને હઠાવનારી દૈવીશક્તિ છે જ. સાધના-ઉપાસનામાં જાગૃતિ રહે એટલે કુળધર્મ પ્રમાણે જનોઈ ધારણ કરવાની પણ ઇચ્છા જાગી. X X સદ્‌ભાગ્યે મને રંગ અવધૂતજી જેવા સમર્થ સદ્‌ગુરુ સાંપડ્યા, મારું ભાગ્ય ઊઘડ્યું. ગાયત્રીમંત્ર, અક્કલકોટના સ્વામી સમર્થ વગેરેની મેં એકવાર સવિસ્તર વાત કરી. 'સ્વામી સમર્થ મહાસમર્થ છે. દર્શન-પૂજન' જે કરતા હો તે કરતા રહો, એવી અવધૂતજીએ આજ્ઞા કરી.

સન ૧૯૬૨માં પૂજ્યશ્રી ધરમપુરમાં. કેવળ દર્શન નિમિત્તે ત્યાં ગયો. વાતચીતમાં યજ્ઞોપવીતના સંસ્કારની વાત નીકળી, એકાએક જ અહીં મારા યજ્ઞોપવીત સંસ્કારનો યોગ ઊભો થયો ! ગુરુશ્રીએ મને સંસ્કારયુક્ત 'દ્વિજ' બનાવ્યો.

મોટી વયે જનોઈ લેવાયું તો મારે પ્રાયશ્ચિત કરવું જોઈએ, એવું કહેવાવા લાગ્યું, ત્યારે ગુરુદેવે કહ્યું : "મુંબઈ જેવા અતિ મોટા અને આધુનિક શહેરનો રહીશ, વકીલાત ભણેલો, બત્રીસની વયે પણ નિયમ પ્રમાણે માથે મુંડન કરાવે, કેડે કોપીન પહેરે, ખભે દંડ ધારણ કરે



અને ગુરુઘરે અધ્યયન કરવા માટે હજારોની હાજરીમાં દોટ મૂકે તો તે જ તેને માટે પૂરતું પ્રાયશ્ચિત ગણાય.''

મારી છત્રીસ વર્ષની વયે, સાધના નિમિત્તે માતા નર્મદાજીની સવાત્રણ વર્ષ માટેની પરિક્રમાએ જવાની સદ્‌ગુરુદેવની આજ્ઞા થઈ ! સ્વહસ્તે પેંડાનો પ્રસાદ આપી આશીર્વાદ આપેલા : 'તારા પર મારી કૃપા છે. પહેલાં નર્મદાજીની પરિક્રમા કરી આવો.' તેઓશ્રીની કૃપાથી જ એ પરિક્રમા હું સંપન્ન કરી શક્યો. [એની અનુભવકથા માટે જુઓ - 'સાધકની સ્વાનુભવકથા' અથવા 'મારી નર્મદાપરિક્રમા' – લે. નર્મદાનંદજી.]

સમર્થ સદ્‌ગુરુ રંગ અવધૂતજીનાં પ્રથમ અને અંતિમ દર્શન સમયનાં આશીર્વચન જ મારા માટે મહામૂલી મૂડી બની રહ્યાં. : **'You go my boy ! I am with you heart and soul.'** X X 'ઉત્તરોત્તર તમારી પ્રગતિ થાઓ.'

સમર્થ સદ્‌ગુરુ સદા મારી સાથે જ છે, તેના સતત સ્વાનુભવથી મારું જીવન પુષ્ટ થતું રહ્યું છે.


### શ્રી નરેન્દ્રભાઈ ઝવેરી (ભરૂચ)

પૂજ્યશ્રી વિષે પ્રથમવાર શ્રી વિઠ્ઠલભાઈ પાઠક પાસેથી જાણવા મળ્યું કે તે અવતારી વિભૂતિ છે અને નારેશ્વરમાં રહે છે.

શ્રી વિઠ્ઠલભાઈ પાઠક સાથે અછાલીઆ મુકામે પૂજ્યશ્રીનાં પ્રથમ દર્શન કર્યાં. આદેશ થયો કે નારેશ્વર આવજો.

પ્રથમદર્શને જ અદ્‌ભુત વિરલ વ્યક્તિ છે અને અવતારી (અલગારી) સંત છે એવી છાપ પડી. એઓશ્રીની સરખામણી બીજા સાથે કરવાનો વિચાર જ ન આવ્યો.

નારેશ્વરમાં ક્યારે દર્શન કર્યાં, તે ઘણાં વર્ષ વીતી ગયાં હોવાથી યાદ નથી. નારેશ્વર એક દિવ્ય સ્થાન છે એવી છાપ પડી અને અવાર-નવાર નારેશ્વર જવાનું મન થયા કરતું અને જવાનું બનતું. ભરૂચથી મીયાગામ અને મીયાગામથી કોરલની ગાડીમાં નારેશ્વર સ્ટેશન ઉતરી ચાલતા સ્થાનમાં જવું પડતું હતું. એટલું યાદ છે કે સ્થાનમાં ચા પીવાની કે મૂકવાની મનાઈ હતી. કંપાઉન્ડમાં દૂર છાનામાના ચા મૂકવી પડતી હતી. તે વખતે નારેશ્વર આવતા એક નિયમ રાખ્યો હતો કે ભરૂચથી નીકળી નારેશ્વર સ્થાનમાં આવતા સુધી પાણી પણ ન પીવું. ત્યાંના



લગભગ દરેક ઉત્સવમાં ભાગ લીધો હતો. બધા સર્જિકલ કેમ્પ તથા ૬૦મી શ્રી રંગજયંતી પ્રસંગે ઊજવણીની જવાબદારી સોંપવામાં આવી હતી. નારેશ્વર આવતાં થયાંને લગભગ ૫૦ વર્ષ થયા હશે.

પૂજ્યશ્રીના સીધા સંપર્કમાં આવવાનું કે અંગત વાત કરવાનું બન્યું નથી. ફક્ત શ્રી ગુરુલીલામૃત સપ્તાહ ભરૂચમાં કરાવવા મંજૂરી માંગી હતી તે મળી અને કોની પાસે કરાવવી તે માટે રાજપીપળાના શ્રી ચંદ્રકાન્ત પુરાણીનું નામ આપ્યું.

પૂજ્યશ્રી અવતારી સંત છે એવી છાપ પ્રથમ દૃષ્ટિએ પડી હતી અને એટલે જ વારંવાર નારેશ્વર તેમજ તેઓશ્રીનો જ્યાં મુકામ હોય ત્યાં જવાનું થતું હતું. શ્રી રંગ જયંતી પ્રસંગે નારેશ્વર, કોસંબા, રાજપીપળા, દ્વારકા જવાનો લાભ મળ્યો હતો.

જંબુસરમાં નોકરી હતી ત્યારે મારા પુત્રને (ઉં. વ. ૧૦) એકદમ તાવ આવ્યો અને ટાઈફોઈડની અસર છે એવું નિદાન થયું. એટલે ચિંતા અને ગભરામણ થઈ. પરંતુ જંબુસરમાં દત્તમંદિરમાં દત્તબાવની બોલાવતા હતા. તે પરથી દત્તબાવનીના પાઠ (ધૂપસળી સળગાવી) શરૂ કર્યા અને ચોવીસ કલાકમાં તાવ ઊતરી ગયો.

ઉમલ્લા પાસેના એક ગામમાં તેઓશ્રીને ભજન ગાતા સાંભળવાની તક મળી હતી તેમજ વડોદરામાં અષ્ટોત્તરશતપારાયણ વખતે તેઓશ્રીને દત્તઃ પ્રણતિ સ્તોત્ર ભક્તોને ગવડાવતા સાંભળવાનો લાભ મળ્યો હતો.

### શ્રી નલિનભાઈ ભટ્ટ (વડોદરા)

ઈ. સ. ૧૯૪૯-૫૦નાં વર્ષોમાં, હાઈસ્કૂલનો અભ્યાસ પૂરો કરી, સુરત કૉલેજમાં અભ્યાસ માટે જવાનું થયું. મારું વતન ગણદેવી. હાલ અમદાવાદ સ્થાયી થયેલ. સુપ્રસિદ્ધ પત્રકાર મુ. બાબુકાકા પાસેથી તેમ જ મારા વડીલ પૂ. નવલભાઈ વૈદ્ય (નવલકાકા) પાસેથી પૂજ્ય બાપજીની વાતો સાંભળી હતી. પૂજ્યશ્રી, તેમની પાસે જનારાઓને 'દત્તબાવની'નો પાઠ કરવાનું સૂચવતા. એ ધ્યાનમાં લઈને અમારા પિતાશ્રીએ અમને 'દત્તબાવની'ની પુસ્તિકા આપેલી અને 'દત્તબાવની' શરૂ કરાવેલી.

ઈ. સ. ૧૯૫૧-૫૨માં, સોની ફળિયા, દેસાઈ શેરીમાં ડૉ. રણજિતભાઈ ભટ્ટને ત્યાં બાપજીનો મુકામ હતો. કુતૂહલવશ, કૉલેજ છોડી તેમનાં દર્શને મુકામ પર ગયો હતો. પ્રભાવ એવો પડ્યો કે



મેં સવાર-સાંજ ત્યાં વૉલેંટિયર તરીકેની સેવા સ્વીકારી લીધી. અહીંના નિવાસ દરમિયાન એક ગુરુવારે પૂજ્યશ્રી શેરીમાં જ આવેલા શ્રીદત્તમંદિરે (ભૃગુઋષિનું મંદિર તરીકે પણ આ મંદિર ઓળખાય છે.) રાત્રિભજનમાં પધારેલા. લાઈટની ઝાકઝમાળ ખૂબ જ હતી. પૂજ્યશ્રીને પગથિયાં ઊતરતી વખતે મારો ખભો ધરી શક્યો હતો અને તે વેળાએ મારા ખભા પર જે પુનિત સ્પર્શ થયેલો તેનો દિવ્ય રોમાંચ આજે પણ અકબંધ છે. તેમનો હાથ, ત્યારથી મારા સમગ્ર જીવનનો સહારો બન્યો છે. ડગલે-પગલે આવતી મુશ્કેલીઓમાં, ગૂંચવણોમાં એ વરદ હસ્તના સ્પર્શની સ્મૃતિ મને રસ્તો સુઝાડે છે એવો મારો હરહંમેશનો અનુભવ રહ્યો છે.

ઈ.સ. ૧૯૫૩-૫૪ દરમિયાન પૂજ્યશ્રી ગણદેવી પધારેલા. આખું અઠવાડિયું હું ત્યાં, કૉલેજ છોડી રોકાયો. અષાઢ મહિનાની ગુરુપૂર્ણિમાનો પ્રસંગ હતો. નદીકાંઠે, નીલકંઠ મહાદેવના મંદિર સામે ચોગાનમાં પાદુકાપૂજન હતું. ચોમાસું ને દક્ષિણ ગુજરાતનું ચોમાસું. પૂજન દરમિયાન અમી છાંટણાં થયાં. વાદળો ઘેરાયેલાં હતાં. પૂજન પૂરું થયું. બૅંગ્લોરી નળિયાના કારખાનાની જગ્યામાં ભક્તો પ્રસાદ લેવા બેઠા અને બહાર ધોધમાર વરસાદ શરૂ થયો. પૂજ્યશ્રીનો પ્રકૃતિને પોતાની કરી રાખવાનો આ પરચો મને સદા યાદ રહ્યો છે. એ પછી, બીજી વાર પણ ગુરુપૂર્ણિમાએ પૂજ્યશ્રીએ ગણદેવીના ભક્તોને પ્રત્યક્ષ ગુરુપૂજનનો લાભ આપ્યો હતો.

પૂજ્યશ્રી અવતારી પુરુષ છે, તેથી શ્રદ્ધેય મૂર્તિ છે. અમારી ઉપાસ્યમૂર્તિ પૂજ્યશ્રી છે. અમારા કુટુંબમાં સૌ માટે તે પ્રભુસ્વરૂપ છે. તેના પાયામાં સબળ અનુભવ પડેલો છે. મારી બા લલિતાબેનને માથાનો દુ:ખાવો ઉપડેલો. વૈદ્ય-ડાક્તરોને બતાવ્યું. આખરે મુંબઈના વિખ્યાત ડૉક્ટર ગીન્ડે, જે તે વખતમાં તો વિરલ જ કહેવાય એવા ન્યુરોસર્જન હતા. તેમને બતાવ્યું તેમણે બ્રેઈન ટ્યુમર હોવાનું નિદાન કરી, ઑપરેશન માટેની સલાહ આપી, સાથે દર્દની ભયાનકતાનો ખ્યાલ આપી એક ટકો જ સફળ થવાય એવી ચિંતા પણ વ્યક્ત કરી. નિરાશ થઈ અમે પાછાં ફર્યાં ને હું, મારા પિતાશ્રી તેમ જ ફોઈ પૂજ્યશ્રી પાસે નારેશ્વર પહોંચ્યાં. નર્મદાસ્નાન કરી, શ્રીફળ-પુષ્પ લઈને પૂજ્યશ્રીનાં દર્શને ગયાં. વંદન કરતાં હતાં ને પૂજ્યશ્રીએ મારા પિતાશ્રીને પૂછ્યું : 'મનુભાઈ! લલિતાબેનને કેમ છે ?'' અમારી



આંખોમાંથી દડદડ અશ્રુ વહેવા માંડ્યાં. પૂજ્યશ્રીની અંતર્યામી શક્તિનો પરચો અને અમારા પ્રત્યેની વત્સલ લાગણી અનુભવતાં અમે અવાક્ જેવાં રહ્યાં ! પિતાશ્રીએ સ્વસ્થ થઈને પરિસ્થિતિનું નિવેદન કર્યું. પૂજ્યશ્રીએ તુર્ત જ કહ્યું : 'ઑપરેશન કરાવવાનું નથી. ભગવાન બધું સારું કરી દેશે. રોજ 'દત્તબાવની'નાં તેર પાઠ માજી પાસે કરાવો અને ગુરુવારે બાવન પાઠ કરાવજો. આ સાથે 'કાંટાળો માયુ' ઘસીને માથા પર લગાડજો. પૂજ્યશ્રીના સૂચનને આજ્ઞા સમજી ચુસ્ત રીતે મારાં પૂ. બાએ દત્તબાવનીના પાઠ અને ઔષધોપચાર શરૂ કર્યાં. થોડાક દિવસોમાં તો બાનો માથાનો દુઃખાવો ઓછો થઈ ગયો. પૂજ્યશ્રીનાં દર્શને પછી પૂ. બાને લઈ ગયા ને પૂજ્યશ્રીએ ખબર પૂછતાં પૂ. બા ગદ્‌ગદ્ થઈ ચરણોમાં આળોટી પડેલાં. મારાં પૂ. બા આ પછી સાડત્રીસ વર્ષ જીવ્યાં ત્યાં સુધી આ બિમારીએ દેખા દીધી નથી !

પૂ. બાપજીએ અમારા કુટુંબને સંસારજીવનમાં પણ દૈવી સહાય કરી છે, તેનો બીજો પ્રસંગ પણ આવો જ મહત્ત્વનો અમારા માટે છે. અમારા મોટાભાઈ લગ્ન પછી લાંબા ગાળા સુધી નિઃસંતાન હતા. નાગપંચમીનું વ્રત લીધેલું અને તેની ઊજવણી અમે નારેશ્વર કરેલી. ભંડારા માટે ૨૦૦ માણસની રસોઈનું સીધું અમે મુ. મોદીકાકાની સૂચનાથી રસોડે આપેલું. વ્રત-પૂર્ણાહુતિ પછી ભોજન ટાણે ભક્તવૃંદ વિશાળ હાજરીમાં જોઈ, અમે ચિંતા કરવા લાગ્યા કે રસોઈ ખૂટી પડવાની ! મુ. મોદીકાકાએ લાપસીની પ્રસાદી પર દિવ્ય આચ્છાદનવસ્ત્ર અમારી પાસે ઓઢાવડાવ્યું ને ૨૦૦ની રસોઈમાં ૫૦૦ ભક્તો પ્રસન્નતાપૂર્વક પ્રસાદ લઈ શક્યા. પૂજ્યશ્રી અમારા સમગ્ર કુટુંબ માટે 'કર્તુમ્ અકર્તુમ્ સર્વકર્તા સમર્થ' છે. એમની દિવ્ય ઉપસ્થિત અમારી સાથે જ છે, એવો અંતરમાં વિશ્વાસ ધરાવીએ છીએ. અવાર-નવાર નારેશ્વર પહોંચી જતા. અમારા વડીલ મુ. વૈદ્યરાજ નવલકાકાએ 'દત્તબાવની'નો પ્રસાર ગણદેવીના આસપાસના 'પરિસર'માં તેમનાં દર્દીઓમાં આવી જ અલૌકિક શ્રદ્ધાથી જીવનભર કર્યો તેનું અત્યારે સ્મરણ થઈ આવે છે.

પૂજ્યશ્રીની અંગત નાની સેવાનો એક જ પ્રસંગ છે. એ સેવા કરવાની તક મળી તે સદ્‌ભાગ્ય હતું એમ હું અને મારા પત્ની ભાનુમતી સમજીએ છીએ. પૂજ્યશ્રીનો મુકામ ગણદેવી પાસેના ધમડાછામાં અંબિકા નદીને કાંઠે હતો. નોકરીમાંથી રજા લઈ અમે ગણદેવી રોકાયેલાં



ને રોજ સવાર-સાંજ બે કિલોમીટર ચાલીને પૂજ્યશ્રીની સેવા માટે જતાં હતાં. નદીનું જળ ચોખ્ખા પાત્રમાં ભરી લાવતાં, પૂ. શ્રી તેને તડકે તપાવતાં, પૂજ્યશ્રીના ઉપયોગમાં તે જ જળ લેવાતું હતું. મારાં પત્ની પૂજ્યશ્રીની ભિક્ષા બનાવવામાં મદદરૂપ થતાં.

પૂજ્યશ્રીને પ્રશ્નો પૂછવાની ઇચ્છાઓ થાય, પણ હિંમત ત્યારે ચાલતી નહિ. આવનાર ભક્તવૃંદમાંથી કોઈ વાર્તાલાપ કરે ને અમારા પ્રશ્નો એમાં અમને સંભળાય ! પૂજ્યશ્રી સહજભાવે વાર્તાલાપ કરે, સૂચક રીતે મારા સામે જુએ ને મને સંકેત મળે કે 'જો તું પૂછતો નથી, પણ હું તારો પ્રશ્ન જાણું છું ને ? તારો જવાબ મળ્યો ?! સમાધાન થાય છે ને ?!'

### શ્રી નંદલાલભાઈ પાઠક (દિવેર રાજપીપળા)


નોંધ લખનાર : દત્તુભાઈ નં. પાઠક

[મારા પિતાશ્રી નંદલાલભાઈ પૂ.શ્રી રંગ અવધૂત મહારાજશ્રીના સંપર્કમાં કેવી રીતે આવ્યા, કુટુંબ સહિત સેવાભક્તિમાં જોડાયા, તથા પૂ.શ્રીના અનુગ્રહના અનુભવો થતા ગયા તે અંગે એમણે મારી પાસે નોંધ લખાવેલી, તથા અવારનવાર મૌખિક વાતો કરેલી તેના આધારે નીચેની વિગતો જણાવું છું.]

ઈ.સ. ૧૯૩૦ની આજુબાજુનાં વર્ષોમાં પિતાશ્રીને જાણ થઈ કે નારેશ્વરમાં એક ઉચ્ચ કોટિના સંત રંગ અવધૂત રહે છે. તે દત્ત-પરંપરાના, ગરુડેશ્વરના સ્વામી મહારાજના શિષ્ય છે. આ સંપ્રદાયમાં દેવ જેવા ચમત્કારી, સમર્થ સંતો હોય છે જેમની પાસે જવાથી ઠગાવાનો ભય હોતો નથી.

એમનું મોસાળ તિલકવાડા હોવાથી, એમનાં માતુશ્રી દ્વારા બાળપણમાં ગરુડેશ્વરના સ્વામી મહારાજને પગે લગાડાવેલા તથા પૂ. શ્રી ગાંડા મહારાજનાં પણ દર્શન કરાવેલાં. આ બધું સંસ્કાર-બીજ હતું, એમાં એ જ પરંપરાના રંગ અવધૂતજી વિષે જાણ થતાં દર્શનની તાલાવેલી ઉત્કટ બની. વળી એમને ઊંચા પ્રકારના સંતો પ્રત્યે ખૂબ ખેંચાણ રહેતું.

એમણે દિવેરના નાથાભાઈ પટેલ તથા બીજા અગ્રણીઓને વાત કરી કે નારેશ્વર જઈએ. અંદરોઅંદર એવી પણ ચર્ચા કરી કે નિરંજન



નામના સાધુ કથા-વાર્તા દ્વારા દિવેરમાં ભ્રામક પ્રચાર કરે છે એ માટે પણ પૂ.શ્રીને વાત કરવી.

સૌએ ભેગા મળી નારેશ્વર જઈ દર્શન કર્યાં, પ્રભાવિત થયા. નિરંજન સાધુ વિષે વાત કરી, પૂ.શ્રીને દિવેર આવવા આમંત્રણ આપ્યું. પૂ.શ્રીએ સંમતિ આપીને સૂચન કર્યું 'આવીશ, શંકરાનંદની સંસ્કૃત ગીતા લાવી રાખજો, ગીતા પર કથા-વાર્તા કરીશું.' - પછીની વાતો જાણીતી છે.

મારા પિતાજીની ઉંમર ત્યારે આશરે વીસેક વર્ષની હશે. એ અને દિવેર ગામવાસીઓ પૂ.શ્રીની સેવાભક્તિમાં જોડાઈ ગયા. પૂ. શ્રી અવારનવાર કહેતા - 'અવધૂતના ખોળાનો પહેલો છોકરો એટલે દિવેર.' રંગ જયંતીની ઊજવણીની શરૂઆત પણ દિવેરથી થઈ એ વાત પણ જાણીતી છે.

પછી, રાજપીપળામાં એમને નોકરી મળતાં રાજપીપળા રહેવા જતા રહ્યા. નોકરી કરતાં કરતાં પૂ.શ્રી પ્રત્યેનો ભક્તિભાવ તથા સ્મરણ-તાર જોડાયેલો રહેતો, અવારનવાર નારેશ્વર જાય, વર્ષમાં એક મહિનો કુટુંબ સાથે નારેશ્વર રહી સેવા કરે. પૂ. શ્રી સાથેનો વ્યક્તિગત સંપર્ક વધુ ગાઢ થયો. પૂ.શ્રીને એઓ કાગળ લખે ત્યારે પૂ.શ્રી સ્વહસ્તાક્ષરથી જવાબ આપતા, કવર પરનું સરનામું પણ પોતાના હસ્તાક્ષરથી કરતા. એ પત્રો રંગ-પત્ર મંજુષામાં છપાયા છે.

પૂ.શ્રીએ એમના પરના એક પત્રમાં લખેલું : 'તમે મને દરેક કાગળમાં (રાજપીપળા) ત્યાં બોલાવી રહ્યા છો'.... ''અશ્વિન, કાર્તિક કે મહા મહિને તમે કહો ત્યારે ત્યાં આવું.'' આમ રાજપીપળામાં પૂ.શ્રીની પધરામણીની ભૂમિકા માટે પિતાશ્રી નિમિત્ત બનેલા.

પ્રથમ પધરામણી આશરે ઇ.સ. ૧૯૩૫માં થઈ. મુકામ ત્યાંના રાજરાજેશ્વર મહાદેવના મંદિરમાં થયો. દરમિયાન અમારે ઘેર પૂ.શ્રીની પધરામણી થઈ. રસોઈ ફક્ત પંદરેક માણસની કરેલી, પણ પૂ.શ્રી દરેકને જમીને જવાનું કહેતા અને આશરે ૧૦૦ ભક્તો જમ્યા હશે. આજે સમજાય છે કે પૂ.શ્રીની નિશ્રામાં દત્ત-પરંપરાના નૃસિંહ સરસ્વતીની લીલાની પુનરાવૃત્તિ થતી, થઈ રહી છે.

રાજપીપળામાં ત્યાર પછી અવારનવાર પધરામણી થયા કરતી. આખું નગર રંગાઈ ગયું. પૂ.શ્રીએ મોદીકાકા પરના તા. ૨૭-૧૧-૩૫ના પત્રમાં લખેલું - 'નાંદોદ (રાજપીપળા) ખૂબ ડોલાવી આવ્યો



છું.' પછી તો રાજપીપળાને પૂ.શ્રી 'અવધૂતની રાજધાની' કહેતા.

નારેશ્વરવસવાટ પછી ખૂબ ઓછો પ્રવાસ કરતાં, પૂ. માજી ગરુડેશ્વર જતાં રાજપીપળામાં અમારે ઘેર થોડાક કલાકો માટે પધાર્યાં હતાં.

પૂ.શ્રીની ૬૦મી જયંતીની ઊજવણીમાં ભાગ લેનારા સક્રિય ભક્તો, સેવકો, વિદ્વાનો વગેરેને પૂ.શ્રીના હસ્તે વસ્ત્ર-પ્રસાદ આપવાનું સ્થાન તરફથી વિચાર્યું, વળી દક્ષિણા આપવાનું પણ વિચાર્યું, પણ પૂ.શ્રી પૈસાને સ્પર્શ નહીં કરતા હોવાથી 'શું કરવું ?' એવું મોદીકાકાએ પૂ.શ્રીને પૂછતાં - 'નંદલાલના દીકરા દત્તુને હાથે દક્ષિણા અપાવજો.' એમ સૂચન કરતાં, તે અનુસાર મારા હાથે દક્ષિણા અને પૂ.શ્રીના વરદ હસ્તે વસ્ત્રો વિગેરેથી સક્રિય ભક્તો વિગેરેનો સત્કાર થયો.

હું તો નિમિત્ત માત્ર હતો અને અનુગ્રહની વર્ષા તો પિતાશ્રી પર થયેલી. આ નૈમિત્તિક સેવાલાભ - એ કુટુંબના ઇતિહાસમાં તો અવિસ્મરણીય જ રહેશે.

અમારે ત્યાં મંગલ પ્રસંગે કુટુંબના શિરછત્ર મુરબ્બી તરીકે પૂ.શ્રી પોતે પધારવાના હોય એવા પૂ. શ્રી ગૂઢ સંકેતો અગાઉથી આપ્યા કરતા, જે સમજાતું નહીં.

સંકેત ૧ : પિતાશ્રીને એકવાર કહેલું : 'આવું (સેવા) કરો છો, તો દેવ તમારા પર ખુશ થઈ લીલા કેમ ન કરે ?''

સંકેત ૨ : મારો નાનો ભાઈ નવીન (જે હાલ નારેશ્વર રહે છે) જ્યારે દર્શન કરે ત્યારે પૂ.શ્રીને ઘેર આવવાનું કહે. પૂ.શ્રી જવાબમાં - 'આવીશ' એમ કહે.

સંકેત ૩ : ઈ. સ. ૧૯૫૮ના અરસામાં પૂ.શ્રીએ પિતાને કહેલું : ''આ વર્ષે કન્યાદાન માટે શ્રેષ્ઠ યોગ આવવાનો છે, તો તમારી દીકરીના લગ્નનું ગોઠવજો.''

સંકેત ૪ : (સ્પષ્ટ સંકેત) ઈ.સ. ૧૯૫૮ના અરસામાં હું વડોદરા કૉલેજમાં ભણતો. સંજોગવશાત્ પૂ.શ્રીના બાળમિત્ર સ્વ. શ્રી બીવરેને ત્યાં ગયો હતો. એમને ત્યાં ત્યારે એક સેવન્તીબાઈ આવેલાં, જેમણે સ્વામી મહારાજની સેવા કરેલી. વાતવાતમાં શ્રી બીવરે કહે 'પૂ.શ્રી મારા લગ્નમાં આવ્યા હતા, હવે અવધૂત થયા પછી લગ્ન જેવા સાંસારિક પ્રસંગોમાં જતા નથી' ગુજરાતીમાં આ સાંભળતાં જ ગુજરાતી ન જાણતાં એવાં સેવન્તીબાઈએ મારા તરફ આંગળી કરીને મરાઠીમાં કહ્યું : ''એ તારે ઘેર લગ્નમાં જરૂર આવશે.'' આ સંકેત ખૂબ જ

સ્પષ્ટ હતો. મને કંઈક સમજાયું, ઘેર પિતાશ્રીને બધા સંકેતોનો સરવાળો કરીને કહ્યું : 'પૂ.શ્રીને લગ્નમાં ઘેર આવવા આમંત્રણ આપીએ.'' બધાને એ ગમ્યું. નવીનનું જનોઈ, ભાનુબેનનું લગ્ન અને મારું લગ્ન એ પ્રસંગો પર આવવાનું નિમંત્રણ આપતાં જ પૂ.શ્રીએ સંમતિ આપી અને અખાત્રીજના શુભ મુહૂર્તે શ્રી અવધૂત મોભી થઈ પધાર્યા, કુટુંબી તરીકે વર્ત્યા. જનોઈ વખતે નવીનને 'ગાયત્રી મંત્ર' - ગુરુમંત્ર શ્રી અવધૂતે આપ્યો; બહેનને કન્યાદાન અવધૂતના વરદ હસ્તે થયું. પૂ. શ્રી વિનોદ કરતા – 'લગ્નના માંડવે વરરાજા પહેલા આવે કે અવધૂત ?' 'દત્તુની જાનમાં ડભોઈ આવું કે ?' એમ વાત્સલ્ય વરસાવી સૌને ધન્ય કર્યાં.



અવધૂત પરિવારના ઈતિહાસમાં લગ્ન પ્રસંગે પૂ.શ્રીની પધરામણી કદાચ ઘણી ઓછી જગાએ થઈ હશે.

લગભગ ૫૧-વર્ષની ઉંમરે પિતાશ્રી નોકરીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ નારેશ્વરમાં સેવાર્થે આશરે પાંચેક વર્ષ ઈ.સ. ૧૯૬૧-૧૯૬૬ના ગાળામાં રહ્યા, જે દરમિયાન એવો નિયમ રાખ્યો કે ખાવાપીવાની બાબતમાં સ્વોપાર્જિત, સ્વકષ્ટાર્જિત રહીને સેવા કરવી.

## શ્રી નંદસુખલાલ ઠાકોરદાસ શ્રોફ (મુંબઈ)
### (અનિલભાઈ શ્રોફ દ્વારા પ્રાપ્ત માહિતીને આધારે)

પૂ. પિતાશ્રી અવધૂતપરિવારમાં 'શ્રોફકાકા'ના હૂલામણા નામથી ખ્યાતિ પામ્યા છે. ૧૯૬૮ પછી કાંદિવલીમાં 'રુકમામ્બા મંદિર'ની સ્થાપના અને પ્રવૃત્તિમાં પૂ. પિતાશ્રી તન-મન-ધનથી સક્રિય થઈને આજીવન એકનિષ્ઠાથી સદ્‌ગુરુભક્તિપરાયણ જીવન જીવ્યા. અખંડ નામસ્મરણનું કાર્ય એમનું મિશન બની ગયેલું. 'દિગંબરા દિગંબરા શ્રીપાદવલ્લભ દિગંબરા'ની કુલ્લે ૧૦૮ ધૂન, ૨૪-૨૪ કલાકના કાર્યક્રમોરૂપે થયા પછી ૬ કલાક, ૪ કલાક અને ૨ કલાકના સમય માટેની ધૂનોનું આયોજન મંદિરના ભક્તોથી થવા લાગ્યું, તેમાં પૂ.પિતાશ્રીની સક્રિયતા સૌ કોઈની સ્તુતિ પામી છે.

પૂજ્ય રંગ અવધૂત મહારાજશ્રીનું પ્રથમ દર્શન પિતાશ્રીને ૧૯૫૦ની સાલમાં થયેલું. નારેશ્વર સ્થાનમાં જ પિતાશ્રીને આ દર્શનલાભ થયેલો. પ્રસંગ યાદગાર છે. દર્શનાર્થીઓની લાંબી લાઈન હતી. પિતાશ્રી હાથમાં હાર-ફળ લઈને સવારથી લાઈનમાં ઊભેલા.



મારાં માતુશ્રી પણ સાથે જ; ત્યાં પૂજ્યશ્રીનો ભીક્ષાસમય થયો ને પૂજ્યશ્રીનાં દર્શન પાસે જઈને મારાં માતાપિતા કરે તે પહેલાં તો પૂજ્યશ્રી ખુરશીમાંથી ઊભા થયા ! એક સ્વયંસેવકને પ્રેરણા થઈ અને પૂજ્યશ્રીને નિવેદન કર્યું : 'પૂ. બાપજી ! આ કાકા અને માજી ક્યારનાં દર્શનની પ્રતીક્ષા કરે છે ! સવારથી ઊભાં રહ્યાં છે ! આપ દર્શનની આજ્ઞા આપો !' પૂ. બાપજી ભક્તવત્સલ એટલે તુર્ત જ ખુરશીમાં ફરી બેસી ગયા ! મારાં માતા-પિતાને દર્શન થયાં. પિતાશ્રીનો હાર પૂજ્ય બાપજીએ સ્વીકાર્યો; વાતચીત કરી અને પિતાશ્રીના પરગજુ સ્વભાવને ઓળખી જઈને તે માટે આશીર્વાદ પણ આપ્યા ! 'પરસ્પરદેવો ભવ'નો સંકેત મારા પિતાશ્રીએ જાણે કેવો આગોતરો સાંભળી લીધો હતો, એવું અમને સંતાનોને થયા કરે છે.

ત્યાર પછી, ત્રણ-ચાર વર્ષે એકાદવાર નારેશ્વર સ્થાનમાં પિતાશ્રી અચૂક જતા. પૂજ્ય બાપજીનો ૧૯૬૩માં મુંબઈમાં મુકામ હતો, ત્યારે પિતાશ્રીને પૂજ્ય બાપજીનું સવિશેષ સાન્નિધ્ય મળ્યું. દિવસ-રાત જોયા વિના પૂ. બાપજીની સેવામાં પિતાશ્રી રહેલા, તે અમને બરોબર યાદ છે. આ સેવાનું મેવા જેવું મીઠું ફળ તે પૂજ્ય બાપજીના મુખે પિતાશ્રીને થયેલું સંબોધન : 'શ્રોફકાકા'. અવધૂત પરિવારના તે ત્યારથી 'શ્રોફકાકા'લેખે આત્મીય બની ગયા છે.

નારેશ્વર અને લિંચ સાથે પિતાશ્રીનો પત્રવ્યવહાર ઘનિષ્ઠ રહેતો. નર્મદે સુધારાની અહાલેખ માટે ઓગણીસમી સદીમાં 'દાંડિયો' શરૂ કરેલું–દાંડિયો સુરતમાં રાત્રે કલાકે કલાકે પીટાતો ને જાગતા રહેજોનો કોલ આપતો. તે રીતે પિતાશ્રીએ હું એક દાંડિયો છું, તમને દાંડિયાની જેમ જાગતા રહેવા કહું છું અને ભગવાન રંગ અવધૂતને ભૂલશો નહિ.' તેઓશ્રીનો પિતાશ્રીનો અમને આ જીવનસંદેશ છે.

ડૉ. નાથાલાલ વી. કંસારા (વીસનગર)

ઈ.સ. ૧૯૪૦માં પૂજ્ય બાપજી વિશે પ્રથમવાર સાંભળ્યું : એક ઉચ્ચ કોટિના સંત આપણે ઘેર પધારે છે.

મારા આદરણીય મુ. ડૉ. રતિલાલકાકાને ત્યાં પૂજ્ય બાપજીનાં દર્શન કર્યાં. દર્શન માટે કુટુમ્બગત સંસ્કારોથી પ્રેરણા જાગી અને દર્શન માટે ગયો હતો.

કુટુંબમાં દત્તોપાસના છેલ્લાં ૬૦ વર્ષથી ચાલે છે. પૂ. બાપજીની



પહેલી ઓળખ એક ઉચ્ચકોટિના સંત તરીકેની હતી. પછીથી તો સ્વયં દત્તભગવાન જ છે, એવી દૃઢ શ્રદ્ધા જન્મી. પૂજ્યશ્રીની સરખામણી કોઈનીય સાથે થઈ શકે જ નહીં.

નારેશ્વર-સ્થાનમાં પ્રથમવાર ૧૯૪૦ની સાલમાં જ જવાનું સદ્ભાગ્ય જન્મ્યું હતું. ત્યારે તો સ્થાન ઘોર જંગલ જેવું લાગેલું. છતાં એવા અરણ્યમાં ઋષિનો આશ્રમ હોય તેવો ભાવ જાગેલો. ઋષિનિવાસની શાંતિનો પ્રભાવ પડ્યો હતો. ત્યારથી, આજસુધી વખતોવખત નારેશ્વર જવાનું થયા જ કરે છે. વર્ષો પહેલાં દત્તજયંતીની ઉજવણી વેળાએ વોલેન્ટિયર તરીકે સેવાલાભ લીધો હતો, તે યાદ આવે છે. તે વખતે ચોવીસ કલાકની ધૂનના કાર્યક્રમમાં પણ ઉમંગ-ઉત્સાહથી જોડાયો હતો, તે બરોબર યાદ છે. એ બધા અનુભવો અવર્ણનીય છે.

પૂજ્ય બાપજીનો નિકટ સંપર્ક તેઓશ્રીની કૃપાથી હું પામી શક્યો છું. મારાં પત્ની પણ તેવાં જ નિકટ સંપર્કનું સદ્ભાગ્ય પામ્યાં હતાં. ગયા જન્મનાં એ પુણ્ય જ ગણીએ છીએ. અમારો સંપર્ક વત્સલ સદ્ગુરુ, શરણાગતના તારણહાર પ્રભુ સાથેનો બની રહ્યો છે. કળીકાળની કલુષિતતાથી અમે સુરક્ષિત રહ્યાં, તે સદ્ગુરુનો અમારે શિર હાથનું જ બળ અમે ગણીએ છીએ. આ જીવનમાં રંજને બદલે સદ્ગુરુભક્તિમાં રંજન લેવાયા કરે છે, તેથી એક પ્રકારની ધન્યતા અનુભવાય છે.

પૂજ્ય બાપજીએ મને એક સ્તોત્ર આપ્યું છે. તેના દરરોજ અગિયાર પાઠ કરવાની આજ્ઞા છે. સ્નાનશુદ્ધિ કરી, પાઠ કરી, પછી જ ચ્હા-પાણી વગેરે ગ્રહણ કરવાનો નિયમ રખાવ્યો છે. આજદિન સુધી એ શાસન પ્રમાણે ઉપાસના કરી શકું છું, એ જ પૂ. બાપજીનું પ્રત્યક્ષ કૃપાફળ છે. આજે દત્તભક્તિમાં દત્તચિત્ત રહેવાય છે, તે આ સ્તોત્રોપાસનાનો મહિમા છે. મારી ઉન્નતિનો મને અનુભવ થાય છે.

પૂજ્ય બાપજી સાથે વાર્તાલાપ થયો છે. પહેલો વાર્તાલાપ ૨૬-૧-'૪૦ના રોજ થયેલો તે પ્રસંગ મારા જીવનઘડતરમાં મહત્ત્વનો છે, એટલે ટાંકું : મારા મુ. કાકાશ્રી (ડૉ. રતિલાલ કંસારા)ને ત્યાં પૂજ્યશ્રીનો મુકામ; રાત્રે ભજન; મને ભજન શરૂ કરવાની આજ્ઞા થઈ; પાંચેક ભજન સળંગ મારી પાસે ગવડાવ્યાં ! પછી હું થાક્યો એટલે ગાવાનું મેં બંધ કર્યું ! ત્યારે પૂ. બાપજી બોલ્યા : 'કેમ ?



થાકી ગયો !' મેં હા કહી, ત્યારે તેઓશ્રી કહે કે 'તારી પેટી (હાર્મોનિયમ) મને આપી દે.' મારા મનમાં થયેલું કે, 'આ બાવો પેટી લઈ જશે તો શું વગાડીશું ?' હું તો મૂઢ બનીને બેઠો હતો ! ત્યાં પંદરેક મિનિટ પછી, મારા કાકાશ્રીએ સૂચન કર્યું કે પૂજ્યશ્રીનાં ચરણોમાં તારી પેટી સમર્પિત કરી દે ! અને મેં તે પ્રમાણે કર્યું ! ત્યારે પૂજ્યશ્રીએ વરદ્‌હસ્ત મારે માથે રાખ્યો ને બોલીને આશિષ આપ્યા : 'તું ઉસ્તાદ થઈ જઈશ.' 'અવધૂતી આનંદ' આખો તેની વિવિધ રાગરાગિણીઓ સાથે મને કંઠસ્થ થઈ ગયો તે આ આશિષનું જ શુભફળ ગણું છું. મારા માટે આ પૂજ્યશ્રીની વચનસિદ્ધિનો પ્રત્યક્ષ અનુભવ છે. મુ. રતનલાલ મહાત્મા, મુ. જગન્નાથકાકા, મુ. નરહરિકાકા. મુ. સુમનકાકા આ આશિષઅવસરે ઉપસ્થિત હતા.

પૂજ્ય બાપજી સાથે હાર્મોનિયમ પહોંચી ગયું નારેશ્વર. પૂજ્યશ્રીની ગુફામાં હાર્મોનિયમને સ્થાન મળ્યું. તેઓશ્રી બ્રહ્મલીન થયા પછી ધ્યાનમંદિર/સ્મૃતિમંદિરમાં તે દર્શન માટે રાખવામાં આવ્યુ હતું.

તા. ૨૭-૧-૪૦ના દિવસે બીજો વાર્તાલાપ થયેલો. મેં પૂજ્ય બાપજીને વિનંતી કરી કે પ્રશ્ન પૂછું ! પૂ. બાપજીએ આજ્ઞા આપી. મેં પૂછેલું : બાપજી બુદ્ધિ કેવી રીતે વધારવી ? પૂજ્યશ્રીએ શિર્ષાસન કરવા માટે બોધ આપેલો; અને તે માટે અખાડામાં જઈ તે શીખી લેવા પણ જણાવેલું. મેં ભોળાભાવે કહેલું કે અખાડામાં તો બીક લાગે છે ! ત્યારે વિનોદ કરી કહ્યું કે અખાડામાં જવું નથી, અને શિર્ષાસન શીખવું છે તે કેવી રીતે બની શકે ?' ત્યારે ખૂબ જ સહજતાથી મેં બોલી નાંખેલું કે, 'આપ કરી બતાવોને ?!' 'ખરો શિષ્ય મળ્યો' એમ બોલીને તુર્ત જ પોતે શિર્ષાસન કરીને મને નિદર્શન પૂરું પાડેલું. એ પછી ત્રણ જ દિવસમાં વગર ટેકે પલાંઠીવાળી શિષાસન કરતો હું થઈ ગયેલો !

પૂજ્ય બાપજી અજર-અમર અને સર્વજ્ઞ છે. આજે પણ તેઓશ્રી પ્રત્યક્ષ દોરવણી મને આપી રહ્યા છે. માનનીય ડૉ. ઈન્દુભાઈને ત્યાં ધૂનનું આયોજન હતું. મારે તેમાં સક્રિય ભાગ લેવાનો હતો. સવારે જવા માટે તૈયાર થયેલો ને અચાનક મને શ્વાસ ચઢેલો. બધાંની ના છતાં પૂજ્યશ્રી પાસે પ્રાર્થના કરી નીકળ્યો તો મારી લાજ સદ્‌ગુરુએ એવી રાખી કે કાર્યક્રમમાં હું સક્રિય ભાગ લઈ શકેલો ને ઘેર પરત આવ્યો કે ટાઢિયો તાવ ચઢી ગયેલો ! બીજે દિવસે વગર દવાએ પાછો



એ તાવ વિદાય પણ થઈ ગયેલો !

પૂજ્યશ્રીની અલૌકિક લીલાનો માત્ર એક જ સચોટ પ્રસંગ લખું : ૧૯૭૯-૮૦ની આ વાત છે. મને 'સ્કિન-ઈરપશન' થયેલું. અમદાવાદના ડૉ. એસ. પી. મહેતાને બતાવ્યું. દવાઓ શરૂ થઈ. ગજા બહારનાં રિએક્શન્સ આવ્યાં ! ડૉક્ટરો પર ડૉક્ટરોની સારવાર ચાલતી હતી પણ રોગ શાંત થવાનું નામ લેતો નહોતો ! હું હિંચકે ઝૂલતો હતો ત્યાં પૂ. બાપજીનાં મને દર્શન થયાં ને વાણી સંભળાઈ : 'શું વિચારે છે ? તારે તારાં થોથાં જોવાં નથી અને બીજાને હાથે મરવું છે ?!' આદેશે મને જગાડ્યો. મેં મારાં પુસ્તકો ફેંદવા માંડ્યાં ને એમાંથી દવા મને સૂઝી આવી ! એ દવા બહારગામથી વી.પી. દ્વારા મંગાવી લીધી અને પૂજ્યશ્રીનું સ્મરણ કરીને એ ઉપચાર શરૂ કર્યો ત્યાં થોડા જ દિવસોમાં મારો રોગ સમૂળો શમી ગયો ! આઠેક હજાર રૂપિયા ઉપચારોમાં ખર્ચી કાઢેલા ને પરિણામ શૂન્ય હતું ! માત્ર ૪૦ રૂપિયાની દવામાં ઘેર બેઠાં જીવતદાન મળ્યું પૂજ્યશ્રીના આદેશસંકેતથી ! આ અલૌકિક લીલાના મારા ડૉક્ટરમિત્રો સાક્ષી છે !

પૂજ્ય બાપજીની અંગત સેવાનો લાભ નથી મળ્યો ! પ્રવાસ પણ સાથે કરવાનો કોઈ યોગ નથી ઊભો થયો !

૧૯૬૨માં આશીર્વાદ મેળવવાનો એક અનન્ય પ્રસંગ યાદ આવે છે ! નારેશ્વરસ્થાનમાં જ પૂજ્યશ્રી હતા, શાંતિનિકુંજમાં આરોગ્ય નિરામય નહોતું એથી દર્શનાર્થીઓને કેવળ સવારે ૯-૦૦કલાકે નિશ્ચિત સમય પૂરતો પૂજ્યશ્રીનો દર્શનલાભ મળતો મેં અને મારાં પત્ની ભાનુમતિએ નર્મદાસ્નાન કરી શૂચિર્ભૂત થઈને પૂ. માજીનાં દર્શન કર્યાં ત્યારે મુ. માસ્તરકાકાએ પૂજ્યશ્રીને ખૂબ જ તાવ છે, એવા ખબર અમને આપ્યા. દર્શનેચ્છા મનમાં રહી ! મુ. મોદીકાકાને મળ્યા, ત્યારે પ્રાર્થનાખંડમાં ભજનસેવા માટે જવાની આજ્ઞા કરી. અને ત્યાં જ પૂજ્ય બાપજીએ માસ્તરકાકા દ્વારા અમને તેઓશ્રીની પાસે તેડી બોલાવ્યા ! અમે તો તુર્ત જ ત્યાં પહોંચી ગયાં. હાસ્યવદને પૂજ્ય બાપજીએ અમને આવકાર્યા : 'આવો છોકરાં !' પોતે પગે મલમ ચોપડતા હતા તે જોઈને મારાં પત્નીએ ખબર પૂછ્યા ત્યારે અમને કહે : 'નાથાલાલ એક ઘૂંટડો દૂધ પણ પીવાતું નથી ! પૂ. માજીનાં દર્શન કરવા પણ જઈ શકતો નથી ! કંઈક દવા બતાવો ! મેં કહ્યું : 'આપ તો વૈદ્યોના



વૈદ્ય છો ! હું તો આપની ચરણરજ છું.' ચરણસ્પર્શ કરતો હતો ત્યાં કૃપાળુ સદ્‌ગુરુમહારાજ બોલ્યા : **'માગ ! માગે તે આપું !'** ત્રણ ત્રણ વાર આવા ઉદ્‌ગાર સાંભળી ભાવવિભોર થઈ ગદ્‌ગદ્ કંઠે હું બોલેલો : 'બાપજી, મારે કંઈ જોઈતું નથી ! જનમોજનમ આપની સેવા માંગું છું !' ત્યારે કહ્યું : 'જા ! તારા પર અને તારા કુટુંબ પર મારા સંપૂર્ણ આશીર્વાદ છે.' તેમની પાસે બેસાડ્યો. મારી પત્નીને પણ પાસે બેસાડ્યાં. અમને બંનેને બરડે-માથે હાથ ફેરવીને આશિષ આપ્યા કરે. અમે તો જાણે તંદ્રાગ્રસ્ત સ્થિતિમાં ! આંખોમાંથી અશ્રુપાત ચાલ્યા કરે !

પૂજ્યશ્રીએ ૭-૬-૪૦ના રોજ મારા કાકાશ્રી ડૉ. રતિલાલને ત્યાં વિશ્રામ કરેલો. બીજે દિવસે સવારે આઠ વાગે વિક્ટોરિયા બગીમાં જાળેશ્વર મહાદેવ અને દત્તમંદિર પધારેલા. ત્યારે ત્યાં 'દત્તઃપ્રણતિ'ની સ્વરચિત સ્તુતિ સ્વયં ગાઈ હતી. આ દત્તમંદિર પ્રાચીન છે. દત્તપાદુકા લગભગ છસો-સાતસો વર્ષ પ્રાચીન ગણાય છે. વળી સાંથલથી વિસનગર પ્રથમવાર પધારેલા ત્યારે પણ 'ૐ ગુરુ ગુરુ ૐ અલખ નિરંજન ૐ ૐ'ની ધૂન વીસેક મિનિટ પૂજ્ય બાપજીએ સ્વયં ગવડાવી હતી. કર્ણમંજુલ ભગવદ્‌સૂરની એ ગુંજ આજે પણ એવી ને એવી જ સજીવ મારી ચેતનામાં છે.

ભગવાન દત્તાત્રેય સ્વરૂપ પૂ. શ્રીરંગ અવધૂતજીને કોટિ કોટિ પ્રણામ.

### પ્રા. ડૉ. નારાયણ કંસારા (અમદાવાદ)

પૂ. શ્રી રંગઅવધૂતજી મહારાજશ્રી મારા મામા ડૉ. રતિલાલ હરિલાલ કંસારાના ગુરુ હતા. અને બાળપણથી આશરે પાંચેક વર્ષની વયથી (૧૯૩૭-૩૮થી) દર ગુરુવારે મારી બા સાથે મામાને ઘેર ભજનમાં જતો, ત્યારથી એમને ફોટામાં જોઈને 'ગુરુ' માની લીધેલા. પ્રત્યક્ષ દર્શન તો પૂ. બાપજી વિસનગર પધાર્યા (આશરે' ૧૯૪૦ના અરસામાં) ત્યારે થયેલાં. પણ સીધો કોઈ પરિચય એ ઉંમરમાં ન હતો.

મુ.શ્રી રતિલાલ મામા અને મારી બા સૌ.ગંગાબેન કંસારાની પ્રેરણાથી વિસનગરમાં ઉંદેડી પોળમાં બાપજી પધાર્યા ત્યારે પ્રથમવાર પ્રત્યક્ષ દર્શન થયાં.

આઠેક વર્ષની વયમાં માતાપિતા અને મામા, મામી અને વડીલોને અનુસરીને આનંદિત થતો રહ્યો.



નાનપણમાં આશરે ૧૦ વર્ષની વયે બા-બાપુજી સાથે નારેશ્વર જવાનું થયું હતું. પછી સંસ્કૃતના અધ્યાપક તરીકે ૧૯૭૭, પછી કોઈક વર્ષે સંસ્કૃત અધ્યાપક મંડળના જ્ઞાનસત્ર નિમિત્તે નારેશ્વર ગયો હતો અને પૂ. બાપજીનાં ભજનોમાંથી એક 'ગુરુકૃપા હિ કેવલમ્' ગાયું હતું :

ખૂબ નાનપણમાં જ પ્રત્યક્ષ દર્શન થયાં. સંપર્ક કોઈ રીતે ન થયો. છતાં મનોમન એમને ગુરુ માનીને જીવતો હતો.

પૂ. બાપજીનાં ભજનો મને ખૂબ ગમતાં અને ગમે છે, અને પૂ.મામા જે ઢબથી ગાતા તે ઢબે હું લગભગ બધાં જ ભજનો તાલબદ્ધ અને રાગમાં ગાઈ શકું છું. એ ભજનોનો પ્રભાવ મારા જીવનમાં ખૂબ જ ઊંડો પડેલો છે. જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય અને નિષ્કામ કાર્યનો બોધ તેમાંથી મળતો રહ્યો છે, આજ સુધી.

બાપજી મારે માટે સાક્ષાત્ પ્રગટ દત્તાત્રેય ભગવાન છે.

પૂ.શ્રીના સાયંસ્મરણનો હું રોજ રાત્રે સૂતી વખતે પાઠ કરતો, ૧૯૫૬ સુધી. અને તે દરમિયાન એક દિવસ સૂક્ષ્મ શરીરે સ્થૂળ શરીરની બહાર નીકળીને વિચરવાનો અનુભવ થયો તથા આ દુનિયાના બધા સંબંધો—મા, બાપ, ભાઈ, બહેન વગેરે મિથ્યા છે એવો બોધ થયો. 'નાતે ગોતે સબ સ્વારથકે નિસ્વારથ ગુરુ રાયા,' આ તત્ત્વનો સાક્ષાત્કાર થયો.

પ્રા. નારાયણભાઈ રેવાભાઈ પટેલ, નારેશ્વર

સન ૧૯૫૩, વૈશાખ સુદ પૂનમ

રાતના દસનો સમય હશે. પૂ.શ્રી જૂની ગુફા પાસે આરામ કરી રહ્યા હતા.

આ સમયે નર્મદાસ્નાન કરીને કીમના ફોરેસ્ટ ઑફિસર એકદમ દોડતા ઝડપથી રૂમ પર આવ્યા. કરંડિયામાંથી હાર-પ્રસાદ વગેરે ઝડપથી કાઢવા લાગ્યા. ત્યારે મેં પૂછ્યું : 'અત્યારે, આ હાર, પ્રસાદ ક્યાં લઈ જશો, ભાઈ ?'

ફોરેસ્ટ ઑફિસર : પૂજ્યશ્રીને અર્પણ કરવા. ભાઠામાં પૂ.શ્રી પ્રસન્ન ચિત્તે બેઠા છે. અમે દર્શન કર્યાં.

હું : હેં ! પૂ.શ્રી તો જૂની ગુફા પાસે બેઠા છે. પૂ.શ્રીને તો મૌન છે.

ફોરેસ્ટ ઑફિસર : અરે ! ભાઈ પૂ. શ્રી તો ભાઠામાં બેઠા છે. અમારાં બધાંની ખબરઅંતર પૂછી.



આ પછી એ ભક્તવૃંદ પૂ. મોદીકાકાને મળ્યું. પૂ. મોદીકાકાને આ વાતની જાણ થઈ. તેઓશ્રી બોલ્યા :

*જગન્માટકી શ્રી ગુરુ અષ્ટરૂપધર જાણ;*
*રહી મઢે, સાતેયના ગયા ગામમાં માન !*

('ગુરુલીલામૃત અધ્યાય ૨૭/૧૦૧)

*લીલા એની કો લહે, નારાયણ સાક્ષાત્*
*વિશ્વરૂપ સઘળે કહ્યો, ક્યાં સંખ્યાની વાત.''*


(અધ્યાય ૨૮/૧૦૧)

(નારેશ્વરનો નાદ' મે ૧૯૮૩માંથી)

## પૂ. પિનાકિન ગુરુજી, વડોદરા

વાર અને વર્ષો યાદ નથી ! પણ પૂજ્ય રંગ અવધૂત મહારાજશ્રીને અનેકવાર મળવાનું થયું છે. પહેલાં નારેશ્વર પણ જવાનું બનતું. એકવાર નારેશ્વર ગયેલા ત્યારના બે પ્રસંગો કહું : ખૂબ વહેલી સવારે અમે (મારા સાથીઓ) સ્નાન માટે નર્મદાજી જતા હતા. ઓવારે પહોંચ્યા હોઈશું અને દૂર રેતીમાં અમે મગર જેવું જનાવર જોયું ! ખાત્રી થઈ એટલે અમે નીચે ન્હાવા ઊતર્યા નહિ અને પૂજ્યશ્રીને ખબર આપવા પાછા વળ્યા ! પૂજ્યશ્રી તેઓશ્રીના નિત્ય નિયમ પ્રમાણે સ્નાન કરવા માટે નદીએ જ જતા હતા. એટલે અમે તુર્તજ તેઓશ્રીને રોકાઈ જવા વિનંતી કરી ! તેઓશ્રીએ જણાવ્યું કે તે આપણને કશું નહિ કરે ! ચાલો આપણે આગળ વધીએ અમે સાથે જ ગયા. જેવા ઓવારો ઊતર્યા તેવો જ પેલો મગર જળમાં સરકી ગયો ! પૂજ્યશ્રીએ જણાવ્યું કે મા નર્મદાનું જ એ રૂપ હતું ! આપણને દર્શન આપીને તેઓ તેમનાં જલસ્વરૂપમાં જતાં રહ્યાં ! કેવો અભય અને એકત્વનો ભાવ હતો !

બીજો પ્રસંગ : પૂજ્યશ્રી કુટીર પાસે ખુરશીમાં બેઠેલા હતા. અંધારું હતું. કોઈ શ્વેતવસ્ત્રધારી સ્ત્રી તેઓશ્રીની પાસે આવી અને ખુરશીને સ્પર્શ કરી બેસી ગઈ ! કેટલાકે આ જોયું અને મુ. મોદીજીને વાત કરી ! (મુ. મોદીજી પૂજ્યશ્રી પાસે પહોંચ્યા. આ જ ઘટનાનું પુનરાવર્તન થયું મોદીજી પણ હાજર અને સન્નારી અદૃશ્ય થઈ. ત્યારે પૂજ્યશ્રીએ સૌને વિસ્મય-ચકિત કરે તેવો સ્ફોટ કર્યો ! : તે સન્નારી સ્વયં મા નર્મદાજી હતાં ! તમે સૌ વિશુદ્ધ દૃષ્ટિ રાખો તો દર્શન થઈ શક્યાં હોત !!



ત્રીજું સ્મરણ : શ્રી જહાંગીરસા મહેસૂરવાલા, શ્રી હિંમતલાલ દવે, પૂ. કેવલાનંદજી અને મારી જોડી. નારેશ્વર સ્થાનમાં તેમજ વડોદરા અને અન્યત્ર અલગારી ગોષ્ઠી માટે અવારનવાર મળતા. એકવાર પૂજ્યશ્રી 'દત્તબાવની' વિશે વાત કરતા હતા. 'દત્તબાવની'માં બાવન લીટીઓ કેમ છે ? એને મેં 'બાવની' કેમ નામ આપ્યું છે?' એમ પૂછી પછી સ્પષ્ટતા કરેલી કે પત્તાની રમત રમીએ છીએ તેમાં કેટલાં પત્તાં હોય છે ? બાવન ! તો આપણું જીવન પણ બાવન પત્તાની રમત જેવું છે. એ બાવનની બહાર લઈ જાય, જીવનને ઉજાળે એવી રમત તે 'બાવની'! શ્રી દત્તાત્રેયની ઉપાસના એટલે 'દત્ત'-જેણે આ બધું આપ્યું છે, તેની ઉપાસના ! દત્ત એટલે આપણે સ્વયં. આપણે ઈશ્વરે આપેલાં છીએ ! એટલે આપણે સૌ દત્ત છીએ. દત્તનાં ત્રણ મુખ છે. સર્જન, સંરક્ષણ અને સંહારની ક્રિયાના કરનાર ત્રિદેવતાનું પ્રતીક દત્ત. આપણા જીવનમાં આપણી ત્રણ અવસ્થા છે : બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા. બાલ્યાવસ્થા સર્જનકાળ છે; યુવાવસ્થા સંરક્ષણકાળ છે; અને વૃદ્ધાવસ્થા સંહારકાળ છે. દત્તોપાસનાનો આ મર્મ છે, એમ પૂજ્યશ્રીએ સમજાવેલું. તેથી દત્તોપાસના કોઈ સાંપ્રદાયિક ધર્મ નથી. એ યોગમાર્ગ છે. દેહાવસ્થાઓની પ્રક્રિયાને અંતર્મુખ રહીને અનુભવવાની છે અને એ રીતે નિત્ય સ્વરૂપમાં રમવાનું છે.

પૂજ્યશ્રીનું સાહિત્ય ગહન છે. 'શ્રી ગુરુલીલામૃત' ગ્રંથ જ્ઞાન, કર્મ અને ઉપાસનાના મર્મોને સુગમ કરાવે છે. ત્રણે માર્ગો દ્વારા યોગની પ્રક્રિયામાં જવાય છે. યોગની ગહન વાતો પૂજ્યશ્રીએ એમાં નિરૂપી છે. 'એવો દિ દેખાડ, વ્હાલા ! એવો દિ ઉગાડ!' ભજન પૂજ્યશ્રીનું રચેલું મારું પ્રિય ભજન છે. પૂજ્યશ્રીએ મને તેનો ગાવાનો રાહ બતાવેલો. હું એ ભજન ગાઉં ત્યારે પૂજ્યશ્રી પ્રસન્નતા પ્રગટ કરે. તેઓશ્રીનો કંઠ મધુર; તેઓ સંગીતજ્ઞ પણ ખરા જ.

એક અભય યોગી, જ્ઞાનીભક્ત તરીકે મારા અંતઃકરણમાં તેઓશ્રીનું નિત્ય સ્થાન છે. આપણે બડભાગી છીએ કે આવી વિભૂતિઓનું સાન્નિધ્ય આપણે મેળવી શક્યા છીએ.

પૂ. રંગ અવધૂતજી અઘોરી અવધૂત નહીં જ. અઘોરી જેવા પડી ન રહેવાનું અને કૌપીન ધારણ કરે એટલે નાગાબાવા પણ નહીં જ. તેઓશ્રીએ પોતે જ 'અવધૂત'નો અર્થ અમને સમજાવેલો : 'અવધૂત' એટલે અવધથી ઉત રહેનારો ! સીમાઓથી ઊફરો રહેનારો. સીમાંકનો




તોડી સીમોલ્લંઘન કરનારો; પણ સ્વચ્છંદીના અર્થમાં નહીં જ ! દત્તાનંદમાં જીવનારો એ પુરુષ હોય. ઈશ્વરી લીલારૂપે જ જીવનના શ્વાસોને માણનારો જીવ તે અવધૂત છે. અમારી સાથે દત્તાનંદ નામના એક સન્યાસી પણ આવતા ત્યારનો આ વાર્તાલાપ. તેમને પૂજ્યશ્રીએ 'ગુરુદેવ દત્ત'મંત્ર આપેલો. તેઓશ્રીએ 'દિગંબર'નો અર્થ સમજાવ્યો, આ પ્રમાણે : દિગંબર એટલે નાગો-પૂગો, નિર્વસ્ત્રી એવો અર્થ નથી ! 'દિગંબર' એટલે દિશાઓ જેનું વસ્ત્ર છે તે. દિશાઓના આવરણથી જે દેખાતો નથી તે; દિશાની બહાર, અવધની બહારનો અને અવધમાં ઢંકાયેલો રહેતો તે દિગંબર પરમપુરુષ છે.

પૂજ્યશ્રીની વિશેષતા મને સ્પર્શી ગયેલી છે તે તેમનું અભયત્વ. ઈશ્વર-સમર્પિત રહેવું એટલે નિર્ભયત્વ અને અભયત્વ જીવદશામાં ઉઘડતું આવે જ. શાસ્ત્રોની વાત, અધ્યાત્મની વાત, ઉપાસનાની વાત એવા નર્મ-મર્મથી કહે કે એમાં પણ નિર્ભયત્વની કેળવણી સહજ આપણે પામતા રહીએ. ઉપાસનાના વિધિનિષેધોથી ગભરાવાનું જરાયે તેઓશ્રીને ગમે નહીં ! સરળતા માટેનો આગ્રહ; એ જ નિર્ભય થવા માટેનો રાજમાર્ગ, જીવનમાં અને ભક્તિમાં પણ ! એમ સમજાવે.

'નર્મદા'નો અર્થ આ પ્રમાણે સમજાવેલો : નર્મદા એટલે સંસાર ! 'નર્મદા'માં નર અને માદા બે શબ્દો આવે છે ને ! 'નર્મદા' શબ્દ દ્વારા, આમ, સમગ્ર, બ્રહ્માંડનોય સંકેત છે ! 'નર્મદા'નો મહિમા મોટો છે. ગંગામાં સ્નાન કરવાથી પુણ્ય મળે; જમનાનું પાન કરવાથી પુણ્ય મળે; જ્યારે નર્મદાનાં તો દર્શન જ પવિત્ર કરે ! એમ કહીને વાતને પરિક્રમાની સાથે જોડી આપે ! દર્શન સતત થયા કરે, એ દ્રષ્ટિએ નર્મદા પરિક્રમા સંતજીવન માટે ઉપકારક ગણાયેલી છે, એમ સમજાવે. આપણા મનમાં ઘર કરી ગયેલા જાત જાતના ભયોને નિર્મૂળ કરવા માટે સરળ વ્યાખ્યાઓ કરે ને જીવનના મર્મને હૃદયમાં સીંચે.

પૂ. કેવલાનંદજી એક પ્રસંગે કહે, 'અવધૂત પહોંચે હુએ હૈં. મૈં બીચમેં હૂં. ઓ સમુદ્ર બન ગયા હૈ ? ઈસસે તરંગ બનકર બહાર નહીં આયેંગે !

ન્યૂ ગ્રેઈટ ઈન્ડિયા કંપનીમાં હું સર્વિસ કરતો; ત્યારે કંપનીના મેનેજર શ્રી ભાસ્કરરાય વીણ અને હું નારેશ્વર ગયેલા. ઑફિસની ચાવીઓ અમારી સાથે, અને અમે નારેશ્વર જઈએ છીએ, એવી કોઈને ખબર આપેલ નહીં. પૂજ્યશ્રીનાં દર્શન કરીને અમે વડોદરા પરત આવવા



રજા માંગી. ત્યારે આગ્રહ કરી રોક્યા. બે દિવસ રોકાવાનું જણાવ્યું, ત્યારે અમે ખુલાસો કર્યો કે ઑફિસની ચાવીઓ અમારી પાસે છે; આવતી કાલે ઑફિસ તો ખોલવી જ પડે ને ?! કોઈ બીજા પાસે ઑફિસની ચાવીઓ રહેતી નથી! ત્યારે વિનોદ કરી મર્માળું બોલ્યા : 'ઓહ ! ચાવી તમારી પાસે છે, તો તો બહુ સારુ કહેવાય! આજકાલ તો કોઈની પાસે ચાવી હોતી જ નથી!' ત્રીજે દિવસે અમે વડોદરા પહોંચ્યા. ઑફિસમાં ગયા ત્યારે ઑફિસ તો ખુલ્લી જ; કર્મચારીઓ હાજર, કામ બરોબર ચાલે ! ત્રણેય દિવસ કામ ચાલેલું ! અમને કોઈએ ઑફિસમાં કશુંય પૂછ્યું પણ નહીં કે બે દિવસ ક્યાં હતા ? કેમ દેખાયા નહિ ? વગેરે. શ્રી વીણ સાહેબે જણાવ્યું કે ચાલો આપણે નારેશ્વર પાછા જઈ આવીએ, અને પૂજ્યશ્રીને આ અનુભવ નિવેદિત કરીએ ? મેં ના કહી. હવે ના જવાય. કામ થઈ ગયું ! પૂજ્યશ્રીએ સ્વયંની વાક્‌સિદ્ધિનો અમને આ પ્રસંગ દ્વારા અનુભવ કરાવ્યો હતો ! ઈશ્વરી શબ્દો, અગત્યના શબ્દો જ ઉદ્‌ગારે. ખબર પૂછે ખરા, વ્યાવહારિક વાતો પૂરતા, બાકી બીજું નહીં. મર્મલક્ષી વાતોનો લ્હાવો લેવાની મઝા આવતી. એક વાર એક મુલાકાતી આવેલા. તે પૂજ્યશ્રીને કહે 'મારે ઇશ્વર મેળવવા છે ! ઇશ્વર જોઇએ છે ! મેળવી આપો !' ત્યારે કહે ''તારી પાસે બેઠો છું. હું તો જંગલમાં છું. મારી પાસે ઇશ્વર સિવાય છે શું ?

એકવાર એક ભક્ત દર્શન માટે આવેલા. પોતાના સંતાનનું નામ દત્તાત્રેય રાખેલું. અને પૂજ્યશ્રીના ચરણોમાં બાળકને મૂકીને કહે કે 'પૂજ્યશ્રી ! આપના ચરણોમાં મૂકું છું ! આપનું કૃપાફળ છે ! વગેરે. ત્યારે પૂજ્યશ્રીએ વિનોદ કર્યો : 'ચરણોમાં મૂકીશ તો રાખી લઇશ !' ત્યારે પેલા ભક્તે તુર્તજ ફેરવ્યું, 'બાપજી ! હું તો આપનાં દર્શન કરાવવા લાવ્યો છું !'

પૂજ્યશ્રીની માતૃભાષા મરાઠી. અને વિપુલ-સમૃદ્ધ સાહિત્ય ગુજરાતી ભાષામાં રચ્યું. કેવો દૈવીયોગ! ગુજરાતના પૂ.ગાંડા મહારાજ; તેમણે મરાઠીમાં 'ગુરુમૂર્તિચરિત્ર'નો ગ્રંથ રચ્યો. દૈવીલાલા અકળ રહેવાની.

પૂ. તરટે બાબા (તાત્યાબાબા તરીકે જાણીતા) ગરુડેશ્વરમાં રહે. પૂ. સ્વામીમહારાજના જ શિષ્ય. પૂ. બાપજીના ગુરુબન્ધુ કહેવાય. ગાલીપ્રદાન ખૂબ કરે ! અરે, પોતાના ગુરુને પણ ક્યારેક ગાલીપ્રદાન



કરી દે ! નદી કાંઠે રહે તોય ટબમાં ન્હાય! કહે : 'ગાલીપ્રદાન થી કિ નલી ! ગાલી મહાયંત્ર !-ગાલી આપીશ તે તમને પકડશે ! પગથી માથા સુધી તમને અડી જશે ! આ મર્મ ગાલીપ્રદાનનો. પ્રભુનું નામ એવું ઉત્કટતાથી તમને ક્યાં અડે છે ? એ ઊણી વૃત્તિ સાથેનો નિર્દેશ ગાલીપ્રદાનથી કરવાની રીત! તેમનો એક સોમનાથ નામનો ભક્ત. નાળિયેરના કોચલામાં પાંચ પેંડા લઈને આવેલો ! ત્યારે બોલ્યા : પાંચકા તો હિ ખેલ હૈ યહ! સોમાભાઈની લકડપીઠાની દુકાન હતી. સ્થિતિ ગરીબ. દીકરીને પરણાવવી હતી. કરિયાવરમાં સોનું આપવાનું આવે ને એવી કોઈ સ્થિતિ નહીં: મૂંઝવણ સોમાભાઈએ સ્વામીની પાસે રજૂ કરી. કઢાઈ મંગાવી સ્વામીજીએ પીશાબ કર્યો ને એમાંથી સોનું બનાવી પ્રસંગ ઉકેલી આવ્યો. આવી શક્તિવાળા. પૂજ્યશ્રી રંગ અવધૂતજીના સમકાલીન. વડોદરાની આસપાસ પૂજ્યશ્રીના સમકાલીન મહાપુરુષો હતા. હિંમતલાલ દવે, વલાદના સ્વામી માધવતીર્થ અને જહાંગીરશા મૈસુરવાળા અને હું ખૂબ મળતા ને પૂજ્યશ્રીની કૃપા માણતા.


## શ્રી પ્રાગજીભાઈ મિસ્ત્રી (રાજપીપળા)

સૌરાષ્ટ્રના સાવરકુંડલા પાસેના આંબા ગામને (લીલિયા) છોડીને પિતાશ્રી લક્ષ્મણભાઈ સાથે મારી સાત વર્ષની ઉંમરે રાજપીપળા આવ્યાનું સ્મરણ છે. અહીં કિશોરાવસ્થાથી જ મને સાથી મળ્યા શ્રી શિવપ્રસાદ જોષી. તેમના દ્વારા પૂજ્યશ્રી સાથે પ્રથમવાર પરિચય થયો.

સુથારીકામ સૂઝથી કરું. નારેશ્વર જવા-આવવાનું થયા કરે ને પૂજ્યશ્રી પ્રત્યે ભગવાનભાવ થયા કરે. શરૂઆતમાં તો કોઈ બાવા છે, એવો વિચાર આવે, પણ નારેશ્વર જઈને અવધૂતી ફકીરી જોઈ એટલે દર અઠવાડિયે નારેશ્વર જવા માંડ્યું. જોષીજી, શિવશંકરભાઈ ત્રિપાઠી, નંદલાલ અને હું સાથે નારેશ્વર જઈએ.

જૂની ધર્મશાળા પરનું ધાબુ બાંધવાની જવાબદારી મેં લીધેલી. મટીરિયલ સિવાયનો ખર્ચ એક પણ પૈસો ન લેવાની સ્વયં પ્રેરણા થયેલી અને તે સેવાનો અનન્ય લાભ પૂજ્યશ્રીની કૃપાથી મળ્યો. પછીથી તો અતિથિગૃહ, ઉપાસનાગૃહ, રંગકુટીર જેવી ઇમારતોના નિર્માણમાં સહયોગ આપી શકાયો. એમ પૂજ્યશ્રીની અનહદ કૃપા. મીશનરી સ્પિરિટ જ જાણે મારી પાસે કામ કરાવે; સ્ફૂર્તિમાં લાવે !

હું બાપજી પાસે બહુ ઓછું બેસું ! એમની પાસે બેસી રહી



એમની વાતો મેં સાંભળી નથી ! ભજનમાં બેસી ધૂન બોલવાનું પણ મેં બહુ કર્યું નથી ! બાપજી સાથે ફોટા પડે, મને કોઈ ઓળખે એવી વૃત્તિઓથી હું આઘો જ રહી શક્યો તેય પૂજ્યશ્રીની કૃપા.

મને મારી સૂઝ પ્રમાણે કામ કરવાનું સેવાક્ષેત્ર નારેશ્વરમાં મળ્યું એ મારું સદ્‌ભાગ્ય; એ જ મારે માટે પૂજ્યશ્રીની પૂજા હતી. મુ. મોદીજીને અમસ્તો વિચાર આવે કંઈ બાંધકામ સ્થાનમાં કરવા માટે ને વાતો થાય કે મને તાલાવેલી લાગે કામ ક્યારે હાથ ધરું ! કરકસર અને કાયમપણાની મજબુતાઈ આ મારા વ્યવસાયજીવનના માપદંડો મેં રાખ્યાં.

પૂજ્યશ્રીએ મને 'વિશ્વકર્મા' જાણે બનાવી દીધો. કેવી અનહદ કૃપા ! પૂજ્યશ્રીનું સૂચન આવે ને હું કોઠાસૂઝથી તેઓશ્રી રાજી થાય એવું નિર્માણ કરી શકતો ! પ્રથમવાર દત્તપ્રભુની પાલખી કાઢવાનો ઓચિંતો પૂજ્યશ્રીએ નિર્ણય પ્રગટ કર્યો ને દત્તપ્રભુની પાલખી મેં તૈયાર કરી દીધી !

મને પૂ.બાપજી કરતાં પૂજ્ય માજી સાથે વધારે ગોઠે. હું મારું હૈયું પૂજ્ય માજી પાસે ઠાલવી શકું, પૂજ્ય બાપજી પાસે નહિ ! પૂજ્યશ્રી સાથે બહુ જ ઓછું બેસું; પૂ. માજી પાસે કલાકો સુધી બેસું ! પૂજ્ય માજીને તો હું યાત્રાએ લઈ જઈ શકેલો. પૂજ્યશ્રીનો એટલો વિશ્વાસ હું રળી શકેલો એ મારું સદ્‌ભાગ્ય સમજું છું.

રાજપીપળાના રેલવે સ્ટેશન પાસેની અમારી શાકભાજીની વાડી. પૂજ્યશ્રીએ ત્યાં મુકામ કરી અમને ધન્ય કર્યાં છે.

એકવાર પૂજ્યશ્રીએ મને બોલાવ્યો. કહ્યું કે હાલ ને હાલ રાજપીપળા જાવ. ત્યારે એક વાક્ય બોલેલા : 'મિસ્ત્રી લીલું બળી જાય, ને સૂકું રહી જાય !' આ બોલનો અર્થ મને તો ન સમજાયો; પણ હું આજ્ઞા માથે ચઢાવી રાજપીપળા પહોંચી ગયો ! ઘેર પહોંચ્યો ત્યારે ત્યાં પડોશમાં પીઠામાં આગ લાગેલી જોઈ ! મારું બધું જ બચી ગયેલું ! આ નજરે જોયું ત્યારે અક્કલ આવી કે આગ પડોશમાં લાગી હતી છતાં પૂજ્યશ્રીની મહેરથી મારી લાકડાંની લાટીને કોઈ આંચ નથી આવી '

રાજપીપળામાં હોઉં ત્યારે નારેશ્વરમાં કંઈક કામ સેવા છે, એવો ભણકારો મને આવે, પૂજ્યશ્રીનાં દર્શન થાય અને હું તુર્તજ નારેશ્વર આવી પહોંચુ અને કામસેવામાં લાગી જવાનું થાય !

પૂજ્યશ્રીની આજ્ઞા મેળવીને તેઓશ્રીની કૃપાથી જ નર્મદાજીની ખંડ-પરિક્રમા કરી શક્યો.



## પૂ. પ્રેમ અવધૂતજી (લીંચ)

ચૈત્ર સુદ-પાંચમ, વિ.સં. ૨૦૦૬ (ઈ.સ. ૧૯૫૦)ના દિવસે નારેશ્વર-સ્થાનમાં જ પૂજ્યશ્રીનાં દર્શન કર્યાં. મારા સ્વજન મુ. ભોગીમામાએ મારી ગુરુઝંખનાને જાણીને પૂજ્યશ્રી વિશેનો પોતાનો છાણી ગામે (વડોદરા જિલ્લો) રંગ-જયંતી ઊજવાયેલી તે વખતનો પ્રસંગ કહેલો. તે પ્રસંગે મામાએ સ્વયંસેવક તરીકે ફરજ બજાવેલી (ઈ.સ. ૧૯૫૦) શ્રીમંત મુલાકાતીઓની સાથે પૂજ્યશ્રીનો વાર્તાલાપ વ્યવહાર અને સામાન્યજનો દર્શન કરે ત્યારે કેવળ ૐનો જ ઉચ્ચાર-વ્યવહાર તેમના ધ્યાનમાં આવ્યો ને મનોમન બોલ્યા કે પૂજ્યશ્રી પાસેય શ્રીમંતોની જ બોલબાલા છે આવો ભેદ મહારાજના મનમાં કેમ હોઈ શકે ? તે જ રાત્રે પૂજ્યશ્રીનાં સ્વપ્નદર્શન થયાં. પૂ.શ્રીએ તેમને કહ્યું "મારી પાસે બધા જ સરખા છે. પરિચિત હોય તો વાત કરું; પણ તેથી બીજા અપરિચિત હોય તેને અન્યાય કરું છું, તેમ નથી ! દર્શનથી દરેકને સંતોષ થાય છે. ખાત્રી કરવી હોય તો તેમને પૂછી લેવું. પોતાના મનની વાત પૂજ્યશ્રીએ જાણી લીધી, એવી સ્વતઃ પ્રતીતિ થઈ ને ત્યારથી તેમણે પૂજ્યશ્રીને પોતાના ગુરુસ્થાને બેસાડી દીધા ! પૂજ્યશ્રીની છબી (સંભવતઃ ઝઘડિયા મુકામે લેવાયેલી) મને બતાવી. છબીમાં આંખો ભાળીને હું આકર્ષાયો. 'મહારાજ પૈસાને સ્પર્શ કરતા નથી. મનની વાત જાણી લે છે, તારી માન્યતા પ્રમાણે જ છે. આ શબ્દો મુ. મામાએ મને કહ્યા, એટલે મહારાજશ્રીનાં દર્શન કરાવવા મેં મામાને જણાવ્યું. થોડા દિવસો વીત્યા ને ચૈત્ર સુદ ૫ વિ.સં. ૨૦૦૬(ઈ.સ.૧૯૫૦)ના રોજ હું મુ.મામાશ્રી અને તેમના શિક્ષક મિત્ર કાન્તિભાઈ નારેશ્વર ગયા. માલોદ સ્ટેશને ઊતરી, પગે ચાલીને અંધારું થયે અમે નારેશ્વર આશ્રમમાં પહોંચ્યાં નર્મદાસ્નાન કરી, અંધારે અંધારે જ મહારાજશ્રીનાં દર્શને પહોંચ્યા. દર્શન કરતાં જ મારાથી યુવાનીના બળે પૂછાઈ ગયું : 'બાપજી મારે આપની આંખ જોવી છે!' પૂજ્યશ્રીએ પ્રેમાળ અવાજમાં કહ્યું, "ભાઈ મને આંખે રૅટીના ડીટેચમેન્ટ છે! મારાથી પ્રકાશ જોવાતો નથી ! માટે કાલે સવારે રેલવે સ્ટેશને આવજો; ત્યાં આંખો જોવાશે. પૂ.શ્રી ગાણગાપુર વગેરેનો પ્રવાસ કરીને આવેલા અને આરામ માટે ક્યાંક



જવાના હતા. બીજે દિવસે સવારે અમે ત્રણે સ્ટેશન ગયા. પૂ.શ્રી નારેશ્વરથી નાવડીમાં કોરલ જઈ ત્યાંથી માલોદ સ્ટેશને રેલ ગાડીમાં આવી પહોંચ્યા. પૂ. બાપજીવાળા રેલવેના ડબ્બામાં ઑફ સાઈડથી અમે ચઢયા. અને ફલોર પર બેસી ગયા. સવારનાં સૂર્યકિરણો પૂજ્યશ્રી ઝીલતા હતા. મુખારવિંદ ખૂબ જ દેદિપ્યમાન હતું. મુ.મામાશ્રીએ તેઓશ્રીની સાથે વાતચીત કરી લીધી. તેમની સાથેની વાતચીત દરમિયાન પૂજ્યશ્રી મારી સામે દૃષ્ટિપાત વારંવાર કરતા. આંખોનાં દર્શન પંદર મિનિટ સુધી ધરાઈને હું કરી શક્યો હતો.


રેલવે સ્ટેશન માલોદ પરનાં દર્શનનો પ્રભાવ ઘેરો. વધુમાં વધુ પૂજ્યશ્રી પાસે રહેવાનું મન થયું. કાયમ તેઓશ્રીનાં દર્શન થયા કરે તેવી તીવ્ર ઈચ્છા થઈ. અવારનવાર તેથી નારેશ્વર જવાનું શરૂ કર્યું. મનનું ખેંચાણ અદ્ભુત હતું. ગુરુ વિના જ્ઞાન કે મોક્ષ ન મળે, એવા ગળથૂથીના સંસ્કારોએ ગુરુપ્રાપ્તિની ઝંખના ઉત્કટ. છેક છ વર્ષની ઉંમરે મારાં માને ભગવાન-દર્શન કેવી રીતે થાય તે માટે પ્રશ્ન પૂછ્યાનું બરોબર યાદ છે. 'નમો ભગવતે વાસુદેવાય'નો જાપ કરવા મારાં મા શાંતાબાએ કહેલું ને તે અનુસાર જપ શરૂ કરેલા. ધોરણ સાત સુધીનો અભ્યાસ કરી વસાઈ સંસ્કૃત ભણીને યજનમાનવૃત્તિના કૌટુંમ્બિક વ્યવસાયમાં જોતરાઈ ગયેલો! યજમાનવૃત્તિમાં લોભ ન રાખવો ને ભગવાનથી બીવું એ બે સૂત્રો પૂ.પિતાશ્રીએ આપેલાં. નાનકડી દુકાન હતી, તે પણ સંભાળતો. આજે પણ મારા દીકરાઓ યજમાનવૃત્તિ કરે છે, પણ તે પેલાં સૂત્રોને આચારમાં રાખીને જ. પાત્રતાથી વધુ કશુંય દાન-દક્ષિણામાં આવે તો તે તેઓ નમ્રભાવે પરત કરી દે છે. યજમાનને કર્મવિધિથી સંતોષ થાય, એ જ ભાવથી મેં એ વ્યવસાય કરેલો ને આજે મારા દીકરાઓ તે જ પ્રમાણે કરે છે, એનો મને સંતોષ છે. આ ભૂમિકામાં ગુરુપ્રાપ્તિની ઝંખના ખૂબ જ ઉત્કટ થતી ગઈ. દિવસો ને રાતો આર્તભાવે નાના બાળકની જેમ પ્રાર્થનાઓ થઈ છે; રામનામના કરોડ જેટલા જપ થયા હશે. મારા મિત્ર મૂળજીભાઈ સાથે મારી અગિયારની વયે સંસાર ત્યાગવૈરાગ્યની સંગોષ્ઠીઓ ચાલતી. ૧૧ વર્ષની વયે ગૃહત્યાગ કરીને સૂરપાણેશ્વરની ઝાડીમાં જતા રહેવાનું પણ વિચારેલું !! દર અધિક માસમાં અમારા ગામમાં બિહારના મુંઘેર જિલ્લાના નારેપુર બછવારા ગામના એક રામાનંદી સાધુ શ્રી સીયારામ દાસજી પધારતા. તેઓ ભૂતપૂર્વ રાષ્ટ્રપ્રમુખ રાજેન્દ્રબાબુના જેલસહવાસી.



ખૂબ વિદ્વાન. કથાવાર્તા સત્સંગથી થતા દ્રવ્યોપાર્જનથી સદાવ્રત બિહારમાં ચલાવે. તેઓશ્રીએ મારી પાસે રોજ અર્ધો કલાક ગાયત્રી, કલાક સમાજસેવા અને એક કલાક ધાર્મિક ગ્રંથો વાંચવાનો નિયમ લેવડાયેલો. એ સંસ્કારે મારું વાચન સારું થઈ શક્યું. ગામ લોકોએ 'જ્ઞાનેશ્વરીગીતા' મારી પાસે સાંભળવાનો આગ્રહ કર્યો. ૧૩ વર્ષની મારી વયે આ કાર્ય થયેલું ! કર્મકાંડનો અભ્યાસ વસાઈ (ડાભલા)માં કર્યો; જરૂરી વેદ-ઉપનિષદનું અધ્યયન પણ થઈ શક્યું છે. રામાનંદી સાધુને, ત્યારે સદ્‌ગુરુ તરીકે સ્વીકારવાનું મનનું વલણ થયેલું પણ પૈસા ભેગા કરવાની તેમની પ્રવૃત્તિ ગમતી નહિ. ૧૮ વર્ષની વયે ગૃહસ્થી જીવન શરૂ થયેલું ! તોય ગુરુ ગોતવાની ઝંખના એવી હતી કે ત્યારે ભગવાન સમક્ષ નિવેદન કરેલું, "જો ત્રીસ દિવસમાં ગુરુ નહિં મળે તો જિંદગીભર ગુરુ નહીં કરું !" મારા મામાને આ તાલાવેલીની ખબર અને સમય પાક્યો એટલે સદ્‌ગુરુ મુ. મામા દ્વારા મળી ગયા.

નારેશ્વર વારંવાર જવાનું કર્યું. આકર્ષણ સદ્‌ગુરુ પરત્વેનું અનેરું, અવર્ણનીય. પૂજ્યશ્રીનાં દર્શન વારંવાર કર્યા કરું; પણ બેસી ન રહું ! સ્થાનની સેવા શોધીને કરું. વિ.સં. ૨૦૦૮ (ઈ.સ. ૧૯૫૨)માં પૂજ્યશ્રી માટે સંડાસ સુધી રસ્તો ઠીક કર્યો; બેઠકવ્યવસ્થા સુધારી. સેવા ફક્ત સ્થાનની જ નહીં, મુ. પૂ. મોટીકાકા, મુ. માસ્તરકાકા અને અન્ય કોઈપણની જરૂરિયાત પ્રમાણે કરતો; એક જ વિચારમાં હું રત રહેતો : 'પૂ. શ્રીને શું ગમશે ! એમને ગમતું શું કરું ?' ૬૦મી રંગજયંતીનો પ્રસંગ યાદ આવે છે : મારી સેવાવૃત્તિને પૂ.મોટીકાકાએ મોકળા મને વિકસાવી ! ઉત્સવપ્રસંગે કોઈ એક નિશ્ચિત સેવાકાર્ય ન સોંપતા જ્યાં જરૂર જણાય તે કરવાનું સૂચન તેમણે કર્યું ! મારા લીંચના બે સાથીઓને સાથે રાખીને સેવાકાર્ય કરવાનો આનંદ લૂંટતો. મુ. માસ્તરકાકાએ પણ મારો હૃદયભાવ વિકસાવવા પૂજ્યશ્રીની પાસે સેવામાં રહેવાની સુવિધાઓ આપી. મુ. ભોગીમામા ગુરુપૂર્ણિમાએ નારેશ્વર આવે, ત્યારે તેમને ત્યાંના પૂ.શ્રીના છબીસ્વરૂપને મને ભળાવતા, ત્યારે મને આનંદ થતો.

પૂજ્યશ્રીની સેવામાં રહેવાના પ્રસંગોનું સ્મરણ સંકીર્તનભાવે કરવાનું ગમે છે. પૂજ્યશ્રી સાક્ષાત્ પરમાત્મા છે, ભગવાન છે, એવી આત્મપ્રતીતિની વાતો કરવાનું કોને ન ગમે ? સાંનિધ્ય અને સહવાસના



અનેક પ્રસંગોથી સર્વ સમર્પણભાવ કેળવાતો ગયો ને અલૌકિક પ્રેમના જગતમાં નિમજ્જિત રહેવાનું સદ્‌ભાગ્ય સૌની સાથે રહીને ભોગવું, એવી ભાવનાથી આ વાતો કરું. 'શ્રી રંગલીલામૃત'માં ગુરુબન્ધુ શ્રી ગોવિંદભાઈએ આવા પ્રસંગોનું નિરૂપણ કર્યું છે.

ઉનાળાના દિવસોમાં પૂજ્યશ્રી આરામના સમયે તરસ લાગે ત્યારે લીંબુ-પાણી પીતા. એક દિવસ સ્થાનિક સેવકે લીંબુપાણી તૈયાર કરીને મૂકવાને બદલે લીંબુ, ચપ્પુ અને પાણી મુકેલાં ! બપોરને સમયે તરસ લાગતાં તેઓશ્રીએ લીંબુ લઈને કાપવાનો પ્રયત્ન કર્યો. પરમાત્મામાં લીન ચેતનાએ આવી વ્યાવહારક્રિયામાં પ્રવૃત્ત થતાં લીંબુ ખસી ગયું ને આંગળી પર ચપ્પુની ધાર પેસી ગઈ ! કોઈનેય જાણ કર્યા વિના પોતે નળ નીચે વહેતા પાણીમાં આંગળી રાખી; લોહી બંધ થયું. એટલે નળ બંધ કરી આરામ કરવા માંડ્યા. આરામ બાદ આંગળી બતાવી મને કહે કે જો આ વાગ્યું ! ઘા ઊંડો જોઈ હું ચિંતિત થયો. ઘણું વધારે વાગ્યું છે, એવું હું બોલ્યો ત્યારે કહે : 'શું દવા કરીશું ? મેં દીવેલ ચોપડવાનું કહ્યું, જેથી ધનુર ન થાય. પૂજ્યશ્રીએ ઉપચાર માટે હા પાડી. ગુફાની બહારની નીકમાંથી બોરસલીના ઝાડ સુધી લાલ પ્રવાહી જોયું,ત્યારે જ ખ્યાલ આવ્યો કે કેટલું બધું લોહી વહી ગયું હશે ! મેં મુ. મોદીકાકા અને પૂ. માજીને જાણ કરી દવાઓ લઈને મોદીકાકા તુર્ત જ આવી પહોંચ્યા, પણ પૂજ્યશ્રીએ દવાઓની ના કહી અને કહે કે આજે તો બચુની દવા કરવાની છે ! બીજે દિવસે રાજપીપળાથી એક ભક્ત આવ્યા ને ચિંતિત અવાજે નિવેદન કરવા લાગ્યા કે પ્રાગજી મિસ્ત્રીનો દીકરો લાકડાં વહેરવાનાં મશીનમાં આવી ગયો ! પણ કેમ જાણે તે આખો જ બહાર ફેંકાઈ ગયો, અને અદ્‌ભુત રીતે બચી ગયો છે ! પૂજ્યશ્રી બોલ્યા : 'ભગવાન ગુરુમહારાજ કેટલા દયાળુ છે ! મારા ચિત્તમાં ઝબકારો થયો : 'ઘણું વધારે આંગળીને વાગ્યું છે, એવું હું જ્યારે બોલેલો ત્યારે પૂજ્યશ્રીના ઉદ્‌ગાર હતા : 'મારી આંગળી કપાઈ પણ કોઈનું માથું કપાતું રહી ગયું !' પ્રાગજીભાઈના દીકરાને નડેલા અકસ્માતનો સમય અને પૂજ્યશ્રીની આંગળીએ થયેલી ઈજાનો સમય એક જ હતો ! ભક્તની રખેવાળી ગુરુમહારાજે જ કરી, એવો મારા અંતરમાં અવાજ ઊઠેલો.

૬૦મી રંગજયંતીના ઉત્સવ પ્રસંગે રાતોરાત નાવડીમાંથી કોલસાની ગુણો ઉતારી લેવાની હતી. મજૂરો હતા નહિ, મુ. મોદીકાકા



મને અને મારા સાથીઓ તેમ જ ઈશ્વરભાઈ માછીને ઊંઘમાંથી ઊઠાડી ઓવારે લઈ ગયા ને કામ પતાવવા જણાવ્યું. દોઢેક કલાકમાં અમે નાવડી તો ખાલી કરી નાખી ! દરમિયાનમાં મારા મનમાં વિચાર આવ્યો કે પૂ. બાપજી આ સેવા જાણતા હશે ખરા ?! બીજે દિવસે બપોરબાદ પૂ.બાપજીની નજીકમાં હું કામમાં પરોવાયેલો ત્યારે પૂજ્યશ્રીને બોલતાં સાંભળ્યા : 'લોકો માને છે કે હું કાંઈ જાણતો નથી ! પણ મને તો મારા માટે હજાર માઈલ દૂર શું થાય છે, તેની પણ ખબર પડે છે ! રાત્રે નર્મદાજી ઉપર શું કામ થયું તેની પણ મને ખબર પડે છે ! પૂજ્ય બાપજીની સર્વજ્ઞતાની મારી આ પ્રતીતિ છે.

નારેશ્વરમાં હોઉં ત્યારે સાન્નિધ્યમાં રહેવાનું જ ગમે. સેવાપ્રવૃત્તિમાં પણ નજર નિરંતર પૂજ્યશ્રી પર મંડાયેલ રાખું. જલસેવા માટે જતાં-આવતાં નીરખી લઉં અને આત્મચક્ષુથી તે સ્વરૂપ સાથે અનુસંધાન કર્યા કરવાની મને ટેવ ! એકવાર આવી પ્રક્રિયામાં નખશિખ તામ્રવર્ણા સ્વરૂપની તેજોરૂપ - ઝાંખી આજેય જીવંત મારા હૃદયમાં છે. એ પછી બીજા ફેરા વખતે પૂજ્યશ્રીનું પરબ્રહ્મરૂપે તેજતેજમય દર્શન થયાનો મારો અનુભવ અવર્ણનીય છે.

અંગત સેવાનું સદ્ભાગ્ય પૂજ્યશ્રીના અનુગ્રહનું ફળ સમજુ છું. દ્વારકાજયંતી (૧૯૬૨) પ્રસંગે પાછા વળતા લીંચ આવવા પૂજ્યશ્રીએ તૈયારી બતાવેલી. આ માટે સતાધાર સંપર્ક કરવા માટે મને જણાવેલું. બિલખા, વિસાવદર, જૂનાગઢ, વીરપુર, રાજકોટ, સુરેન્દ્રનગર, વિરમગામ કટોસણ થઈને લીંચ આવી પહોંચ્યા. તે પ્રવાસના દિવસો જીવનના ધન્ય દિવસો છે. બિલખામાં શ્રી નથ્થુરામ શર્માના આશ્રમના બાળકો અને પ્રતિષ્ઠિતો (જેમાં શ્રી જોબનપુત્રા પણ ખરા) સમક્ષ દ્વારકાનાથના સુદર્શન-આયુધની આપેલી સમજૂતી, વિસાવદરમાં સફેદ કબૂતરો સાથેની લીલા, જલારામબાપાના સ્થાનમાં બાપાના ભત્રીજા પૂ.શ્રી ગિરધર બાપાએ ઘોડાગાડીને જાતે હાંકીને કરેલું ભવ્ય આતીથ્ય બધું સાંભરે છે. પૂજ્યશ્રીને ઊંચે ખુરશી પર બેસાડી પર પોતે ગાદીપતિ હોવા છતાં સામાન્ય બિસ્ત્રા પર બેસી ગયા એ પૂ. ગિરધરબાપાનો પૂજ્યશ્રી પ્રત્યેનો આદર જોઈ હું ભાવવિભોર થઈ ગયો હતો. 'આતમ જાન લીયો' પૂજ્યશ્રીના કંઠે, વહેલી સવારે સાંભળવાનો લ્હાવો યાદ આવે છે. વીરપુરથી લીંચના પ્રવાસમાં પૂજ્યશ્રી સાથે પ્રથમવાર મુક્ત રહેવા સદ્ભાગી થયો. પૂજ્યશ્રીએ તેમનો ખલતો (થેલો) મને સોંપ્યો.



થેલામાં (૧) બીલામો (૨) ચીપિયો (૩) જનોઈ (૪) ઊલિયું (૫) નેઈલકટર (૬) દંતમંજનની માટી વગેરે હતું. પૂજ્યશ્રીની ભિક્ષા બનાવવાની સેવા અહીં મળી. પૂજ્યશ્રીએ મને પ્રોત્સાહન આપ્યું. ભિક્ષામાં બે ભાખરી, મગની દાળ, શાક, આદુની કરચ. ભાખરી હાથે ટીપીને બનાવતો. વિરમગામમાં ગુરુશંકા માટે લઈ જતો હતો ત્યારે કહ્યું કે 'ખાડા-ટેકરા આવે તો ધ્યાન ખેંચવું, મને ખ્યાલ હોતો નથી !' લિંચ પહોંચ્યા ત્યારે મુ. જમિયતરામકાકા હતા. સ્થાન પૂજ્યશ્રીએ ધ્યાનથી જોયું. કુટિર ખૂબ ગમી. નીચેની ગુફામાં ઊતર્યા. ખૂબ પ્રસન્નતા બતાવી. આંબો જોયો. નારેશ્વરના બોધિ-વૃક્ષ શો લીમડો પૂજ્યશ્રીના તપોબળથી ઝૂક્યો છે. અહીં આંબો ઝૂકેલો છે ! ત્યારે પ્રસન્નતાથી કહ્યું : 'નમે તે સૌને ગમે.' આંબાની અને ગુફાની એ રીતે તેઓશ્રીએ પ્રદક્ષિણા કરી. કુટીરમાં મુકામ કર્યો. પૂજ્યશ્રી આ સ્થાનમાં ચાર વાર જુદાં-જુદાં વર્ષોમાં પધાર્યા અને એ રીતે વાતાવરણ તેમ જ ભૂમિને પવિત્ર કરેલ છે.

લીંચમાં મુકામ. ૧૯૬૭નું વર્ષ. પૂજ્યશ્રીએ મને પૂછ્યું : નારેશ્વર અહીંથી કેટલું દૂર થાય ? મેં કહ્યું, 'આશરે ૧૫૦ કિલોમીટર. ત્યારે બોલ્યા : 'બોડાણાની માફક મંતર માર કે મારે હવે ક્યાંય જવું ન પડે !' મેં કહ્યું, ''બાપજી, મારા હૃદયમાં શું છે તે આપ જાણો જ છો.' મને કહે : 'મને ખબર છે ! આપણો નાતો આ જન્મનો થોડો છે ?! જન્માન્તરથી ચાલ્યો આવે છે ! ક્યાં નારેશ્વર ક્યાં લિંચ ! આ સંબંધો આગળથી ચાલ્યા આવે છે.' મેં મનમાં ઉદ્‌ગાર કાઢ્યો : 'પ્રભુ હવે આપનો જન્મ ન થાય તે જોજો!'

પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય નાદુરસ્ત, એથી થોડી થોડી વારે હું ખબર પૂછતો રહું ! ત્યારે કહે, ''વારે વારે શરીરની યાદ દેવડાવવી સારું નહીં !' પહેલી જ નજરે માણસને ઓળખી લેતા. બધાંને સરખા ગણે પણ અધિકાર કે કક્ષાને પણ જોતા. મારું નિરીક્ષણ કર્યું તો શિક્ષિત સુધરેલાઓને અંતઃકરણ શુદ્ધ કરવાની ક્રિયા માટે મંત્ર બતાવતા ત્યારે સીધા સરળ માણસોને ઉપાસના સૂચવતા. એકવાર નારેશ્વરમાં ગુફા પાસે બેસીને માળા ફેરવતા બ્રાહ્મણને બતાવી તેમાં રહેલી દેખાડાવૃત્તિનો મને સંકેત કરેલો.

પૂજ્યશ્રીનો સૌ સાથેનો વ્યવહાર ખૂબ જ હૃદયસ્પર્શી, સત્યવક્તા ખરા, પણ કઠોર નહીં, સત્ય વાત ધીમેથી સમજાવતા. લિંચથી એકવાર



વેદાન્તી પૂ. મહાવીરાનંદ સંન્યાસીને સાથે લઈ નારેશ્વર ગયો હતો. 'શાન્તિથી વાર્તાલાપ કરી સત્ય દર્શન કરાવેલું. સત્કારપ્રસાદી લેખે મૃગચર્મ અને શાલ કઢાવેલાં અને મને પૂછે કે શું આપીશું ? મેં કહ્યું, વેદાન્તી છે એટલે તેમને સાધના કરવાની ન હોય એટલે શાલ આપીએ ! એટલે તરત જ શાલ આપી ! નિયમમાં બાંધ-છોડ નહીં, એ સાથે જડતા જરા પણ નહીં. એક ભક્તની કટુ બોલવાની રીત વિશે કહે કે કોઈનોય તિરસ્કાર કે હડેહડે કરવું ઠીક નથી. વ્યક્તિની શ્રદ્ધા જોતા. પોતે સર્વજ્ઞ હતા. દુઃખ દૂર કરે કાં તો દુઃખ સહન કરવાની શક્તિ આપે. કરેલાં કર્મ પ્રમાણે આ બધું થતું, એમ સમજાવે !

અમારું કુટુમ્બ કર્મકાંડી ! યજમાનવૃત્તિ કરીએ ! મને ગમે નહીં ! યજમાનવૃત્તિ છોડી દેવાનું પૂજ્યશ્રીને પૂછ્યું ! કહે : વસિષ્ઠ મહારાજ પણ યજમાનવૃત્તિ નહોતા કરતા ? વૃત્તિની પવિત્રતા જાળવો ! સમય આવે છૂટી જશે ! મારા પિતા પાપભીરુ ભાવે જ યજમાનવૃત્તિ કરતા. આજે દીકરાઓ એવી પવિત્ર વૃત્તિ રાખીને યજમાનવૃત્તિ કરે છે. મારી ૪૬ વર્ષની વયથી મને મુક્ત રાખ્યો છે, **તેમાં પૂર્વની વચનસિદ્ધિરૂપે આશિષ ભોગવું છું.** ૧૯૫૭ અને ૧૯૬૨ના લિંચ મુકામે પૂજ્યશ્રીના નિવાસના સત્પરિણામે મારાં માતા-પિતાએ પણ પૂજ્યશ્રીને શિવ-શક્તિ-કૃષ્ણ-સ્વરૂપે સ્વીકારી ભક્તિ કરવા માંડી. પૂજ્ય માજીની સેવા મારાં માને કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયેલું. મારાં માએ પૂજ્ય માજીના આખરી શ્વાસ વેળાએ મુખમાં જળ મૂકેલું, એ પ્રસંગ મારે માટે ધન્ય છે.

એક જિજ્ઞાસુ સેવક તરીકે પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં મૂકાતો ગયો છું હવે મુમુક્ષુભાવ માણું છું, જો કે સેવક લેખે જન્મોજન્મ રહેવું ગમે.

પૂજ્યશ્રી સાથે પૂજ્ય માજીના દેહવિલય પછી મોરટક્કા જવાનું થયેલું. આ પ્રસંગ મારે માટે દુઃખનો છે અને સુખનોય છે, એમ કહું તો ખોટું નથી. પૂ. માજી હયાત હતાં ત્યારે પૂજ્યશ્રીએ મને કહેલું કે પૂજ્ય માજીનો દેહવિલય થાય ત્યારે ઉત્તરક્રિયા સરસ્વતી નદીને કિનારે (સિદ્ધપુરથી લગભગ ૪૦ કિ.મી. દૂર પાલનપુરથી જવાય) પાંડવા-મોક્ષેશ્વરના સ્થાનમાં કરવી છે; તું સ્થળ જાતે જઈને જોઈ આવ. બધું નક્કી કરી પુરેપૂરી તૈયારી કરી રાખ. વળી આ ક્રિયા પણ તારે જ કરાવવાની છે.' કર્મકાંડનું મારું સામાન્ય જ જ્ઞાન, સંસ્કૃતનો અભ્યાસ અલ્પ જ એટલે ગભરાતાં ગભરાતાં મેં તો ના પાડેલી ! ત્યારે કહેલું કે વિદ્વત્તાની અગત્ય નથી, તારે તો વાંચવાનું જ, હું બીજું કરી લઈશ.



ભાવ જ મુખ્ય છે. મેં મનમાં નક્કી કરેલું કે જો ક્રિયા કરાવવી પડશે તો પછીથી યજમાનવૃત્તિ કરવી જ નહીં. ૪૬માં વર્ષે યજમાનવૃત્તિ છોડી દીધી. આજ્ઞાનુસાર લિંચ આવી ઉત્તરક્રિયા માટેનો બધો જ સામાન તૈયાર કરાવી રાખ્યો. લિંચથી ટ્રક દ્વારા સામાન લઈ જવાનું પણ આયોજન વિચારી રાખ્યું. પણ બન્યું કાંઈ જુદું જ ! માજીની તબિયત બગડી ત્યારે મારાં બા તથા દીકરી ત્યાં હાજર. દીકરી સાથે બાએ મને સંદેશો પાઠવ્યો કે લિંચના બધાં કામો પતાવીને આવી પહોંચો, જેથી તુર્તજ લીંચ પાછા ફરવાની ફીકર ન રહે ! પૂ. માજીનો દેહ વિલય થયો. હું લિંચમાં. સંદેશો મને પહોંચે પહેલાં તો તે જ રાત્રે મને સ્વપ્ન આવ્યું. અગ્નિસંસ્કાર પણ મારા હાથે થયા ! ફુલહાર કર્યા. બીજે દિવસે સવારે દીકરી મંજુલા આવી પહોંચી અને મને કહ્યું, પૂ. બા નારેશ્વર તેડે છે, માજીને થોડું સારું છે. તું બધું પતાવીને આવજે. અહીંથી જલદી જવાશે નહીં. સ્વપ્નના ભાર નીચે હું નારેશ્વર ન ગયો. તે પૂ. બાપજીએ માસ્તરકાકા પાસે મને તાર કરાવ્યો ! તાર મને મોડો પહોંચ્યો !' ને પૂજ્યશ્રી જેઠ સુદ ૧૩ના રોજ મોરટક્કા જવા નીકળી ગયા ! પૂનમે હું મોરટક્કા દોડી ગયો ! પૂજ્યશ્રી માટે સાથે સંડાસનું કમોડ લેતો ગયો ! પૂજ્યશ્રી પ્રસન્ન થયા. ત્રણ વખત 'ગુરુદેવદત્ત'નો ઉદ્ગાર કર્યો. પછી બોલ્યા : વડોદરા સુધી તારી રાહ જોઈ ! ટીકીટો પણ વડોદરા સુધીની જ લીધી હતી. તું આવ્યો હોત તો આપણે સિદ્ધપુર જવાનું હતું !! પૂ. માજીના દેહ વિલયના મને આવેલા સ્વપ્નની વાત પૂજ્ય બાપજીને મેં કરેલી.

ગુરુ મહારાજનું ધ્યાન એ જ મારો યોગ છે. પૂજ્યશ્રીનાં આઠે અંગોનું ધ્યાન એ જ મારો અષ્ટાંગયોગ. યોગજિજ્ઞાસુ શ્રી અંબાલાલભાઈ (જગુદણ) ને સંતોષાનુભવ થાય એવું ગુરુ મહારાજ યોગ માટે મારી પાસે બોલાવે છે, અને મારી લાજ રાખે છે. ગુરુ કષ્ટસાધ્ય નથી, કૃપાસાધ્ય છે. સંસારમાં રહી અનાસક્ત ભાવે કર્મો કરવાનો મને બોધ આપ્યો છે. માગણવૃત્તિ છોડી સાચા પુરોહિત બનવા કહેલું.

પૂજ્યશ્રીએ મારા વાચન વિશે મારા મિત્ર મૂળજીભાઈને પૂછેલું. પંચદશી, ચારસાગર, તત્ત્વબોધ, પુરાણો, સ્મૃતિઓ, ઉપનિષદો વગેરે ગ્રંથો મેં જોયેલા અને જ્ઞાનેશ્વરીનું મારું વાંચન ખરું. મને 'જ્ઞાનેશ્વરી' ખૂબ ગમી હતી. હવે પૂજ્યશ્રીની લીલા જુઓ : પૂજ્યશ્રીએ મારા મિત્રને કહ્યું કે 'જ્ઞાનેશ્વરી' વાંચવી. બીજે દિવસે મૂળજીભાઈ પરત



આવી ગયા. તેમની અમદાવાદમાં કરિયાણાની દુકાન. સવારે દુકાન ખોલી. એક ભાઈ પસ્તી વેચવા આવ્યા, પસ્તીનો ઢગલો કર્યો. તો ઉપર જ 'જ્ઞાનેશ્વરી' હતી.

ડૉ. રાધાકૃષ્ણનના 'ઇંડિયન ફિલોસોફી' (ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન) ગ્રંથનો ગુજરાતી અનુવાદ મેં પૂજ્યશ્રીને બતાવ્યો. તેમણે પાંચેક દિવસ ગ્રંથનું વાચન કર્યું. એ દિવ્યસ્પર્શ પામેલા ગ્રંથને મેં આપણા 'સ્મૃતિસંગ્રહસ્થાન'માં સાચવ્યો છે.

પૂજ્યશ્રી મન-મૌનની સહજ અવસ્થામાં કાયમ રહેતા, એવી મારી પ્રતીતિ છે. વ્યવહાર તેઓશ્રી કરે, પણ સ્થિતિ તો આ જ હોય! 'ઉન્મની નિદ્રા સાધી, પામે એ રંગપ્રસાદી'! મુખારવિંદની ભાવલીલાઓ દિવસ-રાત્રીએ નિરંતર બદલાતી, તેનું મેં નિરીક્ષણ કર્યું છે.

અવધૂત સાંપ્રત યુવાસમાજના દિશાશૂન્ય વર્તનથી ચિંતિત જણાતા. બીજા વિશ્વયુદ્ધ પછી અનાજનું રેશનિંગ થયું અને ચોખા દરેકને મળતા નથી, એ જાણી પોતે ચોખા છોડી દીધેલા ! રેશનિંગ ગયું તે પછી કેવળ શુક્રવાર પૂરતી ચોખાની છૂટ લીધી ! અને તે પણ ખીચડીમાં જ!

પૂજ્યશ્રી સાંજે બહાર ખુરશીમાં બેઠેલા હોય ત્યારે આંખો બંધ કરી કોઈ સાથે વાત કરતા હોય તેમ જણાતું. મેં માસ્તરકાકાને આ વિશે પૂછેલું ! ત્યારે તેમણે કહેલું : 'પૂજ્યશ્રી તેમના સદ્‌ગુરુ સ્વામીમહારાજ સાથે વાતો કરતા હોય છે !' પ્રવાસમાં જવાનું થાય ત્યારે શરૂઆતમાં જ એક-બે મિનિટ આંખો બંધ કરી ઊભા રહેતા, પછી જ ચાલવાનું શરૂ કરે, પ્રવાસ શરૂ કરે ! ગુરુમહારાજની આજ્ઞા મેળવતા હોય તેમ લાગતું. સાબરમતીથી જ્યારે છેલ્લે જયપુર જવા નીકળ્યા ત્યારે વહેલી સવારે પૂજ્યશ્રીને પ્રાર્થના કરતા મેં જોયેલા. ચારે દિશામાં માથુ નમાવી આર્ત-દીન ભાવે કશુંક બોલતા મેં જોયા. સદ્‌ગુરુ સ્વામીમહારાજની આજ્ઞા મેળવે છે, એવું મેં માન્યું. કથળતું તન બતાવી મને કહેલું કે 'જોઈ આ મારા શરીરની દશા !'

પૂજ્યશ્રી સમાજ અને ધર્મનાં ક્ષેત્રે ક્રાન્તદ્રષ્ટા છે. પોતે અદ્વૈત-અનુભૂતિના સાક્ષાત્કારી દેવપુરુષ. એ સાથે સમાજનાં વિભિન્ન ક્ષેત્રો અને વિવિધ જાતિઓનાં વિવિધ ધર્મો પરત્વે સમત્વભાવે જોવાવર્તવાની વ્યાપક મહામાનવની દૃષ્ટિ તેઓશ્રીની હતી. સ્વામી રામતીર્થ, રમણ મહર્ષિ, રામકૃષ્ણ પરમહંસ જેવી વિભૂતિઓ વિશે ખૂબ જ આદરભાવ



વ્યક્ત કરે. 'જ્ઞાનેશ્વરી'ને પ્રિય ગ્રંથ ગણે. વાદવિવાદથી મુક્ત રહી સરળ-સહજ ભાવમાં તે વિહરતા રહેતા. રાઈફલ કેમ્પ, સમૂહજનોઈ, આંતરજ્ઞાતીય લગ્નને માન્યતા આદિવાસીઓ પરિક્રમાવાસીઓ, વિદ્વજ્જનો, પુરોહિત કર્મકાંડીઓ, દરિદ્રનારાયણો, રોગીઓ પરત્વે, મૈત્રી-કરુણાભર્યા વ્યવહારોમાં એક અદના માનવ લેખે આદમિયતનું અત્તર મહેકતું મેં સતત માણ્યું છે. બધા ધર્મો પ્રત્યે આદર દાખવી ધર્માતીત તેઓશ્રી અતિમાનવ હતા. એકવાર સ્થાનમાં રાત્રે કોઈ બાળક રડતું હતું, તો મોદીકાકાને બોલાવી તપાસ કરાવી અને દવા અપાવી ! બાળક છાનું થયું, ત્યારે જાણે જંપ લીધો ! આર્તભાવે પ્રાર્થના કરતા ભક્તોને આધિ-વ્યાધિ-ઉપાધિમાં વ્હારે ધાયાના 'શ્રીરંગલીલામૃત'માં નિરૂપિત પ્રસંગો યાદ કરો, એટલે કરુણામૂર્તિ પૂજ્યશ્રીનો અહેસાસ સૌને થશે જ. સતાધારમાં ૧૯૬૨માં એકવાર મુકામ હતો, ત્યારે તૂટેલી પાટ ઉપર આઠ દિવસનો વિશ્રામ મંજૂર રાખનાર પ્રતિકૂળતાને પણ અનુકૂળતારૂપે ભાળનાર કેવા સમરસમૂર્તિ પૂજ્યશ્રી હતા, તે દર્શાવશે.

પૂજ્યશ્રી આશુતોષમૂર્તિ હતા. ૧૯૬૨માં તારંગા લોકલમાં જગુદણથી કલોલ થઈ અમદાવાદ પૂજ્યશ્રી જતા હતા. કલોલ સ્ટેશને દર્શનાર્થીઓની ભીડ હતી. ભીડમાંથી પૂજ્યશ્રી પર છૂટે હાથે ફૂલો ફેંકાવા લાગ્યાં ! પૂજ્યશ્રીની આંખે ફૂલો અથડાયાં ! પૂજ્યશ્રીનું રૂદ્ર સ્વરૂપ થયું ! ડબ્બામાં જતા રહ્યા ને મને કહ્યું "લોકો આવું ફેંકાફેંક કરે તો અમારી લોકસંગ્રહની વૃત્તિ મરી પરવારે !' ગાડીની વ્હીસલ વાગી. દર્શનાર્થીઓએ જયઘોષ કરવા માંડ્યો એટલે પૂજ્યશ્રી ડબ્બાના દરવાજે જઈ ઊભા રહ્યા અને સ્વયં આશુરોષમાંથી આશુતોષરૂપે દ્વારમાં દત્તસ્વરૂપ ભક્તોનાં દર્શન કરવા લાગ્યા ! પોતે ઊભા રહ્યા ને દર્શન આપ્યાં !

કુંભારિયાનો એક પ્રસંગ : રૌદ્ર-રમ્ય મૂર્તિનાં દર્શન મને થયાં, તે વિશેનો કહું : અષ્ટકોણ મચ્છર-બંગલા જેવું એક નિવાસસ્થાન લોખંડની જાળી જડીને કુંભારિયામાં બનાવેલું. પૂજ્યશ્રીનો તેમાં મુકામ. પાણી ભરેલો પ્યાલો પૂજ્યશ્રીની પાસે મૂકાયેલ. પવનને કારણે પાણી ઢળી ગયું ! મેં પાણી લૂછી લીધું પૂજ્યશ્રીનો પ્રકોપ જુઓ : 'પાણી ઢળવાથી મોંઘી-દાટ શેતરંજી બગડી ! 'હું મનમાં બોલ્યો : એમાં મારો કોઈ વાંક ન હતો. પૂજ્યશ્રીના ગુસ્સાથી હું નારાજ થયો ! મારું અહં ઘવાયું ! હું પણ મનોમન ગુસ્સે થયો ! બે-ત્રણ દિવસ પસાર થઈ



ગયા ! પછી એક વહેલી સવારે પૂજ્યશ્રી ઊઠ્યા. હું સ્નાન પરવારી અંધારામાં બાજુમાં રૂમ બહાર ઊભો હતો. મને બોલવવાને બદલે પોતે જાતે પાણીનો તાંબાનો લોટો લેવાનો પ્રયત્ન કર્યો. અંધારું હોવાને કારણે હાથ આડોઅવળો અડ્યો હશે એથી લોટો આખો પડી ગયો ! ખૂબ પાણી ઢળી ગયું. હું બહાર ઊભો જ હોઈશ, એવું પૂજ્યશ્રીના ખ્યાલમાં હોય જ; પણ મને બોલાવ્યો નહીં.! હું પણ આમ બન્યું, જોયું છતાં અંદર દોડી ન ગયો ! કેવી રીસ ! કેવી અજ્ઞાનતા ! પૂજ્યશ્રીએ જાતે નેપકીનથી પાણીથી થયેલું ભીનું લૂછવા માંડ્યું ! છલછોળ નેપકીન થાય એટલે દરવાજામાંથી નીચોવે ! ત્રણ વખત આવું કર્યું ? પછી પાટ પર તેઓશ્રી બીરાજ્યા ! ત્યાં જ મેં કહ્યું : 'ગુરુદેવ દત્ત' ત્યારે બોલ્યા : 'જો આ લોટો પડી ગયો ! પાણી ઢળી ગયું. મેં લોટામાં વધેલું પાણી પ્યાલામાં કાઢી પૂજ્યશ્રીને પીવા માટે ધર્યું ! મારા ચિત્તમાં પૂજ્યશ્રી વિશે જ વિસંવાદી ભાવ જાગેલો તેનું જાણે વિસર્જન કરાવી મારામાં વિશ્વસંવાદનો ભાવ પ્રગટાવ્યો ! કપડવંજમાં ૧૯૬૮માં, દીવાળી ટાણે પૂજ્યશ્રીનો મુકામ. લીંચ સંદેશો આવ્યો પૂજ્યશ્રી માટે 'લીંચમાં રાખેલ અલફી, ગરમ મોજાં વગેરે લઈને આવો !' અલફી-મોજા સાથે હું ચ્યવનપ્રાશ પણ લઈ ગયો ! પ્રસન્ન થયા ને 'ગુરુદેવ દત્ત'ની ગર્જના કરી ! ભજન ભાસ્કર મુ. સુમનભાઈને કહેવા લાગ્યા : જુઓ આને (મને) કેવું બધું સૂઝે છે !'

મોરટક્કામાં લીંચ રહેવા આવીશ, એવું મને કહેલું અત્ર-તત્ર જ્યાં જવાનું થશે, નારેશ્વર જવાનું થશે તોય લીંચ વધુ રહીશ. મેં પૂજ્યશ્રીની મંજૂરી કુટીરના નવા મકાન માટે મેળવીને બાંધકામ શરૂ કરાવી દીધેલું. સૂવા માટે રૂ કે ડનલોપના ગાદલાની પસંદગી કરવા માટે નારેશ્વર પૂછાવી લીધેલું ! આથી એવી પ્રસન્નતાના પૂજ્યશ્રીએ વ્યક્ત કરેલી કે બોલેલા : હું એને શું આપું ? કેવી કેટલી બધી કાળજી રાખે છે ?! ભગવાન એનું ભલું કરે !' હૃદય-આશિષની આવી જ વાણી મારા માટેની આફ્રિકા અને હરિદ્વાર સ્થાનોમાં પણ શ્રી ભાલભાઈ અને શ્રી રતિકાકાની સમક્ષ બોલેલા ! મારું ધન્ય ભાગ હું સમજું છું. અરે ભગવાન પર 'ગુસ્સો' વ્યક્ત કરતા હોય તેવી ઉપાલંભવાણી પૂજ્યશ્રીની મેં સાંભળી છે : લીંચમાં ૧૯૬૭ની સાલમાં પૂજ્યશ્રીનો મુકામ. ભાવ સમાધિમાં જ રહેતા પૂજ્યશ્રીને એક વખત રાત્રે ૧ કલાકે લઘુશંકા જવાનું થયું ! આ દેહકર્મ પણ પૂજ્યશ્રીને ઓછું ગમતું !



પૂજ્યશ્રીને સાદગી જ ગમે. નારેશ્વરમાં શાંતિકુંજમાં એક વખત કોઈ ભક્તે કિંમતી ગાલીચો પથરાવ્યો તે ઉપડાવી લીધેલો અને ખાદીની ચાદર પથરાવી ! બોલ્યા : 'આપણે તો આ જ સારું.' સાધુ-સમાજને વૈભવ ન શોભે ! એ તો ઢોંગી સાધુ કહેવાય દેશના લોકોને પૂરતું ખાવા-પીવાનું મળતું નથી તે દેશનો સાધુ મોજ કરે તો લોકો શું ધડો લેશે ?!

૧૯૬૮માં સાબરમતીથી જયપુર જતી વખતે પૂજ્યશ્રીની તબિયત ખૂબ જ નરમ હતી આર્તભાવે મેં કહ્યું : 'આપ ન જશો !' નાના બાળકને સમજાવવા હોય તેમ મને કહ્યું. તબિયત સારી નહીં રહે તો પંદર દિવસે લીંચ આવીશ.' સાથેનાઓને કહ્યું 'જો હું બીમાર પડું તો મને લીંચ લઈ જજો મારી સેવા ત્યાં સારી થશે.' આ વાણીથી હું ભાવવિવશ થઈ મૂક બની ગયેલો!

પૂ. દેવશંકર બાપા સાથેનું મિલન યાદ આવે છે ! પૂ.દેવશંકરબાપાનો સંદેશો સિદ્ધિપુર મુકામે પૂજ્યશ્રી હતા ત્યારે આવ્યો કે સરસ્વતી પાર ન કરવાનો મારો નિયમ છે? એટલે આવી શકતો નથી ! આપ જો આવી શકો તેમ ન હો તો આપના દર્શન માટે હું મારો નિયમ તોડીને આવીશ. પૂજ્યશ્રી વિકટ રસ્તો હોવા છતાં પૂ. દેવશંકર બાપા પાસે પહોંચ્યા. પૂજ્યશ્રીને પાટ પર બિરાજમાન કરાવી ષોડશોપચાર પૂજ્ય માટેના વેદોક્ત મંત્રો ઉચ્ચાર્યા અને પૂજ્યશ્રીના લલાટે સ્વયં ચાંલ્લો કરેલો બંને સંતોનું એ દિવ્ય મિલન હતું.

પૂજ્યશ્રી વિનોદમૂર્તિ હતા. નિર્દોષ આનંદ કરાવવો, તેઓશ્રીનો સ્વભાવ હતો. એક વખત પૂ. માજીને મારી મારફત કહેવડાવ્યું કે સાંજે દૂધ નથી પીવું ! પણ સાબુદાણાની ખીચડી લઈશ. મેં સંદેશો પહોંચાડ્યો. પૂજ્ય માજીએ સંમતિ આપી દીધી. થોડીવાર થઈ હશે ને મને કહે કે જા જોઈ આવ, કેટલી વાર છે ? પૂ. માજીએ કહેવડાવ્યું કે થોડો સમય લાગશે ! વળી થોડી મિનિટો થઈ હશે ને મને કહે જા જોઈ આવ, કેટલી વાર છે ? પૂ. માજીને મળ્યો ત્યારે તેઓશ્રીએ જણાવ્યું : સાબુદાણા પલળે ત્યારે ખીચડી થાય ! થોડી વાર તો લાગેજને ?! મેં આવીને આ મુજબનું નિવેદન કરી દીધું ! વળી થોડી ક્ષણો ગઈ ને હવે તો પૂજ્યશ્રી જાતે જ ઊઠીને પૂ. માજીની કુટિરે પહોંચી ગયા ! પૂ. માજીએ પોતાની વાણીમાં પૂજ્યશ્રીને ધમકાવ્યા !! ત્યારની હાસ્યમૂર્તિ મારી નજરમાંથી ખસતી નથી ! એક વખત પૂ.



માજી પાસે ચામડીના જ રંગના પ્લાસ્ટિક મોજાં હાથે પહેરી પહોંચી ગયા ને કહે 'અડકું !' પોતાની માને કેવા વિનોદભાવે ખીજવતા !! પૂ. માજી પણ બાળપણના સંભારણે પૂજ્યશ્રીને 'અવળચંડો' કહેતાં ને વિનોદ કરતાં. પૂજ્યશ્રીને વટલાઈ ગયેલા કહે ને પોતાના રસોડે ચોકમાં પ્રવેશવા ન દે ! એક દિવસે સવારે પાંચ વાગે પૂજ્યશ્રીને હું ઊઠાડતો હતો ત્યારે ગધેડું ભૂક્યું, ત્યારે કહે, 'ગર્દભબેન્ડની સલામી સાથે આજે અવધૂત ઊઠે છે !'

પૂજ્યશ્રીની વાચનપ્રીતિની વાત કરું. જીવનચરિત્રો તેમને જોઈ જવાં ગમે. સિદ્ધપુર પાસેના રાજપુર ગામના એક સંત શ્રી નારાયણ સ્વામીનું ચરિત્ર મારી પાસે મંગાવી તેઓશ્રીએ વાંચેલું. નારેશ્વરસ્થાનમાં 'સરસ્વતીમંદિર'માં પુસ્તકો છે, તેનું તેઓશ્રીએ અવલોકન કર્યું જ છે. શ્રી બાળા સાહેબ ખેરના ભત્રીજાએ અમેરિકાથી ભૂત-પ્રેત-યોનીની સાધના વિશેનું પુસ્તક મોકલાવેલું તે પૂજ્યશ્રીએ વાંચેલું ! એ સંદર્ભે ખૂબ જ વાતો પણ તેઓશ્રીએ કરેલી ! સાધના ફળદાયક ખરી, પણ છેવટે દુઃખ આવે, એવું સમજાવેલું. સુવર્ણસિદ્ધિના પ્રયોગની સચ્ચાઈ વિશે પણ કહેલું, સાથે ગુરુકૃપા વિના તે સાધ્ય નથી એવી ટકોર પણ કરેલી અને આવા પ્રયોગોમાં પડવા જેવું નહીં એવી માર્મિક ટકોર કરી હતી. પૂ. કૃષ્ણશંકર શાસ્ત્રીદાદાના 'શ્રીમદ્ ભાગવત' ગ્રંથના બારે ભાગ પૂજ્યશ્રી પાસે હતા. તેઓની વિદ્વત્તાની ખૂબ જ પ્રશંસા પૂજ્યશ્રી કરતા.

કર્મકાંડના પ્રોત્સાહક પૂજ્યશ્રી પુરોહિતો પાસે આચારશુદ્ધિ અને નિર્લોભ વૃત્તિની હંમેશાં અપેક્ષા રાખતા હતા.

હવે પૂરું કરતાં છેલ્લે કહું :

પૂજ્યશ્રી મારા હૃદયમાં દત્તાવતાર છે. પણ આ ભાવપૂજા વિશે મારી સમજ કંઈક આવી રીતે વ્યક્ત કરું : પૂજ્યશ્રી અવતારી છે તેમ અગાઉથી જ જો માનીએ તો આ બધી અગમ્ય અસાધારણ લીલાઓ કરી તે તો સ્વાભાવિક જ ગણાઈ જાય ! એથી હું એમ સમજું છું કે પૂજ્યશ્રી એક સામાન્ય માનવીની જેમ જન્મ્યા, સામાન્યજન રહ્યા અને મહાન કાર્ય કર્યું, વિરાટ વ્યક્તિત્વ વ્યક્ત થયું ! આપણે એ વિરાટ વિભૂતિ તત્ત્વ અનુભવ્યું. પૂજ્યશ્રીની ગરિમા આમાં હું અનુભવું છું. સામાન્ય માનવી લેખે જન્મવું ને સહજાવસ્થામાં જીવી જવું એ વિરાટ પગલું છે. જીવનની સાર્થકતા અનુભવવાનો એક મહત્ત્વનો



રાજપંથ પૂજ્યશ્રીએ આપણને ચીંધ્યો છે. પોતે અવધૂત હતા. અવધૂત કક્ષા એ છેલ્લી ચરમ અવસ્થા છે, મનુષ્ય જીવન માટેની. સહજાવસ્થા દ્વારા એ ઉચ્ચોચ્ચ શિખરે વિહરતી ચેતના પોતે બ્રહ્મસ્વરૂપ છે, એનું એને વિસ્મરણ હોય છે. આ અવધૂતી દશા પૂજ્યશ્રીની હતી; બ્રહ્મદશામાં ઓગળી ગયેલી એ ચેતના હતી, એવી મારી શ્રદ્ધા છે. જીવદશામાંથી શિવદશામાં પહોંચવાની જીવનયાત્રાના પૂજ્યશ્રીએ ચીંધેલા રાહ પર આપણે ચાલતા રહીએ. અનુભવની મારી સંપત્તિ લૂંટાવવા મારી પાસેની શબ્દસંપત્તિ પાંગળી છે ! પાટડિયાના સંતશ્રી દાસાનુદાસજી બહુચરજી આવેલા ત્યારે પૂજ્યશ્રીએ લીંચ મુકામો કરેલા છે, એવું જાણ્યું ત્યારે આંખો બંધ કરી પ્રણામ કરેલા. કોઈ પૂજ્યશ્રીની વાતો, તેમની સમક્ષ કરે ત્યારે પણ મનોમન પ્રણામ કરે. પૂજ્યશ્રી પ્રત્યેનો અનહદ આદર વ્યક્ત કરે. દેવાવતાર દત્તાત્રેય સ્વરૂપ તરીકેની આ માનસપૂજાનો સંકેત મેં તેમાં અનુભવ્યો છે.

**પૂ.બાલ અવધૂતજી (ગામાક્ષેત્ર, માતર)**

''જેમ કોઈ કરોડ રૂપિયા ઝંખે અને તે મળતાં જ ઝંખના ન રહે તેમ પૂ.શ્રી એવા તો ઓતપ્રોત થઈ ગયા છે કે એમના વિષે ઝંખના રહેતી નથી. કોઈ યાદ કરાવે ત્યારે સ્મરણ થતાં જ એમના વિષે વાતો નીકળે. ગુરુની અસ્મિતામાં જીવતાં શીખવું એ ગુરુસ્મરણ છે. મારી ૧૦ વર્ષની ઉંમરથી હું પૂ.શ્રીને પરબ્રહ્મ તરીકે જોતો આવ્યો છું.''

*(પ્રાસંગિક ઉદ્‌બોધનમાં બોલાયેલું) 'નારેશ્વરનો નાદ' ફેબ્રુઆરી ૧૯૮૩માંથી સાભાર.*

પૂ. બાલ અવધૂત પૂ. બાપજી વિશે : 'શતાબ્દીસંદેશ' (લે.બાલ અવધૂત)માંથી અંશો ઉદ્‌ધૃત.

'જ્યારે તેઓ (પૂ.બાપજી) શરીરથી ઉપસ્થિત લાગતા હતા ત્યારે એક જગ્યાએ રહ્યા હોય તો પણ જળ, સ્થળ કે અંતરિક્ષમાં જ્યાં હો ત્યાં અન્ય અનેક જગ્યાએ ભક્તોને પોતાનાં દર્શન અનુભવ આપતા હતા. અત્યારે શરીરથી નથી તો પણ તેવાં જ દર્શનઅનુભવ આપે છે.'

★

પરબ્રહ્મ પરમાત્મા મારા ઉપાસ્યસ્વરૂપ ગુરુમહારાજ ભગવદ્‌રંગાવધૂત સિવાય અન્ય કાંઈપણ હોવાની બુદ્ધિ જ સઘળા



અનર્થનું - સઘળી અવનતિનું- મૂળ છે. આવી મારી કોઈ પણ સંજોગોમાં અતિ દૃઢ - અફર - અને તેથી અજેય એવી નિશ્ચયાત્મક બુદ્ધિ રહી છે; જે કોઈ સંજોગમાં બદલાય તેમ નથી.

★

મારે માટે ભગવાન કે પરબ્રહ્મ પરમાત્મા એટલે ગુરુ મહારાજ ભગવાન રંગઅવધૂત. તેઓ તે બુદ્ધિરૂપે પ્રકાશતા સ્વસંવેદ્ય સ્વાનુભવરૂપ બની રહ્યા છે. તેમની એ તેમના જ સ્વરૂપકૃપા છે.

★

હું તો રૂપેરૂપમાં એ અરૂપ અનામીને જોઉં—તે તે રૂપને તે તે નામે એને જ નિહાળું તેવી સર્વથા અકામ કરી નાંખનારી કામના સેવું છું; ને બધાંને માટે એ સર્વાન્તર્યામી સર્વરૂપ સ્વરૂપને જ તે પ્રાર્થું છું !!

## ડૉ. શ્રી બાલાજી તાંબે

(મુલાકાત : હંસાબેન વૈદ્ય)

પ્ર. પૂ. રંગઅવધૂત બાપજી વિશે તમે પ્રથમવાર ક્યારે કોની પાસેથી સાંભળ્યું ?

ઉ. ડૉ. શ્રી બાલાજી તામ્બેના પિતાશ્રી ગરુડેશ્વરના ઉપાધ્યાય હતા. જેમનું નામ શ્રી વાસુદેવ (શાસ્ત્રી) તામ્બે હતું. ગરુડેશ્વરમાં જે કોઈ ધાર્મિક નિર્ણયો લેવાતા હતા તે તેઓશ્રી જ લેતા. અને તેમની સાથે જ પ્રથમવાર લગભગ ૭ થી ૮ વર્ષની ઉંમરે પૂ.શ્રીનાં દર્શન કરેલાં.

પ્ર. પ્રથમ દર્શન ક્યાં ક્યારે કોની પ્રેરણાથી કર્યાં ?

ઉ. ડૉ. શ્રી તામ્બેના પિતાશ્રી વાસુદેવ તામ્બે અવારનવાર નારેશ્વર પૂ.શ્રીના સાન્નિધ્યમાં જતા હતા. અને એક વાર પૂ.શ્રી ખુદ એમના ઘરે પધાર્યા હતા ત્યારે સૌ પ્રથમ દર્શન થયેલાં અને વાત થયેલી તેમાં પૂ.શ્રીએ તેમને કહ્યું હતું કે, નિત્યકર્મ છોડવું નહિ, એટલે કે બ્રાહ્મણના દીકરાએ જે કંઈ નિત્યકર્મ કરવાનું હોય - સંધ્યા - જપ - તપ માળા આદિ.

પ્ર. પ્રથમ દર્શનનો પ્રભાવ કેવો પડ્યો ?

ઉ. વડોદરાના ઘરમાં નિત્યકર્મ ન છોડવાની વાત થઈ હતી ત્યારે ઉંમર નાની હતી, પણ જ્યારે સુરતમાં ડોંગરે મહારાજની કથા



ચાલતી હતી ત્યારે સાતે સાત દિવસ પૂ.શ્રી પણ ત્યાં કથા સાંભળતા હતા. ત્યારે પૂ.શ્રી સાથે તેમના મુકામે ગયા હતા. ત્યારે એમની ઉંમર ૨૪ થી ૨૫ વર્ષની હતી અને એ જ સમયે સભાનાવસ્થામાં પૂ.શ્રીના તેજનો પ્રભાવ અમને જણાયો અને ત્યારબાદ તેઓ પૂ.શ્રી તરફ ઢળતા જ ગયા.

પ્ર. નારેશ્વર તમને કેવું લાગ્યું અને કેટલી વાર ગયા ? તેના જવાબમાં તેઓએ કહ્યું કે અત્યાર સુધીમાં તેઓ ૧૦ થી ૧૫ વખત નારેશ્વર ગયા હશે. પણ શતાબ્દી વર્ષ દરમ્યાન સૌ પ્રથમ વખત તેઓ રંગજયંતી પર ગયા હતા.

પૂ.શ્રી સાથે સીધા સંપર્કમાં ક્યારેય આવવાનું થયું નથી અને ક્યારેય અંગત સેવાની તક મળી નથી અને ન તો એમની સાથે કોઈ પ્રવાસ કર્યો છે. કે ન તો એમને કોઈ વાર ભજન કે ધૂન ગવડાવતા જોયા છે, પણ પૂ.શ્રી તરફથી સ્વપ્ન-દૃષ્ટાંતમાં એમને ફિઝીયોથેરેપી ચાલુ કરવાનો એક સંકેત એવો મળેલો કે, સ્વપ્નમાં પૂ.શ્રીના હાથે અને પગે ઈલેક્ટ્રિક વાયર વિંટળાયેલા હોય એવું જોયેલું, પણ ત્યારે એમને કોઈ ખ્યાલ નહોતો આવ્યો. ત્યાર બાદ બે કે ત્રણ વર્ષ પછી નારેશ્વર જવાનું થયેલું અને પૂ.શ્રી જે વસ્તુ વાપરતા હતા, તેનું સંગ્રહસ્થાન છે તે જોવાની તક મળેલી અને ત્યારે લાકડાની ડાયનેમો ટાઈપ પેટી, તેમણે સ્વપ્નનાં પૂ.શ્રીના હાથેપગે જે વાયરો વિંટળાયેલા જોયા હતા તેવા જ વાયરો આ લાકડાની પેટીમાં જોયા અને એમને તરત જ સ્ફુરિત થયું કે આ પૂ.શ્રીનો જ સંકેત છે.

પ્ર. પૂ.શ્રી દ્વારા સંસાર-જીવનમાં કોઈ પ્રત્યક્ષ માર્ગદર્શન ખરું ? તેના જવાબમાં તેઓએ જણાવ્યું કે, મારા લગ્ન થયા ત્યારે પૂ.શ્રી નહોતા અને એમનાં પત્ની બિલીમોરાનાં છે. તેમણે અવધૂતવાડીમાં પૂ.શ્રીનાં દર્શન કરેલ છે. આધ્યાત્મિક બોધ પ્રત્યક્ષ કોઈ નથી પણ એના બોધ સ્વરૂપે દત્તબાવનીને ખૂબ જ સચોટ અને રામબાણ ઈલાજ તરીકે અપનાવેલ છે.

પ્ર. પૂ.શ્રી વિશેની આપની શ્રદ્ધા કેવા પ્રકારની છે ? તેના જવાબમાં તેમણે કહ્યું હતું કે, તેઓએ તેમને પરમહંસની બ્રહ્મસ્વરૂપે અને દત્તાત્રેયના અંશરૂપે નિહાળ્યા છે. એમનું માર્ગદર્શન સતત મળતું રહે છે. તેઓ જ્યાં પણ હોય ત્યાં પૂ.શ્રીની હયાતિ અનુભવે છે.



પ્ર. પૂ.શ્રીની અલૌકિક લીલાનો તમારા જીવનનો એક અંગત સચોટ અનુભવ ?

ઉ. એમની અલૌકિક લીલાના અંગત અને સચોટ અનુભવમાં પૂ.શ્રીની આ દત્તબાવની છે એમ એમણે જણાવ્યું હતું. એના સંદર્ભમાં તેમણે જણાવ્યું કે, પૂ.શ્રીએ એમને ચાર રાગમાં દત્તબાવની શીખવી હતી, ભીમપલાસી, યમનકલ્યાણ, ભૂપાલી, અને ભૈરવી. પૂ.શ્રીએ જ્યારે દત્તબાવની શીખવી હતી ત્યારે જણાવ્યું હતું કે, "મૂઠ-ચોટ ના લાગે જાણથી" દત્તબાવનીના અંત સુધી ખૂબ જ ઝડપથી ગાઈને અંતિમ બે પંક્તિમાં ફરી પાછું ભૈરવીનો ટ્યુન આવવો જોઈએ." આજે આ જ વાત એમની નેચરોપથીની તાલીમમાં કામ આવે છે. હળવાશથી શરૂ કરી ઝડપી લયમાં ગાઈને ભૈરવીમાં સમાપ્ત કરવી. એવું પૂ.શ્રીએ ખુદ કહ્યું ત્યારથી એમણે આ દત્તબાવનીને એમણે "આત્મસંતુલનગ્રામમાં" ઉચ્ચ સ્થાને સ્થાપી છે એમ કહી શકાય કારણ કે તેઓ સૌ પ્રથમ ત્રણ દિવસ સુધી દત્તબાવની ગવડાવે છે. અને ત્યાર બાદ જ એમની સારવાર શરૂ કરે છે. તેઓએ અંગ્રેજીમાં પણ દત્તબાવની છપાવીને રાખી છે. તે ઉપરાંત પૂ.શ્રીના અઘોરકષ્ટોધ્ધરણમંત્રનો પણ વિધિવત્ ઉપયોગ કરે છે એમ જણાવ્યું હતું.

પ્ર. પૂ.શ્રી પાસેથી કૃપાપ્રસાદીમાં કોઈ મંત્રદીક્ષા કે સ્મૃતિચિહ્ન કંઈ જ પ્રાપ્ત કર્યું નથી અને ચાદરની બાબતમાં પૂછતાં તે તેમણે તેમના પિતાજી પાસે પ્રાપ્ત કરી હતી અને એને જીવનની અમુલ્ય વસ્તુ ગણે છે. દત્તબાવની દર્દીઓને એટલા માટે ગવડાવે છે કે, તેઓ પણ આ મૂઠ-ચોટ વગેરેમાં માને છે. પૂ.શ્રી પણ એ બધામાં માનતા હતા અને દત્તબાવની તો આ બધાનું શ્રેષ્ઠ મારણ છે એટલા માટે કોઈ માંદી વ્યક્તિ હોય તો તેને પણ તેઓ મંત્ર સિધ્ધ કર્યા પછી દોરો કે ધાગો તેમને આપે છે.

આ ઉપરાંત તેમણે તેઓ જર્મની ગયા હતા ત્યાં એક છોકરી હતી તેણે દત્તબાવની સાંભળ્યા પછી સ્વપ્નમાં પૂ.શ્રીનાં દર્શન કર્યાની વાત કરી. ત્યાર પછી એ છોકરી આશ્રમમાં આવી ત્યારે, તેણે પૂ.શ્રીનાં દર્શન વખતે વાત કરી કે જેમને મેં સ્વપ્નમાં જોયેલા તે આ જ સદ્દગુરુ છે.

ત્યારબાદ એક ઇટાલિયન છોકરી અંધ હતી, તેણે દત્તબાવની



સાંભળ્યા પછી પહેલી વાર પ્રકાશ જોયો. અને તેણે જણાવ્યું કે તે થોડું થોડું જોઈ શકે છે.

તેમને સંગીતનું વધારે જ્ઞાન નથી તે તેમને આત્મસ્ફુરિત છે, પણ દત્તબાવની આ ચાર રાગમાં અને પૂ.શ્રીએ બતાવેલ ઢાળમાં ગાવાથી કે ગવડાવવાથી તેમના પર શું અસર થાય છે તે જોવાનું કામ કે તેનાથી થતા ફેરફાર જોવાનું કામ એમનું છે. ગાનાર અને સાંભળનાર બન્નેને ચકાસવાના હોય છે અને તે સમયે બન્નેની નાડ તપસ્યા પછી નિર્ણય પર આવીને તેમની સારવાર કરવાની હોય છે. આમ, જીવનમાં પૂ.શ્રી સાથે જોડાયા પછી - બી.ઈ. ઇલેક્ટ્રિકલ એન્જિનિયર થયા છતાં પણ - તેમનાં જ ભજનો અને દત્તબાવનીને સચોટ હથિયારરૂપ માની નેચરોપથીમાં સાથે સાથે એને સારવારમાં સ્થાન આપવાનું મહાન કાર્ય આ ડૉ. શ્રી. બાલાજી તામ્બે કરી રહ્યા છે.

તેમની પાસે લકવો, ડાયાબિટીશ, હાર્ટડિસિઝ અને એવા તો કેટલાયે રોગીઓ આવે છે જેમનો ઇલાજ આધ્યાત્મિક અને આયુર્વેદ દ્વારા કરવામાં આવે છે. તેમાં પંચકર્મ મુખ્ય છે. પૂ.શ્રી સાથેના સંપર્કની જ વાત કરવાની હોઈ અત્રે અટકું છું. બાકી એમના વિશે ઘણું લખાઈ ચૂક્યું છે અને લખી પણ શકાય.

**શ્રી બાલુભાઈ લાભશંકર જોષી** (મિઢોળવાળા) વડોદરા

મારી એક વર્ષની વયે જ પૂજ્યશ્રીનાં દર્શનનો લાભ થયેલો. કુટુમ્બમાં પૂજ્યશ્રીની સદ્‌ગુરુ લેખેની શ્રદ્ધાભક્તિ પૂ. કાકા પ્રભાશંકર જોષી દ્વારા. અમારા કુટુમ્બના પૂજ્યશ્રી સદ્‌ગુરુનો ૧૯૩૪માં. મિઢોળમાં મુકામ હતો. તે વખતની તેઓશ્રીની દેહમૂર્તિની છબી જાણીતી છે. હાથમાં દંડધારી-સુકલકડા યોગી પુરુષની નિશ્ચલ આંખોનો કૃપાકટાક્ષ ન ભૂલાય એવો છે. સને ૧૯૩૮ અને પછીનાં વર્ષોમાં કરેલાં દર્શન પ્રસંગોની સ્મૃતિઓ સાંભરે છે. નારેશ્વર-પોર-શુવાવી-અજ્બુપુરા-ડાકોર વગેરે સ્થળોએ તથા ઉત્સવ પ્રસંગોએ પૂ.શ્રીનાં દર્શન કરવા જવાનો અલિખિત નિયમ જીવનમાં થઈ ગયેલો. અલૌકિક અવધૂત દાદા પૂ. બાપજીને શરણે મૂકવાનું શ્રેય હું પૂ. પ્રભાશંકર દાદાને આપું છું. મારી બાબરી પણ નારેશ્વરમાં જ ઉતરાવેલી તે મને બરાબર યાદ છે.

સને ૧૯૪૫થી પૂજ્યશ્રી બાપજીના કિશોર-સેવકની ટુકડીમાં



સામેલ થવાનું સદ્‌ભાગ્ય મળ્યું. દત્તજયંતિ તથા શ્રીરંગજયંતી પ્રસંગોએ સ્વયંસેવક તરીકે કાર્ય કરેલું. મિઢોળથી નારેશ્વર દર મહિનાના એક ગુરુવારે નિયત ભજનની વારીમાં જવાનું. ભજનસેવા તથા અન્ય કામગીરીમાં જોડાવવાનો લ્હાવો લીધા કર્યો છે.

સને ૧૯૪૯માં પૂ. શ્રી બાપજી સાથેનો પ્રથમવાર પ્રવાસનો લાભ મળેલો. વલસાડ જીલ્લામાં ધરમપુર (વાંસદા) સ્ટેટમાં. તેઓશ્રીનો ધરમપુરમાં રહેતા શ્રી નારણભાઈની અવધૂતવાડીમાં મુકામ હતો. સાથે શ્રી સુમનભાઈ તથા શ્રી ગોરધનભાઈ પટેલ તથા શ્રી લલ્લુભાઈ પટેલ તથા ભાઈશ્રી શંકરલાલ સાથે હતા. તેઓશ્રી સાથે ૨૧ દિવસ પ્રભુસેવામાં રહેવાનું હતું. એ જ રીતે બીજા વર્ષે સને ૧૯૫૧માં મોતા મુકામે એક અઠવાડીયા સુધી તથા આજુબાજુનાં અન્ય સ્થળોએ જોડાવવાનું મને મળ્યું હતું. મોતાનો પ્રવાસ પૂજ્યશ્રી માટે પહેલો જ હતો.

પ્રવાસ અને મુકામો દરમિયાન મારે પૂજ્યશ્રી સાથે રહેવાની સેવા બજાવવાની આવતી. પૂજ્યશ્રીનું આસન-કમંડળ વગેરે મારે સાથે રાખવાનાં અને સાચવવાનાં. પૂજ્યશ્રી સાથે સવારમાં છ વાગે ચાલવાનું, એકાદ કિલોમીટર જવાનું, વાતો કરવાની અને બેસવાનું. ધરમપુર પછી વલસાડ શ્રી જમીયતરામ અધ્વર્યુ સાથે જવાનું થયું. ત્યાં એકાદ દિવસ રહી પારનેરા ડુંગર ઉપર રહેવા જવાનું થયું. પારનેરા ડુંગર ઉપર સવારમાં ફરવા જતી વખતે ડુંગર ઉપરથી છત્રપતિ શ્રી શિવાજીરાવે ચઢાઈ કરેલી ત્યારે છત્રપતિ શિવાજીરાવે જ્યાંથી ઘોડો કુદાવેલ એ જગા બતાવેલી. ઘોડો સીધો ડુંગર ઉપરથી નીચે જ જાય. પ્રત્યક્ષ ઈતિહાસજ્ઞાનનો એ બોધ હતો. અને એ મને બહુ મોડે સમજાયેલું. શસ્ત્રાગારો અને અનાજ પાણીના કોઠારો ડુંગર ઉપર જર્જરીત દશામાં હતા તે મને બતાવેલ.

ધરમપૂરમાં અવધૂત વાડીમાં મળસ્કે શ્રી ગોરધનભાઈ પટેલ શેરડીનો તાજો રસ કાઢે અને મારે ગ્લાસ ભરી પૂ. બાપજીની કુટીરમાં જવાનું અને રસનો ગ્લાસ આપવાનો, આ અમારો નિયમિત કાર્યક્રમ હતો. પછી તપેલીમાં જે રસ વધારાનો કાઢ્યો હોય તે અમો બધા પણ નિયમિત લેતા તેનું કોઈક વાર સુખદ-સ્મરણ થાય છે.

પ્રવાસ દરમ્યાન ધરમપૂર મુકામે શ્રી દોસી મોહમ્મદ ખાનસાહેબની મુલાકાત થયેલ. તેઓશ્રી રાજગાયક હતા. રાજમહેલમાં નિયમિત



એકાદ કલાક ગાવા જતા. બાજુમાં જ અવધૂત વાડી એટલે એ પણ એક દિવસ ત્યાં પધાર્યા અને દૂર-ઊભા રહ્યા. એ દરમ્યાન સ્ટેટના દિવાનસાહેબ ત્યાં હતા તેમણે એમનો પૂજ્યશ્રી સાથે પરિચય કરાવ્યો અને પૂ. બાપજીએ મારી પાસે બેઠા 'અવધૂત'ની ચોપડી માંગી. એમને આપી. ચોપડીમાંથી ભજન તૈયાર કરી બીજે દિવસથી નિયમિત આવતા અને સાંજના છ વાગે ભજન ગાતા. દરરોજ આવતા અને પૂ. બાપજીનાં દર્શન કરતા. જાતે મુસલમાન હતા. આ સ્મરણ મને બરાબર યાદ છે. પ્રથમ દર્શને જ પૂ.શ્રીના અનન્ય ભક્ત થઈ ગયેલા. પૂ.શ્રીની ૬૦મી રંગજયંતી ઉત્સવપ્રસંગે દોસ્તમોહમ્મદનું ભજન સાંભળવાનું મળેલું. પછી તો અવારનવાર નારેશ્વર આવતા અને ભજનનો રસા-સ્વાદ ભક્તોને આપતા. શ્રી સદ્ગુરુકીર્તનમાં તેમનો સહયોગ યાદ આવે છે. તેઓ પૂજ્યશ્રીના અનન્ય કૃપાપાત્ર બન્યા હતા. તેઓને શ્રી રંગ-પરિવારમાં સૌ કોઈ જાણતું જ હોય છે.

સને ૧૯૫૦-૫૧માં મોતાથી પરત વળતાં રસ્તામાં કામરેજ આવ્યું અને કામરેજમાં મુકામ કર્યો. મોતાથી આવતાં ગામમાં દાખલ થતાં જ મસ્જિદનું સ્થાનક આવ્યું. પૂજ્યશ્રી મસ્જિદમાં ગયા અને સુમનભાઈ પાસે નારિયેળ મંગાવી ત્યાં મૂક્યું. "રામ કહો, રહેમાન કહો' એ ભજનના રચનાર પૂજ્યશ્રીનાં વાણીવર્તનની એકતાનું ભાન થયું ત્યારે સદ્ગુરુ ભક્તિમાં ઓર ઉછાળો આવેલો. પૂજ્યશ્રી બાપજીની સેવામાં કલાકોના કલાકો પસાર થઈ જાય, ખબર ન પડે. પૂજ્યશ્રીની બાપજીની નજરે આ વાત હોય જ : બોલાવીને પૂછે : ભૂખ લાગી છે. ભૂખ લાગે તો પ્રસાદ નિરાંતે આરોગો સંકોચ ન રાખો પણ હા ! બહારના નાસ્તા પાણીમાં ન પડતા, ચણા ખાવા. ચણા ખાવાથી પાણી આપણને લાગે નહીં. વાંસદા તરફનું પાણી લાગતું હતું. ચણા ખાવાથી પાણી ચુસાઈ જાય. વડીલો કોઈવાર ખીજાઈને આપણને ઠપકો આપે ખાસ કરીને ભજન સેવામાં ત્યારે અમારો પક્ષ લેતા ! પૂજ્યશ્રીની સાથે ફરવામાં સાથે રહું એટલે પૂછે થાક તો નથી લાગતો ને' !

સને ૧૯૫૦ કે ૫૨નુ વર્ષ હશે. સૂરતમાં તાપી નદીની સામે બાજુ રાંદેર રોડ ઉપર પૂજ્ય શ્રી વિશ્વનાથ અવધૂતજીના આશ્રમમાં પૂજ્ય બાપજીની પધરામણી હતી ત્યારે દર્શન માટે હું ગયેલો.

એક વાર મિંઢોળથી નારેશ્વર ભજનની વારીમાં ચાલતા જતા હતા. ચોમાસું હોવાથી મંડળમાંથી એક ભાઈને વીંછી કરડ્યો એટલે



અમારે એને ઊંચકીને લઈ જતાં નારેશ્વરમાં મોડા પહોંચ્યા. પૂજ્ય બાપજીને આ વાત જણાવી. બાપજીએ સૂચના કરેલી કે મિઢોળથી નીકળતાં ભાગોળે બધા મંડળે એકઠા થઈ "અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત"ની ઘોષણા કરી નીકળવાનું રાખજો—અને ભજન સેવાપુરી થયા પછી નારેશ્વર નીકળી દરવાજા પાસે એકઠા થઈ આ જ ઘોષણા કરવી આ પ્રમાણે કરશો જેથી મારું લક્ષ રહેશે.

હું જ્યારે જ્યારે નારેશ્વર જાઉં કે પૂજ્યશ્રી અન્ય સ્થળે હોય ત્યાં જાઉં તો પણ પૂજ્યશ્રી માટે છાપાં (અંગ્રેજી-ટાઈમ્સ ઓફ ઈન્ડિયા) લઈ જવાની મને ટેવ હતી. તથા હું બાપજીને સૂતરની આંટી પહેરાવતો અને નાગચંપાનાં ફૂલ પૂજ્યશ્રીને હાથમાં આપતો. એમને એ ફૂલની સુગંધ ઘણી જ ગમતી. રાજકારણની ઘટનાઓ વિષે વાતો કરે, માર્મિક નિરીક્ષણો રજુ કરે, નેતાઓનો સ્વભાવ-ત્રુટીઓ તરફ ધ્યાન દોરે અને છાપું પ્રસન્ન ચિત્તે વાંચે. પૂજ્યશ્રી પાસે મારા કરતાં મારા વડીલ શ્રી ગોવિંદભાઈ ઉપાધ્યાય ખૂબ છૂટથી વાતો કરતા. અનેકવાર અમે બે સાથે જ દર્શન સત્સંગમાં હોઈએ ત્યારે અમો વડોદરા સાથે જ રહેતા હતા.

વડોદરામાં સુપ્રસિદ્ધ ડોક્ટર અને લોકસેવક ડૉ. ઠાકોરભાઈ પટેલે ઉમા ક્લિનીકનું ખાતમુહૂર્ત પૂ.બાપજીના હસ્તે રાખ્યું હતું. ત્યારબાદ બંધાઈ ગયા પછી પણ પૂ.બાપજી એમની સાથે ઉમા ક્લિનીકમાં ગયેલા એ મને યાદ, અને એઓશ્રી "ગાંધીનગરગૃહ"માં સંસ્કૃતસંમેલનમાં આવ્યા હતા પરંતુ મારે ત્યાં બાબાનો જન્મ ઉમા ક્લિનિકમાં થયો હતો. મારે વૃદ્ધિ હતી તેથી હું દર્શન કરવા જઈ શક્યો નહોતો પણ ગાંધીનગર ગૃહ આગળ—આચાર્ય બુકડેપો પાસે ઊભા રહી પૂજ્યશ્રીનાં મેં દૂરથી દર્શન કરેલાં. ત્યાંથી પૂજ્યશ્રી ડૉ. ઠાકોરભાઈ સાથે ઉમાક્લિનિકમાં ઉપર પધારેલ. મારા પત્ની દવાખાનામાં જ હતાં. પૂજ્યશ્રીનાં દર્શન થયાં નહોતાં એટલે મને રંજ તો રહ્યો હતો પરંતુ ડૉ. ઠાકોરભાઈએ તો પૂજ્યશ્રીને લીફ્ટમાં બેસાડ્યા ને બધી જ પ્રસુતા સ્ત્રીઓને બહાર દર્શન માટે બોલાવી લીધી. એટલે એ રીતે મારા પત્નીને દર્શન થઈ ગયાં અને રંજ જે હતો તે દૂર થઈ ગયો. સને ૧૯૬૮ની સાલ હતી.

વડોદરાથી નડિયાદ-કપડવંજથી જયપૂર તથા હરિદ્વાર તરફ પ્રયાણ થવાનું હતું એટલે અવધૂતશ્રીની જાણે કે છેલ્લી પ્રગટલીલા.



અજાુપુરાથી ભક્તમંડળ કપડવંજ દર્શનાર્થે ગયું હતું. ત્યાં અજાુપુરાના ભાઈઓને મારી ખબર પૂછેલી કે બાલુ અજાુપુરા આવે છે કે ? એટલે ભક્તોએ જણાવ્યું કે અવારનવાર આવ્યા જ કરે છે. મને યાદ કર્યો એટલે મિઢોળના શ્રી રતીલાલભાઈએ વડોદરા આવી મને ખબર આપી કે પૂજ્ય બાપજી કપડવંજ તમને યાદ કરતા હતા. સંજોગવસાત્ વડોદરા શ્રી ગોવિંદભાઈ તથા મિઢોળથી શંકરભાઈ પણ વડોદરા આવેલા એટલે અમો મિત્રની ગાડી લઈ કપડવંજ દર્શનાર્થે પહોંચ્યા. સાંજનો સમય. જીનમાં મૂકામ હતો. જીનનું કમ્પાઉન્ડ ચિક્કાર હતું પરંતુ શ્રી સુમનભાઈ માસ્તરની અમારા બધા ઉપર નજર પડી, એમણે પૂજ્યશ્રીને વાત કરી કે ગોવિંદ-બાબુ બધા આવ્યા છે. એટલે સ્વયંસેવક દ્વારા અમને નજીક બોલાવ્યા. અમોએ પૂજ્ય બાપજીને તબિયત વિષે ખબર પૂછી કારણ તેઓશ્રી આફ્રીકાથી ટૂંક સમયમાં જ આવેલા હતા. અમને બધાંને દર્શન આપ્યા તથા કહ્યું કે ગઈકાલે જ અજાુપુરાવાળા ભાઈઓ આવ્યા હતા ત્યારે તારી ખબર પૂછી હતી. ત્યારબાદ શ્રી સુમનભાઈને અમને જમાડીને પાછા મોકલવા જણાવ્યું હતું. અમો પ્રસાદ લઈ રાત્રે વડોદરા પરત આવ્યા.

પૂજ્યશ્રીના બ્રહ્મલીન થયા પછીય તેઓશ્રીની પ્રત્યક્ષ હૂંફ હું અને મારું કુટુંબ અનુભવીએ છીએ જ. મારા સંતાનોને માંદગીના પ્રસંગો હોય કે વ્યાવહારિક ગૂંચોના અવસરો હોય ત્યારે પૂજ્યશ્રીની અમારી આર્દ્રહૃદયની પ્રાર્થનાઓ સાંભળી સહાય કરે જ છે. એવી અમારી દૃઢ પ્રતીતિ છે. પૂજ્યશ્રીએ મને દત્તબાવનીના પાઠો જેટલા થાય તેટલા કરવા એવો આદેશ આપેલો છે. સને ૧૯૬૮થી દર ગુરુવારે સાયંપ્રાર્થના અમો કરીએ જ છીએ અને યથાશક્તિ હું ઉપાસનામાં રહું છું.

**શ્રી બી. એન. દેવ (આર્કિટેક - એન્જિનિયર) અમદાવાદ**

પૂ.શ્રીની માહિતી મારાં માતુશ્રીએ આપી. અમે ગોધરાથી થોડે દૂર આવેલા દેવગઢબારિયામાં રહેતાં હતાં. ત્યારે બહેવ નિમિત્તે શ્રી વિઠ્ઠલપંત (પૂ.શ્રીના પિતાશ્રી) બારિયા આવતા. પૂ.શ્રી તેલંગ હાઈસ્કૂલમાં ભણતા ને તેજસ્વી હતા એવું મારા પિતાજીએ કહેલું.

પણ પૂ.શ્રીને રંગઅવધૂત મહારાજ તરીકેની ખ્યાતિ તો ૧૯૪૫માં હું અમદાવાદ રહેતો થયો ત્યારે ભદ્રમાં રહેતા ફોટોગ્રાફર શ્રી પુરાણિક



મારફત સાંભળી. પ્રત્યક્ષ પણ દૂરથી દર્શન ૧૯૪૮માં ડૉ. કનૈયાલાલ વાણીને ત્યાં પધારેલા ત્યારે થયાં ને ૧૯૫૦માં સરખેજ જામફળની વાડીમાં ડૉ. વાણીકાકા સાથે ગયો ત્યારે નજીકથી દર્શન કર્યાં.

૧૯૫૨માં નવી ગુફા બાંધવાનો નિર્ણય થયો અને ડૉ. વાણીકાકા મારફત મને પણ તેનો પ્લાન કરવાનું કહેવામાં આવ્યું ત્યારે તેની ચર્ચા માટે નારેશ્વર ગયો ને તેમાંથી મારી છાપ એ થઈ કે પૂ.શ્રી પ્રથમ કોટિના જ્ઞાની અને શ્રદ્ધેય સંત છે.

પછીથી સતત શનિ-રવિ ૫૦ થી ૬૦ અઠવાડિયાંમાં નારેશ્વર જવાનું થયું.

અને એમ સતત સંપર્કમાં ઘણું માર્ગદર્શન મળ્યું.

ઈ.સ. ૧૯૫૪માં પૂ.શ્રી મારા ભાડાના મકાનમાં પધાર્યા ત્યારે મેં પ્રશ્ન પૂછ્યો કે ગુરુભક્તિ શ્રેષ્ઠ કે દેવપૂજા ? મારા ઇષ્ટદેવ ખંડોબા. પૂ.શ્રીએ 'ગુરુગોવિન્દ દોનો ખડે, કિનકો લાગું પાય' એ દોહરો બોલી સમજાવી કહ્યું કે આમ બધું સરવાળે એક જ છે. પછી ઉમેર્યું હવે હું તારું સ્વતંત્ર મકાન થશે ત્યાં આવીશ અને એમની કૃપાથી ને મારા પ્રયત્નોથી મને બીજે જ વરસે ભદ્રમાં મકાન વેચાતું મળી ગયું.

પૂ.શ્રીએ કહ્યું હતું કે જો માતાપિતા હોય તો તેમની સેવા કરવી, ઇષ્ટદેવની આરાધના કરવી અને જો કોઈ ગુરુ હોય તો તેનું સાંનિધ્ય ને તેની નિકટતા કેળવવી.

તે વખતે મેં કહ્યું હતું કે મારા તો આપ જ ગુરુ છો, ત્યારે તેમણે કહેલું કે હું કોઈને દીક્ષા આપતો નથી અને મારામાં એવી લાયકાત પણ નથી. ત્યારે મેં કહેલું કે મારા શ્રદ્ધેય ગુરુ તરીકે આપને જ માનું છું. ત્યારે બોલ્યા કે એ તમારો વિષય છે.

પૂ.શ્રી ઉચ્ચકોટિના દત્તાવતારી સંત પુરુષ હતા.

પૂ.શ્રીના અનેક અનુગ્રહો છે, શ્રી રંગલીલામૃતમાં છે. પણ લગ્ન પછી ૧૭મે વર્ષે પૂ.શ્રીની કૃપાથી તેમણે બતાવેલા અનુષ્ઠાનથી મારે ત્યાં પુત્ર થયો હતો. બીજું મને પાણીથી બીક લાગતી તે પૂ.શ્રી સાથેના નૌકાપ્રવાસથી જતી રહી.

અંગત સેવા કણભામાં રંગજયંતી વખતે મળી હતી. મંત્રદીક્ષા મળી નથી, પણ હું વાડીથી ચાંદીની દત્તની મૂર્તિ અને પાદુકા લાવ્યો હતો તે અભિમંત્રિત કરી આપેલ - જાતે અનુષ્ઠાન અભિષેક વગેરે કરીને — તે પૂજામાં છે. પ્રથમ પાદુકાપૂજન પૂ.શ્રીએ જાતે પગમાંથી



પાદુકા કાઢી આપી તેનું ૧૯૬૬માં શ્રી વિશ્વનાથભાઈના આચાર્યપદે કરેલું.

રાત્રે ભજન સાંભળતો - અવાજ મધુર ને સુશ્રાવ્ય.

**શ્રી ભવાનીશંકર આશારામ પટેલ : માંગરોલ**
(શ્રી રંગદર્શન-ઑક્ટો-૭૦માંથી પૃ.૩૬)

પૂજ્યશ્રી રંગઅવધૂત મહારાજશ્રીનો હાંસોટ મહાલના વિમલેશ્વરમાં મુકામ હતો. હું રાજકારણમાં સક્રિય અને વલણમાં નાસ્તિક. હાંસોટના શ્રી ઘેલાભાઈના બહુ આગ્રહથી ઝઘડિયા શ્રી નગીનભાઈ ધારોલીવાલાને ત્યાં દર્શને ગયો.

મારા શરીરમાં ચમકારો થયેલો, પછી ઘેલાભાઈ સાથે નારેશ્વર દર્શને ગયો. ત્યારથી તેમની પ્રેરણા અને આજ્ઞા પ્રમાણે કરવાની વૃત્તિ જન્મી. પછી તો ઘણીવાર પૂજ્યશ્રીનાં દર્શન માટે નારેશ્વર જવાનું થયા કરતું.

મેં મારા માંગરોલમાં 'શ્રીગુરુલીલામૃત'ની પારાયણ માટે આજ્ઞા માંગેલી ત્યારે એમણે સૂચવેલું : "પહેલાં વર્ષે પૂ.શ્રી વાસુદેવાનંદ સરસ્વતીની લીલાઓવાળા ત્રીજા ભાગનું પારાયણ કરવું; બીજા વર્ષે શ્રીપાદ શ્રીવલ્લભ અને શ્રી નૃસિંહસરસ્વતીની લીલાવાળા બીજા ભાગનું પારાયણ કરવું; અને ત્રીજા વર્ષે પહેલા ભાગનું પારાયણ કરવું." એ પ્રમાણે પારાયણ સંપન્ન કરેલું.

આ પારાયણ દરમિયાન મને પ્રેરણા થઈ કે ગામમાં 'દત્તમંદિર' બંધાવું ! પૂજ્યશ્રીની આજ્ઞા માંગી ત્યારે સૂચવ્યું: "આપણા ગુજરાતીઓ આરંભે શૂરા હોય છે !" વ્યવસ્થાની ખાત્રી આપી એટલે આજ્ઞા આપી અને મંદિર નિર્માણ થઈ શક્યું ! દત્ત ભગવાનની મૂર્તિ લાવ્યા પછી હું ઉમલ્લા પાસે હરિપુરા ગામે મૂર્તિપ્રતિષ્ઠા માટેની આજ્ઞા મેળવવા માટે પૂજ્યશ્રીના મુકામે ગયો. ત્રણ દિવસનો પ્રયોગ કરી સ્થાપન કરવાની આજ્ઞા મળી. આનંદ, શાંતિ અને નિર્વિઘ્ને ત્રિદિનપ્રયોગ કરી મૂર્તિ પધરાવી.

**શ્રી ભવાનીશંકર ગિરજાશંકર શાસ્ત્રી (સોખડા/વડોદરા)**
'રેવાનો યોગી'માંથી ટૂંકાવીને

વિક્રમ સંવત ૧૯૯૦ (ઈ.સ. ૧૯૩૪)ના વૈશાખ માસમાં પ્રથમવાર ભદામ–કરનાળીના વિદ્વાન મિત્રો પાસેથી પૂજ્યશ્રીનું નામ



S-૧૩



સાંભળ્યું હતું. વિક્રમ સંવત–૨૦૦૧ (ઈ.સ.–૧૯૪૫)ના માગશર સુદ ૧૫ના નારેશ્વર દત્ત જયંતીના ઉત્સવમાં શ્રીમગનલાલ રેવાશંકર ભટ્ટ (સોખડા) અને જયંતીલાલ આચાર્ય (વડોદરા)ની સાથે પ્રથમવાર માંદી તબિયતે નારેશ્વર જવાનું થયું. સેવા–સગવડ, સેવકોની સેવાભાવના અને ભજનસંકીર્તન તેમજ વેદઘોષથી ગુંજતા વાતાવરણમાં મને દૈવી આનંદ આવ્યો હતો. દત્તબાવનીના સામુદાયિક પાઠનો જીવનમાં પહેલીવાર અદ્‌ભુત પ્રસંગ માણ્યો. હું મુગ્ધ થઈ ગયો હતો. આચાર–વિચાર, ધાર્મિક વાતાવરણ, સેવાભાવ, સ્વાશ્રય, પવિત્રતા, સ્વચ્છતા અને ભક્તિમય વાતાવરણવાળો આખોય આશ્રમ જોઈને મને પ્રાચીન આર્યસંસ્કૃતિનું એક સુન્દર મહાવિદ્યાલય સમું તપોવન (ઋષિ–આશ્રમ) લાગ્યું.

પરમ પૂજ્ય આદર્શ સંત અવધૂત મહારાજશ્રીનાં દર્શન થતાંની સાથે જ કોઈ જાતની વાતચીત, સત્સંગ કે પ્રશ્નોત્તર થયા વિના જ તેઓશ્રીનાં ચરણોમાં મસ્તક નમી પડ્યું, મનને શાંતિ વળી અને ઘણા વખતથી કોઈ ઊંચા પ્રકારનું વિશ્રાન્તિસ્થાન મેળવવાનો સંકલ્પ હતો તે જાણે આજે જ પૂરો થયો હોય તેમ લાગ્યું.

સખત ઠંડી હોવા છતાં ખાંસી અને અશક્તિ મને ભૂલી ગયાં અને હું એમને ભૂલી ગયો.

ઘેર આવ્યા ! પરંતુ સાક્ષાત્ મૂર્તિમંત ધર્મસમી એ અવધૂત મહારાજશ્રીની મૂર્તિનું સુંદર દૃશ્ય દૃષ્ટિ સમીપ જ રહ્યા કરે. કાવ્ય લખવાનો શોખ અને અભ્યાસ નહિ છતાં અંદરથી કોઈ સતત જાણે પ્રેરણા કરી રહ્યું હોય તેમ અનુભવ થયેલો, કાંઈને કાંઈ અવધૂત–પ્રશસ્તિ લખવાની જ વૃત્તિ થયા કરે અને તે સમયમાં કેટલાંક સ્તોત્રો લખાઈ ગયાં. એ કેમ લખાયાં તેની આજે પણ ખબર નથી.

મારે ત્યાં સોખડા ગામે ત્રણ વખત શ્રી અવધૂતજીનું આગમન થયેલું. હું વડોદરા લોહાણા બોર્ડિંગમાં રહું છું ત્યાં પણ ઘણી વખત શ્રીઅવધૂતજી પધાર્યા છે.

લોકોત્તર અને પૂજ્ય વ્યક્તિનાં દર્શન, સમાગમ અને આશીર્વાદનો લાભ હું મેળવી રહ્યો છું. કોઈ વખત રામકૃષ્ણ પરમહંસની અસંપ્રજ્ઞાત (નિર્વિકલ્પ) સમાધિનો તો ક્વચિત્ અરવિંદ ઘોષના અદ્વૈતસિદ્ધિના તત્ત્વજ્ઞાનનો આ અવધૂતશ્રીના સત્સંગમાં અને સહવાસમાં અનુભવ થાય છે.



**શ્રી ભાલચંદ્ર બિવરે** ('રેવાનો યોગી' પૃ. ૪૬ થી ૪૮ને આધારે)

પૂ.શ્રીનો પ્રથમ પરિચય ગોધરામાં તેલંગ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા ત્યારે અંગ્રેજી ધો-૫ લગભગમાં તેમને ઘેર પાણી પીવા જવાના નિમિત્તે થયેલો. એમને ત્યાં જતો ત્યારે માજી ઘરમાંથી પરસાળમાં પાટલો મૂકી પાણીનું પાત્ર મૂકી જતાં; તેમના હાથનું પાણી પીને મારી બુદ્ધિ સુધરી એવું મને લાગે છે.

કેટલાંય વર્ષો સુધી હું તેમને ભૂલી ગયેલો. X X X X ભારતી વિદ્યાલયના ઉમલ્લાવાસી શિક્ષક શ્રી શંકરભાઈ પટેલે દત્તજયંતી નારેશ્વર ઉજવી આવ્યા બાદ શ્રી વળામેનો શ્રી અવધૂત મહારાજ તરીકે પરિચય કરાવ્યો ત્યારે જૂનો સંબંધ તાજો કરવા ઉત્કટ ઈચ્છા પ્રગટ થઈ. શ્રી શંકરભાઈએ પૂજ્યશ્રીનું બધું સાહિત્ય બતાવતાં 'ઉપનિષદની વાતો'નું પુસ્તક મારા જોવામાં આવ્યું. એમાં એમનું મૂળ નામ પાંડુરંગ વિઠ્ઠલ વળામે જોયું, અને મને ખાતરી થઈ કે મારા ગોધરાના તેલંગ હાઈસ્કૂલના સહાધ્યાયી વળામે તે જ શ્રી રંગ અવધૂત મહારાજશ્રી છે.

માગશર વદ-૨ને દિવસે મને આ વાત જાણવા મળી; ત્રીજને દિવસે હું નારેશ્વર જવા ઊપડ્યો ત્યાં રાત્રે પહોંચ્યો. સવારે નર્મદાજીમાં સ્નાન કરીને પૂ. શ્રીનાં દર્શન કર્યાં, અભ્યાસકાળનાં સ્મરણો ઊપસી આવ્યાં. X X X પૂજ્યશ્રીએ તરત જ ઓળખ્યો અને શ્રીકૃષ્ણે સુદામાને અપનાવ્યો હતો એમ તેઓશ્રીએ મને અપનાવી લીધો, સંભાળી લીધો. એમની સતત સંભાળ નીચે મારાં યોગક્ષેમ ચાલી રહ્યાં છે એવી મારી દૃઢ અનુભૂતિ છે.

મને તો અતૂટ શ્રદ્ધા છે કે એ જ મારા જન્મોજન્મના સમર્થ સદ્‌ગુરુ છે.

નારેશ્વર હું અવારનવાર જતો થયો હતો. એક વખત સવારે ઝરમર ઝરમર વરસાદ પડતો હતો અને જમીન સહેજ ભીની થઈ હતી. હું ત્યાં જઈને મહારાજશ્રી પાસે બેઠો. મનમાં વિચાર આવ્યો કે આજે કપડાં બગડી જશે. મહારાજશ્રીએ તરત જ કહ્યું કે 'ઊઠ, જા, જતો રહે.' કપડાં કરતાં ગુરુદર્શન, સંભાષણ, સાન્નિધ્ય વધારે મહત્ત્વનું છે એવી સમજણ પાડી. કપડાં મેલાં થાય છે તેની ચિંતા થાય છે પણ મન કેટલું ગંદું છે તેનો વિચાર કર.

પૂજ્યશ્રીની કૃપાથી મને કેટલાક દિવ્ય અનુભવો થયા હતા. ચંપાછઠ નવરાત્રિના પહેલા દિવસે શ્રીપાદુકા ઉપર બેઠેલા ખંડોબાનું



દૃશ્ય દેખાયું. ખંડોબા જેજુરીમાં અમારું કુલ દૈવત છે. એક વખત હું માંદો હતો ત્યારે 'મધર' 'મધર' એમ બોલાયું કે તરત જ પોંડિચેરીનો 'મધર' તરફથી સંદેશો આવ્યો કે **Why do you worry ? we are same.** એક વખતે પ્રદોષ કાલે નારેશ્વર મહાદેવની પૂજા કરતો હતો ત્યારે મહાદેવના લિંગ ઉપર મહારાજશ્રી બિરાજે છે એવું દૃશ્ય દેખાયું. પૂજા પછી પાસે આવીને બેઠો કે તરત જ તેમણે પૂછ્યું કે તું તીર્થ કેમ લે છે ? 'ગુરુચરિત્ર'માંથી તીર્થ માટેનો શ્લોક તેમણે બતાવ્યો હતો.

મિત્રભાવે મળેલા ગુરુદેવે મને એક જ વખત માર્ગદર્શન આપી શ્રેયપંથે વાળ્યો છે; જીવન સાર્થક કર્યું. કોટિ કોટિ વંદન હજો એ દિવ્યાવતાર અવધૂતને !

**શ્રીમતી મણિબેન ચંદ્રશંકર પાઠક** વજીરીઆ (વડોદરા)

ગુરુદેવદત્ત !

મારો જન્મ દિવેર ગામે થયો – બાળપણમાં જ મને પ.પૂ. બાપજીનું સાંન્નિધ્ય પ્રાપ્ત થયું – મારું તે સદ્ભાગ્ય હતું.

મારાં માતુશ્રી યુવાવસ્થા કહી શકાય તેવે ટાણે વિધવા થયાં. અમારી જ્ઞાતિના રિવાજ અને સમાજવ્યવસ્થા પ્રમાણે તેમણે સંપૂર્ણ વૈધવ્ય ધર્મ પાળ્યો. તેમનું અને મારું અહોભાગ્ય કે પ.પૂ. બાપજી શરૂઆતમાં દિવેર પધાર્યા.તેમનો પ્રભાવ દૈવત્વ અને બ્રહ્મનિષ્ઠતા નિહાળી મારાં બાને પૂ.શ્રી પ્રત્યે અતિ પૂજ્ય ભાવ જાગ્યો. સાચા સંતને ઓળખવા એ પણ ભાગ્ય છે. પૂ.બાપજી દિવેર પધાર્યા ત્યારે હું બિલકુલ નાની. મારાં બા સાથે નિયમિત બાપજીનાં દર્શને જઉં. પણ મને એવી ધગશ-ભાવના કે બાપજી માટે રોજ ફૂલહાર લઈ જવો. પણ એવાં ફૂલ લાવવાં ક્યાંથી ? નજીક વાડામાં "કાંટાશળી"ના છોડ ઉગેલાં ! તેને પીળાં ફૂલ થાય ! મેં તેનો હાર બનાવ્યો ! પૂ. બાપજી પાસે ગઈ. અને બાપજીના ગળામાં તે પહેરાવ્યો. ગુલાબ-મોગરો-જૂઈ તો મળે નહીં ! જે મળ્યું તે ! પૂ. બાપજીએ તે પહેરી મને કહ્યું : 'તું તો સોનાનો હાર લાવીને ! ઘણુ સરસ. રોજ હાર લાવજે.'

એક વખત અમે—હું તથા મારાં બા (ચંચળબા)-નારેશ્વર હતાં. અમે વારંવાર નારેશ્વર જઈએ. મહિનાઓ સુધી રહીએ. પૂ.બાપજીની ભીક્ષામાં પૂ. માજીને મદદ કરીએ. તેવે ટાણે વહેલી સવારે હું ઊઠી.



મને થયું ફૂલ વીણી લાવું. પૂ. બાપજીની કુટિર પાસે થઈ જતી હતી ત્યાં મેં એક અદ્ભુત દર્શન કર્યું. પૂ. બાપજી સ્નાન કરતા હતા. સ્નાન પૂર્વે એક પ્રકારનો યોગ કરતાં બાપજીએ એક દોરી નાકનાં બંને નસકોરાંમાંથી પસાર કરી કશુંક કરતા, તે મેં જોયું. પૂ. બાપજીની મોટી મોટી આંખો અને તેમાંથી પાણી પડે મને લાગ્યું કે બાપજી રડી રહ્યા છે. તેમને કશુંક થાય છે ! હું ગભરાઈ ગઈ દોડતી મારાં બા પાસે આવી અને બધી હકીકત કહી. બાએ કહ્યું બાપજી તો કાંઈ યોગ કરતા હશે. સર્વના આંસુ લુછનારો-હસાવનારો રડે નહીં.

પૂ. બાપજી મારી સાસરી વજીરીઆ તા. તિલકવાડા પધારેલા. અમારે ઘેર જ પૂ. બાપજીનું યથામિલિત ઉપચારથી પુજન થયેલું. ત્યાં પૂ. બાપજી માટે તૈયાર કરેલ મોસંબીનો રસ પૂ. બાપજીને આપવાનો રહી ગયો. પૂ. બાપજીએ કહ્યું : ફરી કોઈવાર લઈશ. અને ત્યારબાદ મારા ભત્રિજાને ત્યાં ભદામ તા. રાજપીપળા મુકામે બાપજીએ ફરી મોસંબીનો રસ લીધો.

વજીરીઆ બાપજી પધારેલા ત્યારે મને દર્શનઅર્ચનની પ્રસાદી રૂપે મારો મોટો દીકરો હર્ષદ પ્રાપ્ત થયો.

મારાં બાએ પ.પૂ. યોગાનંદ સરસ્વતી સ્વામિમહારાજ રચિત ''સ્ત્રીધર્મનિરૂપણ' પુસ્તક વાંચ્યું. એ પુસ્તક વાંચ્યા પછી મારાં બાએ પૂ. બાપજીને કહ્યું, ગુરુમહારાજ આ પુસ્તિકામાં પૂ. ગાંડા મહારાજે વિધવાધર્મ જે બતાવ્યા છે તેમાંનું મારાથી કશું પળાતું નથી. ત્યારે પૂ. બાપજીએ કહ્યું, "તમે જે પાળો છો તે જ પૂરતું છે. ચિંતા ન કરો, પ્રભુ જે કરશે તે સારા માટે.'' અને મારાં બાનાં ખરતાં આંસું લુછાયાં.

એક દિવસ મારાં બાએ પૂ. બાપજીને કહ્યું કે બાપજી મારે ચાંદ્રાયણવ્રત કરવું છે. ત્યારે બાપજીએ કહ્યું કે તે કાઠું (અઘરું) છે. થાય તો કરો અને બાપજીએ જે પદ્ધતિ બતાવી તે પ્રમાણે મારાં બાએ વ્રત કર્યું. પૂ. બાપજી પણ પ્રસન્ન થયા.

મારાં બા મગની દાળના પાપડ ઘીમાં વણી પૂ. બાપજી માટે દિવેરથી લઈ જતાં. પૂ. બાપજીને તે ભાવતા પણ ખરા. મારાં બા ચાલતાં દિવેરથી નારેશ્વર જતાં.

નારેશ્વર પૂ.માજીની સેવા માટે રહેવામાં અમે વારા જેવું રાખી વ્યવસ્થા કરેલી. અમારો વારો એક વખત ચોમાસામાં આવ્યો. ત્યારે



મારા મામા શ્રી નાનાલાલ તથા મામી સવિતાબેન પણ સાથે રહેલાં. (૧૯૬૭માં પૂજ્યશ્રીએ તેમને ઘેર ગોપાલપુરા પધરામણી પણ કરેલી.) રાતનો સમય વરસાદ ઝરમર ઝરમર પડે અને અંધારું ઘોર. ઝાઝી વસ્તી કે સંચાર નહીં. તે ટાણે રાતના અમે જે રૂમમાં બધાં હતાં તેની બહાર ખૂબ અવાજ થાય. અમોને કુતૂહલ થયું. બીક પણ લાગી, પરંતુ અમારા ગામના શ્રી નાથાભાઈ જે અમારી સાથે જ હતા તે બારણું ખોલી બહાર જોવા નીકળ્યા. ત્યારે પૂ. બાપજી બહાર ઓસરી પર હતા. કહ્યું કેમ નાથાભાઈ બહાર નીકળ્યા છો ? નાથાભાઈ કહે બાપજી કોઈ અવાજ કરે છે ત્યારે મને થયું જોઉં તો કોણ છે ? કોઈ પશુ આવ્યું હોય ! ત્યારે બાપજીએ કહ્યું : "જાવ, સુઈ જાવ જે હતું તે જતું રહ્યું છે."—પાછળથી ખબર પડી કે તે "બ્રહ્મરાક્ષસ" હતો. ફરી એક વાર પણ પૂ.બાપજીની ગુફા પાસેથી અવાજ-વાતો કરતા હોય તેવો-આવતો જણાયો. મારા મામા બે ત્રણ વખત બહાર નીકળી જોવા ગયા. પણ કાંઈ દેખાયું નહીં. પૂ.બાપજીએ બીજે દિવસે કહ્યું કે રાત્રે મારી ગુફા નજીક જોવા કે ગમે તે કરવા આવવું નહીં.

પૂ. બાપજીએ એક બહેનનો જંદ કાઢેલો તે મેં જાતે જોયેલું. તે બેન પાસે ખૂબ કામ લેતા અને તેમનામાં રહેલો જંદ પણ થાકી જતો — અંતે જંદે કહ્યું પ્રભુ આપની તપશ્ચર્યા અને દૈવીશક્તિના પ્રભાવે હું આ શરીર છોડી જતો રહું છું. અને તે ગયો.

આવા તો ઘણા પ્રસંગો મેં જોયા-અનુભવ્યા છે. પણ બધું યાદ નથી. જેટલું યાદ આવ્યું તેટલું કહ્યું !

''ગુરુદેવદત્ત''

## શ્રી મણિભાઈ દામોદરદાસ ત્રિપાઠી

(પાલનપુરના ભૂતપૂર્વ દીવાન)(સરખેજ) ('રેવાનો યોગી'માંથી ટૂંકાવીને)

અનેક વિભૂતિઓએ ભારતીય સમાજને ધર્માભિમુખ બનાવવા અનેક વાર પ્રયત્નો કર્યા છે. ભગવાન દત્તાત્રેયની પ્રણાલિકામાં શ્રીપાદશ્રીવલ્લભ, શ્રી નૃસિંહસરસ્વતી મહારાજ, શ્રીમાણિકપ્રભુ, અક્કલકોટના શ્રીસ્વામીસમર્થ મહારાજ, શ્રીવાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજે આવું અવતારકાર્ય કરેલું છે. એવા જ સંત શ્રી રંગઅવધૂત મહારાજશ્રી નારેશ્વરમાં. બ્રહ્મજ્ઞાની સંત ભગવાનનું જ સ્વરૂપ છે, એવું શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં શ્રીભગવાને જ કહ્યું છે.



સંત શિરોમણિ શ્રીરંગઅવધૂત સદ્‌ગુરુશ્રીએ મને પ્રગતિને પંથે દોર્યો છે. પુત્રશોકના વજાઘાત પછી મારા હૃદયમાં ક્રમેક્રમે મુમુક્ષુતા જાગ્રત થતાં અનુગ્રહ કરીને મારે ત્યાં પધારી મારો હૃદયક્ષોભ નિવાર્યો.

મારા પિતામહ તરફથી મળેલ પંચાયતનની ઈ.સ. ૧૯૦૯થી હું પૂજા કરું છું. મારા જ્યેષ્ઠબંધુ સંતશ્રી સાગર મહારાજે ઈ.સ. ૧૯૧૪માં નિત્યપાઠ કરવા મને દત્તાત્રેયસ્તોત્ર સ્વહસ્તે લખીને આપી ''જયગુરુ ! જયગુરુ ! દત્ત દિગંબર ! ત્રિગુણાતીત સ્વયં પરમેશ્વર !' એ ધૂન પણ આપેલી.

પૂજ્ય સાગર મહારાજે મારું આગમ ભાખી કહેલું કે 'તારા હૃદયની પાત્રતા થશે ત્યારે કોઈ સંતપુરુષ તારાં બારણાં ખખડાવી તને જરૂર મળશે.' અને એ જ પ્રમાણે બન્યું. પૂજ્યશ્રી રંગ અવધૂત મહારાજશ્રીએ ખાસ અનુગ્રહ કરી મારે ત્યાં પાલનપુર પધારી સાત દિવસનો મુકામ કરેલો. એ અનુગ્રહ જ હતો કારણકે તે પહેલાં હું નારેશ્વરમાં ગયેલો જ નહીં; જોકે મારાં પત્ની અને પુત્રીઓ ત્યાં જતાં હતાં ! આ પ્રસંગ પછી પણ હું નારેશ્વર ન ગયો ! છતાં કૃપાળુ પૂજ્ય અવધૂતજીએ વિશેષ કૃપા કરીને બીજી વાર મારે ત્યાં પધારી પંદર દિવસનો મુકામ કરેલો. ત્યાર પછી હું નારેશ્વર ગયો. બીજે જ દિવસે તા. ૧૯-૧૨-૪૫થી મને સ્થાનના ટ્રસ્ટી મંડળમાં ટ્રસ્ટી નીમ્યો !

ઈ.સ. ૧૯૪૬માં વડોદરા પાસેના છાણી ગામમાં રંગજયંતીનો ઉત્સવ હતો. ઉત્સવની પૂર્ણાહૂતિ થતાં પૂજ્યશ્રી નારેશ્વર પધારવાના હતા. મારી સુમિત્રાને મેટ્રિકની પરીક્ષા નજીક હોઈ અમારે પાલનપુર પાછા જવું હતું, પણ પૂજ્યશ્રીની ઈચ્છાનુસાર હું સહકુટુંબ પૂજ્યશ્રીની સાથે નારેશ્વર ગયો. ત્યાં પહોંચતાં જ સુમિત્રાબેનને અણઉતાર તાવ ચઢ્યો અને અમારે રોકાઈ જવું પડ્યું. ત્રીજે દિવસે સાંજે પૂજ્યશ્રીએ એક પતાસું આપીને તેનું પાણી સુમિત્રાબેનને આપવાનું કહી બીજી સવારે પાલનપુર જવાશે એમ પણ કહ્યું. પતાસાનું પાણી લીધા પછી બે કલાકમાં જ તાવ તદ્દન ઊતરી ગયો !

પ્રવાસમાં ગાણગાપુરમાં મારી ષષ્ઠીપૂર્તિ પૂજ્યશ્રી દુન્યવી રીતે નહિ પણ કેવળ અવધૂતી દૃષ્ટિએ ઉજવાવેલી. તે દિવસે મને સાથે લઈ ભક્તમંડળ સાથે માત્ર એક લંગોટીના કપડે જ પૂજ્યશ્રીએ અને અમે પાંચ ઘેરથી માધુકરી માગી આણેલી. પરમાત્મા પાસે કૃપાપ્રસાદ પ્રાપ્ત કરવા માટે સર્વ કોઈ ભિક્ષુક છે એ વૃત્તિનું પૂજ્યશ્રીએ મને યથાર્થ ભાન કરાવેલું.



ઈ. સ. ૧૯૫૨માં મારી સુમિત્રાના લગ્નપ્રસંગે કૃપા કરી સરખેજ પધાર્યા; વરકન્યાને આશિષ આપ્યા તે અપ્રતિમ સદ્‌ભાગ્ય અમારું ગણાય.

મને ઈ.સ. ૧૯૫૬, '૫૭ અને, ૫૮માં ત્રણ વર્ષ લાગલગાટ હૃદયરોગના સખત હુમલાઓ આવેલા. ત્રીજો હુમલો ગંભીર હતો. આખા શરીરે આવેલા સોજા તલમાત્ર પણ ઓછા થયા નહોતા. નિરાશ થઈને મારા મિત્ર ડૉ. કનૈયાલાલ વાણી પૂજ્યશ્રી પાસે નારેશ્વર ગયા અને હું બચું એમ નથી એમ જણાવ્યું ! પૂજ્યશ્રીએ તરત જ કહ્યું કે, 'ડૉક્ટર ! મણિભાઈની હજી જરૂર છે. એમને કશું નહિ થાય, જાવ નિશ્ચિંત રહો.' બીજા દિવસે ડૉ. વાણી અમદાવાદ આવ્યા ત્યારે મને સોજા ઊતરી ગયા હતા !

અવધૂતજીવનપરિપાટી વ્યાવહારિક મુશ્કેલીઓના ઉકેલમાં, સમાજના નવનિર્માણમાં, રાષ્ટ્રઘડતરમાં, વિશ્વકલ્યાણની યોજનામાં, દિવ્ય ચેતનાના અનેકવિધ આવિષ્કારોમાં વધારે કામિયાબ નીવડે છે. એ જ તેનું વૈશિષ્ટ્ય છે. અવધૂતમાં મસ્તી છે, ખુમારી છે, પ્રાણશક્તિની વિપુલતા છે, તપસ્યા છે, વિરક્તિ છે, નિર્લેપતા છે અને સાથે સાથે અનેક ઝંઝાવાતોની ક્રિયાઓમાં નિર્મુક્તપણે ઝંપલાવવાની અને ધર્મસંસ્થાનું કાર્ય અચૂકપણે સિદ્ધ કરવાની ગુંજાયેશ છે.

ઈ.સ. ૧૯૬૪માં હું ૭૫મા વર્ષમાં પ્રવેશ્યો ત્યારે પૂજ્યશ્રીની હૃદયાશિષની આ વાણીથી ધન્ય થયો છું.

*ભવ્યામૃતોત્સવે ત્વસ્મિન્ગુરો ઽસ્માકં સદાશિષા ।*
*નૃત્યત્યાનંદસાન્દ્રં વૈ મિથોઽભેદાનુચિન્તનાત્ ॥ ૐ ॥*
*'સ જીવતિ યશો યસ્ય કીર્તિર્યસ્ય સ જીવતિ' ।*
*ચરિતાર્થમિદં દૃષ્ટં ત્વય્યવધૂતમંડલે ॥ આં ॥*
*આયુરારોગ્યસન્નદ્ધો જીવાતોઽપિ ચિરં મણે ।*
*ગુણાંશુભિર્દિશઃ સર્વાઃ પ્રકાશયન્ યથા મણિઃ ॥ હ્રીં ॥*
*અનુભૂય પરાં શાન્તિં પુષ્ટિં તુષ્ટિં ચ સર્વશઃ ॥*
*સ્વાત્મન્યેવ સ્થિરો ભૂત્વા વ્રજ સાયુજ્યમન્તતઃ ॥ ક્રોં ॥*

નારેશ્વર — રંગ અવધૂત,

મારા કાવ્યસંગ્રહ 'હૃદયોદ્‌ગાર'માં પૂજ્યશ્રી પ્રત્યેના મારા હૃદય-ભાવો ગૂંથ્યા છે. 'તારશે જગુરુકૃપા' અને 'વૃત્તિ લીન રહે સદા ગુરુપદે'



એ મારી શ્રદ્ધા અને મહેચ્છા રહી છે. તેઓશ્રીની કૃપા પ્રાપ્ત કરવા વિનમ્રભાવે પ્રાર્થના કરું છું.

## મણિશંકર પંડિતજી વિદ્યાભાસ્કર (વડોદરા)

(નારેશ્વરનો નાદ-ડિસે.૮૦ને આધારે)

ઈ.સ. ૧૯૪૧ના એક દિવસની સાંજે સૂર્યાસ્ત પછી કોઈ પણ કારણથી અકસ્માત હું મારા વિદ્યાબન્ધુ શાસ્ત્રીજી વિષ્ણુપ્રસાદને ત્યાં ગયેલો. તેમણે મારા હાથમાં 'રંગહૃદયમ્' મૂક્યું. મેં પહેલો શ્લોક વાંચ્યો : 'રમોમાનન....' બાલબચ્ચાંવાળી હરણી જેમ એકાએક પથરાયેલી જાળમાં સપડાઈ જાય તેમ નાસ્તિક ભાવનાવાળી મારી બુદ્ધિ આ શ્લોકમાં ભરાઈ ગઈ. હરણીને જાળમાં સપડાતાં દુઃખ થતું હશે, પણ મારી બુદ્ધિને તો તેમાં સુખનો અનુભવ થવા લાગ્યો.

આ મંગલાચરણ કરનારો મહાપુરુષ કેટલો વિદ્વાન હશે, કેવો તપસ્વી હશે, કેટલો મિતભાષી હશે, કેટલો તત્ત્વચિંતક હશે વગેરે વિચારો મનમાં ઉદ્ભવવા લાગ્યા. એક નાનામાં નાનો બત્રીસ અક્ષરનો અનુષ્ટુપ છંદ અને તેમાં પણ સોળ અક્ષરનો એક પૂર્વાર્ધ; એમાં આ મહર્ષિએ એક સામટા કેટલા દેવોને વન્દન કરી નાખ્યાં !

અર્ધા એક કલાક સુધી મંગલાચરણના કેવળ એક શ્લોકનું જ ચિંતન કર્યા પછી મેં વિષ્ણુભાઈને કહ્યું : 'આ મહાપુરુષ શમી, દમી, તિતિક્ષુ, તપસ્વી, બ્રહ્મવિદ્ હોય કે ના હોય પણ મહાન વિદ્વાન છે, એમાં મને તો જરા પણ સંદેહ નથી. આજકાલનો મારા જેવો પલ્લવગ્રાહી પંડિત આવી રચના કદી કરી શકવાનો નથી.'

## શ્રી મનહરલાલ સી. પાઠક (વડોદરા)

પૂજ્ય શ્રીરંગ અવધૂત બાપજી વિશે પ્રથમવાર મારા ડભોઈવાળા સ્વ. દાદા પાઠક રેવાશંકર લલ્લુભાઈ દ્વારા સાંભળ્યું. તે સમયે મારી ઉંમર આશરે બાર વર્ષની હતી. મારા દાદાને પૂજ્યશ્રીની પ્રથમ મુલાકાત રાજપીપળા મુકામે પૂજ્ય શ્રી જ્યારે શેઠ શ્રી હોરમસજીના જિનમાં રોકાયેલા તે પ્રસંગે મારા દાદાના જમાઈ સ્વ. મોતીલાલ ગિરજાશંકર પાઠક તથા તેઓના જમાઈ સ્વ. નંદલાલ શિવરામ પાઠક જેઓ બન્ને પારસી શેઠશ્રીની નોકરીમાં હતા, તેઓ દ્વારા યોજાઈ હતી. પૂજ્ય બાપજી સાથે મારા દાદાએ તેમની અગાઉના અન્ય સંતો સાથે ચર્ચાયેલ પ્રસંગો



અંગે સંક્ષિપ્ત મહિતી આપેલી. તેઓ શિવભક્ત હતા અને પૂજ્યશ્રી સાથેની વાતચીત દરમ્યાન તેઓની શિવભક્તિ તરફની રુચિ જાણી લઈ પૂજ્યશ્રી–બાપજીએ તેમને દરરોજ શિવકવચનો એક પાઠ અને દર સોમવારે અગિયાર પાઠ તેમજ સોમવારે એક ટાણું ભોજન લેવાનું સૂચવ્યું, જે તેઓએ આજીવન પાળ્યું.

વળી, મારા સ્વ. કાકાશ્રી હીરાલાલ રેવાશંકર પાઠકનું લગ્ન દિવેર મુકામે થયેલું. આથી દિવેરનાં અમારાં સગાંઓ મારફત પણ નારેશ્વર ધામ વિશે ઘણી વાતો સાંભળવામાં આવતી.

ઉપરોક્ત માહિતીથી પ્રેરાઈને આશરે લગભગ બાસઠ વર્ષ અગાઉ ડભોઈમાં નાંદોરા ફળિયામાં આવેલ શ્રી નંદિકેશ્વર મહાદેવના ઓટલા ઉપર અમોએ દર ગુરુવારે ભજન કરવાનું શરૂ કરેલું.

દરમ્યાન એક વખત ડભોઈમાં શ્રી દશાલાડ વાડીમાં "શ્રીકૃષ્ણ: શરણં મમ"ની ધૂનની અખંડ ભજનસપ્તાહ યોજાયેલી. તેનાથી પ્રેરાઈને ભાઈશ્રી નટવરલાલ અંબાલાલ જોષી તથા મેં એક સાડા–ત્રણ દિવસની દરરોજના બાર કલાકની "દિગમ્બરા દિગમ્બરા શ્રીપાદ વલ્લભ દિગમ્બરા"ની ધૂન યોજેલી.

ઉપરોક્ત અર્ધસપ્તાહ દરમ્યાન શ્રી નંદિકેશ્વર મહાદેવના મંદિર સન્મુખ આવેલ સ્વ. જોષી ગજાનંદ નાનાલાલ પાઠકને ટાઈફોઈડ થયેલો. તેઓએ પોતાની બારીમાંથી સદર ધૂન અવિરત સાંભળ્યા કરી અને તેઓએ તેમનાં માતુશ્રી સ્વ. શાંતિબાને વિનંતી કરી કે, સદર સપ્તાહની પૂર્ણાહૂતિના દિવસે ધૂનમાં ભાગ લેનાર ખાસ કરીને બાલિકાઓ અને બાળકોને મહાપ્રસાદ આપણે ત્યાંથી આપવો. સદર પ્રેરણા અનુસંધાનમાં ઉલ્લેખ કરવાનું મન એટલા માટે થાય છે કે જ્યારે અમોએ સદર અર્ધ સપ્તાહની શરૂઆત કરી ત્યારે અમારા ફળિયાના એક–બે માણસોએ ટિખળ રૂપે અમને જણાવેલું કે આ પ્રમાણે આયોજન તો કરો છો, પરંતુ તમોને સમાપ્તિ પ્રસંગે કોઈ મહાપ્રસાદી આપનાર છે ? આના ફળ સ્વરૂપે જ પૂજ્યશ્રીએ શ્રીયુત સ્વ. ગજાનંદભાઈને પ્રેરણા કરી હોય એવું અમે દૃઢપણે માનેલું.

સમાપ્તિ બાદ શ્રીયુત સ્વ. ગજાનંદભાઈ પણ ટાઈફોઈડથી મુક્ત થયેલા જેથી પૂજ્યશ્રી તરફનો ભક્તિભાવ પાંગર્યો.

શરૂઆતના દિવસોમાં તો અમારા ફળિયાનાં લગભગ દસેક બાળક-બાળિકાઓ ભજનમાં આવતાં, પરંતુ પાછળથી મોટેરાંઓ પણ



તેમાં સામેલ થયેલાં.

દરમ્યાન, અમે એક બાળસંઘની સ્થાપના કરી અને ભજનની પ્રવૃત્તિ ઉપરાંત વહેલી સવારના સમયે બાળકોને પ્રાર્થના સાથે વ્યાયામ (P. T.) વગેરેમાં યોજવાનું ચાલુ કર્યું. એક વખત પૂજ્યશ્રી શુવાવી પધારેલા. ત્યાં અમે અમારો બાળસંઘ લઈને ગયેલા અને પૂજ્યશ્રીને ડભોઈ પધારવા વિનંતી કરેલી, ત્યારે પૂજ્યશ્રીએ અમને સૂચવ્યું કે 'તમે જે ભજન વગેરેની પ્રવૃત્તિ કરો છો તે ચાલુ રાખો અને એકાદ વખત નારેશ્વર આવો ત્યારબાદ તમારે ત્યાં આવવાનું મારી અનુકૂળતાએ વિચારીશ.'

આથી અમે લગભગ સાત–આઠ જણ સ્વ. ગજાનંદભાઈ તથા સ્વ. ત્રિભુવન શુક્લ સાથે પ્રથમ વખત નારેશ્વર ગયા અને પૂજ્યશ્રીને ડભોઈ પધારવા વિનંતી કરી હતી. તે સમયે જૂની અને નવી ધર્મશાળાઓ સિવાય બીજી કોઈ વ્યવસ્થા હતી નહિ. નર્મદાજીએથી દરેક ભક્તને પાણી લાવવું પડતું. ચ્હા–પાણી, લીલોડથી દૂધ આવે ત્યારે નવી ધર્મશાળા પાછળ ઈંટોનો ચૂલો બનાવીને પોતાની સાથે લઈ ગયેલ ખાંડ–ચ્હાથી ચ્હા બનાવી પીવાતી. સ્વ. જગજીવનદાસ માસ્તરના દીકરાઓને ત્યાર પછીનાં ઘણાં વર્ષો બાદ આશ્રમની બહાર નર્મદાએ જવાના માર્ગમાં પૂજ્યશ્રીએ હોટલ કરવાની પરવાનગી આપેલી, કારણ કે 'આમ તો લોકો છાનામાના ચ્હા બનાવીને પીએ છે તો તમે લોકો આ પ્રમાણે હોટલ શરૂ કરો.' ખાવાની ચીજો પણ સાથે લઈ જવી પડતી.

અમારે ડભોઈ પરત આવવાના આગલા દિવસે સાંજે નવી ધર્મશાળાના ઓટલા ઉપર બેસી વાતચીત કરતા હતા અને પૂજ્યશ્રી તે સમયની જૂની ગુફા પાસે બહાર બીજા ભક્તોને દર્શન આપતા હતા. તે દરમ્યાન અમારી સાથે આવેલા સ્વ. ત્રિભોવનભાઈ શુક્લે અમારી સાથે ડભોઈથી લાવેલ ખાદ્ય સામગ્રી પૂરી થઈ ગયેલ હોઈ કંઈક ખાવા માટે જરૂરિયાત જણાવી. પરંતુ અમોએ લાચારી દર્શાવી. ત્યારબાદ થોડીવાર પછી અમે પૂજ્યશ્રીના દર્શનાર્થે ગુફા પાસે ગયા અને બીજા દિવસે સવારમાં ડભોઈ પરત જવા માટે આજ્ઞા માગી. તે દરમ્યાન પૂજ્યશ્રીએ જણાવ્યું કે 'તમારી પાસે નાસ્તાપાણી ખલાસ થઈ ગયા હોય તો પૂજ્ય માજી પાસેથી લોટ વગેરે લો અને કાંઈક બનાવીને ખાવ.' આમ, પૂજ્યશ્રી અંતરયામી છે એવી પ્રથમ દર્શને જ શ્રદ્ધા પ્રગટ થઈ.




અમો ડભોઈ પરત આવ્યા બાદ, થોડા દિવસો બાદ, પૂજ્યશ્રીએ ડભોઈ પધારવાનું અમારું રૂબરૂમાં આપેલું આંમત્રણ સ્વીકાર્યું છે એવું શ્રી મોદીજી મારફતે અમને જણાવ્યું. પૂજ્યશ્રી ડભોઈ પધાર્યા અને બે રાત્રિઓનું રોકાણ અમારા નાંદોરા ફળિયાના નાકે આવેલ સ્વ. મગનલાલ ભગવાનજી પંડ્યાના મકાનમાં કર્યું. અમો સર્વે બાપજીની વ્યવસ્થા ખાસ કરીને ભિક્ષા વગેરે અંગે બિન–માહિતગાર હોવાને કારણે સદર કામગીરી અંગે માસ્તર શ્રી સુમનલાલ અને સ્વ. અમૃતલાલ શિવરામ પાઠકને વિનંતી કરેલી જે તેઓએ સહર્ષ સ્વીકારીને અમને ઉપકૃત કરેલા.

પૂજ્યશ્રીની પધરામણીના બીજે દિવસે સવારના પૂજ્યશ્રીની પાદુકાના પૂજનનું આયોજન કરેલું. જેમાં મારા સ્વ. કાકા હીરાલાલ તેમજ તેમનાં પત્ની ગંગાસ્વરૂપ કાશીબા બેઠેલાં અને પૂજન સ્વ. શ્રીયુત ત્રિભોવનભાઈ શુક્લે કરાવેલું. તે સમયે સ્વ. શ્રી મણિશંકર પંડિતજી રચિત પૂજ્યશ્રીની પાદુકા પૂજનની વિધિ ઉપલબ્ધ નહિ હોવાને કારણે સામાન્ય રીતે વેદોક્ત મંત્રોથી શુક્લશ્રીએ પૂજન કરાવેલું જેમના વેદોચ્ચાર અને પૂજનવિધિથી પૂજ્યશ્રી પ્રસન્ન થયેલા અને તેઓના સ્વમુખે "ૐ ગુરુ ૐ ગુરુ અવધૂતા : તૂ હિ ૐ તૂ હિ ૐ શ્રીદત્તા" ગવડાવેલું.

તેઓની ડભોઈની પધરામણી અંગે અમોએ પ્રેસમાં કોઈ માહિતી આપેલી નહિ, પરંતુ તેઓના આગમન અંગેની જાણ પેપરમાં પ્રગટ થયેલી અને આને લીધે દર્શનાર્થીઓનો ધસારો રહેલો. પૂજ્યશ્રીએ સદર પેપર–પ્રસિદ્ધિ અંગે સાધારણ અણગમો દર્શાવ્યો જે અંગે અમોએ પૂજ્યશ્રીની માફી માંગેલી અને આ અંગે અમોએ કોઈ માહિતી પ્રેસને આપી ન હતી એવું જણાવ્યું, જેથી પૂજ્યશ્રીએ ઉપરોક્ત બાબત પોતાના મનમાંથી કાઢી નાખ્યાનું અમોને લાગ્યું હતું. તે દિવસોમાં ડભોઈમાં સંસ્કૃતના વિદ્વાન શ્રી પેન્ડસે શાસ્ત્રીજી નિવાસ કરતા હતા. તેઓશ્રી સાથે પૂજ્યશ્રીએ ઘણી જ લંબાણથી શાસ્ત્રોક્ત ચર્ચાઓ કરેલી જેથી શાસ્ત્રીજી પણ પૂજ્યશ્રી તરફ ઘણા જ આકર્ષાયેલા.

ઉપરોક્ત ડભોઈનો પ્રસંગ આશરે બાસઠ વર્ષ અગાઉનો હોઈ તે જમાનામાં તેમની ડભોઈની પધરામણીનું આયોજન અમો આશરે એક હજાર રૂપિયાથી પણ ઓછી રકમ દ્વારા અમારા ફળિયાના, અમારી જ્ઞાતિના ભાઈઓ દ્વારા કરી શકેલા. ત્યાર પછીનાં વર્ષોમાં તો ઉત્તરોતર ઘણો જ ખર્ચ વધી ગયેલો જે સુવિદિત વાત છે.



મારા સને ૧૯૪૪માં કરનાળી મુકામે થયેલ લગ્ન બાદ કરનાળીના શાસ્ત્રી નાથાલાલ લાભશંકર પંડ્યા તેમજ તેમના કુટુંબીજનો જેઓ પૂજ્યશ્રીના અનન્ય ભક્તોમાંના તેમ જ નારેશ્વરમાં યોજાતા અનેક ધાર્મિક પ્રસંગોમાં પ્રધાન કર્મકાંડી તરીકે ઉપસ્થિત રહેતા તેમના દ્વારા પૂજ્યશ્રી તરફ દિવસે–દિવસે આકર્ષણ વધતું ગયેલું. દરમ્યાન સને ૧૯૪૪ના જૂન માસમાં મારે ડભોઈથી નોકરી અંગે વડોદરા સ્થળાંતર કરવું પડેલું. તે દિવસોમાં બાજવાડાસ્થિત શ્રી નવલખા શેઠની હવેલીમાં દર ગુરુવારે ભજન થતું, જ્યાં જવાનું મને પણ સૌભાગ્ય પ્રાપ્ત થયેલું. સ્વ. શ્રી વિષ્ણુપ્રસાદ શિવશંકર શાસ્ત્રી, સ્વ. શ્રી અમૃતલાલ (મનુભાઈ) વિશ્વનાથ પાઠક, સ્વ. પ્રોફેસર સી. એચ. સૂર, બૅન્ક ઑફ બરોડાવાળા શ્રીયુત અલમૌલા, છાણીના શેઠ શ્રી જેઠાભાઈ, શ્રીયુત ચંદુભાઈ છાણીવાળા, સ્વ. શ્રીયુત તારાલાલ સોની, સ્વ. શ્રીયુત ચતુરભાઈ પટેલ, શ્રીયુત ચંદુલાલ લાભશંકર શાસ્ત્રી, શ્રીયુત ઓચ્છવલાલ લાભશંકર પાઠક જેવા પંદરથી વીસ ભાઈઓ ભજનમાં આવતા. થોડા સમય બાદ ઉપરોક્ત સ્થળેથી ભજન કરવાની જગ્યા બદલીને શ્રીયુત વિષ્ણુભાઈ શાસ્ત્રીના મકાનમાં બાજવાડા લક્ષ્મીનાથ વ્યાયામ શાળાની બાજુમાં ગુરુવારનું ભજન યોજવાનું શરૂ કરેલું.

ત્યાર પછી થોડા સમય બાદ શ્રી રામગલોલાના મંદિરમાં ગુરુવારનું ભજન કરતા. ત્યાં પણ ઉપરોક્ત દર્શાવેલ પંદરથી વીસ ભક્તો ઉપસ્થિત રહેતા હતા.

શ્રી રામગલોલા મહારાજશ્રીને શ્રીયુત વિષ્ણુપ્રસાદ શાસ્ત્રીના સૂચન દ્વારા શ્રી ગુરુલીલામૃતના અષ્ટોત્તરશત પારાયણનું આયોજન વિચારાયું અને પૂજ્યશ્રીએ ઉપસ્થિત રહેવાનું સ્વીકાર્યું. અને વડોદરામાં પ્રથમ વખત શ્રી પ્રતાપ મડવાની પોળમાં વિદ્વાન પંડિતો સ્વ. શ્રીયુત શિવશંકર શાસ્ત્રી, શ્રીયુત શાસ્ત્રી નાથાલાલ લાભશંકર પંડ્યા શ્રીયુત શિવપ્રસાદ જોષીજી, શ્રીયુત લક્ષ્મીશંકર શાસ્ત્રીજી, શ્રીયુત આપ્પા ઘનપાઠી, શ્રીયુત કાશીકર (મોટા) શાસ્ત્રી, સુરતના શ્રીયુત ચંદ્રકાન્તભાઈ શુક્લ, ભરૂચના શ્રી વિદ્યાશંકર શાસ્ત્રી, શ્રીયુત નરહરિપ્રસાદ સામવેદી, તેમજ વડોદરાના અગ્રગણ્ય નામાંકિત વૈદિક શાસ્ત્રીજીઓની ઉપસ્થિતિમાં ભવ્ય પ્રસંગ યોજાયેલો. પૂજ્ય બાપજીના વડોદરા રેલવે સ્ટેશનથી લહેરીપુરા નજીકના રામગલોલા મંદિર સુધીના સત્કારપ્રસંગની ઝાંખી અવર્ણનીય હતી. ત્યારબાદ શ્રીયુત બચુભાઈ સુરેશ્વર દેસાઈ તરફથી



પણ શ્રી સયાજી હાઈસ્કૂલના કમ્પાઉન્ડમાં આયોજન થયેલું. આવા વડોદરાના ઘણા પ્રસંગોએ પૂજ્યશ્રીના દર્શનનો અનન્ય લાભ મળેલો. વળી, જ્યાં જ્યાં પૂજ્યશ્રીની રંગજયંતીના ઉત્સવો થતા, પોર, છાણી વગેરે ઘણાં સ્થળોએ હાજરી આપેલી.

નારેશ્વરમાં દત્તજયંતીની ઊજવણી પ્રસંગે કરનાળીથી નાવડી દ્વારા નારેશ્વર જવાનું આયોજન સ્વ. પ્રસન્નલાલ નાથાલાલ શાસ્ત્રી તેમજ તેમના ભાઈ વિનાયક શાસ્ત્રી મારફતે ગોઠવાતું તેમાં પણ બેથી ત્રણ વખત મને તેઓની સાથે નારેશ્વરમાં ઊજવાતી દત્તજયંતીમાં જવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. સદર નૌકાપ્રવાસમાં શ્રીયુત નાથાલાલ શાસ્ત્રીના પુત્રો, શ્રીયુત ચંદુલાલ શાસ્ત્રી, શ્રીયુત અમૃતલાલ (મનુભાઈ), શ્રીયુત પ્રાણજીવનભાઈ પંડ્યા (વડોદરા રાજ્યના પોલીસ કમિશનર ઑફિસના) શ્રીયુત લાલાજી ઉપરાંત કરનાળીના હારમોનિયમ તથા તબલાવાદકો જોડાતા હતા. માગશર સુદ તેરસની રાત્રિએ કરનાળીથી નીકળી અમે ચૌદસના દિવસે દત્તજયંતીની આગલી રાત્રે નારેશ્વર પહોંચતા. ચ્હા-પાણી તેમજ ખાવા–પીવાની વ્યવસ્થા બધી જ સાથે રાખતા હતા, જેથી પ્રવાસ ઘણો આનંદમય અને ભક્તિમય રહેતો.

શરૂઆતનાં વર્ષોમાં તો રેલવે મારફતે વડોદરાથી મીયાંગામ ચોરંદા થઈ રાત્રિના સમયે માલોદ સ્ટેશને ઊતરી ચાલતાં નારેશ્વર પહોંચાતું અને પરત આવતી વખતે સવારના વહેલા ઊઠી માલોદ સ્ટેશનેથી ગાડી પકડવી પડતી. પૂજ્યશ્રીની હયાતિ દરમ્યાન વર્ષમાં ત્રણ–ચાર વખત નારેશ્વર જતાં અને બે–ત્રણ દિવસ રોકાતા.

એક વખત અમો વડોદરાથી નીકળી મીયાગામ ચોરંદા સુધી પહોંચ્યાં. ત્યાં સુધી વરસાદનાં કોઈ જ ચિહ્નો ન હતાં, પરંતુ અચાનક વરસાદ શરૂ થયો, જેથી અમોએ માલોદ ઉતરવાનું મુલતવી રાખી કોરલ જવાનું નક્કી કરેલું. કોરલ સ્ટેશનેથી શ્રીયુત મંગળપ્રસાદ માસ્તરને ત્યાં પહોંચતાં પણ ઘણો જ વરસાદ નડેલો. લગભગ ઘૂંટણ સુધી પાણી કાપીને તેમને ત્યાં પહોંચીને રાત્રિ–રોકાણ કરેલું. બીજા દિવસે સવારે વરસાદ તો હતો જ, પરંતુ અમો નારેશ્વર જવા નીકળ્યા અને ત્યાં પહોંચ્યા બાદ આશ્રમથી નર્મદાજી જવાના માર્ગે આવેલ પ્રથમ ખેતરમાં જ નર્મદાજીના રેલનાં પાણી હતાં. ત્યાં સ્નાન કરી પૂ. બાપજીના દર્શને પહોંચતાં જ પૂ. બાપજીએ કહ્યું, ''કેમ વરસાદ ટાળવા જ કોરલ ગયા હતા ને ?'' નર્મદાજીમાં ભાદરવા સુદ–૫



(સામાપાંચમ)ની રેલ જ્યારે આવતી ત્યારે ખૂબ જ પ્રમાણ હોય છે. તે દિવસે–પાંચમ જ હતી.

સ્થાનના મુખ્ય ગણ્યાગાંઠ્યા કાર્યકર્તાઓ જેવા કે શ્રીયુત મોદીજી, શ્રીયુત પ્રાગજીભાઈ મિસ્ત્રી, શ્રીયુત મૂળજીભાઈ ગોર, શ્રીયુત જગજીવનદાસ માસ્તર, શ્રીયુત શિવપ્રસાદજી જોષી, શ્રીયુત નંદલાલ શિવરામ પાઠક, ડૉ. વાણીસાહેબ, દીવેરના શ્રીયુત ચતુરભાઈ પટેલ વગેરેને પૂજ્ય બાપજી દરેકને દરેકની યોગ્યતા પ્રમાણે તેઓના સ્થાન અંગેના કાર્યક્ષેત્રમાં પૂરતું મહત્ત્વ આપતા હતા.

એક પ્રસંગ અમારી ઉપસ્થિતિમાં જોયેલો. પૂજ્યશ્રીની જૂની ગુફા જમીનદોસ્ત કરેલી અને તે સ્થળે અત્યારે બંધાયેલ નવી ગુફાના નિર્માણ અંગે વડોદરાથી આર્કિટેક અને ઈજનેરો આવેલા જેમની સાથે બાંધકામ અંગે ચર્ચાઓ ચાલતી હતી. જે પ્રસંગે પૂજ્યશ્રી પણ ઉપસ્થિત હતા. બધો જ વાર્તાલાપ પૂરો થયો ત્યારે પૂ. બાપજીએ ટકોર કરી કે અમારા સ્થાનના P.W.D. મિનિસ્ટર શ્રીયુત પ્રાગજીભાઈ મિસ્ત્રી છે. તેઓનાં સૂચનો ધ્યાનમાં લઈ બાંધકામ અંગે થયેલ વિચારણામાં તેઓનાં સૂચનો પણ જરૂરથી ધ્યાનમાં લેવાં. તેવી જ રીતે રાત્રિના સમય દરમ્યાન સ્થાનની સારસંભાળ બાબતમાં શ્રીયુત મૂળજીભાઈ ગોરને જરૂરી અગત્ય આપતા; સ્થાનના ચાકર શ્રી નરસિંહ તેમજ તેમનાં કુટુંબીજનો પ્રત્યે તેઓની ખૂબ જ ચીવટભરી સારસંભાળના સાક્ષી બનવાનો પણ મને લાભ મળેલો.

બદામ મુકામે સ્વ. અમૃતલાલ (મનુભાઈ) પાઠક દ્વારા તેમના મામા સ્વ. શ્રી અમૃતલાલ મણિશંકર પાઠક અને મામી ચંચળબેનના સ્મરણાર્થે યોજેલ ભાગવતસપ્તાહ તેમજ પૂજ્યશ્રીની ત્યાં પધરામણીના પ્રસંગે પણ હાજર રહેવાની તક પ્રાપ્ત થઈ. ભાગવતસપ્તાહના કથાકાર ડભોઈના ખેડાવાળ બ્રાહ્મણ શ્રીયુત છીતુભાઈ શાસ્ત્રી હતા.

શ્રીયુત નાથાલાલ લાભશંકર શાસ્ત્રીના જ્યેષ્ઠ પુત્ર શ્રીયુત પ્રસન્નલાલ પંડ્યાને બન્ને કિડનીમાં કિડની સ્ટોન થયેલા. જેમને સારવાર અર્થે આણંદ તે સમયના ડૉ. કુક પાસે લઈ ગયેલા. પરંતુ, તેઓએ નિદાન કરી જણાવેલું કે સદર દર્દીને કોઈ પણ ઠેકાણે ઓપરેશન કરાવશો નહિ કારણ કે બન્ને કિડનીઓ વત્તીઓછી બગડેલ છે, આથી જ્યારે વડોદરાથી કરનાળી પરત જતાં ડભોઈ સ્ટેશન પાસે શ્રી વાઘનાથ મંદિરની બાજુમાં શેઠશ્રી ચુનીલાલ ગિરધરલાલના જિનના



બંગલામા પૂજ્યશ્રી થોડા વખત માટે રોકાયેલા તે તકનો લાભ લઈને શ્રીયુત પ્રસન્નલાલ પંડ્યાને ત્યાં દર્શનાર્થે લઈ ગયા. પૂજ્યશ્રીએ તેમને ઠીકરીની ભાજી અને લીલા નાળિયેરનું પાણી આપવાનું સૂચન કર્યું, જે દ્વારા બગડેલી બન્ને કિડનીઓ સાથે તેઓ બીજા પંદરથી વીસ વર્ષ જીવી શક્યા અને મરણ કિડનીના કારણે નહી પણ બીજી રીતે થયું.

પૂજ્ય બાપજીની ઉપસ્થિતમાં નારેશ્વર સ્થાનમાં ઉજવાતી દત્તજયંતી પ્રસંગે, તેમ જ જૂની ગુફાની જગ્યાએ જ તેઓશ્રી માટેની નવીન બંધાયેલ ગુફામાં પ્રવેશ પ્રસંગે યોજાયેલ વૈદિક ધાર્મિક વિધિ તેમજ સ્થાનમાં યોજાયેલ પ્રથમ સર્જીકલ કેમ્પના આયોજન પ્રસંગોએ હાજર રહી શકવાનું સૌભાગ્ય મારા માટે અવિસ્મરણીય છે.

તે જ રીતે નારેશ્વરમાં યોજાતી દત્તજયંતી સમારોહ ગામેગામ પોતપોતાની અનુકૂળતા પ્રમાણે ઉજવવાનું નક્કી થયા બાદ કરનાળીક્ષેત્રમાં શાસ્ત્રીશ્રી નાથાલાલ લાભશંકર પંડ્યાને ત્યાં તેઓનાં કુટુંબીજનો દ્વારા સંસ્થાની ચુસ્ત પ્રણાલિકાઓ મુજબ થયેલી ઉજવણીઓમાં પણ શ્રદ્ધાપૂર્વક હાજર રહેવાનું મારા માટે ખૂબ જ યાદગાર બની રહ્યું.

તે સમયના ''માલોદ'' રેલવે સ્ટેશનનું નામ બદલીને ''નારેશ્વર રોડ'' આપવાના કાર્યમાં તે સમયના જી. બી. એસ. રેલવેના મુખ્ય શ્રીયુત શંકરભાઈ પટેલ દ્વારા જરૂરી કાર્યવાહી કરી હુકમો કરાવવા બાબતે તેઓશ્રીનાં પત્ની શ્રીમતી કુસુમબેન પટેલ, શિક્ષણાધિકારી વડોદરા જિલ્લાનાં, જેઓ મારાં અંગત પરિચિત હતાં, તેઓની મારફત મુરબ્બી મોદીજીની સૂચના મુજબ કંઈક મદદરૂપ થઈ શકવા બદલ ધનભાગ્ય માનું છું.

વડોદરા શહેરમાં જૂના બાપોદ જકાત નાકા પાસે પ્રસ્થાપિત થયેલ શ્રી રંગવાટિકાના આયોજનમાં શ્રીયુત ઉમાકાન્ત ડી. પંડ્યાના સહકારથી મારી અલ્પ સામેલગીરીને પૂજ્ય બાપજીના મારા પ્રત્યેના છૂપા આશીર્વાદ માનું છું.

**મહંત શ્રી નારાયણદાસજી રામગલોલાવાળા (વડોદરા)**

('શ્રદ્ધાંજલિ' પૃ.૨૨ને આધારે)

હું જાતે રામાનંદી વૈરાગી સાધુ પણ મને મારા ગુરુજીએ કહેલું કે જીવનમાં કોઈ મહાપુરુષનો ભેટો થશે. અને ભાઈશ્રી વિષ્ણુપ્રસાદ શાસ્ત્રીજી દ્વારા 'શ્રી ગુરુલીલામૃત' ગ્રંથનો અને એ રીતે પૂજ્યશ્રીનો



પરિચય થયો. એ વરદ ગ્રંથનાં ૧૦૮ પારાયણ કરાવવાનો સંકલ્પ થયો અને પૂજ્યશ્રી પાસે શરૂમાં તો કહેવાયું નહિ; પણ પૂજ્યશ્રીએ જ્યારે જાણ્યું ત્યારે કહ્યું કે **"તમો રામોપાસક છો તો તુલસીકૃત રામાયણનાં પારાયણ રાખોને ! હું તો તોપણ આવીશ. મારું તો વિશ્વમંદિર છે; એને લાખો બારીઓ અને લાખો બારણાં છે."**

તેઓશ્રીની નજર અતિ તેજસ્વી; કૃષ્ણ જેવી જ કામણગારી, સ્વયં રામ જ બોલતા–ચાલતા હોય એવી દિવ્યતા; શંકરાચાર્ય જેવા જ મહાન.

એઓશ્રીના હસ્તે અપાયેલી પાદુકાઓનો પણ અનેક પરચાવાળો ઇતિહાસ છે.

**પૂ. માધવતીર્થ સ્વામીમહારાજ (લાંભવેલ) આણંદ**

(સહયોગસેવા : પ્રો. પી. આર. શાહપુરકર)

મારા ગુરુજી–મહારાજ ૐકાર સ્વામી પાસેથી પહેલી વાર મેં પૂ. બાપજી વિશે સાંભળ્યું.

ૐકાર સ્વામી મહારાજની પ્રેરણાથી નર્મદા કિનારે, પૂ. બાપજીનાં ૧૯૬૩માં પ્રથમ દર્શન થયાં. મારી એવી ઈચ્છા હતી કે હું પણ નર્મદા–પ્રદક્ષિણા કરું. ત્યારે પૂ. બાપજીએ કહ્યું રોકાઈ જાવ.

પ્રથમ દર્શનનો પ્રભાવ આનંદમય હતો. પૂ. ગુળવણી મહારાજ અમારી પરંપરાના હતા. તેમણે ઘણીવાર પૂ. બાપજી વિશે વાત કરેલી. એમના લીધે હું પ્રેરાયેલો; દત્તભક્તિ વિશે હું જાણતો ન હતો. પણ પૂ. શ્રી ગુળવણી મહારાજના અને પૂ. બાપજીના સંગના લીધે દત્તભક્તિ વિશે જાણવાનું મળ્યું. એક યોગી અવધૂતના આધારે પૂ. બાપજીના પરિચયને લીધે મારી યોગ અંગેની જે સમસ્યાઓ તેમાં બે ત્રણ બાબતોમાં તેમણે મારું સમાધાન કરેલું. મારી પ્રગતિ મેં જણાવેલી. પૂ. બાપજીમાં મારો સમર્પિત ભાવ ખૂબ.

''૧૯૬૩માં પૂ. માજી હતાં ત્યારે'' ''સુંદર'' એટલે જ્યાં પરમશાંતિ હોય એવા ધામલેખે – 'અગણિત વાર નારેશ્વર જવાનું થયું.' પણ મેં ઓછામાં ઓછા ઉત્સવોમાં ભાગ લીધો છે. મને ભીડ પસંદ નથી.

મારા યોગમાર્ગમાં પૂ. બાપજી મને ખૂબ મદદરૂપ થયા. ૧૯૬૩, ૧૯૬૪, અને ૧૯૬૫માં આધ્યાત્મિક માર્ગની અને યોગમાર્ગ અંગેની વાતો થઈ. પૂ. બાપજીના વિરક્ત ભાવ ઉપર હું ફીદા હતો.



મારી ગુરુ–શિષ્ય પ્રકારની શ્રદ્ધા પૂજ્ય બાપજીમાં. એક મહાપુરુષ બધાને પ્રત્યક્ષ દોરવણી આપે છે. શરીર છે એવી દૃષ્ટિ હોય કે ના હોય. એ ભાવ હંમેશાં રહ્યો. જ્યારે જ્ઞાન પ્રાપ્ત કરવાનું હોય ત્યારે મહાપુરુષમાં ગુરુભાવ રાખવો જ પડે, તો જ આપણી શંકાનું સમાધાન થાય અને આપણો આધ્યાત્મિક માર્ગ એ સરળ બનાવી શકે અને તો જ આપણી જિજ્ઞાસા સંતોષી શકે અને પૂરી કરી શકે.

મને રહસ્યમય અનુભવ થયા છે પણ કોઈને કહેવા માટે નથી, પોતાના આનંદ માટે છે.

પૂ. બાપજી જે દત્ત મૂર્તિ ઉપર અભિષેક કરતા એ પૂ. બા (પૂ. મૂળી ફોઈ) પાસે હતી એ જ દત્ત ભગવાન ઉપર બાપજી અભિષેક કરતા હતા એ મારી પાસે છે.

પૂ. બાપજી આનંદમાં હતા તે જોયા. આનંદ માણતા જોયા છે.

## શ્રી મોતીસિંહ જેઠાભાઈ રાજકવિ

(સંસ્થાન દહેથાણ, સારોદ 'અવધૂત ધ્વનિ'માંથી)

સારોદ સંસ્થાનના ઠાકોરસાહેબ શ્રી અમરસિંહજી સાથે પ્રથમવાર દર્શન કરવા ગયો હતો. એ પ્રથમવારનાં દર્શનમાં હૃદયમાં આનંદ ઊછળ્યો, તેની આ અભિવ્યક્તિ છે :

*એની દૈવી નવીન નજરે કામ કીધાં અચિંત્યાં,*
*પાપીઓને ઘડીક પળમાં પાપ દેખાય વીત્યાં,*
*શી એ દૃષ્ટિ વ્યથિત દિલની વેદના વારતી'તી,*
*શી એ દૃષ્ટિ કઠિન કંઈના તાપને ટાળતી'તી*
*તટસ્થ શોભતો યોગી તટસ્થ ભાવના ધરી,*
*કૂટસ્થ રૂપમાં જાણે સ્ફુટસ્થ ન્યાળતો હરિ !*
*દયાનો એ સિંધુ સકળ પ્રતિ સ્નેહાર્દ્ર ઢળતો,*
*અને શાંતિનો એ વિમલપતિ ભાસે અચળ શો !*
*અહિંસા તો એનો જીવનપથ વૃત્તિક સબળું,*
*તપે તો શોભીતું શરદ–શશિ શું ચિત્ત પ્રબળું !!*

x x x

*દિસંતો એ દાની પરમ શિવ તત્ત્વૈક દઢતો,*
*પૂરો એ યોગીડો પરમ શીલવંતો રુઢ હતો,*
*દિસંતો તૃપ્તાત્મા પરમ રસ પીતો છક બન્યો,*



મધુરી કે જ્યોતિ તરફ સહુનો પ્રેરક બન્યો.
સહુ અદ્ભુતોનું પરમ કંઈ અદ્ભુત કથતો!
અને દ્વંદ્વો તોડી અચલ સુખ દેવા જ મથતો.
યુગોના ભેદોનો નજર નથી ત્યાં કાળ પડતો!
મહાશાંતિસિન્ધુ અહરનિશ ત્યાં ઉછળતો.
તે આ યોગી અવધૂત અને મૂઢ એવો જ હું ક્યાં ?
જાઉં તો એ સુખદ શરણે, શક્ય છે બેસવું ક્યાં ?
ના, ના, એ તો મુજ હૃદયની નિર્બળી ભાવના છે !
પાપીને જે પુનિત કરતા, કોઈને ત્યાં ન ના છે ?

x x x

દ્રવિત દિલના સંત તો તાપહારી !

x x x

અવધૂત પાંડુરંગનાં દર્શન ફરી ફરી આપજો !!

## યોગિનીબહેન અલમૌલા (નારેશ્વર)

હું ઈન્ટરમાં ભણતી હતી (સાલ ૧૯૪૯) તે વખતે મારી નાની બેન નિર્મળાને ટી.બી. થયો હતો. તેની ઉત્તમ સેવા થતી હતી તે દરમ્યાન કોઈ વ્યક્તિએ આવીને કહ્યું કે એક મહાન સંત આવ્યા છે. ઋણમુક્તેશ્વર મહાદેવ વડોદરામાં તેમનો મુકામ હતો. મારી બેનને પગે લગાડવા પૂ. પિતાશ્રીએ વિચાર કર્યો. અમને કુટુંબીજનોને પણ પૂ. બાપજીનાં દર્શન માટે લઈ ગયાં. ૧૯૪૯ની સાલમાં પ્રથમ દર્શન કોઈ વ્યક્તિની પ્રેરણાથી અમને બધાને થયાં.

પ્રથમ દર્શનનો પ્રભાવ અદ્ભુત હતો. શાંત વાતાવરણમાં શાંતિની પ્રતિમા સમા તેજસ્વિતાથી ભરપૂર, તેમનાં દર્શનમાત્રથી અમે પ્રભાવિત થયાં હતાં. નારેશ્વર મહાદેવની પાસે બેઠકમાં જે ફોટો છે તેવું જ સ્વરૂપ. શાંત સ્થિતપ્રજ્ઞ જેવા પૂ. બાપજીને જોયા. તપમાંથી તાજા જ બહાર આવ્યા હોય એવી સૌમ્ય પ્રતિભાવાળા પૂજ્યશ્રીનાં પ્રથમ દર્શન થયાં. મારી બેન રોગથી કંટાળી હતી તેથી હૈયાની વાત પૂ. બાપજીને કરી કે 'હું ખૂબ જ કંટાળી છું.'

મારા ઈષ્ટદેવ નાનપણથી જ હું શિવને માનતી. શિવદર્શન કરીને જ સ્કૂલે જવાનો નિયમ હતો. ઘણાં વર્ષો બાદ પૂ. બાપજીએ મને બપોરની ઊંઘમાં સ્વપ્નામાં શિવલિંગમાં તેમનું મુખારવિંદ ને તેજ તેજ



પથરાએલું એવું દિવ્યદર્શન કરાવ્યું ત્યારથી મારી દૃઢ માન્યતા થઈ કે મારા ઈષ્ટદેવ શિવજી ને પૂ. બાપજી એક જ સ્વરૂપ છે. આજ સુધી એ માન્યતા દૃઢ થતી ગઈ છે.

નારેશ્વર જઈ પ્રથમ વાર પૂ. બાપજીનાં દર્શન '૫૫ની સાલમાં કર્યાં. સાથે મારા પ્રોફેસર મીસ નાચણેબહેન તેમજ તેમનાં પૂ. બા હતાં. નારેશ્વર સ્થાન રમણીય સ્વર્ગ જેવું લાગ્યું. મોરને નાચતા જોયા. ખળખળ વહેતી નર્મદાજીનાં દર્શન થયાં. ચાર વાગે ઊઠી નર્મદાસ્નાન કરી પૂ. બાપજી દર્શન આપવા ગુફામાંથી આવે તેની રાહ જોતાં બેઠાં હતાં. બોરસલ્લીના ઝાડ નીચે ખુરશીમાં બિરાજમાન હતા. ૐ ઉચ્ચારી આશીર્વાદ આપતા એ તો ધન્યઘડી, તે દર્શન હંમેશ માટે હૈયામાં વસી ગયું. ૐ ઉચ્ચારી આશીર્વાદ આપતા. એ ધન્ય ભાગ્ય ધન્ય ઘડી.

આજ સુધી અનેકવાર નારેશ્વર જવાનું થયું છે ને હવે તો એકવીસ વર્ષથી નારેશ્વર કાયમ રહેવાનું સદ્ભાગ્ય સાંપડ્યું છે.

પૂ. બાપજીનો ૭૫મો અમૃત મહોત્સવ પૂ. મોદીકાકાએ ધામધૂમથી ઊજવ્યો હતો. પાંચ વેદના સ્વાહાકાર રાખ્યા હતા. તે ઉત્સવમાં પ્રો. નાચણેબહેન સાથે અમે આઠ બહેનો સેવામાં હતાં. હુકમ, ચાલો શાકમાં, તો શાક સમારવા જતાં. ચાલો લાડુમાં, તો લાડુ વાળવા જતાં. પીરસવા પણ જતાં. યજ્ઞ માટે નદીનાં પાણી લાવવા લાંબી કતાર કરી ભરેલા ઘડા પસાર કરી પાણી ભર્યું હતું. અમારો ઉત્સાહ અદમ્ય હતો.

૮૦મી જયન્તી વખતે પ્રાર્થના હૉલમાં દિગંબરાની ધૂન રાત-દિવસ આખો મહિનો રાખી હતી. આ ઉત્સવોમાં રોક્યો ના રોકાય એવા ઉત્સાહથી સેવા થઈ તેનો સંતોષ.

પૂ. બાપજી સાથે સીધો સંપર્ક ઘણી વાર સધાયો છે. પૂ. બાપજીને ઈષ્ટદેવ માન્યા પછી જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે પૂજ્યશ્રી પાસે દોડી જતી. जब भक्तन को ऐसा भीड पडी तब तुमीने ही दुःख टारे ।

માબાપ, બે જુવાન બહેનો દશકામાં ઉપડી ગયાં ! નિરાશ થઈ. પૂ.શ્રીની આજ્ઞા લઈ દેહત્યાગનો વિચાર રજૂ કર્યો, પૂજ્યશ્રી પાસે. પણ જવાબમાં તગતગતી વિકસેલી આંખો સાથે મીઠો બોધ અમૃતવાણી દ્વારા આપ્યો એ તો તેનો અલૌકિક પ્રસાદ ! આ રહ્યો એ !

'હેં ! એ શું બોલ્યાં ? મનુષ્યદેહ મહામોંઘો છે !

દેવોને મળતો નથી. ભીખ માગે છે ભીખ ! આપણને મળ્યો છે તો વેડફી કેમ નખાય ? સારાં કાર્યો કરો જાવ. આટલું સાંભળ્યા પછી



આજ સુધી ૭૬ વર્ષની ઉંમર સુધી મરવાનો વિચાર સરખો આવ્યો નથી.

ત્યારબાદ પૂ. બાપજી સાથેનો સંપર્ક એવો વિકસ્યો કે ન પૂછો વાત ! હું મુંબઈ સ્કૂલમાં શિક્ષિકા હતી. વેકેશનમાં ગુજરાત આવવાનું થતું. વડોદરા આવી રામગલોલાના મંદિરમાં તપાસ કરું કે પૂજ્યશ્રી ક્યાં છે ? નારેશ્વરમાં, કુમ્મસમાં, હનુમન્તેશ્વરમાં પૂજ્યશ્રીનાં દર્શન માટે દોડી જતી. કોઈ સાથે હોય કે ના હોય ! દર્શન થયાનો અનેરો આનંદ. ૧૯૬૩માં મુંબઈ પધાર્યા હતા ત્યારે દાણીસદન, માધવબાગ તે ઉપરાંત ઘરે ઘરે જ્યાં પૂજ્યશ્રીની પધરામણી થઈ હતી ત્યાં દર્શનનો લાભ જ ઉઠાવ્યો છે.

પૂ. બાપજી દ્વારા પ્રત્યક્ષ જીવનનું માર્ગદર્શન મળ્યું જ છે. મારા સાસરામાં મને દુઃખ હતું તેથી પૂ. નારણેબહેન મને પૂ. બાપજી પાસે શાંતિનિકુંજમાં લઈ ગયાં. વાત કરી તો જવાબ મળ્યો, 'Don't care policy' રાખો. એમાં સંસારમાં સરસો રહે મન મારી પાસનો બોધ હતો. જળકમળવત રહો. અને એ શબ્દોની શક્તિથી એ જ રીતે જીવવાનું સદ્‌ભાગ્ય મળ્યું. બાપજીના શબ્દો એટલે બ્રહ્મવાક્ય. તેમાં કેટલું બધું તથ્ય હતું. શિવાજીપાર્કમાં પૂ. કલ્યાણજીભાઈને ત્યાં પૂજ્યશ્રી ચાર દિન રોકાયા હતા. ત્યાંની બહેનો દ્વારા સંસ્કૃતમાં ગરબા મેં કરાવ્યા હતા. (મોદીકાકાએ આજ્ઞા કરી હતી.) પોષ સુદ બીજ પાદુકાપૂજન પછી ગરબા થયા. પછી પૂ.શ્રીના ચરણમાં બેસવાનો લહાવો મળ્યો. મારાથી બોલાઈ ગયું ! મારું તો ગાંડુઘેલું. ૨૪ કલાકમાં ગરબા; તે પણ સંસ્કૃતમાં. મુંબઈની બહેનોને સંસ્કૃત ગરબાનો ખ્યાલ સરખો ન હતો. પૂજ્યશ્રીએ તરત જ કહ્યું, "તમારી ભાવના હતી તો થયું, નહિ તો વેઠ ઊતરત." ગરબાના ઉચ્ચાર શુદ્ધ હતા. આજે પૂજ્યશ્રીના શબ્દો જીવનમંત્ર બન્યા છે. કોઈ પણ કામ કરવું તો ભાવનાથી કરવું, નહિ તો વેઠ ઊતરે.

પૂ. બાપજી એટલે ભગવાન જ ને ભગવાનથી પણ કોઈ ઉચ્ચ તત્ત્વ હોય તો તે. **Dynamic force.** દત્તનો અવતાર તો છે જ. દત્તનો પાંચમો અવતાર, **यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत – तदात्मानं सृजाम्यहम् ।** ખરેખર પૂજ્યશ્રીને એવા કલિયુગના સમયમાં જીવવું પડ્યું છે. બધા અવતારો કરતાં તેમને કલિયુગ સાથે વધારે લડવું પડ્યું છે. અપાર તપ, અપાર કષ્ટ. જગતકષ્ટ નષ્ટ કરવા ખૂબ જ સહન કરવું પડ્યું છે. આજે તેઓશ્રી પ્રત્યક્ષ દોરવણી આપી રહ્યા



છે. પૂ. નાથણીબહેનને પૂછયું કાલે શું કરીશું ? તો જવાબ મળતો, 'પૂ. બાપજીની ગોઠવણ.' આજે એ જ પ્રમાણે જીવનની ઘડીપળ સાચવે છે, કહો ગોઠવે છે, ટ્રેનમાં મુસાફરી કરું ત્યારે મારું રિઝર્વેશન પણ પૂજ્યશ્રી કરતા હોય છે. કહોને પ્રેરણા આપતા જ રહે છે. આવા મહાનની છાયા હોવાથી અહં બિચારું મુઠ્ઠી દઈ ભાગે છે.

પૂજ્યશ્રીની અલૌકિક લીલાનો પ્રસંગ. મારા મામાના ૨૨ વર્ષના દીકરાને મેનેંઝાઈટિસ થયો હતો. વડોદરે મોટા દવાખાનામાં રાખ્યો હતો. બીજા મામી બોલ્યાં આ છોકરો કાલ સવાર નહિ જુએ. હું તો દોડી સીધી નારેશ્વર. પૂજ્યશ્રીને વિગત કહી. તેઓએ મને આશ્વાસન આપ્યું. ગભરાઓ છો શું ? ટ્રીટમેન્ટ તો ચાલુ છે ને ? મેં હા કહી. જાવ કહી આશીર્વાદ આપ્યા. આજે તે ભાઈ હયાત છે. ત્રણ સંતાનના બાપ ને દાદા પણ થયા છે, બોલો આ જેવો તેવો ચમત્કાર છે ?

પૂજ્યશ્રીનો કૃપાપ્રસાદ જ્યારે જ્યારે દર્શન કર્યાં છે ત્યારે ત્યારે મળ્યો છે. ૐ ઉચ્ચાર તેમને નમતી વખતે સાંભળવાનો મળે ને ધન્યતા અનુભવીએ. સંસ્કૃતના ગરબા વખતે તેઓશ્રીના વરદ હસ્તે પિત્તળનો ગ્લાસ પ્રસાદીરૂપે મળેલો.

મેં શ્રાવણ મહિનામાં પાદુકાપૂજન કરાવેલું ત્યારે તેઓશ્રીએ હાથોહાથ શ્રીફળ આપેલાં તે સાચવ્યાં છે.

પૂજ્યશ્રી શિવાજીપાર્કમાં ૬૭ની સાલમાં કલ્યાણજીભાઈને ત્યાં રોકાયા હતા ત્યારે પોષ સુદ બીજનું પાદુકાપૂજન રાખ્યું હતું ત્યારે તેઓશ્રીએ દત્તભજન ગવડાવેલું. આજે પણ તેના મીઠા સૂરો કાનમાં ગુંજે છે.

**શ્રી યોગિનીબેન દેસાઈ** (મુંબઈ) (સહયોગસેવા : દેવદત્ત જોષી)

ગોધરાના હરિપ્રસાદ (પૂ. બાપજીના મિત્ર) એમના માસા થાય. તેમની સાથે નારેશ્વર ગયેલાં. નારાયણભાઈના દેવલોક થયા પછી થોડા દિવસ પછી ગયેલાં. નારેશ્વરમાં ત્યારે આ બધું કશું હતું નહિ.' ઑફિસનું મકાન એક રૂમનું હતું. માસા-માસી (કોકિલાબેન) અને યોગિનીબેન વીસેક દિવસ રહેલાં. તે વખતે એમની ઉંમર ૨૭ હતી. પૂ. બાપજીએ આગ્રહ કરી બધાંને રોકેલાં. એમને હિસ્ટિરિયાનું દર્દ હતું. માસીના આગ્રહથી નારેશ્વર ગયેલા બાકી સાધુસંતો પાસે જવાનું વલણ ઓછું, છતાં માસીએ આગ્રહ રાખ્યો. ગયાં તે પછી દર્દ લગભગ ગયા જેવું થઈ ગયું.



પૂજ્ય બાપજી જ મારું સર્વસ્વ છે એમ અનન્ય શરણાગતિનો ભાવ જાગ્યો. કોઈનીય સાથે સરખામણી થાય તેમ ન હતું કેમ કે આ પ્રકારની ભક્તિની શરૂઆત જ નારેશ્વરથી થઈ.

ત્રણ જણાં બાપજી પાસે રાત્રે બેઠાં હતાં. એકાએક યોગિની બહેનને જમણા લમણામાં એક આંચકો આવ્યો. બાપજીના જમણા અંગૂઠા તરફ જોઈ રહેલાં. ફરીથી મોટો આંચકો આવેલો.

"બાપજી ભગવાન છે. એમણે એટલાં બધાં કામ કર્યાં છે કે શું કહું? એ ન હોત તો અમે ક્યાં હોત ? ગરીબાઈ હતી, પણ આજે બધું સારું છે. ખાવાની પણ તકલીફ હતી. આજે ગાડી ફેરવી શકીએ છીએ. ઘરમાં નવાં માણસો આવે છે, જમાઈ-પુત્રવધૂઓ પણ બાપજીમય બની જાય છે. બાપજીનાં અમે તો રમકડાં છીએ. અમારી લાયકાત નહિ પણ બાપજીની કૃપા." (આ વાત કરતાં યોગિનીબહેન અને તેમના ભાઈની આંખમાંથી દડદડ આંસુ પડતાં હતાં.)

પૂ. બાપજીને ભિક્ષા બનાવીને જમાડવાની વાત માસીએ કરી કે પહેલાં તો તમે બધું જમતા હતા. હવે અમે ભિક્ષા બનાવીએ તો તમે જમો કે નહિ ? બાપજીએ હા કહી. પછી માસીને અવજોગ આવતાં ભાણી ભિક્ષા બનાવે તો લેશો ? બાપજીએ શુચિર્ભૂતતા કેવી રીતે જાળવવી અને ભિક્ષા બનાવવી તે સમજાવી ભાણી (યોગિનીબહેન)ને ભિક્ષા બનાવવાની મંજૂરી આપી.

યોગિનીબહેનને પૂ. રણછોડદાસજી, પૂ. આનંદમયી માનાં દર્શન કરવાનું કહ્યું. એમનાં દર્શન કર્યાં પણ ખરાં, પણ પૂ. બાપજી તો ભગવાન જ, બાપજીમય જીવન જીવે છે. રૂમમાં બાપજીના ફોટા સિવાય કંઈ નહિ. બાપજીએ આપેલ મંત્રનો જપ કરે છે. "માળા પણ બાપજીએ અભિમંત્રિત કરી આપેલી. ગુફામાં બોલાવીને માળા અભિમંત્રિત કરી મંત્ર આપ્યો. બાપજીએ ધ્યાનસ્થ થઈ ૐ બોલી માળા આપી. આપણી લાયકાત ન હોવા છતાં બાપજીએ કૃપા કરી. બાપજીનું જ સાહિત્ય વાંચું છું."

માસીનો અવજોગ જતો રહ્યા પછી પણ યોગિનીબહેને ભિક્ષા બનાવવામાં માસીને મદદ કરેલી.

"નારેશ્વર સ્વર્ગ જેવું જ લાગેલું. ગરુડેશ્વર વગેરે સ્થાનોમાં જવા છતાં નારેશ્વર જ ગમે છે. દેહ નારેશ્વર પડે એવી ઇચ્છા છે, છતાં દેહ ગમે ત્યાં પડે, મારો અગ્નિસંસ્કાર નારેશ્વર થાય એવું આ લોકોને



(ભાઈ વગેરેને) કહી રાખ્યું છે. બુચિયો કૂતરો મને બનાવે પણ જનમોજનમ નારેશ્વર સાથેનો સંબંધ જળવાય, બીજું કંઈ બાપજી સિવાય - સૂઝતું નથી.''

''૪૭ની આસપાસ ગુરુપૂર્ણિમાએ નારેશ્વર જવા નીકળ્યાં. તે વખતે પોતે વડોદરા રહેતાં. મોટાભાઈ સાથે મીયાગામ આવ્યાં. ગાડી ઊપડી ગઈ. મોટાભાઈના મિત્ર શ્રી પાગેદારને ત્યાં રહ્યાં. વરસાદ પુષ્કળ, બીજે દિવસે રાત્રે નારેશ્વર પહોંચ્યાં. પૂ. બાપજીનાં દર્શન કર્યાં વિના ભોજન ન લેવાનો નિયમ. અંધારામાં બાપજીનું મુખ ન દેખાયું પણ ઓચિંતી વીજળી થઈ અને દર્શન થઈ ગયાં.''

''પારાયણ કરવા ગયાં. બાપજીએ શું કરાળ કરે છે તે પૂછી ચા પીએ છે કે નહિ તે પૂછ્યું. પારાયણ પૂરતી ચા છોડી છે કે હંમેશને માટે ? એમણે કહ્યું 'કાયમ માટે છોડી દીધી.' બાપજીના આ પ્રશ્નથી કાયમ માટે ચા છૂટી ગઈ.''


''નાનાભાઈ (નિરંજનભાઈ)ને મુંબઈમાં કાર-અકસ્માત (૧૯૪૯)માં ભયંકર ઈજા થયેલી. બિહામણું સ્વરૂપ થઈ ગયેલું. નારેશ્વર લઈ ગયાં. બાપજીને ભાઈનો ખભો હલાવીને પૂછ્યું, બાપજી, શું કરું આનું હવે ? બાપજીએ કહ્યું : દેવ કંઈ દેવાળિયો છે ? રડ નહિ. જો મારી આંખ ગરુડ જેવી હતી. આંખને પીડા થઈ (રેટિનાની તકલીફના સંદર્ભમાં) પણ સારું થઈ ગયું ને ! આને પણ સારું થઈ જશે. ખરેખર સારું થઈ ગયું. બે છોકરાઓ અમેરિકા છે. ત્યાં હાલ ફરવા ગયો છે.''

''બાપજી દેવ થયા પછી શાંતિનિકુંજમાં દર્શન કરવા ગયાં. બાપજીએ જાણે કહ્યું અહીં રહીને ૧૦૮ પારાયણ કર. નારેશ્વર સતત રહીને સળંગ ૧૦૮ પારાયણ કરનાર પહેલાં જ ભક્ત યોગિનીબહેન.''

નારેશ્વર ૧૦૮ પારાયણ કરવા રહ્યાં. '૭૨ની સાલમાં મંદિર થયું પછી લગભગ તરત. એક વખત ભોજન લઈને તે પણ બાપજીની ભિક્ષાનું ભોજન. ચા-કોફી પણ લેતાં નહિ.

પૂ. બાપજી ભગવાન છે. અજર, અમર છે. ભિક્ષા બાપજીની બનાવું તે પણ કાળજીથી. લીંબુ પણ નીચોવીને રાખું.

આખું શરીર રહી ગયેલું ત્યારે પૂ. બાપજીને પત્ર લખેલો. બાપજીએ પૂ. મોદીકાકા મારફત પત્ર લખી વજ્રેશ્વરીના કુંડમાં નાહવાનું સૂચન કર્યું. નાહવા જતા પહેલાં જ સારું થઈ ગયું.



મુંબઈમાં નૃસિંહસરસ્વતી જયંતી હતી અને તેથી નૃસિંહ સરસ્વતીનું સ્તોત્ર ગવડાવ્યું હતું તે સાંભળેલું.

હજી પણ રૂમમાં કોઈ ફરતું હોય એમ લાગે. કોઈવાર સુગંધ આવે. પૂ. પ્રેમ અવધૂતજી અહીં આવેલા. તે બહાર ગયેલા તે પાછા આવ્યા ને કહ્યું 'યોગિનીબેન, બાપજી અહીં આવી ગયા.'

### શ્રી યોગેશભાઈ ન. શાહીવાલા (અમદાવાદ)

સને ૧૯૫૭-'૫૮માં અમે જ્યારે અમદાવાદ આવ્યા ત્યારે દત્તરંગભક્ત શ્રી ચંદ્રવદન સી. મહેતાના સંપર્કમાં આવ્યા. એમની પાસેથી પૂ. શ્રીરંગ અવધૂત વિષે સાંભળ્યું કે તેઓ ઉચ્ચ કોટિના સંત છે, નારેશ્વર રહે છે. ગરુડેશ્વરના શ્રી વાસુદેવાનંદસરસ્વતી એમના ગુરુ થાય છે.

પૂ. શ્રી રંગ અવધૂતનાં પ્રથમ દર્શન, ઈ.સ. ૧૯૬૧માં કણભા મુકામે એમની ૬૩મી જયંતીના ઉત્સવ પ્રસંગે થયાં. એમાં નિમિત્ત શ્રી ચંદ્રવદનભાઈ જ હતા. ફરી દર્શન નવાગામ તા. માતરમાં ૬૫મી જયંત્યુત્સવ પ્રસંગે કર્યાં – દર્શન ખૂબ નજીકથી થયાં અને આશીર્વાદ પણ પ્રાપ્ત થયેલા.

પૂ. શ્રી અવધૂતનાં દર્શનની એવી છાપ પડેલી કે તેઓ દત્ત-અવતારી પુરુષ છે. જેમ કુરવપુરમાં શ્રીપાદવલ્લભ, નરસોબા વાડીમાં નૃસિંહસરસ્વતી, ગરુડેશ્વરમાં શ્રી વાસુદેવાનંદસરસ્વતી એવા જ સમર્થ નારેશ્વરના શ્રીરંગ અવધૂત છે.

નારેશ્વરમાં જઈને એમનાં દર્શન ઈ.સ. ૧૯૬૫ના અરસામાં કરેલાં. નારેશ્વર નર્મદા નદીના કિનારે પ્રકૃતિની ગોદમાં એક અદ્‌ભુત, શાંત, રમણીય સ્થળ લાગ્યું. ભક્તોને રહેવા માટે રૂમની વ્યવસ્થા, જમવા માટે મોટી ભોજનશાળા, પૂ.શ્રીનું નિવાસ સ્થાન, શિવજીનું મંદિર - વગેરે બહુ વ્યવસ્થિત રીતે દૃશ્યમાન થતાં હતાં.

ઘણા ઉત્સવોમાં જવાનું થયેલ છે. ઉત્સવો બહુ જ શાંતિથી શિસ્તબદ્ધ રીતે થાય છે. સવારે બ્રાહ્મણોના વેદઘોષથી શરૂ થઈ રાત્રે ભજનકીર્તન સાથે પૂરા થાય. વાતાવરણ ભક્તિસભર અને મનને પૂર્ણ શાંતિ આપનારું હોઈ મન પ્રસન્ન રહે.

પૂ. બાપજી સાથે સીધા સંપર્કમાં આવવાનું નવાગામ મુકામે થયું. દત્ત ભગવાનની ચાંદીની પાદુકા તૈયાર કરાવીને, તેમજ પૂ. સ્વામી



મહારાજનો ફોટો લઈ એમની પાસે ગયાં. તેમણે ખૂબ જ પ્રેમથી ચાંદીની પાદુકાને સ્પર્શ કરી અભિમંત્રિત કરી આશીર્વાદ સાથે પાદુકા આપી તથા ફોટો પણ અભિમંત્રિત કરી આપ્યો. તેમના આશીર્વાદથી ૩૭ વર્ષથી એકધાર્યું પાદુકાશ્રીનું ષોડશોપચાર પૂજન ચાલુ છે. દત્તબાવનીના ગુરુવારે બાવન પાઠ ઘણાં વર્ષો સુધી કર્યા છે, તથા શ્રીગુરુલીલામૃતનાં પારાયણો પણ કરી શક્યાં છીએ.

પૂ.શ્રીના પ્રેરક બળને કારણે દત્તપૂજા નિર્વિઘ્ને કરી શક્યા છીએ અને દત્તનાં તમામ ધામોની યાત્રા પણ કરી શક્યાં છીએ.

શ્રી ગુરુલીલામૃતમાં વેદપુરાણ, શાસ્ત્રોનો ભંડાર ભરેલો છે. જીવન જીવવા તે માર્ગદર્શન પૂરું પાડે છે. આ સંસારની કોઈ પણ આંટીઘૂંટીથી ભરેલા પ્રશ્નોનું નિરાકરણ તેમાં મળે છે અને આધ્યાત્મિક બોધપ્રાપ્તિની તો કોઈ સીમા જ રહેતી નથી.

પૂ. બાપજી ઉચ્ચ કોટીના દત્તાવતારી સંત પુરુષ છે - અજર, અમર, સર્વજ્ઞ છે. આજે પણ પ્રત્યક્ષ દોરવણી આપી રહ્યા છે તેનો પુરાવો નીચે મુજબ છે -

પૂ.શ્રીના નિર્વાણ બાદ પહેલી સાધના શિબિર બીલીમોરા મુકામે અવધૂત વાડીમાં શ્રી ડાહ્યાભાઈ મિસ્ત્રીને ત્યાં થઈ હતી અને પૂ. શ્રી અવધૂતજીના વિચારો, સાહિત્ય વગેરે પ્રજા સમક્ષ મૂકવાનું કાર્ય ઉપાડી લેવાનું નક્કી કરવામાં આવ્યું. હું એમાં હાજર હતો. મને સ્ફુરણા થઈ કે ગુજરાતના પાટનગર ગાંધીનગર કે જ્યાં બૌદ્ધિક પ્રજા વસે છે; સરકારી ઉચ્ચ અધિકારીઓ, રાજ્યના મંત્રીઓ વસે છે ત્યાં એ શિબિરનું કાર્ય કરી શકાય તો ઘણું ઉત્તમ ગણાશે. હું ત્યારે ગાંધીનગરમાં ડેપ્યુટી એન્જીનિયર તરીકે હતો. એટલે ઈ.સ. ૧૯૬૯-'૭૦ ગાંધીનગર મુકામે સેક્ટર નં. ૨૯માં સાધના શિબિર બે દિવસ ભરવાનું નક્કી કરવામાં આવ્યું.

પૂ.શ્રીની કૃપાથી આ શિબિરમાં ચારે વેદોના જાણકાર પંડિતો - શ્રી ચન્દ્રકાન્ત શુક્લ વગેરે તેમજ પૂ. મોદીકાકા, પૂ.શ્રી જયંતીલાલ આચાર્ય, ડૉ. ધીરુભાઈ જોષી, ડૉ. સુભાષ દવે, ડૉ. દેવદત્ત જોષી અને નારેશ્વરના ભક્તો તેમજ અન્ય સ્થળે રહેતા અવધૂતપરિવારના સભ્યો હાજર રહ્યા હતા.

ગુજરાત રાજ્યના મંત્રીઓ - શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ, શ્રી ચિમનભાઈ પટેલ, શ્રી પ્રેમજીભાઈ ઠક્કર, શ્રી ફત્તેહઅલી



પાલેજવાલા વગેરેએ ઉપસ્થિત રહીને પૂ.શ્રી વિષે માહિતી મેળવી અને તેઓએ તેમના વિચારો પણ રજૂ કર્યા હતા.

ગાંધીવાદી સમર્થ સાક્ષર શ્રી કાકાસાહેબ કાલેલકર, આદરણીય મદાલસાબેન (ગુજરાત રાજ્યના તત્કાલીન ગવર્નરનાં પત્ની) પણ પધાર્યાં હતાં. પૂ.શ્રી સાથેનાં જૂનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં.

પૂ.શ્રીના જીવનદર્શનનું છબી - પ્રદર્શન આ શિબિરનું વિશિષ્ટ આકર્ષણ બન્યું હતું, જે નિહાળી શ્રી કાકાસાહેબ કાલેલકર અત્યંત પ્રસન્ન થયા હતા.

ગુજરાતના અગ્રગણ્ય સાહિત્યકારોમાં શ્રી યશવંત શુક્લ, શ્રી અનંતરાય રાવલ, તેમજ અવધૂત પરિવારના સાક્ષરો શ્રી મોદીકાકા, જયંતીલાલ આચાર્ય, ડૉ. ધીરુભાઈ જોષી, ડૉ. દેવદત્ત જોષી, પ્રો. સુભાષ દવે વગેરેએ પૂ.શ્રીના જીવન-કવન વિષે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

આ પ્રસંગે પૂ.શ્રીના બેઠેલા ચિત્રનું એક સ્વરૂપ ૩ × ૫ ફૂટનું પણ મંડપમાં ગોઠવવામાં આવેલું, જે પણ વિશિષ્ટ આકર્ષણ બન્યું હતું.

ગાંધીનગર (પાટનગર)માં આ પછી દત્ત દત્તનું નામ ગુંજતું થઈ ગયું હતું. પછી તો ગાંધીનગર સેક્ટર ૨૮માં ભવ્ય દત્તમંદિરનું નિર્માણ થયું, જે દત્તભક્તિ અને પૂ. રંગ અવધૂતજીની વિચારધારાના પ્રસારનું એક સક્રિય સ્થાન છે.

પૂ.શ્રીની અલૌકિક લીલાનો એક સચોટ અનુભવ નીચે મુજબ છે :

પૂ.શ્રીની પધરામણી અમદાવાદ થાય ત્યારે વિચાર આવે કે આપણે ઘેર એમનાં પુનિત પગલાં પડે.

નારેશ્વરમાં પૂ.શ્રીની પ્રતિમાની પ્રાણપ્રતિષ્ઠા થવાની હતી ત્યારે હું નારેશ્વર ગયેલો, ત્યાં પૂ.શ્રીની બે પ્રતિમાઓ જયપુરથી આવેલી. એક પ્રતિમાનું સ્થાપન નારેશ્વરમાં અને બીજી ભાગવત વિદ્યાપીઠ સોલા મુકામે લઈ જવાનું નક્કી થયેલું. મેં વિનંતી કરેલી કે પ્રતિમા સોલા મુકામે લઈ જતાં, અમદાવાદમાં રાત્રિ મુકામ મારે ત્યાં થાય અને મારી વિનંતી સ્વીકારાતાં અમારે બંગલે પૂ.શ્રીનો મુકામ થયો અને મનની ઇચ્છા પૂ.બાપજીએ પૂરી કરી.

પૂ.શ્રી પાસેથી કૃપાપ્રસાદીરૂપે દત્ત ભગવાનની ચાંદીની પાદુકા અભિમંત્રિત આશીર્વાદ સહિતની છે. પૂ. સ્વામી મહારાજનો ફોટો પણ

અભિમંત્રિત કરેલો છે, જેનું અગાઉ જણાવ્યા અનુસાર પૂજન-અર્ચન ચાલુ છે.





## ડૉ. રણજિતભાઈ ભટ્ટ (સૂરત)

*(સુપુત્ર ડૉ. દિલીપ ભટ્ટ (અમેરિકા) દ્વારા મોકલાવેલ અંગ્રેજીમાં લિખિત માહિતીને આધારે)*

પૂજ્ય બાપજીનો મુકામ સગ્રામપુરા-સૂરતમાં હતો. વર્ષ ૧૯૪૯નું. ત્યારે એક ભક્તને પૂજ્યશ્રીએ પોતાના સૂરતનિવાસી ગુરુબન્ધુના કુટુંબને મળવાની ઇચ્છા વ્યક્ત કરેલી. પિતાશ્રી ડૉ. રણજિતભાઈ ભટ્ટ પ.પ.પૂ. વાસુદેવાનંદસ્વામિ- મહારાજના ભક્ત હતા. પૂજ્યશ્રીના પેલા ભક્ત મારા પિતાશ્રીના દવાખાને પહોંચ્યા અને સદ્‌ગુરુ રંગ અવધૂત મહારાજશ્રી તેમને મળવા ઇચ્છે છે એવું જણાવ્યું. પિતાશ્રી પોતે જ પૂજ્યશ્રી પાસે દવાખાનેથી પરવારી પહોંચી ગયેલા. પિતાશ્રીનું પૂજ્ય બાપજીનું એ પ્રથમ દર્શન હતું.

એ પછી પૂજ્યશ્રી પ્રથમ વાર અમારે ત્યાં પધાર્યા ત્યારે અમારું નવું મકાન બંધાતું હતું. પૂજ્યશ્રીએ એ બંધાતા મકાનમાં જ નિવાસ કર્યો. પિતાશ્રીની માનસિક સંકોચસ્થિતિ હતી. પૂજ્યશ્રીને અગવડો પડે ! અન્ય સુંદર નિવાસમાં મુકામ રાખવા માટેનો આગ્રહ કર્યો ત્યારે બોલેલા : આ મારું ઘર છે. પૂજ્ય બાપજીની નિર્ણયમાં દૃઢતા અને અગવડપ્રીતિ કેવી રહેતી, એની ત્યારે પિતાશ્રીને પ્રતીતિ થયેલી.

પૂજ્ય બાપજીએ અમારે ત્યાં વારંવાર પધરામણી કરીને અમને અનુગૃહીત કર્યા છે. સાંભરે છે, તે મુજબ સત્તરવાર પૂજ્યશ્રીએ અમારે ત્યાં પધરામણી કરેલી.

પૂજ્ય બાપજીનો પિતાશ્રી પર વિશિષ્ટ અનુગ્રહ અનુભવાય છે, તેમાં પૂજ્ય બાપજીએ પિતાશ્રીને ગુરુબન્ધુ ગણ્યા હતા, તેવું મને સમજાય છે. અમારું કુટુંબીજનોનું પણ સદ્‌ભાગ્ય કે પિતાશ્રી દ્વારા અમને સદ્‌ગુરુ સંપ્રાપ્ત થયા ને ગુરુભક્તિની અભીપ્સાનો વારસો મળ્યો છે.

મારા પિતાશ્રી પૂ. સ્વામિમહારાજશ્રીના સમાધિસ્થાન ગરુડેશ્વર (નર્મદા જિલ્લો, ગુજરાત)ના ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી હતા. પૂ. સ્વામિમહારાજશ્રીનું શતાબ્દીપર્વ હતું, ત્યારે પૂજ્ય રંગ અવધૂત બાપજી એ ગરુડેશ્વર મઠ બહારની જગ્યા પર થોડા દિવસનો મુકામ



કરેલો. પિતાશ્રીને આ વ્યવસ્થાનું આયોજન કરવાનો સેવાલાભ મળેલો. પૂજ્યશ્રીની ભાવના એવી હતી કે ગુરુધામની સ્થાવરસંપત્તિ ન ભોગવાય ! તેથી તેઓશ્રીએ મઠબહારની જગ્યામાં નિવાસવ્યવસ્થા માટેનો આગ્રહ પિતાશ્રી પાસે રાખેલો. વળી, પોતે મઠમાં દર્શનાર્થે જ્યારે જ્યારે પધારે ત્યારે ત્યારે ખુલ્લા પગે જ ગુરુમહારાજનાં ચરણોથી પવિત્ર થયેલી ધરતી પર ફરે. સદ્‌ગુરુનિષ્ઠાનો એ અપૂર્વ પ્રત્યક્ષ બોધ એમને ત્યારે થયેલો. પિતાશ્રી પૂજ્ય બાપજી પાસે ગરુડેશ્વરસ્થાનના સુવહીવટ માટે માર્ગદર્શન વારંવાર મેળવતા અને તેઓશ્રીનો બોલ આજ્ઞા ગણીને ઝીલતા રહેતા.

ઉનાળામાં (૧૯૫૬થી ૧૯૫૯નો ગાળો) પૂ. બાપજી ત્રણવાર સૂરતથી ૧૫-૨૦ માઈલના અંતરે આવેલ ડુમ્મસ પધારેલા. ડાહ્યાભાઈ મોદીના 'રુક્મિણી કુટીર' બંગલામાં તેઓશ્રીનો મુકામ રહેતો. આંખની રેટિના ડીટેચમેન્ટની તકલીફ માટે સૂરતના ડૉ. નોર્મન મસ્કતી પૂજ્યશ્રીને સારવાર આપતા. પૂજ્યશ્રીને સંપૂર્ણ આરામ મળી રહે તે હેતુથી લોકોની અવરજવર ન રહે તેવા પ્રકૃતિસ્થાને હવાફેર માટે આવો મુકામ પસંદ કરાતો.

મુ. સુમનભાઈ ('ભજનભાસ્કર') પૂજ્યશ્રીની સેવામાં હોય. મારું સદ્‌ભાગ્ય કે ડુમ્મસના એ દરિયાકાંઠે પૂજ્યશ્રી વિહારે નીકળે ત્યારે મુ. સુમનકાકા ને હું બે જણ સાથે રહીએ. દરિયાકાંઠે મોજાં નિહાળવાનો પૂજ્યશ્રી આનંદ માણે. વળી ધ્યાન પણ ધરવા નિત્ય બેસે. પાકી ચણેલી દિવાલની ટોચે પહોંચીને દરિયાની સન્મુખ બેસીને તેઓ ધ્યાનમાં બેસતા. ત્યારે આંખો બંધ રહેતી. હું તથા મુ. સુમનભાઈ તેઓશ્રીથી આઘે બેસતા, અને દર્શનસુખ લૂંટતા.

એકવાર પૂજ્ય બાપજીને મેં વિનંતી કરી : 'આપ ધ્યાનમાં બેઠા હો, ત્યારે એક ફોટો લેવો છે !' તેઓશ્રીએ સંમતિ આપી. પણ ફોટો સવારે ૫-૦૦ વાગે અંધારું હોય ત્યારે લેવાનો થાય ! આંખની તકલીફને કારણે ફલેશ ફોટોગ્રાફીની મંજૂરી નહીં ! છતાં પૂજ્યશ્રી કેવા દયાળુ, મને ફલેશ ફોટો લેવા દીધેલો ! પૂજ્યશ્રીની ધ્યાનમુદ્રાનો આ પહેલો અને કદાચ છેલ્લો ફોટો ! અપૂર્વ અનુગ્રહ મારા પર પૂજ્ય બાપજીએ કર્યો છે. (આ ધ્યાનમુદ્રાના ફોટોગ્રાફ પર લાલ શાહીથી પૂજ્યશ્રીએ આશીર્વાદના ત્રણ શબ્દો લખ્યા છે. એ સ્મૃતિચિહ્ન મારી પાસે છે.)



૧૯૫૬માં પિતાશ્રીએ રોલિફલેક્સ કેમેરા માટે કલર ફોટોગ્રાફ રોલ્સ આણેલા. મારા માટે જર્મનીથી રોલિફલેક્સ કેમેરા પણ ખરીદી લાવેલા. ડુમ્મસમાં પૂજ્યશ્રી ખુરશીમાં બિરાજમાન છે, પાટલા પર ચરણો મૂકીને પાદુકાજી ધારણ કરેલાં છે; વલ્કલ-વસ્ત્રોમાં પૂજ્યશ્રી શોભે છે; હાથમાં દંડ છે. મુ.સુમનભાઈએ મારી ભાવના મુજબ 'પૂજ્યશ્રીને બિરાજમાન કરાવીને મને ન્યાલ કરી દીધેલો, એની સ્મૃતિઓ ઉભરાય છે ને ભાવવિભોર થઈ જાઉં છું. પૂજ્યશ્રીનો આ પહેલો રંગીન ફોટો પરિવારમાં કેવો તો સ્વીકૃતિ પામ્યો છે ! પૂજ્યશ્રીના આ આશિષ માણું છું. પણ અત્યારે એક વસવસોય અનુભવું છું. હું અને મુ. સુમનભાઈ બંને ત્યારે ભૂલી ગયા: પૂજ્યશ્રીના એક હાથમાં કમંડલુ ધારણ કરવાનું. એય તે સદ્‌ગુરુમહારાજની લીલા જ, એમ સમજી મન મનાવું છું !

અવારનવારના એ ડુમ્મસ-નિવાસો દરમિયાન મુ. સુમનભાઈ, ભાલભાઈ (પૂ. બાલઅવધૂતજી) અને મુ. નબુકાકી (ડૉ. રમેશભાઈના કાકી)ના સાથ-સહકાર પણ પૂજ્યશ્રીની સેવાતત્પરતા એવાં જ સાંભરે છે.

પૂજ્ય બાપજીનું ૧૯૫૦-૬૦ પર્યંતનું વારંવારનું સાન્નિધ્ય માણ્યું છે. સદ્‌ગુરુભક્તિનું ધારક-પોષક રસાયણ આજદિન સુધી લઉં છું, તેમાં તે દિવસોને જ શ્રેય આપવાનું મને ગમે છે.

પૂ. બાપજી સમયબદ્ધ કામ કરવાના આગ્રહી હતા. પોતે જ વહેલી સવારે ૪-૦૦ વાગ્યે ઊઠી જતા; સવારે ૫-વાગે ધ્યાન શરૂ કરી દેતા.

જરૂરિયાતો પર પૂરેપૂરો અંકુશ સહજ રીતે રાખતા. બારેમાસ ઠંડા પાણીથી સ્નાન કરે. સ્વચ્છતાની ચિવટતાપૂર્વક ખેવના રાખે, પોતાને માટે ને સૌના માટે પણ. ભીક્ષાનો સમય પણ સાચવે. પૂજ્યશ્રી ભીક્ષા ગ્રહણ કરતા હોય તેવા પ્રસંગે અનેકવાર તેઓશ્રીની પાસે બેસવાનો લાભ મને મળ્યો છે. મારા જીવનની આ ઉત્તમ-યાદગાર ક્ષણો છે. શાકભાજીમાં કારેલાં, લીમડા જેવી કડવી વાનગી પોતે પસંદ કરે ! સૂરણ અને રતાળુ પણ સ્વીકારે; કેરીનો રસ અને ભાખરી પણ ગ્રહણ કરે. આદુનું પણ સેવન કરે.

પૂજ્યશ્રીનો ડુમ્મસમાં નિવાસ હતો ત્યારે મોગરાનાં ફુલો અમે ધરીએ. પૂજ્યશ્રી દિનભર પુષ્પોની ગંધ માણવાનું સ્વીકારે.



પૂજ્ય બાપજી ઘોડાગાડી કે બળદગાડામાં પ્રવાસ કરવાનું રાખતા. એમ છતાં મારા આગ્રહને વશ થઈ ડુમ્મસથી સૂરત કારમાં આવવા સંમતિ આપી. અમે નીકળ્યા તો ખરા; પણ રસ્તામાં બોનેટ અચાનક ઉઘડી ગયું ને વીંડશિલ્ડ ગ્લાસને ભટકાયું ! સદ્દગુરુશ્રીની કૃપાથી ન તો ગ્લાસ તૂટ્યો ને ન અન્ય નુકસાન થયું ! અમે બધાં જ સલામત રહ્યા ! પાછળ એક ઘોડાગાડી આવતી હતી અને તેમાં પૂજ્યશ્રીને બેસાડ્યા ને સૂરત તરફની સફર સદ્દગુરુશ્રી એ ચાલુ રાખી !

'ઔષધં નાર્મદં વારિ' એ પૂજ્યશ્રીનું વ્રત હતું. એટલે પોતાના આરોગ્ય માટે એલોપેથિક દવાઓનો તેઓશ્રી ઉપયોગ નહોતા કરતા; સર્જરી પણ તેઓએ સ્વીકારેલી નહીં.

મારી છ-આઠ વર્ષની વયે મારી જીભ ખુબ તોતડાતી હતી. મારી આ તકલીફ દૂર થાય એ માટે સ્વયં નવી નવી શોધોની જાણકારી મેળવતા રહેતા. આ તકલીફને કારણે વડોદરા મેડિકલ કોલેજમાં એડમિશન પૂજ્યશ્રીના આશિષથી ડૉ. ઠાકોરભાઈના પ્રયત્ને મળ્યું હતું, તે અહીં મારે જણાવવું જ જોઈએ.

એક અદના વિદ્યાર્થીમાંથી પૂજ્યશ્રીએ મને અમેરિકામાં મારા ક્ષેત્રમાં નામાંકિત દાકતર અને સંશોધક તરીકેની પ્રતિષ્ઠા સંપડાવી છે : એ મારા સદ્દગુરુ પૂ. બાપજીનો હું જનમોજનમનો ઋણી રહીશ.

### શ્રી રતનલાલ કરુણાશંકર ત્રિપાઠી (સરખેજ/રણાપુર)

(જગન્નાથ ત્રિવેદીના લખાણને આધારે)

૧૯૨૨ની સાલમાં શ્રી રતનલાલ ડીસા છોડી અમદાવાદ રાષ્ટ્રીય વિનયમંદિરમાં શિક્ષક તરીકે જોડાયા. અહીં પાંડુરંગ વિઠ્ઠલ વળામે (પૂ. રંગ અવધૂત બાપજીનું પૂર્વાશ્રમનું નામ) પણ શિક્ષક. શ્રી રતનલાલની પ્રકૃતિ ધાર્મિક. પૂજ્ય રંગ અવધૂતજીની તે વેળાની પણ સંત કોટિની દિનચર્યા જોઈને આકર્ષણ થયું. આકર્ષણ મૈત્રીમાં પરિણમ્યું અને અંતે સદ્દગુરુભક્તિમાં પૂર્ણવિરામ પામ્યું.

પૂજ્યશ્રીએ વ્યવસાયજીવનને છોડીને નર્મદાતટે નારેશ્વરમાં અનુષ્ઠાન માટે રહેવાનું નક્કી કર્યું, ત્યારે શ્રી રતનલાલ મહાત્માનો સહયોગ અને સહકાર અનુપમ અને અવિસ્મરણીય. (તેઓ રણાપુર-નારેશ્વર નજીક-શિક્ષક હતા)

પૂજ્યશ્રીના પ્રથમ પેઢીના અગ્રણી ભક્તોમાંના એક રતનલાલ



મહાત્મા. તપશ્ચર્યાના તે દિવસોમાં પૂજ્યશ્રીની સેવા તેમણે કરેલી. શરૂઆતના દિવસોમાં સ્વામીશ્રી માધવદાસની પાઠશાળા, રણાપુરમાં બંને એક જ ઓરડીમાં રહેતા. પૂજ્યશ્રી ધ્યાનમાં બેસે ત્યારે શ્રી રતનલાલ મહાત્મા દરવાજો બંધ કરી બહાર બેસી રહેતા. એ જ રીતે નારેશ્વર સ્થાનમાં પણ સેવાકાર્યમાં ગૂંથાયેલા રહેતા. એકવાર ૩૬ કલાકે સમાધિમાંથી પૂજ્યશ્રી જાગૃત થયેલા તે બધો વખત શ્રી રતનલાલે કુટીર બહાર ચોકીસેવા કરેલી !

'દત્તપુરાણ'ની ભરૂચમાંથી કલ્યાણજીભાઈને ત્યાંથી ઉપલબ્ધિના શ્રી રતનલાલ મહાત્મા સાક્ષી. તેમના ચિરંજીવી રવિભાઈની શોધનું નિમિત્ત અને તે મળશે જ, એવી હૈયાધારણને પ્રત્યક્ષ અનુભૂતિનો પરચો, સરખેજમાં પોતાની જામફળવાડીમાં કુટીર બંધાવી પૂજ્યશ્રીને મુકામ કરાવનાર શ્રી રતનલાલ માહાત્મા, આ સ્થળે જ પ.પૂ. વાસુદેવાનંદસરસ્વતી સ્વામિમહારાજ સદ્‌ગુરુનાં પૂજ્યશ્રીને થયેલાં દર્શન, 'ગુરુલીલામૃતગ્રંથ' રચવાનો થયેલ આદેશ, 'ગુરુલીલામૃત'ની 'મદાલસાચરિત્ર', સુધીની રચના અહીં, 'સપ્તસતી સમાનુવાદ'નું રચન અહીં, 'શ્રીદત્ત પંચપદી', 'અવધૂતી આનંદ' વગેરેનાં પ્રકાશનો અહીંથી, એવું સદ્‌ભાગ્ય આ ભૂમિનું, એવું સદ્‌ભાગ્ય શ્રીરતનલાલ મહાત્માનું.

પૂજ્યશ્રી નાગેશ્વર પધાર્યા ત્યારે શ્રી રતનલાલ સાથે જ રહ્યા. પૂ. માજીનું વાસ્તવ્ય નારેશ્વર થયું ત્યારે પૂ. શ્રી, પૂ. માજી અને શ્રી રતનલાલ ત્રણે સાથે રહેતાં. પૂ. માજીના રસોડે-જમવાનું તેમનું સદ્‌ભાગ્ય. મહીજ પાસે રંગપુરામાં શ્રીરંગજયંતીના ઉત્સવ પ્રસંગે, સરખેજમાં જાહેર મુકામ કોટેશ્વર મહાદેવમાં કરાવનાર મહાત્માશ્રી રતનલાલ. 'શ્રી ગુરુલીલામૃત'ના ઉપાસનાકાંડના પ્રકાશન સમયે એક માસનો મુકામ કોટેશ્વર મહાદેવમાં, તેમાં નિમિત્ત શ્રી રતનલાલ, શ્રી પોપટલાલ ઠાકરે શ્રીમોગલ માતાનું સ્થાન શ્રીદત્તભક્ત મંડળ સરખેજને ટ્રસ્ટ કરીને આપ્યું, એમાંય નિમિત્ત શ્રી રતનલાલ.

વૃદ્ધાવસ્થા આવી એટલે અશક્તિ શરીરમાં વધી, ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું : 'મહાત્મા ઉંમર થઈ છે. તમે ઘણી સેવા કરી છે. અહીં બીમાર પડો તો મુશ્કેલી આવે. તે માટે સરખેજ જઈ આરામથી સ્મરણ-ભજન કરો તો સારું.'

મહાત્માજી સરખેજ પહોંચ્યા. એક જ દિવસ સહજ જ્વર આવ્યો



ને બીજે દિવસે સંધ્યાકાળે છોકરાને કહે, 'હું જાઉં છું, ગુરુદેવદત્ત.'

પૂજ્યશ્રીએ સમાચાર સાંભળી ઉદ્ગાર કર્યા : 'ભગવાન સદાએ એમનું ભલું કરે જ.'

શ્રી રતનલાલ મહાત્માને મન પૂજ્યશ્રી સાક્ષાત દત્ત હતા.

**રતિલાલ ત્રિવેદી - કાલોલ**, 'રેવાનો યોગી'માંથી ટૂંકાવીને (પૃ. ૧૧)

શ્રી પાંડુરંગ વળામે - રંગ અવધૂત - પૂજ્ય ગુરુદેવ - વિષે હું શું લખું ? મારી મર્યાદિત બુદ્ધિથી એ અનંતને હું કેમ જાણી શકું ?

શ્રી પાંડુરંગ વિઠ્ઠલ વળામે - પૂજ્ય ગુરુદેવ - સાથે તેલંગ હાઈસ્કૂલ, ગોધરામાં ધોરણ બીજાથી ધોરણ છઠ્ઠા સુધી અભ્યાસ કરતો હતો. જે વસ્તુઓને બીજા વિદ્યાર્થીઓ પ્રાપ્ત કરવા યોગ્ય માનતા તે તરફ તેઓ સામાન્ય રીતે ઉદાસીન હતા. તેમનામાં પ્રથમથી જ એવા કોઈ ગુણ-સંસ્કાર-બીજ હતાં કે જેનો પાછળથી ભવ્ય વિકાસ થયો અને વિરલ પૂજ્ય સંતની કોટિમાં દીપી નીકળ્યા.

૧૯૨૦ના અરસામાં ગાંધીજીના અસહકારના આદેશને માન આપી મારા મિત્રશ્રી અંબાલાલ વ્યાસ અને શ્રી પાંડુરંગ વળામેએ કૉલેજો છોડી દીધી એવું જાણ્યું ત્યારે આ બંને અત્યંત ઉચ્ચ કોટિના વિદ્યાર્થીઓએ થોડા સમય માટે પોતાનો અભ્યાસ છોડી દીધો એમ વિચારી દુઃખ અનુભવ્યું હતું. પણ આજે મને મારી ભૂલ સમજાય છે ! અનેક જન્મના સંસ્કાર-પ્રારબ્ધ અનુસાર દોરનારી ઈશ્વરની ઈચ્છાથી જ સર્વ કાંઈ થાય છે. હું મારા નિર્વિકાર સ્વરૂપને ભૂલીને સ્વાર્થ અને મોહમાં ડૂબેલો એક સંકુચિત જીવ રહ્યો !

પૂજ્યશ્રી સાથે મારી પ્રથમ મુલાકાત કાલોલમાં, મારા ગામમાં જ થઈ. ઢીંચણ સુધી પહોંચે તેવી એક નાનકડી પોતડી કેડે વીંટેલી; સાથે એક કામળો અને એક લાકડી; નર્મદામૈયાની પરિક્રમા કરી હતી તેના અનુભવો મને કહ્યા. 'શ્રીમદ્ ભગવદ્ગીતા'ના અગિયારમા અધ્યાયનો ૩૩મો શ્લોક 'મયા એવ એતે નિહતા: પૂર્વમેવ/નિમિત્તમાત્રં ભવ સવ્યસાચિન્' સમજાવ્યો. મને અંતર્મુખ બનાવ્યો. એ જ રીતે ૧૮મા અધ્યાયનો ૭૩મો શ્લોક પણ સમજાવ્યો. ત્યારે મને ચોક્કસ લાગ્યું કે પૂજ્યશ્રીએ બ્રહ્માત્મૈક્યનો અનુભવ અને આનંદ હસ્તગત કર્યાં છે.

નોકરીમાંથી નિવૃત્ત થયા પછી હું એક દિવસ મારા મિત્રોને લઈને નારેશ્વર ગયો. ખબર આપ્યા વિના અમે ગયેલા છતાં પૂજ્ય



ગુરુદેવને કોઈ રીતે ખબર પડી ગઈ અને રાત્રે ને રાત્રે નર્મદાસ્નાન કરીને તેમની પાસે અમને બોલાવી લીધા ! પૂજ્યશ્રી ત્યારે બોલેલા : "જુઓ, શ્રીકૃષ્ણ ભગવાન પાંડવો સાથે જ રહેતા હતા છતાંયે પાંડવોને તેમના જીવનમાં કેટલાં કષ્ટ સહન કરવાં પડ્યાં !" મારા મનની ગડમથલનો આ અંતર્યામી પુરુષનો જવાબ હતો ! પૂજ્યશ્રીથી કંઈ છાનું નથી, એવી મને પ્રતીતિ કરાવી. હાજર સૌને મારી ઓળખ કરાવતાં બોલ્યા : આજે શ્રીકૃષ્ણ સુદામાને ઘેર આવ્યા છે.'

એકવાર ગુપ્તેશ્વર મહાદેવ (વેજલપુર પાસે) પૂજ્યશ્રીનો મુકામ. હું ત્યાં પહોંચ્યો. હું તેમની નજીક બેઠો હતો એટલે મારા ખભા પર હાથ ફેરવ્યો. મારા ખભામાં વાનો દુઃખાવો ત્યારે હતો. વરદહસ્તના સ્પર્શથી તે દુઃખાવો સંપૂર્ણ મટી ગયો !

પૂજ્યશ્રીએ મને કહેલું : સંતો અજ્ઞાનીની દૃષ્ટિએ ભલે નિષ્ક્રિય દેખાતા હોય ! જગતનું હિત કરવામાં તેમનો હિસ્સો વિશેષ છે.

ગુપ્તેશ્વરથી પાછા ફરતાં મારે ત્યાં પૂજ્ય ગુરુદેવે પધારી સપરિવાર મને અનુગૃહીત કર્યો તે ઋણ હું ક્યારેય ચૂકવી શકીશ નહિ.

## ડૉ. રતિલાલ પંડ્યા (ડભાણ-અમદાવાદ)

પોર ગામમાં મેં પ્રાઈવેટ મેડિકલ પ્રેક્ટિશનર તરીકે દવાખાનું શરૂ કરેલું. તે અરસામાં ગામના મણિશંકર પુરાણી, ભાઈલાલ પુરાણી, ગોવિંદભાઈ ઉપાધ્યાય (શ્રી રંગલીલામૃતના રચયિતા) વગેરે મારા દવાખાને બેસવા આવતા; મને ધાર્મિક વૃત્તિનો જાણી સૂચવ્યું કે નર્મદા કિનારે નારેશ્વરમાં એક અલૌકિક સંત રહે છે - એમનાં દર્શન કરવાં જેવાં છે. મને તાલાવેલી લાગી અને એમની સાથે નારેશ્વર પૂ.શ્રીનાં દર્શને ગયો. દૂરથી દર્શન કરતાં પૂ.શ્રી અને મારી દૃષ્ટિ ભેગી થઈ - અને મારા શરીરમાં ધ્રુજારી આવી ગઈ. પછી તો હૃદયમાં આનંદ આનંદ થઈ ગયો. મનમાં એમને સદ્‌ગુરુ તરીકે સ્થાપ્યા. પોર આવી નક્કી કર્યું કે દર ગુરુવારે સાંજે બધાએ ભેગા મળી ભજન કરવું અને સવારે પ્રભાત ફેરી કાઢવી અને એ પ્રમાણેનો ક્રમ આજે પણ ચાલુ છે.

દર રવિવારે નારેશ્વર દર્શને જતો. તેમની સેવામાં ત્યાં રહેતા શ્રી જગજીવનદાસ માસ્તરને મેં વિનંતી કરી કે પૂ.શ્રી પ્રવાસમાં જાય ત્યારે મને એમની સેવાનો લાભ અપાવો.

ઈ.સ. ૧૯૬૩ની વાત છે. મેં નર્મદા પરિક્રમા કરવાનું નક્કી



કર્યું. પૂ. બાપજીની આજ્ઞા લઈ તા. ૧૨-૪-૬૭ શનિવારે પરિક્રમા શરૂ કરી. પૂ. બાપજીએ સૂચના આપેલી કે શૂળપાણની ઝાડીમાં થઈને જજો અને નર્મદા પંચાંગ નામનું પુસ્તક વાંચીને જજો. વડોદરાથી એ પુસ્તકની જુની નકલ મળી. આ પરિક્રમાના ફળ સ્વરૂપે મને પૂ. બાપજીની સેવાનો લાભ મળ્યો.

પૂ. માજીની તબિયત નારેશ્વરમાં નરમ-ગરમ રહેતી ત્યારે ડોક્ટર તરીકે સેવા હું આપતો. વિ.સં. ૨૦૨૪ના અરસાની વાત છે. માજીની તબિયત સુધરે ત્યાં સુધી નારેશ્વર રહેવાનું નક્કી કર્યું. એક દિવસ સાંજે પાંચ પછી પૂ. માજીની તબિયત વધારે નરમ થઈ. નિર્જળા એકાદશીનો દિવસ હતો. મોટીજીએ પૂ. બાપજીને કુટિરેથી બોલાવ્યા. પૂ. બાપજીએ મને બોલાવ્યો. પૂ. બાપજીએ પૂ. માજીનું મસ્તક પોતાના ખોળામાં લીધું. હું એમની પાસે બેઠો. પૂ. માજીની નાડી જોઈ. પૂ.શ્રી પૂછે - 'કેમ છે ?' મેં કહ્યું - **'Not more than one minute.'** પૂ.શ્રીએ મનમાં પ્રાર્થના કરવા માંડી. પૂ. માજીનું શરીર ધીમે ધીમે શાંત થતાં - દેહ વિલય થઈ ગયો ! અંત્યેષ્ટી વિધિ કર્યા પછી, બીજે દિવસે પૂ. માજીની ક્રિયાર્થે પૂ.શ્રીએ મોરટક્કા જતાં મને બોલાવીને એમની સાથે આવવા કહ્યું અને મને એમની સાથે જવાનો લાભ મળ્યો. શ્રાદ્ધવિધિ વખતે ચોખાના લોટના બે ગોળા મેં બનાવ્યા. તે જોઈ પૂ. બાપજી ખુશ થઈ કહે - 'તમે તો આર્ટિસ્ટ પણ છો' આ વિધિ પછી નૈમિષારણ્ય જવાનું થયું, ત્યાં પૂ. માજીના શ્રેયાર્થે પૂ. બાપજીએ અનુષ્ઠાન કર્યું, ત્યાં આખો શ્રાવણ માસ રહ્યા બાદ બ્રહ્માવર્ત થઈ લીંચ આવ્યા.

લિંચ આવતાં ગાડીમાં મેં ખૂબ જ સંકોચથી બાપજીને પ્રશ્ન કર્યો અને તે એમની સંમતિથી જ. - 'બાપજી આપે શરીર છોડવા માટે કયું સ્થળ નક્કી કર્યું છે ?' બાપજીએ આનંદથી અને છટાથી 'લીંચ' કહ્યું. બાપજીના મનમાં જે વિચાર આવે તે બચુભાઈ (પૂ. પ્રેમ અવધૂત)ના મનમાં પણ આવે, આવી એમની એકતા હતી.

પૂ. બાપજીએ મને વિ.સં. ૨૦૦૫ ફાગણ વદ-૪ને ગુરુવારે મંત્રદીક્ષા પણ આપી હતી. વિધિ, ન્યાસ વિ. લખીને આપેલું અને સમજાવેલું તથા પ્રાણાયમની પણ થોડીક વિધિ બતાવેલી હતી.

પૂ.શ્રી મારા વતન ડભાણમાં તા. ૧૨-૭-૫૭ના રોજ મારે ઘેર પણ પધાર્યા હતા.



એક વખત પૂ. બાપજીએ મને એના પગનાં સેન્ડલ આપ્યાં, પણ અજ્ઞાનને લીધે મેં પગમાં પહેર્યાં અને આવા અજ્ઞાનની પૂ.શ્રીને વાત કરતાં 'નર્મદામાં પધરાવો' એવું સૂચન કર્યું. પછી એમણે બન્ને પગનાં ગરમ મોજાં પ્રસાદમાં આપ્યાં, જે મેં પૂ. બાપજીનું સ્વરૂપ માનીને રોજની પૂજાસેવા માટે રાખ્યાં.

પૂ. બાપજીનો છેલ્લો મુકામ હરિદ્વાર હતો, જે સૌને ખબર છે; મને એમની સાથે સેવામાં હરિદ્વાર જવાનું મળ્યું તે મારું સદ્‌ભાગ્ય. મુકામ આર્યનિવાસમાં હતો. હરિદ્વારના મહાત્મા શ્રી રામસ્વરૂપાનંદજીના આશ્રમે પૂ.શ્રીને લઈને જવાનું થયું. આશ્રમના દ્વારે પૂ.શ્રી મને કહે - "અંદર જઈ તપાસ કરો મહાત્મા છે કે નહીં" પણ મહાત્માજી તો મારા ખભા પરની 'દત્તનામ'ની થેલી જોઈ સમજી ગયા કે પૂ.શ્રીને, જેમને આશરે પંદરેક વર્ષ અગાઉ હરિદ્વાર આવવા નિમંત્રણ આપેલું, એ જ પધાર્યા છે. પ્રસન્ન થઈ ગયા.

કાર્તિક વદ-૧૪ને મંગળવાર તા. ૧૯-૧૧-૬૮નો ગોઝારો દિવસ. બપોરે અઢી વાગે મને લાગ્યું કે એમનો શ્વાસ બદલાયો છે એટલે મેં એમની નાડી જોઈ. પૂ. બાપજી પૂછે 'નાડી શું કહે છે ?' મેં કહ્યું - 'શ્વાસ વધારે ચાલે છે.' તો બાપજી કહે - **'આ તો માજીનું દરદ મેં લીધું છે એટલે શ્વાસ ચઢે, એમાં ગભરાવાનું શું ?'** પછી રાત્રે આરામ ખુરશીમાં બેઠા હતા, આંખો બંધ હતી. થોડી થોડી વારે મને પૂછે - 'ડૉક્ટર કેટલા વાગ્યા ?' વધારે તબિયત બગડતાં પલંગમાં સૂવાડ્યા. એમની આંખો બંધ હતી અને પ્રાણ બ્રહ્મરંધ્રમાં ચઢાવેલા - છેલ્લે નવવાગે 'ૐ' શબ્દ ત્રણ વાર બોલી શરીર છોડ્યું. રાત્રે ૯ વાગ્યાથી અમાસ હતી.

### શ્રી રસિકલાલ કુબેરલાલ પાઠક (દિવેર)

હું ગુરુમહારાજ વિષે કાંઈ વાત કરું તો તમોને હસવું આવે. મારો અને પ.પૂ. બાપજીનો સંબંધ કેવો હતો તે મને જ સમજાતું નથી ! પરમજ્ઞાનીવિદ્વદ્‌જનો અને ધર્મવિદો સાથે બાપજી જે રીતે વાત કરતા હતા તે મેં જોયેલું અને સાંભળેલું પણ ખરું. પરંતુ તેમાં મને કાંઈ સમજ પડે નહીં—અને સમજ પડવી જોઈએ એવું મને લાગતું પણ નહીં !

હું ખૂબ નાનો હતો. ભણવામાં બીજા બધા ભણે તેમાં મને



આનંદ ! ભણવાનું ગમે જ નહીં ! શાળામાં પણ છેલ્લો બેસું ! સમય પૂરો થાય એટલે ઘેર !

હું ચડ્ડી ખમીસ પહેરું, બાપજી અમારા ગામમાં પધાર્યા, હું તેમનાં દર્શન માટે જતો હતો. એક વખત બાપજી મને કહે અલ્યા ! બ્રાહ્મણથી ચડ્ડી ન પહેરાય ! પંચિયું પહેરને ! ત્યારથી મેં પંચિયું (ધોતીયું) પહેરવાનું શરૂ કરેલું ! હું તે વખતે મંદગીએ ધોરણ ૪થા સુધી પહોંચ્યો હતો ! પછી ભણવાની કડાકૂટ છોડી દીધી - ''તરબી તોડ કિતાબેં ડાલ પાનીમેં'' જેવું મેં કર્યું !

પૂ. બાપજી વારંવાર દિવેર-મિઢોળ-રણાપૂર આવે. હું વારંવાર તેમનાં દર્શને જતો – પૂ. બાપજી મને ગમતા હતા. હું તેમને ગમતો કે કેમ તે તો તે જાણે ! પણ મારી સાથે જ્યારે પૂ. બાપજી વાતો કરે ત્યારે મને લાગતું કે પૂ. બાપજીનો મારા પર અપાર સ્નેહ છે.

પૂ. બાપજી મારી સાથે કોઈ ત્યાગ-વૈરાગ્ય કે એવી કોઈ આધ્યાત્મિક વાત કરતા નહીં. કારણ કે તે જાણતા હતા કે આને પચે તેવો જ ખોરાક આપવો ! મારી સાથે ખેતીની – વ્યવહારની - તબિયતની એવી બધી પરચુરણ વાતો પૂ. બાપજી પ્રેમથી કરતા.

પૂ. બાપજીએ એક વખત મારી સાથે વાત કરતાં કરતાં કહ્યું : અલ્યા રસિક ! "પહેલું પરણવાનું અને પછી જનોઈ" કેમ બરાબર ને ? આ વાણીમાં મને શું સમજ પડે ? જેને પડે તે આ અંગે વિચારે અને જેવું અર્થઘટન કરવું હોય તેવું કરે !

અમારા ગામમાં પૂ. બાપજી પધાર્યા એ દરમ્યાન શંકરભાઈ નાથાભાઈને ત્યાં રોજ સંકીર્તન થાય. બધા સંકીર્તન કરે. નજીકમાં પૂ. બાપજી બેઠેલા ! હું પણ તેમની પાસે જ બેઠેલો ! પૂ. બાપજીએ મને ઈશારો કર્યો, કે તું ગાને ! મેં પૂ. બાપજીને ચોખ્ખું કહ્યું કે "મને નથી આવડતું !"

ચાર ચોપડી ભણેલો ઝાઝું વાંચતાં આવડે નહીં અને તેમાં આ તો વિદ્વદ્ભોગ્ય, મારું શું ગજું. મેં ના પાડી એટલે પૂ. બાપજીએ ફરી કહ્યું, "જા." હું ઊઠ્યો ત્યાં, જ્યાં સંકીર્તન થતું, ત્યાં બેઠો ! મને પુસ્તક મળ્યું. હું બોલવા લાગ્યો ! સાથે બેઠેલાઓને લાગ્યું રસિક સરસ બોલે છે. અભણ જેવો હું ભણેલાને ગમ્યો ! એમણે મને માન્ય કર્યો એ સંતની કૃપા !



*મુંગાને પીઠ બેસાડે બોલાવે અવનવી વાણી*
*ઝૂકાવે પંડિતો ચરણે ઉતારે મોતીનાં પાણી*
*ભૂલેલા ભાનમાં લાવે નજર એની જ અદ્‌ભુત છે*
*જગતની પ્રેરણા મૂર્તિ વિભૂતિ રંગ અવધૂત છે.*

એ ઉક્તિ સાચી પડતી હોય એમ લાગ્યું.

હું અને પૂ.બાપજી બેઠેલા. બીજું કોઈ નહીં. મેં અચાનક જ પૂ.બાપજીને પૂછ્યું, ''બાપજી ! સહસ્ત્રાર્જુનની માહિશ્મતી નગરી ક્યાં આવી ? ત્યારે પૂ. બાપજીએ મને જવાબ આપેલો કે ૐકારેશ્વર નજીક સૂર્યમાહેશ્વરની પર્વતીય હારમાળાનું દશ્ય સહસ્રાર્જુનના હજાર હાથ હોય એવી તેની ભેખડો દેખાય છે. વળી ૐકારેશ્વર આગળ મંડલાનો વિસ્તાર પણ આ નગરીનું સ્થાન હોઈ શકે એવાં અનેકવિધ અનુમાનો છે – જે હોય તે પણ હશે ખરું.

એક વખત અમારી પાછળના ઘરમાં અમારાં જ સંબંધી ગં. સ્વ. રૂક્ષ્મણીબા રહે. તેમને પૂ. બાપુજી પર અથાગ પ્રેમ. જ્યારે જ્યારે બાપજીનાં દર્શને જાય ત્યારે પૂ. બાપજીને આમંત્રણ આપે ! એક વખત પૂ. બાપજીએ એમને કહ્યું કે રૂખીકાકી ! (બાપજી રૂક્ષ્મણીબાને રૂખીકાકી કહેતા) હું તમારે ત્યાં આવું તો તમોને ખબર પડશે ખરી ? રૂખીકાકીએ કહ્યું કે કેમ નહીં. બાપજી તમે આવોને મને ખબર ન પડે ? જરૂર પડે ! બીજા કરતાં સૌ પ્રથમ મને ખબર પડે ! એક સમયે પૂ. બાપજી શ્રી જશભાઈ ઈશ્વરભાઈ પટેલને ત્યાં રાતના લગભગ ૩ વાગે (મળસ્કે) પધાર્યા. આજુબાજુ રહેનારાએ જાણ્યું. જેઓએ જાણ્યું તેઓને દર્શન થયાં ! રૂખીકાકીની નજીક જીવીબા તથા પૂ. ચંચળબાએ પણ પૂ. બાપજીનાં દર્શન કર્યા. પરંતુ રૂખીકાકીને ખબર ન પડી ! પાછળથી જાણ્યું. ખૂબ પસ્તાયાં અને પૂ. બાપજી પાસે જઈ માફી માગી અને કૃતાર્થ થયાં–

મને પૂ. બાપજીએ એક વખત કહ્યું : રસિક ! તું તો અભણ જેવો જ રહ્યો ! તારે પાંચ માણસમાં બોલવું હોય તો તું શું બોલે ? ચાલ કાંઈ નહીં તું ન બોલે તો -- આવું અર્ધ ઉચ્ચારણ કરી બાપજી વિરમ્યા. રહસ્ય તેઓશ્રી જ જાણે.

માગશર મહીનો, ઠંડીની શરૂઆત. હું અમારા ગામથી સાધલી ગામે ગયો — મને થયું ચાલ નારેશ્વર જઈ આવું -પણ થયું બાપજી માટે શું લઈ જવું ? શિયાળો ચાલે છે – ધાબળો લઈ જઉં કે બીજું



શું લઉ ? અંતે મેં ધાબળો (ગરમ) સાધલી ગામના બજારમાંથી ખરીધો. એ લઈ પહોંચ્યો નારેશ્વર. નારેશ્વર તો ગયો - સ્નાનાદિ કાર્ય કરતાં મોડું થયું. પૂ. બાપજી તો ઊઠી શાંતિનિકુંજમાં જતા રહેલા. તેમના આરામનો સમય થઈ ગયેલો. પૂ. બાપજી સમયના તો પૂર્ણ પાબંધી. તેમ છતાં હું ત્યાં ગયો. મનુભાઈ ગોરે મને જોયો. કેમ રસિકભાઈ આવી ગયા. પણ થોડા મોડા પડ્યા. પૂ. બાપજીનો આરામનો સમય થઈ ગયો. તેઓ અંદર જતા રહ્યા. આરામ કરે છે. મેં કહ્યું જેવી ગુરુ મહારાજની ઇચ્છા ! પણ પૂ. બાપજીએ અમારો આ વાર્તાલાપ કદાચ સાંભળ્યો હશે — અગર ન સાંભળ્યો હોય તો, પણ શું ?— તે સર્વજ્ઞશક્તિથી શું અજાણ્યું ? પૂ. બાપજીએ અંદરથી બૂમ પાડી : 'મનુ ! કોણ રસિક આવ્યો છે ? એને આવવા દો. હું તો તરત અંદર પહોંચી ગયો. દર્શન કર્યાં. પૂ. બાપજીએ મને પૂછ્યું, રસિક ! શું લાવ્યો મારા માટે ! મેં કહ્યું બાપજી આ ધાબળો લાવ્યો છું. શરદી-ઠંડીનો સમય શરૂ થયો ને ! બાપજીએ કહ્યું એમ ? ચાલ ઓઢાડી દે મને ! મેં બાપજીને ધાબળો ઓરાડ્યો. બાપજીએ કહ્યું 'રસિક આજનો દિવસ જ તારો ધાબળો ઓઢીશ ! મારે કેટલાના ધાબળા ઓઢવા પડશે !'

ભાઈ આવા તો બધા ઘણા પ્રસંગો છે. પણ જેટલું અને જેવું યાદ રહ્યું તે અને તેટલું લખાવ્યું બાકીનું તે જાણે.

**શ્રી રસિકલાલ વ્યાસ, વકીલ (ભરૂચ) ('રેવાનો યોગી'માંથી ટૂંકાવીને)**

પૂજ્યશ્રી સાથેનો મારો પરિચય ડામાડોળ ચિત્તસ્થિતિમાં થયેલો. પિતાશ્રીની મહદ્ઇચ્છા મને વકીલ બનાવવાની, મારી તેમાં જરાય રુચિ નહિ; સ્વભાવગત મારી મર્યાદાઓથી હું વાકેફ ! છતાં પિતાશ્રીની મહેચ્છાને માથે ચઢાવી વકીલાતનો ધંધો શરૂ કર્યો ! વર્ષો સુધી ધંધામાં ચિત્ત ચોંટ્યું નહિ, ભરણપોષણ માટે પણ તકલીફ ! નોકરી લેવા પ્રયત્નો કર્યા; સફળતા મળી નહિ! આ સ્થિતિમાં હતો તેવામાં મારા સહાધ્યાયી મિત્ર શ્રી ઝીણાભાઈ કાપડિયા (રહેવાસી અંકલેશ્વર)ની મારફતે પૂજ્યશ્રી માટે ઘણું સાંભળ્યું, વકીલ-મિત્રો જયસુખલાલ હિન્ડિયા અને ઈશ્વરલાલ અલમૌલાએ પણ પૂજ્યશ્રી વિશે ઘણી સારી વાતો કહેલી. વળી મારી મુશ્કેલીઓથી વાકેફ એટલે આગ્રહ કરીને મને 'દત્તબાવની'ની ચોપડી આપી ગયા અને પાઠ પૂજનવિધિ સાથે કરવાનું સમજાવ્યું.



તેમ કરતાં મનમાં દિનપ્રતિદિન શાન્તિ થતી ગઈ ! 'દત્તબાવની'ના બાવન પાઠ બાવન ગુરુવારે કરવાની શરૂઆત કરી અને થોડા દિવસે પરચો મળ્યો !

મારી વકીલાત સામાન્ય ચાલતી. તે સમયે એસિસ્ટન્ટ ગવર્નમેન્ટ પ્લિડર અને એસિ.પબ્લિક પ્રોસિક્યુટરની જગ્યા ખાલી પડેલી. મારો ગજ આ જગ્યા માટે ખાય તેવું હતું નહીં! તેથી અરજી કરી નહોતી! એક હિતેચ્છુ મિત્રે આગ્રહથી અરજી કરાવી! અરજીની મુદત વીતી ગઈ હતી. એટલે અરજી કરવાની મેં ના પણ કહેલી! મિત્રના આગ્રહથી અરજી રવાના કરી ને મારી નિમણૂક તરત થઈને આવી! આ પ્રસંગથી મારી શ્રદ્ધામાં વધારો થતો રહ્યો. 'યોગક્ષેમં વહામ્યહમ્'નું બિરૂદ અવધૂતજીએ પાળી બતાવ્યું છે.

એક વખત મારા જન્મદિવસે હું નારેશ્વર પૂજ્યશ્રીનાં દર્શને ગયો. મેં નિવેદન કર્યું, મારો જન્મદિન હોઈ હું આપશ્રીનાં દર્શને આવ્યો છું. હું ભગવદ્ ભક્તિ માટે જરૂરી ચિત્તશુદ્ધિ માટે ઝંખના કરું છું. 'તે માટે આશીર્વાદ માગું છું.' પૂજ્યશ્રીએ બે-ત્રણ મિનિટ મૌન રહી કહ્યું, 'થશે જ' પછી સ્વહસ્તે પ્રસાદ આપ્યો અને સ્વરચિત 'આર્તપ્રાર્થના'નો પાઠ કરવા સૂચન કર્યું. આ કૃપાપ્રાપ્તિ સમજીને સાધનાના કાર્યમાં રત રહેવા હું પ્રયત્નશીલ છું.

**શ્રી રામજીભાઈ દેસાઈ ('મા લીલાગરી') (પાદરા)**

૧૯૫૨માં પ્રથમ દર્શન કર્યાં. પાદરામાં જ. સ્વયંપ્રેરણાથી જ. મેં એમનાં દર્શન કર્યાં ને એમણે મારાં દર્શન કર્યાં, એવો ભાવ થયો. પરસ્પરદર્શન કર્યાનો એ ભાવ હતો. મારા મિત્ર શ્રી વાસુદેવ જોષીની દર્શન માટે પ્રેરણા ખરી. પણ મેં તો દર્શન માટે મા લીલાગરીની પ્રેરણા હશે તો દર્શન થશે એવો ભાવ રાખેલો. મનમાં કોઈ તુલનાનો ભાવ જાગ્યો જ નહોતો.

૧૯૫૪માં નારેશ્વર જઈને દર્શન કર્યાં, પ્રથમવાર નારેશ્વર ગયો. કારતક સુદ છઠનો દિવસ હતો. નારેશ્વર પવિત્ર સ્થાન. પૂ. બાપજીની ગુફા, લીમડો, ઔદુમ્બર ગુફા - એ બધું યાદ આવે છે. આજનો ઠાઠમાઠ ત્યારે નહતો પછી તો વારંવાર જવાનું થાય છે. દત્તજયંતીના ઉત્સવમાં એકવાર ભાગ લેવાનું થયું હતું.

પૂજ્યશ્રી સાથે ૧૯૫૫માં સીધો સંપર્ક થયો. એક રાત્રે પૂજ્યશ્રી ગુફાની પાસે ચોકમાં બેઠેલા. તે વખતે પૂજ્યશ્રી, જગજીવન માસ્તર



અને હું .. ત્રણ વ્યક્તિઓ જ. પૂજ્યશ્રીની પાસે બે હાથ દૂર હું બેઠેલો. વાતચીત શરૂ કરેલી. મેં મા લીલાગરીની મારી પૂજા અને સેવાની વાતચીત કરી. માતાજી આવનારનું દુઃખ દૂર કરે છે અને મનની શાંતિ આપે છે. ત્યારે પૂ. બાપજીએ કહ્યું. — 'સારું છે, પરોપકાર છે. ખૂબ ભજન કરો, શાંતિ માટે. એવો બોધ આપ્યો.

પૂજ્યશ્રીના રંગે રંગાતો ગયો. મહિને-ચાર મહિને નારેશ્વર જવાની પ્રેરણા થાય ત્યારે હું જવાનું રાખતો. એકવાર હું અને વાસુદેવ જોષી સવારે સ્થાનમાં જ દર્શન કરવા ગયેલા. બહાર નીકળતાં કમ્પાઉન્ડ વાડમાંથી બહાર છરકતા હશે ત્યારે પૂજ્યશ્રીએ શબ્દો કાઢ્યા. શું નોકરી પર જ જીવન જવાનું છે ? જે માણસ જે સ્થળે પુણ્યકાર્ય કરતો હોય તે કર્યે જવું.'' આ શબ્દોએ મને ચાનક આપી ને ૩૧ માર્ચ ૧૯૫૫માં નોકરી છૂટી ગઈ. ૧૯૬૪ સુધી મા લીલાગરીની પૂજામાં સમય પસાર થવા માંડ્યો. આ નવ વર્ષના ગાળામાં ઉપાસના સક્રિય રહી. 'ગુરુલીલામૃત', 'ગુરુચરિત્ર'નો અભ્યાસ થયો. સ્વપ્નાવસ્થામાં આ ગાળામાં જ પૂજ્યશ્રીએ મંત્રદીક્ષા આપી. પ્રતીતિરૂપે એમ કહ્યું કે મને પ્રાપ્ત થયેલ મંત્રમાં બે શબ્દો ઉમેરેલા તે પૂજ્યશ્રીએ રૂબરૂમાં ટકોર કરી કે ગમે તે અવસ્થામાં પણ ગુરુ તરફથી મળેલા મંત્રમાં વધઘટ કરવી નહિ. ત્યારથી મેં ઉમેરેલા મારા બે શબ્દો દૂર કરી નાખ્યા. મારી સાથે એમની લીલાઓ ચાલ્યા જ કરે છે. ૧૯૫૫માં મેં ૧૨ કલાક, ૩૬ કલાકનું મૌન લીધેલું.. છેલ્લું ૧૦૪ કલાકનું મૌન રાખેલું – પૂજ્યશ્રીની સંમતિથી ૧૦૦૮ કલાક મૌન પણ લીધેલું.

એકવાર સ્થાનમાં ૨૦૦-૩૦૦ ભક્તો બેઠેલા હતાં ત્યારે પૂજ્ય બાપજીની પરિક્રમાની વાતો કરતા હતા : ત્યારે પૂજ્યશ્રીએ શબ્દો ઉચ્ચારેલા ગુરુ કરતાં ચેલો સવાયો ! અને તે રબારી !

સારોદ પૂજ્યશ્રી જતા હતા. હું તો ઘેર નિદ્રામાં હતો. ત્યાં અચાનક જાણે ઘંટડીનો અવાજ આવ્યો ને હૃદયમાં ભણકારો થયો કે ઊઠ, જા સ્ટેશને. પૂજ્યશ્રી જઈ રહ્યા છે. હું તો પહોંચ્યો ને પૂજ્યશ્રીનાં દર્શન થયાં ત્યારે બોલ્યા કે હજુ શું ભોગવવાનું (પ્રારબ્ધ) બાકી રહ્યું છે ! લાક્ષણિક રીતે કંઈ કેવો સંકેત કર્યો કે મારે ફરી નોકરીમાં જોડાવવાનું થયું.

પૂજ્યશ્રી સર્વસ્વ છે. રાત્રિકાળે સ્વપ્નાવસ્થામાં મારા ફળિયામાં દંડધારી યોગીરાજ અવધૂતની ફેરીનો અનુભવ આજેય જીવંત છે.



એકવાર નારેશ્વરમાં પૂજ્યશ્રીની સમક્ષ મનમાં હઠ ભરાઈ. પૂ. બાપજી આ દેહને કેમ અપનાવતા નથી ? શાંતિનિકુંજમાંથી પૂજ્ય બાપજી સમરમઢીમાં આવી બેઠા. હું તથા શ્રી વાસુદેવ જોષી તેમના સાન્નિધ્યમાં બેઠા. મનમાં તલપાપડતા, ક્રોધ, હઠ એવા મિશ્ર ભાવો ચાલે. ફળો પ્રસાદીમાં હું લઈ ગયેલો જામફળ. બે જામફળ મને આપ્યાં. બે શ્રી વાસુદેવજીને આપ્યાં. બે પોતાની પાસે લીધાં. મનમાં ભાવ થયો, ફલેષુ સમભાગી. ત્યાં મારી પાસેની કલગી, મેં પૂજ્યશ્રીને ધરી. પૂજ્યશ્રીએ ગ્રહણ કરતાં મને કરસ્પર્શ કર્યો. મારો સંકલ્પ સાકાર થયાનો અનહદ આનંદ અનુભવતો. પૂજ્યશ્રીનું અંતર્યામીત્વ, સર્વજ્ઞપણું તે આ. મારી હઠ તો તત્કાલ દૂર જ થઈ ગઈ !

### શ્રી રામજીભાઈ નાયક (નવસારી)

(નારેશ્વરનો નાદ - એપ્રિલ-'૮૧માંથી ટૂંકાવીને)

મારા, મુંબઈના મિત્ર, સ્વ. ઠાકોરભાઈ, પૂજ્યશ્રીના પરિચયમાં. હું પુસ્તકોનો શોખીન, આર્યસંસ્કૃતિને લગતાં ચિંતનાત્મક પુસ્તકો, સંતોનાં ચરિત્રો વાંચું. ઠાકોરભાઈએ 'શ્રીગુરુલીલામૃત' ગ્રંથ હાથમાં મૂક્યો. મેં વાંચ્યો ને આનંદવિભોર થઈ ગયો. આ ગ્રંથમાં શું નથી ? ઠાકોરભાઈ સાથે હું નારેશ્વર ઊપડ્યો. આમ તો હું આર્યસમાજની વિચારધારામાં માનનારો.

નારેશ્વરમાં મેં શું જોયું ? ''પૂજ્યશ્રી પાસે કેટલાક ભક્તો લૉકેટને સ્પર્શ કરાવે! અભિમંત્રિત કરી મસ્તકે અડાડી લૉકેટો પૂજ્યશ્રી ભક્તોને પાછા આપે!' હું બોલી ઊઠ્યો : 'આ વળી ધતિંગ શું ? 'શ્રી ગુરુલીલામૃત'ના રચનાર પ્રત્યે જે અહોભાવ હતો તે બદલાયો!

પૂજ્યશ્રીએ મારા અંતરને વાંચી લીધું, ચોક્કસ! સાહજિક વાર્તાલાપમાં મને કહ્યું : 'જે સ્ત્રીનો પતિ પરદેશ ગયો હોય તે સ્ત્રી સ્મરણ માટે પતિનું લૉકેટ પહેરે છે. એ પહેરવાથી એને પતિનું સ્મરણ તો રહે છે જ, સાથે સાથે પતિની ગેરહાજરીમાં કંઈ ભૂલ ન કરી બેસે તેનુંય તેને ભાન રહે છે. તેમ અવધૂતપરિવારના આ ભક્તહૃદયી લોકો અવધૂતના લૉકેટને ગળામાં રાખી સ્મરણ સાથે સન્માર્ગે વળતા હોય, કુપથગામી બનતા અટકતા હોય તો અવધૂતને એમાં શું વાંધો ? મારે ગળે વાત ઊતરી ગઈ. મેં લૉકેટ લીધું; અભિમંત્રિત કરાવ્યું. લૉકેટમાંથી સુંગધ સુગંધ નીકળવા માંડી!



લોકેટવાળો રૂમાલ સુગંધિત થયો !

ગમે તે પરિસ્થિતિમાં આનંદમાં રહેવાનું જીવનસૂત્ર પૂજ્યશ્રી પાસેથી હું શીખ્યો.

એક વખત પૂજ્યશ્રી પાસે મેં મંત્રની માંગણી કરી. મને મંત્ર લખીને પૂજ્યશ્રીએ આપ્યો. ઘણા લાંબા વખતે એ મંત્ર 'રંગહૃદયમ્'માં પ્રસિદ્ધ થયેલ 'રામસ્તોત્ર'માં ગૂંથાયેલો જોયો ! પૂ.મોદીકાકાની સમક્ષ આ વાત કહી, ત્યારે જ ઘટનાનો મર્મ હું સમજ્યો. હું રામભક્ત એટલે રામમંત્ર મને આપ્યો. પૂજ્યશ્રીનું અંતર્યામીત્વ મેં આમાં અનુભવ્યું.

પૂજ્યશ્રી સાથે માણગાંવ તરફના પ્રવાસમાં જોડાવાનું મારું સદ્દ્ભાગ્ય. ત્યારે નવસારી ગામની બહારની જમીન લેવાની વાત મેં પૂજ્યશ્રીને પૂછી. 'સોનાનો ટૂકડો છે. લઈ લો !' પૂજ્યશ્રીની આશિષ સમજી જમીન લઈ લીધી. ત્યારે મોંઘી કિંમતમાં લીધી છે એવું થયા કરતું! પણ આજે તો અમારું કારખાનું આ જગ્યાએ ધમધોકાર ચાલે છે ! વળી ચીકુ-આંબાની વાડી કરી છે. ત્યાં ઔદુમ્બર સ્વયંભૂ પ્રગટ્યું છે. આ કલ્પવૃક્ષ નીચે પાઠપારાયણો થાય છે. પૂજ્યશ્રીની અમીદૃષ્ટિ પડ્યા પછી ઔદુમ્બરના થડમાં પૂજ્યશ્રીની આકૃતિએ દેખા દીધી, એક ડાળી ગણપતિની ઊંચી સૂંઢ હોય તેવી તો દેખાતી જ હતી! તેમાં ગુરુ પણ પ્રગટ થયા !

### પૂ.શ્રી લાલજી મહારાજ (માલસર)

બાર વર્ષ એક જ સ્થાને રહી પ્રભુભજનમાં વ્યસ્ત રહું તેવી આજ્ઞા પૂ.શ્રીએ મને એક વાર્તાલાપમાં નારેશ્વર મુકામે જ કરી અને પછી ઉમેર્યું કે તમારી નર્મદાપરિક્રમા વખતે સુલપાણેશ્વરની ઝાડીના રસ્તે જવાની જે યાત્રા બાકી રહી ગઈ છે તો તે પણ દેવકૃપાથી જોવાનો સમય તમને આવશે. શબ્દોનો મર્મ હું સમજ્યો ન હતો.

આ વાર્તાલાપને થોડો સમય વીત્યો હશે ત્યાં સંવત ૨૦૨૦ના જેઠ સુદી ૧૫ના રોજ એટલે કે બરાબર પંદર દિવસ પછી લાલુને રાત્રે સ્વપ્ન આવ્યું :

'હું અરણ્યમાં કોઈ સંતપુરુષનાં દર્શનની ભાવનાથી ભટકતો હતો. XXXX ૐ ૐ ૐ એવો ધ્વનિ સાંભળ્યો. એક ચટ્ટાન પર પૂ. શ્રી રંગ અવધૂત ભગવાન બિરાજમાન હતા. XXX 'ભગવાનની



કૃપાથી તમો સૂલપાણેશ્વરની ઝાડીના બંને કિનારા જોવા તૈયાર થાઓ', એમ તેઓશ્રી બોલ્યા. XXX ગરુડેશ્વરમાં પૂ. ગુરુ વાસુદેવાનંદ સરસ્વતીનાં દર્શન કરીને સૂલપાણની ઝાડીમાં અમે પ્રવેશ કર્યો. તે વખતે આ વાતો કરતા પૂ.શ્રી ખૂબ ઝડપથી ચાલે. લાલુને તો તેમની પાછળ દોડવું પડે. પૂ. શ્રી બોલ્યા : "જે જે શ્વાસ ભગવાનના નામસ્મરણ સાથે લેવાય છે તેટલી જ પળો માનવજન્મની મનાય, બાકીની પશુતા છે."

નર્મદાપરિક્રમાનો ખતરનાક માર્ગ પૂરો થયો એટલે મેદાનમાર્ગમાં પૂ. બાપજીએ લાલુનો હાથ છોડી દીધો. પૂ.શ્રી મહિમ્નઃ બોલતા બોલતા અંતર્ધ્યાન થઈ ગયા.

લાલુ જાગ્યો. અગમ્ય લીલા ઉપર વિચાર કરવા લાગ્યો. પૂજ્યશ્રીને વાત કહેવાની ભાવનાથી લાલુ નારેશ્વર ગયો. અને ત્યાં બીજી જ્ઞાનગોષ્ઠી ચાલતી હતી ત્યાં જ પૂજ્યશ્રીએ લાલુને જોઈને બધાને ઓળખાણ આપી. અને બોલ્યા : આ લાલજી મહારાજને સૂલપાણની ઝાડીમાં જવાનું ન મળ્યું તેથી ભજનમાં વિક્ષેપ થાય છે કેમ ? હવે શાંતિ થઈ કે નહિ ? કહી મરક મરક સ્મિત કરવા લાગ્યા !

લાલુએ તો ગદ્‌ગદિત હૃદયે આંખથી આંસુની ધારા સાથે કેવળ મૌન સેવી દંડવત્ પ્રણામ કરી પ્રાર્થના કરી.

શ્રી રામ જય રામ જય રામ

### શ્રી વાસુદેવ ગણેશ અનગરે

('નારેશ્વરનો નાદ' ઓક્ટોબર ૧૯૮૧ને આધારે)

નૃસિંહસરસ્વતીની પીઠ ઉપર મારું 'ગુરુચરિત્ર'નું પારાયણ ચાલુ હતું.

સાંજે મને સૂચના મળી કે તને જે તારી કુળસ્વામિનીનો કોલ્હાપુરવાળીનો મંત્ર જોઈએ છે, ઉપાસના જોઈએ છે, તે અમદાવાદમાં રહેતા શક્તિઉપાસક પાસેથી તને મળી જશે. અને હું અમદાવાદ આવ્યો. ૧૯૪૮માં આસો સુદ ૮ના રોજ દીક્ષા મળી. તેમણે એનું અનુષ્ઠાન નર્મદાકિનારે બીલીના ઝાડ નીચે બેસી કરવા કહ્યું અને તેથી હું પ.પૂ. ટેમ્બે સ્વામીના શિષ્ય શ્રીરંગ અવધૂતજી પાસે ગયો.

જે મંત્ર મને બંગાળી ગુરુએ આપેલો હતો તે મને કોઈ દત્તોપાસકે આપ્યો હોત તો સારું એમ મનમાં હતું. નારેશ્વર પહોંચતાં જ પૂ. રંગ અવધૂત મહારાજશ્રીએ કહ્યું : 'લે, આ મંત્ર તારે કરવાનો છે.'



અને આશ્ચર્ય ! જે મંત્ર બંગાળી ગુરુએ આપેલો તે જ તે હતો ! તેમણે પોતે જ ભૂતશુદ્ધિ અને ભૂશુદ્ધિ કરી બીલીના વૃક્ષની નીચે અનુષ્ઠાનમાં બેસાડ્યો. એક વર્ષ આમ હું નારેશ્વરમાં રહ્યો.

### શ્રી વાસુદેવ ગણપતરાય કોનકર (વડોદરા)

(એમના સુપુત્રશ્રી ગોવિંદભાઈએ આપેલી માહિતીના આધારે)

મારા પિતાશ્રી વાસુદેવ ગ. કોનકર પાસેથી પૂ. શ્રી વિશે ઘણી વાતો સાંભળી છે; કારણ કે મારા પિતાશ્રી પૂ. શ્રી સાથે ગોધરામાં તેલંગ હાઈસ્કૂલમાં ભણતા હતા. મારા પિતાશ્રી કહેતા કે - પૂ. શ્રી ભણવામાં બહુ હોશિયાર હતા, રમતગમતમાં ભાગ લેતા, ક્રિકેટ પણ રમતા; એમનો સ્વભાવ પ્રેમાળ હતો, તેઓ અભ્યાસમાં બીજા વિદ્યાર્થીને મદદ કરતા. એમનું સંસ્કૃત ભાષા પર પ્રભુત્વ સારું હતું.

અમારા કોનકર કુટુંબમાં દત્તભક્તિનાં બીજ પેઢીઓથી રોપાયેલાં હતાં. શ્રી ગુરુલીલામૃતના ૧૧૭મા અધ્યાયમાં 'કોનકર'ના ઉપનામ (અટક)નો ઉલ્લેખ આવે છે. પૂ. વાસુદેવાનંદસરસ્વતી સ્વામી મહારાજનું મોસાળ 'કોનકર' કુટુંબમાં હતું; એમના માતુશ્રી રમાબા એ કોનકર કુટુંબના હતા. દુર્ગાબાઈ એ સ્વામીમહારાજના માસી હતાં, અને એમને સ્વામીશ્રીએ ઉપદેશ આપેલો તે ઉલ્લેખ શ્રીગુરુલીલામૃતમાં છે.

અમારું કુટુંબ એ જ 'કોનકર કુટુંબ'નું વંશજ છે. ઈ.સ. ૧૮૯૬-'૯૭ના અરસામાં મહારાષ્ટ્રમાંથી ત્રણ કુટુંબો ગુજરાતમાં ગોધરામાં આવેલાં. (૧) શ્રી વિઠ્ઠલપંત વળામે (પૂ.શ્રીના પિતાજી) (૨) શ્રી ગણપતરાવ કોનકર (મારા દાદા) (૩) શ્રી પુરાણિક, શ્રી પુરાણિક પછીથી ઇન્દોરમાં સ્થાયી થયેલા.

પૂ.શ્રીએ નારેશ્વરમાં વસવાટ કર્યા પછી લગભગ ઈ.સ. ૧૯૪૨માં તિલકવાડામાં પધારેલા. આ જ અરસામાં મારા દાદા શ્રી ગણપતરાવ તથા પિતાજી વાસુદેવ વજીરિયા સ્ટેટમાં નોકરી કરતા હતા. પૂ. શ્રીએ જાણ્યું કે ગણુકાકા (પૂ. શ્રી મારા દાદા ગણપતરાવને 'ગણુકાકા' કહેતા) વજીરિયામાં રહે છે, એટલે પૂ. શ્રી તિલકવાડાથી વજીરિયા એમને મળવા માટે આવ્યા હતા; અને મારું નામ ગોવિંદ રાખવાનું ત્યારે સૂચન પણ કર્યું હતું.

ઈ.સ. ૧૯૪૮-'૪૯ના અરસામાં માતા-પિતા સાથે નારેશ્વરમાં પૂ. શ્રીનાં દર્શને ગયાં. પૂ. શ્રીએ ખૂબ પ્રેમથી અમને બોલાવ્યા.



પિતાશ્રીને 'વાસુ' અને માતુશ્રીને 'વહિની' એટલે કે ભાભી કહીને સંબોધતા. આમ તો નારેશ્વર વારંવાર જતા. એક વખત મોદીકાકાને બોલાવીને કહે 'આ વાસુને બહાર લઈ જઈ ચા પીવડાવો.' ત્યારે નારેશ્વરના રસોડે ચા બનાવવામાં આવતી નહોતી.

પૂ. શ્રીનાં ભજનો નાના હતા ત્યારથી ગાતા. શ્રી ગુરુલીલામૃતનું વાચન પણ અવારનવાર કરતા. પૂ. શ્રીનું પ્રત્યક્ષ માર્ગદર્શન મને મળ્યું નથી, પણ એમના સાહિત્યમાંથી ઘણું ભાથું મળ્યું છે.

શ્રીદત્તસંપ્રદાયમાં પૂ. શ્રી શિષ્યપરંપરામાં છેલ્લા છે. કોઈને શિષ્ય બનાવવા નહીં એવો ગુરુનો આદેશ એમણે તંતોતંત પાળ્યો છે. તેઓ મોટી કોટિના દત્તાવતારી સંત હતા. એમના ગુરુનું એક જ વાર દર્શન થયેલું હોવા છતાં પોતાની સાધના વડે અતિજ્ઞાની અને કર્મઠ એવા ગુરુનું શિષ્યત્વ પામ્યા  એ જ એમની સિદ્ધિ છે. આજે પણ દેહરૂપે ન હોવા છતાં પણ ભક્તોને અવારનવાર પ્રતીતિ આપતા રહે છે.

એક અલૌકિક લીલાનો પ્રસંગ રજૂ કરું છું. હું નોકરી અર્થે નવસારીમાં હતો ત્યારે ત્યાં અવધૂત પરિવારમાં દર ગુરુવારે થતાં ભજનમાં ભાગ લેવા પત્ની સાથે જતો. પણ પછીથી બદલી સુરત થઈ. ત્યાં નજીકમાં અવધૂત પરિવારના કોઈ રહે નહીં એટલે દર ગુરુવારે સુરતથી નવસારી જઈ ભજનમાં ભાગ લેતો; પણ એમાં નિયમિતતા રહે નહીં એટલે મનમાં ખેદ થાય. એક ગુરુવારે સુરતમાં ઘેર જ પ્રાર્થના કરી સૂઈ ગયાં, ત્યારે દૃષ્ટાંત થયો - 'ભજન સમૂહમાં કરવું એવું થોડું છે. તમો પતિ-પત્ની સુરતમાં જ શરૂઆત કરો. હું નવસારી છું એવું થોડું છે, બધે જ છું.' એટલે આદેશ માથે ચઢાવી સુરતમાં ઘેર ગુરુવારે અમે પતિ-પત્નીએ ભજનની શરૂઆત કરી. ત્રણ ગુરુવાર સુધી અમે પતિ-પત્નીએ એકલાં એ જ ભજન કર્યાં, પણ ચોથા ગુરુવારે નજીકમાં રહેતા અવધૂત પરિવારના જ દિલીપભાઈ પારેખ પત્ની સાથે બેસવા આવેલા, તે પણ ભજનમાં જોડાયા. પછી તો નક્કી કર્યું નવસારીની માફક નાના પાયા પર પણ દર ગુરુવારે ભજન કરવું. આમ સુરતમાં ભટાર રોડ પર અવધૂત પરિવારની સ્થાપના થઈ. આજે પણ ત્યાં દર ગુરુવારે નિયમિત ભજન થાય છે. ૧૨ કે ૨૪ કલાકની દત્તધૂનોના કાર્યક્રમો પણ થાય છે. દત્તજયંતી પણ ઉજવાય છે. હવે હું વડોદરા સ્થાયી થયો હોવા છતાં પણ દત્તજયંતી પર વડોદરાથી સુરત જાઉં છું; અને ત્યાં દત્તપૂજા કરાવું છું. ત્યાં ઘણાં



ભક્તોને પ્રતીતિ થઈ છે, ભજન ગાતાં ન આવડતું હોવા છતાં, પણ સારી રીતે સ્વર-તાલમાં ભજનો ગાય છે અને ગવડાવે છે. આ અનુભવ પરથી શ્રી ગુરુલીલામૃતનો એક દોહરો યાદ આવે છે -

*''વસુ અત્ર હું સર્વદા, ભજે ભક્તિથી જેહ*
*થાશે દર્શન તેહને, કલિમાં આ પણ દેહ''*

ગુરુલીલામૃત અધ્યા. ૧૦૩-૩૮

પૂ. બાપજીના બીજા એક અનુગ્રહની રજૂઆત કરું. મારાં માતુશ્રી ઈન્દિરાબેન, જેમને પૂ. શ્રી 'વહિની' એટલે કે 'ભાભી' કહેતા, તેઓ એક વાર નારેશ્વર ગયાં ત્યારે પૂ.શ્રીને કહ્યું કે 'મને બિલકુલ સંભળાતું નથી, પણ 'દિગંબરા દિગંબરા શ્રીપાદ વલ્લભ દિગંબરા' એ મંત્ર જ સંભળાયા કરે છે, ત્યારે પૂ. શ્રી મરાઠીમાં કહે - 'વહિની, તુઝા મંત્ર સિદ્ધ ઝાલા આહે. તું તોચ ઐક. તુલા સંસાર તલ્યા ગોષ્ટી ઐકણ્યાત કાય સ્વારસ્ય આહે'' એમ કહી હસવા માંડ્યા. (એટલે કે 'ભાભી, તને તારો મંત્ર સિદ્ધ થયો છે, તું એજ સાંભળ. તારે હવે સંસારની વાતો સાંભળવામાં શું રસ છે ?') પછીથી મોદીકાકા પાસેથી નાની પાદુકા મંગાવી અને પોતે અભિમંત્રિત કરીને મારી બાને આપી. જે હજુ પણ અમારે ત્યાં પૂજામાં છે.

ગોધરામાં મારાં માતા-પિતા રહેતાં, ત્યારે મારાં માતાનો ઘરોબો પૂ. માજી સાથે ખૂબ રહેતો. ઘણીવાર પૂ. માજી તેણીનું માથું ઓળી આપતાં હતાં.

### શ્રી વિઠ્ઠલભાઈ પાઠક (નારેશ્વર રાજપીપળા)

મારા ફૂવાશ્રી નંદલાલભાઈ પાઠક, ડીવેરના વતની. અમને એમણે પૂજ્ય બાપજી વિષે વાત કરી અને ઈ.સ. ૧૯૩૫માં પૂજ્યશ્રીનો મુકામ રાજપીપલા નવા જીનમાં થયો ત્યારે તેમણે અમને દર્શન કરવા આવવાની પ્રેરણા આપી. સાંજનો સમય હતો. પૂજ્યશ્રી આરામ-ખુરશીમાં બિરાજ્યા હતા. નજીકમાં જ ટોટ્ટીદ્રાના શ્રી મહિજીભગતનું મંડળ ઊભું ભજન કરી રહ્યું હતું. મારા પિતાજી શ્રી જગન્નાથ ગણપતરામ પાઠક સંતપ્રેમી હતા. એ મને પૂજ્યશ્રીનાં દર્શને ત્યાં લઈ આવ્યા. ''રિક્તપાણિ ર્ન ગચ્છેત્ - રાજાનામ્ દેવતામ્ ગુરુમ્'' એ ન્યાયે તેમણે મને એક વિક્ટોરીઆ રાણી છાપનો ચાંદીનો રૂપિઓ આપ્યો અને તે પૂજ્ય બાપજીના ચરણે મૂકવા કહ્યું. જેવો હું રૂપિઓ



મૂકવા જાઉં છું ત્યાંજ આજુબાજુ બેઠેલા ભક્તો બોલી ઊઠ્યા કે અહીં પૈસા ચઢાવાતા નથી.

આ સાંભળીને મને આશ્ચર્ય થયું કે આખી આલમ પૈસાની પાછળ પાગલ છે, પૈસા વગર ડગ દેવાતું નથી તો આ મહારાજ પૈસા વગર કેવી રીતે જીવતા હશે ? લક્ષ્મીથી નહીં લલચાનાર આ મહારાજનો પ્રભાવ મારા ઉપર ગજબનો પડ્યો. ત્યાં જે ભજનમંડળ ભજન કરતું હતું તેની સાથે મેં ગાવા માંડ્યું. ''આવો હરિજન હેતે રામને સંભારો'' અને બાપજીએ મારો સૂરીલો કંઠ સાંભળી મને પોતાની પાસે બોલાવ્યો.

મારું નામ પૂછ્યું, શું ભણે છે તે પૂછ્યું. પછી મારા પિતાજીને કહ્યું કે માસ્તર ! આ છોકરાને સંગીતની તાલીમ આપજો. એનો કંઠ સારો છે અને પછી ઉમેર્યું કે લખો.

*હર કોલીંજન એલચી, રાઈ પિપ્પલ પાન,*
*અટમીલાય ગોલી કરો કોકીલ કંઠ સમાન.*

હરડે, કોલીંજન - પાનની જડ, એલચી, રાઈ, લીંડીપીપર અને ચણોઠીનાં પાન આ છ વસ્તુને સપ્રમાણ લઈ ખાંડીને વસ્ત્રગાળ કરી નાગરવેલના પાનના રસમાં એની ચણા જેવડી ગોળી બનાવી જમ્યા પછી બબ્બે આપવા કહ્યું.

ઈ.સ. ૧૯૩૬માં પ્રથમવાર નારેશ્વર જવાનું થયું. ત્યારપછી તો અસંખ્યવાર નારેશ્વર ગયો. પૂ. બાપજીના સાન્નિધ્યમાં ૧૯૩૭ અને ૧૯૩૮ની સાલની દત્તજયંતીના ઉત્સવોમાં દસ વર્ષની ઉંમરે નારેશ્વરમાં મારા પિતાજીની સાથે જવાનું થયેલું ત્યારે પૂજ્ય બાપજીના કંઠે ''દત્ત પ્રણતિ'' અને ''ઉઠ અઘભંજના'' પ્રભાતિયું સાંભળવાનો લાભ મળેલો.

ઈ.સ.૧૯૫૨માં ૧૯ દિવસની રજા લઈને હું નારેશ્વર રહ્યો હતો. ત્યારે મુ. મોટીકાકા પણ કોઈ અગત્યના કારણસર થોડો સમય નડિયાદ ગયેલા. દરરોજ સાંજે બાપજીનું મૌન છૂટે ત્યારે થોડો સમય વાર્તાલાપ થતો. તે સમયે રસોડું ફક્ત સવારમાં જ ચાલતું. સાંજે હું દૂધ પી લેતો. ત્યારે બાપજી મને પૂછતા કે મેં સાંજે જમવાનું શું કર્યું ? પછી મને કહે કે તને તો રસોઈ કરતાં આવડે છે. બે ભાખરી બનાવી લેતો હોય તો ? ભૂખ્યા રહેવું નહીં એમ કહેતા.

કોઈકવાર કોઈ ભક્ત આવે તો તેને સ્વહસ્તે પ્રસાદ પણ આપતા. તે જોઈને મને પણ એવો વિચાર આવતો કે મને પણ બાપજીના હાથે પ્રસાદ મળે તો કેવું સારું ! પણ પછી એવો પણ વિચાર આવતો



કે આપણો અધિકાર સિદ્ધ થાય ત્યારે મળે ને ! અને છેલ્લે જ્યારે મારી રજા પૂરી થઈ ત્યારે હું બાપજીની રજા લેવા ગયો તે વખતે મારા મનની વાત જાણી ગયા હોય તેમ એમણે એમની પાસે પડેલું એક સફરજન ઉપાડીને મને આપ્યું. આ પ્રસાદ મળ્યો તેથી મને જાણે ત્રૈલોક્યનું રાજ્ય મળ્યું હોય એટલો આનંદ થયો. એવો આનંદ મને કદી થયો નથી. તે દિવસે ગુરુવાર હતો. આ પ્રસાદ મળ્યા પછી મારે ત્યાં પુત્રનો જન્મ થયો તે પણ ગુરુવારે જ એટલે અમે એનું નામ રંગપ્રસાદ રાખ્યું અને રાશી પ્રમાણે પણ એની તુલા રાશિ જ આવી. એના જીવનમાં પણ જે અગત્યની ઘટનાઓ જેવી કે એ ગ્રેજ્યુએટ થયો તેનું રિઝલ્ટ, નોકરીની દાખલ તારીખ, લગ્નનો દિવસ આ બધા જ પ્રસંગો ગુરુવારે જ બન્યા અને ખરા અર્થમાં તો એ રંગનો જ પ્રસાદ છે એની પ્રતીતિ તો જ્યારે એ પૂજ્યશ્રીના મિશનના કાર્યમાં નિષ્ઠાપૂર્વક સક્રિય બન્યો ત્યારે થઈ.

નારેશ્વર સ્થાનના ઉત્સવોમાં મારે ભાગ લેવાની શરૂઆત ૬૦મી રંગજયંતીથી થઈ. આ ઉત્સવમાં આવનાર. ભક્તજનોનું જોખમ સાચવવા માટે ઉત્સવ પૂરતી બેન્કની વ્યવસ્થા ગોઠવવા પૂજ્યશ્રીએ મુ. મોદીકાકાને કહ્યું અને કામગીરી માટે મારું નામ સૂચવેલું અને મેં તે સેવા બજાવી હતી જેમાં ભરૂચના શ્રી નરેન્દ્રભાઈ ઝવેરીએ મને સહાય કરી હતી. ત્યારપછી ૬૧મી રંગજયંતીએ ડાકોરમાં તથા પૂ. સ્વામી મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા સમયે ગરુડેશ્વરમાં પણ આ સેવા કરવાનો મને અનુરોધ કરતાં તે લાભ મળ્યો હતો.

તે સમયમાં પૂજ્યશ્રીના સાંનિધ્યમાં ઉજવાયેલા ઉત્સવોની (Silent Film) મૂગી ફિલ્મ ઉતારવામાં આવતી અને તે કોઈક ઉત્સવટાણે ભક્તો ભેગા થયા હોય ત્યારે બતાવવામાં આવતી. મૂગી ફિલ્મ હોવાના કારણે તેની સાથે તેની સમજ આપવી પડતી. એકવાર સં. ૨૦૧૨માં નારેશ્વરમાં પૂજ્ય માજીની પ્રતિમાની પ્રતિષ્ઠાના મહોત્સવ પ્રસંગે ફિલ્મ બતાવી તેમાં મને એવી સમજ આપવાની તક મળી. રાત્રે પૂજ્યશ્રીએ સૂતાં સૂતાં એ સાંભળી. જે એમને ગમી ગઈ. એ વાત સવારે મુ. મોદીકાકા મારફત જાણવા મળી અને પછી તો બાજવા રંગજયંતી ૧૯૫૯માં મને મુ. મોદીકાકા મારફત 'કોમેન્ટ્રી' કરવાનો આદેશ મળ્યો અને પછી ધર્મજની રંગજયંતીના ઉત્સવમાં પણ એ લાભ મળ્યો ત્યારપછી તો ઘણીવાર એ લાભ મળ્યો.



સને ૧૯૪૭માં મેં મુંબઈ યુનિવર્સિટીની મેટ્રિક્યુલેશનની પરીક્ષા પસાર કરી. એક વર્ષ પ્રાઈવેટ હાઈસ્કૂલમાં નોકરી કરી તે છોડીને હું મારા પિતાજી પાસે ઉમલ્લા રહેતો. નોકરી માટે અરજી કર્યા કરતો. તે દરમ્યાન અઠવાડિયામાં ફક્ત એક દિવસ ગુરુવારે ઉમલ્લાથી નારેશ્વર પગે ચાલીને દર્શન કરવા જતો તે પણ કંઈ નોકરી મેળવવાના સકામ હેતુથી તો નહીં જ. પણ ખૂબી એવી થઈ કે પાંચ ગુરુવાર પૂરા થયા અને છઠ્ઠા ગુરુવારે હું નારેશ્વર જાઉં તે પહેલાં જ બાપજીની કૃપાથી મને બેન્કમાં સર્વિસ મળી ગઈ. હું સાહિત્યનો રસિકજીવ એટલે મને આ બેન્કના કામમાં કાંઈ રસ ન પડ્યો એટલે બાપજી પાસે એ નોકરી છોડી ફરીથી હાઈસ્કૂલની નોકરી માટે પૂછવા ગયો ત્યારે કહ્યું કે કામ કરે એટલે રસ આવે, બેન્કના ખાતાની પરીક્ષા આપે તો કોઈ દિવસ મુનીમની જગ્યા મળે એમ કહી નોકરી છોડવાની ના પાડી અને પૂ. બાપજીની કૃપાથી ફક્ત સાત જ વર્ષ કારકુન તરીકે કામ કર્યા પછી બેન્કમાં શાખાના મેનેજર તરીકેની બઢતી મળી.

મારા જીવનમાં તો પૂ. બાપજીએ જે અંગત રસ લઈ મારો વિકાસ કર્યો તે ઋણ હું કદી ચૂકવી શકું તેમ નથી. હું ચોથા ધોરણમાં પાસ થઈ પૂજ્યશ્રીનાં દર્શને ગયેલો ત્યારે મારા પિતાજીને પૂજ્યશ્રીએ કહેલું કે એને એ,બી,સી,ડી શીખવીને વેકેશનમાં મારી પાસે મોકલજો, હું એને અંગ્રેજી શીખવીશ. સંજોગવશાત્ કે પ્રારબ્ધવશાત્ એ શક્ય ન બન્યું પણ પૂજ્યશ્રીની મારા પરની અસીમકૃપા મારા બચપણથી જ હતી, અને મારા અંગત જીવનમાં રસ લઈને મારી ઉન્નતિ માટે જ્યારે પોતે મને કીર્તન કરવાનો આદેશ આપ્યો ત્યારે મને એની સ્પષ્ટ પ્રતીતિ થઈ.

પૂજ્યશ્રીના વિશેષ સંપર્કમાં હું સને ૧૯૫૧ના ફેબ્રુઆરીમાં આવ્યો. તા. ૧૧-૨-૧૯૫૧થી હું ઓગણીશ દિવસની હક રજા લઈ નારેશ્વર પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં રહ્યો ત્યારે વાર્તાલાપનો લાભ મળ્યો. જેમાંથી કંઈક સુવાક્યો રજૂ કરું છું :

❖ ધ્યાનમાં સગુણ સ્વરૂપનાં દર્શન થાય એટલાથી પતી જતું નથી. એ અવસ્થા ચિરકાળ ટકી રહેવી જોઈએ અને એ ઇન્દ્રિયોના - ચિત્તના-નિરોધ વિના થઈ શકે નહીં, એટલે ધ્યાન પછીનું પગથિયું મનનો નિગ્રહ અથવા ઇન્દ્રિયોનો નિરોધ. ઇન્દ્રિયનિગ્રહથી જ મન પર કાબૂ મેળવી શકાય અને સ્થિર બુદ્ધિ થતાં પરમ પદની પ્રાપ્તિ થાય.



❖ પક્ષીઓને પેટ ભરવાની જ ચિંતા છે. માનવજાતની માફક એ સંગ્રહ નથી કરતાં. એમને અપચો થતો નથી. કારણ કે એ જરૂર જેટલું જ ખાય છે. માનવી વધુ ખાવાની અને વધુ સંગ્રહ કરવાની વૃત્તિથી જ રોગ અને દુઃખનો ભોગ થઈ પડે છે.

❖ મારું કોઈ છીનવી શકવાનું નથી અને કોઈનું હશે તે લાખ પ્રયત્ને મને મળવાનું નથી.

❖ નૈતિક ધોરણ કાયદાથી ઊંચું નહીં આવે દા.ત. થોડા સાધુઓ લગ્ન સંસ્થાનો વિચ્છેદ કરવાનું બીડું ઝડપે અને જ્યાં લગ્ન થાય ત્યાં ભંગાણ પાડી બ્રહ્મચર્યનો આદર્શ જોર જુલમથી પળાવવાનો પ્રયત્ન કરે એ જેમ વ્યર્થ છે તેમ કાયદાઓથી કંઈ વળે નહીં. એને માટે સમાજમાં શાંત પ્રચારની જરૂર છે.

❖ તમારી પાસે નવો પુલ તૈયાર નથી અને જૂનો પુલ તોડવા તૈયાર થયા છો અને કહો છો કે કિનારો દેખાતો નથી. એના કરતાં જૂનો પુલ શો ખોટો છે ?

❖ સત્પુરુષોના સહવાસનો અર્થ એવો નથી કે તેની પાસે જ બેસી રહેવું, તેમને સાંભળ્યા જ કરવા. કિન્તુ તેમની સમીપ રહેવાથી પણ ચિત્તવૃત્તિઓ શાંત થઈ પ્રભુ તરફ વળે છે.

❖ દરેક દેશના કાયદા ત્યાંની સંસ્કૃતિના આધારે જ રચાવા જોઈએ.

❖ કોઈ પણ વ્યસન છોડવું એ કંઈ મોટી વાત નથી. ધીમે ધીમે એને ઓછું કરી એમાંથી મુક્તિ મેળવી શકાય. આપણે નિશ્ચય જ કરીએ કે આ આપણે નથી કરવાનું તો તેમ થાય !

❖ વળી સ્વાધ્યાય જેવું કંઈક રાખવું અથવા સારા ધાર્મિક પુસ્તકોનું નિયમિત વાચન રાખવું. નિયમિત કલાક અર્ધો કલાક યથાવકાશે કરવું અને તે ઉપર આખો દિવસ ચિંતન-મનન કર્યા કરવું, ભલેને આપણે ચાલતા ફરતા-કામ કરતા હોઈએ પણ મનન ચાલુ જ રહેવું જોઈએ. આમ કરતાં સતત જાગૃત-અવસ્થા રાખવા પ્રયત્ન કરવો અને તેથી જ સદ્દવૃત્તિઓ કાયમ ટકી રહે.

મહાપુરુષોનાં જીવનચરિત્રો ખાસ વાંચવાં અને તે ઉપર મનન કરવું, હજીયે મને જો કોઈ નવા સંતનું જીવનચરિત્ર મળે તો હું જરૂર વાંચુ અગર તો કોઈ હોય તો તેની પાસે વંચાવું અને સાંભળું. જીવનચરિત્રોમાંથી ઘણું શીખવા મળે છે.



પૂજ્ય બાપજી સાક્ષાત્ ભગવાન છે અને હજી પણ દોરવણી આપી રહ્યા છે.

મારી દીકરી ભારતી જન્મથી જ નાજુક તબિયતવાળી. એના હાર્ટના વાલ્વમાં તકલીફ પણ ભાગ્યશાળી એવી કે ફેમિલિ ડૉક્ટરે "ખોટો રૂપિયો છે" એમ સર્ટીફિકેટ આપેલું છતાં હજી જીવે છે. એના મૂળમાં એની પોતાની પૂજ્યશ્રી પ્રત્યેની નિષ્ઠા તો ખરી જ.

મારા પ્રથમ કીર્તનમાં નારેશ્વરમાં એણે પૂજ્યશ્રીના ચરિત્રમાં હાલરડાના પ્રસંગે નૃત્ય પણ કરેલું અને એકવાર પૂ. શ્રીના અંકલેશ્વરના મુકામમાં પણ પૂ. બાપજી સમક્ષ નૃત્ય કરેલું અને સ્વહસ્તે પૂજ્યશ્રીએ એને પ્રસાદ પણ આપેલો (સને ૧૯૫૮).

સને ૧૯૭૨માં એની પ્રથમ પ્રસુતિ પણ એક અદ્‌ભુત ચમત્કાર જ. છેલ્લા દિવસોમાં એની તબિયત બગડી. તે શનિ-રવિ હું હાંસોટથી નારેશ્વર દર્શને ગયેલો. આખી રાત ડૉક્ટરે બધા જ પ્રયત્નો પછી આશા મૂકી જ દીધેલી. ખાસ તો હૃદયની તકલીફના કારણે ડૉક્ટરે હાથ ધોઈ નાખેલા. બીજે દિવસે સોમવારે સવારે અમે એને અંકલેશ્વર મેટરનીટી હોમમાં જ્યાં અગાઉથી એનું નામ નોંધાવેલું હતું ત્યાં લઈ ગયા. કેસ જોતાં જ લેડી ડૉક્ટરે રોકડું પરખાવી દીધું કે તમે ઘણા મોડા આવ્યા છો. હવે મારા હાથની વાત નથી. આવા સંજોગોમાં એને ભરૂચ લઈ જવામાં પણ જોખમ હતું. હું તદ્દન ભાંગી પડ્યો પણ એટલામાં જ પૂજ્ય બાપજી મારી વહારે ધાયા. એજ લેડી ડૉક્ટરના ટેબલ પર મેં બાપજીની પ્રસન્નવદનવાળી છબી જોઈ અને મારામાં વિદ્યુત ચમકારની જેમ એક આશાનું કિરણ ઝબક્યું. તરત જ મેં ડૉક્ટરને કહ્યું, "અનસૂયા બહેન તમારા ટેબલ પર બિરાજેલા આ દાઢીવાળામાં તમને શ્રદ્ધા છે કે નહીં ? મને તો અડગ વિશ્વાસ છે કે એ મારી લાજ રાખશે. હું નારેશ્વરથી જ આવું છું. લો, આ બાપજીનો પ્રસાદ !" અને પ્રસાદ મળતાં જ જેણે મને જાકારો આપેલો તે લેડી ડૉક્ટરમાં જાણે નવું જોમ આવ્યું હોય તેમ તેમણે મને બે ઈન્જેકશન લખી આપી જલ્દી લાવવા કહ્યું પણ એક શરત મૂકી કે કાં તો બાળક કે મા બેમાંથી



એકની જ જીંદગી બચી શકશે. મેં કહ્યું કે ગુરુમહારાજ તમને જે બુદ્ધિ આપે તેમ. હું બજારમાં ઇન્જેક્શન લેવા ગયો અને ડૉક્ટરે ભારતીને ટેબલ પર લીધી. હું ઇન્જેક્શન લઈને આવ્યો ત્યાં તો ડૉક્ટરે બહાર આવીને મારી પીઠ થાબડતાં કહ્યું, "ભાઈ તમારા ઉપર રંગ અવધૂત બાપજીના ચાર નહીં હજાર હાથ છે. એમનું નામ લઈને કામ શરૂ કરતાં અલ્પ પ્રયત્નથી જ એને સુખ પ્રસૂતિ થઈ છે. બેબી અને દીકરી બંને હેમખેમ બચી ગયાં છે. આ વિસ્મયકારક અદ્‌ભુત ઘટના એ પૂજ્યશ્રીની કૃપાનું જ ફળ છે." એ લેડી ડૉક્ટર અનસૂયાબહેન હજી પણ નારેશ્વર આવે છે.

દ્વારકાની રંગજયંતીના ઉત્સવ પછી મને પ્રવાસમાં પૂ. બાપજી સાથે જવાનો લાભ મળેલો. સવારમાં બેટના બધાં મંદિરોએ પૂ.શ્રી સાથે દર્શન કરવા ગયાં. મેં એક થેલામાં શ્રીફળ રાખેલાં જ્યાં પૂજ્યશ્રી દર્શન કરે ત્યાં હું ભગવાનના ચરણોમાં મૂકવા માટે એક શ્રીફળ આપતો. બેટના રણછોડરાયના મંદિરમાં દર્શને ગયા ત્યાં બહાર થોડી તુલસી અને એક ગુલાબનું ફૂલ દસ પૈસામાં મળતું જે મેં લઈ લીધું અને જ્યાં બાપજી મંદિરમાં ભગવાનનાં દર્શન કરવા ગયા ત્યાં પહેલાં શ્રીફળ આપ્યું અને પછી પેલા તુલસીગુલાબ આપ્યાં પણ મારા આશ્ચર્ય વચ્ચે બાપજીએ તે ફૂલ ભગવાનને અર્પણ કરવાને બદલે પોતે જ સુંઘી લીધું અને પછી મારા હાથમાં મૂક્યું. ઘડીભર તો મને થયું કે બાપજીને એ ભગવાનને ચઢાવવા માટે આપ્યું તે એમણે પોતે કેમ સુંઘ્યુ હશે ? પણ પછી સમજાયું કે એ પોતે જ રણછોડરાય છે એવો એમાં ગર્ભિત સંકેત તો નહીં હોય? એ પ્રતીતિ થતાં ખૂબ આનંદ થયો. ત્યાંથી આગળ રુકમણિજીના મંદિરે ગયા ત્યાં પૂજારીએ ચંદનની વાડકી બાપજીને આપી તેમાંથી બાપજીએ રુકમણિજીની પૂજા કરી અને બાકીનું વધેલું ચંદન પણ મારા હાથમાં મૂક્યું. આ ચંદન ફૂલ તુલસી બધું જ એક ડબ્બીમાં ભરીને મેં પૂજામાં રાખ્યું છે.

દકારાદિ સહસ્રનામાવલિનો પાઠ કરવાનું પૂ.શ્રી એ કહેલું તે ચાલુ છે.

૧૯૫૨માં મારી બદલી આમોદ થઈ. મેં કદી ઘર છોડેલું



નહીં એટલે ચિંતા હતી. પૂ.શ્રીને વાત કરી એટલે બાપજી બોલ્યા; "એમાં ગભરાવાનું શું ? આપણે ગુરુવારે ભજન કરવાનું" ત્યાં ગુરુવારે ભજન કર્યું પછી શનિવારે પાછો નારેશ્વર દર્શન કરવા ગયો. બાપજીએ પૂછ્યું "કેમ ગુરુવારે ભજન કર્યું ?" મે હા પાડી પણ કહ્યું કે ભજનમાં તો માત્ર છોકરાં જ આવે છે. મોટાં તો કોઈ આવતાં જ નથી. બાપજી કહે **"મોટાં તો ચિતરામણવાળાં છે જ્યારે બાળકો તો કોરી સ્લેટો જેવાં છે તેના ઉપર જ આપણે લખવાનું છે"** ભજન ચાલુ રાખ્યું પછી સંખ્યા પણ વધવા લાગી હજી આમોદમાં ભજનનો ક્રમ ચાલુ જ છે.

ત્યાર પછી વાગરા બદલી થઈ ત્યારે પણ બાપજીએ તો દર ગુરુવારે ભજન કરવાનું જ કહ્યું. ત્યાં પહેલા ગુરુવારે ભજન કરી શનિવારે નારેશ્વર ગયો ત્યારે ભજન અંગે પૂછતાં મે કહ્યું કે અહીં તો દત્ત શું તે પણ લોકોને ખબર નથી. દત્તબાવની વિષે પણ લોકો જાણતા નથી ! ત્યારે બાપજી બોલ્યા, **"ફળદ્રુપ જમીનમાં તો સૌ કોઈ વાવે. આપણું કામ બીડ ફાડવાનું છે"** અને ખરેખર તે વિસ્તારમાં ભજનની શરૂઆત થતાં આજે ત્યાંના ઘણા ભક્તો નારેશ્વર આવતા થયા. એકવાર વાગરાથી નારેશ્વર પદયાત્રા સંઘ લઈને પણ અમે આવ્યા હતા.

એકવાર પૂજ્યશ્રીના હસ્તાક્ષર માગ્યા. કારણ પૂછ્યું અને કહ્યું કે કેટલાકને બધાના હસ્તાક્ષરો ભેગા કરવાનો શોખ હોય છે. મેં કહ્યું, "મેં કોઈના હસ્તાક્ષર લીધા નથી અને બાપજી ! આપના સિવાય કોઈના હસ્તાક્ષર લેવા પણ નથી". અને બાપજીએ નોંધપોથીના બીજા પાને "રંગઅવધૂત" લખી આપ્યું અને આનંદ થઈ ગયો.

દત્તજયંતીના ઉત્સવોમાં એઓશ્રીને ગાતાં સાંભળ્યા છે.

### વિદ્યાબેન હર્ષદભાઈ પાઠક (વડોદરા)

પૂ.શ્રીના ચાણોદમાં પ્રથમ દર્શન થયાં. કોઈએ કહેલું સાંભળ્યું કે સંત આવ્યા છે, ચાણોદમાં પધાર્યા છે એટલે હું, બા, તથા બાપુજી દર્શને ડભોઈથી ચાણોદ ગયાં. ત્યારે હું પાંચ-છ વર્ષની હોઈશ અને મનમાં દત્તબાવની ગણગણાતી હતી. પૂ.શ્રીએ પૂછ્યું - 'શું ગાય છે ?' મેં જવાબ



આપ્યો - 'દત્તબાવની'. તો કહે કે 'તને આવડે છે ?' મેં કહ્યું - 'બે ચાર લીટી આવડે છે.' તો પૂ.શ્રી પૂછે - 'તારું નામ શું ? મે કહ્યું - 'વિદ્યા'. પૂ.શ્રીએ - 'નામ વિદ્યા ને પૂરી દત્તબાવની આવડે નહીં ?' - એમ ગમ્મત કરી અને પછી કહ્યું - 'મોઢે કરજો' ત્યારે તો મને ખબર નહીં કે દત્તબાવની રચનાર એ પોતે જ છે.

નારેશ્વરમાં જ્યારે દત્તજયંતી ઉજવાતી ત્યારે, મારા માસા રાજપીપળાના નંદલાલ પાઠક, જીવી માસી, જગન્નાથ મામા (કીર્તનકાર વિઠ્ઠલભાઈના પિતાશ્રી) વિ. સાથે મારે જવાનું થયું. કૌટુંબિક ઈષ્ટદેવ તો શ્રી રણછોડરાય - અમે ડાકોર જઈએ, દર્શન કરીએ ત્યારે પ્રસાદમાં બંટાગોળી, લાડુ વિ. ખાવા મળે - અહીં તો કોણ જાણે આ બાપજી કંઈ ખવડાવશે કે ? - આવા વિચારો મનમાં ચાલ્યા કરે. અંતરની આ વાત પૂ.શ્રી જાણી ગયા હોય તેમ બધાં લોકો વચ્ચે મને બોલાવીને સેવકને કહે 'આ છોકરીને અને આ દત્તુને (નંદલાલ માસાનો જે હાલ કીર્તન કરે છે) લાડુ ખાવા રસોડે લઈ જાવ' અને પછી અમને કહે - 'તારે મારા વતીના બે લાડુ અને દત્તુએ પણ બે લાડુ ખાવાના.' અમે થોડું થોડું ખાઈને ઊઠી જઈએ, પણ પાછા પૂ.શ્રીનાં દર્શન કરવા જઈએ એટલે પૂછે - 'કેમ કેટલા લાડુ ખાધા ? અમે કહીએ 'અડધો લાડુ' ત્યારે કહે "આ મારા પેટમાં આવે એટલા તો ખાવા પડે.' મેં કહ્યું - 'તમારું પેટ તો મોટું છે પણ અમારું પેટ તો ફાટી જાય. પૂ.શ્રી સહિત આજુબાજુના ભક્તો હસી પડ્યા. દત્તુને બાબરી માટે લાંબા વાળ રાખેલા એટલે પૂ.શ્રી "છોકરી જ કહે" અને એને છોકરી કહે એટલે એ બાપજીને પગે લાગે જ નહિ. આમ બાપજી ગમ્મત કર્યા કરે.

દત્તજયંતી પર ફરીવાર ગઈ ત્યારે-શોભાયાત્રામાં માથે માટીના મોટા ઘડા પર શ્રીફળ મૂકીને (કળશ લઈને) ફરી હતી. પછીથી કળશ લેનારી બહેનોને પૂ.શ્રી પોતાને હાથે શ્રીફળનો પ્રસાદ આપતા, અને મને બોલાવીને પોતાના હાથે શ્રીફળનો પ્રસાદ આપ્યો - એ કૃપાનું વર્ણન કરવાની મારી શક્તિ નથી.

આમ નાનપણથી પૂ.શ્રીના સંપર્કમાં હતી, જે ધીમે ધીમે વિકસતો ગયો. લગ્ન થયા પછી જીવનમાં સમસ્યા ઊભી થયેલી કે ભણીને નોકરી કરવી કે સાસરીમાં રહીને ગૃહકાર્ય કરવું - અવધૂતના ભરોસે ચિઠ્ઠી નાખી તેમાં 'ભણવું' એવું આવ્યું. સાંસારિક વિટંબણાઓ વચ્ચે વિશ્વાસપૂર્વક ભણવાનું ચાલુ કર્યું. વર્નાક્યુલર ફાઈનલની પરીક્ષા પાસ



કરીને પૂ.શ્રીનાં દર્શને ગઈ, બધી વાત કરી, બાપજી કહે - 'કેટલા ટકા માર્કસ આવ્યા' મેં કહ્યું - 'સેકન્ડ ક્લાસ, હવે નોકરી મને મળશે ને ?' તો બોલ્યા - '૬૦ ટકાની ઉપરનાને નોકરી મળે તને ક્યાંથી મળે' ? આમ પૂ.શ્રી ખીજવે પણ એમની કૃપાએ નોકરી મળી.

નોકરી કરતાં કરતાં લગભગ પંદર દિવસે નારેશ્વર જતી અને પૂ.શ્રી અને પૂ. માજીની સેવા કરતી. વેકેશનમાં વધુ વખત રહેતી.

એક વખત હું અને મારા પતિ નારેશ્વર સેવામાં હતાં, ત્યારે મારા કાકાજીને ત્યાં લગ્નમાં જવાનો પ્રસંગ ઊભો થયો. મેં વિચાર્યું કે સેવા છોડીને જવું નથી. પતિને કહ્યું - 'તમે લગ્નમાં જાઓ હું સેવા છોડીને નહીં આવું.' પણ, પતિની પણ મરજી નહોતી. આ વાત પૂ. બાપજીએ જાણી અને મને કહ્યું - 'તારે તો લગ્નમાં જવાનું જ.' એમની આજ્ઞા થઈ એટલે હું મુંઝવણમાં મૂકાઈ કે - સેવામાં તો વિક્ષેપ પડે જ ને ? પણ પછી દેવની પ્રેરણા થઈ અને મેં મારા મામાની દીકરી હંસાને (કીર્તનકેસરી વિઠ્ઠલભાઈની બહેન) નારેશ્વર બોલાવી એને સેવા સોંપી અને હું લગ્નમાં ગઈ - આમ સાંસારિક ફરજ અને નારેશ્વરમાં સેવા એ બન્ને કામો આટોપાયાં.

એક વખત પૂ.શ્રી લીમડા નીચે બેઠા હતા, અને મને કહ્યું - 'જા માજી પાસેથી મોસંબી લઈ આવ' કદાચ પૂ.શ્રીએ કોઈને પ્રસાદ આપવો હશે, પણ મારો બોલકણો સ્વભાવ એટલે પૂ. માજીને કહ્યું - ''માજી તમે બાપજીને કશું કહેતા નથી, લૂંટાવવા જ બેઠા છે, બધો પ્રસાદ વહેંચી દીધો અને હવે અહીંથી મોસંબી મંગાવે છે.'' મારાથી બોલાઈ તો ગયું, પણ હવે સમજાય છે - કે આ તો દત્તાત્રેય એટલે બધું આપ, આપ જ કરે એ શેનો સંગ્રહ કરે ? આમ એ તો દત્તનું જ દર્શન હતું !!

બાપજી આગળ ઘણીવાર મારું દુઃખ રડ્યા કરું ! એક વખત મેં એમને કહ્યું - 'મારું તો કોઈ નથી.' તરત જ ગુસ્સે થઈને બોલ્યા - 'તારો ભગવાન વેચી ખાધો છે ? પછી એકદમ સૌમ્ય બની ગયા; પછી કશું બોલ્યા નહીં પણ મને સાન્ત્વન અને હિંમત એ બન્ને મળ્યાં. આજે સમજાય છે કે એ શિવનું રુદ્ર અને દત્તનું સૌમ્ય સ્વરૂપ હતું !

એક વખત પૂ. માજીએ મને ત્રણ મોસંબી આપી, અને પૂ.શ્રી માટે રસ કાઢવા કહ્યું. પૂ.બાપજી પણ ત્યાં બેઠા જ હતાં. તે વખતે મારા મનમાં કોઈ કારણોસર બળાપો થતો હતો, મોસંબીનો રસ કાઢવા



જાઉં પણ એકે મોસંબીમાંથી રસ નીકળે નહીં. પૂ.માજીએ મને બીજી ત્રણ મોસંબી આપી, તેમાંથી પણ રસ ના નીકળે, પૂ.બાપજી પૂ. માજીને કહે - 'વિદ્યાના હાથમાં મોસંબી જશે તો રસ જ સુકાઈ જશે.' પૂ. માજીએ ફરી એકવાર ત્રણ મોસંબી આપી અને તેમાંથી રસ નીકળ્યો ! આ લીલામાં મને કશું સમજાતું જ નથી.

એક વખત બાપજી માટે સવારના સ્નાન માટે નર્મદાજળ લેવા મળસ્કે ખૂબ વહેલી ત્રણથી સાડાત્રણના અરસામાં ગઈ, ઘડો લઈ માજી પાસે આવી ત્યારે ઘડિયાળમાં ચારના ટકોરા થયા, સવારે છ વાગે બાપજી સ્નાન માટે બેઠા અને માસ્તરને પૂછ્યું - 'ગાંડીને પૂછો કે કેટલા વાગે ઓવારે ગઈ હતી.' મેં માજીના રસોડામાંથી જ જવાબ આપ્યો - 'મારી પાસે ઘડિયાળ નથી, આંખ ખુલી એટલે ઊઠીને ઓવારે જતી રહી, અને આવી એટલે ચારના ટકોરા થયા હતાં. પૂ.બાપજી પછી મને બોલાવી કહે 'એટલું બધું વહેલું ઓવારે જવાનું નહિં, માજીની એલાર્મ ઘડિયાળ પાસે રાખ.' પૂ. માજી કહે - 'એ ઉંઘણશી વાજાં વાગે ત્હોયે ન સાંભળે તે એ એલાર્મ શું સાંભળે ? પૂ.શ્રી કહે ''કંઈ નહીં તો ઓવારે જાય ત્યારે ઘડિયાળમાં સમય જોઈને જાય.' ત્યારે મેં બાપજી સાથે શરત કરી કે હું વહેલી કે મોડી નર્મદાજળ લાવું પણ હું આવું પછી જ સ્નાન કરજો' પૂ.બાપજીએ 'હા' કહી. - વળી એક વખત એવું બન્યું કે ઓવારે ખરેખરી અટવાઈ પડી, ખૂબ ઠંડી, રસ્તો સૂઝે નહીં, મોડું થશે એવી ચિંતા પણ થાય, અને ઓવારાના પગથિયાં દેખાય નહીં. પૂ.માજીને ત્યાં પૂ.બાપજી રાહ જુએ. માસ્તરને કહે - 'જુઓને હજુ વિદ્યા કેમ નર્મદાજળ લઈને આવી નહિં, ઊંઘી તો નથી ગઈ ? માસ્તરે તપાસ કરીને કહ્યું 'રુમમાં નથી અને પાણીનો દેગડો પણ નથી.' એટલામાં હું આવી પડી, અને રસ્તામાં પડેલી મુસીબતની વાત કરી. આમ પૂ.બાપજી અને પૂ.માજીનું વાત્સલ્ય અનુભવવાનું મળેલું.

મારા પતિની સંગીતકલાની કંઈ કદર ન થાય એટલે એમણે પૂ.બાપજીને વાત કરી. બાપજી કહે - 'હું કદર કરીશ.' પછી તો એમની કૃપાથી એમને સંગીત શિક્ષક તરીકે નોકરી મળી અને આજે વડોદરા પરિવારમાં રંગમંદિર ભૂતડીઝાંપે એ સંગીત સેવા આપે છે, અને બાપજી કદર કરી રહ્યા છે !

પૂ.શ્રીને મેં ગાતા સાંભળ્યા છે. નારેશ્વરમાં ઉજવાતા દત્ત-જયંતી



ઉત્સવમાં સવારે 'ઊઠ અઘભંજના' એ પ્રભાતિયું સુમધુર કંઠે ગવડાવે અને એ સાંભળીને બધાં તલ્લીન થઈ જાય.

**વલ્લભવિદ્યાનગરના વિશ્વકર્મા શ્રી ભાઈકાકાનો પૂજ્યશ્રી સાથેનો વાર્તાલાપ** (નારેશ્વરનો નાદ - જૂન ૮૦)

ભાઈકાકા : મારે મન ધર્મ એ મનની કસરત નથી, પણ આચરણનો વિષય છે. ×× ધર્મના મારા સંસ્કારો સ્વામિનારાયણ સંપ્રદાયના. લોકમાન્ય ટિળકનાં 'ગીતારહસ્ય' ગ્રંથ વાંચ્યા પછી એટલો જ સાર તારવ્યો કે માણસને ભગવાન જે સંજોગોમાં મૂકે તેમાં એણે ઉત્તમોત્તમ કાર્ય કરવું. ×× એટલે ચારુતર વિદ્યામંડળનો ધ્યેયમંત્ર 'કર્મણ્યેવાધિકારસ્તે' બનાવ્યો છે.

પૂ.શ્રી : બરાબર છે. કર્મ કર્યા વગર જીવ એક ક્ષણ પણ રહી શકતો નથી. મહાપુરુષોએ પોતાના કર્મ-આચરણ દ્વારા જ સમાજને ઉપદેશ આપવાનો છે. સાચો સાધુ કે સંત કર્મ નોતરતો નથી, છતાં સહજ ભાવે સામે આવી પડે તેનાથી દૂર પણ ભાગતો નથી. કર્તાપણાના અહંભાવ વગર નિષ્કામતાથી ફળની સ્વપ્ને ઇચ્છા રાખ્યા વગર નિયતિએ મોકલેલ કર્મ કર્યે જ જાય છે, ને એનું અનુસ્મરણ ઊઠતાં પહેલાં જ એ વિસારી આત્મલીન થઈ જાય છે, સૂર્ય આમ તો કંઈ જ કરતો નથી, અને છતાંય સર્વ કાંઈ નથી કરતો શું ? એમ જ સંત પણ પોતાની આજુબાજુની સૃષ્ટિમાં અનેક અકર્મ-કર્મનું પ્રેરણાસ્રોત છે. (૧૭-૮-૬૮)

**શ્રી વિશ્વનાથ દેસાઈ,** (લીલોડ)


અમારા લીલોડ ગામમાં પટેલ ચુનીભાઈ તથા અમારા બનેવી ભાનુશંકર પાસેથી એક સંતપુરુષ નારેશ્વર રહે છે એમ સાંભળ્યું હતું. વિ.સ.૧૯૯૮માં હું વડોદરાથી ભણીને ઘેર આવ્યો પછી પ્રથમ દર્શન અમારા બનેવી ભાનુશંકર મારે ઘેર રહેતા હતા ત્યારે તેમની તથા ચુનીકાકાની સાથે નારેશ્વરમાં ગુરુવારે દર્શન કર્યાં.

પ્રથમ દર્શને આ દેવપુરુષ છે એવું લાગ્યું.

મોટી કોરલમાં શંકરગીરી મહારાજ સમર્થ થઈ ગયા હતા તેમના જેવા જ છે એમ લાગેલું.



વિ.સં. ૧૯૯૮ના ચૈત્ર માસમાં, નારેશ્વર દેવભૂમિ લાગી - મારી



પંદર વર્ષની ઉંમરથી એટલે છેલ્લા ૫૮ વર્ષથી રોજ દર્શન કરવા ને માજી માટે પાણી લાવવા જવાનું, નારેશ્વરમાં દત્તજયંતી ઉત્સવ જોયો એ વખતે આખું સ્થળ લાઈટના દીવાથી તથા ફુલના હારથી વૃક્ષો. ધજા, પતાકાથી મંડપ, રસ્તાની વ્યવસ્થા તથા સાફ-સૂફીને દેવ નૈવેદ્ય માટે પૂ. બાપજી કાવડથી પાણી લાવતા. રસોડાના, મસાલા, લોટ વગેરે આજુબાજુની સેવિકાબેનો હાથઘંટીથી દળતા. દત્તજયંતીમાં બે દિવસ ગુરુલીલામૃતપારાયણ જયંતીના દિવસે સવારે પૂજન-પ્રભાત ફેરી. આખો દિવસ ધૂન, સાંજે જન્મોત્સવ પૂજન, પાલખી, પૂજ્યશ્રીની હાજરીમાં ઉત્સવ થતો.

ગરુડેશ્વરમાં ગુરુમહારાજ વાસુદેવાનંદની સમાધિ ઉપર પૂ.શ્રીના હસ્તે સ્ફટિક લિંગની સ્થાપના થઈ ત્યારે હું બાપજી સાથે ગયો હતો ત્યારથી બાપજીની અંગત સેવામાં બહાર જવાનું થતું.

પૂ.માજીને ૨૦૦૫ની સાલે તાવ, ખાંસી વગેરેની બીમારી આવી તે સાલથી નારેશ્વરમાં છ માસ સેવામાં રહેવાનું થતું. હું બે ત્રણ ઉપવાસ કરતો. બાપજી કહે આપણે એક ગુરુવાર કરવો, ને ગુરુતત્ત્વની ઉપર કોઈ બીજું તત્ત્વ નથી અને ગુરુમંત્ર આપ્યો.

સાંસારિક પ્રસંગો માટે માર્ગદર્શન આપતા - એમને પૂછીને બધાં કાર્ય કરતો. પૂ. બાપજી અજર, અમર સર્વજ્ઞ છે અને આજે પ્રત્યક્ષ દોરવણી આપી રહ્યા છે.

આમ તો બાપજીના ઘણા દાખલા છે. તેમાંના ઘણા રંગરટણમાં આપ્યા છે. તે બધામાં બાપજીની શક્તિનો અનુભવ આવે છે. એક પહેલો દાખલો છે તે આપું છું. મારી ૨૮ વિઘાં જમીન એક જ દિવસમાં વેચાઈ ગઈ ને એ દિવસે મને એક જ દિવસમાં જમીન મળી ગઈ ને હિંમત રાખી કામ કરી નાખ. હું તારી સાથે છું. બેત્રણ સંકટ આવ્યાં તે પણ તરત ઉકલી ગયાં હતાં. બાપજીએ કહેલું કે તને જમીન મળશે તે બે કામ એક જ દિવસમાં થયાં.

પૂજ્યશ્રી સાથે અંગત સેવામાં ૪૮મી રંગજયંતીથી રહેલા. ગરુડેશ્વર, ઝઘડિયા, અંકલેશ્વર વિશ્વામિત્રી વડોદરા, વ્યાસેશ્વર, પોર નારેશ્વરમાં વ્યાસેશ્વરની સેવામાંથી દત્તસ્વરૂપની પ્રાપ્તિ, ચરોતરની અમીન કુટુંબની છોકરીને (પરણેલી) સારી કરી,- મગનલાલ માસ્તરને જીવતદાન, પોરમાં બે સ્વરૂપની લીલા, પટેલની સ્ત્રીને સંતાનપ્રાપ્તિ, પૂરના પાણીથી ચીમનલાલનું રક્ષણ, કેટલી લીલાઓ યાદ કરું ?!



પૂજ્યશ્રીએ મંત્ર આપેલો. બીજા પ્રસંગે દત્તકવચ દિગંબરાનો જપ દત્ત ભગવાનનો મંત્ર પ્રમાણે આયુધોવાળો ફોટો (સ્વરૂપ) પૂજામાં છે.

ગાયતિ રેવા રવ મધુરમ્ ભજન-સુરતના ચંદ્રકાન્ત શાસ્ત્રીને ગાઈ બતાવેલું તે મેં સાંભળેલું - દત્તજયંતીમાં સવારમાં દત્તપ્રણતિ ગાતાં - ને પોરમાં પૂજન પછી દત્તપ્રણતિ ગાતાં સાંભળેલા. એવો દિ દેખાડ વ્હાલા પૂજ્યશ્રીના કંઠે સાંભળ્યું છે.

॥ श्रीगुरुः शरणम् ॥

॥ वन्दे महापुरुष ते चरणारविन्दम् ॥

**શ્રી દત્તાત્રેય શ્રીપાદ સપ્રે (ગુરુજી)** (વડોદરા)

**શ્રીગણેશશારદાગુરુભ્યો નમઃ** । મારા જીવન પર સૌથી મોટો જો કોઈનો પ્રભાવ હોય, તો તે પૂજ્યશ્રી રંગઅવધૂતમહારાજનો છે. આમ તો મારા ગુરુમહારાજ પૂજ્યશ્રી ગુળવણી મહારાજ. પણ એક મંત્ર અને તેનું વિધાન એની દીક્ષા મને બન્નેએ અર્ધી-અર્ધી થઈને આપેલી છે અને મારા મનમાં પણ બન્ને વિષે એક જ ભાવ છે. બન્નેમાં લેશમાત્ર પણ ભેદ મને દેખાતો નથી. પૂજ્યશ્રી બાપજીએ મને શ્રીગુળવણી-મહારાજ પાસે મોકલ્યો અને મને કહે, "તને એવો તૈયાર કરીને એમની પાસે મોકલું છું, જેમ કે સાલંકૃત્ત કન્યાદાન હોય" બન્ને ગુરુબંધુઓ એમના બન્નેના ગુરુ પૂજ્યશ્રી ટેંબેસ્વામીમહારાજ માટે તો મારા મનમાં ચોથા વર્ષની ઉંમરથી પરમાદરનો ભાવ. એથી આ ત્રણે માટે મારા મનમાં એક જ ભાવ અને હવે શ્રીરંગઅવધૂત મહારાજના અનન્ય કૃપાપાત્ર એ જ માર્ગના યાત્રી શ્રી પ્રેમઅવધૂતમહારાજ માટે પણ મને એટલો જ ભાવ પ્રગટ થયા કરે છે.

મારા ગુરુમહારાજ પૂજ્યશ્રી ગુળવણી મહારાજ સૌમ્ય પ્રકૃતિના હતા. અર્થાત, એ પણ શિષ્યો દ્વારા કંઈ પણ ખોટું થાય, તો એમને જરૂર સંભળાવતા, પણ પૂજ્યશ્રી બાપજીનું ખાતું જ કંઈક અલગ હતું. 'અમે તો મનમોજી ફરનારા, અમોને બાંધનારું કૂણ?' એવી એમની મસ્ત અવધૂતી અવસ્થા જેમણે માણી હશે, એમના જેવા ભાગ્યશાળી કોણ ? એ ભાગ્ય મને તો ખૂબ ખૂબ પ્રાપ્ત થયું.

**પ્રથમ દર્શન** - અમારી પહેલી મુલાકાત જ ઝઘડાના રૂપમાં થઈ. હું શ્રીનર્મદા-પરિક્રમા કરતો કરતો નારેશ્વર આવ્યો. પરિક્રમા



હવે પૂર્ણ થવા આવી હતી. શ્રી બાપજીનાં દર્શનની ઈચ્છા હતી. મારી ઈચ્છા મેં શ્રી મોદી પાસે વ્યક્ત પણ કરી. પણ એક દિવસ ગયો, બે દિવસ ગયા. છેક ત્રીજા દિવસે શ્રીબાપજી બપોરે શૌચ માટે નીકળ્યા, ત્યારે એમનાં દર્શન થયાં. જમણાં હાથમાં દંડ, ડાબા હાથમાં કમંડળ અને જાણે સિંહની જેમ ચાલતા હતા. મને જોઈને એમણે મસ્તક ધુણાવ્યું. એ દિવ્ય દર્શન મને હજી પણ યાદ છે. પછી સાંજે મેં તો પૂછ્યું. "તમે અંતર્યામી છો, અને આજે ત્રણ દિવસથી તમારાં દર્શનની ઈચ્છાથી હું અહીં પ્રતીક્ષા કરું છું એનો આપને ખ્યાલ જ નથી ! ?" તો શ્રીબાપજીએ સહજતાથી કહ્યું, "અંતર્યામિત્વની વાતો છોડો."

પછીથી એમના કહેવાથી જ હું શિનોરમાં રહ્યો. શ્રીનર્મદાતટ છોડીને ક્યાંય જવું નહીં, એ એમના આદેશનું પાલન એમની જ કૃપાથી આજ સુધી થયું છે. હું શિનોર હતો, ત્યારે તો અવારનવાર નારેશ્વર જતો અને કલાકો સુધી એમના સત્સંગનો લાભ લેતો. મારી આશંકાઓ એમને પૂછતો. પ્રશ્નો પૂછી પૂછીને એમના પાસેથી ઘણું પ્રાપ્ત કરતો. તેઓશ્રી મને 'મહાત્મા' કહીને બોલાવતા.

**ગુરુની આવશ્યકતા તરફ ધ્યાન ખીંચ્યું :** પૂજ્યશ્રીના સંપર્કમાં આવ્યા પછી એક દિવસે તેઓશ્રીએ મને પૂછ્યું, "તમારા કોઈ ગુરુ છે ?" મેં ઉત્તર આપ્યો, "મારા કોઈ ગુરુ નથી. હું ફક્ત શ્રી સ્વામીમહારાજને જ માનું છું." મારી એવી ધારણા હતી કે બાળપણથી હું શ્રી ટેંબેસ્વામી મહારાજને માનું છું. તેથી હવે બીજા કોઈ પ્રત્યક્ષ ગુરુની મને આવશ્યકતા નથી. પણ શ્રીબાપજીએ મને માર્મિક પ્રશ્ન પૂછ્યો: "શ્રીસ્વામીમહારાજનાં કોઈ ગુરુ હતા કે નહીં ? ગુરુની આવશ્યકતા છે." પછીથી એમણે મને ઘણું માર્ગદર્શન આપ્યું અને પ્રથમ લખ્યું છે તે પ્રમાણે પૂજ્યશ્રી ગુળવણી મહારાજને મારું સાલંકૃત કન્યાદાન કર્યું. તેમ છતાં, પાછું પૂજ્યશ્રી પાસેથી પણ મંત્રદીક્ષા મેળવવાનું મારું સદ્ભાગ્ય હતું. તે પ્રસંગ નીચે મુજબનો છે.

**મંત્રદાતા** - મને સ્વપ્નમાં સંન્યાસીરૂપે કોઈએ મંત્ર આપ્યો. પછી મેં મારા દીક્ષાગુરુ પૂજ્ય શ્રી ગુળવણી મહારાજશ્રીને લખ્યું ત્યારે તેઓશ્રીએ મને મંત્રનું અર્ધું વિધાન લખી મોકલ્યું અને ગરુડેશ્વર અથવા પૂજ્યશ્રી રંગઅવધૂત મહારાજશ્રીને વિધાન બાબતમાં પૂછવાનું લખ્યું. આમ પણ મંત્ર ભગવાન દત્તાત્રેયે સ્વયં આપેલ છે એટલે કોઈ પૂર્વાંગ - ઉત્તરાંગની જરૂર નથી તેમ જણાવ્યું. ગરુડેશ્વરમાં કોઈ હતું



નહીં એટલે મેં નારેશ્વર જઈને પૂજ્યશ્રીને વાત કરી, તો મને એનો જવાબ મળ્યો કે "જેમણે અર્ધું વિધાન લખી આપ્યું, તે જ બાકીનું જણાવશે. એક પાસે રોટલી, બીજા પાસે શાક, એવું ચાલે નહીં." જ્યારે પણ પૂછું ત્યારે દરેક વખતે આવો જ જવાબ બન્ને મહાપુરુષો પાસેથી મળ્યો. આમને આમ દોઢ વર્ષ પૂર્ણ થયું અને મેં શ્રી પં.પ. ટેંબેસ્વામી મહારાજને પ્રાર્થના કરી કે, "સ્વામીમહારાજ, મારે હવે કોઈ ગુરુની જરૂર લાગતી નથી અને હું આ મંત્રની ઉપાસના નહીં કરું," પછી બીજા દિવસે જ્યારે નારેશ્વર ગયો, ત્યારે નમસ્કાર કરી ગરુડેશ્વરનો પ્રસાદ - ભસ્મ, સિંગદાણા આપ્યાં. તે આપી હું બેસતો હતો, તેવામાં પૂજ્યશ્રી એવું બોલ્યા કે, "હવે અવધૂતની તેમના શ્રી ગુરુમહારાજ પાસે ફરિયાદો થાય છે." એટલે ભક્તોએ પૂછ્યું, "કોણ છે એ ?" ત્યારે મરક મરક હસતા બોલ્યા, "કોઈ રાક્ષસ હશે, જવા દો ને ?" મને ખાત્રી થઈ કે આપણું કામ થશે.

પછી, બધાં ઊઠી ગયા પછી, મારા તરફ જોઈને, 'अस्य श्री' થી શરૂઆત કરીને પૂર્ણ વિધાન બોલ્યા અને કહ્યું, "તપ વગર કંઈ મળતું નથી. તે વખતે જો પૂર્ણ વિધાન કહ્યું હોત, તો તેમાંથી સુવર્ણસિદ્ધિ તરફ તમે ગયા હોત. માટે વિલંબ કર્યો છે. અને આજ વિધાન, આવું જ, પૂજ્યશ્રી ગુળવણી મહારાજને પણ ખબર છે અને આમાનું બધું સ્વયં પ.પ. શ્રી સ્વામિ મહારાજશ્રીનું છે. (પછી પૂના ગયો, ત્યારે એજ રીતે શ્રી ગુળવણી મહારાજે પણ કહેલ.) પછી પ્રસન્ન થઈને શ્રી બાપજીએ કહ્યું, "તું ચિંતા કરતો નહીં, તારી જવાબદારી મારી છે."

એમની કૃપાથી જ એમનામાં મારી અખૂટ શ્રદ્ધા છે. એક વખત પોતાનાં હૃદય પર હાથ મૂકીને કહ્યું, "સ્વામીમહારાજનું બધું અહીં છે અને એ બધું તને આપ્યું છે." એક વખત મને કહ્યું, "તને મારો ફોટો રાખવાની જરૂર નથી. હું તારા હૃદયમાં છું જ."

સુવર્ણસિદ્ધિ મને ન મળે, એમ મારા હિતનું એમણે ધ્યાન રાખ્યું. પણ ભગવાનની પૂજા માટે જે સિદ્ધિ આપી, તે નીચે મુજબ છે.

**સિદ્ધિદાતા** - હું જ્યારે જ્યારે નારેશ્વર જતો, ત્યારે ઘણીવાર સામે આવેલ એકાદ અગરબત્તીનું પેકેટ આપે, કોઈવાર અત્તરની બોટલ આપે અને કહે કે અત્તર, અગરબત્તીનો ઉપયોગ કરવો. મેં કહ્યું, "મારી પાસે પૈસો નથી, મને એ અશક્ય છે." ત્યારે મૌન રહ્યા હતા. પણ મારી પાસે આજ દિવસ સુધી ઉપરની બન્ને વસ્તુઓ કદી પણ ખૂટી



નહીં અને પુષ્કળ જથ્થો રહે છે, જે મારી કમાણીમાંથી અશક્ય છે.

**ગુરુપૂનમે પ્રાપ્ત થયેલ આશીર્વાદ** - એક વખત તેઓ ગુરુપૂનમે વડોદરા હતા, ત્યારે હું દર્શનાર્થે ગયો. ત્યારે મને પ્રસાદ તરીકે કંઈક વસ્ત્રાદિ આપવા જતા હતા, એટલીવારમાં મેં કહ્યું, "આ નશ્વર શું આપો છો ? કંઈક શાશ્વત આપો." એમણે કહ્યું, "જા, તને આપી દીધું. તને પૈસાનો અથવા કોઈ પણ લોભ રહેશે નહીં." આ અમોઘ આશીર્વાદ મને પૂર્ણ ફળેલો છે. હું વસ્તુનો સંગ્રહ જરૂર કરું, પછી મારું મન તેમાં રહેતું નથી.

**પૂજ્યશ્રી રંગઅવધૂત મહારાજનું અંતર્યામિત્વ અને ભક્તિવાત્સલ્ય :** સને આશરે ૧૯૬૩માં હું શિનોર રહેતો હતો. હું શિનોર પૂજ્યશ્રીની આજ્ઞા મુજબ જ રહેતો હતો અને ત્યાં એક શ્રીરામમંદિરમાં સેવાભાવે પૂજાદિ કરતો હતો. એક દિવસ એ મંદિરમાં ચોરી થઈ. આશરે મળસ્કે ૪ થી ૫નો સમય હશે. પછી મને ખબર પડી. નિયમ પ્રમાણે મેં ટ્રસ્ટીઓને જાણ કરી અને પોલીસને માહિતી આપી. પછી જ્યારે જોવામાં આવ્યું અને તપાસ કરી, તો કેવળ નકલી જરીનાં અને નકલી અલંકારોની જ ચોરી થઈ હતી. ભગવાન શ્રીરામનાં સુવર્ણ આભૂષણો તેમ જ ચાંદીની વસ્તુઓમાંથી કશું જ ગયું હતું નહીં. વાસ્તવમાં એ વિષય અહીં પૂરો થવાની જરૂર હતી. પરંતુ કારણ વગર મારા જોડે દ્વેષ-ભાવ રાખનાર વ્યક્તિઓએ તાલુકા હોમગાર્ડ કમાન્ડન્ટ વિગેરેએ તે વખતના પોલીસ સબ-ઇન્સ્પેક્ટરને ખોટી માહિતી આપી. જો કે મને કોઈ જ હેરાનગતિ થયેલી નહીં, છતાં પણ મને મનસ્તાપ થવા લાગ્યો. શ્રી બાપજીની લીલા એવી કે મને એમને મળવાની બુદ્ધિ થઈ નહીં. દરમ્યાન મેં મારા પૂજ્ય સદ્‌ગુરુ શ્રી ગુળવણી મહારાજને પત્ર લખ્યો, ત્યારે જવાબમાં એમના તરફથી મને મંત્ર અને ઉપાસના મળી. દરમ્યાન, પૂનાના વિશ્વ વિખ્યાત વિદ્વાન અને તાંત્રિક ડૉ. વિનોદની જોડે પણ સંપર્ક થયો અને તેઓશ્રીએ પણ મને આશ્વાસન આપ્યું. આશ્ચર્યની વાત એ છે કે પૂજ્યશ્રી તરફથી મને મળેલી ઉપાસના કર્યા વગર અને મનથી એમને નમસ્કાર કર્યા વગર હું ભોજન સરખું કરતો નહીં. છતાં તેઓશ્રીને મળવાની મને બુદ્ધિ થઈ નહીં. તેમ છતાં એમણે વકીલ શ્રી મોતીલાલભાઈ વીણને મારો કેસ સાચવવા માટે આદેશ કર્યો અને મને કહ્યું કે "ભરૂચ જઈને એમને મળો. મન આટલું બધું અશાંત કેમ કરી લો છો ? નિર્ભય બની જાવ. અવધૂત તો એમ



ઇચ્છે છે કે લોકો ગધેડા પર અવધૂતની સવારી કાઢે.'' મેં કશું પણ કહ્યું ન હતું તેમ છતાં બધું જાણીને મારા માટે જાતે વકીલની વ્યવસ્થા કરી એ એમનું ભક્તવાત્સલ્ય અને અંતર્યામિત્વ મેં અનુભવ્યું.

**અત્તર ચોપડી લીધું** - એક વખત બાપજી એકલા જ બેઠેલા હતા, મારી પાસે અત્તરની શીશી હતી. મારા મનની ઇચ્છા જાણીને પોતે જ બોલ્યા, ''મને અત્તર ચોપડવું છે ? આવો, દરવાજો બંધ કરી લો અને ચોપડો.'' અને બહુ જ આનંદથી પૂર્ણ શરીર પર અત્તર ચોપડી લીધું. મને પણ ઘણો જ આનંદ થયો.

એમને ભક્તો ફૂલોનો મુગટ આદિ શૃંગાર કરતા. એ બધું કરી લેતા ખરા પણ પછી તરત બધું ઉતારી મૂકતાં. મને કહેતા, ''સર્કસનો વાઘ શણગારે છે, તેમ મને શણગારે છે.'' એવા એ નિઃસ્પૃહી હતા. મળસ્કે માટલાંના ઠંડા પાણીથી સ્નાન ગમે તેટલી ઠંડીમાં પણ કરતા. તેઓ નિદ્રાગ્રસ્ત કદી જ ન હતા. આપણને લાગે કે નિદ્રા કરતા હશે, પણ મધરાતે પણ તરત જાગૃતિનો અનુભવ આપણને કરાવતા. ખાવા માટે જે બનાવતા, એને 'પકવાન્ન' કહેતા. જ્યારે પણ ગરુડેશ્વરથી કોઈ પ્રસાદી લઈને આવે, તરત ઊભા થઈને એને સ્વીકારતા.

**'એમને બધાં છાપાં લાવી આપો'** - હું નારેશ્વર જતો, ત્યારે શ્રી બાપજી સાથે વાતચીત થઈ ન શકે એવું હોય ત્યારે હું છાપા વાંચવા બેસી જતો. એ એમને ગમતું નહીં. એટલે એક વખત ટકોર કરતાં એમણે કહ્યું, ''એમને બધાં છાપાં લાવી આપો.''

**વ્યવહારકુશળતા** - એક વખત ભક્તોનો મહાપ્રસાદનો કાર્યક્રમ પૂર્ણ થયા પછી એમણે મને પૂછ્યું ''કેટલા લોકોએ પ્રસાદ લીધો ?'' મેં કહ્યું, ''કંઈ ખ્યાલ નથી આવતો.'' ''પત્રાવળનાં કેટલાં બંડલ તોડ્યાં તેના પરથી ખબર પડે. માણસો ગણવાની જરૂર જ શી ?''

**ગુરુમહારાજની સેવા માટે ઉપાસનાનું માર્ગદર્શન** - મારા ગુરુમહારાજ શ્રી ગુળવણી મહારાજને પેશાબમાંથી પરુ અને લોહી જતું હતું. એમની આ પીડા દૂર થાય એ માટે આપણે કંઈ ઉપાસના દ્વારા સેવા કરીએ એવું મારા મનમાં હતું. આ માટે શું કરવું એમ મેં શ્રી બાપજીને પૂછ્યું. એમણે એક ઉપાસનાનો નિર્દેશ કર્યો. મને થયું એમાં શું છે ? આપણે એની પૂર્ણ વિગત કોઈક ગ્રંથમાંથી શોધી કાઢીશું. મેં ઘણી શોધખોળ કરી, પણ મને એનો ક્યાંય પત્તો લાગ્યો નહીં. શ્રી બાપજીને પૂછું, ત્યારે સરખું કહે નહીં, હું ઘણો જ અધીર થયો. અને



એમના પાસે હઠ પકડીને બેઠો. છેવટે એમણે એક પાનું કાઢી આપ્યું. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી એક જ આસન પર એકધારું બેસીને આ ઉપાસના કરવાની હતી. વાત સહેલી ન હતી, પણ કરવાનો પ્રારંભ કર્યો અને થોડા જ દિવસમાં ગુરુમહારાજ પાસેથી સંદેશો આવ્યો કે પરુ અને લોહી પડવાનું બંધ થયું છે. હું તરત જ આનંદથી શ્રી બાપજી પાસે ગયો. રાત પડી હતી, પણ મારા આવવાનો અણસાર થતાં જ એમણે 'ગુરુદેવ દત્ત' કહીને કહ્યું, ''બહુ જ સારી ગુરુસેવા કરી છે, પણ એમના પ્રારબ્ધમાં જે દખલગીરી તમે કરી છે, તે પ્રારબ્ધ કદાચ તમને ભોગવવાનું થાય તો ?'' મેં કહ્યું, ''કંઈ વાંધો નથી, પણ આ ઉપાસના મને કહેનાર પણ મારી ચિંતા તો કરશે જ ને ?''

આ પ્રારબ્ધમાં દખલગીરીની વાત પરથી સ્મરણ થયું.

**એક બાઈને સંતાનપ્રાપ્તિનો આશીર્વાદ** - એક વખત હું શ્રી બાપજી પાસે બેઠો હતો, ત્યારે એક બાઈ સંતતિની ઇચ્છા લઈને એમની પાસે આવી. એનાં પ્રારબ્ધમાં એવો યોગ નથી એ જાણીને બાપજી બોલી ઊઠ્યા, ''તને સંતાનનો યોગ નથી. આ જન્મમાં નહીં, પણ સો જન્મોમાં તને સંતાન થશે નહીં.'' આવું સાંભળીને બાઈ બિચારી નિરાશ થઈને રડવા લાગી. શ્રી બાપજીનો આ જવાબ સાંભળી મેં એમને કહ્યું ''આ બાઈને આશીર્વાદ આપી દો. લોકોનાં દુઃખ દૂર કરવા માટે જ આપનો અવતાર છે. અને તમે જ આમ કરો છો ?'' શ્રી બાપજી કહે, ''તમને વકીલાત સારી કરતા આવડે છે. સારું, સંતાન થશે'' અને પછી એ પ્રમાણે થયું.

આવાં આવાં તો કેટલાંય સંસ્મરણો છે. બહારથી લાગે ક્રોધી પણ અંદરથી અતિ પ્રેમાળ એવા શ્રી બાપજીનો સત્સંગ જેમને મળ્યો, તે ખરેખર ભાગ્યશાળી. એમના જેવા એ જ. શ્રી બાપજીનું વર્ણન થાય નહીં. એથી કૃતજ્ઞતાથી નતમસ્તક થઈને વિરમું છું.

**પૂ. સ્વર્ગેદાદા (નાસિક)**

('સહસ્રચંદ્રદર્શનશાન્તિ ગૌરવગ્રંથ'માં જયંત સ્વર્ગેના લેખને આધારે)

પૂ. ભાઉનો જન્મ ૧૯૨૦માં નવાપુરમાં થયો હતો. મામા બાબુરાવ શુક્લને ત્યાં બાળપણ વીતેલું અને ત્યાં જ પારમાર્થિકતાનું બીજારોપણ થયેલું. આધ્યાત્મિક પ્રગતિ માટે સદ્‌ગુરુની ઝંખનાનું બીજ પણ મામાએ જ રોપેલું. 'શ્રીગુરુચરિત્ર'નાં પારાયણ આ ઝંખના



સંતોષવા માટે ઉત્તમ છે, એવો મામા પાસેથી બોધ મળતાં આઠ દિવસમાં આઠ પારાયણ કરવાનો નિયમ લીધેલો ને નવાપુરમાં જ મામાજીના લક્ષ્મીનારાયણ-પાદુકામંદિરમાં એ અનુષ્ઠાનો કરેલાં. છતાં પોતાને માનસિક સંતોષનો અનુભવ ન થતાં ફરીથી ૧૧ દિવસમાં ૧૧ વાર પારાયણો શરૂ કર્યાં; સાત પારાયણ પૂરાં થયાં અને નારેશ્વરનિવાસી પૂજ્યશ્રી રંગ અવધૂત મહારાજની નવાપુરામાં પધરામણી થઈ. નિમિત્ત હતું અવધૂત પરિવારમાં દત્તયાગનું. પૂજ્ય મહારાજશ્રી સ્વયં મંદિરે દર્શન માટે પધાર્યા. ગુજરાતમાં પૂ. મહારાજશ્રી પૂ. બાપજીના હૂલામણા નામથી ઓળખાય. પૂ. ભાઉને આ પ્રથમ વારનાં દર્શન પૂ. બાપજીનાં.

ત્યારે પૂ. ભાઉના હૃદયમાં ભાવ થયેલો કે જે સંકલ્પ લઈને પોતે અનુષ્ઠાન આરંભ્યું હતું, તે દત્તાત્રેય પ્રભુની કૃપાથી સફળ થયું છે. દત્તમાર્ગીય સિદ્ધપુરુષનાં દર્શન પોતાને થયાં એટલે તેઓ જ સદ્‌ગુરુને સ્થાને છે, એમ ભાવપૂર્વક સ્વીકારી લીધું. પૂજ્ય બાપજી બીજે દિવસે પણ મંદિરમાં પધારવાના છે, એવું પૂ. ભાઉએ જાણ્યું એટલે તેમનું સાન્નિધ્ય મેળવવા આઠમા દિવસનું અનુષ્ઠાન મોકૂફ રાખેલું. સાથે હૃદયમાં એવો ભાવ સેવ્યો કે પૂ. બાપજી મંદિરમાં પધારે ત્યારે પોતાને સહજ-સ્પર્શ થાય તો સ્પર્શદીક્ષા મળ્યાનું સદ્‌ભાગ્ય હું ગણીશ અને તેઓશ્રી જ મારા સદ્‌ગુરુ છે, એવી દૃઢ પ્રતીતિ અનુભવીશ.

પૂ. બાપજી બીજે દિવસે મંદિરમાં પધાર્યા. તેઓશ્રીનો સહજ-સ્પર્શ થાય એવી કોઈ શક્યતા નહોતી. પૂ. ભાઉની નહીં ઓળખાણ, વળી પ્રયત્ન તો કરવો જ નહોતો. 'પૂજ્યશ્રીને સીધો સ્પર્શ કરવાની મનાઈ પણ ખરી જ !' સ્વયંસેવકોનું કવચ પણ ખરું ! દર્શનાર્થીઓની ભીડ જોઈને પૂ. ભાઉ એક ખૂણામાં ઊભા હતા. પૂ. બાપજીએ પાદુકાજીનાં દર્શન કરીને લક્ષ્મીનારાયણમંદિર તરફ પ્રયાણ કર્યું. જે ખૂણે પૂ. ભાઉ ઊભા હતા તે તરફ સ્વયં જઈને પૂ. બાપજીએ પૂ. ભાઉના ખભે સ્પર્શ કર્યો. પૂ.ભાઉને સાત્ત્વિક ધ્રુજારીનો અનુભવ થયો. રોમહર્ષની એ ઘટના સ્વયં શક્તિપાત હતો, એવી હૃદયમાં પ્રતીતિ થઈ. પોતે ગદ્‌ગદ થઈ ગયા. હર્ષાશ્રુથી આંખો છલકાઈ ઊઠી ! પૂ. બાપજીનો પૂ. ભાઉ તરફનો કૃપાકટાક્ષ થયો ને એમાં પૂ. બાપજીની મૌન વાણી સંભળાઈ : 'તારી ઇચ્છા પૂર્ણ થઈને ?!'



પૂ. ભાઉનો જાણે નવો જન્મ થયો. જીવનમાં વળાંક આવી ગયો. શેષ પારાયણો પૂ. ભાઉએ ઉત્સાહથી પૂર્ણ કર્યાં. અને પછી સદ્દગુરુશ્રીના ક્ષેત્રધામ નારેશ્વરમાં એક ગુરુપૂર્ણિમાના દિવસે પહોંચી ગયા. એ પછી તો દરેક ગુરુપૂર્ણિમાએ અવશ્ય ગુરુધામમાં જવાનો તેમનો નિયમ રહ્યો.

કોઈ એક ગુરુપૂર્ણિમાના અવસરે પૂ. બાપજીએ પૂ. ભાઉને પ.પૂ. વાસુદેવાનંદસ્વામિમહારાજ વિરચિત 'મંત્રગર્ભ-દત્તાત્રેયાષ્ટોત્તરશતનામાવલિ' આપીને તેના ૨,૪૦,૦૦૦ (બે લાખ ચાળીસ હજાર) પાઠ કરવાનું સૂચન કરેલું. પૂ. ભાઉએ તે પ્રમાણે અનુષ્ઠાન પૂરું કરેલું. તેથી ફરીવાર બીજી ગુરુપૂર્ણિમાએ લિખિત વિધિવિધાન સહિત મંત્રદીક્ષા આપી હતી.

ઉત્કટ ઉપાસના દ્વારા પૂ. ભાઉએ પૂ. બાપજીની કૃપા સંપ્રાપ્ત કરી હતી. અને એ રીતે પોતે જીવનસાર્થક કરતા ગયા છે, એવી અમારી શ્રદ્ધા છે.

## સાકોરીની બહેનોનો (મુ. મોદીકાકા પરના પત્રનો અંશ)

(નારેશ્વરનો નાદ - મે-'૮૩)

અમે ચાર બહેનો વેદમૂર્તિ શાસ્ત્રીજી શ્રી ચંદ્રકાન્ત શુક્લ જોડે શ્રી બાપજીના નિવાસસ્થાને ગયાં હતાં. ત્યાંનું શાંત, પવિત્ર અને સાત્વિક વાતાવરણ અનુભવી અમારું શરીર આંતરબાહ્ય રોમાંચથી પુલકિત થઈ ગયું. ×× આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી.

પૂ. શ્રી બાપજીના ચહેરા પર અને નેત્રોમાં અલૌકિક તેજ ચમકતું હતું. ×× ઘણાં જ સાત્વિક સમાધાનનો અનુભવ થયો. કારણ કે તેઓ આનંદસાગર અને કલ્પતરુ જ છે.

સાક્ષાત્ શ્રી દત્તાત્રેય ભગવાનનાં જ દર્શન અમને તેમનામાં થયાં, શ્રી ઉપાસની બાબા પ્રમાણે જ તેઓશ્રી અમને લાગ્યા. આવા 'સદ્દગુરુ માઉલી' જગતનાં 'મા' જ છે.

## મુ. સુન્દરલાલકાકા (વડોદરા)

૧૯૪૧ની સાલમાં પૂ. બાપજીનો જંબુસરમાં મુકામ હતો. હું જંબુસરનો વતની. સંત-સમાગમમાં રસ; એથી દર્શન માટે ગયો. વર્ષ યાદ છે, મહિનો અને દિવસનું વિસ્મરણ થયું છે. જંબુસરના શ્રી હીરાલાલ જગમોહનદાસને ત્યાં તેઓશ્રીની પધરામણી હતી. એમની



પાસેથી પૂજ્યશ્રી વિશેની ભક્તિભીની વાતો સાંભળેલી અને પૂજ્યભાવ થયેલો.

પ્રથમ દર્શન ૧૯૪૧માં કર્યાં; પ્રેરણાની વાત કરો છો તો મારે પ્રામાણિકતાથી કહેવું જોઈએ કે એ તો 'એની' જ પ્રેરણા; પૂ. અવધૂતજીની જ પ્રેરણાને ? હું તો સામાન્ય જીવ; વણિક બુદ્ધિનો ને છતાં એમના સાન્નિધ્યને પામ્યો; એ જેવી તેવી કૃપા છે ?! સદ્‌ગુરુ સ્વયંની કૃપાપ્રેરણાથી જ એમની પાસે જવાયું અને દર્શન પામ્યો.

વિરક્ત અવધૂતની છબી હૃદયમાં કોતરાઈ ગઈ ! આંખોનું તેજ અને દૃષ્ટિની સ્થિરતા પર આપણી નજર મંડાયેલી રહે. કૌપીનભેર અવધૂતનું દર્શન કદાપિ ભુલાયું નથી. જીવનભર એના ચરણમાં રહેવાનું મન થઈ આવ્યું.

૧૯૫૦માં ફેબ્રુ. ૨૭ થી માર્ચ ૧૬નો, પૂ. બાપજી સાથેનો દત્તસ્થાનોની યાત્રાનો સહવાસ મારા જીવનનું અહોભાગ્ય સમજું છું. 'સપ્તાહમાં સપ્તતીર્થ' - [લેખકશ્રી મણિભાઈ દામોદરદાસ ત્રિપાઠી]એ શીર્ષક હેઠળ એ અધ્યાત્મયાત્રાનાં સંસ્મરણો નિરૂપિત છે; જો કે મારી દૃષ્ટિએ, આ પ્રવાસપુસ્તક, ઘણું અધૂરું છે અને અવધૂતીરંગના ચટકાઓ ચખાડવામાં ઊણું ગણાવું જોઈએ. પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં અમે જે અલૌકિક અનુભવો મેળવ્યા છે; એમની કૃપાવર્ષા નિરંતર માણી છે અને આજ સુધી માણી રહ્યો છું તેનું વર્ણન શબ્દોમાં મારાથી થઈ શકે તેમ નથી. ભાષા પર મારું એવું પ્રભુત્વ નથી. પ્રવાસ દરમિયાનના સ્મૃતિચિહ્નરૂપે પ્રસાદીસ્વરૂપ બે કૌપીન મને પૂજ્યશ્રીએ આપેલા છે. આજે હું એ પ્રસાદીની નિત્ય પૂજા કરું છું.

પૂજ્યશ્રીનો મુંબઈમાં મુકામ હોય ત્યારે વ્યવસ્થામાં રહેવાનો મને લાભ મળ્યો છે. નારેશ્વર સ્થાન માટે નાની-મોટી ચીજ-વસ્તુઓની ખરીદી કરવાની હોય, નારેશ્વર નિવાસસ્થાનોની નિર્માણ-પ્રવૃત્તિ હોય અને આવાં ભિન્ન ભિન્ન વહીવટીકાર્યોમાં મદદરૂપ થવાનું સેવાકાર્ય કરવાની તકો મને ખૂબ મળી છે. શ્રી પ્રાગજી મિસ્ત્રી, શ્રી અમૃતલાલ મોદી, શ્રી કનૈયાલાલ વાણી વગેરેની સાથે ખભેખભો મેળવી નાનાં-મોટાં સેવાકાર્યોમાં સામેલ થવાની તકો પૂજ્યશ્રીની કૃપારૂપે હું માણી શક્યો છું.

૧૯૪૧થી આજ સુધીમાં કંઈ કેટલીયવાર ઉત્સવોમાં હાજર રહ્યો છું. નારેશ્વર, વડોદરા, બાજવા, દ્વારકા, ડાકોર, ગિરનાર, જંબુસર,



ડભોઈ, પાદરા, પોર - એમ જુદાં જુદાં સ્થળોએ ઉત્સવ-પ્રસંગોએ, કથાપ્રસંગોએ હાજર રહ્યો છું. મને નિમંત્રણ હોય કે ન હોય, હું મારી સ્વયં રીતે, પૂજ્યશ્રીની કૃપાપ્રેરણાથી તે તે સ્થાને પહોંચ્યો છું. પૂજ્યશ્રીની ઉપસ્થિતિમાં અનેરા અલૌકિક લ્હાવા લીધા છે; અને તેઓશ્રી બ્રહ્મલીન થયા પછીથી ય એવા જ ઉપસ્થિતિભાવને અનુભવુ છું.

પૂ. બાપજી છેલ્લે કપડવંજથી હરિદ્વાર ગયા. હું કપડવંજમાં દર્શન માટે ગયો હતો: હરિદ્વાર બ્રહ્મલીન થયા ત્યારે હું હરિદ્વાર પણ પહોંચી ગયો હતો અને નારેશ્વર ચંદનકાષ્ઠની શૈયા પર પોઢાડવામાં પણ હું હાજર હતો. મારો ને પૂજ્ય બાપજીનો સંબંધ પુત્ર-પિતાવત્ સમજતો હતો. નરસોબાની વાડીમાં પૂજ્યશ્રી સાથે મુકામ હતો ત્યારે મને મંત્રદીક્ષા પ્રાપ્ત થઈ છે, એ મારા જીવનશ્રેય માટેના પ્રગટ આશિષ છે.

આપણા સમયના ભગવાન છે; રંગ અવધૂત. તેઓશ્રી ત્રિકાળજ્ઞાની પુરુષ હતા. બાપજી ઊંઘતા નથી; સચરાચરવ્યાપી છે તેઓ તો.'

તેમના પ્રગટ જીવનને સમજવું અઘરું છે. તમે જીવનચરિત્ર લખવા માંગો છો; પણ એ તો અશક્ય છે. તમે એમના દિવ્ય વ્યક્તિત્વને શબ્દોમાં નહીં બાંધી શકો; નહીં ઝીલી શકો. એના આશીર્વાદ માંગવાના ન હોય; માંગ્યા ન મળે ! એની તો સેવા કરવાની. very difficult to understand him. 'શક્તિ તારી, ભક્તિ મારી' - એવી સમજ રાખી તન-મન-ધન એના પર વારી દો, મારા ભાઈ ! આ બધી ઝંઝટમાં ન પડો.

પૂ. દાસકાકા, મૂળી ફોઈ, મોદીકાકા, જોષીકાકા, માગજી મિસ્ત્રી, પ્રભાશંકર ગોર અને ચંદુ-આસુએ પૂજ્ય બાપજીની આરંભના દિવસોમાં ખૂબ સેવા કરી છે. કદાચ ચંદુ છે, એને પૂછો: શરૂઆતના દિવસોની એ વાતો કહેશે.

### શ્રી સુમનલાલ પુરોહિત (નારેશ્વર)

મારાં મામી શ્રી સુશીલાબેન રમણલાલ પંડ્યાની પિશાચ–પીડા દૂર થયાનું તેમના માતુશ્રી પાસેથી સાંભળ્યું. આ ઉપરાંત મારા સહ શિક્ષક શ્રી રમણલાલ મોતીરામ ભટ્ટ દ્વારા બાપજી વિષે જાણ્યું અને વિ.સં. ૧૯૯૧ની દિવાળીમાં પૂજ્યશ્રી રાજપીપળા પધારેલા ત્યાં જઈને શ્રી રમણલાલે બાપજીને આમંત્રણ આપ્યું અને પૂજ્યશ્રીએ તે સ્વીકાર્યું.



કારતક સુદ એકાદશીના દિવસે પૂજ્યશ્રી ઉમલ્લા પધાર્યા તે જ દિવસે પ્રથમ દર્શન થયું.


પ્રથમ દર્શને જ મહાન પ્રભાવશાળી અને ત્યાગી સંત તરીકેની છાપ પડી. તે પહેલાં કોઈ સંતનો પરિચય ન હતો, પણ ભગવાન શંકર અને રણછોડરાયની ભક્તિનો વારસો દાદીમાનો હતો તથા માના સંસ્કારને લીધે પૂજ્યશ્રી પ્રત્યે શ્રદ્ધા જન્મી.

નારેશ્વરમાં પ્રથમ દર્શન વિ.સં. ૧૯૯૨ના માગશર સુદમાં કર્યાં ત્યારે સ્થાનમાં ફાફડા થોરનું જંગલ હતું. આજ સુધીમાં અસંખ્યવાર નારેશ્વર જવાનું થયું છે. તે જ સાલમાં દત્તજયંતીના ઉત્સવમાં પ્રથમ વાર દર્શન થયાં. તે ઉત્સવમાં સ્વયંસેવક તથા ભજનિક તરીકે સેવા મળી. ત્યાર પછી દર માસે ઉમલ્લાનું મંડળ લઈ ગુરુવારે વારીના ભજનમાં જવાનું શરૂ થયું. ઉત્સવોમાં રસોડું તથા સ્થાનના સર્વકામમાં ભાગ લીધો. મંડપ બાંધવા, ધજાપતાકા શણગારમાં ઉમલ્લામંડળ સાથે સેવા કરી.

વિ.સં. ૧૯૯૨માં રાજપીપળા જીનમાં પૂજ્યશ્રીના મુકામમાં પૂજ્યશ્રીએ કેટલાંક ભજનોના રાગ તથા ભજનનો ઈતિહાસ બતાવેલો અને રાજપીપળા જતા પહેલા ઉમલ્લા પધાર્યા ત્યારે શિવશંકર ત્રવાડીની દુકાનમાં એક રાત રોકાયેલા ત્યારે પૂજ્યશ્રીએ છોકરાઓ સમક્ષ "રઘુપતિ રાઘવ રાજારામ"ની ધૂન ગવડાવી અને બાજુમાં ઊભેલા મને કહ્યું, "ગવડાવો માસ્તર" અને ત્યારથી મારું ભજન ગાવા–ગવડાવવાનું શરૂ થયું.

રૂબરૂ કશું પૂછ્યું નહીં. દેવભાવથી ગુરુ મહારાજની સેવા કરી. અન્ય વ્યક્તિઓ સાથેના વાર્તાલાપમાંથી જીવનની ક્ષણભંગુરતા વિષે સાંભળતો ગયો.

એક વખત પૂજ્યશ્રી લીમડા નીચે નારેશ્વરમાં બિરાજ્યા હતા. કેટલાક પંડિતો આવ્યા. દર્શન કરી કેટલાક વેદાન્તના ગૂઢ પ્રશ્નો પૂછ્યા અને બાપજીએ તેના વિગતવાર સંતોષકારક ઉત્તરો આપ્યા અને પંડિતોના મનનું સમાધાન થયું. તેમના ગયા પછી મેં બાપજીને પૂછ્યું કે "બાપજી ! આ પંડિતોને તો તેમના જવાબ મળી ગયા અને તેઓ તો રાજી થઈ ગયા, પણ મને તો એમાં કશી જ સમજ પડી નહીં. અંતકાળે અમારું શું થશે ? "એ પ્રશ્નના ઉત્તરમાં બાપજી બોલ્યા, " અરે માસ્તર ! તમે શું કામ ચિંતા કરો છો ? તમને અંત સમયે



મારા ભજનની એક લીટી યાદ આવશે કે મારા આ લીમડાની ડાળ યાદ આવશે તો પણ તમારું કલ્યાણ છે." પછી પૂજ્યશ્રીમાં બરાબર રંગાઈ ગયા.

પૂજ્યશ્રી સર્વજ્ઞ અને પરચિત્તના જ્ઞાની છે એવા અનુભવ થયા છે. એક વાર બોરસલ્લી નીચે બેઠેલા અને મારા મનમાં જે વિચાર આવ્યા જેવા કે આવતી કાલે સ્કૂલમાં જવાનું છે વગેરે. તે જ વાત પૂજ્યશ્રી અન્ય લોકો સાથેના વાર્તાલાપમાં બોલ્યા. "આ માસ્તરની માફક કારખાનામાં જ જીવ હોય તો કંઈ જ બને નહીં. આમ પૂ.શ્રીના પરચિત્તાદિક જ્ઞાનનો અનુભવ થયો.

મારાં માતુશ્રી જીવકોર બેનને પ્લુરસી થઈ ગયેલી બધી દવા કરી. રાત્રે સ્વપ્નમાં ઝબકીને જાગી જતાં અને બાપજી આવ્યા હોય તેવો ભાસ થતાં બધાને જગાડતાં. તે સમયે પૂ. બાપજી આંબાઘાટાના પ્રવાસમાંથી પરત નારેશ્વર આવ્યા અને માજીને પૂછતાં ખબર પડી કે જીવકોર બેન ખૂબ બિમાર છે. ભાગ્યે જ જીવે. વળી માજીએ ઉમેર્યું કે ભગવાન પાંચ વરસ જીવાડે તો એકાદ છોકરો પરણેલો જુએને ! ત્યારે બાપજી બોલ્યા, "માજી, આપણે જીવાડીશું" પછી નારેશ્વર દર્શને આવ્યો ત્યારે બાપજીએ માતાની તબિયત અંગે પૂછતાં કહ્યું કે રોગ તો ભયંકર છે, પણ દવા લેતાં નથી. તે સમયે બાપજીએ કહ્યું કે "દરરોજ રાત્રે એક પતાસું ઘીમાં બોળીને ખવડાવવું. અને મારું નામ લઈને કહેજો કે દવા લેવાની છે" તે પ્રમાણે પતાસું તથા દવા પણ લેતાં રોગ મટી ગયો. અને જીવી ગયાં. ત્યાર પછી પૂ. માજીના સંકલ્પ અને બાપજીના અનુગ્રહથી તે જ વર્ષે લગ્ન થયાં પછી તો મારાં બા દસ વર્ષ જીવ્યાં તે દરમ્યાન ત્રણે ભાઈઓનાં લગ્ન થઈ ગયાં અને દરેકને ઘેર એક એક દીકરો પણ જોઈને ગયાં. આમ મોતના મોઢામાંથી બાપજીએ માતાને બચાવી લીધાં એ એમની નિઃસીમ કૃપાનું જ ફળ છે.

પૂજ્યશ્રીની સાથે મે વેકેશન તથા દિવાળી વેકેશન ઉપરાંત જરૂર પડે તો રજા લઈને પ્રવાસમાં સાથે જવાનું થતું. આવું લગભગ ૩૫ વખત થયુ. પૂજ્યશ્રીની સેવામાં ખાસ કરીને ભિક્ષા બનાવતો દિનચર્યામાં સતત સાવધાન રહેવાનું થતું. આ ઉપરાંત રાત્રે ભજન, પ્રભાત–ફેરીમાં પણ સક્રિય રહેતો.

પૂજ્યશ્રી પાસેથી તા. ૩-૫-૧૯૪૦ના રોજ મંત્રદીક્ષા બોધીવૃક્ષ લીમડા નીચે મળી. જેના પાંચ અક્ષરો હતા એટલે બાપજીના આદેશ



પ્રમાણે દરરોજ તે મંત્રની પાંચ માળા કરું છું. પૂજ્યશ્રીએ પરિધાન કરેલ વલ્કલની પ્રથમ અલફી તથા ટોપીનો પ્રસાદ તથા ડોલડાલ અલફી સ્મૃતિ ચિહ્ન તરીકે મળ્યાં.

(૧) જપી લે હરિનું નામ રસાળ (૨) દત્તાત્રય કૃષ્ણ હરે (૩) હમો ચંગા હમો ચંગા વગેરે હસ્તલિખિત ભજનો જે સમયે લખાયાં તે સમયે હાજર હોવાના કારણે મળ્યાં.

પ્રથમ દત્તજયંતી વિ.સં. ૧૯૯૨થી નારેશ્વરમાં બાપજી દત્તપ્રણતિ :, દત્તભજનમ્, ઊઠ અઘભંજના વગેરે જાતે મધુર કંઠે ગવડાવતા અને હજારોની માનવ મેદની હોવા છતાં લાઉડ સ્પીકર વગર ટાંકણી પડે તો સંભળાય એવી શાંતિમાં ગવડાવતા સાંભળ્યા છે. દત્તજયંતીના ઉત્સવમાં સૌથી પહેલી ધૂન 'દિગંબરા'ની જાતે ગવડાવવાની શરૂ કરતા, પછી ભક્તો ઝીલતા.

## સુવાસિની મહેતા (વડોદરા)

૧૯૪૭માં ભરૂચમાં શેષશાયીજીના મંદિરમાં સેવા આપતા મારા પૂ. ફૂવા રત્નમણિશંકર પાસેથી જાણવા મળ્યું કે મિયાગામ પાસે એક ગામ છે. ત્યાં એક સંત છે. તે ખૂબ પ્રભાવશાળી છે અને લોકોનાં દુઃખ, દર્દ વાતવાતમાં દૂર કરે છે. કોઈને પ્રદક્ષિણા કરવાનું કહે છે ને કોઈને નર્મદામાંથી ઘડો ભરી લાવવાનું કહે છે.

૧૯૪૮માં ભરૂચના સ્ટેશન પર હું હતી ત્યારે પૂ.શ્રી સુરત તરફ જતા હતા. સ્ટેશન પર મેદની હતી ને "ગુરુદેવ દત્ત"નો પોકાર કરતી હતી. મને કુતૂહલ થયું, ને હું પણ ડબ્બા પાસે ગઈ ને દર્શન કર્યાં. પૂ.શ્રી બારણા આગળ જ ઊભા હતા. તે વખતે એઓશ્રીના કાળા વાળ અને સુકલકડું શરીર હતું.

અમારા કુટુંબના ઈષ્ટદેવ કામનાથ મહાદેવ છે. તે અમારા ઘરના પાયામાંથી જ પ્રગટ થયા છે. એટલે કોઈ સાથે સરખામણીનો સવાલ જ ન હતો.

પ્રથમ દર્શનમાં ઝાંખી જ થઈ હતી, છતાં લાગ્યું કે કોઈ પ્રભાવશાળી સંત છે. મનમાં આનંદ થયો.

૧૯૫૧-૫૨માં વડોદરામાં અમારા ઘર પાસે ભાડૂત તરીકે શ્રી હરિશંકરભાઈ રહેવા આવ્યા. તેઓ મહેમદાવાદના હતા. તેઓ પૂ.શ્રીના કૃપાપાત્ર હતા. તેમને ત્યાં સાંજે રોજ પંચપદી કરતા હતાં. પહેલાં



મારાં બાળકો ત્યાં જવા લાગ્યાં. ધીમે ધીમે અમને પણ રસ પડ્યો ને રોજ અમે ત્યાં જવા લાગ્યાં. પૂ. બાપજીની વાતો થતી. અમને પણ શ્રદ્ધા જાગી ને તેઓની સાથે નારેશ્વર ગયાં હતાં. ત્યારે ટ્રેનમાં જ જવાનું હતું અને નારેશ્વરથી ચાલતા અગર ગાડામાં જવાનું હતું.

પ્રથમ દર્શને જ ખૂબ પરિચય હોય એવું લાગતું અને મને પિતૃભાવ જ જાગ્યો. ત્યારે નારેશ્વર એક ઋષિના આશ્રમ જેવું લાગ્યું. ખાસ તો હું પહેલી જ વાર ગઈ અને વિસનગરવાળાની ધર્મશાળામાં ઉતર્યાં હતાં. તે વખતે નાનું રસોડું ચાલતું હતું અને રસોડામાં સરખેજનાં માણસો સેવા આપતા હતા. હું પ્રસાદ માટે ગઈ નહિ. મને થયું કે ધર્માદાનું ખાવું ઠીક નહિ, પણ પેલા માણસોની એટલી ઝીણી નજર કે તરત પૂછ્યું : પેલાં બહેન કેમ નથી આવ્યાં ? ને એક ઉંમરલાયક કાકા ખાસ કહેવા આવ્યા કે આ તો પ્રસાદ કહેવાય. હવે લાગે છે કે તે વખતે આવનાર માણસની કેટલી કાળજી લેવાતી હતી ! તે વખતે નારેશ્વરમાં કોઈ સગવડ ન હતી. પાણી, ઓઢવાપાથરવાની કે કુદરતી હાજત માટેની - છતાં કોઈ અગવડ લાગતી ન હતી ને મઝા આવતી હતી.

ત્યારથી રંગ લાગ્યો અને પછી તો બે-ત્રણ મહિને હું, મારા પતિ, બાળકો બધાં જવા લાગ્યાં. ખાસ કરીને દિવાળી, સંક્રાંતિ, ગુરુપૂર્ણિમા વખતે જતાં જ. તે વખતે રંગજયંતી, દત્તજયંતી વગેરે જે ગામોમાં થતી ત્યાં પણ જતાં - બાજવા, સરખેજ, અજુપુરા, પોર, ધર્મજ, કણભા, ડાકોર, નવાગામ વગેરે. ૬૦મી રંગજયંતી વખતે હું ૨૧ સ્વયંસેવકો લઈને નારેશ્વર ગઈ હતી. તે વખતે મારા પતિ, બાળકો, સાસુજી, કાકાજી બધાં જ સેવા કરતાં હતાં. ખાસ તો લાડુ વાળવામાં, શાકભાજી સમારવામાં આ લોકો સેવા આપતાં. અમે વોલેંટીયરમાં સેવા આપતાં.

૧૯૫૮થી મેં દરમહિને જવાનું શરૂ કર્યું તે આજ દિન સુધી ચાલુ છે. પૂ. બાપજી આજીવન નિયમ જળવાવશે એવી શ્રદ્ધા રાખું છું.

પછી તો જ્યારે જાઉં ત્યારે પૂ. મોદીકાકા કે પૂ. મૂળી ફોઈ જે કાંઈ કામ કહે તે કરતી, જેવી કે દર વર્ષે સ્થાન માટે નવરાત્રિની લ્હાણી લાવવી પ્રોસબંધી, પણ સ્થાનના ખર્ચે.

સાધારણ રીતે ત્યાં થતાં કામો જેવાં કે વાસણને કલાઈ કરવી, લીંપણ કરવું, અથાણાં કરવામાં મદદ કરવી. ગોદડીઓ ભરવી. કપડાં



વગેરે જેમ કે પૂ.શ્રીનાં આસનો, બ્લેન્કેટ, ગોગલ્સ રિપેરનું કામ. પૂ.શ્રી કહેતા કે સુવાસિની આવશે ત્યારે કરશે. ફાનસો રિપેર કરવા વડોદરા લાવવા ને રિપેર કરાવી લઈ જવાં. અનાજ સાફ કરવાનું, શાકભાજી સમારવાના, રૂમો સાફ કરવાની, બે-ત્રણવાર સંતનિકેતનની સફાઈની પણ સેવા મળી હતી. યજ્ઞ વગેરે હોય ત્યારે આરતીઓ તૈયાર કરવી દીવડા બનાવવા. ખીર બનાવવી, કોઈક વાર કોઈ કહે તો થોડું દળવાનું વગેરે સેવા કરતી. કોઈક વાર માજીની ટાંકીમાં નદીએથી પાણી લાવી નાખતી, ત્યાં કામ કરનાર માટે નાસ્તો બનાવવો, ફરાળ કરવું, પાપડી, બટાકાની સેવ વગેરે કરવામાં મદદ કરવી. ધર્મશાળા પર માળિયાનાં કપડાં, ગાલીચા વગેરે તડકે નાખી કબાટ-પેટીઓ સાફ કરી ગોઠવવાની પણ સેવા મળતી. ખાસ તો રંગોળી પૂરવાનું મને ખૂબ ગમતું.

પૂ. માજી પાસે રાત્રે બેસવાનું અને શાકભાજી સમારવાનાં-એ સિવાય માજીની સેવા મળી નથી. છતાં માજી મારી કાળજી રાખતાં હા, એકવાર મારી તબિયત ઠીક ન હતી ને હું વહેલી માજીને ત્યાંથી ઊઠી ગઈ. એમના ધ્યાનમાં આવ્યું ને બીજી બહેનોને તરત પૂછ્યું કે સુવાસિની કેમ વહેલી જતી રહી ? ને મને પાછી બોલાવી પૂછ્યું, "તારા છોકરા પાસ તો થઈ ગયા છે ને ? એવી કોઈ ચિંતા નથી ને ? તબિયત તો સારી છે ને ?" વગેરે.

પહેલાં મને ખબર ન હતી કે બહેનોથી સાષ્ટાંગ પ્રણામ ન થાય. હું કાયમ સાષ્ટાંગ પ્રણામ કરતી. માજીએ જોયું ને તરત જ કહ્યું : તને ખબર છે કે બહેનો સાષ્ટાંગ પ્રણામ કરે તો પાપ લાગે ?" ત્યાર પછી મેં મારી ભૂલ સુધારી લીધી.

આમ તો પહેલી જ વાર ગઈ ત્યારે પૂ. બાપજીએ પૂછ્યું, "ક્યાંથી આવ્યાં છો, શું કરો છો ?" વગેરે. પછી થોડી થોડી વાતો શરૂ થઈ.

ખાસ તો વારંવાર પૂછે : "તમારા મોરારજીભાઈ કેમ છે ? હાલ શું કરે છે ? એમના કામનો બધો યશ શારદાબેનની ભક્તિનો છે, તને ખબર છે ?"

હું પહેલાં ટેલરિંગ, કટિંગ અને એમ્બ્રોઈડરીના વર્ગ ચલાવતી હતી. તેમાં ટેક્નિકલક્ષેત્રે વિદ્યાર્થિનીઓએ પરીક્ષા આપી ને ૧૦૦% પરિણામ આવ્યું ને બધા જ ફર્સ્ટ ક્લાસ, સેકન્ડ ક્લાસમાં પાસ થયા. બધા જ નારેશ્વર આવ્યા, પૂ.શ્રીને હકીકત કહી. તેઓ બોલ્યા : "જે શ્રદ્ધાથી કામ કરે છે તેને ઈશ્વર ફળ તો જરૂર આપે જ છે." તે વખતે



આફ્રિકાથી કોઈ વલ્કલ આપી ગયું હતું. પૂ.શ્રીએ તે મંગાવ્યું ને મને કહ્યું : "તને શું ને કેવું આવડે છે તે મને શું ખબર પડે ? મારી અલ્ફી સીવી આપે તો મને ખબર પડે. હા, પણ તું મને કહે બાપજી ઊભા થાવ લંબાઈ લે, પહોળાઈ લે, આમ ફરો તેમ ફરો કહે એ મને નહિ ફાવે." મેં કહ્યું : "બાપજી નહિ કહું, મને કોઈ માપની જરૂર નથી." ત્યારબાદ તો મને પણ ઉત્સાહ જાગ્યો ને મેં જાતજાતની અલ્ફી બનાવી જેવી કે શણની ગૂંથીને, ઊનની ગૂંથીને, પેઈન્ટ કરીને, એમ્બ્રોઈડરી કરીને વગેરે ઘણી બીજાઓની પણ બનાવવા માંડી. પછી મને શોખ લાગ્યો એટલે જુદા જુદા કાપડના ટુકડામાંથી ફૂલો બનાવી અલ્ફી કરી ત્યારે પૂ.શ્રી ખૂબ ખુશ થયા હતા. પછી તો જાતજાતના હાર-મુગટ બનાવવાનો શોખ લાગ્યો. દર બેસતા વર્ષે ફૂલનો હાર-મુગટ શરૂ કર્યો ને સંક્રાંતિને દિવસે "તીલગુલ"નો હાર-મુગટ ધરાવવા લાગી. વચ્ચે કેનનો 'ક્રેઝ' હતો એટલે કેનની ખુરસી પણ બનાવી. સૂતળીનાં બૂટ બનાવ્યાં. વચ્ચે વચ્ચે એલચીનો હાર, ચારોલીનો હાર, મખાણાનો હાર, ઊનનાં ફૂલનો હાર પણ બનાવી જતી.

દેવભાવ આવ્યો ત્યારે થયું કે, પૂ.શ્રીને બીલી કેવી રીતે ચઢાવવી ? તો ફૂલનો મુગટ બનાવું ત્યારે ઉપર બીલીનું આચ્છાદન કરી લઉં, એમ સંતોષ માનતી.

હું આમ તો મારા સંસારની કોઈ વાત પૂ.શ્રીને કહેતી ન હતી. કાંઈક વાત હોય તે પૂ.શ્રી ખુરશીમાં બેઠા હોય ને સામાન્ય વાત કરે તેમાંથી ખુલાસો મળી જાય. પણ એકવાર હું ખૂબ અકળાઈ ગઈ ને પૂ.શ્રીને કહેવાઈ ગયું કે "બાપજી તમોએ ગુરુલીલામૃતમાં એટલું લખ્યું છે કે આમાંનું કંઈ પળાય નહિ, ખાસ તો પતિસેવા, જપ, તપ વગેરે કાંઈ જ; ઘરની જવાબદારી, મારે જ માથે. કમાવાનું મારે જ; ઘરનું કામ તો હોય જ - આ બધામાંથી હું નવરી ક્યારે પડું ?

તો પૂ.બાપજીએ કહ્યું : "તું અકળાઈશ નહિ. આ બધા ગ્રંથોમાં સામાન્ય લખાય. એમાં તું અપવાદ છે." તું કહે છે તેવું કેટલી બહેનો કરી શકે છે ? તું હું કરું છું એવું માથે લઈને કેમ ફરે છે ? હવે હું કહું તેમ તારે કરવાનું. "તું નોકરી માટે ઘરની બહાર નીકળે ત્યારે મનમાં વિચારવાનું કે હું બાપજીની સેવા માટે જાઉં છું અને દત્તબાવની શરૂ કરવાની, ને તને થાક પણ નહિ લાગે ને તારા કામમાં યશ મળશે." ત્યારથી આજ દિન સુધી આ ક્રમ ચાલુ રાખ્યો. નિવૃત્તિ બાદ



પણ કામ કરતાં દત્તબાવનીની ટેવ પડી ગઈ. રાત્રે ઊંઘમાં પણ ચાલુ થઈ ગઈ. વર્ષો સુધી રોજ બાવન પાઠ ચાલુ રહ્યા. હાલ ગણતરી નથી કરતી પણ નિયમપૂર્વક નિત્યકર્મમાં ૧૩ સંપુટિક બાવની ચાલુ છે ને દિવસ દરમિયાન બાવન વટાવી જવાય. બીજીવાર મારી સર્વિસ માટે પૂછ્યું. હું શ્રી સયાજી વિદ્યાલય અને મહારાણી કન્યા વિદ્યાલય બંનેમાં સિલેક્ટ થઈ. મારે સયાજીમાં જવું હતું. કુટુંબના વડીલો મહારાણીમાં જવાનું કહે. હું કુટુંબના વડીલોની આજ્ઞાનું ઉલ્લંઘન કરતી ન હતી, પણ મેં વચલો રસ્તો કાઢ્યો કે પૂ. બાપજી જે કહેશે તે કરીશ. એમણે પણ મહારાણીમાં જવાનું કહ્યું. મને અક્કલ નહિ એટલે મેં પૂ. બાપજીને કહ્યું : "તમે પણ મને મહારાણીમાં જવાનું કહો છો ?" તો કહે : "એમાં જ તારું શ્રેય અને આબરૂ છે."

ત્રીજીવાર પૂછ્યાનો પ્રસંગ : - મારો જન્મદિવસ હતો. મારે રક્તદાન કરવાનું હતું. હૉસ્પિટલમાં લાઈન. મારે અઢી વાગ્યાની લોકલ પકડવાની, કારણ જન્મદિવસે નારેશ્વર જવાનો નિયમ. ડૉ. ઠાકોરભાઈને વાત કરી તો એમણે પહેલાં મારું બ્લડ લેવાનો હુકમ કર્યો. આમ મારું મન સચવાઈ ગયું. ડૉ. ઠાકોરભાઈ કુદરતે જ મળી ગયા, એ પૂ.શ્રીની કૃપા. નારેશ્વર ગઈ. રાત્રે પૂ. બાપજી પાસે ગઈ. ઉપરની વાત કરીને પૂછ્યું કે બાપજી, મારે દેહદાન કરવું છે. તો તમો મને આશિષ આપો ને રજા આપો. તો એઓશ્રી કહેવા લાગ્યા કે આમાં મને સમજ પડે નહિ. પૂ. ડૉ. વાણીકાકાને બોલાવું. એને પૂછું. પછી તને કહું. ડૉક્ટરને રાત્રે ૯ વાગે બોલાવ્યા ને બધી હકીકત પૂછી. ડૉ. કાકાએ ખાલી ચક્ષુદાન જ કરવાનું કહ્યું. પૂ.શ્રી કહેવા લાગ્યા કે મને થતું હતું કે આપણા દેહને અગ્નિસંસ્કાર થવો જોઈએ ને આ ડૉક્ટરે તે જ કહ્યું.

દિવસે દિવસે હું આગળ વધવા લાગી. અવારનવાર પારાયણો, જપ વગેરે કરવા લાગી. નિવૃત્તિબાદ પારાયણ શરૂ કર્યું. મનમાં કોઈ વિચાર ન હતો પણ દર મહિને એક પારાયણ શરૂ થયું ને ૧૦૮ નિયમપૂર્વક કરી શકી. હજુ અવારનવાર ચાલુ જ છે.

પૂ.શ્રી માટે કાંઈક લખી શકાય નહિ કારણમાં મારે તો; ત્વમેવ માતા ત્વમેવ પિતા, જેવું છે. મા નહિ, બાપ નથી, ભાઈ નથી, એજ્યુકેશન નહિ, પૈસા નથી જે કાંઈ છે તે સર્વસ્વ મારે માટે પૂ. બાપજી જ છે. દેવ ગણું કે પિતા ગણું.



એક પ્રસંગ લખું છું.

એકવાર હું નારેશ્વર ગઈ હતી. પૂ.શ્રી લીમડા નીચે બેઠા હતા. હું પણ થોડે દૂર બેસી દત્તબાવની કરતી હતી. બીજું કોઈ જ ત્યાં ન હતું. થોડી થોડી વારે હું પૂ.શ્રી સામે જોઉં. પૂ.શ્રી મારી સામે એકદમ સ્થિરતાથી જુએ. થોડીવાર હું સામે જોઉં, પણ એમની દૃષ્ટિ હું જીરવી શકતી ન હતી. છેવટે પૂ.શ્રી બોલ્યા કે જ્યારે બાપજી કૃપા વરસાવે, આશિષ આપે ત્યારે ભક્ત નીચું જુએ. મને એકદમ ચમકારો થયો અને ખબર નહિ હું દોડતી પૂ.શ્રીના ચરણમાં પડી ને ખૂબ ખૂબ રડી. મારા અશ્રુથી ચરણ ધોયાં. છેવટે કેટલીકવાર પછી તેઓએ મને ઊઠાડી ને કહ્યું કે **દીકરી દુઃખી હોય તો દીકરી રડે કે બાપ ? ખરું તો મારે રડવું જોઈએ.** પછી કહ્યું કે જો સાત જન્મનું પુણ્ય ભેગું થાય ત્યારે નારેશ્વર અવાય, ચૌદ જન્મનું પુણ્ય ભેગું થાય ત્યારે અવધૂત સાથે વાત કરે અને એકવીસ જન્મનું પુણ્ય ભેગું થાય ત્યારે અવધૂતના આશીર્વાદ મળે. તો તું તો આજે મારા આશીર્વાદ લે છે ! તારે શું ચિંતા કરવાની ? આને હું ચક્ષુદીક્ષા માનું છું.

મેં એસ.એસ.સી.ની પરીક્ષા આપી. વ્યવસાય સાથે વાંચવાનો તો વખત જ નહિ. મેં પૂ.શ્રીને કહ્યું કે હું પરીક્ષા આપું. કંઈ આવડતું નથી. પૂરો કોર્સ ખબર નથી ને નાપાસ થાઉં તો મારાં બાળકો શું કહેશે ? પૂ. બાપજીને મૌન હતું. એમણે લખીને આપ્યું કે જ્યાં સુધી પરીક્ષાના રૂમમાં નહિ જાય ત્યાં સુધી બધી ગભરામણ થશે. પછી કાંઈ નહિ અને હું સેકન્ડ ક્લાસ પાસ થઈ.

પૂ.શ્રી દેવસ્વરૂપ અને અંતર્યામી હતા. છતાં સમાજના નિયમો અને મર્યાદા પાળતા.

કેટલીક વાત મને કહેવાની હોય કે કાંઈક શિખામણ આપવાની હોય તે મારા પતિની હાજરીમાં નહિ ને મારા પતિને કાંઈક કહેવાનું હોય તો મારી હાજરીમાં કહેતા નહિ એમ ખૂબ મર્યાદા રાખતા.

તેઓ અંતર્યામી હતા. મારા મનમાં કોઈ વાત ઘોળાતી હોય અગર કોઈ સાથે કાંઈ વાત કરી હોય તે જ્યારે નારેશ્વર જાઉં ત્યારે તેનો ઉલ્લેખ કરતા.

૬૦મી રંગજયંતી વખતે ધર્મશાળામાં મેં પૂ. મોદીકાકાને કહ્યું કે મને કોઈ જવાબદારીનું કામ સોંપજો. શારીરિક કામમાં હું પાછળ પડીશ. મોદીકાકાએ કહ્યું : મને ખબર નથી કે મારે તમને કયું કામ સોંપવું ?



થોડીવાર પછી હું બાપજીનાં દર્શન માટે ગઈ. ગુફા પાસે જે ઓટલી જેવું હતું ત્યાં એક વૃદ્ધ મજૂર ખોદીને તગારું ભરતો. બીજો વૃદ્ધ મજૂર ઠચૂક ઠચૂક નાખીને આવે એટલીવાર એક માણસ ઊભો જ રહે. મને થયું લાવ હું થોડાં તગારાં નાખું ને ઊભી થઈ. તગારાં નાખવા માંડી. ત્યાં ડૉ. વાણીકાકા બેઠા' હતા તે કહે : સુવાસિની, તમે રહેવા દો. નાખશે એ તો આ લોકો ! તરત પૂ. બાપજી બોલ્યા : નાખવા દો ને. મને ખબર તો પડે કે એ શારીરિક કામ કરી શકે છે કે નહિ ? આવા તો ઘણા દાખલા બન્યા છે.

પૂ.શ્રીની અંગત સેવામાં મને લાભ મળ્યો નથી તેમ પ્રવાસ પણ કર્યો નથી.

પૂ.શ્રીને ''દેહ તે ડાકોર'' ગાતા અને ''એવો દિ'' દેખાડ ગાતા સાંભળ્યા હતા. ઉપરાંત બે-ત્રણ વાર નારેશ્વરમાં ગાતા સાંભળ્યા હતા, પણ શું તે યાદ નથી.

આમ પૂ.શ્રી મને મળ્યા ન હોત તો હું ક્યાં હોત તે વિચારી શકતી નથી. એમની કૃપાથી મારું ભણતર, આવડત, હેસિયત કરતાં ઘણી જ ઊંચે લઈ ગયા છે અને જન્મોજન્મ મારી સાથે જ રહેશે એવી દૃઢ શ્રદ્ધા રાખું છું.

**શ્રી શંકરભાઈ ખુશાલભાઈ પટેલ (ભાદરણ)**


(પ્રા. નારાયણભાઈ પટેલની નોંધને આધારે)

બાબીપુરા (તા. ખેરાલુ, જિ. મહેસાણા)નું દત્તમંદિર દત્તભક્તિની એક પીઠ છે. ત્યાંના પૂ. મગનભાઈ પટેલ દ્વારા દત્તભક્તિની પ્રેરણા મને મળી.

સંવત ૧૯૯૮માં, વિસનગર ડૉ. રતિલાલ કંસારાને ત્યાં પૂજ્યશ્રીનો મુકામ હતો. ત્યાં હું દર્શન માટે ગયો હતો. પૂજ્યશ્રીએ મને કહ્યું : શંકરભાઈ નારેશ્વર આવો; ત્યાં ઝાડનું પાન પણ દત્ત દત્ત બોલે છે.'

પૂજ્યશ્રી પાસે, નારેશ્વર સ્થાનમાં 'Gospel of Shri Ramkrishna' રોજ અરધો કલાક શરૂઆતના દિવસોમાં વાંચી સંભળાવતો.

પૂજ્યશ્રીની પ્રેરણાથી 'શ્રીગુરુલીલામૃત'ના અનેક પારાયણો હું કરી શક્યો છું. પૂજ્યશ્રી સાથે ૧૯૫૦ની સાલમાં એક સપ્તાહની



દક્ષિણ-ધામોની યાત્રા કરી છે અને અવધૂતજીની અલૌકિક લીલાઓનું સાન્નિધ્ય લૂંટ્યું છે.

પૂજ્યશ્રી અને પૂ. માજી ઉભયનો પ્રેમ મને મળ્યો છે. નારેશ્વર રહું, રહેવા જાઉં ત્યારે નાની-મોટી નજરે પડતી સેવા સ્વયંસ્ફૂરણાથી કરવાનું વલણ રાખું. જૂની ગુફા નવી થતી હતી ત્યારે 'દિગંબરા દિગંબરા શ્રીપાદવલ્લભ દિગંબરા'ની ધૂન સાથે 'જલસિંચન, શ્રમસેવા વગેરે થતાં. હું જલસિંચન કરતો હતો, તે પૂ.બાપજી જોઈ ગયા ને તુર્ત જ મને બોલાવ્યો. શંકરભાઈ તમે મારી પાસે બેસો. ભક્તો આપણા છે, તે પાણી છાંટે છે !' અનેરું વાત્સલ્ય મેં માણ્યું છે, પૂ. બાપજીનું, પૂ. માજીનું.

પહેલાં 'મંગલાઆરતી'માં હું નહોતો જતો. ડૉ. દીપકે મને પ્રેરણા કરી જવા માટેની ! મારો એ આ બાબતમાં બાળગુરુ છે.

મારા મિત્ર શ્રી મનહરભાઈ હુલાભાઈ પટેલ માલિસવિદ્યાના અચ્છા જાણકાર. પૂજ્યશ્રીને માલિસ કરે માટે એક માસ મેં એમને નારેશ્વર રાખેલા. માલિસ શાંતિનિકુંજમાં દરરોજ એક કલાક થતું ત્યારનો પૂજ્યશ્રી સાથેનો સત્સંગ મારા જીવનનો અવિસ્મરણીય લ્હાવો રહ્યો.

પરમ ભગવદીય કૃષ્ણશંકર શાસ્ત્રીજીને નારેશ્વર લઈ જવામાં પૂજ્ય બાપજીએ મને નિમિત્ત બનાવ્યો તેનો વિનોદ સાંભર્યા કરે તેવો છે.

અઠવાડિયે ચાવી આપવી પડે તેવું વિદેશી એલાર્મ પૂજ્યશ્રીએ સ્વીકારી, ગેસનો ચૂલો પૂ.માજીએ સ્વીકારી મને ધન્યભાગ્ય રળાવ્યું છે.

પ્રસંગોચિત સૂઝીસેવાનો નિર્દેશ વિનાનો લાભ લેવાનું વ્રત પાળવા હું મથ્યો છું.

પૂજ્યશ્રીએ ભાદરણમાં મારે ત્યાં ઘરને પાવન કર્યું હતું ૧૯૬૨માં.

**શ્રી શાન્તાબેન જ. શુક્લ** (અજમેર, દિલ્હી)

('નારેશ્વરનો નાદ' નવેમ્બર - '૮૩, પૃ. ૧૨)

૧૯૬૭માં નવેમ્બરની ૨૭મી તારીખે પૂજ્યશ્રી અમારે ત્યાં અજમેર પધારેલા અને ૧૯૬૮માં નવેમ્બરની ૫મી તારીખે આખો દિવસ અમારે ત્યાં દિલ્હીમાં રોકાયેલા.



શ્રી શુક્લ ઉપર મુ. મોદીકાકાનો અચાનક કાગળ આવ્યો કે પૂજ્યશ્રીની તબિયત ખરાબ છે અને લકવાની અસર ડાબા પડખે થયેલી છે. એટલે તદ્દન આરામ અને એકાન્તવાસ માટે તમારે ત્યાં લઈ જવા હોય તો આવી જાવ. અમારા સહકુટુંબનો ઘણા વખતથી ખૂબ પ્રેમપૂર્વક આગ્રહ હતો કે પૂજ્યશ્રી અમારું ઘર પાવન કરે.

શ્રી શુક્લ તો પત્ર આવતાં જ બીજો કોઈ પણ જાતનો વિચાર કર્યા વિનાં તરત જ પહેલી ગાડીમાં અજમેરથી નીકળી નારેશ્વર બીજી રાત્રે પહોંચી ગયા. રસ્તામાં અમદાવાદ પૂજ્યશ્રીને રાતે સ્ટેશને રોકાવા માટે અને અમદાવાદથી દિલ્હી મેઈલમાં એક 'કુપે'ના રિઝર્વેશનની વ્યવસ્થા પણ કરી લીધેલી.

તા. ૨૪મીની રાત્રે સાડા નવ વાગ્યે પૂજ્યશ્રીની ઘોડાગાડી અમારે આંગણે ઊભી રહી. ઊતરીને તેઓશ્રી તરત જ બોલ્યા : 'શાન્તાબેન, હવે તમારા ચાર્જમાં.' ભક્તોને અધીન ભગવાન, પોતાના ભક્તોને ખરા અર્થમાં માન આપે છે, એની ઝાંખી થઈ.

અજમેરથી ત્રણ માઈલ દૂર અને તીર્થરાજ પુષ્કર જતાં રોડ પર અમારું મકાન. પૂજ્યશ્રીને જગ્યા ખૂબ જ પસંદ આવી. ચારે બાજુ પહાડી; એક તરફ સુન્દર સરોવર. પૂજ્યશ્રી માટે મકાનમાં એક અલાયદો રૂમ હતો. તેમાં બેસીને પૂજ્યશ્રીએ કહ્યું કે અરે, આ તો જાણે મારી ગુફામાં જ બેઠાં છીએ !

પૂજ્યશ્રીની તબિયત સારી ન હતી છતાં પણ હંમેશાં ચાર વાગે સવારે ઊઠી જ જતા. નિત્યકર્મથી પરવારી તે હંમેશાં સાડા છ વાગે ફરવા જતા. તેમની સાથે શુક્લ સાહેબ અને મારો નાનો પુત્ર ચિ. યોગેશ પણ રોજ ફરવા જાય. એક વખત યોગેશે કહ્યું : બાપજી, આપણે આ બાજુ ફરવા જઈએ. પૂ.શ્રી કહે કે : આ તો યોગેશ રોડ – જે રોડ પર ફરવા જતા તેનું નામ પૂ.શ્રીએ યોગેશ રોડ વિનોદમાં રચેલું. એક વખત બાપજી ભિક્ષા કરવા બેઠા હતા, ત્યારે મેં પૂછ્યું : બાપજી, આપનાં આ સંસ્મરણો લખાય તો કેવું ?, પૂ.શ્રી કહે : "હા ! કોઈક તો લખશે." એક વખત પૂ. બાપજી ખ્વાજા સાહેબની દરગાહનાં દર્શન કરવા જવાના હતા. પૂ.બાપજી એમનો અવધૂતી કાળો ઝભ્ભો પહેરતા હતા અને જવાને તૈયાર થયા ત્યારે પૂ.શ્રી કહે : **ખ્વાજા સાહેબ તો મેરા દોસ્ત હૈ.** એમને મન ભગવાન એક જ છે. ભાવ-પ્રેમપૂર્વક દર્શન તેઓશ્રી કરેલાં ને અમને કરાવેલાં.



અજમેરમાં એક હનુમાનજીનું પહાડી પર ઉપર ઊંચે પુરાણું મંદિર. પૂજ્યશ્રી અને અમે બધાં દર્શને ગયાં. પૂજ્યશ્રીને એક ખુરશી-પાલખીમાં બેસાડી, ઊંચકી મંદિરે આવ્યાં. પૂજ્યશ્રીએ સ્વયં હનુમાનજીની સ્તુતિ ગાઈ અને ભજન પણ કર્યું.

કૉલેજની ઑફિસમાં કામ કરતો એક બ્રાહ્મણનો છોકરો શ્રી રામગોપાળ પુરોહિત પૂજ્યશ્રી માટે કૂવાનું પાણી દેગડા ભરી વિના ચંપલે લાવતો. પૂજ્યશ્રીએ એને સ્વમુખે મંત્ર આપ્યો હતો અને તેની નિયમિત માળા કરવા સૂચવ્યું હતું.

પૂજ્યશ્રી ફરીને આવીને અગાસીમાં સૂર્યના તડકામાં બેસતા. મારી પુત્રી ચિ. રેખા અને ચિ. યોગેશને તે રોજ ગણપતિસ્તોત્રનો પાઠ પોતે શીખવાડે. પૂ. બાપજી અમારા ઘરના બધાંનાં દાદાજી હોય એમ અમને લાગતું. સવાર-સાંજની પ્રાર્થના અમે બધાં સાથે નિયમિત કરીએ. પૂ. બાપજી બાજઠ પર વચમાં બેસે અને અમે બધાં સાથે જ પ્રાર્થના કરીએ. પૂજ્યશ્રી પણ સાથે બોલવા લાગે.

સવારમાં છોકરાઓ, શ્રી ભાલભાઈ, શ્રી શુક્લ બધા તેલમાલિશ કરે. મારો મોટો દીકરો ચિ. પરિમલ તેમને રોજ માથે બદામના તેલથી માલિશ કરે. પૂ. બાપજી તો ભાવના ભૂખ્યા હતા; બાકી કોઈને શરીરે અડવા ન દે. પૂજ્યશ્રી તો મને રણછોડરાય સ્વરૂપ શ્રીકૃષ્ણરૂપે જ દેખાતા હતા.

એમના એક હાથની આંગળીઓ લકવાની અસરને લીધે પૂરી વળતી ન હતી. એટલે એ હાથમાં દડો રાખીને આંગળીઓથી દબાવે, જેથી કસરત મળે. એક નાનો ગોળ દોઢ ઇંચનો લાકડાનો દંડો, તે પણ હાથમાં રાખતા. છોકરાઓની જોડે પછી ગમ્મત કરે કે લો, મારા હાથમાંથી ખેંચો, કોનામાં કેટલી તાકાત છે ? એક હાથમાં એક છેડો પૂ.શ્રી પકડે અને બીજો છેડો છોકરાઓ પાસે. દડો-લાકડી અમારી પાસે સ્મૃતિચિહ્ન તરીકે રાખ્યાં છે. એક વખત બાપજી પોતે કહેતા હતા કે મારે આવું દર્દ શેનું હોય ?! પણ બીજા કોઈનું દુઃખ પોતાને સહન કરવું પડે અને તેની વિગત જણાવી. શ્રી શુક્લની તબિયત બગડી હતી. પૂજ્યશ્રીએ પોતાને હાથે પહેરેલો બેરખો કાઢીને શ્રી શુક્લને આપ્યો કે લો આ પહેરજો. તમારું બધું દુઃખ મટી ગયું. ચિ. પરિમલની તબિયત બગડેલી; પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં આવી જતાં સુધરી ગયેલી. તેનાં લગ્ન સંબંધી એક વિકટ પ્રશ્ન ઊભો થયેલો તે



પણ પૂજ્યશ્રીની સલાહ અને આશીર્વાદથી ઉકેલાઈ ગયેલો. મારી એક બેબી ચિ. પ્રતિમા દિલ્હી કોલેજમાં ભણતી હતી. રજાઓમાં તે અજમેર આવે ત્યાં સુધી ચાર-પાંચ દિવસ વધુ પોતે રોકાયા અને અમે ધન્ય થયાં હતાં.

એક વખત મેં પૂ.શ્રીને કહ્યું કે બાપજી, પૂ.માજીને અહીંની શું ચીજ (વસ્તુ) પસંદ આવે ?! અમે તે મોકલીએ. ત્યારે કહે - તમે મને આટલો સાજો કરીને મોકલો છો, એનાથી વધારે માજીને શું જોઈએ ?

ભગવાન ભક્તાધીન છે. જતાં પહેલાં પૂ.શ્રીનો એક ફોટો અમે લીધો. ડાકોરથી રણછોડરાયજીનો તનીયો મેં પૂજ્યશ્રીને માથે ફેંટા જેવો બાંધ્યો, હાથમાં દંડ આપ્યો ને એ સ્વરૂપ-છબી અમારી પાસે સ્મૃતિચિહ્ન છે.

શ્રી બચુભાઈ (પૂ. પ્રેમ અવધૂતજી) દ્વારા લીંચથી પૂજ્યશ્રીએ પત્ર લખાવ્યો : 'ઘડિયાળના ટાઈમ કરતાં પણ વધારે નિયમિત શાન્તાબેનના હાથની સેવા યાદ રહેશે !'

૧૯૬૮માં પણ છેલ્લે હરિદ્વાર જતાં પૂર્વે દરેક કલાક પૂજ્યશ્રીએ અમારે ત્યાં મુકામ કરી કૃપા વરસાવી હતી.

**શ્રી શાન્તિકુમાર જ. ભટ્ટ યોગાચાર્ય** (વડોદરા)

એ સમયે મારી વય પાંચેક વર્ષની હતી. અમારી હીરા ગાંધીની પોળ અમદાવાદમાં માંડવીની પોળમાં આવેલી હતી. આ પોળમાં પ્રાથમિક શાળાના એક શિક્ષકને ત્યાં કોઈ બ્રહ્મચારી સાધુ ઉતર્યા હતા. દિવસે તેઓ પોતાના ઓરડામાં રહેતા અને કોઈ પણ સ્ત્રીને દર્શન આપતા નહીં. રાતે એમના ઓરડામાં કોઈ દીવો રહેતો નહીં. તે સમયે રસ્તા પરના સુધરાઈના ફાનસમાંથી સાવ ઓછા અજવાળામાં અમે માત્ર પડછાયા જેવી એમની આકૃતિ જોઈ શકતા. શરીર પર તેઓ માત્ર લંગોટ પહેરતા. શરીર હૃષ્ટપુષ્ટ. કોઈની પણ સાથે ખાસ વાતચીત કરતા નહીં. શિક્ષકની સાથે અમે પણ દત્ત દિગંબરનાં સ્તોત્રો તથા ભજનો ગાતા. ત્યારે શિક્ષક એક જ સૂરવાળું વાજીંત્ર સાથે વગાડતા. શિક્ષકની સાથે અમે રાતે અન્યત્ર ભજન ગાવા જતા ત્યારે ત્યાં પણ અંધકારમાં પડછાયા જેવા તે બ્રહ્મચારી સાધુનાં આછાંઆછાં દર્શન થતાં. પછી મુંબઈ સમાચાર સાપ્તાહિકના તંત્રી તરીકે (૧૯૪૬-૭૯)



પૂ.રંગ અવધૂતજીનાં લગભગ તમામ પ્રકાશનોનું અવલોકન કરવાની તક મળી.

આ દરમિયાન મારી એક યુવાન તેજસ્વી ડૉક્ટર દીકરીનું અવસાન થયું ત્યારે જ જિંદગીમાં ખબર પડી કે શોકસંવિગ્નમાનસનો કરુણ અનુભવ કેવો હોય ! મારા શોકને દૂર કરવા મારા એક મિત્ર પૂજ્યશ્રી રંગ અવધૂતજી રચિત શ્રીગુરુલીલામૃત આપી ગયા. ટેનિસનનું 'ઇન મેમોરિયલ' તથા ખબરદારનો કાવ્યગ્રંથ 'દર્શનિકા' વાંચેલો. પણ શ્રીગુરુલીલામૃતના નિયમિત પઠન પછી જ મનને સાચી શાન્તિ મળી.

એક દિવસ મારા કાર્યાલયમાં શ્રી અશ્વિન ઢેબર નામના એક યુવાન આવ્યા. તેઓ જ્યોતિષશાસ્ત્રના જ્ઞાતા હોઈ એમણે, મુંબઈ સમાચાર સાપ્તાહિકમાં એ વિષયના લેખો લખવાની શરૂઆત કરી. એક દિવસ એમણે હૃદય ખોલ્યું : અમુક અનુભવને લીધે સંસાર પ્રત્યે મને વૈરાગ્ય ઉપજ્યો છે. મારે કોને મળવું ? કોને ગુરુ કરવા ? ક્યાં જવું ? શું કરવું ?

મેં એમને સલાહ આપી : તમે નારેશ્વરના સંતને મળો. મારી મુલાકાતની વાત એમને કહી. માર્ગદર્શન મેળવો. એ સિવાય 'ગુરુ કીધા મેં ગોકળનાથ' તો જોઈએ એટલા મળી રહેશે.

ભાઈ અશ્વિને મારી સલાહ માની. બે વર્ષ બાદ તેઓ મને ફરી મળ્યા ત્યારે દેખાવ સાવ જ ફરી ગયેલો. રંગ અવધૂતજીની આજ્ઞા મુજબ એમણે સૌથી મહાન તપશ્ચર્યા જેવી નર્મદા પરિક્રમા પગે ચાલીને કશાય સાધન સિવાય કરેલી. પછી સાધના ચાલુ રાખી. તેઓ નર્મદાનંદ મહારાજ તરીકે ઓળખાય છે.

એક સમયે એક મિત્રનો ટેલિફોન આવ્યો કે પૂ.રંગ અવધૂતજી વજ્રેશ્વરીમાં પધાર્યા છે. અને આપને યાદ કરે છે. આથી મિત્રની સાથે હું વજ્રેશ્વરી ગયો. અમારી સાથે આલ્સેશિયન કૂતરો હતો. તે ચૂપચાપ રંગ અવધૂતજીથી થોડે દૂર શાન્તિથી બેસી રહ્યો, જાણે સમાધિમાં ન હોય ! કોઈ ચરણસ્પર્શ ન કરે તે માટે એમની આગળ જાળીની વાડ હતી. બોર્ડ ઉપર લખ્યું હતું કે કોઈએ ચોખા, પુષ્પો કે ધન અર્પણ કરવું નહીં. પછી એમણે મારી યોગની પ્રવૃત્તિઓ વિશે પૂછ્યું. મેં ટૂંકમાં જવાબ આપ્યો.

થોડો સમય શાન્તિમાં વીત્યો ત્યારે તેઓ બોલ્યા : આપણે ચાલો જંગલમાં ફરવા જઈએ. પછી અમે બંને ત્યાંથી વજ્રેશ્વરીના જંગલમાં



ગયા-જ્યાં કેડી પણ ન હોય અને જ્યાં માનવીનો અવાજ ન આવે એટલે દૂર પહોંચી ગયા. તેઓ એક પથ્થર ઉપર બેઠા. એમની સામે એક નીચા પથ્થર ઉપર હું બેઠો.

"બેસી રહેવું છે કે વાતો કરવી છે ?" એમણે પૂછ્યું.

મેં કહ્યું : બાપજી, આપની સામે શાન્તિથી બેસવું છે અને 'યતો વાચો નિવર્તન્તે' એ અનુભવ કરવો છે." "ભલે" કહી તેઓ ધ્યાનમગ્ન બની ગયા ત્યારે સામે મારી સામેથી પણ વિચારોનો પડદો ખસી ગયો અને હું કોઈ દિવ્ય આનંદની અનુભૂતિમાં ડૂબી ગયો. એમણે મારા ખભા ઉપર હાથ મૂકી મને ધ્યાનમાંથી જગાડ્યો. ઘડિયાળમાં જોયું તો પૂરા બે કલાક વીતી ગયા હતા !

પછી એમણે કહ્યું : હવે હરિદ્વારની છેલ્લી યાત્રા કરવી છે. છેલ્લી વાર આવો અનુભવ કરવો હોય તો ચાલો.

પરંતુ કાર્યાલયમાંથી આ સમયે રજા મળી શકે તેમ ન હતું. દરરોજ ધ્યાનમાં બેસવાની મારી ટેવ છે. ધ્યાનમાં દરરોજ બાપજીનાં દર્શન મને થતાં - એ જ વજ્રેશ્વરીના પથ્થર પર ! કોણ જાણે એક દિવસ મને લાગ્યું કે એમનો જીવંત દેહ મૂર્તિમાં પલટાઈ ગયો છે. તે જ દિવસે એમના બ્રહ્મલીન થવાના સમાચાર મળ્યા.

કહેવાય છે કે કાગડો મૃત્યુ પામે ત્યારે તે પત્રકાર બને છે. મારા જીવન દરમિયાન અસંખ્ય સાધુઓ, સંતો, સ્વામીઓ, આચાર્યો બાવાવૈરાગીઓ વગેરેને મળવાનો, એમનો ગાઢ સંપર્ક સ્થાપવાનો અવસર પણ મળ્યા છે. એમાંથી કોઈની પણ સાથે એમની સરખામણી હું કરી શક્યો નથી. કારણ 'ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનં શિષ્યાસ્તુ છિન્નસંશયા : !' એવું દક્ષિણા-મૂર્તિરૂપ એમનું વ્યક્તિત્વ અન્યત્ર ક્યાંય મેં અનુભવ્યું નથી.

રંગ અવધૂતજીના નારેશ્વરધામની અનેકવાર મુલાકાત લીધી છે. ત્યાં ધાર્મિક અનુભવ અને આધ્યાત્મિક અનુભવ વચ્ચે સમન્વય થતો હોય એમ લાગે છે. એમને હું પરમહંસ કોટિના ગુરુઓનાય ગુરુ માનું છું. 'યે યથા માં પ્રપદ્યન્તે'- ની માફક એમના વિશે જેની જેવી કલ્પના હોય એવા સ્વરૂપે તેઓ તેમને પ્રત્યક્ષ અનુભૂતિ કરાવે છે. એમના સમર્થ અનુયાયીઓ અને શિષ્યોના નિકટના પરિચયમાં આવવાનો મને લાભ મળ્યો છે અને એનાથી પ્રભાવિત પણ થયો છું.

શીખો ગ્રંથસાહેબને પૂજે છે. એવું જ મહત્ત્વ બાપજીના



જીવનચરિત્રના ગ્રંથનું મેં જોયું છે. કોઈ પણ સારો સંકલ્પ કરી આ ગ્રંથનો પાઠ કરનારના મનોરથ સફળ થયા હોવાનો હું સાક્ષી છું. એમની મહત્તાને માપવી તે આકાશની ઊંચાઈ માપવા જેવું મુશ્કેલ કામ છે. પણ તેઓ જેટલા દૂર છે એટલા જ નજીક છે. ધ્યાનમાં પ્રત્યય - એકતાનતા કરવામાં એમનું સ્વરૂપ મને ખૂબ ઉપયોગી જણાયું છે. શ્રી ગુરુલીલામૃતગ્રંથ એ જ બાપજીનું અક્ષર સ્વરૂપ છે. એમ માની આ ગ્રંથને મેં ગીતાની માફક મારો ધર્મગ્રંથ માન્યો છે.

### શ્રી શાન્તિલાલ ઠાકર - વિદ્યાભાસ્કર - (નડિયાદ)

('નારેશ્વરનો નાદ' નવેમ્બર-'૮૫માંથી ટૂંકાવીને)

મારે ઘેર પૂજ્યશ્રી પ્રકાશાનંદ ગોદડિયા મહારાજનાં દર્શન કરવા પૂજ્યશ્રી અવધૂતજી પોતે પધાર્યા. પૂ.પ્રકાશાનંદજીએ ભિક્ષા લીધી અને અવધૂતજીએ છાશ લીધી. પૂજ્ય અવધૂતજી ગયા પછી યોગીરાજ શ્રી પ્રકાશાનંદજીએ કહ્યું કે આવો ત્યાગ ટકી રહે, તો તેમની માતાને ધન્ય છે. પૂજ્યશ્રીનો ત્યાગ તેવો જ ટકી રહ્યો અને તેમણે જન્મ લઈને રુકમામ્બાની કૂખને ધન્ય બનાવી. મને એકવાર આફ્રિકામાં તેમણે કહ્યું હતું કે માતાજીને કારણે જ આ સિંહ અત્યાર સુધી નારેશ્વરના પાંજરામાં પૂરાયેલો હતો; હવે તે નિર્મુક્ત વિચરશે.

નૈરોબીમાં થિયોસોફિકલ સોસાયટીના મકાનમાં અનેક સંસ્થાઓ તરફથી તેમને સન્માનપત્ર આપવામાં આવેલું અને તે પણ કેન્યામાં ૨૦૦-૩૦૦ મંદિરોની સ્થાપના કરનાર ભક્તરાજ શ્રી હીરજી બાપાને હાથે. ત્યારે તેમણે કહેલું કે જિંદગીમાં આ પહેલી વાર અને છેલ્લી વાર અવધૂત માનપત્ર સ્વીકારે છે અને તે પણ શાન્તિલાલને કારણે જ; બાકી અવધૂત માન-અપમાનથી પર છે.

આ સમારંભ દરમિયાન એક અકસ્માત બન્યો. એક કૂતરું આવી ચઢ્યું અને અવધૂતજીના પગ ચાટવા લાગ્યું ! બધા તેને હડે હડે કરીને હાંકી કાઢવા લાગ્યા. ત્યારે અવધૂત બોલ્યા - છો રહ્યું. અવધૂતનું કૂતરું છે, પગ ચાટીને જતું રહેશે અને બન્યું પણ તેમ જ.

તેમની યોગવૃત્તિની એકાગ્રતાનો એવો પ્રભાવ હતો કે જ્યાં બિરાજતા ત્યાં સુગંધીની તન્માત્રાઓ વાયુમંડળમાં પ્રસરતી. તેમની પાસે બેઠા પછી ઊઠવાનું જ મન ન થાય.

એકવાર હું 'ગુરુલીલામૃત'ની કથા નડિયાદમાં સંતરામ મંદિરમાં



કરતો હતો. ત્યારે પોતે પણ સવારે તથા સાંજે પધારી બે કલાક બેસતા. તે આવ્યા ત્યારે મેં નીચે ઊતરી તેમને પ્રણામ કર્યાં એટલે બોલ્યા, અત્યારે તમે વ્યાસપીઠ પર છો, એટલે તમારે પ્રણામ કરવા ઊતરવાનું નહિ. હું જ તમને અને ગ્રંથને પ્રણામ કરી આસન પર બેસું તે ઉચિત. પૂજ્યશ્રી વાસુદેવાનંદસરસ્વતી સદ્ગુરુના પ્રસંગે ઊઠીને આવ્યા અને ગ્રંથ ઉપર શાલ ભેટરૂપે ચઢાવી.


એકવાર ગીતામંદિર, વડોદરામાં મારી 'ગુરુલીલામૃત'ની સપ્તાહકથા ચાલતી હતી. પૂજ્યશ્રી સવાર-સાંજ અખંડ બિરાજતા. મારાં પત્ની તેમને ફૂલ-હાર આપવા ગયાં. પાસે રહેલા સેવકોએ હાથોહાથ તેમ કરતાં અટકાવ્યાં. પોતે કૃપાળુ સ્વભાવના અને હૃદયભાવ કળનારા એટલે જાતે આવીને કહ્યું, 'લાવ તારો હાર, મને આપ. હું પહેરી લઈશ.'

પૂજ્યશ્રીની ઇચ્છા હતી કે અવધૂત-એકેડેમી સ્થપાય અને તે દ્વારા વિદ્વાન વ્યાખ્યાતાઓ દેશ-પરદેશમાં જઈ, આર્ય સંસ્કૃતિના અણમોલ સ્વરૂપ વેદાંગ-યોગના સિદ્ધાંતોને જનતા સમક્ષ મૂકે અને માનવ-માનવ વચ્ચે સાચો ભ્રાતૃભાવ સ્થપાય, પરસ્પર દેવો ભવનો મંત્ર ચરિતાર્થ બને, એકાત્મતાના પાયા પર વિશ્વશાંતિ સ્થપાય. તેમને પૂજ્ય માનનાર આપણે બધા તેમની એ ઇચ્છા સાકાર બનાવવા પ્રયત્ન કરીએ. આપણને તેમ કરવાનું બળ ભગવાન દત્તાત્રેય આપો તેવી મારી અંતરની આરઝૂ છે.

## શ્રી શિવપ્રસાદ વિશ્વનાથ જોષી (રાજપીપળા)

(પરિવારના સ્વ. નારાયણભાઈ પટેલે પૂ.શ્રી શિવપ્રસાદકાકાને તા. ૧૬-૬-૧૯૮૪ના રોજ એક પ્રશ્નાવલિ મોકલેલી. તેના તેમણે આપેલા જવાબો તથા શ્રી ધીરુભાઈ પાસેથી મળેલી માહિતીના આધારે).

પૂ.શ્રીનું પ્રથમ દર્શન વિ. સં. ૧૯૯૨ના કારતક સુદ ત્રીજને દિવસે (ઈ.સ. ૧૯૩૬) સવારે ૧૧-૩૦ કલાકે રાજરાજેશ્વરની ધર્મશાળામાં થયું. પૂ.શ્રી ઝઘડિયાથી રાજપીપળા પધારેલા. હું રાજાના બંગલે ચંડીપાઠ કરીને ઘેર જતો હતો ત્યારે, એક દત્તભક્ત બાઈ, જેઓ નાગર હતાં, તેમણે કહ્યું કે હમણાં જ એક દત્તભક્ત મહારાજ આવ્યા છે, દર્શન કરીને જાવ. તે પણ સાથે આવ્યાં અને મારો પરિચય આપ્યો. પછી તો પૂ.શ્રી અમારો ગાઢ પરિચય હોય તેમ શાસ્ત્રની વાતો કરવા લાગ્યા. એમ કરતાં બે વાગી ગયા. આ રીતે પૂ.શ્રીનો પ્રભુપ્રેરિત પ્રથમ દર્શનનો યોગ આવ્યો. પૂ.શ્રીએ મને દત્તજયંતી પર નારેશ્વર પધારો



એવું આગ્રહપૂર્વક ભાવભર્યું આમંત્રણ આપ્યું. ગુરુ મહારાજનાં દર્શનનો આ પ્રથમ દિવસ જીવનનો યાદગાર દિવસ બન્યો છે.

જેમ જેમ પૂ.શ્રીનો પરિચય થતો ગયો તેમ તેમ તેમનામાં રહેલું દેવાંશાવતારનું તત્ત્વ મને વધારે જણાવા લાગ્યું.

નારેશ્વરના સર્વધર્મકાર્યમાં અલિખિત મારી નિયુક્તિ તે પૂજ્યશ્રીની કૃપા જ.

આત્મીયભાવ વિકસ્યો અને સદ્‌ગુરુ તરીકે હૃદયમાં સ્થાપ્યા. 'ગુરુલીલામૃત', 'દ્વિસાહસ્રી' વગેરે ગ્રંથોના ઉપાસના-પારાયણોમાં રત થવાયું. ધર્મકાર્યોમાં વ્યાવહારિક ઉકેલો માટે પૂજ્યશ્રી મને આગળ કરી પરિવારમાં મારું ગૌરવ કરાવતા.

મારાં સંતાનોમાં દત્તોપાસના અને પૂજ્યશ્રી પ્રત્યેનો દેવભાવ છે. તે સદ્‌ગુરુની કૃપાનું પ્રત્યક્ષ ફળ હું સમજું છું.

**શિવાભાઈ નાથાભાઈ પટેલ** સાંપલા તા.પાદરા જિ. વડોદરા

પૂ. રંગ અવધૂતજી વિશે પ્રથમવાર મારાં પત્ની કમળાબેન દ્વારા સાંભળ્યું હતું. મારાં પત્ની ધાર્મિક અને સત્સંગી. મીંઢોળના શ્રીપ્રભુગોરે મારાં પત્નીને પૂજ્યશ્રીના સુપ્રસિદ્ધ સ્તોત્ર 'દત્તબાવની'નો મહિમા સંભળાવ્યો હશે ને તેમને પૂજ્યશ્રીનાં દર્શનની ઉત્કંઠા થયેલી. મારું વલણ મોળું; પણ યથાવકાશે દર્શને જવાશે, એમ કહી મન મનાવેલું ! મારા દાદા અને પિતા ધાર્મિક ખરા. સંત-ગુરુની પૂજાભક્તિની ભાવનાવાળા. સાવલી તાલુકાના મંજુસર સ્થાનકમાં પૂ. દાજી મહારાજ, પૂ. મુગટરામ મહારાજ અને પૂ. ગિરજાશંકર મહારાજનું સ્થાન છે. પ્રખર સિદ્ધ પુરુષો તરીકે તેમની ખ્યાતિ મેં પણ સાંભળેલી. મારા વડીલોને આ સંતો પરત્વે ગુરુભાવ અને તેઓમાં આસ્થા વિશેષ. પ્રસંગે આ સ્થાનમાં વડીલો જાય, તેથી મનેય આ ગુરુઓ પ્રત્યે આસ્થા બંધાયેલી. હું સ્થાનમાં જતો-આવતો. પૂજ્યશ્રી રંગ અવધૂત બાપજી પાસે જ્યારે પ્રથમ વાર દર્શને ગયો ત્યારે આપ મેળે જ કહેલું કે નારેશ્વર ન અવાય તો મંજુસર જવું ! હું અને એ એક જ છીએ !' પૂજ્યશ્રીની મારા હૃદયભાવને કળી જવાની શક્તિ જોઈને હું આકર્ષાયો અને ભક્તિભાવ વધવા માંડ્યો !

પૂજ્યશ્રીનાં પ્રથમવાર દર્શન પાદરા મુકામે ઈ.સ. ૧૯૫૧ની રંગજયંતી પ્રસંગે કર્યાં. સહકુટુંબ અમે દર્શનલાભ લીધો હતો. એ



પછી એકાદ-બે વર્ષ બાદ નારેશ્વર જવાનું થયું. ૧૯૫૪-૫૫ના વર્ષમાં નારેશ્વરસ્થાનના અગ્રણીસેવકો સ્વ. શ્રી મુ. મોદીકાકા, મુ. માસ્તરકાકા, મુ. સુમનકાકા, માસર રોડના મોહનભાઈ, મનોરભાઈ પટેલ વગેરેનો સહવાસ વધ્યો ને આ સૌના સદ્‌ભાવથી પૂજ્ય બાપજીનો સંપર્ક પણ ઘનિષ્ટ થવા માંડ્યો. પૂજ્ય બાપજી સાથે વાર્તાલાપોની તક મળે. વાર્તાલાપો સાંભળવા મળે. એકવાર મારા બંને દીકરા પ્રાણલાલ અને હસમુખની સાથે હું નારેશ્વરમાં હતો ત્યારે લીમડા નીચે પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં મનમાં વિચાર સ્ફૂર્યો — 'પૂજ્યશ્રીની વાણી સાંભળવાની મળે તો સારું !' ત્યાં જ મને પૂછ્યું કે 'ભાઈ તમારું નામ શું ? ક્યાંથી આવો છો ? શું કરો છો ?' વગેરે. આવા અંતર્યામી હતા પૂજ્યશ્રી. 'સંતના સાન્નિધ્યમાં બેસવાથી મૂંઝવણો આપોઆપ દૂર થાય છે, ઇચ્છાઓ પૂરી થાય છે.' સંતની આવી આંતરિક ઓળખના પરચા પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં વખતોવખત મને મળ્યા કર્યા છે. મારો દીકરો મહેન્દ્ર ધો. ૯માં ત્રણ વાર નાપાસ થયેલો; પૂજ્યશ્રીને નિવેદન કર્યું, સરસ્વતીચૂર્ણની દવા ચીંધી આશિષ આપ્યા. પરિણામે નિર્વિઘ્ને અભ્યાસમાં પ્રગતિ કરતો થયો; વડોદરા કોર્પોરેશનમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ, સ્વરુચિ અનુસાર સંગીતવિદ્યાનો પરફોર્મિંગ કોલેજમાં અભ્યાસ કરી, ફાઈન આર્ટ્સમાં ફોટોગ્રાફી શીખી અત્યારે નારેશ્વરસ્થાનમાં દર ગુરુવારે-ચીંધીસેવા કરવા નિયમિત જાય છે. ચાતુર્માસમાં વિશિષ્ટ આચારવ્રતો લઈને પૂજ્યશ્રીનાં ભજનમાં મગ્ન રહે છે. દીકરા જગદીશે નારેશ્વરના સંત રંગ અવધૂત વિશે શાળાભ્યાસ કરતાં લખેલો નિબંધ આજે મને યાદ આવે છે. દીકરો હસમુખ આયુર્વેદિક ડોકટરીનું ભણીને આયુર્વેદ કોલેજમાં આચાર્યપદે પહોંચ્યો છે. પૂજ્યશ્રીની કૃપા જ છે. દીકરા મૂળજીભાઈને પણ આશિષ આપી અભ્યાસ કરાવી નોકરી કરતો કરેલો.

૧૯૬૨નું વર્ષ યાદગાર રહ્યું છે. વડોદરા ગેંડાગેઈટ રોડ પર ભોગીલાલ પાર્કમાં ઘરનું ઘર કર્યું. ભાવ એવો કે પૂજ્યશ્રી નવા ઘરમાં પધારે-નિવસે, પછી જ રહેવા જવું. ચિત્રાલ મુકામે પૂ. સાગર મહારાજશ્રીના આશ્રમે આ ગાળામાં પ્રવાસ ગોઠવાયો ને મેં એ જાણી નારેશ્વર જઈ પ્રાર્થના કરી તો પ્રભુસ્વરૂપ પૂ. બાપજીએ તે સ્વીકારી; મારો સંકલ્પ પૂજ્યશ્રીએ પાર પાડ્યો; તે સ્મરણથી અમે આખું કુટુંબ ધન્યતા અનુભવીએ છીએ. મારો ભાવ, પ્રાર્થના વખતે કંઈક આવો



હતો : 'પૂ. બાપજી આપ હૃદયમાં તો બિરાજમાન છો જ; આ ઘરમાં હવે બિરાજમાન થાવો; ઘરમાં આપ પગલાં પાડો.' પૂજ્યશ્રીએ પધારી વિશ્રામ કર્યો; ભીક્ષા ગ્રહણ કરી અને અનહદ ચિત્તપ્રસન્નતાનો અનુભવ આપ્યો.

૧૯૬૪માં સાંપલા ગામમાં પૂજ્યશ્રીએ પધરામણી કરેલી, ત્યારે ગામમાં રામજી મંદિર પાસેના ઓટલે એમણે મુકામ કરેલો. હૃદયમાં ભાવના ઉત્કટ કે પૂજ્યશ્રી ઘરમાં પધારે તો અહોભાગ્ય ! રામજીમંદિરને ઓટલેથી મુકામ ઊઠાવતાં જે રસ્તે બાપજીને જવાનું હતું, તેથી ઊલટે રસ્તે પગ માંડ્યા ને અમારું અહોભાગ્ય ફળ્યું ! અમારા ઘરબાજુની એ દિશા હતી ને ઘેર પધારવાની પ્રાર્થના કરતાં પૂજ્યશ્રીએ ઘર પાવન કર્યું. પૂજન અર્ચન પણ સ્વીકાર્યાં.. ત્યારે બોલાયેલા : 'પૂજનબંગલો વડોદરાનો ને ઝૂંપડી સાંપલાની, બંને શિવાભાઈ, તમારાં પાવન થઈ ગયાં,' એ પૂજ્યશ્રીનાં વચનો અણમોલ આશિષ છે. સદ્‌ગુરુનું ઋણ ફેડવા પ્રભુ સ્વયં શક્તિ આપ્યા જ કરે, એવી પ્રાર્થના મારા આખા કુટુંબીઓની રહે છે. પૂજ્યશ્રીની કૃપા એવી અનેરી થયેલી કે મુ. ધીરુભાઈ જોષી (હાલના મેનેજિંગ ટ્રસ્ટી, નારેશ્વર)ને 'શ્રીગુરુલીલામૃત'ની રાત્રિ-જ્ઞાનકથા કરવા માટે સાંપલા ઉનાળાની રજાઓના લાંબા ગાળા માટે, આ વર્ષે જ મોકલેલા.

પૂજ્યશ્રીએ ચાંદીની પાદુકાજી અભિમંત્રિત કરીને આપ્યાં છે; છબી અભિમંત્રિત કરી આપેલ છે. નિત્ય પૂજન-અર્ચન કરીએ છીએ મને મંત્રદીક્ષા પણ મળી છે.

૧૯૬૪માં વડોદરાના નવા નિવાસ માટે ફર્નીચર બનતું હતું. હૃદયમાં પ્રેરણા થઈ; પૂજ્યશ્રી માટે એક ફોલ્ડિંગ ચેર બનાવડાવું, પ્રથમ; પછી જ આપણું ફર્નીચર થાય. તેવું પ્રભુકૃપાથી શક્ય બન્યું. ખુરશી લઈ નારેશ્વર ગયો ત્યારે હૃદયભાવ કળીને મને અને દીકરાને પ્રસન્ન કરવા માટે ખુરશી ખોલાવીને બેઠા અને માસ્તરકાકાને કહેવા લાગ્યા કે ખુરશીનો ઉપયોગ કેવી રીતે કરવો તે શિવાભાઈ પાસેથી સમજી લેજો !

સાણપુર (તા. પાદરા)માં પૂજ્યશ્રીનો મુકામ હતો. રાત્રિભજનમાં ત્યારે પૂજ્યશ્રીએ 'દત્તબાવની' સ્વયં ગવડાવેલી ! કાનમાં એ નાદ ગૂંજે છે. દીકરો જગદીશ પણ આ લાભ પામ્યો હતો. 'જય જગદીશ હરે'ની આરતી મારા નિત્યક્રમમાં એ બોલતો હતો ને પૂજ્યશ્રીએ મારો



'પરિબ્રહ્મ'ઉચ્ચાર સાંભળ્યો ! મને ટકોર્યો ને 'પરબ્રહ્મ' શુદ્ધ ઉચ્ચાર છે, એવો બોધ આપેલો. મોભારોડથી મિયાગામ સુધીનો પૂજ્યશ્રી સાથે સહપ્રવાસ કરવાનું સદ્ભાગ્ય મારાં પત્ની કમળાબેનને મળ્યું હતું, એ યાદ આવે છે, ત્યારે પૂજ્યશ્રીની અમારા આખા કુટુંબ પ્રત્યેની વત્સલતા અનુભવીએ છીએ ને ભક્તિમાં ઉત્કટતા લાવીએ છીએ.

એકવાર પોર મુકામે પૂજ્યશ્રીનો વિશ્રામ હતો. વડોદરાથી અમે બે ચાર જણ ટેક્સી ભાડે લઈને દર્શને ગયેલા. પૂજ્યશ્રીએ પૂછ્યું કે કેવી રીતે આવ્યા છો ? અમે ટેક્સીની વાત કહી ત્યારે બોલ્યા, "હવે ભાડાની ગાડી નહીં પોતાની ગાડી આવશે." પૂજ્યશ્રીની વચનસિદ્ધિનો ચમત્કાર કહો કે ઘરે બે ગાડીઓ, સ્કૂટરો વગેરે વાહનો ત્યાર પછીથી વસાવાયાં છે !

મારો સ્વ. મોટો દીકરો પ્રાણજીવન ખૂબ સેવાભાવી હતો. સ્થાનમાં નિયમિત સેવાકાર્ય માટે પહોંચી જતો. સ્થાનના સેવક શ્રી મોહનલાલભાઈને એના પર સ્નેહ અને એના હૃદયભાવને ઓળખી એને સેવામાં પલોટતા.

સાંપલામાં પૂજ્યશ્રીનું દેવસ્થાન કર્યું છે. નિત્યપૂજા અને પ્રાર્થના વગેરે થાય છે. પ્રતિકૂળ સંજોગોએ એક વાર પૂજા ન થયેલી ત્યારેય પૂજ્યશ્રીનાં ચરણોમાં તાજું જ ચંદન થયેલું અને દિવ્ય સુગંધ ઘરમાં પ્રસર્યાનો અલૌકિક અનુભવ મારી પત્નીને કૃપાપ્રસાદીરૂપે ચિત્તમાં સ્મરણમાં રહ્યા કરે છે.

મારાં પત્ની કમળાને પૂજ્ય માજી, પૂ. મોટીફોઈની સેવાના લાભો મળ્યા છે. પૂજ્ય માજીની રસોઈ-પ્રસાદી આરોગવાનો પણ તેને લાભ મળ્યો છે.

પૂજ્યશ્રીએ ૧૯૬૮માં કપડવંજથી હરિદ્વાર પ્રયાણ કર્યું ત્યારે વડોદરા સ્ટેશન પર પૂજ્યશ્રીનાં દર્શન કરવા હું મારા દીકરાઓ સાથે પહોંચી ગયો હતો. પૂજ્યશ્રીને પ્રાર્થના કરતાં પૂછેલું કે પ્રભુ હવે ક્યારે પધારશો ને દર્શન આપશો !' ત્યારે ટ્રેઈનના ડબ્બામાં બોલેલા : 'હરિને દ્વાર જાઉં છું.' અને શ્રીફળનો પ્રસાદ આપ્યો. આ સંકેત જીવદશાના મારાથી ન પમાયો, તેનો આજે વસવસો રહે છે ! મારો પરિવાર પૂજ્યશ્રીને સદ્ગુરુશ્રીગુરુદેવ તરીકે ઉપાસે છે, એથી હું પ્રસન્ન છું.

પૂજ્યશ્રી સ્વયં ભગવાન છે. વચનસિધ્ધ, સિદ્ધયોગી અને દીનદયાળુ છે. એઓશ્રીનાં ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ.



## શ્રી શિવપ્રસાદ મણિલાલ દવે (વડોદરા/અમેરિકા)

૧૯૪૭નું વર્ષ. મે માસની ઉનાળુ રજાઓ. બી.એ.ની પરીક્ષામાંથી પરવારી હું મારે વતન ડભોઈમાં હતો. પડોશમાં નોંદેરા બ્રાહ્મણ શ્રી દલસુખરામ પંડ્યાનું કુટુંબ રહેતું હતું. તેમના દીકરા શ્રી શાંતિલાલ મારી વયના; એટલે મૈત્રીસંબંધ બંધાયો. આ કુટુંબમાં દરરોજ મળસ્કે દત્તબાવની તથા અન્ય સ્તોત્રાદિનું ભજનગાન થાય. ચિત્ત આકર્ષાયું ને શ્રી શાંતિલાલ પાસેથી ત્યારે જાણ્યું કે નારેશ્વર (મિયાગામ-કરજણ લાઈન પર, નર્મદાકાંઠે આવેલ એક સ્થાન)ના સંત પૂ. રંગઅવધૂતપ્રેરિત આ દત્તોપાસના તેઓ કરે છે. સંતશ્રીની વિભૂતિમત્તારૂપે તેમની યૌગિકપ્રતિભા અને સિદ્ધિશક્તિઓની વાતોથી ખેંચાણ થવા માંડ્યું.

એ જ વર્ષના ઓગસ્ટ મહિનામાં મારું નસીબ જાગ્યું ને સંતશ્રી રંગઅવધૂતજી ડભોઈના સ્ટેશન પાસેના જીનવાળાના બંગલે બે દિવસ પધાર્યા છે, એવું જાણ્યું. શ્રી શાંતિભાઈની સાથે જ હું દર્શને સાંજની વેળાએ પહોંચી ગયેલો. ત્યારે ભણતરનું ભૂત ખરું એટલે મનમાં સાધુઓ પ્રત્યે એક પ્રકારની ઘૃણા રહેતી તેય તળે-ઉપર થયેલી, એ આજે યાદ આવે છે; ત્યારે પૂજ્યશ્રીની ક્ષમા પ્રાર્થી લઉં છું. દર્શનાર્થીઓની હારમાં ઊભો રહેલો ત્યારે ત્યાં પૂજ્યશ્રીની છબીઓ પર નજર પડતાં ભવ્ય વેધક દૃષ્ટિનું ખેંચાણ થયેલું ને મેં એક છબી ખરીદી ખિસ્સામાં રાખેલી. દર્શનક્રમ આવ્યો એટલે ખિસ્સામાં હાથ નાખી છબી કાઢતો હતો, ત્યાં કોઈક સ્વયંસેવકે મને રોક્યો કે પૈસા મૂકવાની મનાઈ છે.' ત્યારે પૂજ્યશ્રી સ્વયં બોલી ઊઠેલા કે, 'એ ફોટો કાઢે છે !' સંત યોગીરાજે અંતર્યામીત્વની મને પ્રથમદર્શને જ પ્રતીતિ કરાવી, એ કૃપાવર્ષાનો સંકેત હું ક્યારેયે ભૂલી શકું નહિ.

વેદાંતવિદ્યાના અભ્યાસ નિમિત્તે વિચારપીઠિકા તત્ત્વનિષ્ઠ ખરી; અધ્યાત્મ-સાધના કરીને જીવનવિકાસ માટેની કોઈ મથામણ નહિ. બદ્રિનારાયણના પરમહંસ પૂ. નારાયણસ્વામી, પૂ. રામકૃષ્ણપરમહંસ, મહર્ષિ અરવિંદ ઘોષ, પૂ. રામદાસ સ્વામિસમર્થ જેવા-સંતો વિશેની માહિતી ખરી, પણ જીવનસાધના જેવી પ્રવૃત્તિ નહિ. સંતયોગીરાજ રંગ અવધૂતજીનાં દર્શન કર્યાં ત્યારે મનોમન આ સંતોની સ્મૃતિ તાજી થઈ આવી, એટલું જ, કોઈ તુલના વગેરેની ક્રિયા મનમાં નહીં.

પ્રથમ દર્શન પછી 'દત્તબાવનીનો પાઠ' નિત્યક્રમરૂપે સ્વીકાર્યો.



૧૯૪૮ના સપ્ટે./ઓક્ટો.માં પ્રથમવાર નારેશ્વરસ્થાનમાં જવાનો યોગ આવેલો. માલોદ રેલ્વે સ્ટેશનથી નારેશ્વર આશ્રમનો ગાડાચીલો અને ચોમાસા પછીની કાદવિયા ને કાંટાળી જમીન પર ચાલીને જ જવાનું એ કસોટી યાદ રહી છે. અન્નક્ષેત્રની તે દિવસોમાં સ્થાનમાં સુવિધા નહિ એટલે ઓછામાં ઓછું ત્રણ ટંકનું ભાથું લઈને જ જવાનું રહેતું. વળી અંદરોઅંદર વહેંચીને વનભોજનની મોજ, સહકાર જેવી વૃત્તિઓ ખીલતી.

નર્મદાસ્નાન, મહાદેવદર્શન અને પછી પૂજ્યશ્રીનાં દર્શનનો ક્રમ હતો. તે મુજબ અમે બીજે દિવસે પૂજ્યશ્રીનાં દર્શન કરેલાં. 'સમદૃષ્ટિ' અને 'સમવર્તન'નો સાચો મર્મ મુ.મોદીકાકાના માધ્યમથી સમજાયેલો, એ આ આશ્રમની પ્રથમ મુલાકાત પ્રસંગનું સંભારણું છે.

ત્યારે નારેશ્વર-આશ્રમ જોઈને પ્રાચીનકાળના ઋષિ જાબાલિ, મારિચના આશ્રમોનાં વર્ણનો મનમાં સજીવ થઈ ઊઠેલાં. બહારની અને અંદરનો પરિસર એવા જાણે બે વિભાગો જણાઈ આવ્યા. બહાર દરવાજેથી અંદર પ્રવેશીએ, શિવાલય નિહાળીએ, નટવરની નાની હોટલ દેખાઈ આવે, ને આગળ વધીએ એટલે ચોતરો ઘેઘૂરવડનો આંખ-મનને ઠારે ! અવધૂત પરિવારની પ્રથમ પેઢીનાય અગ્રણી મુ. દાસકાકાની સેવાનું સ્મારક 'ધર્મશાળા'ની નવી ઈમારત ગમી જાય. આ ધર્મશાળાની ઓરડી નં. ૨ તે મુ. મોદીકાકા (અવધૂત નિવાસ ટ્રસ્ટ, નારેશ્વરના મેનેજિંગ ટ્રસ્ટી)નો નિવાસ કહો, કાર્યાલય કહો, અતિથિસત્કારભવન કહો બધું જ. સામે બીજા વિશાળ કમ્પાઉન્ડમાં તે સમયનું રસોડું અને નાની ઓરડી. (જેમાં પાછળથી પૂ. અલવણી દાદાનો મુકામ રહેતો) શ્વાનભક્ત બુચિયાની સમાધિ ! આજે તો ભક્તોની વિશ્રાન્તિ માટેના આવાસોની સુવિધા વધી છે. આધુનિક સુવિધારૂપે સંડાસ-બાથરૂમ અને ચકલી ફેરવતાં પાણીની સગવડો પણ થઈ ગઈ છે. નારેશ્વરસ્થાનના ભૌતિક વિકાસના તબક્કા સ્પષ્ટ જણાઈ આવે છે : સ્મશાનભૂમિ અને નિબિડ રાન અને શિવાલય પછી પૂ. બાપજીની ગુફા અને ધર્મશાળા, ઓવારો, એ પછી માજીની કુટિર, રંગકુટીર, ઉપાસનાખંડ, ધ્યાનમંદિર, સરસ્વતીમંદિર, બુકસ્ટોલ, રુકમામ્બા-ઔષધાલય, શાંતિનિકુંજ, માતૃશૈલ મંદિર, અનુષ્ઠાન ઓરડીઓ, અનેક આવાસો, નવાં રસોડાં, શ્રીરંગઅવધૂત હોસ્પિટલ અને છેલ્લે અંતરંગ પરિસર સમગ્રની ફરસબંધી, બોધિલીમડાની બેઠક,



વિશ્રામભવન, મચ્છરમુક્તસદન, દત્તપાદુકામંદિર, રંગમંદિરથી માતૃકુટીર સુધીનો સભામંડપ, યજ્ઞશાળા જેવાં સ્થાયી નૂતન નિર્માણોએ નારેશ્વર સ્થાનની શોભા વધારી છે, અલબત્ત. પણ પેલી તપોભૂમિસમો આશ્રમ હવે જૈફોના ચિત્તમાં જ જીવંત રહ્યો છે. મને યાદ આવે છે, જ્યારે 'રંગકુટીર'નું નિર્માણ થતું ત્યારે પાયો ખોદાયો ત્યારથી ચણતરકાર્ય પૂરું થયું ત્યાં સુધી 'દિગંબરા દિગંબરા, શ્રીપાદવલ્લભદિગંબરા'ની ધૂન ગુંજતી હતી, પાયામાં 'શ્રીદત્તબાવની'ની હસ્તલિખિત સેંકડોની સંખ્યામાં પ્રતો સ્થાપિત કરવામાં આવેલી છે. 'માતૃશીલ'માં 'શ્રીસૂક્ત'ની સ્થાપના થયેલી છે; રંગમંદિરની પ્રાણપ્રતિષ્ઠા વૈદિક પારાયણો, યજ્ઞાદિઓથી આધ્યાત્મિક ઓજસવંતી, કરવામાં આવેલી છે.

નારેશ્વર વારંવાર જવાની જાણે લત લાગી રહેલ. ૧૯૫૨ની દત્તજયંતી અમે ડભોઈ ઉજવી; દત્તજયંતી-ઉત્સવનું પૂજ્ય બાપજીની આજ્ઞાથી વિકેન્દ્રિકરણ કરવામાં આવેલું એથી, એ લાભ લઈ શકાયો. મારા જૂના ઘરના મેડા પર આ ઉત્સવ ઉજવાયો. 'શ્રીગુરુલીલામૃત' સપ્તાહપારાયણ મોટેથી મેં વાંચીને કર્યું. થોડા ભાવિકો નિયમિત શ્રોતા તરીકે કથાપારાયણમાં ઉપસ્થિત રહ્યા. પૂર્ણાહુતિ પ્રસંગે તો ભક્તોની ગીરદી વધી ગઈ. પ્રસંગની પૂર્ણાહુતિરૂપે બીજે દિવસે કથાશ્રોતાઓને બ્રહ્મભોજનનું આયોજન કર્યું. આર્થિક તંગી તો હતી જ. પૂ. બાપજીની લીલા એવી થઈ કે બ્રહ્મભોજન વેળાએ જ મારા નિવૃત્ત પિતાશ્રીની ગ્રેજ્યુએટીની રકમ મનીઓર્ડરથી આવી પહોંચી ! પિતાજીના ત્યારના ઉદ્‌ગારો 'મારા રંગના ભરોંસે બેઠેલો ભરમાય નહીં !'—આજે અમે સૌ કુટુંબીઓ યાદ કરીને ગદ્‌ગદ થઈ ઊઠીએ છીએ. ઉત્સવ-ઉજવણી નિમિત્તે અમે ફળિયાના થોડાક ભક્તો સંઘરૂપે નારેશ્વર ગુરુધામ પહોંચ્યા. પૂજ્ય બાપજીને નિવેદન કર્યું ત્યારે પરમેશ્વર પર અચળ શ્રદ્ધા ઠેરવી આત્મબળની સંપત્તિ રળવાનો બોધ આપ્યો હતો.

વડોદરા, બાજવા, પાદરા, નારેશ્વર, ડાકોર જેવા સ્થળોએ ઉજવાયેલી રંગજયંતી, ઉત્સવો, ગરુડેશ્વરમાં ઉજવાયેલ સ્વામિમહારાજનો શતાબ્દિમહોત્સવ, રાઈફલકેમ્પ, સમૂહ દત્તયાગ, સમૂહ પારાયણ વગેરે કાર્યક્રમોમાં હૈયાની ઉલટતાથી પૂજ્યશ્રીની કૃપાથી લાભ લેવાયા કર્યો છે.

૬૦મી રંગજયંતીનો મહોત્સવ માણ્યો છે. સાત દિવસના



'શ્રીગુરુલીલામૃત' ના અનુષ્ઠાન પારાયણમાં બેઠો હતો. પૂજ્યશ્રીની ઉપસ્થિતિમાં પારાયણ કર્યાનું સદ્‌ભાગ્ય કેવી રીતે ભૂલી શકું ? તંબુમાં નિવાસ, સવારે ૪-૦૦ કલાકે નર્મદાસ્નાન કરીને પૂજ્યશ્રી પાસે પહોંચી જવાનું, ત્રણેક વાર નર્મદાસ્નાન, બપોરે ફળાહાર ને સાંજે મહાપ્રસાદ, રાત્રિએ ભજન-સત્સંગ, રંગજયંતીને દિવસે માનવમહેરામણનાં દર્શન, ધોધમાર વરસાદ ને પૂ. બાપજીની લીલા, અવધૂત જીવનપ્રદર્શન, અવધૂત પ્રશસ્તિનો કાર્યક્રમ, માસ્ટરવસંત, દોસ્તમોહમંદ વગેરે કલાકારોની સંગીતસભાઓ, તોપ ગર્જનાઓથી સલામીઓ, વેદ-ઉપનિષદ-પુરાણોનાં પારાયણો, પરદેશી ચિત્રકલાવિધાત્રી દ્વારા તત્ક્ષણ દોરાયેલું રંગચિત્ર જેવા વિવિધ સર્જનશીલ કાર્યક્રમોની આજેય જીવંતસ્મૃતિઓ ઉભરાય છે. આઠમા દિવસે સત્કાર પ્રસંગે મારા નામ પૂર્વે પ્રોફેસર વિશેષણનો અચાનક સંદર્ભ જોડાયો ને પૂજ્યશ્રીના આશિષથી બીજે જ વર્ષે હું માધ્યમિક શાળાનો શિક્ષક ડભોઈની આર્ટસ્ કોલેજમાં પ્રાધ્યાપક તરીકે નિયુક્તિ પામ્યો હતો.

પૂ. બાપજી સાથે પ્રસંગે-પ્રસંગે વાર્તાલાપ અને માર્ગદર્શનનો લાભ મળ્યો છે. ૧૯૫૮માં હું ડભોઈ કોલેજમાં પ્રાધ્યાપક બન્યો ત્યારે બોધ આપ્યો કે, "વિદ્યાર્થીઓને દેવ સમજી, અરે છેવટે આપણા બાળકો સમજી ભણાવજો; ભગવાન પ્રસન્ન રહેશે; બાળકોનો પ્રેમ મળશ; તોફાની બાળકો પણ માનીતા થશે."

હું એમ.એ. માં અભ્યાસ કરતો હતો. પૂ. બાપજીએ પૂછ્યું : 'અભ્યાસ કેવો ચાલે છે ?', શંકરભાષ્યમાં સમજણ મને પડતી નહોતી તેમ જણાવ્યું. એટલે એક રવિવારે મુશ્કેલીઓ નોંધીને મને તેઓશ્રી પાસે જવાનું સૂચવ્યું. તે પ્રમાણે હું ત્વરીત અનુકૂળતાએ પહોંચી ગયો. મુશ્કેલીઓ વર્ણવતો પત્ર પૂજ્યશ્રીને નિવેદિત કર્યો. અને સહજમાં બધું સમજાવી દીધું !

મારો દીકરો પૂ. બાપજીનું કૃપાવરદાન છે. બારેક માસનો એ થયેલો; અનાજ લેવાનું શરૂ નહીં થયેલું; દૂધ અને ધાવણ પર એ ઉછરતો હતો ત્યાં ઓચિંતુ દૂધ-ધાવણ પણ એણે બંધ કરી દીધું ! ડોકટરી ઉપાય ન રહ્યો એટલે પૂજ્યશ્રી પાસે અમે પહોંચી ગયાં ! પૂજ્યશ્રીએ એક દૃષ્ટિ એના પર કરી. થોડો વિનોદ કર્યો અને બોલ્યા : તારું નામ જયરંગ પાડ્યું છે ! તને કંઈ થશે તો મને અપયશ મળશે !' એના પેટે હાથ ફેરવ્યો ! 'દત્તબાવની'નો પાઠ બોલતાં એના માથેથી



દૂધ-વાટકો ફેરવી અગ્નિમાં હોમવાની આજ્ઞા કરી. મુ. મોદીકાકાએ તે પ્રમાણે દૂધની વ્યવસ્થા કરી; પૂજ્યશ્રીની આજ્ઞા પ્રમાણે વિધિ કર્યો ને ચિ. જયરંગે તુર્ત જ સ્તનપાન શરૂ કર્યું ! એવી, વળી, બીજી વાર એને બિમારી થઈ ! એની વય છ વર્ષની. ડાબો પગ ઘૂંટણથી સૂઝ્યો ! ડૉક્ટરે હાથીપગા-રોગ હોવાનું અનુમાન કર્યું ! પૂજ્યશ્રી પાસે નિવેદન કર્યું ત્યારે સાત દિવસ માટેનો પ્રત્યેક દિવસમાં ત્રણ વાર આવાળના પાનનો રસ લગાવવાનું સૂચવ્યું. ને આઠમા દિવસે ફરી આવવા કહ્યું. આઠમા દિવસે નિરામય સ્થિતિમાં ચિ. જયરંગને પૂજ્યશ્રીનાં દર્શને અમે લઈ ગયાં. ઈ.સ. ૧૯૫૭/૫૮માં ગાયત્રીપુરશ્ચરણ કરીને પૂજ્યશ્રીને ચરણવંદના કરવા નારેશ્વર ગયો હતો. નિવેદન કર્યું એટલે પ્રસન્ન થયા ને મને એક મંત્રના જપ કરવાનું કહ્યું. સદ્‌ગુરુની નિર્હેતુક કૃપાની આવી જીવંતસ્મૃતિઓ કેવી રીતે શબ્દોમાં બાંધું ?!

ઈ.સ. ૧૯૬૫માં, નવેમ્બર માસમાં, પૂજ્ય બાપજી ડભોઈમાં અમારે ત્યાં પધાર્યા હતા. ત્યારે ચાર વર્ષનો મારો ચિ. અક્ષય પૂજ્યબાપજી પાસે ઊભો રહી પ્રસાદમાં પેંડો આવે એટલે હાથ લંબાવે ને પૂજ્યશ્રી એને આપે એવું આઠેક વાર બન્યું ! મને ચિંતા થઈ, ‘અક્ષય માંદો પડશે !’ હવે ચિ. અક્ષયે જ્યારે હાથ લંબાવ્યો, પેંડા માટે, ત્યારે પૂજ્યશ્રી હસતાં હસતાં બોલ્યા : ‘હું તને પેંડા આપ્યા કરું છું, તું ખાધા કરે છે ને તારો બાપ ચિંતામાં પડ્યો છે !’ મેં ના કહી, ત્યારે કહે, ના નહીં, સાચું કહે !’ અંતર્યામીત્વને વિનોદભીનું બનાવીને કેવા નચિંત તે કરતા ! મારા પિતાશ્રીને તેમની આખર અવસ્થામાં નારેશ્વર પૂજ્યશ્રીનાં દર્શનાર્થે લઈ ગયેલા, ત્યારે બોધ આપેલો કે ‘ભગવાન પાસે મોત ન માગવું, જીવતો રાખો એવું પણ ન માંગવું.’

સંત યોગીરાજ, સદ્‌ગુરુ, ભગવાન સ્વયં લેખે પૂજ્ય બાપજી મારા શ્રદ્ધેય મૂર્તિ છે, ઉપાસ્ય દૈવત છે.

મારી માંદગીમાં આત્મવિશ્વાસ પ્રગટાવી નવું જીવન આપનાર મારા એ સ્વયં ધન્વંતરી છે. ૧૯૫૯માં મને લીવરની જીવલેણ બિમારી આવેલી ! પૂજ્યશ્રી અજ્ઞાતવાસમાં હતા, તેથી પૂજામૂર્તિ સમક્ષ ચિઠ્ઠી નાખી ડૉ. મીનોચર મોદી, મુંબઈની પાસે પહોંચ્યા. મુ. મોદીકાકાએ લાગણીભીના થઈ અજ્ઞાતવાસનું સરનામું આપ્યું ને પૂજ્યશ્રીનાં દર્શન



માટે અમલસાડ જઈ આવવા સૂચવ્યું. રડમસ ચહેરે બધી વિગત મારા ભાઈ કોકિલે અને મેં પૂજ્યશ્રીને નિવેદિત કરી, ત્યારે પૂજ્યશ્રી બોલ્યા : 'મને ડૉક્ટર બનાવી, મારી પાસે નિદાન કરાવવું છે અને મારા પર શ્રદ્ધા નથી !' મેં કહ્યું 'બાપજી ! એવું નથી ! મારું મન નબળું થઈ ગયું છે !' પૂજ્ય બાપજીએ ત્યારે અભય વચન ઉચ્ચાર્યાં 'તારો વાળ વાંકો નહીં થાય. મારી ઇચ્છા વિના યમ તારા ઘરનો ઉંબરો પણ નહીં છરકે.' છેલ્લે હમણાં હમણાં ગયા જૂન માસમાં બાય-પાસ સર્જરી પણ થઈ ! ઉંમરની અશક્તિએ સફળતા નહીં મળે તેવી દહેશત; ઉપરાંત ઓપરેશન વખતે બ્લડપ્રેસરે ભારે કટોકટી સર્જી દીધી; કીડનીની ક્રિયાઓ દગો દેવા માંડી, પાંસળીઓમાં ઈન્ફેક્શન રહે—એમ છતાં મૃત્યુંજય મહાદેવ પૂજ્ય બાપજીએ માંદગી હડસેલી છે ને હું દાક્તરીવિદ્યા પ્રમાણે સાજો થઈ ગયો છું !

પૂજ્ય બાપજીની કૃપાપ્રસાદીરૂપે ૬૦મી રંગજયંતી પ્રસંગે મને તેઓશ્રીના વરદહસ્તે પ્રાપ્ત રજત-પ્યાલો, રેશમીવસ્ત્ર (જેના પર બાપજી ચરણ મૂકીને 'અવધૂતપ્રદર્શન સ્થાન' સુધી ચાલ્યા હતા) અને ડભોઈ પધારેલા ત્યારે શ્રીફળપ્રસાદ આપેલાં છે, જેની પવિત્રતા અમે જાળવી રાખી છે; 'દત્તરક્ષાસ્તોત્ર'ની પુસ્તિકા પણ પૂજ્યશ્રીના હસ્તે મને પ્રસાદીરૂપે મળી છે.

ગીતામંદિર, વડોદરામાં ૧૯૬૧ની સાલમાં ગુરુપૂર્ણિમા પ્રસંગે પૂજ્યશ્રીના સુમધુર દિવ્ય કંઠે "દત્તપ્રણતિઃ" સ્તોત્ર સાંભળવાનું મળ્યું હતું. ડભોઈ પધારેલા ૧૯૬૫માં ત્યારે 'માતશ્ચામ્બે જાગૃહિ…' સ્તોત્ર પૂજ્યશ્રીએ જાતે ગાઈને સૌને ગવડાવ્યું હતું, તેની ગૂંજ સજીવ છે.

### શ્રી શિવાભાઈ જગન્નાથ વૈદ્ય (નડિયાદ)

હું પાટણમાં અભ્યાસ કરતો હતો ત્યારે સિદ્ધપુરના મારા ખાસ મિત્ર બાબુભાઈ જે. રાવલે પૂજ્યશ્રી રંગ અવધૂત મહારાજ વિશે જાણ કરેલી. તેમની જ પ્રેરણાથી, તેમની સાથે જ પ્રથમ વાર નારેશ્વર ગયો ને પૂજ્યશ્રીનાં પ્રથમવાર દર્શન કરવાનું ભાગ્ય મળ્યું.

પ્રથમદર્શનનો પ્રભાવ કયા શબ્દોમાં વર્ણવું ? ખૂબ જ પ્રભાવિત થઈ ગયો હતો. અમારા ઇષ્ટદેવતા મહાદેવજી. શ્રાવણમાસમાં સવાલક્ષ બિલિપત્ર શિવજીને ચઢાવવાનો અમારો નિયમ રહેતો; બ્રાહ્મણો દ્વારા એક લઘુરુદ્ર પણ કરાવીએ. પૂજ્યશ્રીને આ

કુટુમ્બભક્તાક્તિપરંપરાનું નિવેદન કર્યું હતું. શિવજીની ભક્તિએ અમને સદ્‌ગુરુ-ઉપાસનાનું સદ્‌ભાગ્ય આપ્યું છે; પૂજ્યશ્રીના આશીર્વાદ ઉતર્યા છે.



નારેશ્વરનું આકર્ષણ ખૂબ જ. પૂજ્યશ્રીનાં દર્શન અવારનવાર જઈને કર્યાં છે. રંગજયંતીનો ઉત્સવ હોય, ગુરુપૂર્ણિમાનો ઉત્સવ હોય, દત્તજયંતી હોય ત્યારે ખાસ પહોંચી જવાનું થયા કર્યું છે. છેલ્લાં પાંચ વર્ષથી શરીરની તાકાત ક્ષિણ થઈ ગઈ છે, એટલે સ્થાનમાં જઈ શકતો નથી !

મારા પિતાશ્રીને લઈને હું નારેશ્વર જતો હતો. એકવાર મારા પિતાશ્રીને પૂ. બાપજીમાં સાક્ષાત્ શિવજીનાં દર્શન થયાં હતાં. એ પ્રસંગ પછી, મારા પિતાશ્રી દર ગુરુવારે નિયમિત રીતે નારેશ્વર પૂજ્યશ્રીનાં દર્શન માટે જતા હતા. વળી, દીવાળીના તહેવારો પણ તે સ્થાનમાં રહીને જ કરતા. તેમનું દેહાવસાન થયું ત્યારે તેમના મુખમાંથી 'દત્તબાવની'નો પાઠ ચાલુ હતો. નારેશ્વરમાં હાલમાં પૂ. બાપજીની જે જૂની ગુફા છે તેનું ખાતમુહૂર્ત પણ પૂ. બાપજીની આજ્ઞાથી મારા પિતાશ્રીને હાથે થયેલું, તેવું સદ્‌ભાગ્ય તેમનું હતું. મારા પિતાશ્રીની અતૂટ શ્રદ્ધા પૂજ્ય બાપજીમાં બંધાયેલી.

પૂજ્યશ્રી સાથે નિકટનો સંપર્ક થવામાં પૂ. મોદીકાકાનું નિમિત્ત મહત્ત્વનું. નડિયાદના સારામાં સારા વૈદ્ય તરીકેની છાપ પૂ. મોદીકાકાએ પૂજ્યશ્રીની સમક્ષ આપેલી હતી. પરમ ભગવતી રુકમામ્બાની આરોગ્યસેવાનો લાભ મારા પિતાશ્રીને અને મને પૂજ્યશ્રીના આશિષથી મળ્યો છે. પૂ. માજીને ઊંઘની તકલીફ થયેલી ! ત્યારે પૂજ્યશ્રીએ અમને બંનેને રૂ-બ-રૂ બોલાવી ઉપચાર કરવા આજ્ઞા કરી હતી. પૂજ્ય બાપજીની નાડી તપાસવાનો સેવાલાભ પણ મળ્યો છે. પૂ. બાપજીને આંખની તકલીફ થયેલી ત્યારે 'ત્રિફલાઘૃત'ની દવા પવિત્રતાપૂર્વક અમે બનાવીને સારવાર આપવાનો સેવાલાભ અવિસ્મરણીય છે. પૂજ્યશ્રીનાં ચરણોની મસાજ માટેનું ઔષધીય તેલ પણ પવિત્રતાપૂર્વક બનાવીને અમે લઈ જતા ને તેઓશ્રી તેનો સ્વીકાર કરી અમને અનુગૃહીત કરતા.

૫૩મી શ્રીરંગજયંતી નડિયાદ મુકામે અમારે ત્યાં ધામધૂમથી પૂજ્યશ્રીએ ઉજવવા દીધી, એ કૃપાવર્ષાનો અનેરો અવસર કેમ ભૂલાય ! આત્મલિંગસમી ચરણપાદુકાજીનું ષોડશોપચાર પૂજન-અર્ચન અને યજ્ઞકર્મનો ધાર્મિક લાભ સહકુટુમ્બ પૂજ્યશ્રીએ અમને આપ્યો



હતો. પોતે જે દત્તપાદુકાની પૂજા કરતા હતા તે જ ચાંદીની પાદુકા અમને દેવસેવામાં પધરાવવાની આજ્ઞા સાથે આપેલી છે. તે દિવસથી પૂજ્ય બાપજી સાક્ષાત અમારા ઘરમાં નિત્ય નિવાસમાં છે, એવી અમને પ્રતીતિઓ થયા કરે છે. અંગત અનુભવો અનેક છે, અવર્ણનીય છે !

પૂજ્ય બાપજીનો પાડાદેરા (રાજપીપળા પાસે) મુકામ હતો. મારા પર તેઓશ્રીએ સંદેશો મોકલાવ્યો કે, 'અહીં મહાદેવજીની પ્રાણપ્રતિષ્ઠાનો પ્રસંગ છે, અને તમારે પૂજામાં બેસવાનું છે.' હું તો પહોંચી ગયો ને સદ્‌ગુરુ મહારાજે કેવો અનન્ય દેવસેવાનો લાભ સ્વયં અપાવ્યો હતો એ ખ્યાલે ભાવવિભોર થાઉં છું.

પૂ. મોદીકાકાના સૂચનથી 'અવધૂત નિવાસ ટ્રસ્ટ, નારેશ્વર'ના એક માનદ્ ટ્રસ્ટી તરીકેનું ગૌરવ પણ મને મળ્યું છે; યથાશક્તિ સેવાલાભ લેતો રહું છું.

શ્રીરંગજયંતી, શ્રીદત્તજયંતી, શ્રીગુરુપૂર્ણિમા અને પ્રતિ આસો વદ-૧નો પૂજ્યશ્રીનો પધરામણીદિન ઘરઆંગણે અમે ઉજવીએ છીએ. દરગુરુવારે ભજનકીર્તન અને પાદુકાજી પર સંકીર્તન-અભિષેક કરીએ છીએ.

૧૯૬૮માં હરિદ્વાર જતાં પૂર્વે નડિયાદમાં અમારી નવી બનાવેલી ઓફિસના મકાનમાં (આસો સુદ-૧ના રોજ) બે દિવસ રોકાણ માટે પધાર્યા હતા; કૃપાવર્ષા એવી કરી કે પૂજ્યશ્રીએ દસ દિવસ પૂરું રોકાણ કરીને અગિયારમાં દિવસે પ્રયાણ કરેલું. વેદઘોષ પાદુકાપૂજન અને ભજનકીર્તનના સ્વયં કાર્યક્રમો ગોઠવાતા ગયેલા! એ રળિયામણો અવસર સદ્‌ગુરુની નિર્હેતુક કૃપા સિવાય કઈ રીતે શક્ય બને ?! 'હરિઃ ૐ આશ્રમ, નડિયાદ/સુરત'ના નિવાસી, ગુજરાતના મૂર્ધન્ય સંતરાજ અવધૂત પૂજ્યશ્રીમોટા સ્વયં પધારેલા ને બંને અવધૂતોનું મિલન થયેલું એ સ્વર્ગીય લીલાનું વર્ણન થઈ શકે તેમ નથી. ભજનકીર્તન સાથે શોભાયાત્રા કાઢી પૂજ્યશ્રીને સંતરામમંદિરે 'સમાધિદર્શન' સ્થાને લઈ જવાનો લાભ પણ આવો જ અનેરો હતો. પૂજ્યશ્રી પણ સ્વયં 'હરિઃ ૐ આશ્રમ, નડિયાદ'ના સ્થાને પૂજ્ય શ્રીમોટાને મળવા આ જ વખતે ગયેલા, ત્યારે સાથે રહેવાનો વિરલ લાભ મેં માણ્યો છે. પૂ. બાપજી ત્યાંથી પછી અરેરા જવા નીકળ્યા હતા.

પૂ.બાપજી મારા માટે તેમજ મારા કુટુંબીજનો માટે સદ્‌ગુરુશ્રી છે, પરમ દત્તદૈવત છે, પરમ મહાદેવ શિવજી છે. નિરંતર એઓશ્રીનું



સ્મરણકીર્તન કરતાં રહીએ, એવી જ તેઓશ્રીનાં ચરણોમાં વંદનસહ પ્રાર્થના.

### શ્રી હર્ષવદન મજમુદાર (વડોદરા)

ધરમપુર (વલસાડ)માં ગુજરાતી શાળાના ઈન્સ્પેકટરની નોકરી કરતો હતો, ત્યારે પૂ. બાપજી ત્યાં ત્રણવાર આવેલા. મારાં પત્ની દર્શનાર્થે જાય, હું સાધુ-સંતોમાં શ્રદ્ધા ન રાખું તેથી ન જતો. આનાકાનીથી કદાચ એકાદવાર ગયો હોઈશ. ત્યાર પછી, કરજણ પાસેના ચોરંદાજૂથમાં મારી બદલી થઈ. મારાં પત્ની પ્રસન્ન થયાં, નારેશ્વર પાસે હોવાથી ! અહીં મને લીલોડના માસ્તર જગજીવનદાસ ગાંધીનો પરિચય થયો તેમના આગ્રહથી તેમની સાથે હું નારેશ્વર જતો થયો. એ વર્ષ ૧૯૬૨. પ્રથમ દર્શન ૧૯૩૩ની આસપાસમાં, પણ સ્વપ્નદર્શન અને પછી પુજ્યશ્રીના પરિચયમાં તો ૧૯૬૨થી આવવાનું થયું. પ્રેરણા મને આપી શ્રી માસ્તરે. પરિચય પણ તેમણે જ કરાવ્યો, પૂજ્ય બાપજી સાથે. તેમણે કહ્યું કે ગુજરાતી શાળાઓના એ મારા ડેપ્યુટી સાહેબ છે. ત્યારથી પૂજ્ય બાપજી પણ મને 'મજમુદારસાહેબ' કહીને બોલાવે ! મને સંકોચ થાય ને કહ્યું કે હું તો કંઈ સાહેબ તરીકે અહીં નથી આવતો, આપના દર્શન માટે જ આવું છું.

૧૯૬૨ પછી તો રંગ એવો લાગ્યો કે ચોરંદા મારું હેડક્વાર્ટર ખરું, પણ સાંજે - મોડી સાંજે તો હું નારેશ્વર જ પહોંચું, રાતવાસો ત્યાં જ કરવાનો. પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં બેસવું, કંઈ સેવા ચીંધે તો કરવી, એવી ભાવના. સેવા તો કાંઈ ચીંધે જ નહીં. શ્રી જગજીવન માસ્તર જ તેમના સેવક મોડાવ્હેલા એ થાય ને હું તત્પર થાઉં, સેવા માટે તો મને ચોખ્ખી ના જ પાડે. સ્થાનના સેવકોને ખોટી ટેવ ન પડવા દેવી, એવી તેમની દૃષ્ટિ વિશે પણ મને સમજાવે. કોઈ વાર મારે ચોરંદાથી નારેશ્વર જવાનું મોડું થાય, ક્યારેક કોક રાત્રે ન પણ પહોંચાય તો, પૂજ્ય બાપજી ફિકર કરી મારે વિશે પૂછપરછ કરે. પૂ.માજી પણ મારી કાળજી રાખે કે મજમુદાર જમ્યા કે નહિ. રસોડે એક અલગ થાળી તૈયાર કરાવી મૂકાવડાવે, મોડું વહેલું થાય ત્યારે ! આ બધું યાદ આવે ત્યારે એ ઋણભાવે ગદ્ગદ્ થાઉં છું.

પૂ.બાપજીનાં નારેશ્વરસ્થાનમાં દર્શન કર્યા પછી પ્રથમ તો એક સ્વજન જેવી ભાવના પ્રગટી અને જેમ જેમ તેમનું સાન્નિધ્ય સઘન થતું



ગયું તેમ તેમ હૃદયમાં તેમના પ્રત્યે દેવભાવ જાગી ગયો. કુટુંબ અંગેની કોઈ વ્યાવહારિક મૂંઝવણો આવે ત્યારે તેમની સમક્ષ જ નિવેદનભાવે રજૂ કરું અને કુટુંબીજન તરીકે મને સ્વીકારીને દિવ્યપુરુષની સલાહ મળે ને અશાંત મન શાંત થઈ જાય, કામો ઉકેલે. નારેશ્વરસ્થાન મને તો સ્વર્ગભૂમિના સંવેદનો જગાવે છે. પ્રથમ સર્જિકલ કેમ્પ નારેશ્વર યોજાયો ત્યારે પૂજ્યશ્રીએ મને રસોડામાં પીરસણસેવા સોંપી. મારું શરીર શ્રમ સહી શક્યું ત્યાંસુધી તે દિવસથી નારેશ્વરના રસોડે પીરસવાનું કાર્ય કરવાનું સદ્‌ભાગ્ય ભોગવ્યું છે. તેનો એક સંતોષ અનુભવું છું. સ્થાને મને આ સેવા માટે સર્ટિફિકેટથી નવાજ્યો પણ છે.


પૂજ્યશ્રીએ મને હૈયાધારણ આપી છે : 'કંઈ પણ અડચણ જેવું લાગે, ત્યારે મને અંતઃકરણમાં યાદ કરવો.' મારી દીકરી વાસુકીને યુનિવર્સિટીની એક પરીક્ષા વખતે ફ્રેક્ચર થયેલું. પરીક્ષામાં બેસવા દેવાની સૌની ના. સિવિલ સર્જન તેની ફિટનેસ માટે સર્ટિફિકેટ આપવા તૈયાર નહિ; ત્યારે પૂજ્ય બાપજીએ શબ્દો ઉચ્ચારેલા કે હું સર્ટિફિકેટ પર સહી કરી આપીશ, પરીક્ષામાં તે બેસી શકે તે માટે !' અને વાસુકીની મુશ્કેલી ઉકલી ગયેલી. સંસારજીવનમાં તેમની આવી સહાયો મળ્યા જ કરી છે.

સેવાકાર્યમાં મને સેવક શ્રી જગજીવન ગાંધીના સબસ્ટિટ્યુટ ગણતા ને ગણાવતા. સ્થાનના વ્યવસ્થાપકો મને તેમના સાન્નિધ્યમાંથી ઊભો કરે તો પૂ. બાપજી તેમને ટપારે. સેવા તો કંઈ સોંપે જ નહિ. નદીએ ન્હાવા જાય ત્યારે મને સાથે તેડી જાય. રસ્તે કાંકરા હું દૂર ઉસેટતો રહું એ મારી સેવા. એકવાર નાવડીમાં સાથે વિહાર કરવા કહ્યું. હું બીડી પીનારો ! શરમાયો, મનોમન. અને મેં તો ના ભણી દીધી ! શ્રી જગજીવનદાસે મારી પોલ કહી દીધી હું ત્યાંથી જાગ્યો ને બીડીસામગ્રી પધરાવી દીધી. નર્મદાજળમાં. તે દિવસથી ધૂમ્રપાન છૂટ્યું તે છૂટ્યું.

મંત્ર પૂજ્યશ્રીએ સ્વહસ્તે લિખિત આપ્યો છે. જેનો જાપ હું જપ્યા કરું છું.

### શ્રી હરિપ્રસાદ (ધીરુભાઈ) શિ. જોષી (નારેશ્વર)/(વડોદરા)

નાનપણથી જ પિતાજી નારેશ્વર જતા-આવતા. અમો પણ ૧૦-૧૨ વર્ષની ઉંમરથી પિતાજી સાથે નારેશ્વર - ખાસ કરીને દત્તજયંતી



ઉત્સવમાં જતા.

આમ તો રાજપીપળામાં શિવ, વિષ્ણુ ને દેવી ઉપાસના ચાલે તેમાં પૂ.શ્રીના આગમન પછી દત્તભક્તિ ભળી. પૂજ્યશ્રીની સરખામણીનો પ્રશ્ન ક્યારેય ઊભો થયો નહતો. આ મોટી ઉંમરે પણ એવી કોઈ સરખામણીનો વિચાર ઊઠ્યો નથી.

પ્રથમ દર્શન અને તેનો અનુભવ યાદ નથી. પિતાજી સાથે નારેશ્વર જતા ત્યારે ઉત્સવમાં જ જતા તેથી આનંદનું જ વાતાવરણ માણવા મળતું.

સમજણા થયા પછી પોર અને વડોદરાના રંગજયંતીઉત્સવોમાં પ્રથમવાર જવાનું થતું હતું. પોરમાં બળિયાદેવમંદિરની પાછળનાં વૃક્ષો નીચે મંડપ બંધાયેલો ઢાઢરમાં રોજ સવારે સ્નાન કરવા જતા તે યાદ છે અને રંગજયંતી એ સ્વ. મણિશંકર ઉપાધ્યાયે રજૂ કરેલા પ્રશસ્તિ શ્લોકો સાંભળ્યાનું યાદ છે જેમાંનો એક શ્લોક **ધન્યા : પૌરજના** વાળો શ્લોક સદા માનસપટ પર અંકિત છે.

૫. થીસીસ લખવા માંડી તે નિમિત્તે પૂ.શ્રી. સાથે અનેક વખત ચર્ચા થઈ હતી. ૯૦મી રંગજયંતી પર સક્રિય કાર્યકરરૂપમાં કામ કરવા મળેલું. ૧૦૮ ગુ.લી.નાં પારાયણોમાં એક બેચ (૧૪ વ્યક્તિઓનો)માં મુખ્ય (અધિક્ષક) તરીકે સેવા મળેલી. પ્રથમ ૧૦૮ નામથી રંગભજનમ્ લખ્યું. પૂ.શ્રી સાથે એ પહેલાંથી જ સંબંધ વિકસતો જતો હતો.

થીસીસ લખતી વેળા મરાઠી શીખવાનો પ્રસંગ જાણીતો છે. તે ઉપરાંત પૂ.શ્રીના સ્પર્શ માત્રથી તબીયત - શરીર જે નબળું રહેતું હતું તેમાં સુધારો થયો, 'એવો દિ દેખાડ' - ભજનની માત્રાઓનું જ્ઞાન એક વાર્તાલાપમાં થયું અને નવાપુરમાં 'એવી આશિષ આપ' - લખાયું. એ અગાઉ કેવળ છંદ રચના જ ફાવતી. નારેશ્વરની નીતિ, ત્યાં કાર્ય કરવાની પદ્ધતિ વગેરે અંગે મારી જાણ બહાર તેઓ મને ઘડતા રહ્યા. મૂક માર્ગદર્શન આપતા રહ્યા ને શીખવતા રહ્યા. મુરબ્બીઓ સાથે કેમ કામ પાર પાડવું વગેરેનું માર્ગદર્શન પણ મળતું રહ્યું. લખવું, અનુવાદ કરવો વગેરે અંગે એમના વિચારો જાણવા મળ્યા. દા.ત. અનુવાદ શબ્દશઃ નહીં એનો ભાવ પકડી થવો જોઈએ. લખાણમાં રીધમ હોવી જોઈએ. સ્પષ્ટ અર્થ પકડાવો જોઈએ. ભાષા સરળ ભલે હોય,



સોંસરવી ને સચોટ અસર કરે તેવી જોઈએ વગેરે. સંસ્કૃતમાં પહેલ વહેલો શ્લોક **શ્રી રંગો હિ ભવાંબુધૌ સુતરણિઃ** માંની એક બે ભૂલો તેઓશ્રીએ જ સુધારેલી.

જીવનમાં ધીરજ અને શાંતિથી કાર્ય કરવા માટે સોક્રેટિસ આદિનાં ઉદાહરણો આપ્યાં હતાં. હાલે તેવી પરિસ્થિતિમાં મનની શાંતિ જવા દેવી નહીં. મેં ક્યારેય એમને પ્રશ્નો પૂછ્યા નથી. ક્વચિત્ પ્રશ્ન થતો તો વાર્તાલાપમાંથી જ ઉત્તર મળી જતો ક્યારેય બોધાત્મક કે કર્મકાંડાત્મક ક્રિયાઓ કહી નથી. ફક્ત એક જ વાર દત્તમૂર્તિ પર માલામંત્રથી અભિષેક (મોઢે થઈ જાય એ હેતુથી) કરતો હતો તો આડકતરી રીતે તેમ ન કરવા જણાવેલું.

પિતાજીને કારણે, થીસીસ લખતી વેળા ચર્ચાને કારણે ઘરના વડીલ જેવા જ માનવાની ભાવના. બ્રહ્મલીન થયા પછી તેઓ ભગવાન એ ભાવના દૃઢમૂલ થઈ અને આજે પણ તે પ્રત્યક્ષ નહીં પણ પરોક્ષ રીતે દોરવણી આપી જ રહ્યા છે. એ નારેશ્વરમાં છે જ. ત્યાં રહીને સર્વત્ર સર્વને દોરી રહ્યા છે એ ભાવના નહીં, મારે માટે હકીકત છે. સંહિતા સ્વાહાકાર વખતે પૂ. મોદીકાકાની રાત સુધીની શ્રદ્ધા આના પાયામાં છે. પછી તો હરિદ્વાર આદિ સ્થળોએ પારાયણો વખતે અણધારી રીતે સફળતા તરફ દોરી જવાના પ્રસંગો જોવા મળ્યા છે. એક વખતે દ્વિસાહસ્રી સ્વાહાકારનો યજમાન આગલી રાત્રે જ મોકલી આપ્યો ને મૂંઝવણ ગઈ. કટોકટી વખતે સ્વપ્નદર્શન થાય અને હિંમત આવે, કટોકટી ઉકલી જાય વગેરેની પ્રતીતિઓ સચોટ છે.

અલૌકિક લીલાના મારા જીવનના પ્રસંગો 'શ્રીરંગલીલામૃત'માં નિરૂપાયેલા છે, જેમ કે હું મરાઠી ભાષા કેવી રીતે શીખી ગયો, ચિ. મનીષાનાં લગ્ન થયાં વગેરે.

પૂ.શ્રી સાથે ઓલપાડ તાલુકાના સરસ ગામની સીમનાં સિદ્ધનાથ મહાદેવમાં એક માસ રહ્યો હતો. અંગત સેવા કશી જ કરતો નહીં - મને કોઈ સોંપતું પણ નહીં પણ પૂ.શ્રી સાથે તે વખતે વાતો કરવાનો મોકો મળેલો. પૂ.શ્રી બોલે ને હું સાંભળું. તે વખતની એવી ઉંમર પણ નહીં કે આ એક ઐતિહાસિક ને અમૂલ્ય સમય છે.



**ગુર્વભિન્ન ગણેશ સ્તુતિ:** થીસીસ વખતે અંગ્રેજી સુધારવા માટેની પ્રાર્થનારૂપે મળેલી. પ્રત્યેક શ્લોકનો લીટીવાર અર્થ તેમણે સમજાવેલો. આશીર્વાદરૂપે થીસીસ વખતે **"શ્રેય: પ્રેયસો વિશિષ્યતે"** એ સૂત્ર મળેલું. થીસીસ પછી સન્માન પ્રસંગે બાજવામાંથી શાલ ને દત્તની મૂર્તિ (ચાંદીની) મળ્યાં. આમ તો પ્રત્યેક જયંતી પર પ્રસંગોપાત્ ધોતી આદિ મળતાં જ. ૬૦મી જયંતી પ્રસંગે ચાંદીનો પ્યાલો પણ મળ્યો હતો. એક જોડ ગરમ મોજાં તથા મોટી મચ્છરદાની પણ એમની સ્મૃતિ છે.

દત્તજયંતી વખતે દત્તપ્રણતિ:, શ્રી અનસૂયાનંદન દત્ત, ગાતાં ગવડાવતાં સાંભળ્યા છે. પ્રવચન - જન્મજયંતીનાં અને તેમાં શરૂમાં ગવાતા શ્લોકો આદિ સાંભળ્યા છે. ધૂન કે ભજન પ્રત્યક્ષ ગાતાં સાંભળ્યા નથી.

**શ્રી હંસાબેન ગજાનન પાઠક (રાજપીપળા)**

મેં પ્રથમવાર મારા પિતાશ્રી પાસેથી પૂ.શ્રી રંગ અવધૂત જીનું નામ સાંભળ્યું. હું તદ્દન નાની ઉંમરમાં માતા-પિતા સાથે પ્રથમ નારેશ્વર ગયેલી. પિતાશ્રીએ કહ્યું કે પૂ. રંગઅવધૂત એ જ આપણા ગુરુદેવ, ભગવાન કહેવાય.

પૂ. શ્રીનાં દર્શન કર્યાં ત્યારે જ જાણે ખુદ એ મહાદેવ હોય અને એ આપણા ગુરુ છે એવી સરખામણી કરી.

નારેશ્વર તો અવારનવાર જવાનું થતું પણ ઉંમર નાની એટલે બહુ ખ્યાલ નથી પણ સમજ આવ્યા પછી જ્યારે જ્યારે ત્યાં જવાનું થતું ત્યારે ત્યારે મને ઘણો આનંદ થતો. ત્યાં મને રહેવાનું પણ મન થતું. માતા-પિતા કંઈક સેવાના કાર્યમાં જાય ત્યારે અમે શાંતિથી માંડવામાં બેસી રહીએ અને દિગંબરા, દિગંબરા એમ બોલ્યા કરીએ.

આજ સુધી ઘણી વાર નારેશ્વર જવાનું થાય છે. ત્યાંના ઉત્સવો દત્તજયંતી, રંગજયંતી, પાટોત્સવ વગેરેમાં ભાગ લીધો છે. મંગળાઆરતી, શણગારઆરતી, પાદુકાપૂજન તેમજ સ્થાનની નાની મોટી સેવામાં શક્ય તેટલો ભાગ લીધો છે.

પૂ. બાપજી અને માજીની સેવાનો અમને બંનેને લાભ મળેલો. ૧૯૫૯માં પૂજ્યશ્રી સાથે સીધા સંપર્કમાં આવેલી અને એ સંપર્ક એવો વિકસ્યો કે અમે બંને જણ જન્મોજન્મ પૂ. બાપજીના ઋણી રહીશું. મારા



જીવનમાં ખૂબ દુઃખમાં પૂજ્યશ્રીએ અંગત રસ લઈ પૂછપરછ કરી રક્ષણ આપ્યું છે, અને અંતે મારા ભાગ્યનો ઉદય કર્યો છે.

પૂ. બાપજી દ્વારા નાની મોટી બાબતોમાં સ્વપ્ન દ્વારા માર્ગદર્શન મળેલું. એના આધારે મેં ફરાળી ગુરુવાર, પર પાઠ, દર મહિને કળીઓના અવનવી ડિઝાઈનમાં હાર પૂ.શ્રી માટે નારેશ્વર મોકલતી અને સંગાથ મળે નારેશ્વર જવું એવા બોધ મળ્યાં છે.

૧૯૫૯માં મને પૂ. બાપજી સાથે વાત કરવાનો લાભ મળ્યો. હું રાત્રે છેલ્લાં દર્શન કરવા ગઈ ત્યારે પૂ. બાપજી બોલ્યાં, કોણ હંસા ! તારાથી અહીં એકલા રહેવાશે ? ''મેં કહ્યું હા બાપજી, હું રહીશ.'' ''કાલે વિદ્યા તો જશે. મારા સ્નાન માટે નર્મદાએથી સવારે વહેલું પાણી લવાશે.'' ''હા. બાપજી, હું લઈ આવીશ.''

પણ મળસ્કે ચાર વાગે તને બીક તો નહીં લાગેને ? કોઈ હોય નહીં. જો મારા માટે રાતથી પાણી લાવી રાખીશ તો ચાલશે.''

''ના બાપજી મને બીક નહીં લાગે. હું સવારમાં જ પાણી લાવીશ.''

અને દરરોજ મને બેત્રણ દિવસ સંગાથ પણ મળ્યો અને પછી મારા પતિ પણ આવી ગયા એટલે અમે બંને જતાં.

પૂ. બાપજી પ્રત્યેની મારી શ્રદ્ધા અતૂટ છે અને પરોક્ષ રહી મને દોરવણી આજે પણ આપ્યા કરે છે. એ ભગવાન છે.

૧૯૫૯માં પૂ.શ્રી અને પૂ. માજીની સેવામાં રહી હતી ત્યારે પ્રસંગોપાત બાપજી સાથે વાત કરવાનો મોકો મળતો. મેં એક ભજન પણ બનાવી, પૂ. બાપજી પાસે એ ગાઈ બતાવવાનું કહ્યું, ત્યારે તેમણે કહ્યું હાહા ગાઈ બતાવ, ભજન તો સારું, મને ગમે, અને મેં ગાયું, પૂ. બાપજીની ગુફા જોવાની બહુ ઈચ્છા હતી. જેથી મેં પૂ. માજીને વાત કરી.

પૂ. માજીએ પૂ. બાપજીને પૂછ્યું તો પૂ. બાપજી એ હા પાડી. એ વાતને બે ત્રણ દિવસ થઈ ગયા પણ મને ગુફા યાદ આવ્યા કરે.

પૂ. બાપજી પૂ. માજીની કુટિરમાંથી ભિક્ષા લઈને જતા હતા. ત્યાં હું સામે ગઈ ત્યાં પૂ. માજી તરત જ બોલ્યા. ''આ છોકરીને ગુફા નથી બતાવી ?'' અને તરત પૂ. બાપજીએ'' બૂમ પાડી ''માસ્તર ઓ માસ્તર ! આ હંસાને ગુફા બતાવો'' અને માસ્તરકાકાએ મને અંદર બોલાવી અને અંદર બધી ગુફા બતાવી અને જાણે મને સ્વર્ગમાં



જઈ આવી હોય એવો આનંદ થયો.

પૂ. બાપજી પાસેથી મને આશીર્વાદ તો પ્રાપ્ત થયા જ છે અને તેથી જ મારું ડૂબતું વહાણ પાર ઉતર્યું છે.

પૂ. બાપજીને મેં સંગીતગીતા ગાતા સાંભળ્યા છે. સવારનો સમય હતો. પૂ. સુમનકાકા ધીરેથી ગાતા હતા ત્યારે પૂ. બાપજી કહે 'માસ્તર ! રાત્રે ખાધું નથી ? ભૂખ્યા છો ? કેમ બોલતા નથી' અને સંગીતગીતા જોરથી ચાલુ થઈ.

ઉનાળાનો દિવસ હતો. મોરિયાણા ઠાકોર સાહેબને ત્યાં પૂ. બાપજીનો મુકામ હતો. ગરમી સખત હતી ત્યારે મારી દીકરી ભાવના, પૂ. બાપજીને પંખો નાખતી અને પૂ.શ્રીનો અછાલિયા મુકામ હતો ત્યારે પંખો નાખવાનો મને પણ લાભ મળેલો.

પૂ. બાપજી પાડારેશ આવેલા ત્યારે મારા પતિએ પણ પૂ.શ્રીને કહેલું કે બાપજી સાગબારા તાલુકામાં તમારા નામનો આશ્રમ ચાલે છે. શ્રીરંગ આશ્રમશાળા નામ એ મંજૂર થયેલું છે, બાપજી એકવાર આવો. ત્યારે પૂ. બાપજીએ કહ્યું'' હું થવા આવવાનો છું ત્યારે ત્યાં આવીશ.''

## શ્રી હિંમતલાલ ઠક્કર (બાજવા)

પૂજ્યશ્રીનો મુકામ વડોદરામાં રામગલોલા મહંતશ્રીને ત્યાં હતો, ત્યારે એકસો આઠ પારાયણનું સત્ર હતું. મારાં પત્ની ભાવિક અને તેમણે પૂજ્યશ્રી વિશે સાંભળ્યું હશે, તેથી ઇચ્છા પ્રદર્શિત કરી કે, આપણે સંતનાં દર્શને જઈએ. મેં તૈયારી બતાવી. અમે ન્યાયમંદિર સામેના મંગલબજાર વિસ્તારમાં આવેલા એ મંદિર પાસે પહોંચ્યા; પરંતુ અહીં તો દર્શનાર્થીઓની ખૂબ જ લાંબી લાઈન પડેલી. અમે લાઈનમાં ઊભાં રહ્યાં. ઠીકઠીક સમય પસાર કર્યો, પણ અમારો નંબર લાગે તેવું ન હતું ! એથી મેં જણાવ્યું કે ઋણાનુબંધ જાગશે ત્યારે આ સંતનાં દર્શન આપણને થશે, આજે, અત્યારે આપણો ઋણાનુબંધ જણાતો નથી ! ચાલો આપણે પાછા ઘેર જઈએ ! અમે ઘેર જતાં રહ્યાં ! લાઈન તો છેક સુરસાગર સુધી પહોંચેલી જણાઈ હતી.


એકવાર ખંડવાવાલા પૂ. કેવલાનંદ મહારાજશ્રી વડોદરાની લુહાણા બોર્ડિંગમાં પધારેલા. પૂ. ભવાનીશંકર શાસ્ત્રીજી ત્યારે નારેશ્વર જવાની તૈયારીમાં હતા. અને પૂ. મહારાજશ્રીને તેમની સાથે નારેશ્વર



પધારવા વિનંતી કરી. પૂ. મહારાજશ્રીએ જણાવ્યું કે બાજવાથી મને બોલાવે અને હું જો તેમની સાથે નારેશ્વર જવા જોડાઉં તો પોતે જરૂર નારેશ્વર પૂજ્યશ્રીનાં દર્શને આવે ! પૂ. શાસ્ત્રીજીએ મને ફોનથી ખબર આપી, હું વડોદરા આવી ગયો, અને ટ્રેઈનમાં નારેશ્વર જવા અમે રવાના થયા. બાજવાથી મારી સાથે પૂજ્યશ્રીના ભક્ત યુપીના સુન્દરલાલ શિવનારાયણ શાહ (અગ્રવાલ) પણ હતા. ૧૯૫૪નું આ વર્ષ હશે, એવું મને સાંભરે છે. નારેશ્વર આશ્રમમાં પહોંચ્યા; નદીએ સ્નાન કરીને પૂજ્યશ્રીનાં દર્શને ગયા. આ મારું પૂજ્યશ્રીનું પ્રથમ દર્શન; નારેશ્વરની મારી પહેલી મુલાકાત હતી. પૂજ્ય કેવલાનંદ મહારાજશ્રી સાથેનો મારો પુનિત સંબંધ ૧૯૪૪ની સાલથી રહ્યો છે. તેઓશ્રીની વિભૂતિમત્તા ગાવાનો અહીં પ્રસંગ નથી, એટલે એ રહસ્યભરી રસિક અનુભવકથા અહીં કહેતો નથી.

પૂજ્યશ્રીનું પ્રથમ દર્શન જ હૃદયસ્પર્શી રહ્યું. સાક્ષાત્ ઈશ્વરસ્વરૂપનાં દર્શન કર્યાનો સંતોષ પ્રગટ્યો. શ્રદ્ધા અને વિશ્વાસ મારા હૃદયમાં પ્રગટ્યાં; તે જ મારે માટે ઈશ્વર-દર્શનનો સંકેત હતો. સંતનું સમર્પિત અસ્તિત્વ ભાળીને હું સાનંદાશ્ચર્ય તેઓશ્રીનાં ચરણમાં સમર્પિત થઈ ગયો.

પૂજ્યશ્રીનું, ત્યારપછી, અનેકવાર સાન્નિધ્ય મળ્યું છે; નારેશ્વર અને મારે ત્યાં બાજવા મુકામે તેમજ વડોદરામાં 'સત્યનારાયણ' બંગલે. પૂજ્યશ્રી પ્રભુ સ્વરૂપે ત્રણેકવાર મારા નિવાસસ્થાનોએ પધારીને અમને સપરિવાર કૃતાર્થ કર્યા છે, એવું જણાવતાં એક પ્રકારની ધન્યતાય અનુભવાય છે. ૧૯૫૬ના વર્ષમાં પૂજ્યશ્રીની ઓગણસાઠમી શ્રીરંગજયંતી મહોત્સવ બાજવા યોજવાની તક પૂજ્યશ્રીની કૃપાથી જ મારા પરિવારને મળી હતી. પૂ. શાંતિલાલ ઠાકરનું કથાસત્ર પણ આ પ્રસંગે યોજવામાં આવેલું. શ્રી ધીરુભાઈ જોષી (હાલના અવધૂત નિવાસ ટ્રસ્ટ, નારેશ્વરના મેનેજિંગ ટ્રસ્ટી)નો તેઓએ 'દત્તભક્તિ : તેનો ઉદ્ભવ અને વિકાસ'એ વિષય પર સંશોધન કરીને સંસ્કૃતના વિષયમાં વડોદરા યુનિવર્સિટી તરફથી પીએચ.ડી.ની ઉપાધિ મેળવ્યા બદલ સન્માન સમારંભ પૂજ્યશ્રીની ઉપસ્થિતિમાં જ યોજાયો હતો, તે સાંભરે છે. ધન્ય ઘટના તો એ ત્યારે બની હતી કે પૂજ્યશ્રીએ 'અમર આદેશ'રૂપે 'પરસ્પરદેવો ભવ'નું દીક્ષાસૂત્ર ઉચ્ચારીને પ્રથમવાર જ જયંતીપ્રવચન પણ આપ્યું હતું, અને સમસ્ત અવધૂતપરિવારને



પૂજ્યશ્રીએ ધન્ય કરી અંતર્મુખ થવાનું જાહેરમાં પ્રેરક ઉદ્‌બોધન કર્યું હતું. પછીથી તો, પ્રત્યેક જયંતીએ પૂજ્યશ્રીની પુનિત-પ્રેરક પાથેયરૂપ 'અમરઆદેશ'વાણી આપણને મળતી જ રહેલી.

પૂજ્યશ્રી 'ઇતસ્તતઃરૂપે વાર્તાલાપો કરે; મુલાકાતીઓ, દર્શનાર્થીઓ સાથે વાર્તાવિનોદ ચલાવે, જિજ્ઞાસાઓ સંતોષે, અર્થાર્થીઓને ઉદ્‌બોધે વગેરે વગેરે પ્રસંગોએ સાક્ષી બન્યા કરવાનું બન્યા કરતું; પરંતુ મારો એક સ્વભાવ રહ્યો છે કે સંતવિભૂતિઓ પાસે નિરર્થક કે જિજ્ઞાસાથી પ્રશ્નો ઉઠાવવા નહીં ! મનમાં જે કંઈ પ્રશ્નો, મુંઝવણો જેવું ચાલ્યા કરતું હોય તે ભલે ચાલે; એ બધાંના ખુલાસાઓ પરોક્ષ રીતે સંતવિભૂતિ કરે જ છે, એવી મારી દૃઢ પ્રતીતિ છે. '૫૭માં પૂજ્યશ્રીને મેં બાજવા પધારવા વિનંતી કરી અને પૂજ્યશ્રીએ મુ. મોદીજીને કહ્યું, હા, આપણે 'બાજવા જવાનું છે, એ તો આપણે ઘેર જ જવાનું છે.' આવી કૃપાવર્ષાનો અનુભવ મને થયા જ કર્યો છે. ૧૯૬૦ની દત્તજયંતી અને ૧૯૬૪માં ગુરુપૂર્ણિમાનું પર્વ — આ બે પ્રસંગોએ પૂજ્યશ્રીએ મારાં અંતઃકરણને ઓળખી સહજભાવે પધારી મને અનુગ્રહિત કર્યો છે. મારાં પરિવારનાં પણ સદ્‌ભાગ્ય એમ હું સમજું છું.

૧૯૬૦માં પૂજ્યશ્રીના મુકામ પ્રસંગે મારાં પત્નીને ભાવ થયો કે ચરણપાદુકાજી માટે પૂજ્યશ્રી સમક્ષ યાચના કરીએ. મને સંકોચ હતો. વળી મારી નબળી રહેતી તબિયતને કારણે મને એવી દહેશત કે દેવ-ચરણોને ઘરમાં પધરાવીએ અને પછી અપૂજ રહે તે ઇષ્ટ નહીં ! પૂજ્યશ્રી તો અંતર્યામી એટલે મારા નાના દીકરા શ્રી ભરતને પૂછે કે, 'ભાઈ ! આ પાદુકાજી આપું ખરો, પણ પૂજા કરીશને ?! આ માત્ર લાકડાની ચીજ નથી; આ તો હું પ્રત્યક્ષ છું ! હું જ્યાં હોઈશ ત્યાંથી હું આ જોઈ શકીશ, માટે પૂજન વગેરે થઈ શકે તો જ આપું ?! ભરતે તો હૈયાની ઉલટતાથી માંગણી કરી ને પૂજ્યશ્રીની કૃપા ચરણરૂપે આત્મલિંગને ઘરમાં પધરાવી શક્યાં છીએ. આજે પણ પૂજન-અર્ચન ભાઈ ભરત દ્વારા જારી છે, એનો મને આનંદ છે. 'શ્રીગુરુલીલામૃત'નાં પારાયણો અને પૂજ્યશ્રીના અન્ય સાહિત્યનું વાંચન-મનન અમારા પરિવારમાં થયા કરે છે, એ પૂજ્યશ્રીની કૃપા છે.

૧૯૬૦થી અવધૂત નિવાસ ટ્રસ્ટ, નારેશ્વરના સભ્યપદે રહેવાનું સદ્‌ભાગ્ય પણ મને મળ્યું છે. ટ્રસ્ટમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ મેં ૧૯૭૪-૭૫ની સાલથી લીધી. આ સેવાકાર્યમાં પૂજ્યશ્રીની સંમતિ અને



આશિષ મેળવીને હું જોડાયો હતો. મારા મંત્રદીક્ષાગુરુ ગીતામંદિરવાળા પૂ. સ્વામીશ્રી વિદ્યાનંદજી. તેઓશ્રી બ્રહ્મલીન થયા પછી પૂજ્યશ્રીનો સંપર્ક થયો ત્યારે મારો અંતરનો તાર ઓળખીને તેઓશ્રીએ કહેલું કે તમારા ગુરુજીએ હવે તમારો ચાર્જ મને સોંપ્યો છે.' પૂજ્યશ્રીની આ આશિષવાણીનું સ્મરણ કરતાં હું ભાવવિભોર થઈ જાઉં છું. અને તેઓશ્રીનાં ચરણમાં પ્રાર્થના કર્યા કરું છું કે દિનપ્રતિદિન સમર્પિતભાવમાં મને રાખો.

**શ્રી હિંમતલાલ મોતીરામ દવે** (વડોદરા)

('રેવાનો યોગી' - પૃ. ૧૪૧ ટૂંકાવીને)

ડાકોર પાસે અજુપુરા ગામે શ્રીરંગજયંતી ઉત્સવ હતો. પૂજ્યશ્રીની ઉપસ્થિતિ હતી. હું ત્યાં ગયો હતો. પૂજ્યશ્રીનાં દર્શન કર્યાં. મને હરસનું દર્દ હતું. રતલામ પાસે આવેલા ભીલવાડાના એક ડૉક્ટરની દવા કરવાનું મન. પૂજ્યશ્રીની આજ્ઞા લેવી હતી. પણ દર્દની વાત જ ન કરી !

રતલામ જવાના આગલા દિવસની રાતે (૨૭-૧૧-૫૫) દેવઘરના બારણા પાસે હું સૂઈ ગયો હતો. પરોઢિયે મને સ્વપ્ન આવ્યું : હું નારેશ્વર ગયો છું. નર્મદાસ્નાન કરીને હાથમાં હારમેવો લઈને પૂજ્યશ્રીને પગે લાગું છું. પૂજ્યશ્રી માજીની ઓરડી પાસે આસન પર બેઠેલા છે. મારો વારો આવ્યો ને પગે લાગું છું. હાર ચઢાવું છું ને પૂજ્યશ્રી તરત બોલે છે : ''આ જૂનું ઘી બહુ સારુ છે. (ફરીથી) માસ્તર આ જૂનું....'' આ પ્રમાણે ત્રણ વખત વાક્યો ઉચ્ચાર્યાં ને સાથે સાથે હાથની ચપટી-વતી ઘી બતાવતા જાય.

હું સ્વપ્નઊંઘમાંથી જાગ્યો ત્યારે સવારે છ વાગ્યા હતા. મને સ્વપ્ન બહુધા આવતા નથી. તેથી પ્રભુને નમસ્કાર કરી વિચાર કરવા લાગ્યો કે હે ભગવાન ! આ ઘી બતાવ્યું તે શા માટે ? પરંતુ ઉકેલ ન જડ્યો !

રતલામ જવા માટે સાંજની પાંચની લોકલમાં નીકળ્યો. સમલાયા સ્ટેશને મારાં પત્નીને મળવા હું ગાડીમાંથી નીચે ઉતર્યો. સમલાયા તરફથી વડોદરા જતી ગાડીમાં તેઓ હતાં. તેમનો ડબ્બો શોધવામાં રતલામની ગાડી ઉપડી ગઈ ! મારાં કપડાં, બિસ્ત્રો, ટિકિટ પૈસા બધું મારી સાથે આવનાર મારા મિત્ર પાસે રતલામ જતી ગાડીમાં ! રાત્રે નવનાં ફાસ્ટમાં સ્ટેશન માસ્તરે સગવડ કરી આપી મને વડોદરા મોકલી

આપ્યો ! પ્રભુને આવી અકળામણ ન કરાવવા વિનંતી કરી ! ફરી ફ્રન્ટીઅર મેલમાં નીકળી સવારે રતલામ પહોંચી ગયો ! ત્યાંથી ભીલવાડા પહોંચી ડૉક્ટરને બતાવ્યું. ઇન્જેક્શન લીધું. ડૉક્ટરે ઘીમાં નાખીને ચોપડવાની સમજ આપી ત્યાં પેલું સ્વપ્ન યાદ આવ્યું ને સંકેત ઉકલ્યો !



જમીને સ્ટેશનને બાંકડે ગાડીની રાહ જોતા હતા, ત્યાં મને હાજતે જવાની ઇચ્છા થઈ. મિત્ર તપાસ માટે આઘાપાછા થયા, અને હું અહીં બેભાન થઈને પડ્યો ! કેટલો સમય આ સ્થિતિ રહી તે ખબર નથી ! પરંતુ પ્રથમ ભાન બ્રહ્મરન્ધ્રમાં આવ્યું ત્યારે મારું માથું કોઈના ખોળામાં છે એવું લાગ્યું. આજુબાજુ ટોળું થઈ ગયેલું. મિત્ર આવી પહોંચ્યા, મારી સ્થિતિ જોઈ ગભરાઈ ગયા ! હવે વડોદરા પહોંચી જવા મેં આગ્રહ કર્યો; મિત્ર રોકાઈ જવા કહે ! ત્યાં જ અમારા ડૉક્ટર એકાએક ત્યાં દેખાયા. મેં મારી વિતક કહી ! મને ગોળી આપી, ગળી જાઓ; હવે કંઈ થશે નહિ અને આગળ જતા રહ્યા, જેમ બગીચામાં ફરવા જતા હોય તેમ ! ને દેખાતા બંધ થઈ ગયા !

બીજે દિવસે વડોદરા આવી ગયા. ભગવાન પાસે બેસી વિનંતી કરી. પ્રભુ પ્રસન્ન થયા. બેભાન અવસ્થામાં પડી જતાં હાથેપગે વાગેલું તેનો દુઃખાવો, ચાઠાં બધું અદૃશ્ય થઈ ગયું ! પચીસ વર્ષ પહેલાંનું ગાયનું ઘી મેં સંઘરી રાખેલું, તેનો પૂજ્યશ્રીએ સ્વપ્નમાં સંકેત કરેલો તેનું ભાન થયું !

પ્રારબ્ધ ભોગવવું પડ્યું ! પણ સ્વપ્નનો સંકેત આપ્યો, સમલાયા ગાડી ચૂકાવી દીધી; બેભાન સ્થિતિમાં રક્ષણ આપ્યું, ડૉક્ટર એકાએક આવી પહોંચ્યા ને ગોળી આપી ! આ અવધૂતલીલાનો ભેદ કોણ પામી શકે ?